યુવા શિબિરના આદ્યપ્રણેતા પરમપૂજ્ય
આ.ભ.શ્રી.વિ.ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.નો ભવ્ય ઉપકાર...

જગતને ઉપકારી હેતુ જેમનુ જીવન,
જૈનશાસનને જેમણે બનાવ્યું નંદનવન;
દાન-શીલ-તપ-ભાવના ખીલાવ્યા સુમન,
સૌરભ મહેંકી રહી જેની જન-ગણ-મન.
ઓ ચારિત્ર ચુડામણિ, મુમુક્ષુઓના મુગટમણિ,
દિવ્ય સુખોના ધણી, પ્રાણપ્યારા ઓ ગુરમૈયા ! વંદના ઘણી...

આજથી લગભગ ૨૧ વર્ષ પૂર્વે **પરમારાધ્યપાદ** સકલસંઘહિતચિંતક પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રીજી **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા., આગમ શાસ્ત્રવિશારદ પૂ. ગચ્છાધિપતિ **જયઘોષસૂરીશ્વરજી** મ.સા., તર્કશાસ્ત્રનિપુણમતિ પૂ.આ.ભ. **જયસુંદરસૂરીશ્વરજી** મ.સા., તપસ્વીરત્ન પ.પૂ. **જયસોમવિજયજી** મ.સા. આદિઠાણા ૪૫ અને ભવજલનિધિનિયામિકા પ.પૂ. પ્રવર્તિની **વસંતપ્રભાશ્રીજી** મ.સા. આદિઠાણા ૧૭નું ચાતુર્માસ હુબલી નગરના પ્રાંગણમાં અતિ ઉલ્લાસ-ઉમંગ-ઉત્સાહસભર થયેલું.

જેમા સકલ શ્રી સંઘ પણ હર્ષના હિલોળે ચઢી માસક્ષમણ, ૧૬ ઉપવાસ, ધર્મચક્ર તપ આદિમાં જોડાઈને આલંબન સ્વરૂપ સુંદર આદર્શ ઊભો કરેલો. જે સ્મૃતિપટમાં આવતા આજે પણ હૃદય આનંદવિભોર બની ગદ્‌ગદ્‌ થઈ જાય છે.

આ ઐતિહાસિક યશસ્વી ચાતુર્માસના ફલસ્વરૂપ હુબલીમાં ૧૯-૧૯ મુમુક્ષુઓ પરમકરૂણા નિધાન પરમાત્માના પુનિત પંથે પ્રયાણ કરી ગયા છે. અતઃ આ થયેલ અભૂતપૂર્વ ચાતુર્માસને જિનશાસનના ગગનમાં ચારચાંદ લાગી ગયા છે. આટલેથી જ અટક્યુ નથી કિન્તુ હજુ પણ આ હુબલીની ધન્યધરામાંથી રત્નો તૈયાર થઈ રહ્યા છે અને હું-બલી એ નામને સાર્થક કરી રહ્યા છે. જેમાં સહુથી મહત્ત્વનું કારણ હોય તો એ છે દિવ્યલોકે વસનારા પરમકૃપાળુ પૂજ્યપાદસૂરીશ્વરજીની દિવ્ય અસીમ-અનરાધાર-અવિરત કૃપા...

બસ-આ અવિરત દિવ્યકૃપાવૃષ્ટિમાં હુબલી સંઘ સતત સ્નાન કરીને નિજ આતમને પાવન કરતો રહે એજ એક મંગલમનીષા...

જ્ઞાન ગંગામાં સ્નાન કરતા-કરતા જે થયા વિદાય,
યાદ આપની મીઠી મધુરી, સતાવતી સદાય.

અનીલકુમાર આર. (હુબલી)

અનુક્રમણિકા

ક્રમ	નામ	પાના નં.
૧.	શિબિર અંગે મૂંઝવતા પ્રશ્નોનું સચોટ સમાધાન - આ. પ્રેમસૂરિ મ.સા.	૧
૨.	નાસિક-તત્ત્વજ્ઞાન પાઠશાળા	૧૪
૩.	દેલવાડા શિબિર (ઈ.સ. ૧૯૬૨)	૨૦
૪.	માઉન્ટ આબુ (ઈ.સ. ૧૯૬૩)	૨૧
૫.	માઉન્ટ આબુ શિબિરની અસરો	૩૯
૬.	અચલગઢ શિબિર (ઈ.સ.૧૯૬૪)	૪૧
૭.	શિબિરમાં થયેલ વ્રત નિયમો	૫૧
૮.	શિબિર પાટણ (ઈ.સ. ૧૯૬૫)	૯૪/૯૯/૧૪૬
૯.	શિબિર - કુંભોજગિરિ	૯૮/૧૨૦
૧૦.	ધર્મ - સંસ્કરણ માટે અતિ જરૂરી ૮ વસ્તુ	૧૨૯/૧૩૩/ ૧૪૩/૧૪૯/૧૫૫
૧૧.	જૈન ધાર્મિક રસ ઘુંટડા	૧૩૬/૧૫૧
૧૨.	શિબિર વિદ્યાર્થી લેખ	૧૮૨/૧૮૪/૨૧૭/૨૨૦
૧૩.	આર્શીવચન	૨૦૦
૧૪.	શિબિર શિક્ષણ	૧૯૪/૨૦૮/૨૧૦/૨૧૩/૨૧૫
૧૫.	શિબિર - ખંભાત (ઈ.સ. ૧૯૬૬)	૨૨૨
૧૬.	શિબિર - અમદાવાદ (ઈ.સ. ૧૯૬૬)	૨૫૮
૧૭.	વડોદરામાં ધર્મ ઉદ્યોત	૨૬૩
૧૮.	શિબિર - મલાડ (મુંબઈ ઈ.સ. ૧૯૬૭)	૨૬૯/૨૭૩
૧૯.	શિબિર - અમદાવાદ (મુંબઈ ઈ.સ. ૧૯૬૮)	૨૮૪
૨૦.	રાજિમ - નયાપારા (મધ્યપ્રદેશ - શિબિર)	૨૯૮
૨૧.	શિબિર - પિંડવાડા (ઈ.સ. ૧૯૬૯)	૩૦૪
૨૨.	કલકત્તા - શિક્ષણ	૩૧૦

"દિવ્ય-દર્શન" - **"શિબિર પરિશિષ્ટ"**

શ્રી જૈન ધાર્મિક ગ્રીષ્મ શિબિર અંગે મૂંઝવતા મુદ્દાઓનું સચોટ સમાધાન ('કલ્યાણ' માટે ખાસ) (લેખાંક-૧)

પ્રશ્નકાર - સુશ્રાવક કેશવલાલ મોહનલાલ

સમાધાન દાતા- પૂ. આચાર્ય શ્રી. વિ.પ્રેમસૂરીશ્વરજી મહારાજા

(શ્રી જૈન ધાર્મિક શિક્ષણ ગ્રીષ્મ શિબિર સમિતિ મુંબઈ દ્વારા વર્તમાનની ઉગતી પ્રજાને ધાર્મિક શિક્ષણ તથા સંસ્કારોના અમૃતપાન કરાવવા માટે આધ્યાત્મિક શિબિરનું આયોજન થાય છે. જેમાં પૂ. સુવિહિત ત્યાગી ગીતાર્થ આચાર્યદેવાદિનાં પુણ્યસાન્નિધ્યમાં વર્તમાનની પાશ્ચાત્ય કેળવણીને પામેલ યુવક વર્ગ ગ્રીષ્મની રજાઓમાં શિબિરમાં આવીને આધ્યાત્મિક શિક્ષણ તથા સંસ્કારોથી રંગાઈ જીવનમાં નવું જ ઉર્ધ્વગામી ઉન્નત શિક્ષણ પામીને જીવન ઘડતર કરવાની વિશિષ્ટતા લઈને પાછો વળે છે. છતાં આ શિબિર પ્રવૃત્તિને અંગે વર્તમાનમાં કેટલાક મૂંઝવતા મુદ્દાઓ ચર્ચાઈ રહ્યા છે, તે મુદ્દાઓને અંગે માર્ગદર્શન મેળવવાને સારું સંસ્થાના સેવાભાવી ઉત્સાહી કાર્યકર શ્રી કેશવલાલ મોહનલાલ શાહે પૂ. પાદ સુવિહિત શિરોમણિ પરમગીતાર્થ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીની પુનિત સેવામાં મુદ્દાઓને અંગે જે પત્રવ્યવહાર કરી, તેનું સચોટ સમાધાન પ્રાપ્ત કરેલ, તે પત્રવ્યવહાર સર્વ કોઈ આધ્યાત્મિક શિક્ષણ તથા સંસ્કારના પ્રચારમાં રસ ધરાવનાર તથા શિબિર પ્રવૃત્તિમાં ઉત્સાહ દાખવનાર ધર્મરસિક આત્માઓને પ્રેરક તેમજ ઉપકારક બનશે, તેમ માનીને શ્રી કેશવલાલભાઈએ અમારા પર પત્રવ્યવહાર પ્રસિદ્ધ કરવા મોકલેલ છે, જે અમે પૂ. પાદ સૂરિદેવશ્રીના અમારા પરના ઉપકારભાવની કૃતજ્ઞતાપૂર્વક નોંધ લેવા પૂર્વક 'કલ્યાણ'ના વિશાલ વાચક વર્ગ માટે અહીં પ્રસિદ્ધ કરીએ છીએ !)

ગચ્છાધિપતિ, સચ્ચારિત્રચૂડામણિ, સિદ્ધાન્તમહોદધિ, પૂજ્યપાદ, આરાધ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા** તરફથી સુશ્રાવક કેશવલાલભાઈ જોગ,

ધર્મલાભ સાથે લખવાનું કે શિબિર અંગે વિચારણીય ૧૪ મુદ્દાઓનો પત્ર મને મળ્યો છે, દરેક મુદ્દા અંગે મારો જે અભિપ્રાય છે તે અહીં જણાવું છું.

મારો અભિપ્રાય વ્યક્ત કરવા પૂર્વે એટલું જણાવવાનું કે, 'વર્તમાન સમય

એવો આવી લાગ્યો છે કે જેનો વિચાર કરતાં ભગવાન મહાવીરદેવનાં શાસનના હિતચિંતકોને ખૂબ જ ચિંતા થાય.'

સમગ્ર આર્ય સંસ્કૃતિ ઉપર ભોગવિલાસપ્રધાન પાશ્ચાત્ય સંસ્કૃતિએ પોતાનો પ્રભાવ ફેલાવ્યો છે. તેમાં ય આર્ય સંસ્કૃતિના પ્રાણસમી જૈન સંસ્કૃતિને તો પશ્ચિમની વિકૃતિએ ભારે અસર કરી છે, આજે આપણા સમાજના બાળકો સ્કૂલ-કોલેજોનું શિક્ષણ લઈને ધર્મથી લગભગ વિમુખ થતા ગયા જોવાય છે. મા-બાપોને પણ પોતાના બાળકોને ધર્મનું જ્ઞાન આપવાની લેશ પણ તમન્ના દેખાતી નથી. સહશિક્ષણ અને સિનેમાએ ઉગતા બાળકોનાં મનને વિકૃત બનાવી દીધું છે. ભૌતિકવાદના પ્રચંડ આવેગને ટાળવો હોય તો આપણે ભાવિ પ્રજાના જીવનમાં ધર્મનું તત્ત્વજ્ઞાન રેડવું જ પડશે. જરા પણ નિરાશ થયા વિના બાળકોના નૈતિક અને આધ્યાત્મિક જીવન ધોરણને ઊંચે લાવવા આપણી સઘળી-શક્તિઓ શાસ્ત્રમર્યાદામાં રહીને ખર્ચવી જ પડશે. આવું કાર્ય તમારા જેવા કાર્યદક્ષ સંચાલકો તરફથી આધ્યાત્મિક શિબિરના આયોજન દ્વારા ચાલી રહ્યું છે તે અનુમોદનીય છે.

હવે શિબિર પ્રવૃત્તિનો વિરોધ કરતા ૧૪ મુદ્દામાંનાં દરેક મુદ્દાનો ક્રમશઃ જવાબ અહીં આપું છું.

મુદ્દો ૧ લો : વર્તમાનમાં નીકળતી કોઈપણ સંસ્થા શરૂઆતમાં સારી હોય છે છતાં તે સંસ્થા ઉપર ગીતાર્થ આચાર્યોનો કાબૂ ન હોવાથી, તે સંસ્થા પરિણામે સામાજિક અને સુધારક બની જાય છે, જેમકે કોન્ફરન્સ વગેરે સંસ્થાઓ.

ઉત્તર : પ્રસ્તુત શિબિરનું કોઈ ફંડ નથી કે વરસો વરસ ચાલુ રહેવાની કોઈ યોજના નથી. એટલે શિબિર એ કોઈ સંસ્થારૂપ નથી. વળી આ શિબિર ઉપર ગીતાર્થ આચાર્યોનો કાબૂ તો છે જ, માટે તો એમની આજ્ઞાથી તત્ત્વજ્ઞાનની વાચના આપતા સંયમી સુવિહિત ગીતાર્થ મુનિઓની દોરવણી હેઠળ જ વિદ્યાર્થીઓનું જીવન ધર્મસંસ્કારથી ઘડવામાં આવે છે. પ્રસ્તુત પ્રશ્નનું ભયસ્થાન મેં પૂર્વે જ સુશ્રાવક શાંતિભાઈના લક્ષ્યમાં આણ્યું હતું, અને યોગ્ય રીતે તે ભયને નિવારણ કરવાની ખાત્રી પણ મને મળી છે, એટલે હવે પ્રસ્તુત પ્રશ્નને અવકાશ નથી.

મુદ્દો ૨ જો : શિબિર એ દિવ્યજ્ઞાન સંઘ કે જેના ટ્રસ્ટીઓ માણેકલાલ ચુનીલાલ, વ્રજલાલ કપુરચંદ મહેતા, નિતીનભાઈ નાથાભાઈ પરીખ, શેઠ રીખવચંદ કે. સંઘવી અને જમુભાઈ દાણી છે. આ સંસ્થાને Divine Knowledge Society તરીકે રજીસ્ટર્ડ કરાવી ભગવાન મહાવીર દેવનાં જન્મકલ્યાણકનો દિવસે મુનિ શ્રી ચન્દ્રપ્રભસાગરજીના આશીર્વાદ ને પ્રેરણાથી જેનો પ્રારંભ કરવામાં આવ્યો છે. તેના

ઉદ્દેશ જાહેર થયા છે. તેમાં એ સંસ્થાનો ૫ મો ઉદ્દેશ એ છે કે, 'તત્ત્વ-જ્ઞાનને આચરણમાં મૂકી શકાય તે માટે અવાર-નવાર ધર્મ-શિબિરો યોજવી. એટલે તેના અનેક કાર્યક્રમોમાં આ એક શિબિરનો કાર્યક્રમ છે.' આ દિવ્યજ્ઞાન સંઘના ઉદ્દેશોની જાહેરાત ૨૦૨૦ના જૈનપત્રના પર્યુષણાંક ટાઈટલ પેજ ૪ થા ઉપર છે.

ઉત્તર : દિવ્યજ્ઞાન સંઘ એ તો શિબિરની પ્રવૃત્તિ ચાલુ થયા પછી નીકળેલ છે. તેથી શિબિરને એની સાથે કોઈ સંબંધ નથી. વળી હિતકારી પ્રવૃત્તિ ઉપરથી કોઈ પાછળથી તેનું અનુકરણ કરે એટલા માત્રથી પૂર્વની પ્રવૃત્તિ અહિતકારી ન બની જાય.

દા.ત. શ્રી ઋષભદેવ ભગવંતે ધર્મ સ્થાપ્યા પછી બીજાઓએ ધર્મના નામ હેઠળ ભળતું ચલાવ્યું, તેથી ભગવાન શ્રી આદિનાથના મૂળ ધર્મનું પ્રવર્તન ખોટું ન કહેવાય.

મુદ્દો ૩ જો : શિબિરમાં સરકારી અધિકારીઓ આદિના હાથે ઉદ્‌ઘાટન વગેરે કાર્યક્રમો કેવળ પાશ્ચાત્ય અનુકરણ છે. શરૂઆતથી જ જ્યાં આવું અનુકરણ ઘૂસી જાય તેમાં પાછળથી શું શું ન ઘૂસે.

ઉત્તર : સરકારી અધિકારીના હાથે શિબિરનું ઉદ્‌ઘાટન એ જો પાશ્ચાત્ય દેશોનું આંધળુ અનુકરણ હોય તો જૈનશાસનમાં જૈનાચાર્યો તો મોટા ચક્રવર્તી કરતાં પણ ઘણા ઊંચા સ્થાને છે, પરંતુ પ્રભુના શાસનમાં પાછળથી જ્યારે જરૂર પડી ત્યારે રાજાઓના મધ્યસ્થસ્થાને આચાર્યોએ ધર્મચર્ચા અને વાદો કર્યા તેનું શું ? દા.ત. મહાસમર્થ શાસ્ત્રકાર પૂજ્ય હરિભદ્રસૂરિજી મહારાજે જૈનેતર રાજાની મધ્યસ્થી નીચે બૌદ્ધો સાથે વાદ કર્યો. પૂજ્ય બપ્પભટ્ટીસૂરિજી તથા પૂજ્ય હેમચન્દ્રસૂરિજી વગેરેએ આમ રાજા, સિદ્ધરાજ વગેરેની મધ્યસ્થીમાં રાજસભાઓમાં જઈને ધર્મચર્ચા કરી. આમ કરવા પાછળ એમનો ઉદ્દેશ મિથ્યાત્વના પ્રચારને દબાવવાનો તથા એવા સત્તાધીશ રાજાદિને ધર્મ પમાડવાનો રહેતો. પ્રસ્તુત શિબિરમાં, પણ એ જ ઉદ્દેશ છે અને એવા અનુભવ પણ થયા છે કે, ઉદ્‌ઘાટન કરનાર સત્તાધીશ પુરુષોના ભ્રાન્ત વિચારો ફરી જઈને ધર્મ પ્રત્યે બહુમાન ભાવવાળા બન્યા છે. આ રીતે ધર્મનું બીજાધાન થાય એને અયોગ્ય કહીને ટીકા પાત્ર કરવું એ કેમ યોગ્ય ગણાય ? છતાં ઉદ્‌ઘાટન આવશ્યક જ છે એવું મારું કહેવું નથી.

મુદ્દો ૪ થો : સાધુઓ શિબિરની અંદર પોતાના સ્વાધ્યાય, સામાચારી વગેરેનું પાલન ગૌણ બનાવી લગભગ આખો દિવસ એક પછી એક વિષયનું શિક્ષક તરીકે કામ કરે એ શાસ્ત્ર દૃષ્ટિએ બરોબર છે કે કેમ ? સાધુ પોતે જ્યાં હોય

ત્યાં જ્ઞાન લેવા માટે કોઈ આવે વ્યક્તિ કે સમુહ રૂપે અને સાધુ પોતાની બધી સામાચારીનું પાલન કરવા પૂર્વક યોગ્ય સમયે જૈનદર્શનનું જ્ઞાન આપે તે વાજબી છે પણ સાધુ જાતે સામે જઈને શિબિર પદ્ધતિએ જ્ઞાન આપે તે વાજબી ગણાય ? સારા સાધુ દ્વારા આ સંસ્થા લાઈટમાં આવ્યા પછી આગળ ઉપર એ સંસ્થામાં કેટલી વિકૃતિઓ પ્રવેશ પામે એ અત્યારથી કહેવું મુશ્કેલ છે.

ઉત્તર : સાધુ શિબિરમાં પોતાનો સ્વાધ્યાય, સામાચારી પાલન વગેરે મૂકીને આખો દિવસ એક શિક્ષકનું કામ કરે છે, એ પ્રશ્ન ઉપધાન, અંજન-શલાકા વગેરે વિશિષ્ટ પ્રસંગોમાં લગાડી શકાય કે નહિ ? વસ્તુતઃ શિબિરમાં સાધુ શિક્ષક તરીકેનું કામ કરે છે એ વાત જ ખોટી છે. કેમકે ત્યાં સાધુ વ્યાખ્યાન પદ્ધતિએ પાટ ઉપર બેસે છે. વિદ્યાર્થીઓ નીચે બેસે છે. વંદનાપૂર્વક નમસ્કારમંત્રનું મંગળ સંભળાવે છે, તે પછી શાસ્ત્રીય વિષયની વાચના આપે છે. વાચના પૂર્ણ થતાં 'સર્વ મંગલ' થાય છે, બારે માસ આ રીતે જ્ઞાન લેવાની એ વિદ્યાર્થીઓ માટે શક્યતા નથી. તેથી રજાઓના ખાસ અવસરે રોજ ૪-૫ વાચના લેવા તૈયાર હોય અને તે માટે શિબિરના સંચાલકો વિદ્યાર્થીઓની સગવડ ખાતર કોઈ તીર્થાદિ ક્ષેત્રમાં પધારવાના સાધુને વિનંતિ કરે તે શું તે વિનંતિ સ્વીકારીને સામે જવાથી સાધુ આધુનિક કોટીનો શિક્ષક બની જાય ? નવપદ સમાજ, સિદ્ધચક્ર આરાધક સમાજ, સંસ્કૃતિ રક્ષક સભા વગેરેના આમંત્રણોને સ્વીકારીને આજ સુધી ગીતાર્થો સામે ગયા નથી ? ત્યાં જઈને વ્યાખ્યાનાદિ રૂપે વાચના આપી નથી ? એટલે શું હવે તે બધા ય પરમગીતાર્થોને શિક્ષક કહી શકાય ? આ તો તીર્થંકર ભગવંતના શાસનની શ્રુતવાચનાની અવગણના કહેવાય, વળી સાધુ પોતે શાસ્ત્ર વાંચે ત્યારે જેમ સ્વાધ્યાય કરનાર કહેવાય તેમ બીજાને હિતબુદ્ધિથી શાસ્ત્ર ભણાવે તે પણ તેનો સ્વાધ્યાય જ કહેવાય. બીજાને ભણાવનાર સ્વાધ્યાયથી વેગળો બને છે એમ કહીએ તો વાંચનાચાર્યો કઈ કોટિમાં મૂકાશે ?

પરમાત્માના શાસનની અવિચ્છિન્નશાસન પરંપરા ટકાવવા તેવા તેવા કાળે તેવી તેવી પ્રવૃત્તિઓ કરીને પૂર્વાચાર્યોએ શાસનરક્ષા કરી છે અને જીવોનું હિત કર્યું છે, એ હકિકત છે. એજ રીતે વર્તમાનમાં પણ આજની કોલેજ કેળવણી અને થોકબંધ પાશ્ચાત્ય વિચારો સુધી પહોંચી ગયેલા વિદ્યાર્થીઓને આકર્ષીને જૈનધર્મનો બોધ લેતા અને તેના આચરણમાં રસ લેતા કરવા માટે જરૂરી દ્રવ્ય-ક્ષેત્રાદિની અનુકૂળતા કરાય એમાં વર્તમાન વિકટકાળે શાસનરક્ષાની દાઝવાળા સઘળા ભવ્યાત્માઓ અનુમોદન જ કરે એવી મારી સમજ છે.

વળી સારા સાધુ દ્વારા શિબિર ચાલ્યા પછી આગળ ઉપર અયોગ્ય પ્રવૃત્તિ ઘૂસવાની શંકા અને એટલા જ માટે ગીતાર્થ સાધુ સંચાલિત શિબિર દ્વારા જ્ઞાનપ્રદાન આદિની પ્રવૃત્તિને અયોગ્ય કરાવવાની નેમ એ કેટલે અંશે વાજબી ગણવી એ વિચારણીય છે. કેમકે જગતમાં સદ્ધર્મ અને ધર્મ સંસ્થા સ્થપાયા પછી એમાં કેટલાક અનિષ્ટ અંશો દાખલ કરીને કુમતો પ્રચાર પાત્ર છે. ત્યાં પણ આવો જ પ્રશ્ન ઊભો ન થઈ શકે કે આજે તો સદ્ધર્મસંસ્થા ઠીક ચાલી પણ પાછળથી તેમાં અનિષ્ટ તત્ત્વો દાખલ થશે તેનું શું ? માટે એવી સંસ્થા સ્થાપવી જ નહિ ? આવા કલ્પિત ભયસ્થાનોથી જો સારી પણ પ્રવૃત્તિ અયોગ્ય ઠરતી હોય તો જગતનો વ્યવહાર અટકી પડશે.

સંયમ લીધા પછી પતન અને તેથી નરક-ગમનનો મોટો ભય નથી ?

પકવાન્ન ભોજનથી અજીર્ણ કે ઊલટી થવાનો ભય નથી ? કપડાં પહેરે કે વાળ રાખે તો તેમાં જૂ પડવાનો પણ ભય છે કે નહિ ?

કન્યાને પરણાવતાં વિધવા થવાનો ભય જાગે કે નહિ ?

ચાલતાં પડી જવાનો, ગાડીમાં બેસતાં અકસ્માતનો, આવા તો અનેક ભયો સર્વત્ર વ્યાપેલા છે. માટે હવે ખાવાપીવાની વગેરે બધી પ્રવૃત્તિ સ્થગિત કરી દેવી ને ?

મુદ્દો પમો : શિબિર શિક્ષણ યોજનાના કેટલાક તાત્કાલિક ફાયદા પ્રારંભમાં દેખાવાના, પરંતુ કાલક્રમે તેનાથી શ્રી સંઘની પરંપરાગત પ્રણાલીને જરૂર ધક્કો પહોંચવાનો.

ઉત્તર :- શિબિર શિક્ષણ યોજનામાં સંઘની કઈ પરંપરાગત પ્રણાલીને ધક્કો પહોંચે છે, એજ સમજાતું નથી. ધર્મથી સીદાના શ્રાવકોને સાધુ જૈન તત્ત્વ અને માર્ગનું જ્ઞાન આપે અને તે પણ યોજના વિના સમજાવવાનું આજના કાળે જ્યારે દેખાતું ન હોય ત્યારે શ્રાવકપણાના આચારના ચુસ્ત પાલનવાળી જ યોજના થાય એ રીતે ધર્મનું જ્ઞાન આપે, વિદ્યાર્થીઓને શ્રાવકપણાના આચાર તથા વિશિષ્ટ વ્રત-નિયમ પાળતા કરે અને તેથી તે વિદ્યાર્થીઓના માતાપિતા પણ ધર્મ પ્રત્યે આકર્ષાય. કેટલાક કુટુંબોમાં તો વળી શિબિર વિદ્યાર્થીના રાત્રિભોજન ત્યાગાદિ આચારનિયમોનું અનુકરણ થાય, તદુપરાંત કેટલેક સ્થળે તો એ વિદ્યાર્થી દ્વારા પોતાના ગામમાં સ્થાનિક સામાયિક સ્નાત્ર-મહોત્સવ, તત્ત્વબોધાદિ શુભ પ્રવૃત્તિમાં ગામના વિદ્યાર્થીઓ જોડાય છે. આ બધી સ્પષ્ટ હકીકતોમાં જૈનશાસનની પરંપરાગત પ્રણાલીને ધક્કો પહોંચાડવા જેવું શું છે ?

મુદ્દો છઠ્ઠો : આજે ભલે શિબિર સંચાલન સુયોગ્ય આત્માના હાથમાં હોય પણ તેવી કોઈ ખાત્રી ન આપી શકાય. શિબિરના નામે એક નવી સંસ્થા ઊભી થાય છે જે આપણી પરંપરા સાથે સુસંગત લાગતું નથી.

ઉત્તર :- આ મુદ્દાનો ઉત્તર ૪થા મુદ્દાના ઉત્તરમાં આવી જાય છે. જેનો સાર એ છે કે જગતમાં જ્યારે પણ આત્મહિતકર પ્રવૃત્તિ આરંભાય છે, ત્યારે પાછળથી તેના અનિષ્ટ અનુકરણો થાય છે, પણ તેથી તે હિતકર પ્રવૃત્તિ જરાય અયોગ્ય ગણાતી નથી, ઊલટું આવશ્યક અને આદરણીય ગણાય છે. નહિ તો અજ્ઞાન અને મોહ-મૂઢતામાં વહી રહેલ માનવજાતનો ઉદ્ધાર જ શી રીતે થાય ? અસલની નકલ થાય તેથી અસલનું મહત્વ કે અસલની જરૂરીઆત ઘટી જતી નથી. દા.ત. ભગવાન શ્રી આદિનાથે સાધુ-સંસ્થા ઊભી કરી માટે કચ્છ મહાકચ્છે તાપસ ધર્મ ચલાવ્યો ને ? એટલે શું હવે સાધુસંસ્થાની સ્થાપના અયોગ્ય ગણી લેવી ?

મુદ્દો ૭મો : શ્રી સંઘનું ધ્યાન મંદિર અને ઉપાશ્રય પ્રત્યે કેન્દ્રીભૂત કરતી શાસ્ત્રીય વિચારધારાને આ નવી સંસ્થાથી ધક્કો પહોંચે છે.

ઉત્તર :- સંઘનું ધ્યાન મંદિર અને ઉપાશ્રય પ્રત્યે કેન્દ્રીભૂત કરવાનું હોય છે કે રત્નત્રયીની વૃદ્ધિ અને દાનાદિ ધર્મોની પ્રવૃત્તિ પ્રત્યે કેન્દ્રીભૂત કરવાનું હોય છે ? દેવદ્રવ્યને પ્રવચનની વૃદ્ધિ કરનારું કહ્યું એના ખૂલાસામાં એજ વાત કહી છે કે દેવદ્રવ્ય દ્વારા વિશેષ અર્હદ્‌ભક્તિ થાય. જનસમુહ આવે અને આચાર્યો એમને રત્નત્રયી પમાડે. અહીં એ વાત સ્પષ્ટ છે કે સંઘના આગેવાનોનું ધ્યાન ક્યાં કેન્દ્રીભૂત થાય ? બીજું પ્રતિષ્ઠા, અંજનશલાકા, અર્હત્પુજન, ગુરુનગરપ્રવેશ, કલ્યાણકના વરઘોડા વગેરેમાં જૈનેતરોને જૈનધર્મ પ્રત્યે બહુમાનની લાગણી ઊભી થાય તે માટે મહાદાનાદિ પ્રવૃત્તિઓ કહી છે. વળી કલ્યાણકોના વરઘોડામાં તો નટ વગેરેના ખેલ આદિની પ્રવૃત્તિઓ કહી છે. તેને કેવી કહેશો ? જો એમ કહો કે એ બધું જૈનેતરોને સદ્ધર્મ પ્રત્યે આકર્ષવા માટે છે, તો પ્રસ્તુત શિબિરમાં એથી પણ વિશેષ ઉદ્દેશ છે કે વિદ્યાર્થીઓને સુદેવાદિના ભક્ત બનાવવા. સુબુદ્ધવિવેકી શ્રાવકો બનાવવા. અહીં જૈન વિચારાધારાને તો પુષ્ટિ જ મળે છે.

મુદ્દો ૮મો :- સ્થૂલ પ્રચાર દ્વારા ધર્મ પ્રસારવાનો જે વ્યામોહ ખ્રિસ્તી જગતમાં વધતો જાય છે તેનું અનુકરણ કરવા રૂપ આ શિબિર યોજનાથી વાસ્તવમાં ધર્મનાં તત્ત્વનું ખૂબજ ઓછું પોષણ સંવર્ધન થવાનું, કારણ કે શિબિરમાં આવનારા આત્માઓને મોટે ભાગે અનેક પ્રકારની છૂટછાટો રાખીને આકર્ષવામાં આવે છે. જો કે સંચાલકોનો ઉદ્દેશ સારો હોય છે.

ઉત્તર :- અહીં ખ્રિસ્તી ધર્મના પ્રચારના અનુકરણનો સવાલ ઊભો કરવામાં આવ્યો છે, પરંતુ એ સવાલ કરનારને શું ખ્રિસ્તી ધર્મના પ્રચારનો ભય નથી લાગતો ? શું એ પ્રચારની આંખ આડા કાન કરવા જેવું તે માને છે ? એ પ્રચાર પદ્ધતિ આર્યધર્મોને શું જબરદસ્ત ફટકારૂપ નથી ? આવા પ્રચારનો તો પ્રતિકાર કરવા માટે શુદ્ધ ધર્મ પ્રચારની ખૂબ જ આવશ્યકતા છે. આજથી બસો વર્ષ પૂર્વે જૈનેતર લોકોમાં રાસડા તથા ઈશ્વર ભક્તિના આયોજનો શરૂ થયા, એમાં જૈનો આકર્ષાઈ ન જાય તે માટે તે સમયના પૂર્વાચાર્યોએ રાસરચના તથા સત્તરભેદી પૂજા વગેરેની રચના અને પૂજા ભણાવવાની નવી પદ્ધતિ દાખલ કરી તેનું શું કહેશો ? રાજસભામાં જૈનાચાર્યો શા માટે ગયા હતા ? પ્રભુ મહાવીરની હયાતિમાં મુનિઓ, શ્રેણિક, ચેટક આદિ રાજાઓની સભામાં જતા ન હતા, તો પછી પાછળથી જૈનાચાર્યોએ રાજસભામાં જવાની નવી પદ્ધતિ કેમ શરૂ કરી હશે ? આજે જડવાદ, વિલાસવાદ, નાસ્તિક વિજ્ઞાનવાદ વગેરે ખૂબ વ્યાપી ગયા છે. જૈન માતા-પિતાના સંતાનો તેમાં પૂરવેગે ઘસડાઈ રહ્યા છે. એમને ઉગારી લેવા માટે ખૂબ ખૂબ વિચારવું જરૂરી નથી ? અન્યથા આજે ચાલી રહેલ કુસંસ્કારોમાં વિદ્યાર્થીઓનો ઉછેર જોતાં પચ્ચીસેક વર્ષ પછી એવાનો બનેલો સંઘ કેવો હશે તેની કલ્પના ધર્મી-હૃદયોને ધ્રુજાવી મૂકે તેવી છે. આની સામે આપણે સક્રિય કાર્ય કરવું જ પડશે. નહિ તો સ્કૂલ કોલેજની કેળવણીમાં તણાઈ જતા આપણા બાળકો કે જેમાંના કેટલાક તો સારા ધર્મી ગણાતા માબાપોના જ સંતાન છે. જેઓ ઉપાશ્રયે પગ પણ મૂકતા નથી, તેઓને ધર્મ માર્ગે વાળવા માટે આપણે સક્રિય ભાવકરુણા કરવી જોઈએ કે નહિ ? વળી શિબિર યોજનામાં ધર્મતત્ત્વનું ઓછું-પોષણ થવાનું જે કહેવામાં આવે છે તે ચાલેલી શિબિરનો અભ્યાસ કર્યા વિના કહેવાયું લાગે છે. સાત વ્યસન જેવાની બાધાનો પણ જે કાળમાં અભાવ થવા લાગ્યો છે તે જ કાળમાં માત્ર તેવી બાધા નહિ પરંતુ વર્ષભરમાં કેટલાયે સામાયિક, નવકાર-જપ, સૂત્રપાઠ, વિગઈ-ત્યાગ, એકાસનાદિ તપ, યાવત્ બ્રહ્મચર્યની પણ પ્રતિજ્ઞા લેવાય છે. એક જ માસમાં એક વર્ષ જેટલું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે છે. ઘેરે દેવદર્શન, પૂજા, ગુરુવંદન, પચ્ચક્ખાણ આદિ ધર્મપ્રવૃત્તિ નહિ કરનારા શિબિર, કાળમાં ખૂબ હોંશે હોંશે આદરે છે. આ બધામાં જો ધર્મતત્ત્વનું ઓછું પોષણ-સંવર્ધન ગણવું હોય તો પછી વધારે પોષણ-સંવર્ધન શાને ગણવું ?

વળી શિબિરમાં અનેક છૂટછાટો રાખીને વિદ્યાર્થીને આકર્ષવાનો જે આક્ષેપ કરવામાં આવે છે. અને તેથી આડકતરી રીતે વિદ્યાર્થીઓની માત્ર જડવાસના પોષવાનું સૂચિત કરાય છે, તે યોગ્ય નથી. એમ તો ઉપધાનમાં પારણાને દિવસે

સારા ગણાતા પકવાન્ન અને ટોનિક વસ્તુઓ આપવામાં આવે છે. તો તેમાં શું વાસ્તવમાં ધર્મતત્ત્વનું ઓછું પોષણ છે ? તેમજ સુઘડ કલાત્મક શિલ્પ-સ્થાપત્યથી સમૃદ્ધ જિન મંદિર, ઉપાશ્રય આકર્ષક ચિત્રકામ, શિલ્પકામ વગેરેની સુશોભિતતા પણ અનુચિત બની જશે. સમવસરણનું આયોજન નકામું ઠરશે. પ્રભુના વરઘોડામાં ભારેમાં ભારે આકર્ષણો, પ્રભુમૂર્તિની ઝવેરાતાદિથી અંગરચનાઓ, સાધર્મિક વાત્સલ્યો, પારણા, અત્તરવાયણા, પ્રભાવનાઓ, તીર્થયાત્રા સંઘમાં શક્ય ઊંચામાં ઊંચી સગવડો અને આકર્ષણો, આ બધું જ ધર્મતત્ત્વનું વિરોધી ગણાશે.

ખરી રીતે શિબિરમાં સાદુ ત્રિટંક ભોજન તથા રહેવા માટે ચાલુ ધર્મશાલાદિ સિવાય કોઈ એવા આડંબરી આકર્ષણો આપવામાં આવતા નથી, ઊલટું વિદ્યાર્થીઓને ગીચોગીચ રહેવું પડે છે. ઉનાળામાં ગરમી સહવી પડે છે, ઈલેકટ્રીક પંખાની હવા મળતી નથી, કપડા હાથે ધોવા પડે છે, થાળી હાથે માંજવી પડે છે, અને ઈત્યાદિ શ્રમથી સુખશીલ નહિ પણ ખડતલ તથા સ્વાશ્રયી બનવાનું અને જયણાયુક્ત જીવન જીવવાનું મળે છે, કદાચ રવિવાર જેવાએ જમણ અપાય ત્યાં પણ પછીથી એવો ધર્મોપદેશ અપાય છે કે જેથી કેટલાક વિદ્યાર્થી એકાશન આયંબિલાદિ કરવા પ્રેરાય છે. ઉકાળેલા પાણીની સગવડ કરવાથી કેટલા ય વિદ્યાર્થીઓ આખી શિબિરમાં અને કોક તો ઘરેથી જઈને પણ ઉકાળેલું જ પાણી પીતા થઈ ગયા. એટલે આ આકર્ષણોથી સુખશીલ બનાવી ધર્મ-તત્ત્વનું ઓછું પોષણ કરવાનો આક્ષેપ સાચો નથી. એમ સહૃદય વિચારકને જરૂર લાગશે.

(કલ્યાણ માટે ખાસ) (લેખાંક-૨)

મુદ્દો ૯મો : પૂજ્ય મુનિ ભગવંતો શિબિર યોજનાનું સંચાલન કરે તે એમની ભૂમિકાને બંધ બેસતું નથી.

ઉત્તર : આ મુદ્દાની સામે એવો પણ પ્રશ્ન કેમ ઊભો કરી ન શકાય કે ઉપધાનની પ્રવૃત્તિનું સંચાલન સાધુઓ કરે તે બંધબેસતું ગણાય ? જો એમ કહો કે ત્યાં રત્નત્રયીનું આરાધન છે, તેવી શિબિરની ધર્મપ્રવૃત્તિ પણ રત્નત્રયીના આરાધનારૂપ જ છે. શિબિરનું જે સંચાલન-કાર્ય છે તે બધું ગૃહસ્થો જ કરે છે, મુનિ તો તેમની વિનંતિથી વાચના આપે છે, અને વિદ્યાર્થીઓને ધાર્મિક કાર્યોમાં પ્રેરે છે.

મુદ્દો ૧૦મો : શિબિરમાં અભ્યાસ કરીને આવેલ કે ઈનામ મેળવીને આવેલ વિદ્યાર્થીમાંથી મોટાભાગના બાળકોને પૂરા પ્રતિક્રમણ ક્રિયાના સૂત્રો 'શુદ્ધ' આવડતા

નથી. તે સૂત્રો ભણવા માટે મહેનત કે કાળજી પણ રાખતા નથી. જૈન શાસનના અભ્યાસની રીત સાવ બદલી નાંખીને નવી અભ્યાસ પદ્ધતિ દાખલ કરવાથી ધીમે ધીમે મૂળ માર્ગ બંધ થઈ જવાનો અને માત્ર વિગતોનું જ્ઞાન ફેલાવાનું. પાયાના જ્ઞાન વિના આગળનું તત્ત્વજ્ઞાન કેટલું પચી શકે ? તે વિચારણીય છે. બસો વિદ્યાર્થીઓ ભેગા થાય ત્યાં કોઈ ઉચ્ચ કોટીના પૂર્વભવના સંસ્કારવાળા ૧૦-૨૦ વિદ્યાર્થીઓને લાભ થાય એમાં શંકાને કારણ નથી, પણ તેની પાછળ જાહેરાતો કેટલી ? ખર્ચ કેટલો વિગેરે અનેક બાબતો વિચાર માંગી લે છે.

ઉત્તર : આ મુદ્દામાં ઘણી બાબતો સમાયેલી છે, આધ્યાત્મિક શિબિર એટલે બાળકોને આધ્યાત્મિક જ્ઞાનાદિ આપવાની કામચલાઉ છાવણી. આપણે જાણીએ છીએ કે સ્કૂલ અને કોલેજના જૈન વિદ્યાર્થીઓ ધર્મ-શિક્ષણથી વિમુખ થયા છે, આ પરિસ્થિતિ ખૂબ જ ચિંતાજનક છે, આ વિદ્યાર્થીઓને ગમે તે રીતે પણ સદ્ધર્મની સન્મુખ બનાવવા જોઈએ. શાળાના ચાલુ દિવસો દરમિયાન તેઓ સમય આપી શકે નહિ એથી જ તેમની ઉનાળાની રજાનો લાભ લઈને તેમને ધર્મતત્ત્વ આપવાના ઉદ્દેશથી આ શિબિર તેના કાર્યવાહકોએ યોજી છે. હવે ટુંક સમયમાં વિદ્યાર્થીઓને માત્ર સૂત્રો ગોખાવવાનું કાર્ય રાખીએ તો તેમાં ઘણા ઘણા વિદ્યાર્થીઓને માટે પહોંચી વળાય નહિ. એથી જ તેમને સર્વ પ્રથમ ભવનિર્વેદ ઉત્પન્ન કરાવવાની સાથે થોડા સમયમાં ઘણું તત્ત્વજ્ઞાન આપવાનું યોગ્ય જણાયું છે. વળી ગામેગામ જતા મુનિઓ તે તે ગામમાં ત્યાગ-તપ તથા વૈરાગ્યનો ઉપદેશ આપે છે, પણ ગૃહસ્થોને ભેગા કરીને સૂત્રો ગોખાવવા બેસાડતા નથી કેમકે સમય બહુ થોડો હોય છે. આ પદ્ધતિમાં મૂળ માર્ગ બંધ થઈ જવાનો ભય વાસ્તવિક લાગતો નથી. થોડા સમયમાં વિદ્યાર્થીઓમાં જૈનત્વનું ગૌરવ અને સદ્ધર્મનો કટ્ટર પક્ષપાત ઉત્પન્ન કરાવી દેવા માટે તો સંસારની અસારતાનું જ્ઞાન જ પાયાનું જ્ઞાન કહેવાય. એની ઉપર ચણતર રૂપે માર્ગાનુસારીતાના ગુણોનું, સમ્યક્ત્વના ૬૭ વ્યવહારોનું જ્ઞાન આપવું જોઈએ. આવા જ્ઞાનના અભાવે જ માત્ર સૂત્રપાઠ કરાવતી પાઠશાળાઓમાં મોટા વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં વિકાસ પામી શક્યા નથી. એ સુવિદિત હકીકત છે.

વળી ચાલુ શિબિરમાં સૂત્રપાઠ કરાવાતો નથી છતાં શિબિર ઉઠતાં અનેક વિદ્યાર્થીઓએ ૧૨ માસમાં સો દોઢસો યાવત્ ત્રણસો ગાથાઓ ગોખવાના અભિગ્રહો કર્યા છે. આવી બાબતોનો ખ્યાલ ન હોવાથી જ આવા મુદ્દાઓ ઉપસ્થિત થાય છે. એટલે મારી તો સહુને ભલામણ છે કે એ શિબિરનો વિરોધ કરવા પૂર્વે શિબિરની ધર્માનુષ્ઠાન પ્રવૃત્તિ તેના સંચાલકો તરફથી જાણી લેવી જોઈએ.

થોડા સમયની રજાનો સંપૂર્ણ લાભ ઉઠાવવાની દૃષ્ટિ સામે રાખીને શિબિરના

સંચાલકોને તથા સંચાલકોની વિનંતિથી રત્નત્રયીના અંગોનું શિબિરમાં આરાધના કરાવતા ગીતાર્થ મુનિઓને બધું વિચારવાનું હોય છે. ધર્મ પામનારા હાઈસ્કૂલના અને કોલેજના આધુનિક વાતાવરણથી રંગાયેલા જીવદ્રવ્યો છે એ વાત પણ વિસરવાની નથી. એટલે કેવા જીવોને કેવા અવસરે કેટલા સમયમાં કયું અને કેટલું જ્ઞાન આપવું ? કે જેથી વિશેષ લાભ થાય. એવા ગૌરવ-લાઘવનો વિચાર ગીતાર્થોએ કરવાનો હોય છે. શ્રી જિનશાસનમાં ગૌરવ-લાઘવના વિચારને ઘણું પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. શિબિર માત્ર એક માસની હોય છે. તેમાં પણ કેટલાક રજાના દિવસો જાય, પરીક્ષાના દિવસો જાય ઈત્યાદિ જોતાં અંદાજ વીસેક દિવસમાં ધર્મજ્ઞાન અને સંસ્કાર આપવાના હોય છે. આ હકિકતને ખ્યાલમાં રાખીને વિદ્યાર્થીઓને પાયાના જ્ઞાન તરીકે શું આપવું વધુ હિતાવહ છે એ વાત વિચારશો તો તરત સમજાશે કે આ વિદ્યાર્થીઓ ટુંક સમયમાં પાયાના જ્ઞાન તરીકે સૂત્રનો પાઠ નહિ પણ ભવવિરાગ અને મોક્ષ-દૃષ્ટિ જગાવવા સાથે ધર્મના નિગૂઢ તત્ત્વજ્ઞાનની સચોટ સમજણ જગાવવી તે જ છે. જેથી સર્વજ્ઞ વીતરાગ ભગવંતોના સદ્ધર્મ પ્રત્યે તેમના અંતરમાં કટ્ટર પક્ષપાત જાગીને જ રહે. આ મુદ્દામાં એક વાત એવી પણ જણાવાઈ છે કે 'બસો વિદ્યાર્થીમાંથી દસ-વીસ વિદ્યાર્થીઓ જ ધર્મ પામે. આટલી નાનકડી સિદ્ધિ પાછળ આટલો મોટો ખર્ચ !'

આ મુદ્દો પણ શિબિરની ધર્મમય પ્રવૃત્તિ અને એના પરિણામના અજ્ઞાનમાંથી ઉદ્ભવ્યો છે. મેં જાતે અચલગઢની શિબિરનું ધર્મમય વાતાવરણ જોયું છે. મારી સમજ મુજબ ૨૦૦માંથી ૧૨૫-૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ ધર્મના રંગથી રંગાયેલા જણાયા છે. વિલાસી વાતાવરણમાં જ ઉછરેલા બાળકો માટે કાંઈ નાનીસુની સિદ્ધિ ન કહેવાય.

વળી 'યોગ વિંશિકા'માં તો પૂ. ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજાએ ફરમાવ્યું છે કે 'એક પણ આત્માને સમ્યક્ત્વ પમાડનાર આત્મા ચૌદ રાજ લોકમાં અમારીપડહ વજડાવે છે.'

અધર્મથી તો આખું ય વિશ્વ ખરડાયેલું છે. એમાં એક પણ જીવ ધર્મ પામતો હોય, પોતાના અનંતભવો કાપતો હોય, ભાવ-દારિદ્ર્ય નિવારતો હોય તો એની પાછળ અઢળક ધન વ્યય થાય તો શું તે કાંઈ હિસાબમાં ગણાય ? ધર્મનું મૂલ્ય કેટલું છે ? એ વાત જો સમજાય તો એવા ધર્મ કાજે લખલૂટ ધનવ્યય પણ કાંઈ વિસાતમાં નથી. હા, શિબિરના બધા વિદ્યાર્થીઓ ધર્મના તત્ત્વને હૃદયથી સ્પર્શતા ન હોય એ બનવાજોગ છે, પણ ઉપધાનાદિમાં શું બધા ય આત્માઓ ધ્યેય સિદ્ધ કરે જ છે ? તો શું થોડાને ધર્મ પમાડવા માટે ઘણાને અપનાવવા અને ઘણો ધનાદિ

વ્યય કરવો એ ગેરવ્યાજબી પ્રવૃત્તિ ગણાય ?

વળી જે વાચના-દાતા છે. તેમને તો એક પણ શ્રોતા ધર્મ ન પામે તો ય એકાન્તહિત કહ્યું છે. એ વાત વિચારશો તો આવી નિરાશા કદાપિ ઉદ્‌ભવશે નહિ. જીવોની ભાવદયા વિચારીશું તો જરૂર લાગશે કે ઉદાર ધનવાનો પોતાની લક્ષ્મીને આ રીતે સન્માર્ગે વહેતી મૂકે તેમાં તેના ખર્ચની ચિંતા કરીને દ્રવ્યદયા ચિંતવવા સુધી મન તણાઈ જશે નહિ. ભગવાન મુનિસુવ્રતસ્વામિજી એક તિર્યંચ જીવની ભાવદયા ખાતર રાતોરાત ૬૦ યોજનનો વિહાર કરીને ગયા હતા કે નહિં ?

મુદ્દો ૧૧મો : કોલેજીયન કે બીજા કોઈપણ વિદ્યાર્થીઓ સમ્યગ્જ્ઞાન મેળવે અને વીતરાગ દેવનાં શાસનના સાચા ઉપાસક બને તો સહુ કોઈને આનંદ હોય, પરંતુ તેમાં અપનાવાતી આધુનિક પદ્ધતિઓ અને તેથી ભવિષ્યમાં લાભને બદલે હાનિ કેટલા પ્રમાણમાં રહેલી છે અને શાસનની મૂળભૂત પ્રણાલિકાઓનું કેટલે અંશે પાલન થાય છે એ પ્રશ્ન વિચારણીય છે.

ઉત્તર : શિબિરમાં વિદ્યાર્થીઓને સમ્યગ્જ્ઞાનાદિ આપવાની શિબિરની પ્રવૃત્તિમાં આધુનિક પદ્ધતિ કઈ અપનાવી છે તે મને સમજાતું નથી.

ઉપર ચર્ચેલા મુદ્દાઓથી એ વાત સ્પષ્ટ દેખાય છે કે વિદ્યાર્થીઓની ધર્મપ્રવૃત્તિઓમાં ક્યાંય આધુનિકતા છે જ નહિ. છતાં કોઈ બાબતમાં આધુનિકતા લાગતી હોય તો તે પણ શાસ્ત્રીય દ્રવ્યાદિભાવોને લક્ષ્યમાં લઈને વિચારવાની મારી ભલામણ છે.

પરમાત્મા મહાવીરદેવના સમયમાં ગીતાર્થ આચાર્યો રાજસભામાં જતા ન હતા પણ પછીના કાળમાં આચાર્યો રાજસભામાં જવા લાગ્યા હતા. પૂર્વે રાસ ન હતા પણ પછીથી રાસરચના થઈ, પૂર્વે મૂનિને કમ્મરે કંદોરો ન હતો, પાછળથી થયો, પાતરાને લાલ રંગ પાછળથી થયો. પૂજાઓ પણ પાછળથી ચાલી. તો આ બધી પ્રવૃત્તિઓ તે તે કાળે જ્યારે ચાલુ થઈ ત્યારે તે આધુનિક ન હતી ? તેમ છતાં તેનો આપણે વિરોધ નથી કરતા, કેમકે શાસ્ત્રીય દ્રવ્યાદિ ભાવોને કે બીજા કોઈ કારણે તે બધી પ્રવૃત્તિ ચાલુ જ રાખી છે. તે જ રીતે શિબિરમાં આજની કેળવણી પદ્ધતિ, પલટાયેલી લોક જીવનની પદ્ધતિ, અને રેડીયો, સિનેમા, છાપાઓ વગેરેના આકર્ષણ સામે અનિવાર્ય એવી શિબિરમાં પણ વિલાસમાંથી વિરાગમાં અધર્મમાંથી ધર્મમાં આકર્ષવાના એક માત્ર સદાશયથી ક્યાંક કોક માત્ર પદ્ધતિ શાસ્ત્રમર્યાદાને લક્ષ્યમાં રાખીને આચરવામાં આવે તો તેને આધુનિક કહીને ટીકાપાત્ર બનાવી દેવાનું ઉચિત જણાતું નથી. વળી આ રીતે ટીકાઓ જ કરવી હોય તો તે

વખતે એ વાત પણ વિચારવામાં કેમ આવતી નથી કે જો આ પદ્ધત્તિએ જૈન બાળકોને ધર્મસંસ્કાર આપવાનું બંધ કરાવીશું તો ભવિષ્યનો એમનો બનેલો જૈન સંઘ કેવો હશે ? તેમ જ તે બાળકોના પરલોકની કેવી કરુણતા સર્જાશે ? ભોગવિલાસમાં રાચતા તે જૈનકુળમાં જન્મેલા બાળકોના આત્માનો કશો પણ વિચાર કરવો જરૂરી છે કે નહિ ? આ બાળકો જીવનભર ધર્મસંસ્કાર વિહોણા રહી જાય, આપણી તેઓ પ્રત્યે ઉપેક્ષા કેળવાય તેમાં શાસનની મૂળ પ્રણાલિકાને કોઈ બાધ ન પહોંચે અને તેમને સંસ્કારિત બનાવવાની શાસ્ત્રીય મર્યાદા પૂર્વકની શિબિરની પ્રવૃત્તિમાં શાસનની મૂળભૂત પ્રણાલિકાને બાધ પહોંચી જાય !! આ તો કેટલી વિચિત્ર કલ્પના કહેવાય ?

શિબિરમાં સાધર્મિક ભક્તિ થાય છે, રત્નત્રયીનું દાન કરાય છે, આચારાનુષ્ઠાન પ્રત્યે પ્રીતિ-ભક્તિ જગાવાય છે. એમાં જો શાસનની મૂળભૂત પ્રણાલિકાનું ગૌરવ હણાતું હોય તો એ ગૌરવ કયી પ્રવૃત્તિમાં જળવાય કે જેમાં શિબિરથી થતા ધર્મસંસ્કરણના લાભ શક્ય બને ?

મુદ્દો ૧૨મો : સાધુઓનું જીવન સંયમની શુદ્ધિ અને વૃદ્ધિથી શોભે છે. આત્મામાં વધુ ને વધુ પ્રવેશ પામવાને બદલે આધુનિક સાધનો અને આધુનિક પદ્ધતિ દ્વારા વધુ ફેલાવો કરવાના મનોરથો એ કેટલીક વાર આત્માને નીચે ઉતારી દે છે. એટલા જ માટે શાસ્ત્રમાં જણાવ્યું છે કે ગચ્છમાં સ્વાધ્યાયનો વ્યાઘાત થતો હોય તો આચાર્યની આજ્ઞા લઈ બે સાધુઓ જુદો વિહાર કરે. વ્યાઘાતના કારણો તરીકે વ્યાખ્યાનની મેદિની આદિ જણાવ્યા છે. આ ઉપરથી સમજી શકાશે કે સાધુનું મુખ્ય કર્તવ્ય કયું ?

ઉત્તર : શિબિરમાં ધર્મવૃત્તિ કરાવતા ગીતાર્થ મુનિ વિદ્યાર્થીઓને વાચના આપે તેમાં તે મુનિની સંયમશુદ્ધિ નથી રહેતી તે વાત તદ્દન અશાસ્ત્રીય લાગે છે. વાચનાદાનમાં તો મહાસંયમ છે. જેમાં સ્વપરનું હિત થાય તેમાં સંયમની શુદ્ધિ ન રહે એવું સ્વપ્ને પણ કેમ વિચારાય ? છતાં જો તેવું જ જેમનું મંતવ્ય હોય તેમને પૂછવું જોઈએ કે ઉપધાન આદિમાં સાધુની સંયમ શુદ્ધિ તમે માનો છો કે નહિ ? જો ત્યાં શુદ્ધિ જળવાતી હોય તો આખો દિવસ ષોડશક, ક્ષેત્રસમાસ, ગણધરવાદ યોગશાસ્ત્ર, ધર્મબિંદુ આદિની વાચનાઓ અપાઈ રહી છે ત્યાં સંયમની શુદ્ધિ કેમ ન જળવાય ?

મુદ્દો ૧૩ મો : પૂર્વકાળમાં જૈનો પોતાના સંતાનોને વ્યવહારિક શિક્ષણ સાથે ધાર્મિક શિક્ષણ પણ અપાવતા હતા. પણ તે જૈન ધર્મના જાણકાર અને

અધિકાર મુજબ જૈનદર્શનનું જ્ઞાન ધરાવનાર ગૃહસ્થપાઠકો પાસે અપાવતા. દૃષ્ટાંત તરીકે મયણાસુંદરીની માતા જૈનધર્મ ઉપાસિકા હતી. આથી તેણીએ પોતાની પુત્રીને સમ્યગ્દૃષ્ટિ પાઠક પાસે અભ્યાસ કરાવ્યો હતો. અને એ પાઠક પાસેથી મયણાસુંદરીએ જૈનદર્શનનાં તત્ત્વોનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ જ્ઞાન પ્રાપ્ત કર્યું. પણ એવા કોઈ દૃષ્ટાંતો નથી આવતા કે જૈનોના છોકરા-છોકરીઓને સાધુ-સાધ્વીજી આજે ચાલુ થયેલી શિબિરની જેમ કલાસ ચલાવતા હોય.

ઉત્તર : જે કાળમાં જૈનકુળમાં જન્મેલા બાળકોના માતપિતા બાળકોના હિતની કાળજી કરતા હતા અને જે કાળમાં પાઠશાળાના શિક્ષકો પણ વિશિષ્ટ કોટીનું આચાર પાલન જાળવતા હતા -તે કાળમાં અને આજના કાળમાં કેટલુ અંતર છે, એ વાત અહીં સમજાવવી પડે તેમ નથી. આજે બાળકોના માતપિતાને બાળકોમાં ધર્મસંસ્કાર સિંચન કરવાની જરાય તમન્ના નથી. અને શાળાના શિક્ષકો તો આજની રીતરસમમાં ધર્મ પમાડવાનું કરતા જ નથી. પાઠશાળાના શિક્ષકો પાસે ૧૩-૧૪ વર્ષની ઉંમરના બાળકો પ્રાયઃ આજે જતા જ નથી. આવા સમયે શું એ બાળકોમાં શાસ્ત્રમર્યાદા જાળવીને ધર્મસિંચન થાય તેવું કાંઈ વિચારવાની કે સક્રિય કરવાની કોઈ ફરજ જ નથી. શિબિર આદિ દ્વારા બાળકોને ધર્મશ્રદ્ધાળુ બનાવવાનું યોગ્ય ન લાગતું હોય તો તેમના વિકાસ માટે બીજો કોઈ ઉપાય છે ખરો ? આજની પાઠશાળાથી જ તેમનો વિકાસ થઈ જશે ખરો ? માત્ર ખંડન કરીને બેસી રહેવું ન જોઈએ. પણ મંડનાત્મક પ્રવૃત્તિ પણ ઉપાડવી જોઈએ. નહિ તો ઘણું ખોયું છે અને હવે જે થોડું પણ રહ્યું છે, તેય ખોઈ બેસવાનું થશે. ભાવિ પ્રજાને સંસ્કાર-દાન કરવાની તેમના માતાપિતાઓને ઝાઝી પરવા નથી. અને આપણે જો એ અંગે, સક્રિય યત્ન કરીએ, તેને વખોડી નાખવાનો જ હોય તો ભાવિની પ્રજા કેટલી હદ સુધી ધર્મવિહોણી થઈ જશે એ આજની સર્જાયેલી કરુણતા ઉપરથી પણ આપણે માપવું નથી ? શું અંશતઃ માર્ગોચ્છેદમાં આપણે નિમિત્ત બનવું છે ?

મુદ્દો ૧૪ મો : સાધુઓ માટે શાસ્ત્રમાં સંગીતનો નિષેધ છે જ્યારે આ શિબિરમાં તો એક કાર્યક્રમ નીચે મુજબ રાખવામાં આવ્યો છે.

(જુઓ 'દિવ્યદર્શન-શિબિર અંક.')

પૂજ્ય પન્યાસજી મહારાજ વિદ્યાર્થીગણને માલકોસ રાગમાં-ક્યારેક ભૈરવી યા દુર્ગા કે વાધેસર રાગમાં નવકારમંત્રની ધૂન લેવરાવતા. પછી વૈદિક રાગમાં 'ચત્તારિમંગલ'ના પદ બાદ મંદાક્રાન્તા છંદમાં 'શ્રી અરિહંતો સકલહિતદા ઉચ્ચ પુણ્યોપકારા' વાળું પદનું ગીત લેવરાવતાં.

ઉત્તર : બહારના વાતાવરણથી મનને અલિપ્ત કરી દેવામાં આવે પછી જ તે મનને વાચનાના શુદ્ધ ધર્મતત્ત્વને સ્પર્શી શકે. એ હેતુથી જ વીતરાગ ભક્તિથી ભરેલા સ્તવનો વગેરે વિદ્યાર્થીઓ પાસે ઝીલાવવામાં આવતા હતા. એકાદ સ્તોત્ર કે પદ ઝીલ્યા પછી વાતાવરણમાં એવી સ્ફૂર્તિ આવી જતી કે તે પછી સૂક્ષ્મ લાગતા તત્ત્વજ્ઞાનને પણ વિદ્યાર્થીઓ પણ ખૂબ રસપૂર્વક ગ્રહણ કરતા હતા. વળી સાધુઓ શું દેરાસરમાં ચૈત્યવંદન કરતાં સ્તવનાદિ ગાતા નથી ? પ્રતિક્રમણમાં પણ મધુર કંઠે સ્તવન સજ્ઝાય બોલતા નથી ? સામુદાયિક દેવવંદનમાં કે સિદ્ધગિરિના સંઘમાં ગામેગામના મંદિરોમાં તથા તીર્થસ્થાનોમાં ચતુર્વિધ સંઘની વચ્ચમાં સ્તવનાદિ ઝીલાવતા નથી ? તો પછી શિબિરમાં બાળકોને સ્તોત્રો, કે 'ચત્તારિમંગલ' વગેરે પદો ઝીલાવાય તેમાં આટલો વિરોધ કેમ કરવામાં આવે છે તે સમજાતું નથી.

આ બધું ય મેં જાતે અચલઢની શિબિરમાં અનુભવ્યું છે. મારી તો તમને ભલામણ છે કે તમે આવા મુદ્દાઓથી જરા ય હતાશ ન થશો. તમારા મનમાં વિસંવાદ ઊભો ન થાય અને પૂર્ણ ઉત્સાહથી તમે શિબિરનું સંચાલન કરો એ માટે જ મેં ૧૪ મુદ્દાઓ ઉપર વિસ્તારથી જવાબ લખાવ્યો છે.

છેલ્લે, તમને એક વાતની યાદ આપી દઉં છું કે આ શિબિર હંમેશ કોઈપણ સમુદાયના સુવિહિત ગીતાર્થ મુનિઓની નિશ્રામાં જ યોજવામાં હિત છે. આજ સુધી શિબિર યોજનાથી બાળકોમાં જે અદ્‌ભુત ધર્મશ્રદ્ધાદિ પેદા થયા છે, તેના મૂળ કારણમાં તો મુખ્યત્વે ગીતાર્થ મુનિઓનો મૂક-જીવનોપદેશ જ બન્યો છે. અને તે સાથે તાત્ત્વિક વૈરાગ્યભરી તત્ત્વજ્ઞાનની વાચનાઓએ તથા રોજીંદી ધર્મપ્રવૃત્તિઓએ પણ બાળકોને આધ્યાત્મિક દૃષ્ટિ આપી છે, એટલે શિબિરની સફળતા માટે કોઈ પણ સમુદાયના ગીતાર્થ સુવિહિત મુનિઓની નિશ્રાની ખૂબ આવશ્યક્તા રહેશે. એ વાત ધ્યાન બહાર જવા દેવી નહિ.

આરાધનામાં સદૈવ ઉજમાળ રહો એ જ એકની એક કલ્યાણ કામના... સંપૂર્ણ)

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨,અંક-૩૮/૩૯,તા.૧૯-૬-૧૯૫૪

પૂર્વ દક્ષિણમાં પ.પૂ.આચાર્ય ભગવંતનાં પુનિત પગલાં.

નાસિકમાં યોજાયેલી તત્ત્વજ્ઞાન-પાઠશાળાની અપૂર્વ સિદ્ધિ

સિદ્ધાન્તમહોદધિ પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય ગુરુદેવશ્રી આચાર્ય ભગવંત ૧૦૦૮ શ્રી શ્રી શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજે મુંબઈમાં અનેક યુવાનોની ભાગવતી

દીક્ષાઓ, ઉપધાન-તપ, બ્રહ્મચર્યાદિ વ્રત પ્રદાન વગેરે મહાન શાસન પ્રભાવના કરી દક્ષિણના શ્રી સંઘોના અતિ આગ્રહથી દક્ષિણ તરફ લગભગ ચાલીસ મુનિવરોના સુવિશાળ પરિવાર સાથે વિહાર કર્યો.

મુંબઈ ખાતે કોટ સંઘના અત્યાગ્રહથી પ્રશાન્ત વિદ્વદ્વર્ય પૂ. પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ તથા પ્રખરવક્તા પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી મહારાજનું ચોમાસું, અને માટુંગા સંઘના આગ્રહથી માટુંગા ખાતે ધર્મ સંસ્કારની પ્રભાવના કરવામાં નિષ્ણાત પૂ. મુનિરાજશ્રી રોહિતવિજયજી મહારાજનું ચોમાસુ પૂજ્યશ્રીએ નક્કી કર્યું.

પૂર્વદક્ષિણના વિહારમાં પૂ.આચાર્યદેવેશના પુનિત પગલાં જ્યાં જ્યાં થાય છે, ત્યાં ત્યાં શ્રીસંઘો મહાન પ્રવેશ સમારંભ યોજે છે, અને તેઓશ્રીની પાસે કેઈ ભવ્ય જીવો બ્રહ્મચર્યવ્રત અને બીજા નિયમો ગ્રહણ કરે છે.

નાસિકમાં તો પ્રવેશસમારંભ માટે ભવ્ય તૈયારીઓ ચાલી હતી. નાસિકના શ્રીસંઘે આખા નગરમાં જે ભવ્ય શણગાર તથા ઠેઠ મોતીના સાથીયા અને ગીનીઓથી ગહુંલી કરવા સુધીનો સ્વાગત-મહોત્સવ કર્યો. તે તો પ્રાચીન એવા પણ નાસિક શહેરના ઇતિહાસમાં એક અદ્‌ભુત અને દુર્લભ પ્રસંગ હતો. બહારગામથી પણ શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી, શ્રી ખુશાલભાઈ ખેંગારભાઈ વગેરે અનેકાનેક ગૃહસ્થો સ્વાગતાર્થે આવેલા હતા. સૌ કોઈના ચિત્તને આ ભવ્ય સ્વાગત ચમત્કારી બન્યું હતું. સંઘના મહાન ઉલ્લાસમાં સ્થાનકવાસી ભાઈઓએ પણ ભાગ લીધો; અને રોજ સ્થાનકવાસીના વિશાળ સ્થાનકમાં પાંચ પ્રકારના પ્રમાદ ઉપર તત્ત્વભરી છણાવટ અને રોચક દૃષ્ટાન્તો સાથે કથા પ્રસંગોના મર્મના પ્રકાશભર્યા વ્યાખ્યાનો નિયમિત થવા માંડ્યા.

મે વેકેશનનું જ્ઞાનસત્ર

એમાં છોકરાઓને સ્કૂલ-કૉલેજોમાં ઉનાળાના વેકેશનનો સમય આવ્યો. પૂ. આચાર્ય પુરંદરે મુંબઈથી જ આ એક નવી વિચારણા કરી રાખી હતી કે આ વખતે વેકેશનના સમયમાં સ્કૂલ-કૉલેજના જૈનવિદ્યાર્થીઓને જૈન-સંસ્કાર તથા તત્ત્વજ્ઞાનની તાલિમ આપવી. આ માટે યોગ્ય વિદ્યાર્થીઓને અને એમના વાલીને પ્રેરણા પણ સારી આપેલી. એના પરિણામે બહારગામથી નાસિકનગરે વિદ્યાર્થીઓની ટુકડીઓ ઉતરતી આવી. મુંબઈથી લગભગ ૨૦-૨૫ વિદ્યાર્થીઓ, મુરબાડથી ૮ વિદ્યાર્થીઓ, તથા બીજા ગામોમાંથી વિદ્યાર્થીઓ આવી પહોંચ્યા હતા. આમાં પાંચ કોલેજીયન તથા બીજા મેટ્રિક-પ્રીમેટ્રિક વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો.

પૂ. આચાર્યદેવેશ આદિ મુનિમંડળના ચાલીસ ઉપર ઠાણાનો તથા વિદ્યાર્થીઓનો એક મુકામમાં સમાવેશ થાય, તેમજ વિદ્યાર્થીઓને સારો ઉત્સાહ બન્યો રહે એવું હવા-ઉજાસવાળું સુઘડ મકાનની આવશ્યકતા હિસાબે શ્રીસંઘે નાસિકની મોટી પેઠે હાઈસ્કૂલનું નવું વિશાળ મકાન એના ટ્રસ્ટી મંડળની સૌજન્યતાથી પ્રાપ્ત કર્યું. ટ્રસ્ટીઓ તરફથી મકાનમાં પહેલા-બીજા મજલા પર મોટા મોટા ૧૨ ખંડો વાપરવા અપાયેલા હતા. એમાં પૂ. મુનિવરોને પધરાવવામાં આવ્યા, તથા વિદ્યાર્થીઓએ પણ ટૂકડીઓબદ્ધ મુકામ કર્યો. રોજ વ્યાખ્યાન પણ ત્યાના વિશાળ હોલમાં શરૂ થયું.

વિદ્યાર્થીઓને દૈનિક કાર્યક્રમમાં સવારે ઉઠી પ્રતિક્રમણ કરી, ચૌદ નિયમ ધારવાના. પછી ગુરુવંદન, પ્રભુપૂજન કરીને નવકારશી-નાસ્તો કરી વ્યાખ્યાન સાંભળવાનું, ત્યારબાદ જનરલ પ્રશ્ન-વિવેચનનો પાઠ લેવાનો, પાછળથી એને તર્કશાસ્ત્રના પાઠમાં ફેરવી નાખવામાં આવ્યો હતો. ત્યારપછી બાર વાગે જમી, આરામ કરી લગભગ એક વાગે પાઠ લેવા માટે બધા વિદ્યાર્થીઓને ભેગા થઈ જવાનું. ત્યાં આચાર-અનુષ્ઠાન અને તત્ત્વ એ ત્રણ વિષયોનું જ્ઞાન અપાતું, તે લગભગ ૩-૩૦ સુધી ચાલતું. ત્યારબાદ ચા-પાણી કરી પોતપોતાના પાઠની નોંધ ઉતારવી-વાંચવી વગેરે કાર્ય રહેતું. સાંજે પ્રતિક્રમણ બાદ ધર્મકથાનું શ્રવણ અને કોકવાર નવો પાઠ લેવાનું રહેતું. વિદ્યાર્થીઓને પોતપોતાનું દૈનિક હાજરી પત્રક નોંધવાનું રહેતું. તેમાં સામાયિક કેટલા કર્યા ? નવકાર કેટલા ગણ્યા ? ગુરુવંદન કેટલા કર્યા ? ખાવાના દ્રવ્ય કેટલા ધાર્યા ? વિગય કેટલી ત્યજી ? ઉપરોક્ત દરેક વિષય પાછળ નવા માટે કેટલા કલાક અને જૂના પાછળ કેટલા કલાક કામ કર્યું ? નિદ્રા કેટલા કલાક લીધી ? ગાથા નવી કેટલી કરી ? સ્વાધ્યાય કેટલી ગાથાનો કર્યો ? વગેરે વીસેક મુદ્દાઓની નોંધ કરાતી. તેથી વિદ્યાર્થીઓને ખૂબ જ ઉલ્લાસ રહેતો.

આ બધામાં ખાસ વસ્તુ તો શું શું શીખવાનું હતું તે છે, શીખવેલા એ બધાની નોંધ કરતાં તો એક મોટો ગ્રન્થ થાય. પરંતુ એમાં મુખ્ય મુખ્ય મુદ્દા શું હતા, તે ખ્યાલમાં આવે તે માટે આની નીચે નોંધ આપવામાં આવે છે. આ નોંધ એક ગ્રન્થની અનુક્રમણિકા છે, એમ સમજી વગર વાંચ્યે મૂકી દેવાની ઉતાવળ વાંચક મહાશય નહિ કરે; પણ ખાસ લક્ષ્ય રાખીને કમમાં કમ એકવાર તો એને વાંચી જશે, એવી આશા રાખવામાં આવે છે. એનું કારણ એ છે કે જૈન દર્શનમાં વિષયોની કેટલી વિશાળતા અને ઉંડાણ છે, એનો ખ્યાલ આવશે. બીજું કેવા ક્રમે જ્ઞાનાભ્યાસ કરવો જોઈએ એનો પણ ખ્યાલ આવશે.

પાઠશાળામાં શીખવવા ધારેલા વિષયોમાંનું કેટલુંય આ નોંધમાં રહી જાય છે, તેથી આ નોંધને કોઈ પૂરી ન સમજી લે. આ તો શીખવેલાની નોંધ છે. બાકીમાં તો **તત્ત્વજ્ઞાન વિભાગમાં** આસ્રવ-બંધ-કર્મથીયરી-સંવર-નિર્જરા-મોક્ષ એ સાત તત્ત્વો રહી જાય છે. **આચાર-અનુષ્ઠાન** વિભાગમાં ધર્મયોગ્યતાના ૨૧ ગુણ, શ્રાવકના ૧૨ વ્રતનો વિસ્તાર, ભાવશ્રાવકના ક્રિયાગત અને ભાવગત લક્ષણો, સાધુના મહાવ્રતો, સમિતિ-ગુપ્તિ, જ્ઞાનાચારાદિ પંચાચાર, ભાવ સાધુના છ લક્ષણ, નિરપેક્ષ યતિધર્મ વગેરે રહે છે. અને **તર્કશાસ્ત્રમાં** સપ્તનય, સપ્તભંગી, લક્ષણશાસ્ત્ર, અભાવપદાર્થ, વ્યાપ્તિના લક્ષણનો વિસ્તાર, સાંખ્ય-બૌદ્ધ વગેરે દર્શનો તથા ગણધરવાદમાં કર્મવાદ-ભૂતવાદ-સ્વર્ગનરકવાદ-પરલોકવાદ-નિર્વાણવાદ વગેરે રહે છે.

મે વેકેશનના જ્ઞાનસત્રનું શિક્ષણ

૧. તત્ત્વજ્ઞાનમાં :

(A) જગત, છ દ્રવ્યો, સંચાલન, જગત્કર્તા કેમ નથી ? લોક-અલોક, સ્વર્ગ-પાતાળ, મધ્યલોક, અઢીદ્વિપ, પૃથ્વીગોળ કેમ નહિ ? ગુરુત્વાકર્ષણનો નિયમ ખોટો ? સૂર્યોદય લાલ કેમ ? કિનારો છોડી જતી સ્ટીમરનું દૃષ્ટાંત કેમ ખોટું ? સૂર્ય-ચંદ્રના ગ્રહણ શી રીતે ? ઋતુઓ શી રીતે ફરે ? સૂર્ય-ચન્દ્ર કેમ ફરે છે ? આધુનિક ભ્રમો, ધર્માસ્તિકાય શા માટે ? અધર્માસ્તિકાય શા માટે ? આકાશ એ દ્રવ્ય શાથી ?

(B) કાળના માન :

૭૦૫૬૦ અબજ વર્ષનું પૂર્વ... શીર્ષ પ્રેહલિકા. જઘન્ય અસંખ્યાતું સમજવા ચાર પ્યાલા :- (૧) અનવસ્થિત, (૨) શલાકા, (૩) પ્રતિશલાકા, (૪) મહાશલાકા, પલ્યોપમની સમજ, સાગરોપમ, કાળચક્ર, પુદ્ગલપરાવર્ત ૪ પ્રકારે.

(C) જીવ વિચાર :

દેહથી જુદા જીવ દ્રવ્યના સાધક પ્રમાણ, જીવનું સ્વરૂપ, ગુણ-પર્યાયો. ૧૪ પ્રકારે જીવ, જીવના ૫૬૩ ભેદ, જીવના શરીરમાન, જીવના આયુષ્ય, જીવહિંસા ત્યજવા પચ્ચક્ખાણનો મહિમા, જીવ જાણે સૂર્ય, આઠ પ્રકાશ, આઠ વાદળ, આઠ અંધારાં એથી જીવની થયેલી દુર્દશા ઉપર ચંબુજી ચપ્પણીયાવાળાનું દૃષ્ટાંત.

(D) પુદ્ગલ દ્રવ્ય :

આઠ વર્ગણા, શરીર નિષ્પત્તિ, છ પર્યાપ્તિ, ૧૦ પ્રાણ, જૈનમતે શબ્દ શું ? શ્વાસોશ્વાસ શું ? વિચારણા શું ? કર્મ શું ?

(E) આસ્રવતત્ત્વ :

ઇન્દ્રિયાદિ આસ્રવ, મિથ્યાત્વાદિ આસ્રવ.

૨. આચારમાં :

માર્ગાનુસારીના પાંત્રીસ ગુણોના ચાર વિભાગ :- (૧) દૈનિક જીવનના ૧૧, (૨) ત્યાજ્યદોષ ૮, (૩) ઉપાદેય ગુણ ૮, (૪) જીવનવિકાસને ઉપયોગી ૮. (આમાં એક પછી બીજો ગુણ ઝટ યાદ આવે એવી સંકલના હતી. દા.ત. ૧ ન્યાય-સંપન્ન વિભવ. એના પર ૨જો ઉચિતદ્રવ્ય, એના પર ૩જો ઉચિતવેષ અને ૪થો ઉચિત સંબંધ (લગ્ન), પછી ઘર માંડ્યું તેથી ૫મો ઉચિતગૃહ. ઘરમાં ૬ઠ્ઠો અજીર્ણે અભોજન. અને ૭મો કાલે સાત્મ્યવાળું ભોજન. તે પણ પેટ ભરો નહિ ! ૮મો પોષ્યપોષણ વિશેષે કરી ૯ મો માતા-પિતૃ પૂજા, ઉપરાંત ૧૦મો દીન-અતિથિ સાધુ પ્રતિપત્તિ, અને ગુણપ્રેમી તરીકે ૧૧મો જ્ઞાનવૃદ્ધ અને ચારિત્રશીલની સેવા. એમ પહેલા ગ્રુપમાં ૧૧ ગુણ. એવી રીતે ૩૫ ગુણોની સંકલના કરી શકાય. મોક્ષરુચિ, ભવદ્વેષ, અપુનર્બંધક અવસ્થા.

સમ્યક્ત્વ :-

તત્ત્વશ્રદ્ધા, સુદેવાદિ શ્રદ્ધા, સમ્યક્ત્વની કરણી. ૧૨ વ્રતનું સામાન્ય સ્વરૂપ સમ્યક્ત્વનો ૬૭ પ્રકારે વ્યવહાર.

શ્રદ્ધા-લિંગ-દૂષણ-ભૂષણ-લક્ષણ-ષટ્સ્થાન વગેરેના દરેક બોલનું વિવેચન.

૩. અનુષ્ઠાનમાં :

૧૪ નિયમની સમજ, બે પ્રતિક્રમણની વિધિની ચાવી. મંદિરવિધિ-ચૈત્યવંદન ભાષ્યના ૨૪ દ્વારોની સંકલના. ૧૦ ત્રિક. પ્રભુની પાંચ ભવ્ય અવસ્થા.

ધ્યાન ધરવાની સમજ :

વંદનના અનેક પ્રકાર. અભિગમ, સૂત્ર-પદ-પદાર્થ. નમુત્થુણં-લોગસ્સ વગેરેના ૧૨ અધિકાર. થોય-જિન વંદનીય વગેરે. કાઉસ્સગ્ગમાં ટાળવાના દોષ, કાઉગ્ગસ્સના આગાર, કાઉગ્ગસ્સમાં શ્વાસોશ્વાસનું પ્રમાણ એટલે શું ? આશાતના ત્યાગ.

ગુરુવંદન ભાષ્યના ૨૨ દ્વારની સંકલના.

વંદન-કૃતિકર્મ વગેરેના અર્થ, દૃષ્ટાંત, પાંચ સુગુરુ-કુગુરુ.

વંદન કોણ કરે ?

વંદનના અનવસર, વંદનના અવસર,

વંદનના કારણ, વંદનના ગુણ, અવંદનના દોષ.

મુહપત્તિ-અંગેના ૫૦ બોલની સુંદરસંકલના :-

દા.ત. ૧ શ્રદ્ધા : એમાં, ત્યાજ્ય છ દોષ, શ્રદ્ધાનું સ્વરૂપ, સુદેવ-સુગુરુ... એમાં છેલ્લો 'સુધર્મ' છે, તો ધર્મનું સ્વરૂપ... "જ્ઞાન..દર્શન..આદરું" એમાં છેલ્લું ચારિત્ર છે. તો ચારિત્રનું સ્વરૂપ :- "મનગુપ્તિ...આદરું એમાં મુખ્ય મનદંડ ત્યાજય. તે માટે હાસ્યાદિ ત્યાજય. કપાળે લેશ્યાભાગ, મોંઢે રસગારવાદિ ત્યાજય. વંદનમાં ટાળવાના ૩૨ દોષ, સ્થાપના, વાંદણામાં ૨૫ આવશ્યક, છ શિષ્યવચન, છ ગુરુવચન, **આ પછી શ્રાદ્ધવિધિ** ગ્રન્થના અનુસારે શ્રાવકના દિનકૃત્ય, રાત્રિકૃત્ય, પર્વ-ચોમાસી-વર્ષ અને જીવન કૃત્યો પૈકી દિનકૃત્ય, નમસ્કાર પ્રભાવ, આવશ્યક."

૪. **તર્કશાસ્ત્રમાં :-** પદાર્થ બે :- (૧) સસંબંધિક, (૨) અસંબંધિક.

સંબંધ બે :- (૧) વિષય, (૨) પ્રતિયોગી.

વિષયતા-આધારતા-પ્રતિયોગિતા.

"રજ્જુ !" એવું જ્ઞાન સર્પ વિષયક શાથી ? ઘટવિષયકજ્ઞાન **'ઘટન' : 'પૃથ્વી' 'દ્રવ્ય' 'પ્રમેય'** : એમ જુદું જુદું શાથી ? એ માટે "અવચ્છેદક".

પ્રમાણ પાંચ :- ૧. પ્રત્યક્ષ, ૨. અનુમાન, ૩. ઉપમાન, ૪. આગમ, ૫. અર્થાપત્તિ. અનુમાનમાં પંચાવયવવાક્ય. પ્રતિજ્ઞા, હેતુ. ઉદાહરણ, ઉપનય, નિગમન, વ્યાપ્તિ, અન્વયસહચાર, પક્ષ-સાધ્ય-હેતુ. આત્મવાદ. નાસ્તિકમતે પાંચે પ્રમાણથી આત્મા સિદ્ધ નથી. આસ્તિકમતે પ્રત્યક્ષ સિદ્ધ છે. અનુમાન સિદ્ધ પણ છે. આત્માને સિદ્ધ કરનારા ૨૫-૩૦ અનુમાન.

નાસિકમાં બીજો એક મહાન પ્રસંગ એ થયો કે મુંબઈની પ્રસિદ્ધ સોમચંદ લાલચંદની પેઢીવાળા લક્ષાધિપતિ શેઠ મોતીલાલ હીરાચંદે બહોળું કુટુંબ તથા વિશાળ સંપત્તિ વગેરે સંસારનો ત્યાગ કરી પૂ. આચાર્યદેવેશ પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી, **મુનિશ્રી મણિભદ્રવિજયજી** બન્યા.

માલેગામવાળા શ્રી મોતીલાલ વીરચંદે એ પ્રસંગે ખૂબ જ ઊર્મિભર્યું અભિનંદન-ભાષણ કર્યું.

● **દેલવાડા (આબુ) :** ભૌતિકવાદના પ્રચંડ ઘોડાપુરમાં તણાઈ રહેલ સ્કૂલ-કૉલેજના વિદ્યાર્થીઓમાં ગ્રીષ્માવકાશ દરમ્યાન આધ્યાત્મિક સંસ્કાર સિંચનાર્થે દાનવીર શેઠશ્રી માણેકલાલ ચુનીલાલના પ્રમુખપદે નીમાયેલ શ્રી જૈન ધાર્મિક શિક્ષણ શિબિર નિયોજન સમિતિ (મુંબઈ) દ્વારા મે માસના વેકેશનમાં એક ગ્રીષ્મ શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં ગુજરાત, સૌરાષ્ટ્ર, અને મહારાષ્ટ્ર, રાજસ્થાન એસ.એસ.સી થી એમ.એ.સુધીના ૭૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. તેઓએ નિયમિત રીતે સંપૂર્ણ શિસ્તપૂર્વક સ્વાશ્રયી જીવન સાથે નિત્ય સામાયિક, પ્રભુભક્તિ, પાંચ તિથિએ પ્રતિક્રમણ વગેરે ધર્માનુષ્ઠાનો સાથે તત્ત્વાર્થાધિગમ સૂત્ર અને જૈનદર્શનનો અભ્યાસ કર્યો હતો. અને આધુનિક કેળવણી લેવા છતાં ધર્મ શ્રદ્ધાના બીજ તેમનામાં પડેલા છે, અને જો યોગ્ય પુરુષાર્થ કરવામાં આવે તો તેનો વિકાસ જરૂર થઈ શકે તેવો અનુભવ કરાવ્યો હતો. આ શિબિરની એક વિશિષ્ટતા એ હતી કે દૈનિક તેમજ બીજા બધા કાર્યક્રમોમાં સંગીત અને કથા એવી સુંદર રીતે ગૂંથી લેવામાં આવ્યા હતા કે જેથી વિદ્યાર્થીઓ દરેક કાર્યક્રમમાં ખૂબ આનંદ અને ઉત્સાહપૂર્વક લાભ લેતા હતા.

પૂ.આચાર્યદેવશ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ**ના પ્રશિષ્ય પૂ. **મુનિશ્રી ગુણાનંદવિજયજી,** તથા મદ્રાસની જૈન મિશન સોસાયટીના પ્રાણસમા **સ્વામીજી રૂષભદાસજી જૈન,** પં. **શ્રી કુંવરજીભાઈ,** મુંબઈના **શ્રી ચીમનલાલ પાલીતાણાકર, કડીના શ્રી દલપતભાઈ** વગેરે શિક્ષકોએ અધ્યાપનકાર્ય સંભાળ્યું હતું. શિબિરનું સંચાલન મુંબઈના શ્રી કેશવલાલ મો. શાહ, કાંતિલાલ ઉ. શાહ તથા બોરડીના શ્રી ઈંદુલાલ ગો. શાહે, કર્યું હતું. આ ઉપરાંત પૂ.આ.**શ્રી લાવણ્યસૂરીશ્વરજી,** શ્રી ફતેચંદ ઝવેરચંદ શાહ, અમદાવાદના પં. શ્રી. શાંતિલાલ કેશવલાલ, ઉંઝાના શ્રી પૂનમચંદ વાડીલાલ, સીરોહી પાઠશાળાના શિક્ષક શ્રી ખૂબચંદ કેશવલાલ, બ્યાવરવાળા શ્રી શૌરીલાલ નાહર, કડીના શ્રી બાબુલાલ ગીરધરલાલ, મદ્રાસના શ્રી લાલચંદજી ઢઢ્ઢા, મહેસાણા પાઠશાળાના મંત્રી શ્રી ચીમનલાલ વકીલ તથા અન્ય વિદ્વાનોએ આ પ્રસંગે ખાસ પધારી પોતાના જ્ઞાન તથા અનુભવોનો લાભ આપ્યો હતો.

શિબિરની પૂર્ણાહૂતિ : સમારંભ તા. ૨૮-૫-૬૨ ના રોજ રાજસ્થાનના માનનીય રાજ્યપાલ **ડૉ. સંપૂર્ણાનંદ એમ.એ.પી.એચ.ડી.**ના હસ્તે ઉજવાયો. શ્રી રૂષભદાસ જૈને પોતાના આવકાર નિવેદનમાં ભારત સ્વતંત્ર થયા બાદ પોતાની

પ્રાચીન આધ્યાત્મિક સંસ્કૃતિના પુનરુત્થાન કરવા માટે અનુરોધ કર્યો હતો અને આવી આધ્યાત્મિક શિબિરોનું મહત્ત્વ સમજાવ્યું હતું. વિદ્યાર્થીઓ વતી તેમના મંત્રી શ્રી **સાગર જૈને** આવી શિબિરથી વિદ્યાર્થીઓમાં જાગૃત થયેલી આધ્યાત્મિક જ્યોતિ વિષે ખ્યાલ આપ્યો હતો. પૂ.મુ. શ્રી **ગુણાનંદવિજયજીએ** પોતાના માંગલિક પ્રવચનમાં વિષય કષાયનો આવેગ છોડવો, તત્ત્વની શ્રદ્ધા પ્રાપ્ત કરવી, ગુણીજનો પ્રતિ આદર કરવો, આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું, સદાચારમય જીવન બનાવવું વગેરે આત્મવિકાસના માર્ગો સમજાવ્યા હતા તથા દરેક મનુષ્યે પોતાના આત્માના ગવર્નર થઈ સંપૂર્ણાનંદ પ્રાપ્ત કરવાનો અનુરોધ કર્યો હતો, ત્યારબાદ વક્તૃત્વ નિબંધ, તત્ત્વાર્થ સૂત્ર, જૈનદર્શન, ચારિત્ર ઘડતર વગેરે દૃષ્ટિથી લેવાયેલી પરીક્ષાઓનાં રૂા. ૫૦૦/- જેટલા રોકડ ઈનામો રાજ્યપાલજીના હસ્તે વહેંચવામાં આવ્યા. અતિથિવિશેષ ડૉ. સંપૂર્ણાનંદે આધ્યાત્મિકતાના અભાવથી વર્તમાન વિજ્ઞાનની આશ્ચર્યજનક ઉન્નતિ હોવા છતાં થઈ રહેલા વિનાશનું કારણ સમજાવ્યું હતું. તેઓશ્રીએ કહ્યું હતું કે **"ધર્મ વિના બીજુ બધું જ નકામું છે.** અર્થ અને કામમાં પણ ધર્મબુદ્ધિની જ જરૂર પડવાની. **દેલવાડાની આ શિબિરમાં** વિદ્યાર્થીઓમાં જે ધર્મબીજ વાવવાનો પ્રયત્ન થયો તેનો વિકાસ આ વિદ્યાર્થીઓ જરૂર કરશે અને સમાજને તેનો લાભ આપશે." અંતમાં ભૌતિકવાદના આ ભીષણ કાળમાં આધ્યાત્મિક સંસ્કાર સિંચન માટે આવા સ્તુત્ય પ્રયાસ માટે શિબિરના સંચાલકો અને વિદ્યાર્થીઓને તેઓએ ધન્યવાદ આપ્યા હતા.

સમિતિ તરફથી વિદ્યાર્થીઓને મારવાડની નાની તથા મોટી પંચતિર્થિઓની યાત્રા કરાવવામાં આવી હતી.

"દિવ્ય-દર્શન" - "શિબિર" વર્ષ-૧૧,અંક-૨૫,તા.૨૩-૩-૧૯૬૩

ગયે વર્ષે શ્રી જૈન ધાર્મિક શિક્ષણ ગ્રીષ્મ શિબિર ઉપક્રમે આબુ ખાતે એક માસની શિબિર યોજવામાં આવી હતી. તેમાં સારા સારા વિદ્વાનો અને ચારિત્રશીલ વ્યક્તિઓને આમંત્રણ અપાયાં હતાં અને ખૂબ જ સફળતા સાંપડી હતી.

આ વર્ષે પણ આવી એક શિબિર તા. ૧-૫-૬૩ થી ૩૦-૫-૬૩ સુધી **અચળગઢ (માઉન્ટ આબુ) કે બોરડીમાં** યોજવામાં આવનાર છે. તેનું અધ્યાપન કાર્ય **પં. શ્રી ભાનુવિજયજી ગણિવર્ય**ના સાનિધ્યમાં થશે.

મેટ્રીક અથવા કૉલેજના વિદ્યાર્થીઓને જ આ શિબિરમાં દાખલ કરવામાં

આવશે. જેમણે દાખલ થવું હોય તેમણે મે. હીંમતલાલ વનેચંદ ૪૫, ધનજી સ્ટ્રીટ મુંબઈ-૩ એ સરનામે ૨૦ પૈસાના પોસ્ટ સ્ટેમ્પ મોકલી પ્રવેશપત્ર તથા નિયમાવલિ મંગાવી લેવી. પ્રવેશપત્ર તા. ૧૫-૪-૬૩ સુધી સ્વીકારવામાં આવશે.

શિબિરમાં આવનાર વિદ્યાર્થીઓને રહેવા જમવાની સગવડ આપવામાં આવશે. પણ વાહન વિ. અને પરચુરણ ખર્ચ વિદ્યાર્થીએ પોતે ભોગવવાનો રહેશે.

ઉગતી પેઢીમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન અને ચારિત્ર્યનું ઘડતર કરવામાં આવી શિબિરો ખૂબ જ ઉપયોગી છે. પાઠશાળામાં બાળકો માત્ર પાઠો મોઢે કરે છે અને તેના અર્થો સમજવાનો પ્રયાસ કરે છે; પરંતુ પછીથી તેઓને એ સંબંધી વિચારવાનો અવકાશ રહેતો નથી. કારણ કે મોટે ભાગે બાળકોનું વિશેષ ધ્યાન વ્યાવહારિક કેળવણી જ દરેક રીતે ગણનામાં લેવાની હોઈ, તેમ કરે તે અયોગ્ય તો નથી જ, પણ આવી શિબિરોમાં બાળકોની બધી પ્રવૃત્તિઓ જ્ઞાન ધ્યાન અને ક્રિયામાં જ કેન્દ્રિત થતી હોઈ, ધાર્મિક જ્ઞાન અને અનુભવનો વિકાસ થાય છે. વળી તેમાં દોરવણી આપનાર પણ હાજર જ હોય છે; એટલે શંકા કુશંકામાં લાબો વખત ઝોલાં ખાવાં પડતાં નથી પણ તરત જ ખુલાસો કરી શકાય છે જેથી વિચારો દૃઢ થાય છે.

આજે આપણો યુવાન વર્ગ ધર્મથી દૂર જતો જાય છે એવી સામાન્ય ફરિયાદ દરેક સંપ્રદાયમાં છે. અને મેટ્રીકમાં હોય કે કૉલેજમાં જવાની તૈયારીમાં આવે એ સમયમાં જ તે ધર્મથી દૂર જતો હોય છે, કારણ કે એ વય-કિશોરાવસ્થા અને યુવાવસ્થા વચ્ચેની વય હોય છે. એ વયમાં યુવાનીનો થનગનાટ અને નવું વાંચવા વિચારવાની ઉત્કંઠા થાય છે. સાથે સાથે જુની વાતો અને નવા વિચારો વચ્ચે ઘર્ષણ ઉપસ્થિત થાય છે, આવા વખતે જો તેને યોગ્ય દોરવણી ન મળે તો ધર્મને અને નીતિને 'અર્થહીન' કે 'રૂઢીચૂસ્ત' ગણવા પ્રેરાય છે. તેવી જ રીતે જો આ વયે તેનું સાચું માર્ગદર્શન મળે, વૈજ્ઞાનિક આધારો સહિત ધર્મની અગત્ય સમજાવવામાં આવે અને ક્રિયા પ્રત્યેની અભિરૂચિ જાગૃત કરવામાં આવે તો તે જ વિદ્યાર્થી સદાચારી વિચારવંત અને ધર્મ તથા સમાજને ઉપયોગી થવાની વૃત્તિવાળો બને છે. એટલે આ શિબિરના યોજકોએ જે મેટ્રીક અથવા કૉલેજના વિદ્યાર્થીઓને લેવાનું વિચાર્યું છે તે તદ્દન યોગ્ય છે.

આવી શિબિરોની ઉપયોગિતા પ્રત્યે આમસમુદાયનું પૂરેપૂરું ધ્યાન ખેંચાયું જણાતું નથી. કદાચ તેના કારણમાં પ્રચારનું અલ્પપણું હોઈ શકે છે.

માત્ર શિબિરમાં જોઈતા વિદ્યાર્થીઓ નોંધાઈ જાય, એટલે બસ એમ જ

માનવું જોઈએ. પરંતુ આવી શિબિર પ્રત્યે સમગ્ર જૈન સમાજનું ધ્યાન દોરાય અને બીજાઓને પણ આ પ્રમાણે શિબિરો યોજવાની પ્રેરણા મળે અને આવી અનેક શિબિરો યોજાય એમ થવું જોઈએ.

સમિતિએ યોજેલ આ શિબિર સંપૂર્ણ સફળ નીવડે એમ ઇચ્છીએ છીએ.

(મુંબઈ સમાચાર તા. ૯-૩-૬૩ માંથી સાભાર)

● **દેલવાડા (આબુ) :** મુંબઈના દાનવીર શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલના પ્રમુખપદે સ્થપાયેલ જૈન ધાર્મિક શિક્ષણ ગ્રીષ્મ શિબિર સમિતિના ઉત્સાહી કાર્યકરો ભાઈશ્રી કેશવલાલ મોહનલાલ બી.એ.શ્રી હિંમતલાલ વનેચંદ, શ્રી કાન્તિલાલ ઉજમશીભાઈ, વગેરેની મહેનતથી આ વર્ષે પણ અત્રે વિદ્યાર્થી શ્રી જૈન ધાર્મિક શિક્ષિણ શિબિર યોજવામાં આવી છે. લગભગ સો વિદ્યાર્થીઓ આવેલા છે. જેમાં ખાસ કરીને મેટ્રીક, કોલેજીયન તથા બી.એ., એમ.એ., એલ.એલ.બી.ના વિદ્યાર્થીઓ પણ છે. પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી પંન્યાસજી શ્રી ભાનુવિજયજી મ. સાહેબ અધ્યાપન કરાવે છે.

સવારે સામાયિકમાં નમસ્કાર મંગળ, ચત્તારિ મંગળ વગેરેનું માલકોશ તથા વૈદિક ઉચ્ચારણ, શુદ્ધ પદચ્છેદ સાથે સૂત્રોચ્ચારણ, અને અર્થ તથા રહસ્યની સમજ, તેમજ પછી તત્ત્વજ્ઞાન અને મોક્ષ માર્ગની તલસ્પર્શી સમજ અપાય છે. બપોરે યોગ અને આચારના બે વિષય ઊંડાણથી સમજાવાય છે. સાથે ભરપૂર દૃષ્ટાન્તો મનોવિજ્ઞાનની પદ્ધતિઓ, દેવદર્શનાદિ ક્રિયાઓમાં એકાગ્રતા, ધ્યાન અને યોગ કેમ આવે તે, તેમજ જીવન-ઉત્થાનની પ્રેરક અદ્‌ભુત વસ્તુઓ, રચનાત્મક પદ્ધતિઓ અને જૈન સિદ્ધાન્તોનું રસમય વિવેચન આપી સંસ્કરણ તરફ વિશેષ લક્ષ અપાય છે. પ્રાચીન ભવ્ય સ્તવન-સજ્ઝાયોને અર્થ સમજ સાથે વિવિધ રાગમાં બોલવાની પદ્ધતિ શીખવાય છે. ભાઈશ્રી કેશવલાલ કથા દ્વારા રોજ સાંજના ભવ્ય પ્રેરણા આપે છે. આ બધા સાથે રોજ પૂજા ભાવના વગેરે ચાલે છે. સવારના સાડા પાંચ વાગ્યાથી રાતના સાડા નવ સુધીના ભરચક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ મસ્ત રહે છે. નવી કેળવાયેલી પ્રજાને ધાર્મિક શિક્ષણ-સંસ્કરણ આપવાનો સુંદર પ્રયોગ ચાલી રહ્યો છે. આના બહોળા ખર્ચમાં દાનવીર શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલનો ભવ્ય ફાળો મુખ્યપણે નોંધપાત્ર અને અનુમોદનીય છે.

● **દેલવાડા : માઉન્ટ આબુ** કોલેજિયન છોકરાઓની એક આધ્યાત્મિક શિબિર વિદ્વદ્વર્ય પૂ. પંન્યાસજી મહારાજ **શ્રી ભાનુવિજયજી** મહારાજની નિશ્રા નીચે અને સુશ્રાવક કેશુભાઈની દેખરેખ નીચે તા. ૧-૫-૬૩ થી શરૂ થઈ છે, જેમાં બુદ્ધિશાળી એવા ૧૨૫ છોકરાઓ ધાર્મિક શિક્ષણની તાલીમ લઈ રહ્યા છે. જેમાં ધાર્મિક શિક્ષણની આવશ્યકતા, અતીન્દ્રિય પદાર્થોની સિદ્ધિ અને મહામાંગલિક એવા પ્રતિક્રમણનાં સૂત્રોની ખૂબીઓ, પ્રશ્નોત્તરીનાં સમાધાનો વગેરે વિષયો પૂ. વિદ્વાન પંન્યાસજી મહારાજ સંસારીપણામાં ગ્રેજ્યુએટ થયેલાં છે, તેમ જ સમર્થ વિદ્વાન અને ઉગ્રતપસ્વી છે, તેઓશ્રીને **વર્ધમાન તપની ૮૭મી ઓળી ચાલી** રહી હતી, જેનું પારણું તા. ૧૭-૫-૧૯૬૭ ને દિવસ આવતાં છોકરાઓમાં એક એવી પ્રબળ ભાવના થઈ કે પૂજ્ય પંન્યાસજીને આપણે હાથે જ આ સુપાત્રદાન આપીએ. ઉપરોક્ત વિચારની સાથે એક એવો સુંદર વિચાર આવ્યો કે આપણે સામાયિક બોલાવીએ અને જે છોકરાં જેટલા સામાયિક બોલે તેટલાં તેને કરવાનાં, ટૂંકમાં આપણે ત્યાં જે પ્રથા છે કે વધારેમાં વધારે ચઢાવો બોલે તેને બોલી અપાય છે, અને વચમાં બોલેલા ભાઈઓને દ્રવ્યાદિ આપવાનું રહેતું નથી પણ ઉક્ત શિબિરમાં એવો નિર્ણય લેવામાં આવ્યો કે **જે છોકરાં જેટલાં સામાયિક બોલે તેણે તેટલાં સામાયિક કરવાં.** સારાંશમાં ચડાવો વધતા વધતા યાવત્ ૧ લાખને પાંચ હજાર સુધી પહોંચ્યો, આ ચઢાવામાં સાથે સાથે એ પણ નિર્ણય લેવામાં આવ્યો હતો કે જે ભાઈ જેટલાં સામાયિક કરાવે તે પણ ભેગા ગણવા. તેમાં ત્રણે વિદ્યાર્થીઓ મુખ્ય મુખ્ય ચઢાવો બોલનારા વિદ્યાર્થીઓના નામો નીચે મુજબ છે.

(૧) શાહ સુરેશકુમાર જયંતીલાલ ચોગઠવાળા (૨) રાજેન્દ્રકુમાર કલ્યાણભાઈ (૩) મુકેશકુમાર નવિનચંદ્ર એક લાખ પાંચ હજાર સામાયિક બોલ્યા હતા. અને (૪) બીપીનચંદ્ર મોહનલાલ ૫૧ હજાર (૫) નટવરલાલ જે. ભટ્ટ ૩૦ હજાર (૬) ધનેશ મોહનલાલ ૪૫ હજાર સામાયિક બોલ્યા હતા.

આ ઉપરથી એ નિશ્ચિત થાય છે કે પૂજ્ય પંન્યાસજી મહારાજે વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિકતાનો પ્રવાહ અજબ-ગજબનો વહેવડાવ્યો છે. અને પુણ્યવાન એવા વિદ્યાર્થીઓએ એ પ્રવાહમાં સ્નાન કરી પોતાના કર્મમળને ધોયો છે.

વિશેષમાં પારણાના સમયે પૂ. પંન્યાસજી મહારાજે વિદ્યાર્થીઓના અપ્રતિમ સ્નેહ અને વિનંતીથી વહોરવા માટે પધાર્યા હતા. તે વખતે વહોરતાં પહેલાં ઘણા

વિદ્યાર્થીઓએ તેઓશ્રીના ઉપદેશથી રાત્રિભોજન ત્યાગ; નિત્ય બાંધી નવકારવાળી ગણવી, પૂજા, દર્શન, વર્ષોનું બ્રહ્મચર્ય, પરસ્ત્રીનો ત્યાગ, વ્યસનોનો ત્યાગ, ચારિત્ર અંગે અમુક વસ્તુનો ત્યાગ વગેરે જુદા જુદા અભિગ્રહો કર્યા હતા.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૧૧,અંક-૩૫,તા.૮-૬-૧૯૬૩

શિક્ષણ-સંસ્કરણનો ભવ્ય પ્રયોગ

ધાર્મિક શિક્ષણ ગ્રીષ્મ-શિબિરનો પ્રેરણાદાયી રોચક વૃત્તાન્ત.

શિબિરનું ઉત્થાન :

દાનવીર શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલની ઉદાર સખાવત અને પ્રાણપૂરક પ્રમુખપદથી અલંકૃત શ્રી ધાર્મિક શિક્ષણ ગ્રીષ્મ-શિબિર સમિતિના મંત્રી ભાઈશ્રી કેશવલાલ મોહનલાલે બેડાવાળા શ્રી હિંમતભાઈ તથા પાલણપુરવાળા શ્રી કાંતિલાલ ઉજમલાલના સહકાર સાથે ખાસ કરીને કૉલેજિયન વિદ્યાર્થીઓમાં ધાર્મિક અને આધ્યાત્મિક શિક્ષણ તથા સંસ્કરણના ઊંડા પાયા નંખાય એ માટે ઉનાળાની રજાઓમાં શિબિર ભરવાના મંગળ આયોજનનો પ્રારંભ ઠેઠ ડિસેમ્બર માસથી કરી દીધો; તથા પરમપૂજ્ય સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના આશીર્વાદ અને એઓશ્રીના શિષ્ય પૂ.પં. શ્રી ભાનુવિજયજી ગણીના માર્ગદર્શન અનુસાર કાર્યવાહી કરવા માંડી. યોગ્ય સમયે વૃત્તાંત પત્રોમાં આ ગ્રીષ્મશિબિરનું નિવેદન અને નિમંત્રણ પ્રગટ કરવામાં આવ્યા, તથા શિબિરમાં જોડાવા ઇચ્છનાર વિદ્યાર્થીઓને ભરી મોકલવાના પ્રવેશપત્રો ચારે બાજુ મોકલવામાં આવ્યા.

વિદ્યાર્થીઓનું આગમન :

ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, રાજસ્થાન, માળવા, મેવાડ વગેરેમાંથી પ્રવેશપત્રો ભરાઈ ભરાઈને આવવા લાગ્યા. દોઢસો ઉપરાંત આવેલા પ્રવેશપત્રોમાંથી સો એક પ્રવેશપત્રો પાસ કરવામાં આવેલા અને સંમતિ પત્રો પાઠવાઈ ગયા. છતાં પાછળથી વધુ લાભની દૃષ્ટિએ બીજા પણ વિદ્યાર્થીઓને સંમતિ અપાતાં કુલ ૧૩૨ વિદ્યાર્થીઓએ શિબિરમાં ભાગ લીધો.

આ શિબિરમાં અધ્યયન-સંસ્કરણનો ભાર સમિતિની બબ્બે વરસની આગ્રહભરી વિનંતીને માન આપી પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની આજ્ઞાનુસાર પંન્યાસજી ભાનુવિજયજી મહારાજના શિર પર રાખવામાં આવ્યો હતો. એઓશ્રીને મુંબઈ જવાની યા મારવાડ રોકાવાની સંભાવનાના હિસાબે

શિબિરનું સ્થળ બોરડી અથવા આબુ જાહેર કરવામાં આવ્યું હતું. પરંતુ મુંબઈ જવાનો કાર્યક્રમ રદ થતાં આબુનું સ્થળ નક્કી કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ પોતાના બિસ્તર, કપડાં, થાળી વાટકો, લોટો, સામાયિક-પૂજાનાં વસ્ત્ર વગેરે સામગ્રી સાથે તા. ૩૦ એપ્રિલે આબુ દેલવાડા, શ્રી વલ્લભવિજયજી લાયબ્રેરીના મકાનમાં ઉપસ્થિત થઈ ગયા. દેલવાડા જૈન ટેમ્પલ ટ્રસ્ટના ટ્રસ્ટી સાહેબો વકીલ શ્રી પુખરાજજી સિંધી વગેરેએ શિબિર માટે લાયબ્રેરીનું વિશાળ મકાન વાપરવા આપવાની ઉદારતા દાખવી હતી.

અચલગઢના નોંધપાત્ર મૅનેજર :

દેલવાડા ધર્મશાળા ખાતામાંથી વાસણો તથા ગાદલાની સગવડ ઉપરાંત અચલગઢ મંદિરના મૅનેજર શ્રી ભગવતીલાલજીએ અનેક પ્રકારની સગવડો કરી આપી હતી. એમણે તો અચલગઢ ઉપર જ શિબિર સંચાલન કરવા ભારે આગ્રહ કર્યો હતો અને બધી વાતની સગવડ કરી આપવાની ખાતરી આપી હતી, પરંતુ વિદ્યાર્થીઓને દેલવાડાનું લખાઈ ગયેલું તથા ઘણી પૂર્વ તૈયારીઓ દેલવાડા લાયબ્રેરીમાં થઈ ગયેલી તેથી અચલગઢનું રાખી શકાયું નહીં. શ્રી ભગવતીલાલજીને સેવાનો તથા આધુનિક પદ્ધતિએ અપાતા તત્ત્વજ્ઞાન અને યોગ-આચારાદિના શિક્ષણ-સંસ્કરણ સંબંધી શ્રવણનો લાભ ન મળી શકવા બદલ ભારે દુઃખ થયું હતું. એમણે પોતે મેવાડમાં નાયબ કલેક્ટરના હોદ્દાની યશસ્વી કારકિર્દી દરમિયાન શ્રી શ્વે.મૂ. જૈન સંઘની સેવાના ઘણાં કાર્યો કર્યા હતાં અને હાલ પેન્શન પર હોઈ સંઘસેવાની ધગશથી અચલગઢ જૈન કારખાનામાં મૅનેજર તરીકે સુંદર સેવા આપી રહ્યા છે. મંદિર સફાઈ, ભોજનશાળા પૂજા વહીવટ એકાઉન્ટસ, યાંત્રિક સગવડો, વગેરેને સુંદર નવું સ્વરૂપ એમણે આપ્યું છે.

મંગળ પ્રારંભ :

અહીં દેલવાડા લાયબ્રેરી હોલમાં તા. ૧ લી મેથી અધ્યયનનું કાર્ય શરૂ થઈ ગયું. વિદ્યાર્થીઓમાં મોટાભાગે બી.એ., બી.એસ.સી., એમ.એ., એલ.એલ.બી. સુધીના કોલેજિયન વિદ્યાર્થીઓ, એમાં કેટલાક જૈનેતર કૉલેજિયનો, તથા મેટ્રિકના હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ હતા. બાકી થોડા નીચેના ધોરણના વિદ્યાર્થીઓ હતા, ઉપરાંત કેટલાક પ્રૌઢો તથા પાઠશાળા શિક્ષક પણ અધ્યાપન કઈ વિશિષ્ટ પદ્ધતિથી કરાવવામાં આવે છે તેનો અભ્યાસ કરવા ઉપસ્થિત થયા હતા. તા. ૧-૫-'૬૩ ના પ્રભાતે સમૂહ-સામાયિક, ૧૦૮ નવકારમંત્ર જાપ, પૂ. પં. મહારાજશ્રીની દોરવણી મુજબ માલકોશ રાગમાં નવકારમંત્રનું તથા વૈદિક રાગમાં ચત્તારિ મંગલં...નું

સમૂહગાન, તથા પૂ. પંન્યાસશ્રીનું પ્રારંભિક પ્રવચન,... આનાથી શિબિરની મંગળ કાર્યવાહી શરૂ થઈ.

શિબિરનો દૈનિક કાર્યક્રમ નીચે મુજબ રહેતો.

સવારે ૫-૦ વાગે જાગરણ

૫-૩૦ થી ૭-૩૦ સામાયિક, ૧૦૮ નવકાર જાપ, નમસ્કાર મંત્ર-ચત્તારિ મંગલં...નું સમૂહ-ગાન, નવકારસૂત્રથી સમૂહ ઉચ્ચારણ તથા અર્થ-ભાવાર્થ-રહસ્યની સમજ, તત્ત્વજ્ઞાન.

૭-૩૦ થી ૯-૦૦ દેવદર્શન, નવકારશી.

૯-૦૦ થી ૧૦-૩૦ મોક્ષમાર્ગ, પ્રશ્નોત્તરી, પ્રાસંગિક કથા દૃષ્ટાંત વિશિષ્ટ રાગમાં પ્રાચીન સ્તવન ગાન.

૧૦-૩૦ થી ૧૨-૩૦ સ્નાન-પૂજા સમૂહ ચૈત્યવંદન.

૧૨-૩૦ થી ૧-૩૦ ભોજન

૧-૩૦ થી ૨-૩૦ અવકાશ

૨-૩૦ થી ૩-૧૫ મનોવિજ્ઞાન

૩-૧૫ થી ૫-૩૦ યોગ અને આચાર તથા સૂત્રપાઠ, ભાષણ, સ્તવન, સંગીત વગેરે.

૫-૩૦ થી ૬-૩૦ ભોજન

૬-૩૦ થી ૭-૩૦ અવકાશ

૭-૩૦ થી ૮-૩૦ પ્રાર્થના તથા વિદ્યાર્થીનું સ્વપરિચય-ભાષણ.

૮-૩૦ થી ૯-૩૦ મંદિરમાં ભાવના.

૯-૩૦ થી ૧૦-૩૦ દૈનિક પાઠ-અભ્યાસ.

શિક્ષણના મુખ્ય વિષયો :

શિબિરના અગ્રગણ્ય વિદ્યાર્થી લખે છે કે 'અમે એને જરૂર અમારો મહા ભાગ્યોદય માનીશું કે અમને અધ્યયન કરાવનાર વિદ્વદ્વર્ય પરમપૂજ્ય પં. શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબ હતા. એમણે મુખ્યત્વે નીચે મુજબનો જ્ઞાનાભ્યાસ કરાવ્યો હતો. જૈન તત્ત્વદર્શન, મોક્ષમાર્ગ, યોગ અને ધ્યાન, આચાર-અનુષ્ઠાન, વિદ્યાર્થીઓના અનેક વિષયના પ્રશ્નોનાં સમાધાન, પ્રભાવક પુરુષોનાં તથા બીજા બોધક કથા પ્રસંગો અને તેમાં રહેલ તાર્કિક રહસ્યો મનોવિજ્ઞાનના તલસ્પર્શી ભાવ, દેવદર્શનાદિ આવશ્યક ક્રિયાઓનું મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી તચ્ચિત્ત-તન્મન-તલ્લેશ્ય

આરાધન કેવી રીતે થાય તે,... વગેરે ટૂંકમાં ધાર્મિક આધ્યાત્મિક આદર્શ જૈન જીવન જીવવામાં ઉપયોગી સુંદર શિક્ષણ આપવામાં આવ્યું હતું.'

શિક્ષણ વિદ્યાર્થીઓના જીવનમાં કુસંસ્કાર ટાળી સુ-સંસ્કાર નાખે એ તરફ વિશેષ ઝોક રહેતો. એ માટે શિક્ષણના વિષયોને જીવન-સ્પર્શીરૂપે અને રોચક સચોટ પ્રાચીન-અર્વાચીન કથા દૃષ્ટાંતો તથા યુક્તિ દ્વારા શીખવવામાં આવતા.

શિબિરનું સંચાલન :

શિબિર અંગે અનાજ વગેરેની વ્યવસ્થા સેવાભાવી ભાઈશ્રી લખમશીભાઈએ અગાઉથી આવી કરેલી; તથા આખીય શિબિર દરમિયાન મંત્રી શ્રી કેસુભાઈની સાથે એમના સુપુત્ર બાબાભાઈ, શ્રી હર્ષદભાઈ નવીનચંદ્ર, સાંતાક્રુઝના ધર્મનિષ્ઠ આગેવાન શ્રી મણિકાકા, જોધપુરના લક્ષ્મણભાઈ, વગેરેએ માનદ સેવા બજાવી હતી. બાકી વિદ્યાર્થીગણમાંથી સર્વાનુમતે ચૂંટાયેલ (૧) પ્રમુખ શ્રી ભટ્ટ, (૨) જનરલ સેક્રેટરી શ્રી ધીરજલાલ ડી. (૩) સહમંત્રી શ્રી પ્રવીણચંદ્ર સી. શાહ, (૪-૫) રસોડા મંત્રીઓ, અને ૧૧ વિદ્યાર્થી-ટુકડી પ્રતિનિધિઓએ પણ શિબિરના સફળ સંચાલનમાં સુંદર ફાળો આપ્યો હતો.

પ્રમુખને પ્રતિનિધિઓ વગેરે ઉપર દેખરેખ શિબિર-વ્યવસ્થાનું આયોજન, વિદ્યાર્થીઓની ફરિયાદોનો નિકાલ, બીમારની માવજત વ્યવસ્થા, ગુનાના ફેંસલા, સગવડ-અગવડ વગેરે બાબતો સાંભળવાની રહેતી. મંત્રી-સહમંત્રીને દૈનિક કાર્યવાહીની વ્યવસ્થા, નિયમિત હાજરી, વર્ગસમયની વ્યવસ્થા, રીપોર્ટની નોંધ, વિદ્યાર્થીઓના સૂચનો પર ધ્યાન, ગુમ થયેલ જડી આવેલ વસ્તુ પર લક્ષ, ટપાલની વહેંચણી વગેરે સંભાળવાનું રહેતું. ટૂકડી પ્રતિનિધિઓ પોતાના ગ્રુપની જવાબદારી સંભાળતા, વારા પ્રમાણે ગ્રુપ સાથે પીરસવા હાજર રહેતા, અને પ્રમુખ તથા મંત્રીઓના સૂચનોનો અમલ કરાવતા. આ રીતે 'ઝાઝા હાથ રળિયામણા.' એ ન્યાયે વિભાગીકરણ દ્વારા પોતપોતાની જવાબદારી ઉઠાવી સંપ સહકાર અને સેવાભાવથી શિબિરનું સફળ સંચાલન થયું હતું.

શિબિર દરમિયાન વિશિષ્ટતાઓ :

(૧) વિદ્યાર્થીઓ રોજ ૨ સામાયિક, નવકારશી, તિવિહાર, ત્રિકાળ દેવદર્શન, જિનપૂજન, કલાકો સુધી શ્રુતસ્વાધ્યાય, શિક્ષણ વખતે અવર-નવર પ્રાસંગિક ઉપદેશ પર વ્રતનિયમો, (કેટલાકોના રોજ પોષધ, ૫-૭ સામાયિક વર્ધમાન તપ પાયો, પાંચ તિથિ પ્રતિક્રમણ તથા તપસ્યા)

(૧) વૈશાખ સુદ ૧૦ શ્રી મહાવીર પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણક પ્રસંગે

સાંજના પ્રતિક્રમણ રખાયું. આદેશની ઉછામણીઓમાં સેંકડો સામાયિક બોલી વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહ દેખાડ્યો. શિબિરનો પ્રારંભ છતાં ભાઈશ્રી મુકેશે (ઉં. વર્ષ ૧૩) તથા શ્રી રાજેન્દ્ર કલ્યાણભાઈએ ૨૦૦-૩૦૦ સામાયિકથી આદેશ લીધા. પૂ. પંન્યાસજી મહારાજે ધન્ના અણગારની ૫ ઢાળની સજ્ઝાયનું વિવિધ રાગ-રાગીણીમાં હૃદયદ્રાવક શ્રવણ કરાવ્યું.

(૨) તા. ૪-૫-'૬૩ વડોદરાવાળા શ્રી સુંદરલાલ સી. કાપડિયા, એમ.એ.નું રોચક ભાષણ થયું.

(૩) તા. ૫, આજે રવિવાર હોવાથી વિશિષ્ટ રાગ-રાગિણીમાં વિમળ વસહીમાં સ્નાત્ર મહોત્સવ ઉજવાયો. વિદ્યાર્થીઓને પકવાન્નનું જમણ અપાયું.

(૪) તા. ૬, આજે મદ્રાસના ભૂતપૂર્વ પ્રાંતીય કોંગ્રેસ સમિતિના પ્રમુખ તથા જૈન સંઘના પ્રમુખ કાર્યકર, વિદ્વત્તાપૂર્ણ પ્રવચનકાર અને ચિંતક શ્રી ઋષભદાસજી સ્વામીએ પૌર્વાત્ય તત્ત્વવિજ્ઞાનથી પાશ્ચાત્ય ફિલોસોફી કરતાં કંઈગુણી વિશેષતા, સર્વ દર્શનોમાં જૈન દર્શનની સર્વોપરિતા, પ્રકૃતિનું મહા સાયન્સ અને એના અકાટ્ય નિયમો, જૈનેતર વિદ્વાનોની જૈન શાસનને અંજલિ તથા વિશિષ્ટ અભિપ્રાયો વગેરે પર જોરદાર અને અસરકારક વક્તવ્ય કર્યું. પછી રોજ કેટલાય દિવસો સુધી ભાષણો આપ્યાં.

(૫) એમ.એ. સુધીની કેળવણી પામેલ તથા અડગ શ્રદ્ધા, મક્કમ નિર્ધાર અને એકધાર્યા શ્રમથી સીતારવાદનમાં પારંગત થયેલ અજમેરના જૈનેતર ભાઈશ્રી... તથા તબલાવાદનમાં નિષ્ણાત જૈનેતર ભાઈશ્રી રેડી સેવાભાવે રોજ પ્રાર્થના ચૈત્યવંદન વગેરેમાં પ્રભુભક્તિના સંગીતની રમઝટ મચાવતા તથા સમગ્ર શિબિર દરમિયાન કોલ્હાપુરના ગ્રેજ્યુએટ ભાઈશ્રી કુમારપાળ દલીચંદ તો હારમોનિયમ પર અને મધુર કંઠથી શાસ્ત્રીય સંગીતની રેલમછેલ વરસાવતા. સાથે બ્યાવરના ભાઈશ્રી રતનલાલ એમ.એ.નો બુલંદ સંગીતમય મધુર અવાજ તથા ઢોલકવાદન મંદિર પર કળશારોપણ સમો બનતો.

(૬) તા. ૭, આજે ચતુર્દશી હોવાથી વેળાસર સમૂહ પાક્ષિક પ્રતિક્રમણ, ઉપવાસો આયંબિલો, એકાસણા વગેરે, તપસ્યાની સુંદર આરાધના થઈ. પછી પણ અષ્ટમી વગેરે તિથિઓએ વિશિષ્ટ આરાધના થઈ.

(૭) તા. ૧૬, આજે અચલગઢની યાત્રાનો કાર્યક્રમ હોઈ વિદ્યાર્થીઓ વહેલી સવારે પગપાળા ચાલી નીકળ્યા. સદ્ભાગ્યે સાથે રામસેનથી સંઘવી શ્રી હંસરાજજીનો યાત્રિક સંઘ પણ હતો. તેથી યાત્રામાં અનેરો ઉત્સાહ આવ્યો. રાગરાગિણીમાં ત્યાં

સ્નાત્ર મહોત્સવ ઊજવ્યો.

સાંજે પાછા આવી શિબિર તરફથી શ્રી સંઘપતિનો સન્માન સમારોહ ઊજવ્યો. હારતોરા સાથે રૂા. ૫૧) સંઘ પતિને પહેરામણી અર્પી. આ પ્રસંગે શ્રી કેસુભાઈ, શ્રી કાન્તિલાલ ઉ., શ્રી પ્રવીણચંદ્ર, શ્રી રોશનલાલ, શ્રી શાન્તિલાલ મ., શ્રી સુરેન્દ્રકુમાર લોઢા, શ્રી શાન્તિલાલ જૈન, શ્રી ભટ્ટ, શ્રી ઋષભદાસજી વગેરેએ મનનીય ઉદ્બોધન કર્યાં. સંઘપતિએ શિબિરની પ્રગતિની પ્રશંસા કરી રૂા. ૨૦૧)ની ભેટ કરી. ત્રણ દિવસની સંઘ સ્થિરતા દરમિયાન શિબિરના વિદ્યાર્થીઓએ પીરસવાની સેવા આપી.

(૮) તા. ૧૭-૫-'૬૩ શુક્રવાર વૈશાખ વદ-૮ આજે એક મહાન ભાગ્યોદયનો શુભ દિન હતો. વિદ્વદ્વર્ય પૂ. પં. શ્રી ભાનુવિજયજી મ. સાહેબને વર્ધમાન આયંબિલ તપની ૮૭ મી ઓળીનું આજે પારણું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહમાં આવી જઈ પહેલું વહોરાવવા માટે સામાયિકની ઉછામણી બોલાવતાં આંકડો હજારો પર દોડવા માંડ્યો. નવીનતા એવી હતી કે જે જેટલા સામાયિક બોલે, આદેશ ન મળે તો પણ વધુમાં વધુ જેટલા સામાયિક બોલ્યા હોય તેટલા એણે કરવાના. ઉછામણીમાં જબ્બર બોલી બોલાઈ છેવટે દબાણથી બે ભાઈઓને એક લાખ ને પાંચ હજાર સામાયિક કરવાના (કુલ ૨ લાખ ૧૦ હજાર) એ રીતે આદેશ આપવામાં આવ્યો. પાછળથી એમાં એક લાખ પાંચ હજારથી ત્રીજા ભાઈ જોડાતાં તથા પૂર્વે બોલેલ બધાય મળીને કુલ ૪ લાખ ૩૬ હજાર સામાયિકની ઉછામણી થઈ. આ સામાયિક પાઠશાળા વગેરેમાં બીજાઓને પણ સામાયિક કરાવી પૂરા કરી આપવાના છે.

મહારાજશ્રી પોતે વહોરવા પધાર્યા, એમાં બીજાઓ પણ જેમને વહોરાવવાનો લાભ લેવો હતો. એમણે કંદમૂળ-ત્યાગ, પ્રભુદર્શન-પૂજન, સામાયિક નવકારમંત્રજાપ, બ્રહ્મચર્ય, રાત્રિ ભોજન-ત્યાગ વગેરે અનેક પ્રકારના વ્રત-નિયમો રાજીખુશીથી સ્વીકારી ભાવોલ્લાસપૂર્વક મહારાજશ્રીને વહોરાવી જીવન ધન્ય બનાવ્યું. આ રીતે સામાયિકની ઉછામણીનો નવો વિક્રમ સ્થપાયો, અને વ્રતનિયમોની લહાણી પણ અનુમોદનાને પાત્ર બની રહી.

પુણ્યની કમાણી કરવાનો આ દિવસ વિદ્યાર્થીઓ માટે ઉત્તમોત્તમ નીવડ્યો. આનંદ ને પુષ્ટિ માટે દૂધપાક પૂરીનું જમણ રાખવામાં આવ્યું.

(૯) સંઘના સ્વાગત સામૈયામાં વિદ્યાર્થીઓએ સુંદર ભાગ લીધો. સંઘ જેમની નિશ્રામાં નીકળ્યો હતો તે વક્તા પૂ. પં. શ્રી મુક્તિવિજયજી મહારાજનું 'સંસ્કાર' ઉપર ભવ્ય પ્રવચન સાંભળ્યું.

(૧૦) પૂ. મુનિવર્ય શ્રી અભયસાગરજી મહારાજનું સુંદર ધર્મપ્રવચન થયું.

(૧૧) પૂ. આ. શ્રી વિજયદક્ષસૂરિજી મહારાજનું 'સાચું સુખ શેમાં ? અને સૃષ્ટિનો કર્તા કોણ ?' એ વિષય પર મનનીય વ્યાખ્યાન થયું.

(૧૨) દાદરવાળા દીક્ષાર્થી શ્રી લીલાવતીબેન જેઓ પૂ. મહારાજશ્રીને વંદન કરવા અર્થે આવેલા. એમનું વિદ્યાર્થી મંડળે અભિનંદન મેળાવડો કરી દીક્ષા પર સુંદર વક્તવ્યો કર્યા.

(૧૩) તા. ૨૨, ૨૪, ૨૬ ક્રમશઃ મોક્ષમાર્ગ. આચાર-અનુષ્ઠાન તથા તત્ત્વજ્ઞાન પર પરીક્ષાઓ લેવાઈ.

(૧૪) તા. ૩૦ ખીરના એકાસણ સાથે દરેક વિદ્યાર્થીને ૫૦,૦૦૦ 'અરિહંત'નો જાપ, બે વાર પ્રતિક્રમણ, ૩ દેવવંદન સ્નાત્ર, ગીત-ધૂન વગેરેનો કાર્યક્રમ ઉજવાયો. આમાં ૨૪ કલાક અખંડ ઘીના દીવા સાથે વારાફરતી વિદ્યાર્થીઓ ગોઠવાઈ જઈ ચોવીસે કલાક અખંડ 'અરિહંત' જાપ કર્યો.

શિબિરમાં શીખવાયેલ વિષયો :

તત્ત્વજ્ઞાન :

જગત એટલે શું ? આપણે કોણ, આપણે કરવાનું શું ? પુણ્ય શી રીતે વધ્યું ? શુદ્ધ ધર્મ શું ? જીવનમાં ધર્મની જરૂર, સંસારની અસારતા, સ્વાત્મ-પરાત્મ હિંસા, કર્મ-આત્માની બલવત્તા, પાંચ કારણ, જીવની ઉન્નતિ-અવનતિ, ચરમાવર્ત-અચરમાવર્ત, ધર્મબીજ-ધર્મ પ્રશંસા, ધર્મપરીક્ષા-કષ, છેદ, તાપ, જૈનધર્મ એ વિશ્વધર્મ, ધર્મના બે વિભાગ : જ્ઞાન અને પાલન, વિશ્વરચના-સર્જન, આત્માની સાબિતીના પુરાવા, આત્માના ષટ્સ્થાન, છ દ્રવ્ય, દ્રવ્ય-ગુણ-પર્યાય. સ્વ-પર્યાય ૪ રીતે, જગત્કર્તા કોણ, ઈશ્વર નહિ ? કર્તા જીવ અને કર્મ, નવતત્ત્વ-જીવ-અજીવ વગેરે, જ્ઞેય, હેય, ઉપાદેય, જીવનું મૌલિક અને વિકૃત સ્વરૂપ, જીવના ભેદ, જીવોના જન્મ અને શક્તિઓ. પર્યાપ્તિ-પ્રાણ-યોનિ, સ્થિતિ-અવગાહના-કાયસ્થિતિ યોગઉપયોગ-લેશ્યા, ૮ પુદ્ગલ વર્ગણા, સંસારના કારણો : મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ, પ્રમાદ, પ્રતિજ્ઞાનું મહત્ત્વ. અનંતાનુબંધી આદિ ૪ કષાય, શુભાશુભ યોગ, પ્રમાદ. બંધ-૮ કર્મ પ્રકૃતિ, ૮ કરણ. ૧૨૦ ઉત્તર પ્રકૃતિ. ૪૨ પુણ્યપ્રકૃતિ-૮૨ પાપપ્રકૃતિ. ઘાતિ-અઘાતિ, પરાવર્તમાન-અપરાવર્તમાન. પુણ્ય-પાપની ચતુર્ભંગી, ધ્રુવબંધી.

મોક્ષમાર્ગ :

મોક્ષ માર્ગ ક્યારે મળે ? અનાદિ નિગોદ વાસનું કારણ. ભવ્ય-અભવ્ય.

ધર્મરુચિ થયાના ૩ લક્ષણ, માર્ગાનુસારી જીવન. નિંદા કેમ ન કરવી-અકાર્યથી કેમ બચાય ? લોકપ્રિયતા અને મૈત્રીને શો સંબંધ ? ૩૫ ગુણ. ૧૧ કર્તવ્ય-૮ દોષત્યાગ-૮ ગુણગ્રહણ-૮ સાધના. બુદ્ધિના ૮ ગુણ-પરોપકાર શા માટે ? ૬ આંતરશત્રુ, શિષ્ટ પુરુષના આચારો, માન અને મદમાં શો ફેર ? સૌમ્યતાના ૩ પ્રકાર, અપુનર્બંધક અવસ્થા, કૃતજ્ઞતા અને પ્રભુભક્તિનો સંબંધ, સમ્યગ્દર્શન-વ્યાખ્યા-ઉપાય, લક્ષણ-વ્યવહાર-નિશ્ચય, ૬૭ વ્યવહાર, સમ્યગ્દર્શનની કરણી, દેશવિરતિ-બારવ્રત. ૨૨ અભક્ષ્ય-૩૨ અનંતકાય. ૧૫ કર્માદાન, અનર્થદંડ-દુર્ધ્યાન, અધિકરણ-પાપોપદેશ, પ્રમાદાચરણ, ૧। વસો દયા. નરકના ૪ દ્વાર, નિગોદમાં જીવ સંખ્યા, સચિત્ત જલપાનમાં શો દોષ ? ભક્ષ્યાભક્ષ્ય. અવિરતિ કેમ મોટો દોષ ? કરણ-કરાવણ-અનુમોદન ફલ. ભાવ શ્રાવકના ૬ ગુણ. ૧૭ ભાવના. કુસંસ્કાર અને સુસંસ્કારના ગુણાકાર એના પર ચંડકૌશિક અને શાલિભદ્રના દૃષ્ટાંત. સંસારના ૫ સંસરણ. કર્મના બંધ-ઉદય ચાલુ તો અંત કેવી રીતે ? આહાર અને રસ ઉપર અંકુશ કેમ આવે ? સંવેગ-તત્ત્વપરિણતિ.

આચાર અનુષ્ઠાન :

શ્રાવકની દીનચર્યા. નમસ્કાર મહામંત્ર સ્મરણ. મંત્રમહિમા રહસ્ય, યુક્તિ, દૃષ્ટાંત, બીજામંત્રો કરતા શ્રેષ્ઠપણું, પરમેષ્ઠી સ્વરૂપ અને બીજા જીવો કરતા વિશેષતા. જાપ અને પ્રભુદર્શનની અનેક પદ્ધતિઓ, ૮ પ્રાતિહાર્ય-૩૪ અતિશય, ૩૫ વાણીના ગુણ. વીસસ્થાનક, પાંચ કલ્યાણક, ભગવાનના પધારવાથી નારકીના ૭-જીવોના દુઃખ કેમ ટળે ? સનિમિત્તક-અનિમિત્તક કર્મ, મંદિર-દર્શન વિધિ, ત્રિકથી થતા કષાય દમન. જિનપૂજા પોતાના દ્રવ્યથી કેમ ? વાળાકુંચી કેવી રીતે અને ક્યારે વપરાય ? પૂજન સામગ્રી, ગુરુવંદન. શ્રાવકની દૈનિક દરેક ધર્મપ્રવૃત્તિનો જ્ઞાન-દર્શન-ચારિત્ર સાથે યથાયોગ્ય સંબંધ. ચૌદ નિયમ-૬ વિગઈ, ચાતુર્માસિક, વાર્ષિક કર્તવ્યો. પર્વો અને પર્વોની આરાધના. ૧૮ જીવનકૃત્ય. ઉપયોગે ધર્મ, ક્રિયાએ કર્મ, પરિણામે બંધ એટલે શું ? બાંધેલા પુણ્યના ગુણાકાર શી રીતે ? પંચાચાર. પ્રાર્થનાનું મહત્ત્વ. શરણ- દુષ્કૃત ગર્હા-સુકૃત અનુમોદના.

યોગ :

યોગની પૂર્વસેવા. ૩ પ્રકારના ગુરુની પૂજા ૧૨ રીતે. દેવપૂજન : પુષ્પાદિ પૂજા કેમ ? ધર્મ ધનબુદ્ધિ : અધિકાધિક જિનપૂજાકરણ લાલસા. ધર્મનું આદિપદ દાન. સદાચાર ૧૮ પ્રકારે. તપઃ ચાંદ્રાયણાદિ-કૃચ્છ્ર,-મૃત્યુઘ્ન-પાપસૂદન. મુક્તિનો અદ્વેષ. યોગનાં ૫ બીજ : સહજ ભવોદ્વેગ, જિનેન્દ્રચિંતન, આચાર્યવૈયાવચ્ચ, દ્રવ્ય

અભિગ્રહો, શાસ્ત્રલેખનાદિ. યોગનો અધિકારી. ભવાભિનંદીના ૮ દોષ : ક્ષુદ્રતા, લાભરતિ,...વગેરે.

સૂત્ર :

સામાયિક-ચૈત્યવંદનના સૂત્રોચ્ચારણની રીત. સૂત્રોનાં ચિત્ર. નવકાર ચૂલિકામાં નમસ્કારની અનુમોદના. અનુમોદનથી પુણ્યના ગુણાકાર: સંગમનું દાન. ઇચ્છામિ ખમા૰ વગેરે આદેશ માગવામાં વિનય, આગારનું મહત્ત્વ. વીતરાગને પ્રાર્થના કરાય ? આશંસા-પ્રણિધાન. શ્રાવકને સામાયિકમાં પાપની અનુમોદના કેમ ખુલી ? 'જાવ મણે હોઈ નિયમ સંજુત્તો'થી વિરતિનું મહત્ત્વ, વિશ્વચૈત્યદર્શનની રીત. 'નમુત્થુણં' સૂત્રની ૯ સંપદા અને એના ભાવ. અનાદિ-ઉત્તમ અરિહંત. અરિહંત સિંહ-પુંડરિક-ગંધ-હસ્તિ, લોકનાથ-હિત-પ્રદીપ. અભય-ચક્ષુ-માર્ગ-શરણ-બોધિ : લૂંટાયેલ પ્રવાસી. અરિહંત દાતા કેવી રીતે ? અરિહંત ધર્મદેશનામાં શું-શું કહે છે ? ધર્મનાયકનાં ૧૬ લક્ષણ, ધર્મસારથિનાં ૩ ગુણ પ્રવર્તન-પાલન દમન. જિન-તીર્ણ-બુદ્ધ-મુક્ત: સમુદ્રપતિત મગરગ્રસ્તનું દૃષ્ટાંત. 'જે અ અઇઆ...'માં ત્રિકાળ જિનોનાં દર્શન. ભવનિર્વેદ વગેરે ૮ સાધના પ્રકાર, નિયાણું શું ? દુક્ખક્ખઓ વગેરે ચારમાં વર્તમાન સમય-જીવન સમય-અંતકાલ-પરલોક એ ચાર માટે માગણી. વંદન આદિ ૪ પૂજા. પુષ્પ-આમિષાદિ ૪ પૂજા.

મનોવિજ્ઞાન-ધ્યાન :

અરિહંતને મૌખિક પ્રાર્થના : ઉપાયો : ઉપમા. કોઈપણ વસ્તુની અરિહંત સાથે કડી જોડવી. સ્તવનના ભાવ, રહસ્ય યાદ કરવાની રીતો. મૌનની શક્તિ. Positive Thinking ના વિવિધ મુદ્દા. નકામા વિચારનું સફળ વિચારમાં પરિવર્તન કેવી રીતે ? અરિહંતશક્તિ પર શ્રદ્ધા. વિષયોની કડીબદ્ધ સંકલના. શુભચિંતનના મુદ્દા-ઉદ્દેશ્ય-નિર્દેશ, તત્ત્વ-ભેદ-પર્યાય, અધિકરણ-સ્થિતિ, કારણ-કાર્ય, લાભહાનિ, અન્વયી વ્યતિરેકી દૃષ્ટાંત, ઉહ-અપોહ, સ્વામી. રાત્રિના ૧૦ ચિંતન: સૂક્ષ્મ તત્ત્વ, અધિકરણ, ક્ષણ લાભદીપન...વગેરે. ભવિતવ્યતા. 'જ્ઞાનીએ દીઠું માટે બને છે' એમ નહિ પણ 'તે તે કારણોએ બને છે, બનવાનું છે માટે જ્ઞાની જુએ છે.'

આ પ્રમાણે વિષયો શીખવવામાં આવ્યા હતા. વિષયોનાં પ્રતિપાદનમાં પુષ્ટિ કરવા માટે કથા, દૃષ્ટાંત, યુક્તિ, સાઇકોલોજીનાં સિદ્ધાંત વગેરેનો છૂટથી ઉપયોગ કરવામાં આવતો. તેથી ૧૩ વર્ષના બાળકોથી માંડી ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ સુધીના વિદ્યાર્થીઓ પણ રોજ ને રોજ કલાકો સુધી ઉત્સાહભેર બેસી સાંભળતાં. શિક્ષણ **'જૈન ધર્મનો સરળ પરિચય'** પુસ્તકને મુખ્ય રાખી કરાવાયું હતું. સ્તવનો

માટે **'ભાવભર્યા સ્તવન સજ્ઝાય'** પુસ્તક ખાસ આ નિમિત્તે પહેલાં જ છપાવાયેલું.

તારીખ ૨૨ મીથી પરીક્ષાઓ શરૂ થઈ. એકેક પરીક્ષાના વિષયમાં વિદ્યાર્થીઓ સારી મહેનત કરી શકે અને એમના લખેલ પેપરો ધ્યાનથી તપાસી શકાય એ માટે બબ્બે દિવસે એકેક પરીક્ષા રાખવામાં આવેલી. ૨૨મી તારીખે 'મોક્ષમાર્ગ'નો પ્રશ્નપત્ર અપાયો. ૨૪મી તારીખે 'આચાર અને અનુષ્ઠાન' એ વિષયનો પ્રશ્ન-પત્ર આપવામાં આવ્યો. એમાં પ્રયોગ ખાતર વિશેષતા એ થઈ કે આગળથી તા. ૨૩ મીએ રાત્રે નવેક વાગે પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓને સંભળાવી દેવામાં આવ્યો. પણ પ્રશ્નો એવા વ્યાપકરૂપના હતા કે શીખવાડેલ વિષયો લગભગ બધા જ એમાં સંગૃહીત થઈ જતા. તેથી બધું જ કંઠસ્થ રાખવું પડે. વિદ્યાર્થીઓમાં પ્રશ્નો જાણી એક અનેરો ઉત્સાહ વ્યાપી ગયો, અને રાતના ઠેઠ ૧-૧॥-૨॥ વાગ્યા સુધી વિષય તૈયાર કરવામાં લાગી ગયા. કોક તો લગભગ આખી રાત વાંચતા-વિચારતા રહ્યા. ૨૪ મીએ તેની પરીક્ષા પછી તા. ૨૬ મીએ 'તત્ત્વજ્ઞાન'ની પરીક્ષાને માટે ખૂબ મંડ્યા; કેમકે વિષય મોટો હતો. વચલા દિવસોમાં દૈનિક કાર્યક્રમ ઉપરાંત અધૂરા વિષયના વર્ગ પણ ચાલતા. પરીક્ષા સવારે ત્રણ કલાક ચાલતી, પણ 'તત્ત્વજ્ઞાન' માટે લગભગ ૩॥ ત્રણ કલાક આપવામાં આવ્યા. લખેલા પેપરોનું મેટર એટલું બધું વધી ગયું કે એ બરાબર તપાસાય એ સારુ, તેમજ ધ્યાન-ચિંતનના વિષયનું શિક્ષણ દેવા માટે 'યોગ અને મનોવિજ્ઞાન આદિ'ની ચોથી પરીક્ષા રદ કરવામાં આવી, અને ચિંતન તથા ધ્યાન અંગેના વર્ગ અપાયા.

તા. ૨૯ મીએ એક બાજુ સૂત્રપાઠ, સ્તવન અને ચૈત્યવંદન તથા પાંચ સ્તવનોના રાગની મૌખિક પરીક્ષા લેવાઈ, ને બીજી બાજુ વક્તવ્ય પરીક્ષા થઈ. જેમાં લગભગ ૬૦ વિદ્યાર્થીઓએ ૫-૫-મિનિટ **'જ્ઞાન કરતાં આચારનું મહત્ત્વ'** એ વિષય પર ભાષણ કર્યાં. એમાં દેખાયું કે કૉલેજના અને સ્કૂલના કેટલાક વિદ્યાર્થીઓના જરાય ક્ષોભ વિના સુંદર કોટિના છટાદાર ભાષણ હતાં.

તા. ૩૦ મીનો દિવસ અદ્‌ભુત આરાધનાનો બન્યો. 'અરિહંત અરિહંત'ના ઘોષથી મકાન ગાજતું રહ્યું. બે વાર પ્રતિક્રમણ, ત્રણ વાર દેવવંદન, સ્નાત્ર મહોત્સવ, વગેરે ઉપરાંત દરેક વિદ્યાર્થીને 'અરિહંત'નો ૫૦ હજાર જાપ તથા શક્તિ અનુસાર ખીરનું એકાશન કરવાનું હતું. આખો દિવસ વિવિધ આરાધનામય પસાર થયો.

વ્રત-નિયમ :

શિબિરના શિક્ષણવર્ગો દરમિયાન પૂ. મહારાજશ્રી પાસેથી મળતી પ્રાસંગિક પ્રેરણાથી ઉત્સાહિત થઈ વિદ્યાર્થીઓએ યથાશક્તિ અનેક પ્રકારના નિયમો સ્વીકારેલા;

જેવા કે,

(૧) શિકાર-જુગાર વગેરે સાત વ્યસનોનો ત્યાગ. (૨) કંદમૂળનો ત્યાગ. (૩) સિનેમા નિયમન, (૪) ૬ માસ નિંદા ત્યાગ, (૫) શિબિરમાં અમુક કલાક મૌન, (૬) રોજ દેવદર્શન વિના મોંમાં પાણી પણ નાખવું નહિ, (૭) હંમેશાં પોતાની અગરબત્તીથી પ્રભુની ધૂપપૂજા કરવી, (૮) મહિને ૨ એકાસણ, (૯) રોજ સામાયિક, (૧૦) મા-બાપને સવારે પગે લાગવું, (૧૧) રોજ ૧ વિગઈ ત્યાગ, (૧૨) મહિનામાં અમુક દિવસ મીઠાઈ ત્યાગ, (૧૩) રોજ ૧ બાંધી નવકારવાળી, (૧૪) ૧૦-૨૫ વર્ષની ઉંમર સુધી બ્રહ્મચર્ય, (૧૫) આવતી રજાઓમાં શિબિરમાં ય સત્સંગમાં જોડાવું, (૧૬) રોજ અરિહંત પ્રભુને ઓછામાં ઓછી ૧૦ મિનિટ બોલીને પ્રાર્થના કરવી. (૧૭) શિબિર ચાલે ત્યાં સુધી ઉકાળેલું પાણી પીવું. (૧૮) જીવનભર એક ભાણે ૮ થી વધુ દ્રવ્ય ન વાપરવાં... ઇત્યાદિ ઇત્યાદિ.

(છેલ્લા દિવસનો અહેવાલ હવે પછી અપાશે.)

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૧૧,અંક-૩૬,તા.૧૫-૬-૧૯૬૩

આબુ-જૈન ધાર્મિક શિક્ષણ ગ્રીષ્મ શિબિરમાં લેવાયેલ પરીક્ષાઓના પ્રશ્ન-પત્રો

પ્રશ્નપત્ર-૧ સમય ૯॥ થી ૧૨॥ વિષય-મોક્ષમાર્ગ, તા. ૨૨-૫-૬૩

પ્ર. (૧) માર્ગાનુસારીના ૩૫ ગુણોનાં નામ ૪ વિભાગમાં લખો, તથા સમ્યગ્દર્શનના ૬૭ વ્યવહારનાં નામ લખો. (ગુણાંક ૧૫)

પ્ર. (૨) **બાર વ્રતોને દરેકની પ્રતિજ્ઞા અને સાવધાનીથી સમજાવો. (૧૫)**
કોલસા વેચવા, તેજાબ વેચવો, બચ્ચાના નાક-કાન વિધવાનો વેપાર, જૂઠનો ઉપદેશ, ફાંસી જોવી, લીલાં કાતરા ખાવાં, વેશ્યાને મકાન ભાડે આપવું, કોઈની ગુપ્તવાત બીજાને કહેવી, **અથવા** (૧) નરકના ૪ દ્વાર કયા ? (૨) દહીં, છાશ, માવો, ખજૂર, ભાજી, મેવો, મીઠાઈ, ક્યારે ભક્ષ્ય અને ક્યારે અભક્ષ્ય ?

પ્ર. (૩) **ગમે તે પાંચના અર્થ સમજાવો :**

(ક) (૧) અવ્યવહાર રાશિ (૨) પરમાર્થ સંસ્તવ (૩) આગાર (૪) ન્યાયસંપન્નવિભવ (૫) ચલિતરસ (૬) વિદળ (૭) સંઘાન (૮) બલાબલ.

(ખ) ગમે તે ત્રણના જવાબ લખો : (૧) આંતર શત્રુ (૨) સૌમ્યતાના ૩ પ્રકાર (૩) બુદ્ધિના ૮ ગુણ (૪) અપુનર્બંધકના ૩ લક્ષણો ? (૫) ચરમાવર્તમાં ધર્મપ્રાપ્તિના ગુણ. (ગુણાંક ૧૦)

પ્ર. (૪) ભાવ શ્રાવકના ૬ ગુણ (આચરણ) ટૂંકમાં સમજાવો અથવા એના ૧૭ ભાવના નામ તથા ધન, ઇન્દ્રિયો, ઘરવાસ, ધર્મક્રિયા, અરક્તદ્વિષ્ઠ, પરાર્થભોગીનું સ્વરૂપ લખો. (ગુણાંક ૧૨)

પ્ર. (૫) નીચેના પાપ બાર વ્રતમાં ક્યાં ક્યાં દોષ કરે ?
કોલસા વેચવા, તેજાબ વેચવો, બચ્ચાના નાક-કાન વિધવાનો વેપાર, જૂઠનો ઉપદેશ, ફાંસી જોવી, લીલાં કાતરા ખાવાં, વેશ્યાને મકાન ભાડે આપવું, કોઈની ગુપ્તવાત બીજાને કહેવી, **અથવા** (૧) નરકના ૪ દ્વાર કયા ? (૨) દહીં, છાશ, માવો, ખજૂર, ભાજી, મેવો, મીઠાઈ, ક્યારે ભક્ષ્ય અને ક્યારે અભક્ષ્ય ?

પ્ર. (૬) અર્થ સમજાવો : (૧) સંસારના ૫ સંસરણ, (૨) કાંક્ષા, (૩) વિચિકિત્સા, (૪) સંવેગ, (૫) તત્ત્વપરિણતિ અથવા એક નિગોદમાની જીવ સંખ્યાને વિશ્વના બીજા જીવોની ક્રમશઃ વધતી સંખ્યા સાથે સમજાવો, અને ૧૫ કર્માદાનના નામ લખો. (ગુણાંક ૧૦)

પ્ર. (૭) ગમે તે ૪ સમજાવો : (૧) નિંદા કેમ ન કરવી ? (૨) અકાર્યથી કેમ બચાય ? (૩) સચિત્ત જલપાનમાં શો દ્વોષ ? (૪) પરોપકાર શા માટે કરવો ? (૫) ૧। વસો... દયાઃ એટલે ? (૬) કર્મનો ઉદય અને બંધ ચાલુ, તો સંસારનો અંત શી રીતે ? (૭) આહાર અને રસપર અંકુશ કેમ આવે ? (ગુણાંક ૮)

પ્ર. (૮) સંસ્કારોનો ગુણાકાર ચંડકૌશિક અને શાલિભદ્રના દૃષ્ટાંતથી સમજાવો, અથવા સમ્યગ્દર્શનની વ્યાખ્યા, ઉપાય અને કરણી તથા ૩ લિંગના દૃષ્ટાંત, ૬ જયણા અને ૬ ભાવના સમજાવો. **(ગુણાંક ૧૨)**

પ્ર. (૯) **મોક્ષમાર્ગના** શિક્ષણથી તમારા જીવન પર થયેલી અસર અને ભાવી જીવનરાહ અંગે ટૂંકમાં લખો.**(ગુણાંક ૬)**

(શુદ્ધિ આદિનાં ગુણાંક ૫)

પ્રશ્નપત્ર-૨ સમય ૯। થી ૧૨॥ વિષય-આચાર અને અનુષ્ઠાન, તા. ૨૪-૫-૬૩

પ્ર. (૧) નમસ્કારનાં મહત્ત્વને, રહસ્ય, યુક્તિ, દૃષ્ટાંત સાથે સમજાવી બીજા મંત્ર

કરતાં નવકારની શ્રેષ્ઠતા સ્થાપો તથા પંચ પરમેષ્ઠી પૈકી દરેક, એ અન્ય દેવ, કુગુરુ તથા દુનિયાના કોઈપણ મહાન માણસ કરતાં શ્રેષ્ઠ અને આદર્શ કેવી રીતે ? લીટી-૫૦ (ગુણાંક ૨૦)

પ્ર. (૨) અવિરતિ કેમ મોટો દોષ ? વિરતિનું મહત્ત્વ શું ? એ મુદ્દાસર સ્પષ્ટ સમજાવો. લીટી-૨૫ (ગુણાંક ૧૨)

પ્ર. (૩) ૧૪ નિયમ અને વિગઈની સમજ આપો તથા લાભ બતાવો. (ગુણાંક ૧૮)

પ્ર. (૪) નવકારના જાપની વિવિધ પદ્ધતિ, પ્રભુદર્શનની ચોક્કસ પદ્ધતિ, તથા મંદિરનાં ૧૦ ત્રીકથી ક્રોધાદિ કષાય કેમ દબે, એ લખો. (ગુ. ૧૫)

પ્ર. (૫) શ્રાવકની દરેક દિનચર્યાથી દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ક્યાં ક્યાં કેવી કેવી પુષ્ટિ થાય ? **અથવા** ચોમાસી કૃત્ય વિભાગવાર લખો, વાર્ષિક ૧૧ કૃત્યોની વ્યાખ્યા લખો, ૧૮ જીવનકૃત્યો સમજાવો. (ગુણાંક ૧૫)

પ્ર. (૬) નીચેમાંથી ગમે તે પાંચ લખો : (૧) ૮ પ્રાતિહાર્ય તથા, મહાવીર પ્રભુના પાંચ કલ્યાણકના દિવસ તથા જાપ, (૨) બાંધેલ પુણ્ય પર ગુણાકાર કેમ થાય ? (૩) પિંડસ્થ-પદસ્થ-રૂપસ્થ અવસ્થાની ભાવના, (૪) 'જય વીયરાય' અને 'દુક્ખખઓ...૪' નો ભાવ. (૫) પુષ્પપૂજામાં હિંસા થાય છે તો ધર્મ શી રીતે ? (૬) જિન-પૂજા પોતાના દ્રવ્યથી શા માટે કરવી ? (૭) ઉપયોગે ધર્મ; ક્રિયાએ કર્મ, અને પરિણામે બંધ, (૮) પ્રાર્થના અને ૪ શરણનું મહત્ત્વ. (ગુણાંક ૧૫) (શુદ્ધિ આદિના ગુણ ૫)

પ્રશ્નપત્ર-૩ સમય ૯ થી ૧ **વિષય : તત્ત્વજ્ઞાન** તા. ૨૬-૫-૬૩

પ્ર. (૧) 'જીવનમાં ધર્મની જરૂર' એ વિષય પર સુખ શાંતિનું સ્વરૂપ, સંસારની અસારતાના કારણો, સ્વાત્મ-પરાત્મહિંસા, 'જે ગુણે સે મૂલટ્ઠાણે, ૫ આશ્રવ-૬ સંવર, કર્મ-આત્માની-બળવત્તા, અને જીવનું મૌલિક-વિકૃત સ્વરૂપ ચિત્ર, વગેરેનો ઉપયોગ કરી સંવેગવર્ધક નિબંધ લખો. (ગુણાંક ૨૫)

પ્ર. (૨) આપણે કોણ છીએ, જડ કે ચેતન ? કયા કયા કારણે ? આપણો દુઃખદ ભૂતકાળ કેવો ? ઉન્નતિમાં પાંચ કારણો અને નવતત્ત્વનો ફાળો કેવી રીતે ? (ગુણાંક ૧૫)

પ્ર. (૩) વિશ્વનાં સર્જન-સંચાલનને જૈનમત કેવી રીતે સમજાવે છે ? વિશ્વધર્મ કોણ, કેવી રીતે ? ધર્મની ત્રિવિધ પરીક્ષા કેવી રીતે ? (ખ્રિસ્તીધર્મ કાનજીમતની મોટી ખામી શી ? (ગુણાંક ૧૪)

પ્ર. (૪) નીચેનું સમજાવો : (૧) છ દ્રવ્ય પંચાસ્તિકાયની ઓળખઃ એના ગુણ-

પર્યાયનો કોઠો (૨) ૪-૪ રીતે સ્વપર્યાય પર પર્યાયમાં અનેકાંતવાદ (૩) ૮ કર્મનાં પેટાભેદ (૪) ૮ પુદ્ગલ વર્ગણા તથા (૫) જીવના ભેદનો કોઠો દૃષ્ટાંત સાથે લખો. (ગુણાંક ૨૦)

પ્ર. (૫) નીચેમાંથી ગમે તે ૭ સમજાવો : (૧) ભવસ્થિતિ-કાયસ્થિતિ-લેશ્યા (૨) ૬ પર્યાપ્તિ-૧૦ પ્રાણ. (૩) અનંતાનુબંધી આદિ ૪ની ઓળખ (૪) 'જ્ઞાનીએ દીઠું માટે બને' એ સાચું કેમ નહિ ? સાચું શું ? (૫) 'તસ રક્ષક શિર મન પલટાયો,' (૬) આત્માની વૃત્તિ-પ્રવૃત્તિ કોણ શી રીતે બગાડે છે ? (૭) મિથ્યાત્વાદિ આશ્રવ અને સમિતિ આદિ સંવરને શો મેળ ? (૮) ગોષ્ઠામાહિલ અને પ્રિયદર્શના ક્યાં ભૂલ્યાં તથા શ્રાવકે સુધારવા શું કર્યું ? (૯) મોક્ષમાં કરવાનું શું ? અને સિદ્ધનો શો ઉપકાર ? (૧૦) મોક્ષ અક્રિય દશા છે, તે ક્રિયાથી કેમ મળે ? (ગુણાંક ૨૧)

(શુદ્ધિ આદિના ગુણાંક ૫)

"દિવ્ય-દર્શન" - "શિબિર" વર્ષ-૧૧,અંક-૪૦,તા.૨૦-૭-૧૯૬૩

શિબિર અંગે : મુંબઈ-અત્રે શ્રી કેશવલાલ મોહનલાલના પ્રયત્નથી આબુ શિક્ષણ શિબિરમાં આવેલ સ્થાનિક વિદ્યાર્થીઓની મિટિંગ થઈ. શિબિરના નિત્ય અનુભવાતા સંસ્મરણો વગેરે રજૂ થયાં. પુનઃ જાગૃતિની પ્રેરણા મેળવવામાં આવી. વિદ્યાર્થી હર્ષદ કાન્તિલાલે શિબિરમાં રાત્રિ ભોજન ત્યાગનો નિયમ કરેલો તેની અસરરૂપે તેના આખા ઘરે રાત્રિભોજન બંધ કર્યું. બીજા પણ નિયમોને લીધે મિત્રોએ સિનેમા જોવાનું બંધ કર્યું. નિંદા ભાઈ શ્રી હર્ષદે છ માસ સુધી નહિ કરવાનો નિયમ શિબિરમાં કરેલો, તેથી પછી ક્રોધ અને નિંદાના નિમિત્તના નિમિત્તો મળવા છતાં સારી રીતે પોતે બચી શક્યો છે. બીજા વિદ્યાર્થીઓમાં ઠીક જાગૃતિ રહી છે.

● **મંદસૌર** (મધ્ય પ્રદેશ)-શિબિરના વિદ્યાર્થી શ્રી સુરેન્દ્રકુમાર લોઢાએ ચોમાસી આઠમે 'અરિહંત'નો ૫૦ હજાર જાપ કર્યો.

શિબિરના વિદ્યાર્થીઓએ અનુમોદનીય અહેવાલ જાવાલ મોકલી આપવા.

● **આબુ ધા. શિક્ષણ શિબિરના વિદ્યાર્થીઓના પત્રોમાંથી-** (એની મીઠી અસર અંગે)

(હિંદી પરથી) 'જૈન દર્શન શું છે ? એની સંસ્કૃતિ કેટલી ઉન્નત છે ? એનાં

સિદ્ધાંત કેવી રીતે આત્માનો ઉત્થાનક્રમ નક્કી કરે છે ? વિશ્વની પ્રત્યે એનું કેવું નિર્ધારણ છે ? આવા બધા પ્રશ્નોના ઉત્તર ૧ માસની અવધિમાં (શિબિરમાં) આપના મુખારવિંદથી મળ્યા, અને હું આજે એના પર ચિંતન-મનન-અધ્યયન-પરિશીલન દ્વારા વિચાર કરું છું કે જે ઉચ્ચ ધર્મકુળમાં ઉત્તમ પુરુષાર્થ શક્તિની સાથે જન્મ મળ્યો છે એને સાધનામય-આરાધનાપૂર્ણ બનાવવો એ જ સાર્થક છે. મારે જે પ્રકાશ જોઈતો હતો એનું દર્શન થયું, જે આત્માની આવશ્યક્તા હતી તેનું તેજ પ્રાપ્ત થયું, અને જે પથનું અનુગમન કરવું હતું તેનું દ્વાર દૂરથી દિગ્દર્શિત થયું. દેલવાડાનું એ પવિત્ર વાતાવરણ, પુનીત શિક્ષણ અને જીવનમાં એનાં પાલન આ વર્તનની અનુભૂતિઓ આજે પણ મન-મસ્તક પર અંકાયેલી પડી છે જે રાહ દેખાડે છે.

'અરિહંત'ને જીવનમાં તન્મય બનાવવાનો સંદેશ આજ પણ કાનોમાં ગુંજે છે. મને શિબિરમાં સૌથી ઉત્તમ શું પ્રાપ્ત થયું ? સંક્ષેપમાં ઉત્તર દઉં તો અરિહંતની પ્રત્યે અચિંત્ય શ્રદ્ધાની ઘનીભૂતતા; વીતરાગ અને નવકારમાં તીવ્ર વિશ્વાસનું લક્ષ્યીકરણ. મેં ગત ચોમાસી આઠમે 'અરિહંત'નો ૫૦ હજાર જાપ (જે શિબિરના અંતિમ દિવસે કરાવેલ તે) કરી એ દિવસ આરાધનામય બનાવી ધન્ય બનાવવાનો પ્રયત્ન પણ કર્યો.

જિનશાસન, જિનવચન, તથા જિન પ્રતિમા પ્રત્યે શ્રદ્ધા અને 'જિનપડિમા જિનસારિખી' એ સુક્તિની સાકારતા આજ મસ્તકમાં રમી રહી છે.

માનવજીવનની સફળતા એમાં જ છે કે એ ૧૮ પાપ સ્થાનકોથી દૂર રહી, ૧૪ ગુણસ્થાનકની પ્રત્યે આરોહણ કરે; સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સાધનાઓથી કષાયાદિ પ્રવૃત્તિઓને દૂર કરી તપથી કર્મોના બંધન ઢીલા કરવાનો પ્રયાસ કરે. મારા અભિપ્રાયથી જીવનનો મુદ્રાલેખ આ જ હોવો જોઈએ...'

- શ્રી સુરેન્દ્રકુમાર લોઢા (ગ્રેજ્યુએટ વિદ્યાર્થી, મંદસૌર)

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૧૧,અંક-૪૭/૪૮,તા.૩૧-૮-૧૯૯૩

આબુ ધાર્મિક શિક્ષણ-શિબિરની અસરો

● **ઉંઝા :** શિબિરવિદ્યાર્થી રમેશચંદ્ર લખે છે કે 'બારે માસ શિબિર હોય તો કેવું સારું ? શિબિરનો રંગ જ આપણા પર એવો લાગી ગયો છે. અરિહંતની ધૂન શરીરના ખૂણે ખૂણામાં વ્યાપી ગઈ છે. જ્યારે જ્યારે શિબિર યાદ આવે છે ત્યારે

કાળમીંઢ પત્થરમાંથી વહી જતા ઝરણાની માફક આંખના ખૂણામાંથી આંસુ વહી આવે છે, દિલ રડી ઉઠે છે, બૂમ પાડી ઉઠે છે. 'શિબિર-શિબિર-શિબિર. કેસુભાઈના સદુપદેશથી તા. ૧૪ રવિવારે સામાયિકશાળા શરૂ કરી છે. ૧ લા રવિવારે ૨૭, રજા રવિએ ૪૫-૫૦ સંખ્યા થઈ, સામાયિકમાં પૂ. આ. શ્રી વિજયશોદેવસૂરીશ્વરજી મ.ના શિષ્ય પૂ. પં. શ્રી ત્રિચોલનવિજયજી મ. મોક્ષમાર્ગ, મોક્ષનાં સુખો, નરકનાં દ્વાર, નરકનાં દુઃખો વગેરે સમજાવે છે. નવકાર ધૂન, સમૂહસ્નાત્ર શરૂ કર્યું છે. એક દીપક અનેક દીવા પ્રગટાવે તેમ થોડાઘણા દીવા પ્રગટાવ્યા છે. હવે દીપકમાં ઘી નાખવું તે તમારું કામ છે, જેથી જ્યોતિ અખંડ રહે.'

● **અમદાવાદ :** શિબિર વિદ્યાર્થી શ્રી પ્રવીણચંદ્ર સી. શાહ (બી.એસ.સી.) લખે છે કે શ્રી રાજેન્દ્ર કલ્યાણભાઈના ૧ લાખ સામાયિકની બોલી પૂરી કરાવવા આ મહિનામાં પાઠશાળાના બાળકોને ૧૮૮૯ સામાયિક કરાવ્યા. બાળકો શિબિરના નિયમો પાળે છે. શિબિરની ઊંડી અને જબરી અસર એ થઈ કે હવે માનસિક મનોમંથન અને ઊંડું ચિંતન, એમાંથી મન નિવૃત્ત થતું જ નથી. પળે પળે સાંસારિક પરવશતા, ધર્મની મહત્તા, કર્મની વિચિત્રતા, અને જીવોની ફેંકાફેંક નિહાળી 'હું કેમ બચીશ ?' 'પ્રામાણિક પણે સંયમી ગૃહસ્થ જીવન કેમ પાળી શકાય', એની રોજ વિચારણા ચાલે છે એના (તાત્કાલિક) સમાધાનમાં એક જ વાત 'ચત્તારિ સરણં પવજ્જામિ,' ગણિત કરવા બેસીએ તો પણ માલૂમ પડે કે અઠવાડિયામાં માત્ર ત્રણ દિવસ આવી, રોજ કલાક એક વિષય શિખવી જનાર પ્રોફેસર માસિક ૧૦૦-૧૨૫ કે ૧૫૦ રૂા. પગાર મેળવે તો જીવનને સુધારી દેનાર, શાશ્વતી શાંતિ આપનાર, રોજ સાત સાત કલાક પ્રમાણે કુલ ૩૦ દિવસના ૨૧૦ કલાક મહામૂલુ અધ્યયન કરાવનાર સંતમહાત્માને ફાળે, ઉપરના નજીવા દરથી ગણીએ તો પણ હજારોની રકમ આવે. રાત-દિન ધ્યાનને જ્ઞાનમાં લીન બનેલ આચરણથી ઉચ્ચ, તપસ્વી, આદર્શ ને કઠોર જીવનનું, દૃષ્ટાંત પૂરું પાડનાર, તત્ત્વના ઊંડા અભ્યાસી, મહાન ચિંતક ને આદર્શ વિદ્વદ્વર્ય મહાત્માનું વિના મૂલ્યે, મહામૂલું જ્ઞાન લાધે તો એ મહાપુરુષનો ઉપકાર કદી વાળી શકાય એમ નથી. અમને એજ વિચાર આવે છે કે પુણ્યનો કેવો મહદ્ ઉદય ને પરમ ભાગ્ય કે યોજનાબદ્ધ, ગણતરીબદ્ધ, સુંદર ને સચોટ જ્ઞાન પામ્યા.

શ્રી જૈન ધાર્મિક શિક્ષણ ગ્રીષ્મ શિબિર સમિતિનું નિવેદન

C/o., મે. બંસીલાલ સોમચંદ, ૩૫૭, કાલબાદેવી, મુંબઈ-૨.

આધુનિક માનસ ધરાવતા વિદ્યાર્થીઓમાં ધાર્મિક સંસ્કારસિંચન કરી તેમના ચારિત્ર ઘડતર માટે અને ૧૯૬૨થી ઉનાળાની રજાઓ દરમિયાન ધર્મશાસ્ત્રોના અભ્યાસ તથા ધાર્મિક જીવન માટેની શિબિરોની યોજના કરવામાં આવી છે અને ૧૯૬૩માં મે માસમાં દેલવાડા (આબુ) ખાતે પ.પૂ.આચાર્યદેવ **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજ સાહેબના વિદ્વાન શિષ્યરત્ન પૂ. પં. ભાનુવિજયજી ગણિવર્ય મહારાજ સાહેબની નિશ્રામાં શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં **શ્રી પોખરાજજી સાદડીવાળા** તથા **શ્રી લાલચંદજી પિંડવાડાવાળા**એ શિબિરનું સંચાલન પ્રત્યક્ષ નીહાળવાથી સને ૧૯૬૪ની શિબિર પણ પૂ. પં. ભાનુવિજયજી ગણિવર્ય મહારાજ સાહેબની નિશ્રામાં **અચળગઢજી** (આબુ) ખાતે યોજવા તથા તેમાં યથાશક્તિ ફાળો આપવા ભાવના વ્યક્ત કરી હતી. તેમની આ ઇચ્છાને માન આપી અમોએ આ વર્ષે મે, **૧૯૬૪ની શિબિર અચળગઢજી** ખાતે યોજવા નક્કી કર્યું છે, જેમાં તેઓએ રસોડાનું સર્વે સંચાલન તથા વ્યવસ્થા સંભાળવા સહર્ષ સ્વીકાર્યું છે. એક મહિનાનું શિબિરના રસોડાનું ખર્ચ ઓછામાં ઓછું રૂા. ૮૦૦૦ આવે છે, જેમાંથી રૂા. ૪૦૦૦ ઉપરાંતનો બધો રસોડા ખર્ચ તેઓએ આપવા ઉદારતા બતાવી છે. જેથી અમારે રસોડા તથા મંડપ ખર્ચ માટે રૂા. ૫૦૦૦ એકત્ર કરવાના રહે છે. આ રસોડું એટલે ધર્મશાસ્ત્રોના અભ્યાસ માટે નિયમિત ધર્મક્રિયાપૂર્વક જીવન ગાળવા આવેલ વિદ્યાર્થીઓ જેવા સુપાત્રોના સાધર્મિક-વાત્સલ્ય માટેની ઉમદા તક. આ તકનો લાભ સૌ કોઈ સદ્‌ગૃહસ્થો લઈ શકે તે આશયથી નીચે મુજબની રકમની તિથિઓ લેવા નક્કી કર્યું છે અને લગભગ ૧૬ તિથિઓ લેવાની રાખી છે. કારણ કે ૧૪ તિથિ જેટલું ખર્ચ આશરે ઉપર જણાવ્યા પ્રમાણે શ્રી પોખરાજજી તથા શ્રી લાલચંદજી તરફથી મળવાનું છે.

૧. સવારનો નાસ્તો	તિથિ એકના	રૂા.	૭૫
૨. બપોરનું ભોજન	તિથિ એકના	રૂા.	૧૨૫
૩. સાંજનું ભોજન	તિથિ એકના	રૂા.	૧૦૦
૪. અઠવાડિક મિષ્ટાન્ન ભોજન	તિથિ એકના	રૂા.	૨૦૦

સાધર્મિકવાત્સલ્યનો આવો ઉત્તમ લાભ લેવા ધર્મપ્રેમીઓને નમ્ર વિનંતી છે.

પરમાત્માની આંગી રચનાનો લાભ

અચળગઢ જેવા પવિત્ર તીર્થધામમાં બિરાજમાન સુવર્ણમય જિનબિંબોની આંગી શિબિર દરમિયાન દરરોજ રચવા નક્કી કર્યું છે. જેની એક તિથિના રૂા. ૨૧ રાખ્યા છે.

પ્રભુભક્તિનો અનુપમ લાભ લેવા વિનંતી છે.

ઇનામી મેળાવડા અંગે ખર્ચ રૂા. ૧૨૦૦/૧૫૦૦

શિબિરના અંતે લેવામાં આવનાર પરીક્ષાઓના પરીણામો, શિબિર દરમિયાન વિદ્યાર્થીઓની નિયમિતતા, વર્તન, વક્તૃત્વ તથા નિબંધ હરીફાઈઓ, તથા અભ્યાસક્રમ અંગેના પ્રવચનોની તેમની નોંધો ઇત્યાદિમાં પ્રથમ કક્ષાએ આવનાર વિદ્યાર્થીઓને સારી રકમના ઇનામો આપવાની યોજના કરવામાં આવી છે. જેમાં રૂા. ૧૨૦૦/૧૫૦૦ ખર્ચ થવાની ધારણા છે. આ કાર્યમાં પણ દાનવીર સદ્‌ગૃહસ્થો સારી રીતે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવાના આ કાર્યમાં લાભ લઈ શકે તે આશયથી નીચેના વિભાગો મુજબ યોજના કરી છે, અને એમાં લાભ લેનાર સદ્‌ગૃહસ્થોના નામથી તે ઇનામો આપવામાં આવશે.

૧. અભ્યાસક્રમની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર :

પહેલા પાંચ નંબરના કૉલેજના વિદ્યાર્થીને ક્રમશઃ રૂા. ૧૫૧-૧૦૧-૮૧-૭૧-૫૧, તથા શાળાના વિદ્યાર્થીને પણ એજ પ્રમાણે, કુલ રૂા. ૪૫૫-૪૫૫.

૨. વક્તૃત્વ હરીફાઈમાં : પહેલા સાત નંબરના કૉલેજના વિદ્યાર્થીને ક્રમશઃ રૂા. ૫૧-૩૧-૨૫ ૨૧-૧૫-૭-૫ એજ પ્રમાણે શાળાના વિદ્યાર્થીને. કુલ રૂા. ૧૫૫-૧૫૫.

૩. નિબંધ હરીફાઈમાં : પહેલા સાત નંબરના કૉલેજ વિદ્યાર્થીને રૂા. ૫૧-૩૧-૨૫-૨૧-૧૫-૭-૫. એમજ શાળા વિદ્યાર્થીઓને કુલ રૂા. ૧૫૫-૧૫૫.

૪. **નિયમિતતા સદ્‌વર્તન :** ૩૦ વિદ્યાર્થીઓના રૂા. ૨૦૦

૫. **સંગીત :** વ્યવસ્થાની સેવા વગેરે માટેના પુરસ્કારો રૂા. ૨૦૦

૬. આ ઉપરાંત શિબિર દરમિયાન વિદ્યાર્થીઓ માટે કામ-ચલાઉ દવાખાનું રાખવું પડે છે જે માટે ખર્ચ રૂા. ૨૫૦ થી રૂા. ૩૦૦ આવે છે. આ માટે લાભ લેનાર સદ્‌ગૃહસ્થોના નામથી દવાખાનું ચાલશે.

૭. પોસ્ટ-જાહેરાત-સંચાલન-મુસાફરી તથા પરચુરણ ખર્ચના રૂા. ૩૦૦૦ થવા ધારણા છે. આ માટે તથા ઉપરના કામો માટે જનરલ ફંડ ચાલુ છે. આ

અમૂલ્ય લાભ લેવા વિનંતી છે.

૮. અભ્યાસક્રમ : વિદ્યાર્થીઓને શિબિરમાં અભ્યાસ કરાવવા માટે જૈન ધર્મના જુદા જુદા વિષયોમાંથી ચૂંટી કાઢેલ ખાસ વિષયોના અભ્યાસક્રમનું પાઠ્યપુસ્તક પૂ. પં. ભાનુવિજયજી ગણિવર્ય તૈયાર કરી રહ્યા છે, જેની ૧૦૦૦ નકલ પાછળ કુલ રૂા. ૩૦૦૦ ખર્ચ થશે.

આ ઉપરાંત શિબિરમાં જે પ્રવચનો અપાશે તેની નોંધ તથા શિબિરના અંતે અભ્યાસક્રમની જે પરીક્ષા લેવાશે તેના પ્રશ્ન તથા જવાબોનો સંગ્રહ કરીને પણ છપાવવામાં આવશે જેની ૧૦૦૦ નકલ પાછળ રૂા. ૨૦૦૦ થશે.

આ પુસ્તકોનો લાભ સમાજ લઈ શકે તે માટે ઉપરોક્ત બંને પુસ્તકોની ૧૦૦૦ નકલો છપાવવાનું નક્કી કર્યું છે. પાઠ્યપુસ્તક એક નકલની કિંમત રૂા. ૨ રાખવામાં આવી છે અને પ્રશ્નપત્રોના સવાલ જવાબ તથા પ્રવચનોની નોંધની એક નકલની કિંમત રૂા. ૧-૫૦ રાખવામાં આવી છે. જે ભાઈ-બહેનોને ખરીદવા ઈચ્છા હોય તેમણે પોતાના નામ તથા સરનામા સાથે પુસ્તકની કિંમત ઉપરના સરનામે મોકલી આપવી.

જૈન સમાજના જ્ઞાનપ્રેમી દાતાઓ ભાવી પેઢીના સૂત્રધારો જેવાં વિદ્યાર્થીઓમાં ભગવાન શ્રી જિનેશ્વરોએ ફરમાવેલા શાશ્વત સુખ માટેના જ્ઞાનદાન સારુ ઉદાર હાથે લાભ લેશે તેવી અમારી ખાતરી છે. સહાયક દાતાઓના નામ પુસ્તકોમાં છપાવવાનાં હોવાથી નામ-સરનામાં તથા દાનની રકમો વહેલી તકે મોકલી આપવા વિનંતી છે.

૯. શિબિરના વિદ્યાર્થીઓ શિબિર બાદ ઘેર જાય તે પછી પણ તેમનામાં ધર્મસંસ્કાર સિંચન ચાલુ રહે તથા તેઓ આગળ ધાર્મિક અભ્યાસ કરી શકે તથા અન્ય ભાઈઓને પણ આ સંસ્કારસિંચનનો લાભ મળે તે માટે અમોએ પૂ. પં. ભાનુવિજયજી ગણિવર્યને આધુનિક માનશાસ્ત્રની પદ્ધતિએ વિદ્યાર્થીઓને રુચિકર અને રસપ્રદ શૈલીમાં તેમની તીવ્ર જિજ્ઞાસા સંતોષાય તે પદ્ધતિએ એક અઠવાડિક શિબિર પત્રિકામાં લખાણ આપવા આગ્રહભરી વિનંતી કરી છે. આ પત્રિકાનું વાર્ષિક લવાજમ રૂા. ૬ રાખ્યું છે. ગ્રાહક થવા ઈચ્છનારને તે રકમ ઉપરના સરનામે મોકલવા વિનંતી છે. આ પુસ્તકો તથા પત્રિકા પાઠશાળાઓ, છાત્રાલયો, વિદ્વાનો, શિક્ષકો, અભ્યાસીઓ, તથા વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઘણા ઉપયોગી અને માર્ગદર્શક થશે.

આ ત્રણ યોજનાઓનો સમાજ સારી રીતે લાભ લેશે એવી અમારી ખાતરી છે.

શિબિર છોડ્યા બાદ પણ પોતાના ગામમાં ગયેલ વિદ્યાર્થીઓ શિબિરમાં મેળવેલ સંસ્કારના પ્રભાવ તળે ચાલુ રહે અને આ સંસ્કારોની બીજા ભાઈઓમાં પ્રભાવના કરી શકે તે માટે તેઓના અભ્યાસ તથા પ્રવૃત્તિ પર અંગત દેખરેખ રાખવા માટે ત્યાં બિરાજતાં પૂ. મુનિવર્યોના સહકારથી અંગત સંપર્ક સાધવા તથા તે અંગેની એક ઈનામી યોજના કરવા અમે પ્રયત્ન કરીશું.

શિબિર સમય બાદ ધાર્મિક અભ્યાસ માટે પ્રાકૃત અને સંસ્કૃત ભાષાઓનો અભ્યાસ ખાસ જરૂરી છે. જે વિદ્યાર્થીઓને આ માટે ઈચ્છા હોય તેમને અનુકૂળતા મુજબ સગવડ કરી આપવાની યોજના વિચારણા હેઠળ છે.

મે. ૧૯૬૩ના શિબિરના-વિદ્યાર્થીઓએ ઘેર ગયા બાદ જે પ્રવૃત્તિ અને કાર્ય કર્યું તેનો હેવાલ આપતાં થોડાક અવતરણો નીચે મુજબ છે :

● 'શિબિર વિષે પાઠશાળાએ પાઠશાળાએ દર રવિવારે કહેવા જાઉં છું... આત્મનિરીક્ષણ ખૂબ વધી ગયું છે. અત્રે સામાયિકશાળા શરૂ કરી છે. છોકરાઓનો રસ વધી ગયો છે. તેઓના જીવનમાં આચરણ પણ મહત્ત્વભર્યું સ્થાન લેતા જાય છે. વિદ્યાર્થીઓએ **'પ્રતિજ્ઞાનું મહત્ત્વ'** સાંભળ્યા પછી કંદમૂળ ત્યાગ, રાત્રિભોજન ત્યાગ, કલાકે 'નમો અરિહંતાણં,' મા-બાપને પ્રાતઃ વંદન, ગાળ નહિ બોલવી. ૧૫ દિવસ મીઠાઈ ત્યાગ, ચોરી નહિ કરવી.... વગેરે બાધાઓ સ્વેચ્છાએ માગી લીધી હતી...' - મુકેશ (મુંબઈ)

● **'शिबिर में सबसे उत्तम क्या प्राप्त हुआ ? संक्षेप में उत्तर दूं तो 'अरिहन्त' के प्रति श्रद्धाकी घनीभूतता । मैंने गत अष्टमीको ५० हजार अरिहंतका जाप कर....! प्रतिदिन पूजनका प्रयत्न करता हूं...'**

- सुरेन्द्र लोढा (मंदसौर) B.Sc.

● 'શિબિરની પૂર્ણાહૂતિને ઘણા દિવસો વીત્યા છતાં એ અમૂલ્યજ્ઞાન જીવનજ્ઞાન જીવનસાધના વીસરાતી નથી, મનોમંથન...નિયમ...વ્રતથી મનને સંયમ...અને પાઠશાળા ભણાવું છું. એમાં નવી જાગૃતિ શિસ્ત વગેરે જોઈ કેશુભાઈ પણ ખૂબ ખુશ થયા. મહેમદાબાદ સંઘને પર્યૂષણ કરાવ્યા. ખૂબ ઉલ્લાસ... ઉછામણી સારી. ધામધૂમ'... **- પ્રવીણ સી. શાહ** અમદાવાદ B.Sc.

● 'દરરોજ સૂતાં પહેલાં ચત્તારિમંગલં, શિવમસ્તુ, કુટુંબના કેટલાક સભ્યો સાથે સમૂહમાં બોલવાનો નિયમ રાખ્યો છે...'

- અરવિંદ કે. શાહ (પો.ઓ. બારડોલી)

● 'શિબિરમાંની સામાયિકની બોલીમાં બે માસમાં જુદી પાઠશાળાઓના

વિદ્યાર્થીઓ મારફત ૨૪૦૦ સામાયિક થયા છે...' - **રાજેન્દ્ર ક.** (અમદાવાદ)

● 'શિબિર પછી અહીં સામાયિકશાળા ઊભી કરી-સ્નાત્રપૂજા શીખવાય છે.'

- **રમેશ ન. પટવા** (ઊંઝા)

● 'આપે મારા જેવા એક જૈનેતર વિદ્યાર્થીને સંયમી જીવન જીવવા પ્રેર્યો તે માટે લાખ લાખ વંદન... શક્ય પ્રયત્નો કરી જૈન ધર્મનો પ્રચાર કરું છું.'

- **નટવર ભટ્ટ** (કલોલ) M.A. Psycho

● 'નવકાર મહામંત્રની વીમા યોજનામાં ૨૭૫ સદસ્ય બનાવ્યા છે. વધુ કોશિષ ચાલુ છે, એ યોજના નિમિત્તે બીજા રચનાત્મક કાર્યો પણ કરવા પ્રયત્ન ચાલુ છે.'

- **ઈન્દ્રમલ ટી. શાહ** B.Engi (રાયપુર, મધ્યપ્રદેશ)

આ શિબિરો યોજવા પાછળ અમારા મહત્ત્વના ઉદ્દેશો નીચે મુજબ છે.

હાલ જૈન સમાજમાં આધુનિક વિદ્યાર્થીઓના માનસને સમજી તેમને રુચિકર આકર્ષક શૈલીમાં ધાર્મિક શિક્ષણ આપી શકે તેવા સુશિક્ષિત તથા શ્રદ્ધાસંપન્ન વિદ્વાન પંડિતો, છાત્રાલયના ગૃહપતિ તથા પાઠશાળાના શિક્ષકોની ખાસ ઊણપ છે. દેશના વિવિધ પ્રાંતોમાંથી આવતાં વિવિધ શક્તિવાળા વિદ્યાર્થીઓમાંથી ખાસ ચૂંટેલા વિદ્યાર્થીઓને પોતાના ઉચ્ચવ્યવહારિક અભ્યાસ સાથે પાંચ વર્ષ સુધી વ્યવસ્થિત રીતે સતત ધાર્મિક અભ્યાસક્રમ તૈયાર કરાવવા. તેમની આર્થિક જરૂરિયાતો સારી રીતે સંતોષાઈ શકાય તેવા મોટા ઈનામો આપવા, તેઓ માટે ખાસ નિયત કરેલ ધાર્મિક અભ્યાસક્રમની વાર્ષિક પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર આવા દરેક વિદ્યાર્થીને ઓછામાં ઓછા રૂા. ૩૦૦/-નું ઈનામ આપવું. આવા વીસેક વિદ્યાર્થીઓને તાલીમ આપવા માટે વાર્ષિક રૂા. ૬૦૦૦/- તો ખર્ચ થાય.

સમાજના દાનવીર સદ્‌ગૃહસ્થો તરફથી અમને આ યોજના માટે પ્રોત્સાહન મળે તો યોજના અમે તુરત શરૂ કરી શકીએ.

આ યોજનામાંથી પાંચ વર્ષના અભ્યાસબાદ સમાજને આધુનિક દૃષ્ટિએ સુશિક્ષિત છતા શ્રદ્ધાસંપન્ન, વિદ્વાનો, પ્રચારકો, છાત્રાલયના ગૃહપતિઓ અને પાઠશાળાના શિક્ષકો મળી શકશે, કે જેઓ આધુનિક વિદ્યાર્થી આલમને પણ ધર્મસંસ્કારથી પ્રભાવિત કરવામાં સુંદર કાર્ય કરી શકશે.

આ રીતે તૈયાર થયેલ વિદ્યાર્થીઓ ધાર્મિક સંસ્થાઓના કાર્યકરો અને વહીવટદારો તરીકેની ફરજ પણ સારી રીતે સંભાળી શકશે કે જેની આજે મોટી અછત છે.

આ પ્રકારના તૈયાર થયેલ વિદ્યાર્થીઓને જૈન સંસ્થાઓમાં સારા પગારથી નોકરીએ રખાવવામાં પણ અમે પ્રયત્ન કરીશું કે જેથી તેમને કોઈ આર્થિક મુશ્કેલી મૂંઝવી શકે નહીં.

શિબિરોના મુખ્ય લાભો નીચે મુજબ છે :

શિબિરોનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓનાં હૃદયને સ્પર્શી હૃદયપૂર્વક ધાર્મિક સંસ્કારોનું ઘડતર કરવાનો છે, જે સિદ્ધ કરવા માટે શિબિરોમાં (૧) દેવ-ગુરુ-ધર્મના પ્રતીકો, જિનાલય-ગુરુદેવોની નિશ્રા અને શાસ્ત્ર સિદ્ધાંતના જ્ઞાનમય અભ્યાસક્રમનું શિક્ષણ તીર્થધામોમાં પવિત્ર વાતાવરણમાં વિદ્યાર્થીઓના જીવનમાં આધ્યાત્મિકતાનો પ્રત્યક્ષ અનુભવ કરાવે છે. જેથી તેમના જીવનમાં શ્રદ્ધાના બીજ ઊંડા મૂળ નાંખે છે, શુભ ભાવનાના પૂર ઊલટે છે ને જીવન દિશા પ્રશસ્ત માર્ગે વળાંક લે છે.

(૨) આધ્યાત્મિક શિક્ષણ સંસ્કારના આવા પ્રત્યક્ષ પ્રયોગોથી વિદ્યાર્થીઓમાં જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ રત્નત્રયી પ્રત્યે તીવ્ર અભિરુચિ ઉત્પન્ન થાય છે, જિન પૂજા, ગુરુવંદન સામાયિક, પ્રતિક્રમણ, તપ, આચાર વિચારના નિયમો પચ્ચક્ખાણ વગેરેનું રહસ્ય સમજાય છે. જૈન દર્શનના વિવિધ વિષયોનું જ્ઞાન થતાં અસંયમના વાતાવરણમાં ઘડાયેલા તેમના મન સંયમ પ્રત્યે વળે છે.

(૩) ગ્રીષ્માવકાશનો સદુપયોગ આવા ધર્મશિક્ષણ, સંસ્કારના ઉમદા કાર્યમાં થાય છે. વ્યવસ્થાપકો તરફથી રહેવા જમવાની બધી જ વ્યવસ્થા હોવાથી વિદ્યાર્થીઓ પર એક જાતનો ઋણાનુબંધ રહે છે, જેથી તેમના દિલ વિશેષ રીતે જીતી શકાય છે.

(૪) દિવસ રાત સતત સંસ્કરણ પ્રયોગથી વિદ્યાર્થીની જીવનદૃષ્ટિ બદલાઈ જાય છે ને જીવન ધ્યેયલક્ષી બને છે, ઘેર ગયા પછી ભલેને બધું જ જીવનમાં ઉતારી ન શકે, પણ સાધ્યલક્ષી જાગૃતિ તો જીવંત જ રહે છે, જે પાછી અનુકૂળતા મળતાં સાકાર બને છે.

(૫) સમૂહ જીવનમાં શિસ્ત, વ્યવસ્થા, સહનશીલતા, સહિષ્ણુતા, સંઘભાવના, સાધર્મિક વાત્સલ્યભાવ વગેરે ઉમદા ગુણો ખીલી ઉઠે છે.

(૬) દિનચર્યા સુવ્યવસ્થિત હોવાથી પ્રમાદને અવકાશ રહેતો નથી. વિદ્યાર્થી સમયનો વ્યવસ્થિત ઉપયોગ કેવી રીતે કરવો તે કળા શીખે છે, જે તેના પાછળના જીવનમાં અત્યંત ઉપયોગી બને છે.

(૭) વિદ્યાર્થીઓનું તંત્ર સ્વયં સંચાલિત કોઈ જવાબદારીની કિંમત સમજાય છે. નાના-મોટાનો વિવેક, મર્યાદાના પાઠ પ્રત્યક્ષ શીખવા મળે છે.

(૮) ગામ-ગામના વિવિધ ભાષી વિદ્યાર્થીઓનું સંમેલન થવાથી વિદ્યાર્થીઓની વિશિષ્ટ શક્તિઓ અને ગુણોનો પરિચય થાય છે, જેમાંથી તેમના ચારિત્ર-ઘડતર માટે નવી સ્ફુરણા-ગુણો અને અનુભવોની આપ-લે થાય છે, વિશિષ્ટ શક્તિવાળા વિદ્યાર્થીઓની ભાવિ તાલીમ માટેની યોજના થઈ શકે, જે ભાવિમાં સમાજને વિવિધ દૃષ્ટિએ ઉપયોગી થઈ શકે.

(૯) આધ્યાત્મિક વિદ્વાનો, સંગીતકારો, વક્તાઓનો પરિચય થાય છે જેમનો વિદ્યાર્થીઓ સુંદર લાભ લે છે.

(૧૦) આમંત્રિતો, પ્રેક્ષક, મહેમાનો તથા દાતાઓને નિર્દોષ વિદ્યાર્થીઓના સાધર્મિક વાત્સલ્યનો લાભ મળે છે.

આજના વિદ્યાર્થીઓ ભાવિ સંઘના કાર્યકરો છે. તેમના ધાર્મિક સંસ્કાર અને શિક્ષણ પર ભાવિ સંઘની ઉન્નતિનો મુખ્ય આધાર છે, તે માટેના વ્યવહારું શક્ય પ્રયત્નોમાં આવી શિબિરો અતિ મહત્ત્વની અને ઉપયોગી માલૂમ પડે છે.

ગત બે શિબિરોના પ્રયોગ બાદ શિબિરના કેટલાય વિદ્યાર્થીઓ :

(૧) નિયમિત જિનપૂજા-શાસ્ત્રાભ્યાસ-ગુરુવંદન, સામાયિક કરતા થયા છે અને રાત્રિભોજન-અભક્ષ્ય-અનંતકાય ત્યાગ કરતા થયા છે.

(૨) નિયમિત સમૂહ સામયિક-સ્નાત્ર મહોત્સવ, ધાર્મિક ચર્ચા, વગેરે કરતા થયા છે.

(૩) સિનેમા હોટલ વગેરે વ્યસનો બંધ કર્યા છે.

(૪) વિવિધ પ્રકારના ધર્મ નિયમો પાળતાં થયા છે.

(૫) જૈન ધર્મનું જ્ઞાન મેળવવાથી તેનું ગૌરવ લેતા થયા છે.

(૬) સામાયિકશાળા ચલાવતા બન્યા છે.

(૭) નવકારમંત્રની આરાધનાના પ્રચારક થયા છે.

વર્તમાન પ્રજામાં ઘટતા જતા ધાર્મિક સંસ્કારોને પરિણામે વ્યક્તિગત તેમજ સામુદાયિક અનિષ્ટો વધતા જાય છે. આ કાળના સૌથી મહત્ત્વના આ પ્રશ્નોના ઉકેલ માટે જૈન સમાજના ઉદાર દાતાઓ લાભ લઈ તથા અન્ય અભ્યાસી મુનિવર્યો, વિદ્વાનો માર્ગદર્શન આપી અમોને પ્રોત્સાહિત કરશે તેવી ખાતરી છે.

— શિબિર-મંત્રીઓ

અચલગઢમાં ધાર્મિક શિક્ષણ શિબિરનો મંગળપ્રારંભ

● **અચલગઢ :** (આબૂ)-અત્રે શ્રી ધાર્મિક શિક્ષણ ગ્રીષ્મ શિબિર સમિતિ તરફથી તા. ૪-૫-૬૪ના સવારે સ્કૂલ-કૉલેજના લગભગ ૧૭૫ વિદ્યાર્થીઓની શિબિરનું ઉદ્‌ઘાટન થયું. આ પ્રસંગે શિબિરમંત્રીઓના પ્રયત્નથી રાજસ્થાન સરકારના ઉપશિક્ષામંત્રી શ્રી નિરંજનનાથ આચાર્ય તથા સિરોહીના જિલ્લાધિશ શ્રી જૈન વગેરે ઉપસ્થિત થયા હતા. પૂ. પંન્યાસજી મહારાજ શ્રી ભાનુવિજય ગણિવર પણ રાણકપુરની ઓળી બાદ તા. ૨૭-૪-૬૪ સવારે વિહાર કરી અત્રે વદ ૬ તા. ૩-૫-૬૪ના રોજે પધારી ગયા હતા.

શિબિર સમિતિના મંત્રીઓ **શ્રી શાંતિભાઈ** (ભાણાભાઈ) તથા **શ્રી કેશુભાઈ** એમના કાર્યકર સ્ટાફ સાથે આવી ગયેલ હતા. શ્રી શાંતિભાઈ તો દિવસો પૂર્વે અત્રે આવીને રહેલા અને અત્રેના પેઢીના મૅનેજર **શ્રી ભગવતીલાલજી**ના ભારે ઊમંગભર્યા સહકાર સાથે મંડપો ઊભા કરાવવા વગેરે કાર્ય પ્રારંભી દીધેલું. વિદ્યાર્થીઓને શાસ્ત્રોની વાચના આપવા માટે મોટો સામિયાણો ઊભો કરી એને સુશોભિત કરવામાં આવેલો. પેઢી તરફથી એ વિશાલ મંડપની ભૂમિ પર પત્થરની લાદીઓ જડી દેવામાં આવી હતી. બાકી રસોડું અને ભોજન માટે મોટો મંડપ બનાવેલો છે. પહેલી જ વાર અત્રે આવું આયોજન થતાં એમ લાગે છે કે **ઉનાળામાં પણ અત્રે ઉપધાન કરાવી શકાય એવી સગવડ છે.** ખાસ તો અહીં બહુ ઊંચાણનો પ્રદેશ હોવાથી ઉનાળામાં ય હવા ઠંડી રહે છે અને રાતના ઓઢવું પડે છે, એટલે તપસ્યા સુખપૂર્વક થઈ શકે.

રાજસ્થાનના ઉપશિક્ષામંત્રી **શ્રી નિરંજનનાથ આચાર્યના** હસ્તે શિબિરનો ઉદ્‌ઘાટન પ્રસંગ ઠાઠથી ઉજવાયો. પ્રારંભે પ્રાર્થના-મંગલગીત બાદ મંત્રીઓ અને શ્રીઅમૃતલાલ મોદી તરફથી વિદ્યાર્થી આલમમાં ખાસ કરીને સંસ્કરણ તથા વિનયાદિ પ્રાથમિક ગુણસમૃદ્ધિના હિમાયતી શ્રી નિરંજનાથ, શિબિર સંસ્થા અને પૂ. પંન્યાસજી મહારાજના પરિચય અપાયા, પછી ગતશિબિરના વિદ્યાર્થી શ્રી સુરેન્દ્રકુમાર લોઢાએ જીવનમાં કૃષ્ણપક્ષીય અને શુકલપક્ષીય બાજુઓ, એકમાં ભૌતિક દૃષ્ટિ બીજામાં આધ્યાત્મિક દૃષ્ટિ વગેરે પર વક્તવ્ય કર્યું. શ્રી મુકેશે અમેરિકાના ૧૦૦ મજલાના મકાન પર ચઢતા ખેડૂતોનો દાખલો આપી કહ્યું કે જેમ ૯૫ મજલા ચઢી ગયા બાદ યાદ આવ્યું કે ચાવી નીચે ભૂલી ગયા તો કેવો ફ્રાસકો પડે ? તેમ આટલે ઊંચે

મનુષ્ય જન્મમાં આવ્યા પણ અધ્યાત્મની ચાવી ભુલાઈ ગઈ છે, એ યાદ આવતાં કેટલો ધ્રાસકો પડે ?...' વગેરે, બ્રાહ્મણ વિદ્યાર્થી નટવર ભટે કહ્યું કે મેં અનેક ધર્મોમાં જાત અનુભવ લીધો છે, પણ જૈન ધર્મમાં ચિત્તને સમાધાન મળે છે.... વગેરે. આની અસર સારી પ્રસરી. અત્રેની પેઢીના પ્રમુખ શ્રી પુખરાજજી તથા મેનેજર શ્રી ભગવતીલાલજીએ આભાર દર્શાવી, ધાર્મિક શિક્ષણની અનુમોદના કરી. આ મેનેજરનાં આવ્યા પછી જંગલમાં મંગલરૂપ રહેલ **શ્રી અચલગઢજી** તીર્થમાં ઘણો સારો સુધારો થતો આવ્યો છે. ભોજનશાળા તથા રહેવાની સવગડ સારી છે. છતાં ત્રુટીઓને દૂર કરવા યથાયોગ્ય પ્રયત્ન કરીશું' એમ જણાવ્યું હતું.

શ્રી કાંતિભાઈએ અતિથિ વિશેષને ઉદ્‌ઘાટન કરવા માટે વિનંતી કરી હતી.

ઉપશિક્ષામંત્રીએ હિન્દીમાં પ્રેરક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે, 'અહીં શિબિરમાં અને નિયમનથી બધા કદાચ સારી રીતે વર્તે પણ તે અહીંથી ગયા પછી કેવી રીતે વર્તે છે તે ખાસ જોવાનું રહે છે. પહેલી જરૂરિયાત પ્રૌઢોને અને માતા-પિતાઓને માટે આવી શિક્ષણ શિબિરની છે. છતાં દરેક વિદ્યાર્થીઓ ઘેર જઈ પોતાના માતા-પિતા સાથે અહીંથી લીધેલા જ્ઞાનસંસ્કરણ વિષે સમજૂતી કરે, અને પોતાનો અને તેમનો જીવન-વ્યવહાર શુદ્ધ થાય તેવો પ્રયાસ કરે. સત્ય બોલવું, કૃતજ્ઞતા જાળવવી, ભ્રાતૃભાવ રાખવો, તથા અન્યો સાથે સહિષ્ણુતા રાખવી. આવા કેટલાક નિયમો કે જે ધર્મમાં માનનાર કે ન માનનાર બધા માટે સાધારણ છે, તે પ્રમાણે વર્તાએ તો કાર્ય ઘણું સુંદર અને ફળદાયી બને. દરેકે પોતે નિત્યનોંધ-રોજનિશિ રાખવી. જેમાં નવા જ્ઞાનનો, અનુભવનો, પ્રેરણાદાયી વચનનો સંગ્રહ કરી પરિશીલન-ચિંતન કરતાં રહેવું. વિશેષમાં શિબિર-સંસ્થા સાથે અવર-જવર પોતાના અનુભવ, પ્રશ્ન સમાધાન વગેરેથી સંપર્ક રાખશો કે જેથી સંસ્થાને અપૂર્વ બળ તથા ઉત્સાહ મળે.' વિદ્વદ્વર્ય પૂ. ગુરુમહારાજશ્રી **પં. શ્રી ભાનુવિજયજી મહારાજને** શિબિર-ઉદ્‌ઘાટનરૂપે શિબિર-શિક્ષણ-પુસ્તક વહોરાવી, વિદ્યાર્થીઓને પુસ્તક આપ્યા હતા.

શ્રી અમૃતલાલ મોદીએ પૂજ્ય પંન્યાસજી મ. શ્રીનો ટૂંકમાં પરિચય આપ્યો હતો. સાંસારિક અવસ્થામાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ડિગ્રી લીધેલ. કુટુંબના ધાર્મિક-સંસ્કાર સિંચન તથા પરમકૃપાળુ આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મ.ના સંપર્કથી દીક્ષા લીધી, જેને આજે ૩૦ વર્ષ થયા. ઇતરદર્શનો તથા આગમ શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો છે, **શ્રી 'લલિતવિસ્તરા'** મહાશાસ્ત્રનું હિન્દી-ગુજરાતી વિવેચન વગેરે અનેક ગ્રંથોનું સર્જન કર્યું છે. વિશેષમાં તેઓશ્રીની સમજાવવાની શૈલી અનોખી છે. બહુ જ ટૂંક સમયમાં બહોળા વિષયો અને પદાર્થો રસમય

મનોવૈજ્ઞાનિક પદ્ધતિએ સમજાવે છે- જેથી વિદ્યાર્થી ટૂંક સમયમાં ઘણો સારો બોધ-શ્રદ્ધા પ્રાપ્ત કરે છે. તેમજ તેઓશ્રીનું સંયમ અને તપનું બળ અપૂર્વ છે. ચાલતી ૯૦મી ઓળીએ રાણકપુરથી ઉગ્ર વિહાર કરી અઠવાડિયામાં અત્રે પધારીને આપણા સૌ ઉપર મહાન અનુગ્રહ કર્યો છે. પૂ. ગુરુમહારાજશ્રીને પ્રવચન માટે પ્રાર્થના કરી હતી.

પૂ. પંન્યાસજી મ. શ્રીએ ભણાવવાના વિષયો,-માર્ગાનુસારી ગુણ, કર્મવિજ્ઞાન, ગણધરવાદ, ષોડશકનો ખ્યાલ આપી કહ્યું કે જીવનમાં સક્રિયતા વિનાનું જ્ઞાન પ્રાણરહિત છે. મહારાષ્ટ્રના કુંભોજ તીર્થમાં ચાલતા દિગંબર વિદ્યાલયનું દૃષ્ટાંત આપી જણાવ્યું કે ત્યાં નિઃસ્પૃહી જૈન પ્રોફેસરો બ્રહ્મચારી રહી નામનો જ પગાર લઈ કામ કરે છે. એવા થોડા પણ આજીવન બ્રહ્મચારી ધર્મપ્રચારક આ શિબિરમાંથી પાકે એવું થવું જોઈએ. તેમજ બધા ભણવા આવેલાઓએ પહેલાં તો પોતાના આત્મામાં ધાર્મિક ઘડતર કરવું જરૂરી છે. જ્ઞાનના જથ્થા કરતાં જીવન-ઘડતરની વિશેષ આવશ્યકતા છે. આ શિબિરમાં અપાતું શિક્ષણ બીજાને ભણાવવા કામ લાગે એ માટે હોવાનું ન સમજી દરેક એ સમજે કે આ મારા આત્માની સુધારણા માટે છે...' વગેરે.

સમય થઈ ગયો હોવાથી પૂ. શ્રી પંન્યાસજી મહારાજે શિક્ષણનો વિષય સમજાવવાનું માંડી વાળેલું, પરંતુ માનનીય શ્રી ઉપશિક્ષામંત્રીજીને એ સાંભળવાની ખાસ ઇચ્છા હતી. તેથી બીજે દિવસે બપોરના વર્ગમાં એઓશ્રીએ ખાસ પધારીને ૨॥ વાગ્યાથી ૫ વાગ્યા સુધી બેસી શ્રી ગણધરવાદ અને કર્મવિજ્ઞાનના વિષય બહુ રસથી સાંભળ્યા. વર્ગમાં સમજાવવાની શૈલી જોઈ. એમનું પૂર્વ મંતવ્ય કે 'આબૂ પર તો વિદ્યાર્થીઓ લહેર કરવા આવે' તે મંતવ્ય ફેરવીને એમણે કહ્યું કે **'આ પદ્ધતિના શિક્ષણવાળી શિબિર જરૂર સફળ થશે.'** શિબિરનું કાર્ય વેગબંધ ચાલી રહ્યું છે. વિદ્યાર્થીઓ જીવન સુધાર માટેના નિયમો પણ કરે છે. સવારે સામાયિકમાં નમસ્કારમંત્ર તથા ચત્તારિમંગલંનું સમૂહગાન, સમવસરણના ત્રણ ગઢ પર ધારણામાત્રથી વગર આંક ગણ્યે ૧૦૮ નવકારનું સ્મરણ, આવશ્યક ક્રિયાના સૂત્રોના ભાવનું શ્રવણ, પછી દર્શન-પૂજા-નવકારશી, પછી ૯॥ થી ૧૨ સ્તવન-ગાનપૂર્વક 'માર્ગાનુસારી ગુણો' અને 'કર્મવિજ્ઞાન' પર સમજૂતી, બાદ ૩ થી ૫॥ સ્તવન-ગાનપૂર્વક ગણધરવાદ અને ષોડશક પર શિક્ષણ. નવા વિદ્યાર્થીઓને 'ષોડશક' શાસ્ત્રને બદલે ગતશિબિરના શિક્ષણ પુસ્તકમાંથી પૂ. રાજેન્દ્રવિજયજી મહારાજ શિક્ષણ આપે છે. સાંજના ૭॥ થી ૮॥ મંદિરમાં ભાવના-પ્રાર્થના, અને ૮॥ થી ૯॥ ભણેલાનું અધ્યયન આ રીતે કાર્યક્રમ ચાલે છે.

શિબિરમાં થયેલા અનુમોદનીય વ્રત-નિયમો

પૂજ્ય સિદ્ધાંતમહોદધિ આ. મ. **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી** મ.સા.ના વિદ્વાન શિષ્યરત્ન પૂ. પંન્યાસજી મ. શ્રી **ભાનુવિજયજી** મ.સા.ને વર્ધમાનતપની ૯૦મી ઓળી નિર્વિઘ્ન પૂર્ણ થતાં શિક્ષણ શિબિર તરફથી તા. ૬-૫-૬૪ ના ઉછામણી બોલાઈ હતી. ભાવોલ્લાસ સાથે ઉછરામણીના રંગ વધતો જોઈ સૌમાં અનેરો ઉત્સાહ હતો. ઉછરામણી નીચે મુજબ બોલાઈ હતી. (૧) શ્રી જૈન વિદ્યાર્થીભવન, કડી (ઉ.ગુ.) હ. ધાર્મિક શિક્ષક દલપતભાઈ, બે વર્ષમાં સામાયિક કરવા અને કરાવવા, ૧ લાખ ૬૧, યાવજ્જીવ બે જણે ૨-૩ કાચી-પાકી વારાફરતી વિગઈ ત્યાગ કરી. ૧ વર્ષમાં ૫૧૦૦૦ નવકારવાળી બાધી ગણવી અને ગણાવવી. (૨) શ્રી મુકેશ નવીનચંદ્ર ભાયખલા મુંબઈ. ૧૦ વર્ષ ૫ માસ સુધી ગળપણનો ત્યાગ (ચા, શાક, દાળ સિવાય) (૩) શ્રી વિનુભાઈ સી. યાવજ્જીવ ૧ વિગઈનો ત્યાગ વારાફરતી. (૪) શ્રી મગનલાલ વીરચંદ ગામ લાસ (રોજ.) ૫ વર્ષ ૩૭૦૦૦ બેસણાં કરવા સાથે કરાવવા. બીજે દિવસે વહોરાવવા પ્રસંગે બીજા ઘણા અનુમોદનીય અભિગ્રહો સારી સંખ્યામાં થયા છે.

નિયમ	નિયમ કરનારા	નિયમ	નિયમ કરનારા
૧. કેરીનો ત્યાગ	૨	૨. કેળાનો ત્યાગ	૧
૩. ચોવિહાર	૧	૪. નવકારશી	૧
૫. ઉકાળેલું પાણી	૬	૬. ગળપણ ત્યાગ	૧
૭. દીક્ષા ન લે ત્યાં સુધી અમુક વસ્તુ ત્યાગ	૧૨	૮. ભાતનો ત્યાગ	૧
૯. ભાણાપર ૧ દ્રવ્યનો ત્યાગ	૧	૧૦. શીખંડનો ત્યાગ	૧
૧૧. દૂધપાકનો ત્યાગ	૨	૧૨. પેંડાનો ત્યાગ	૧
૧૩. સોપારીનો ત્યાગ	૭	૧૪. પાનનો ત્યાગ	૪
૧૫. બાસુદીનો ત્યાગ	૩	૧૬. પાંચ તિથિ ઘીનો ત્યાગ	૧
૧૭. વિગઈ ત્યાગ	૫	૧૮. સિનેમા ત્યાગ	૧૭
૧૯. કડા વિગઈ ત્યાગ	૧	૨૦. મીઠાઈ ત્યાગ	૧
૨૧. ચાનો ત્યાગ	૧	૨૨. દહીંનો ત્યાગ	૧
૨૩. બ્રહ્મચર્ય પાલન બહુ નજીવા દિવસો સિવાય	૩	૨૪. કંદમૂળનો ત્યાગ	૩
૨૫. રાત્રિ ભોજન ત્યાગ	૧	૨૬. થાળી ધોઈને પીવાનું	૫૧
૨૭. જલેબી ત્યાગ	૩	૨૮. બીડી સિગારેટનો ત્યાગ	૧૦૦
૨૯. દેરાસર રોજ એક દ્રવ્ય ૧ વખત લઈ જવું.	૧૨૦	૩૦. પહેલી રોટલી ઘી વગર ખાવી.	૨૫
૩૧. માલપુડા બંધ	૧	૩૨. રેડિયો ન સાંભળવો. અમુક દિવસ	૧૦

આધુનિક ગણાતા વિદ્યાર્થીઓમાં પણ તપસ્વી, ત્યાગી અને ઉચ્ચ ચારિત્રશીલ પૂ. સાધુ મહાત્માઓના સત્સંગથી કેટલું સરસ રીતે ચારિત્ર ઘડતર થઈ શકે છે, તે ઉપરોક્ત ઉછરામણથી પ્રત્યક્ષ અનુભવવામાં આવે છે.

• • •

• **આબૂ-અચલગઢ :** રાણકપુરમાં ઓળી કરાવનાર શેઠશ્રી પુખરાજજી અને પિંડવાડાના એક આગેવાન શેઠશ્રી લાલચંદજીએ આબૂ ધાર્મિક શિક્ષણ શિબિરમાં આર્થિક સુકૃતનો લાભ લીધેલો હોઈ, એમના અતિ આગ્રહથી સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ પૂ.આ.શ્રી વિજયયશોદેવસૂરિજી મ. આદિ વિશાળ પરિવાર સાથે આબૂ ઉપર પધાર્યા. પૂજ્યશ્રીનું અત્રે આગમન નક્કી થયું જાણતાં જ શિબિર-સંચાલકો તથા વિદ્યાર્થી મંડળમાં આનંદ આનંદ વ્યાપી ગયો હતો. શ્રીમદ્ના સ્ટ્રેચરને ઉઠાવવાનો લાભ લેવા માટે ઠેઠ આબૂ તળેટીથી માંડીને વિદ્યાર્થીઓ દોડાદોડ કરી રહ્યા હતા. તેથી મુનિમહારાજો અને એમની વચ્ચે ભારે રસાકસી ચાલતી હતી. વૈ.સુ. ૧૧ પૂ. આચાર્યદેવશ્રી અચલગઢ તીર્થ પધારતાં વિદ્યાર્થીઓ પ્રભાત સ્તુતિ અને શિક્ષણવર્ગ પછી બે માઈલ સુધી સામે ગયા.

તીર્થની પેઢી અને શિબિર તરફથી અનેક પ્રકારના વાજિંત્રો સાથે બહુ ઉમળકાભર્યું સ્વાગત થયું. આ અવસરે પૂ. ગુરુદેવશ્રીને વંદનાદિ અર્થે અમદાવાદથી વિહાર કરી પૂ.આ.શ્રી વિજયજંબુસૂરિજી મહારાજ પણ પૂજ્યશ્રીના સાનિધ્યમાં પધારી ગયા હતા. તેથી સ્વાગત-ઉત્સાહમાં વિશેષ વૃદ્ધિ થઈ.

બાદ સવારે ૯॥ વાગે ભવ્ય શિક્ષણ મંડપમાં પૂ. ત્રણેય આચાર્યદેવો અને વિશાળ મુનિમંડળની હાજરીમાં પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રીના મંગળાચરણ બાદ શિબિરમંત્રી ભાઈ શ્રી શાંતિભાઈ (ભાણાભાઈ)એ શિબિરની આછી રૂપરેખા આપતાં ખાસ કરીને જણાવ્યું કે રાજસ્થાનના ઉપશિક્ષામંત્રી શ્રી નિરંજનનાથ આચાર્યે શિબિર-ઉદ્ઘાટન કર્યું, અને તે પછી બીજે દિવસે ખાસ સમય કાઢી બપોરના ૨॥ થી ૫॥

સુધીના શિબિર શિક્ષણ વર્ગમાં હાજરી આપી કર્મવિજ્ઞાન અને ગણધરવાદનો વિષય ભારે રસ લઈ સાંભળ્યો અને તેમાં પૂ. મહારાજશ્રી દ્વારા મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી આવા ઉચ્ચ તાત્ત્વિક શિક્ષણમાં પણ કરાતી કથા-દૃષ્ટાંત-યુક્તિ પુરસ્સર રસમય અને અધ્યાત્મપોષક છણાવટ જોઈ ખૂબ પ્રભાવિત થઈ કહ્યું કે ઉદ્‌ઘાટન વખતે શિબિરને ચાર આની સફળતા મળવાના અભિપ્રાયમાંથી બાર આની સફળતા મળવાના અભિપ્રાય પર આવ્યાનું વ્યક્ત કર્યું.

શિબિરમાં આવેલ ગુજરાત યુનિવર્સિટીના ફિલોસોફીના ડીન પો. દવે સાહેબ તથા ગુજરાત સરકારના કેળવણીખાતાના ઓફિસર શ્રી ભટ્ટ સાહેબ, બંનેએ દિવસો સુધી શિક્ષણવર્ગના એક રસથી શ્રવણ કરવાનો લાભ લીધો અને જૈન તત્ત્વજ્ઞાનથી ઊંડા પ્રભાવિત થયા.

આગળ બોલતાં શ્રી શાંતિભાઈએ કહ્યું કે આ એક એવી સંસ્કાર-તાલિમ છે કે જેના પ્રભાવે પૂ.પંન્યાસજી મહારાજની ૯૦મી ઓળીના પારણા નિમિત્તે અનેક બોલીઓ બોલાઈ. આ શિબિરમાં માર્ગાનુસારી ગુણો યાને જીવન-ઉત્થાન, કર્મવિજ્ઞાન, ગણધરવાદ, અને ષોડશક શાસ્ત્રમાના આરાધનાનાં મૂળ તત્ત્વનું સ્વરૂપનું વિવેચન, ચૈત્યવંદન-સૂત્રોનાં ઉચ્ચારણ, અર્થ-ભાવાર્થની સમજ, વગેરેનું શિક્ષણ અપાઈ રહ્યું છે.

શાંતિભાઈના વક્તવ્ય બાદ બીજા પ્રૌઢ તેમજ શિબિર વિદ્યાર્થીઓનાં વક્તવ્ય થયાં. બાદ વ્રત લેનારને ગરમ સાલ, પૂજાની પેટી વગેરેની પ્રભાવના થઈ.

વૈશાખ સુદ ૧૩ જોધપુરવાસી મુમુક્ષુ ભાઈ શ્રી બાગમલજી તથા એમના સુપુત્ર જ્ઞાનચંદને ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજીના વરદ હસ્તે ભાગવતી દીક્ષા અપાઈ. શ્રી બાગમલજી વરસોથી આ અસાર સંસાર પ્રત્યે વિરકત ભાવનાવાળા હતા, શ્રમણ ભગવંતોના પરિચય કરતાં કરતાં અને સંયોગોની અનુકૂળતા થતા છેલ્લે છેલ્લે જોધપુરમાં રોકાયેલ પૂ. મુનિરાજો શ્રી ધર્મગુપ્તવિજયજી અને શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજની પણ વૈરાગ્ય પ્રેરણાનો લાભ એમને મળ્યો. બાદ રાણકપુર ઓળીમાં એમણે સહકુટુંબ હાજર રહી પૂ. આચાર્યદેવશ્રી આદિના સમાગમ કર્યા અને પૂજ્યશ્રીની નિશ્રામાં જીવન સમર્પિત કરવાનો નિર્ધાર કર્યો. આબૂ પર પૂ. આચાર્યદેવશ્રી પધારતાં વૈ.સુ. ૧૩ દીક્ષા લેવાનું મુહૂર્ત નક્કી કર્યું. આગલે દિવસે અચલગઢમાં શિબિર વિદ્યાર્થીઓ-સંચાલકો તથા યાત્રિકોએ ભારે ઉત્સાહથી એમનો એમના સુપુત્રનો તથા એમના ધર્મપત્નીના અભિનંદન મેળાવડો કર્યો. દીક્ષા દિવસે એમનો વરઘોડો નીકળ્યો. એમના ધર્મપત્નીએ તથા સુપુત્રી શ્રીમતીએ દીક્ષાના ઉપકરણની છાબ ઉપાડી. વરઘોડો મંડપમાં આવતાં જયજયકાર વર્તી રહ્યો. દીક્ષાનાં ઉપકરણની ઉછામણી બોલાવવામાં આવી તે રૂા. ૧૧૦૦ ઉપર

થઈ. પૂ. આચાર્યદેવશ્રીના શુભ હસ્તે દીક્ષાની ક્રિયા થઈ. પિતાપુત્ર બંનેનાં નામ મુનિશ્રી નયરત્નવિજયજી તથા મુનિશ્રી જીવરત્નવિજયજી રાખવામાં આવ્યા.

ઈ.સ. ૧૯૬૪ મે માસની ધાર્મિક શિક્ષણ શિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે મંત્રી શ્રી શાન્તિલાલ સોમચંદનું નિવેદન

પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજ સાહેબ ભાનુવિજયજી ગણિવર્ય તથા અન્ય મુનિરાજો તથા આજના શુભ પ્રસંગના અતિથિ માનનીય શ્રી નિરંજનનાથજી આચાર્ય ઉપશિક્ષામંત્રી રાજસ્થાન તથા અન્ય આમંત્રિત ગૃહસ્થો તથા મિત્રો.

આજે એમ કહેવામાં આવે છે કે જ્ઞાન અને બુદ્ધિનો વિકાસ જોરશોરથી થઈ રહ્યો છે. અને દુનિયા સાહિત્યમાં ખૂબ જ પ્રગતિ સાધી રહી છે. આજના વિજ્ઞાનની ઝડપી પ્રગતિ જોઈ ઘણાએ સારા ગણાતાં લોકોના મનમાં એક સમસ્યા ઊભી થઈ છે કે આજની વૈજ્ઞાનિક સિદ્ધિ સાચી કે પ્રાચીન ધર્મશાસ્ત્રોની સાચી ? એમ લાગે છે કે સુખો યાને સુખના સાધનો આજનું વિજ્ઞાન આપી રહ્યું છે તેનો વિચાર શું પ્રાચીનઋષી-મુનિઓએ નહીં કર્યો હોય ? ભૂતકાળના ઈતિહાસમાં નજર કરતાં જણાશે કે આકાશગામિની વિદ્યા જાણનાર એકને જ લાભ થતો હતો. જ્યારે આજે ઊડતા વિમાનોમાં કોઈપણ વ્યક્તિની ઈચ્છા અનુસાર આકાશ વિહારની મોજ માણી શકે છે, આવા અનેક દૃષ્ટાંતોથી અને પ્રત્યેક વસ્તુથી માણસોના વલણ ભૌતિકવાદ તરફ વળી રહ્યાં છે.

આજનું શિક્ષણ પણ કેવળ દૃશ્યોનો જ વિચાર કરાવી રહ્યું છે તેમાં ક્યાંય દૃષ્ટાંતોનો વિચાર તથા નામ નિશાન પણ નથી. આજનું વાતાવરણ આધ્યાત્મિક શિક્ષણને સંકુચીત અને માનવજાતની પ્રગતિમાં બાધક માની રહ્યું છે, સમગ્ર રીતે આજની પરિસ્થિતિનું પૃથક્કરણ કરવામાં આવે તો જરૂર જણાઈ આવશે કે માનવજાત ભલે ભૌતિકવાદમાં પ્રગતિ કરી રહ્યું હોય પણ માણસાઈમાં અધોગતિને પંથે પ્રયાણ કરી રહ્યું છે, સ્વછંદતા અને સ્વાર્થ છડેચોક સામ્રાજ્ય જમાવી રહ્યાં છે. આ સંજોગોમાં વિદ્યાર્થીઓને સાચા માર્ગદર્શન આપવાની ખૂબ જ આવશ્યકતા છે.

કોઈપણ જીવનું ધ્યેય સુખ મેળવવાનું છે. પછી તે ઈન્દ્ર હોય કે વિષ્ટાનો કીડો હોય. સવાલ એક જ છે કે સંપૂર્ણ અને કાયમી સુખ કયું ! અને એને સિદ્ધ કરવાનો સાચો માર્ગ કયો ? આજનું વિજ્ઞાન પણ સુખ માટે જ સાધના પ્રાપ્ત કરી રહ્યું છે. પણ તે સુખ કરાવશે કે માનવજાતને ભયંકર મુશ્કેલીઓમાં અને યાતનાઓમાં ધકેલી દેશે ?

પાશ્ચાત્ય ભૌતિક કેળવણીએ સૂત્ર આપ્યું છે કે **'વિષય ભોગ ત્યાં સુખ'** જ્યારે પ્રાચીન ઋષિમુનિઓએ **'જ્યાં ત્યાગ ત્યાં સુખ'**નું સૂત્ર આપ્યું એટલું જ નહીં પણ સ્વયં પ્રયોગ કરીને સિદ્ધ કરી બતાવ્યું.

ઇંગ્લેન્ડના આધ્યાત્મિક અર્થશાસ્ત્રી રસિકે કહ્યું છે કે આજનું વિજ્ઞાન આત્માને ભૂલી ભૌતિકવાદની તરક્કી કરી સુખ આપવા ઇચ્છે છે પરંતુ તેની ગણતરી ખોટી છે.

બાલ્યકાળ એ સંસ્કાર સિંચન માટે સર્વશ્રેષ્ઠ વય છે અને એ વયમાં બીજ નાખવામાં આવે તો તેનું વૃક્ષ સારી રીતે ફુલેફાલે છે. વર્તમાન ભૌતિકવાદના પ્રચંડ ઘોડાપુરથી યુવાન વર્ગને બચાવીને તેના જીવનની ઉન્નતિ માટે વર્તમાન શિક્ષણમાં સમૂળી ક્રાન્તિ આવશ્યક છે. ભારતના રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન્ અને ઉચ્ચ નિષ્ણાતોએ તેના માટે ધાર્મિક શિક્ષણની આવશ્યક્તા સમજાવી છે. પરંતુ આજ સુધી એવું કોઈ પરિવર્તન થઈ શક્યું નથી.

આ બધી પરિસ્થિતિમાં અને આવા અનેક સવાલોના ઉકેલ માટે તેમજ યુવાનવર્ગને પોતાના જીવનનો માર્ગ નક્કી કરવામાં સહાયભૂત થાય એવું કોઈક સંસ્કરણનું આયોજન કરવાનું લાંબા સમયથી વિચારાયું હતું. સને **૧૯૬૧માં પાલનપુર મુકામે** પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રી ભાનુવિજયજી ગણિવરે આ માટેનું માર્ગદર્શન આપ્યું અને તેમાંથી **આ શિબિરનો જન્મ થયો.**

આ સંસ્કરણના પ્રયોગો માટે શિબિર નામ સૂચવવામાં આવ્યું. શિબિર એ સંસ્કૃત ભાષાનો પ્રાચીન શબ્દ છે. તેનો અર્થ શિસ્ત અને સંસ્કારોનું બીજારોપણ થાય છે.

સંસ્કાર એ શરીરનો નહીં પણ આત્માનો ગુણ છે. તેથી આ સંસ્કરણના પ્રયોગનું નામ ધાર્મિક શિક્ષણ શિબિર પસંદ કરવામાં આવ્યું અને સને ૧૯૬૨ માં પહેલી શિબિર દેલવાડા ખાતે વલ્લભ પુસ્તકાલયમાં દેલવાડા જૈનમંદિરના ટ્રસ્ટી સાહેબોના સૌજન્યથી જૈનસમાજના પ્રશંસનીય સાધક અને ચિંતક સ્વામી શ્રી ઋષભદાસજી જૈનના અધ્યક્ષપણા હેઠળ યોજાઈ હતી. જેમાં શાળા તથા કૉલેજના ૮૦ (એંશી) વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સને ૧૯૬૩ માં તેજ સ્થળે પૂજ્ય પંન્યાસ શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં બીજી શિબિર યોજાઈ હતી. તેઓશ્રીના ઉચ્ચ ચારિત્ર્યબળ અને જ્ઞાન તપ, અવિરત પુરુષાર્થ, આધુનિક મનોવૈજ્ઞાનિક, આગમાનુસારી શિક્ષણશૈલીથી B.A., B.Com., B.Sc. સુધીના ૧૧૦

વિદ્યાર્થીઓમાં અપૂર્વ ધર્મ જાગૃતિ આવી. સત્પુરુષોના સત્સંગથી વિદ્યાર્થીઓના ચારિત્ર-ઘડતરમાં કેટલો ત્યાગ થઈ શકે તેનો આ પ્રત્યક્ષ અનુભવ થયો. વિદ્યાર્થીઓએ જૈનદર્શનના વિવિધ વિષયોનો ઉચ્ચ અભ્યાસ કર્યો. એટલું જ નહીં પણ **જ્ઞાનસ્ય ફલં વિરતિ** સૂત્ર અનુસાર તે જ્ઞાનને અમલી બનાવવા માટે પૂજ્ય પંન્યાસજી મહારાજની ૮૭ મી વર્ધમાનતપની ઓળીના પારણા નિમિત્તે જીવનને સંયમી બનાવવા અનેક નિયમો ગ્રહણ કર્યા.

આજ સુધી સમાજમાં એવી માન્યતા પ્રચલિત હતી કે વર્તમાન વિદ્યાર્થીઓની સ્વચ્છન્દતાનો કોઈ ઈલાજ નથી પણ આ બે શિબિરના પ્રયોગમાં જ એ પૂરવાર થયું છે કે વર્તમાન વિદ્યાર્થીઓની પ્રચંડ શક્તિને પ્રેમપૂર્વક યોગ્ય માર્ગે વાળવામાં આવે તો જરૂરી સર્જન થઈ શકે.

સમાજને એમ થશે કે વિદ્યાર્થીઓ કેવળ એક માસ આવી તાલીમ લે તેનાથી કાયમી લાભ શું ? પણ ચોવીસે કલાક આધ્યાત્મિક સત્સંગ અને સુ-વાતાવરણમાં એક મહિનો રહેવાથી પણ વિદ્યાર્થીઓના વિચારોમાં અનોખું પરિવર્તન આવે છે અને આ વાવેલું બીજ ભવિષ્યમાં એક મહાન વટવૃક્ષ તરીકે ખીલવાની પૂરી સંભાવના રહે છે.

જૈન સમાજમાં શાસન પ્રેમી ગૃહસ્થોએ આધુનિક વિદ્યાર્થીઓમાં જૈન ધર્મસંસ્કાર સિંચન માટેના આ મહત્ત્વપૂર્ણ કાર્યમાં સંપૂર્ણ આર્થિક સહયોગ આપ્યો છે.

શિબિરની આખી વિસ્તૃત યોજના કલ્યાણ, સુઘોષા, જૈન વગેરે વર્તમાન પત્રોમાં બહાર પાડી હતી, આ શિબિરમાં ભારતના વિવિધ પ્રાન્તોની શાળા અને મહાશાળાઓના ૨૨૫ વિદ્યાર્થીઓને નિરાશ કરવા પડ્યા છે.

સૌથી વધુ યશ પેઢીના ટ્રસ્ટી સાહેબો તથા સ્ટાફના ફાળે જાય છે. શ્રી પુખરાજજી ભંડારીએ વિશેષ કરીને ખૂબ જ રસ લીધો છે. તેમાં શ્રી ડુંગર મહારાજે પણ અમૂલ્ય સેવા આપી છે. અત્રેની પેઢીના મૅનેજર શ્રી ભગવતીલાલજી તેઓ ઉંમરમાં વૃદ્ધ હોવા છતાં કાર્યના ઉત્સાહમાં એક યુવાનને શરમાવે એવા છે, તેઓ દૃઢ નિશ્ચયી અને શાસનપ્રેમી હોઈ એક મહિનાથી અવિરત શ્રમ લઈ રહ્યા છે. આપણે અત્રે જે વિશાળ અધ્યયન મંદિરમાં બેઠા છીએ તે તથા રસોડું વગેરે નવાં ઊભાં કર્યા છે. આ ઉપરાંત ધર્મશાળા દેરાસરની મરામત, સાફસૂફી ઓછામાં ઓછા ખર્ચે વધુ સારી રીતે કરાવી છે, શિબિર અંગે બીજી તમામ સગવડો તેમણે પૂરી પાડી છે. ટૂંકમાં કહું તો અત્રેની પેઢીએ પોતાના જ તરફથી કેટલાક દિવસથી

હું અત્રે શિબિરના કામ અંગે આવી રહ્યો છું. મને જણાવતાં આનંદ થાય છે કે અત્રે જાત્રાળુઓને રહેવાખાવાની ઉત્તમ સગવડ છે. તેમજ હવામાનની દૃષ્ટિએ, આધ્યાત્મિક દૃષ્ટિએ આ તીર્થ દેલવાડાથી કોઈ રીતે ઉતરતું નથી બલ્કે વધી જાય તેવું છે. અત્યાર સુધી હું આ તીર્થની સગવડતાઓ બાબતમાં અજાણ હતો, તેમજ મને લાગે છે કે લગભગ બધો વર્ગ સાવ અજાણ છે. મને જાણવા મળ્યું છે ત્યાંસુધી લોકોને એવો જ ખ્યાલ છે કે અચલગઢમાં રાત રહી શકાય જ નહીં, આ માટે દિલગીરી સાથે કહેવાનું કે અત્રેની પેઢી જાહેરાત અને લોકોને જાણ કરવામાં પાછળ રહી ગઈ છે. નહીં તો આ તીર્થની જાહોજલાલી ખૂબ જ વધવા પામી હોત. હજુ પણ કાંઈ બગડી ગયું નથી. માઉન્ટ આબુ અને દેલવાડાનું હવામાન બદલાઈ રહ્યું છે. ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે એટલે આ તીર્થને વિકસાવવાની પૂરેપૂરી શક્યતા છે.

શિબિર પછી શું ? આ એક સૌથી મહત્ત્વનો પ્રશ્ન અને સમસ્યા છે, પહેલી શિબિરમાં ૮૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા અને રૂા. ૧૧૮૦૦/- રૂપિયાનો ખર્ચ થયો હતો, બીજી શિબિરમાં ૧૧૦ વિદ્યાર્થીઓ હતા અને રૂા. ૧૫૦૦૦ નો ખર્ચ થયો હતો આ શિબિરમાં ૨૫૦ વિદ્યાર્થી પાછળ રૂા. ૨૫૦૦૦ થી વધુ રકમનો ખર્ચ થશે. ઉપરાંત કાર્યકરોની માનદ્‌સેવા આ બધાની સફળતાનો આધાર વિદ્યાર્થીઓની પાછલી કારકીર્દી પર અવલંબે છે.

મારે વિદ્યાર્થીઓને એક જ વિનંતી કરવાની છે કે સમાજ તમારી પાછળ માતબર રકમ ખર્ચ કરી રહ્યો છે. એમની લાગણીઓ અને આશય સમજે.

દેશના વિવિધ પ્રાંતોમાંથી વિવિધ શક્તિવાળા વિદ્યાર્થીઓનો આ શિબિરમાં પરિચય થાય છે. અને તેવા શક્તિવાળા વિદ્યાર્થીઓમાંથી ખાસ ચૂંટેલા વિદ્યાર્થીઓને પોતાના ઉચ્ચ વ્યવહારિક અભ્યાસ સાથે પાંચ વર્ષ સુધી વ્યવસ્થિત રીતે અને સતત અભ્યાસ કરાવવો, જેથી પાંચ વર્ષના અભ્યાસ બાદ સમાજને આધુનિક દૃષ્ટિએ સુશિક્ષિત છતાં શ્રદ્ધા સંપન્ન વિદ્વાનો, પ્રચારકો, કાર્યાલયના ગૃહપતિઓ અને પાઠશાળાના શિક્ષકો મળી શકશે કે જેઓ આધુનિક વિદ્યાર્થી આલમને પણ ધર્મ સંસ્કારથી પ્રભાવિત કરવામાં સુંદર કાર્ય થઈ શકશે.

અંતમાં હું શાસનદેવને પ્રાર્થના કરું છું કે વિદ્યાર્થીઓને એવી શક્તિ એવી બુદ્ધિ મળે કે જેથી સાધર્મિક સંસ્કરણોના આ સ્વરૂપથી આદર્શ નાગરિક બનીને સમાજ, રાષ્ટ્ર અને ધર્મની ઉન્નતિ કરતાં કરતાં સ્વપર કલ્યાણની સાધનાને સિદ્ધ કરે.

અચલગઢ તીર્થ (આબૂ)માં યોજાયેલ શ્રી જૈન ધાર્મિક શિક્ષણ ગ્રીષ્મ શિબિર (ઈ.સ. ૧૯૬૪, મે)નો રસમય બોધક અહેવાલ.

લે. શ્રી અમૃતલાલ મોદી, એમ.એ.,
(હેડમાસ્તર, ધાનેરા, કટોસણ વગેરે હાઈસ્કૂલ, (હાલ ભાભર હાઈસ્કૂલ)

શિબિર ૧ લી :

દાનવીર શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ, શ્રી હિંમતમલજી વનેચંદ વગેરે અનેક મહાનુભાવોની ઉદારતાથી ભાઈશ્રી કેશવલાલ મોહનલાલ, શ્રી હિંમતમલજી બેડાવાળા, શ્રી કાન્તિલાલ ઉજમલાલ વગેરે હાઈસ્કૂલ-કૉલેજના વિદ્યાર્થીઓને ઈ.સ. ૧૯૬૨ મે માસ વેકેશનમાં ધાર્મિક શિક્ષણ સંસ્કરણ આપવા માટેની આબૂ દેલવાડા શિબિરનું આયોજન કર્યું. એમાં પૂ. મુનિરાજશ્રી ગુણાનંદવિજયજી મહારાજ, મદ્રાસવાળા શ્રી ઋષભદાસજી જૈન (સ્વામી), શ્રી કુંવરજી માસ્તર વગેરેએ શ્રી તત્ત્વાર્થસૂત્ર વગેરેનું શિક્ષણ આપ્યું.

શિબિર ૨ જી :

એની સારી સફળતા જોઈ ઈ.સ. ૧૯૬૩માં પણ દેલવાડા પર એવી જ ગ્રીષ્મ શિબિર યોજવામાં આવી. વિદ્યાર્થી સંખ્યા આ વખતે ૭૦થી વધીને ૧૩૦ની થઈ. શિબિર-યોજકોની આગ્રહભરી વિનંતી સ્વીકારી પૂ. સિદ્ધાંત-મહોદધિ કર્મસાહિત્યનિષ્ણાત આચાર્ય ભગવંત **શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજ સાહેબે શિબિરમાં શિક્ષણ સંસ્કરણ અર્થે પોતાના શિષ્ય પૂ. પંન્યાસજી **શ્રી ભાનુવિજયજી** ગણિવરને મોકલ્યા. એઓશ્રીએ સ્વરચિત **'શ્રી જૈન ધર્મનો સરળ પરિચય'** પુસ્તકના આધારે તત્ત્વ, મોક્ષમાર્ગ, શ્રાવકાચાર-કૃત્ય, યોગ, ઉપરાંત આવશ્યક સૂત્ર-રહસ્ય, વિવિધરાગમય સ્તવન, મનોવિજ્ઞાન શૈલીથી અરિહંત-પ્રાર્થના-ધ્યાન-જપ-ચિંતન-ભાવનની તાલિમ આપી. ઉપરાંત મદ્રાસવાળા **ઋષભદાસજીએ** કેટલાક દિવસો **વિશ્વવ્યવસ્થા,** જાપ-સામર્થ્ય, વિજ્ઞાન વગેરે પર ભાષણો આપ્યાં. આ શિબિરથી વિદ્યાર્થીઓમાં બોધ ઉપરાંત જીવન-ઘડતરના ગુણો, વ્રત-નિયમો-આચારો વગેરેમાં વિશેષ પ્રગતિ થઈ.

શિબિર ૩ જીમાં નવા કાર્યકર :

એ દેખીને ખંભાતવાળા **શ્રી શાંતિલાલ** કે જેમણે ચાલુ સારી કમાઈવાળા ધંધાથી સદંતર નિવૃત્ત થઈ શ્રી સંઘ-સેવાને અર્થે કમર કસી છે, ને ખંભાત-

જ્ઞાતિસેવા, ધાર્મિક શિક્ષણ સંઘ, ગોડીજી સંસ્કૃત પાઠશાળા વગેરેમાં સારો સહકાર આપ્યો છે, એ ઈ.સ. ૧૯૬૪ની ગ્રીષ્મશિબિરના કાર્ય માટે ઉત્સાહિત થયા. શ્રી કેશુભાઈ, હિંમતભાઈ વગેરેએ તો એમના શિરે કાર્યની આગેવાનીનો જ કળશ ઢોળ્યો. અલબત્ત શિબિર-સમિતિનોય વિસ્તાર કરવામાં આવ્યો.

શિબિરની ફલશ્રુતિમાં, કૉલેજિયન જેવા વિદ્યાર્થીઓમાં સુંદર ધર્મશ્રદ્ધા, શ્રાવકાચાર, કડક વ્રતનિયમ અને અન્ય વિદ્યાર્થીઓને ધર્મ-દોરવણી વગેરે આ કાળમાં દુષ્કર ગણાય એવું કાર્ય થતું જોઈ શ્રી શાંતિભાઈએ સહચારી કાર્યકરોના સહકાર સાથે બે ઉમ્મીદ રાખી કે (૧) વિદ્યાર્થી સંખ્યા વધારે લેવી; ને (૨) શિબિર-ખર્ચ અંગે અધિક મહાનુભાવોને શિબિરમાં રસ લેતા કરવા માટે સાધર્મિક ભક્તિમાં ફાળો ઓછો લેવો.

શિબિરને હાર્દિક આવકાર :

એ માટે પૂર્વ શિબિરની કાર્યવાહી અને થયેલ મહાન લાભનું તથા આગામી શિબિરની કાર્યયોજનાનું અને વિદ્યાર્થીઓને નિમંત્રણનું સાહિત્ય ભારતભરમાં પ્રચારવામાં આવ્યું. આનો સુંદર પડઘો પડ્યો. ઈ.સ. ૧૯૬૩ની શિબિરના અસાધારણ કાર્યને દિવસો સુધી નજરોનજર નિહાળી ઉત્સાહિત બનેલ સાદડીવાળા શેઠ **શ્રી પુખરાજજી રાંકા** તથા પિંડવાડાવાળા શેઠ શ્રી **લાલચંદજી છગનલાલે** ત્યારે જ આગામી શિબિર માટે રસોડા ખર્ચમાં લગભગ અડધો લાભ લેવાની માંગણી રજૂ કરી ઉદારતા બતાવેલી. હવે ઉપરાપર બીજા ફાળા નોંધાતા ગયા. એક અપરિચિત ભાઈએ તો માત્ર સાહિત્ય વાંચીને રૂા. ૧૧૦૦/- ઉપરાંતનો ફાળો ઈનામો વહેંચવા માટેનો મોકલી આપ્યો. ત્યારે નિપાણી (મહારાષ્ટ્ર) વાળા **આર.ટી.શાહે** પોતાના ખર્ચે ગામના છ વિદ્યાર્થીઓ મોકલવા તથા શિબિર ભક્તિમાં રૂા. ૫૦૦/-નો લાભ લેવાનું કર્યું છે. શેઠ શ્રી **જીવતલાલ પરતાપશી** દ્વારા શાંતિદાસ ખેતસી ટ્રસ્ટમાંથી ગતવર્ષની જેમ આ વખતે પણ રકમ મળવાની યોજના થઈ. બાકી તો શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ વગેરેની વિશેષ રકમનો લાભ લેવાની ઈંતેજારી છતાં મંત્રી શ્રી શાંતિભાઈએ બીજા અનેકોને લાભ આપી રસ લેતા કરવા માટે બીજાઓની જેમ એમની પણ સામાન્ય જ રકમ વિનયપૂર્વક નોંધી.

વિદ્યાર્થીઓના પ્રવેશપત્રો એટલા બધા આવવા માંડ્યા કે જૂના-નવા મળી ૨૦૦ વિદ્યાર્થી લેવાની ગણતરી રાખેલી છતાં મેટ્રિક નીચેના વિદ્યાર્થીઓ લગભગ ૮૦ જેટલાના પ્રવેશપત્ર નામંજૂર કરવા પડ્યા.

સંઘની આતુરતા : શ્રી સંઘ તરફથી મળેલ આ બંને પ્રકારના આવકાર કહી જાય છે કે આજની આગળની ભૌતિક કેળવણી લેતી જૈન પ્રજામાં ચોક્કસ પ્રયોગ

દ્વારા ધાર્મિક જીવન ઘડતર થતું હોય તો લોકો, પૈસા ખરચવાને તત્પર છે, તેમ માબાપો પોતાના પુત્રોને એ પ્રયોગનો લાભ લેવરાવવા માટે આતુર છે.

શિબિર-પાઠ્યપુસ્તક : શિબિરના કાર્યકરોએ શિક્ષણ અપાવવાનું આ વખતે પણ પૂ. પં. શ્રી **ભાનુવિજયજી ગણિવર** પાસે નક્કી કર્યું અને એઓશ્રીને એ માટે મોકલવા એઓશ્રીના ગુરુદેવ સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવશ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજ સાહેબને મહિનાઓ પૂર્વે આગ્રહભરી વિનંતી કરી. પૂજ્યશ્રીને હાર્ટએટેક પછી તબીયત નાજુક બનેલી છતાં સંઘને મહાન લાભ થતો જોઈ મોકલવાની વિનંતી માન્ય રાખી. શિક્ષણના વિષયો જીવન-ઉત્થાન (માર્ગાનુસારીના ગુણ), કર્મસિદ્ધાંતનું વિજ્ઞાન, ગણધરવાદની આત્મા, કર્મ, પરલોક વગેરેની ચર્ચા તથા ધર્મ આરાધનાના મૂળભૂત રહસ્ય દર્શાવતું શ્રી ષોડશક શાસ્ત્ર વગેરે નક્કી કરવામાં આવ્યા. તે મુજબ પંન્યાસજી મહારાજે ૩-૪ માસ સખત પરિશ્રમ લઈ એના પાઠ્ય-પુસ્તક તરીકે **જૈન ધર્મનો સરળ પરિચય ભાગ-૨** જો તૈયાર કર્યો. શિબિર તરફથી એને ભાવનગર આનંદ પ્રિ. પ્રેસમાં છપાવવાનું કરવામાં આવ્યું.

શિબિરનું સ્થળ અચળગઢ રાખવા માટે ગઈ વખતથી નિવૃત્ત નાયબ તહેસીલદાર અને શ્રી અચલગઢ તીર્થ-પેઢીના બાહોશ મેનેજર શ્રી **ભગવતીલાલજી** પોખરનાનો બહુ આગ્રહ હતો. એમાં પેઢીના ટ્રસ્ટીઓ શેઠશ્રી **પુખરાજજી** રોહિડાવાળા વગેરેએ પણ તેમાં સાથ પૂરી, જગા પાણી વગેરેનો સારો બંદોબસ્ત કરવાની તૈયારી સાથે આગ્રહ કર્યો, તેથી સ્થળ **અચલગઢ** નક્કી કરવામાં આવ્યું.

તડામાર તૈયારી : પેઢી તરફથી શિક્ષણ અને ધર્મક્રિયાઓના મંડપ માટે વિશાલ પટાંગણમાં પત્થરની લાદીઓ જડાવવી, ભોજન મંડપની પણ વિશાલ જગા તૈયાર કરાવવી, ધર્મશાળાની અનેક રૂમોને ધોળાવવી-કરવી, વગેરે કામકાજ મેનેજર શ્રીમાને ખૂબ ખંત અને ચોકસાઈથી ધમધોકાર શરૂ કરાવી દીધું. એપ્રિલની અધવચમાં મંત્રીશ્રી શાંતિભાઈએ અચલગઢમાં જ પોતાનો મુકામ કરી મંડપમાં તંબુ ઊભા કરાવવા વગેરે કામકાજ તથા શ્રી લાલચંદજી વગેરેના સહકાર સાથે કોઠાર સામગ્રી એકત્રિત કરાવવાનું કાર્ય પ્રારંભી દીધું. એટલામાં મંત્રી શ્રી કેશુભાઈ જેઓ વિદ્યાર્થીઓને પ્રવેશપત્ર મોકલવા-મંજુર કરવા વગેરેનું કાર્ય મુંબઈમાં સંભાળી રહ્યા હતા, તેઓ પણ અચલગઢ આવી વ્યવસ્થા કાર્યમાં જોડાઈ ગયા. સાથે પાછલી બંને શિબિરથી ભારે સેવા આપનાર કોલેજિયન ભાઈશ્રી હર્ષદકુમાર નવીનચંદ્ર અને બીજાઓ પણ સમયસર આવી પહોંચ્યા. વિદ્યાર્થીઓ પણ તા. ૩૦-૪-૬૪ સુધીમાં પોતાના બિસ્તરબંડલ સાથે હાજર થઈ ગયા.

શિબિર-પ્રારંભ : શિબિર મે ની ૧લી તારીખથી શરૂ થાય છે, પરંતુ શેઠશ્રી પુખરાજજી સાદડીવાળા તરફથી મારવાડ સિદ્ધચક્ર કમિટીના ઉપક્રમે ભારતવ્યાપી નિમંત્રણપૂર્વક મોટા પાયા પર ચૈત્રી આંબેલની ઓળી રાણકપુરજીમાં કરાવાતી હોઈ અને તે પર પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ આદિ અને તપસ્વી વ્યાખ્યાનકાર પૂ. પંન્યાસજી ભાનુવિજયજી ગણિવરને ખૂબ જ આગ્રહપૂર્વક લઈ ગયેલ હોઈ શ્રી પંન્યાસજી મહારાજને તા. ૧-૫-૬૪ ના રોજે અચલગઢ ઉપસ્થિત થવું અશક્ય જેવું હતું, તેથી એઓશ્રીએ પૂ. ગુરુદેવની આજ્ઞાથી પોતાના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ આદિને આગળથી અચલગઢ મોકલી આપ્યા. એમણે ગત શિબિરના તત્ત્વજ્ઞાનના વિષયનું અધ્યાપન શરૂ કર્યું. સાથે શ્રી શાંતિભાઈ, કેશુભાઈ વગેરેના ભાષણ, સમૂહ પ્રાર્થના, સ્નાત્ર મહોત્સવ પૂજા વગેરે કાર્યક્રમ શરૂ થઈ ગયો.

પૂ. પંન્યાસજી મ.નું આગમન : પૂજ્ય પંન્યાસજી મ. **શ્રી ભાનુવિજયજી ગણિવર** રાણકપુર ચૈત્રી ઓળી પત્યા બાદ ચૈ.વ. ૧ તા. ૨૭-૪-૬૪ સવારે પોતાના થોડા મુનિઓ સાથે પ્રયાણ કરી લગભગ ૯૦ માઈલનો ઉગ્ર વિહાર કરી ચૈ.વ. ૬ તા. ૩-૫-૬૪ સવારે આબુ દેલવાડા આવી પહોંચ્યા. એમના તરત જ અચલગઢ પધારવાની ખબર પડી જવાથી કેટલાક વિદ્યાર્થીઓ તો બે માઈલ સુધી સામે લેવા માટે ગયેલા જઈ મળ્યા, અને જૈનશાસનના જયકારના બુલંદ ધ્વનિથી, ગગનને ગજાવી મૂક્યું. વિદ્યાર્થીઓની ટૂકડીઓ આવતી જ ગઈ. શ્રી શાંતિભાઈ, કેશુભાઈ વગેરે પણ આવી પહોંચ્યા. સૌના દિલમાં આનંદના પૂર ઊછળ્યા. મંત્રીઓ તથા પેઢીના ટ્રસ્ટીઓ શ્રી ભગવતીલાલજી મૅનેજરે પેઢીના સુસજ્જ સિંપાઈઓ, ઢોલ વાંજિત્રો વગેરેથી પૂજયશ્રીના સ્વાગત સન્માન કર્યા, મંગળાચરણ થયું, બપોરે પૂજા ભણાવવામાં આવી.

રાજસ્થાનના ઉપશિક્ષણમંત્રી દ્વારા ઉદ્‌ઘાટન :

તા. ૪-૫-૬૪ સવારે-આમંત્રિત રાજસ્થાનના ઉપશિક્ષણમંત્રી શ્રી **નિરંજનનાથ** આચાર્યના હસ્તે શિબિરનું ઉદ્‌ઘાટન કરવા રૂપે પૂ. પંન્યાસજી મહારાજને પાઠ્યપુસ્તક અર્પવામાં આવ્યું. ત્યાં શિક્ષણમંત્રીએ સારો સમય લઈ વિદ્યાર્થીઓને શિબિર પછીની જવાબદારી અંગે ખાસ હિતશિક્ષા આપી. બાદ મંત્રી શ્રી શાંતિભાઈએ પોતાનું ખાસ તૈયાર કરેલ અભ્યાસપૂર્ણ નિવેદન રજૂ કર્યું. પૂ પંન્યાસજી મહારાજે આ શિબિરમાં શીખવવામાં આવનાર વિષયોનો ટૂંક પરિચય આપ્યો. બાદ 'સર્વમંગલ' થયું. શિક્ષામંત્રીશ્રીએ શિબિરમંત્રીઓને દુઃખ વ્યક્ત કર્યું કે મારે તો મહારાજશ્રીના મુખે આજે કર્મવિજ્ઞાનનો શિક્ષણીય વિષય સાંભળવો હતો ! તેથી પૂછ્યું કે 'કાલે

હું એ સાંભળવા આવી શકું ?' મંત્રીઓએ હાથ જોડી કહ્યું 'સાહેબ ! આપે આવું પૂછવાનું શાનું હોય ? આપનો સમય કિંમતી ધારી અમે આપને ફરી પધારવાનું કહેવા સંકોચાઈએ. બાકી આપ જરૂર પધારો અમને આનંદ થશે.'

તા. ૫ મી બપોરના વર્ગમાં ૨॥ વાગે શ્રી નિરંજનનાથ આચાર્ય પધાર્યા, વિદ્યાર્થીઓની સાથે બેસી 'ગણધરવાદ' અને 'કર્મવિજ્ઞાન'ના વિષયો સારી એકાગ્રતાથી અને અભ્યાસપૂર્ણ દૃષ્ટિએ સાંભળ્યા. વિશેષતા તો એ હતી કે ઠેઠ પા॥ વાગ્યા સુધી બેઠા તેમાં વચમાં એમને વિજ્ઞપ્તિ કરવા છતાં પાણી પીવા સરખું એ ગયા નહિ. આગળ વધેલા માનવોમાં શિસ્ત કે 'વક્તા વચમાં ઊઠતા નથી તો આપણાથી કેમ ઊઠાય ?,' સહિષ્ણુતા, વગેરે એવી ખાસિયતો જોવામાં આવે છે કે નાનાઓને એવા આચરણ પરથી શીખવું હોય તો શીખવા મળે કે મહાન થવું હોય તો આવી પાયાની ખાસિયતો અવશ્ય જોઈએ. અસ્તુ. શ્રીયુત શિક્ષામંત્રીએ શ્રવણથી પ્રભાવિત થઈ કહ્યું કે 'આબુ જેવા પર જ્યાં વિદ્યાર્થીઓ લહેર ઉડાવવાની દૃષ્ટિથી જ આવે ત્યાં કાંઈ આવી શિબિર સફળ થાય નહિ એવો મારો અભિપ્રાય હતો; પરંતુ અહીં જ્યાં સમૂહ-સંગીત, ટૂચકા દૃષ્ટાંત અને હાસ્ય-શૌર્ય-વેરાગ્ય વગેરે રસ અને જીવન-ઘડતરની મધુરી પ્રેરણા પ્રોત્સાહન સાથે આવા ગણધરવાદ, કર્મવિજ્ઞાન જેવા તાત્ત્વિક પણ વિષયોનું શિક્ષણ અપાય છે તો આવી મનોવૈજ્ઞાનિક પદ્ધતિના શિક્ષણ પર, મને લાગે છે કે, **સારી સફળતા જરૂર આવશે.'** તાત્પર્ય પોતે બહુ સંતુષ્ટ થયા, અને વિશેષમાં કહ્યું કે હું મુંબઈ જવાનો છું, ત્યાંના તમારા કોઈ આગેવાન શ્રીમંતને શિબિર-ફંડ માટે ભલામણ કરવાની હોય તો જરૂર મને નામ સૂચવજો હું ભલામણ કરીશ ! બીજે દિવસે એમણે સરકારી લેટરફોર્મ પર પોતાનો સુંદર અભિપ્રાય લખી મોકલેલો. એક જૈનેતર રાજ્યમંત્રીનો આ અભિપ્રાય શિબિર પ્રત્યે અરુચિ કરનારની આંખ ખોલે તેવો છે.

પારણા પર અસાધારણ ઉછરામણી :

તા. ૬ ઠ્ઠી રાત્રે, - આવતીકાલે પૂ. પંન્યાસજી મહારાજશ્રીને વર્ધમાન આંબેલ તપની ૯૦મી ઓળીનું પારણું છે. ગઈ શિબિરની જેમ આ વખતે પણ પહેલું વહોરાવવાનો લાભ લેવા માટે વિદ્યાર્થીઓ ઉછરામણી બોલવામાં ઉછળી પડ્યા ! કડી બોર્ડિંગ ગ્રુપ સહિત દલપતભાઈ ૧ લાખ ૬૧૦૦૦ સામાયિક (કરવા-કરાવવારૂપે) વિનોદચંદ્ર જીવનભર રોજ ૧ પાકી વિગઈત્યાગ સ્વયં. મૂકેશચંદ્ર નવીનચંદ્ર સ્વયં ૧૨૫ મહિના (૧૦ વર્ષ ૫ માસ) સુધી ચા-દાળ-શાકને છોડીને ગોળ-સાકર સર્વથા ત્યાગ, કડી ગ્રુપ ૫૧૦૦૦ પક્કી નવકારવાળી અને લાસના

વતની મગનલાલ ૩૭૦૦૦ બેસણા (કરવા-કરાવવા) એમ પાંચ ઉછરામણી થઈ.

તા. ૭ મી સવારે, - આજ તો પ્રભાતના વર્ગ પછી વિદ્યાર્થીઓની પૂ. મહારાજ સાહેબને વહોરાવવા માટે પડાપડી હતી. એમાં પહેલા પાંચે વહોરાવતાં જૈનશાસનનો જયનાદ ગાજી ઉઠ્યો. પછી તો અનેક જણાએ જીવનસુધારણા અને આત્મોન્નતિના નિયમો પૈકી કોઈએ કોઈ તો બીજાએ બીજો એમ અનેક પ્રકારના નિયમ સ્વેચ્છાથી માગી લઈ પૂજ્યશ્રીને વહોરાવીને આત્માનંદ અનુભવ્યો. આની ખુશાલીમાં આજે વિદ્યાર્થીઓને જમણ આપવામાં આવ્યું.

દૈનિક કાર્યક્રમ : શિબિર-કાર્યક્રમ : ૪ થી તારિખથી શિબિરના રોજના કાર્યક્રમમાં, પ્રભાતે ૫ વાગે વિદ્યાર્થીનો ઊઠવાનો ઘંટ વાગતો, પછી કોલ્હાપુરના સીતારવાદક શ્રી સ્વામીજી ભેરવી રાગમાં સીતારના મધુરા સૂરો વાતાવરણમાં લહેરાવતા. વિદ્યાર્થીઓ ઊઠવા માંડતા, કેટલાકને ઊઠાડવા પણ પઢતા. શૌચવિધિ પછી પા। વાગે સામૂહિક સામાયિક વર્ગમાં પહેલાં (૧) ૧૦૮ નવરકારનો જાપ કરાવાતો, બાદ (૨) પૂ. પંન્યાસજી મ. વિદ્યાર્થીગણને માલકોશ રાગમાં ક્યારેક ભેરવી યા દુર્ગા, વાઘેસરી રાગમાં નવકાર મહામંત્રની ધૂન લેવરાવતા, પછી (૩) વૈદિક રાગમાં ચત્તારિ મંગલના ૧૫ પદ, બાદ (૪) મંદાક્રાન્તા છંદમાં **'શ્રી અરિહંતો સકલહિતદા ઉચ્ચ પુણ્યોપકારા...'** વાળું નવપદનું ગીત લેવરાવતા. તે પછી (૫) નવરકારમંત્રથી આવશ્યક ક્રિયા સૂત્રોની સમજુતી આપતા. ૭ વાગે વર્ગ પૂરો થતો.

૭। થી ૯। દેવદર્શન, નવકારશી નાસ્તો, પ્રભુ પૂજા પત્યા બાદ ૧૨ વાગ્યા સુધી બે શિક્ષણ વર્ગ ચાલતા. દરેક વર્ગની શરૂઆતમાં રાગ-રાગણીમાં પરમાત્માનું સ્તવન ગવરાવવામાં આવતું. તેથી પ્રભુભક્તિના મંગળ ઉપરાંત સ્ફૂર્તિ ઊભી થતી. પછી ભોજન, આરામ વગેરે બાદ ૨। વાગે વર્ગ શરૂ થતો. વચમાં નાની રજા પછી વર્ગ રહેતો.

સાંજે પા। વાગે ભોજન, ભ્રમણ, બાદ દેરાસરમાં શ્રી કેશુભાઈ પ્રાર્થના ગવરાવતા, પછી ભાવના આરતિ થતી. ૮। થી ૯। વિદ્યાર્થીઓ સ્વયં અધ્યયન કરતા. પછી શયન રહેતું, પરંતુ કેટલાય વિદ્યાર્થીઓ મોડી રાત સુધી અધ્યયનમાં પરોવાયેલા રહેતા.

પાંચ તિથિ સામુદાયિક પ્રતિક્રમણ રહેતું. બાકી કેટલાય વિદ્યાર્થીઓ રોજના વર્ગમાં ય સામાયિકમાં રહીને જ પાઠ સાંભળતા.

શ્રી આદીશ્વરદાદા : દૈનિક કાર્યક્રમની રોનકતાનું મોટું એક કારણ તો એ

હતું કે અચલગઢ તીર્થાધિપતિ ત્રિભુવનગુરુ **શ્રી આદીશ્વર ભગવાનની** છત્રછાયા મળી હતી. રાણકપુર મહામંદિર બંધાવનાર શ્રી ધરણશાહના પિતરાઈ રાજ્યમંત્રી **શ્રી સહસા સંઘવી**એ અર્બુદાચલ (આબૂ) ગિરિના ઉત્તંગ શિખર અચલગઢ પર અલૌકિક ચતુર્મુખ જિનપ્રાસાદ-નિર્માણનું દુષ્કર કાર્ય કર્યું, એમાં પંચધાતુમય વિશાળકાય આદીશ્વર ભગવાન વિ.સં. ૧૫૬૬માં વિપુલ ધનવ્યય સાથે પ્રતિષ્ઠિત કર્યા. પ્રતિમાજીની શી ભવ્ય મુદ્રા ! શું તેજસ્વી લલાટ અને નયનયુગલ ! સમસ્ત વીતરાગ કાયમાંથી ઊઠતો શો જ્યોતિ અંબાર ! દિલને કલાકો સુધી જોતું રાખે ! બાકીની ત્રણ દિશામાં પણ તેજઃપુંજ ભર્યા ભવ્ય જિનબિંબો અને ઉપરના મજલે **શ્રી પાર્શ્વનાથના** દેરાસરમાંય ચતુર્મુખ ભવ્ય જિનબિંબો, નીચે શ્રી આદીશ્વર પ્રભુના મંદિરમાં પાષાણમય શાંત, સુધારસ-છલકતું બિંબ, એથી નીચેના દેરાસરમાં સુવર્ણકાન્તિભર્યા શ્રી કુન્થુનાથ ભગવાન દર્શન-પૂજનાદિનાં આ ભવ્ય આલંબન વિદ્યાર્થીગણમાં અનેરું ધર્મ-ચૈતન્ય વિકસ્વર રાખતા. એમાં વળી રોજ ને રોજ એ તીર્થંકર ભગવાન અને એમના લોકોત્તર શાસનની વિશ્વશ્રેષ્ઠ વિશિષ્ટતાઓ સાંભળવા મળે, તીર્થંકર કથિત યથાર્થ તત્ત્વ અને આરાધના માર્ગનું સંવેગરસ ભર્યું નિત્ય શ્રવણ મળે, પછી અનાદિરૂઢ મિથ્યાત્વ અજ્ઞાન અને કષાયરૂપી કાળમીંઢ શિલાઓ પણ બિચારી કેમ શીર્ણ-વિશીર્ણ ન થાય ?

શિક્ષણના વિષયોમાં પૂ. પંન્યાસજી મહારાજ રોજ સવારે ક્રિયાસૂત્રોમાં નવકારસૂત્રથી માંડી દરેક સૂત્રના ભાવભર્યા શુદ્ધ ઉચ્ચારણ, એનો શબ્દાર્થ અને રહસ્યાર્થ સંપદાઓ, તચ્ચિત્ત-તન્મન તલ્લેશ્ય -તદધ્યવસાયથી અધ્યવસિત સાધનાનાં રહસ્યની વિશદ સમજૂતી આપતા. તે 'અરિહંત ચેઈયાણં' સૂત્ર સુધી ચાલ્યું. પ્રસંગવશાત્ મંદિર-વિધિ, શ્રાવકાચાર, જાપ વિધિમાં માળા કે વેઢાનાં આલંબન વિના સમવસરણના ૩ ગઢ કલ્પી તે પર બરાબર ૧૦૮ નવકાર સ્થિર કાયે અર્ધ નિમીલિત આંખે ગણવાની રીત, સળંગ પ્રતિક્રમણમાં એકાગ્રતા અર્થે **અંતઃશ્રવણનો** વિશિષ્ટ પ્રયોગ, વગેરેની સમજ આપતા, સૂત્રનો પદાર્થ બરાબર નજર સામે તરવરતો થાય એવાં આવશ્યક સૂત્રોના ચિત્ર પણ બતાવેલાં.

દિવસના વર્ગોમાં (૧) માર્ગાનુસારી ગુણો પૈકી ન્યાયસંપન્નતા, આયોચિત વ્યય, અનુદ્ભટ વેશ વગેરે એકેક ગુણ લઈ જીવન-ઉત્થાન કરવાનો વિષય, (૨) જૈન ધર્મના અનન્ય **કર્મસિદ્ધાંતના** વિષયમાં કર્મ શું ? કેમ બને ? આઠ કરણ, કર્મબંધના હેતુ, આધ્યાત્મિક વિકાસક્રમના ૧૪ ગુણસ્થાનક, મિથ્યાત્વાદિ-યોગે કેટકેટલી કર્મપ્રકૃતિ બંધાય વગેરે વિષય, અને (૩) **ગણધરવાદમાં** મહાવીર ભગવાનની સાધના, કેવળજ્ઞાન, શાસનસ્થાપના, ગણધરોને આત્મા, કર્મ વગેરે

અંગે બતાવેલ પૂર્વ પક્ષ ઉત્તરપક્ષની દલીલોનો વિષય સમજાવતા.

આ ઉપરાંત (૪) જૂના વિદ્યાર્થીઓને આચાર્ય ભગવાન શ્રી **હરિભદ્રસૂરીશ્વરજી** મ. રચિત **'શ્રી ષોડશક** શાસ્ત્ર'ના આધારે ધર્મગ્રાહક જીવોની બાળ-મધ્યમ-પ્રાજ્ઞ કક્ષા, એને યોગ્ય ઉપદેશ, ધર્મનું આંતરિક સ્વરૂપ, ધર્મપરીક્ષા-વિધિ, સહજમળ, વિધિ-નિષેધ, જિનાજ્ઞા-મહત્ત્વ, આરાધનામાં પ્રણિધાનાદિ પાંચ આશય વગેરેની સમજ આપતાં, નવા વિદ્યાર્થીઓને એજ વખતે પંન્યાસજી મહારાજના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ તત્ત્વજ્ઞાનનો વિષય સમજાવતા.

વિશેષ કાર્યક્રમમાં શ્રી ઋષભદાસજી સ્વામીના જિનોક્ત Cosmic Order Constitution વગેરે પર જનરલ, લેક્ચર્સ, વિદ્યાર્થીઓને અનેરું શ્રદ્ધાબલ, સચ્ચરિત્ર પ્રેરણા અને ધર્મના ચમત્કારિક અનુભવની જ્ઞાન જ્યોતિ ઝગમગાવતાં. ત્યારે શિબિર મંત્રી **શ્રી શાંતિભાઈ**નાં ભાષણ વળી નવતત્ત્વ વગેરેને મૌલિક અને રોચક રીતે સમજાવવા સાથે હિતશિક્ષા અને આત્મોન્નતિનું સુંદર પ્રોત્સાહન દઈ જતાં. **શ્રી કેશુભાઈ** પ્રાસંગિક વ્યક્તિગત પ્રેરણાઓનાં મધુરા ઘુંટ પાતાં. (**અમૃતલાલ મોદી** M.A. કે જેઓ કટોસણ હાઈસ્કૂલમાં હેડમાસ્ટર હતા અને જેમને શિબિર શિક્ષણની સંપૂર્ણ નોંધ લેવા આમંત્રવામાં આવેલા, એમણે પણ વિદ્યાર્થીઓના હિતાર્થે ભાષણ આપેલ.)

આ સિવાય અમદાવાદથી ગુજરાત યુનિવર્સિટીના ડીન અને ફિલોસોફીના પ્રોફેસર તથા 'જગતના ધર્મો' પુસ્તકના લેખક **બી.એન. દવેને** નિમંત્રવામાં આવેલા, એમણે જગતના ધર્મોની સમજ આપતા ભાષણો આપેલા. એમની વિશેષતા એ જોવામાં આવી કે એ નિયમિત રીતે શિબિરના વર્ગોમાં બેસતા અને શિક્ષણની ઉપયોગી નોંધ લેતા, તથા એમણે જતી વખતે પૂ. મહારાજશ્રીનો વાસક્ષેપ લઈ આશીર્વાદ માગીને શિબિર શિક્ષણ માટે ખૂબ આનંદ વ્યક્ત કરી વ્રત પણ લીધું.

એક દિવસ અમદાવાદના માનસશાસ્ત્રના પ્રોફેસર શ્રી **કાપડિયા**એ મનોવિજ્ઞાન અને ધર્મનો કેટલો સંબંધ છે તેના પર ભાષણ આપ્યું, અને બતાવ્યું કે મનોવિજ્ઞાનની છેલ્લી શોધાયેલી કેટલીક બાબતો ધર્મની બાબતોને પુષ્ટ કરે છે.

ગુજરાત સરકારના કેળવણી ખાતાના એક અમલદાર શ્રીયુત ભટ્ટ આવેલા, એમણે પણ વિદ્યાર્થીઓને વાત્સલ્ય ભર્યું ઉદ્બોધન કર્યું, એ આવેલા તો આબુ પ્રવાસમાં, પ્રસંગવશ શિબિર નિરીક્ષણ અર્થે, કિન્તુ શિબિરવર્ગોના વિષયો પ્રત્યે આકર્ષાઈને સાત દિવસ સુધી રોકાઈ એમણે એકાગ્ર શ્રવણ કર્યું.

શિબિર દરમિયાન સ્વ. પૂ. આ. શ્રી **વિજયનીતિસૂરીશ્વરજી** મહારાજના

સમુદાયના **પૂ. પં. શ્રી મંગળવિજયજી** મહારાજ પધાર્યા. એમના પણ હિતોપદેશનો લાભ લેવામાં આવ્યો. શિબિર કાર્યવાહી અને કૉલેજિયન વિદ્યાર્થીઓ ધાર્મિક-તત્ત્વજ્ઞાન સાથે ધર્મક્રિયાને અપનાવતા જોઈ એ ખૂબ પ્રસન્ન થયા.

પૂ. આચાર્યદેવોની પધરામણી :

છેલ્લે તા. ૨૩-૫-૬૪ સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવશ્રી **વિજયપ્રેમ-સૂરીશ્વરજી** સાહેબ પૂ. આ. શ્રી **વિજયજંબૂસૂરિજી** મહારાજ આદિ સ્વશિષ્ય પરિવાર સાથે પધારેલા, ત્યારે પૂજ્યશ્રીનું સ્ટ્રેચર ઊંચકવાનો લાભ લેવા ૧૫-૨૦ વિદ્યાર્થીઓ નીચે શાંતિ-આશ્રમ સુધી પહોંચેલા, પૂજ્યશ્રીના અત્રે પધારવા પર સૌના દિલમાં આનંદનો જાણે મહાસાગર ઊલટ્યો, વિશેષ એ થયું કે વિશિષ્ટ અભિગ્રહવાળાઓને મંત્રી શ્રી શાંતિભાઈ વગેરે તરફથી ૧-૧ ગરમ કામળીની પહેરામણી તેમજ બીજા ૫-૨-૩ વર્ષના બ્રહ્મચર્ય આદિના નિયમ કરેલ તેમને પૂજાની પેટી, ૧૧-૧૧ રૂા. વગેરેની પ્રભાવના કરવામાં આવી. બાદ પૂ. આ. શ્રી **વિજયજંબૂસૂરિજી** મ. સાહેબે તથા પૂ. આ. શ્રી **વિજય યશોદેવસૂરિજી** મ. શ્રીએ 'ચત્તારિ પરમંગાણિ' પર સુંદર પ્રવચન આપ્યું.

તા. ૨૪-૫-૬૪ મંડારના દીક્ષિત પૂ. મુનિરાજશ્રી **સત્યવિજયજી** મહારાજની વડી દીક્ષા તથા જોધપુરવાળા શ્રી બાગમલજી અને એમના એક પુત્રશ્રી જ્ઞાનચંદજીની દીક્ષાના આખા ય ભવ્ય પ્રસંગની ઉજવણીને નિહાળવાનો અને જૈનશાસનના પ્રાણભૂત ત્યાગ ધર્મનો જીવન પર છાયા લેવાનો સુંદર અવસર વિદ્યાર્થીઓને મળ્યો.

● **જીવન ઉત્થાન :** તા. ૨૫-૫-૬૪ સુધી અધ્યાપન વર્ગોનું કાર્ય ચાલ્યું. એમાં જીવન ઘડતર કરનાર માર્ગાનુસારીના ૩૫ ગુણો કે જેને સરળતાથી યાદ રાખવા તથા જીવન સાથે સહેલાઈથી સંબંધ બંધાવવા ૧૧ કર્તવ્ય, ૮ દોષત્યાગ, ૮ ગુણગ્રહણ અને ૮ સાધનામાં વહેંચી દેવામાં આવ્યા હતા. તેમાંથી ન્યાયસંપન્ન વિભાગ, ઉચિત વ્યય, ઉચિત વેશ, ઉચિત ઘર, ઉચિત વિવાહ, અજીર્ણે ભોજન ત્યાગ, કાળે સાત્મ્યવાળું ભોજન, માતા પિતાની પૂજા, પોષ્યપોષણ, અતિથિ આદિની પ્રતિપત્તિ, અને ચારિત્રશીલ જ્ઞાનવૃદ્ધની સેવા સરભરા, એ ૧૧ કર્તવ્ય; તથા નિંદાત્યાગ, નિંદ્યપ્રવૃત્તિત્યાગ, દરેક ઇન્દ્રિયના સદુપયોગ પકડી દુરુપયોગ ત્યાગ (ઇન્દ્રિય-જય), કામ-ક્રોધાદિ આંતરશત્રુનો નિગ્રહ, તથા દુરાગ્રહ (અભિનિવેશ)નો ત્યાગ સુધીનો વિષય વિસ્તારથી ચાલ્યો. ● **કર્મવિજ્ઞાન**માં પુદ્ગલની ૮ વર્ગણા, કર્મનિર્માણ, કર્મની ૮-૧૫૮ પ્રકૃતિ, દરેકનું સ્વરૂપ, ૧૪ ગુણસ્થાનકમાં પહેલા સાતની વિસ્તૃત ઓળખ, કર્મબંધના હેતુઓ, મિથ્યાત્વાદિના લીધે જ ખાસ કઈ કઈ

કર્મપ્રકૃતિ બંધાય, એટલો વિષય ચાલ્યો. • **ગણધરવાદમાં** પહેલા બે ગણધરની આત્મા અને કર્મ અંગે **શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં** આવતી ચર્ચા તથા અન્ય દલીલોનું વિસ્તારથી વિવેચન થયું. • **શ્રી ષોડશક શાસ્ત્ર**માં પહેલા ૩ ષોડકશના આધારે ત્રિવિધ ધર્મગ્રાહકકક્ષા, યોગ્યદેશના, આંતરિક ધર્મનું સ્વરૂપ, આરાધનાનાં રહસ્ય, વગેરે સમજાવવામાં આવ્યું. નવા વિદ્યાર્થીઓને **તત્ત્વજ્ઞાનમાં** જીવનમાં ધર્મની જરૂર, વિશ્વ, અને એનું સંચાલન જગત્કર્તા ઈશ્વર કેમ નહીં ? જૈનધર્મ વિશ્વધર્મ કેમ ? આત્મસિદ્ધિના પ્રમાણ, આત્માના ષટ્ સ્થાનક, ષડ્દ્રવ્ય-ગુણપર્યાય, આશ્રવ, મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ, લેશ્યા સુધી ચાલ્યું.

• **ક્રિયાસૂત્રોમાં** અરિહંત ચેઈયાણં સુધીના રહસ્યાર્થ સમજાવાયા.

પરીક્ષાની તૈયારી : તા. ૨૬ આજે પરીક્ષાની તૈયારી માટે રજા રાખવામાં આવી હતી. વિદ્યાર્થીઓની મંડળીઓ જ્યાં ને ત્યાં અધ્યયનમાં જામી પડી હતી. કેટલાંક વિદ્યાર્થી તો બહાર એકાંતમાં ભણવા પહોંચી ગયેલા, બુદ્ધિશાળી આગળ પડતા વિદ્યાર્થીઓ બીજાઓને ૨-૩ વાર સાર સમજાવી દેતા. તેથી પોતાનો વિષય પાકો થઈ જતો. પૂ. પંન્યાસજી મહારાજે બતાવ્યા મુજબ કેટલાક વિદ્યાર્થી પુસ્તક અને પોતાની વર્ગો દરમિયાન લીધેલી નોટ્સને એકવાર મનનપૂર્વક વાંચવા સાથે જ મુદ્દા જુદા ઉતારી તૈયાર કરતા તેથી વારંવાર વાંચ-વાંચ કરવાના ભારથી મુક્ત રહેતા.

પરીક્ષાઓ : તા. ૨૭-૨૮ આજે જીવન ઉત્થાન અને કર્મવિજ્ઞાનની પરીક્ષા લેવામાં આવી. મેટ્રિકના પરિણામ આવી જવાથી કૉલેજમાં ફાર્મ ભરવા તથા ખાસ કારણે કેટલાક વિદ્યાર્થી ઘરે ગયા હોવાથી ૧૦૦-૧૧૦ વિદ્યાર્થી પરીક્ષામાં બેઠા. ૧-૧ પેપરમાં ૩-૩॥ કલાકની લેખિત પરીક્ષા વખતનું દૃશ્ય કૉલેજ પરીક્ષાની જેમ ભવ્ય હતું. શાન્ત અને એક સરખા લખાણમાં વ્યગ્ર વાતાવરણ જોતાં માત્ર ૨૦-૨૨ દિવસમાં વિદ્યાર્થીઓએ કરેલ વિશાળ સમ્યગ્જ્ઞાન-પ્રાપ્તિ ઘણું ઘણું કહી જતી.

❖ તા. ૨૮ રાતના વરસાદ વાવાઝોડાનું તોફાન થવાથી બે પરીક્ષા રદ થઈ. તા. ૨૯ રાતના વક્તૃત્વ પરીક્ષા યોજાઈ. (જૈન ધર્મના કોઈપણ વિષય પર) કેટલાક વિદ્યાર્થીઓ તો બહુ સુંદર બોલ્યા, ભાઈશ્રી સુરેન્દ્રકુમાર લોઢાએ જોરદાર હિન્દીમાં અને પ્રવીણ સી. શાહ, શ્રી મુકેશ, વગેરેએ ગુજરાતીમાં તથા **શ્રી રમણલાલ વી. શાહ** LL.B. એ ઈંગ્લીશમાં સુંદર વક્તવ્ય કર્યા.

તા. ૩૦મી આજે ગણધરવાદ પર લેખિત પરીક્ષા લેવામાં આવી. પછી

❖ ૧૭ વર્ષની વયના યુવાને યાવતૂજ્જીવ ચતુર્થવ્રત સ્વીકારતા વાવઝોડું શાંત થયું અજબની જિનશાસનની સેવા તેના દ્વારા વર્ષોથી થઈ રહી છે.

અમુક વિદ્યાર્થીઓને ૧ લા-૨ જા વિભાગમાં શિબિર દરમિયાન વિશિષ્ટ વર્તન માટે ઈનામો આપવામાં આવ્યા.

તા. ૩૧-૫-૬૪ ખીરના એકાસણા સાથે અરિહંતના ૫૦,૦૦૦ જાપ તથા સ્નાત્ર-સ્તોત્રાદિનો ભવ્ય કાર્યક્રમ રાખવા ઠરેલું, પરંતુ વાવાઝોડાના ભયને લીધે આજે શિબિરનું વિસર્જન કરવામાં આવ્યું.

વિદ્યાર્થીઓ ૧૮૦ લગભગ આવેલા. એમાં ૧૦-૧૨ બાલ વિદ્યાર્થીઓ પણ હતા. એમને પૂ. મુનિરાજશ્રી **રાજેન્દ્રવિજયજી** મહારાજ **તત્ત્વજ્ઞાન બાલપોથી** તથા સૂત્રોનું શિક્ષણ આપતા, વિદ્યાર્થીઓની સુવ્યવસ્થા માટે ગ્રુપ-ટૂકડીઓ પાડી ગ્રુપલીડર્સ -મોનીટરો નીમવામાં આવેલા. એ પોતાની ટૂકડીના દરેકની જરૂરિયાત અને તથા વર્તન પર દેખરેખ રાખતા. શારીરિક બીમારી અંગે દવાઓ તથા હોમિયોપેથિક ડૉક્ટર **એચ. યુ. હરિઆ** સાથે જ રાખવામાં આવેલા. એમને ખડે પગે સેવા આપી હતી, તથા સાથોસાથ અભ્યાસ પણ સારો કર્યો હતો.

સંગીત માટે કોલ્હાપુરના સારંગી માસ્તર ઉપરાંત કડી બોર્ડિંગના શિક્ષક **શ્રી દલપતભાઈ** હારમોનિયમ તથા એમના વિદ્યાર્થી મનુભાઈ ઢોલક સંભાળતા. શ્રી રમણલાલ વી. શાહ પ્રસંગે ક્લેરિયોનેટ બજાવતા. આ સંગીતના કાર્યક્રમ તથા વર્ગોમાં બોધક કથાઓ દૃષ્ટાંતો, પ્રાસંગિક હાસ્યરસ, શ્રી ઋષભદાસજીની થોકબંધ અનુભવકથા, ઈત્યાદિથી વિદ્યાર્થીઓને સૂક્ષ્મ પણ તત્ત્વોનું અધ્યયન ફોરા મનથી ચાલતું. આજે પણ એ બધું યાદ કરીને વિદ્યાર્થીઓ ઘરે બેઠા ભાવના ભાવે છે કે ક્યારે ફરીથી શિબિરમાં જઈએ ! કેવા એ રળિયામણા ધન્ય દિવસો !

વિદ્યાર્થીઓમાં આરાધના અને સચ્ચરિત્ર-પ્રગતિ :

શિબિર દરમિયાન સંખ્યાબંધ વિદ્યાર્થીઓએ ઉકાળેલું પાણી પીવાનું રાખેલું. પાંચ તિથિ ઘણાં એકાસણાં આંબેલ ઉપવાસ થતા, દસેક વિદ્યાર્થીઓ નિત્ય એકાસણું કરતા, બીજા કેટલાક બેસણું કરતા, પૂ. પંન્યાસજી મહારાજની વિશેષ ચોંટ વિદ્યાર્થીઓની સુધારણા પર હોઈ તત્ત્વનું શિક્ષણ પણ સદ્ આચારો, ઈન્દ્રિય સંયમ, ત્યાગવૃત્તિ વગેરેની રુચિકર પ્રેરણાભર્યું બનાવી દેતા. તેથી કેટલાય વિદ્યાર્થીઓએ વિવિધ સંકલ્પ કર્યા. દા.ત. માતા-પિતાને સવારે પગે પડવું, એમને ઉદ્ધત ઉત્તર આપવા નહિ, હિંસક બૂટ ચંપલનો ત્યાગ, પથારી પર ૧ વર્ષ સૂવું નહિ, સાત વ્યસનનો ત્યાગ, મહિને ઓછામાં ઓછું ૧-૨ એકાસણ, આંબેલ, સિનેમા જોવા પર અંકુશ, રોજ મંદિરમાં પોતાનું પ્રભુભક્તિનું દ્રવ્ય લઈ જવું, વર્ષમાં સો-બસો નવી ગાથા, સો બસો સામાયિક, રાત્રિ ભોજન-કંદમૂળ-ચા ત્યાગ... વગેરે વગેરે.

એક વિદ્યાર્થીએ જીવનભર સ્થૂલ મૃષા ન બોલવાની પ્રતિજ્ઞા લીધી. માર્ગાનુસારીના 'ઉચિત વિવાહ' ગુણના વર્ણન વખતે ઘણાઓએ પરસ્ત્રી સામે રાગથી જોવું નહિ એ પ્રતિજ્ઞા કરી. કેટલાકોએ અમુક ઉંમર સુધી લગ્ન ન કરવા. યા ૨-૩-૫ વર્ષ બ્રહ્મચર્ય પાળવાના સંકલ્પ કર્યા.

આજની કૉલેજ સુધીની ઝેરી કેળવણી પામેલા વિદ્યાર્થીઓમાં જૈન તત્ત્વો અને માર્ગના સમ્યગ્જ્ઞાન સાથે ક્રિયા તપ-વ્રતનિયમ અને ભવ્ય ગુણસંસ્કરણના આ રચનાત્મક સફળ શિબિર-પ્રયોગની સામે ભાઈ શ્રી પ્રભુદાસ પંડિત જેવા ગમે તેમ બોલે લખે ત્યારે અમને એમની દયા આવે છે, અને એકવાર આવી શિબિર ખાસ નજરે નિહાળવાનું એમને અમારું સપ્રેમ આમંત્રણ છે.

બાકી તો અમને લાગે છે કે જેવી રીતે હજારો રૂપિયાના ખર્ચે ઉપધાન કરાવી ભાગ્યશાળીઓ અથાગ પુણ્ય ઉપાર્જે છે, એવી રીતે જ્ઞાન-દર્શન-ચારિત્રની પ્રભાવના કરનારી આવી શિબિરની યોજના કરનારને પણ મહાન પુણ્યલાભ થાય છે, કેમકે આવી શિબિરમાં જૈન શાસ્ત્રોના તાત્ત્વિક-ધાર્મિક-આધ્યાત્મિક-સાંસ્કૃતિક-નૈતિક વિષયોનું વિશાળ જ્ઞાન અપાવા સાથે જૈન ધર્મની શ્રદ્ધા અને વ્રત નિયમાદિનું દાન થાય છે. નવી પ્રજા કે જેનો ભાવી જૈનસંઘ બનવાનો છે, એને ભૌતિક અને નાસ્તિકવાદી આજની ઝેરી કેળવણીના કુસંસ્કારના ઝેર ઓકાવી નિર્મળ ધર્મશ્રદ્ધા, તત્ત્વબોધ, પરલોક દૃષ્ટિ, વડીલનો વિનય, વગેરે ગુણો, વ્યસન-દુરાચારના ત્યાગ, તથા સુંદર ધર્મ પ્રવૃત્તિ અને વ્રતનિયમોનાં અમૃતપાન કરાવવાની અતિ આવશ્યક્તા છે, આ પામેલા સો બસો વિદ્યાર્થીઓનું પણ શિક્ષણ-સંસ્કરણ ભવિષ્યમાં હજારોને પહોંચશે.

અમે ઇચ્છીએ છીએ કે દાનવીરો પોતાની ગામની યા જિલ્લાની કે પ્રાંત વગેરેની આવી સપ્તાહ શિબિર, પક્ષ શિબિર, વેકેશન શિબિર, યા રવિવારી શિબિર યોજી સુયોગ્ય સંયમી મુનિ મહારાજ કે બારવ્રતધારી વિશિષ્ટ જ્ઞાનશક્તિવાળા શ્રદ્ધાળુ શ્રાવક પાસે નવી પ્રજાને જૈનધર્મ પાય.

શિબિરના મુખ્ય યોજકો શ્રી શાંતિભાઈ, શ્રી કેશુભાઈ અને શ્રી કાન્તિલાલ ઉજમલાલે તથા શ્રી હર્ષદકુમાર નવીનચંદ્રે આખીય શિબિર સમયમાં ભારે ભોગ આપીને સેવા બજાવી છે. સાથે ભાઈ શ્રી પ્રવીણચંદ્ર સી. શાહ, શ્રી સુરેન્દ્રકુમાર લોઢા, શ્રી નટવર ભટ્ટ, શ્રી કુમારપાળ વિ. શાહ, શ્રી જિતેન્દ્ર શાહ, શ્રી મનહરભાઈ, શ્રી કારાણી, બગવાડા-બોર્ડિંગના ગૃહપતિ શ્રી શાંતિભાઈ વગેરેએ વ્યવસ્થાદિમાં સુંદર સહકાર આપ્યો હતો.

શિબિર માટે ભોજનની પોતાની વિશિષ્ટ વ્યવસ્થા હતી. ખાવા માટેની વ્યવસ્થા ખૂબ જ સંતોષજનક હતી. સવારના ચા તથા ઉકાળો અને સાથે ફરતી ફરતી વસ્તુ ખાખરા, પૂરી, ઢેબરા, પૌંઆ, સેવ-ચેવડો વગેરે નાસ્તામાં આપવામાં આવતી હતી. બપોરના તથા સાંજે ભોજનમાં રોટલી, દાળ, શાક, ભાત વગેરે સિવાય દરરોજ કોઈક નવીન વાનગી આપવામાં આવતી. વચમાં વચમાં સગવડ મુજબ બપોરની ૪ વાગ્યાની રીસેસમાં છાસ પણ આપવામાં આવતી. દરેક વ્રત-નિયમવાળા માટે વિશેષ સગવડ રાખવામાં આવી હતી. વચમાં વચમાં મિષ્ટ-જમણથી પણ વિદ્યાર્થી સાધર્મિકોની ભક્તિ કરવામાં આવતી. આમાં પિંડવાડાના રસોઈયા જેઠાજીની મંડળીએ બહુ લાગણી અને કુશળતાથી કામ કર્યું. ગરમ પાણીની વ્યવસ્થામાં તથા વૈયાવચ્ચ-ભક્તિમાં જોધપુરના શ્રદ્ધા-સંપન્ન શ્રી લછમણજી, દયાલજી બંને ભાઈઓએ સારી સેવા કરી હતી, તથા બહાર જવા-આવવાના અને આંતરિક જરૂરી કામોમાં મલાડ નિવાસી ધર્મશ્રદ્ધાળુ શ્રી દલીલચંદભાઈએ સારો ફાળો આપ્યો હતો.

અચલગઢ મંદિરોની પેઢી અને ટ્રસ્ટીઓ તરફથી ખૂબ જ સહકાર મળેલો, પ્રારંભમાં પેઢીના પ્રમુખ વગેરે પણ ત્યાં આવ્યા હતા. બાકી એક ટ્રસ્ટી ભાઈ શ્રી દેવીચંદજી તથા મેનેજર શ્રી ભગવતીલાલજી ખડે પગે રહી ખૂબ સુંદર વ્યવસ્થા કરી રહ્યા હતા. પેઢીના સ્ટાફે પણ સારો સહકાર આપ્યો. આમ શિબિર સારી રીતે ચાલી તે માટેનો મહાન યશ સૌ સહકારીઓના ફાળે જાય છે.

શિબિરનો રોજનો કાર્યક્રમ ભરપૂર એવો ગોઠવાયેલો હતો કે દિવસ ક્યાં ઉગતો અને આથમતો તેની ખબર ન પડતી. રોજનું કામ એટલું કે દિવસ પણ ટૂંકો પડી જતો હતો. આમ મહિનો માસ જોતવેંતમાં ક્યાંય પસાર થઈ ગયો. અને સૌને ભૂખ રહી, કે ફરી નવી શિબિર ક્યારે ખૂલે !

ખરેખર ! અંતરના સ્વાનુભવથી કહેવું પડશે કે આ શિબિર દરેક શિબિર વિદ્યાર્થીના જીવનમાં એક યાદગાર પ્રસંગ બની જશે. આ વખતના વિષયો ઘણાને માટે નવા છતાં ઘણા સુંદર અને બોધપ્રદ તથા આરાધના માટે જરૂરી હતા.

આખી શિબિરના પ્રાણસમા પૂ. તપસ્વી વિદ્વાન પં. શ્રી **ભાનુવિજયજી** મહારાજશ્રીનો અમાપ ઉપકાર છે. જેઓશ્રી ૩૦ વર્ષના દીક્ષિત પર્યાયવાળા-ઊંડા જ્ઞાની-તપસ્વી, સારા સંયમી અને ચિંતનશીલ લેખક છે. અનુભવજ્ઞાન, માનસજ્ઞાન ધરાવે છે, ત્યાગ-વૈરાગ્યના પ્રેરક છે. શાસ્ત્રોના તલસ્પર્શી અને આધ્યાત્મિક-શિક્ષાના પ્રભાવશાળી દાતાર અને વ્યાખ્યાતા છે. જેઓશ્રી અપ્રમત્ત શીલતા, દિન-રાત કાર્યશીલતા સૌનું વિશેષ ધ્યાન ખેંચતી હતી. આ બધામાં એ કહેતા કે, માત્ર

અર્હત્પ્રભાવ અને ગુરુકૃપા જ કામ કરી રહ્યા છે. શિબિરમાં રોજ પાઠ્ય-પુસ્તકનું રસમય વિવેચન આપતા. તે સિવાયના સમયમાં વિદ્યાર્થીઓના શંકા-સમાધાન, ચર્ચા તથા પ્રેરણાદાનમાં ઘણો જ ભોગ આપ્યો હતો. તેઓશ્રીની વિવેચન શૈલી સ્પષ્ટ તથા પદાર્થોની સમજાવવાની રીત ટૂંકી-સરળ હતી. પદાર્થના વિશ્લેષણમાં ઘણાં ઊંડાણ સુધી પહોંચી જતા હતા, જેથી વસ્તુની ડુંટીમાં શું છે તે જણાઈ આવતું, મનોવૈજ્ઞાનિક પદ્ધતિએ પદાર્થોના પ્રતિબિમ્બ પાડી દેતા, જેથી અઘરો વિષય પણ સરળ બની જતો. એમણે નવ-નવા વિષયો-પદાર્થોની પરસ્પરમાં કડી જોડવાની રીત અને ધારણા-યાદ કરવાની ચાવીઓ બતાવી હતી, જે મગજ હલકું ફોરું રાખી અધ્યયન કરવાનું સરળ કરી દેતું. વળી વિવિધ રાગમય સ્તવન-પ્રાર્થના-ધૂનથી અરિહંતનાથની ભક્તિમાં વિદ્યાર્થીઓ તરબોળ બની જતા.

૨. વ્યાખ્યાનશૈલી રમ્ય, સયુક્તિક અને રોચક દૃષ્ટાંત સહિત હતી. જેથી મન સ્વચ્છ, દૃષ્ટિ સ્પષ્ટ અને હૃદય નક્કર તત્ત્વોના બોધથી પ્રફુલ્લિત બનતું હતું. જીવનની કેટલીય સમસ્યાઓનો ઉકેલ અને મનોવ્યગ્રતાના સમાધાન થઈ જવાથી અપૂર્વ તાત્ત્વિક સુખ-શાંતિ-સ્ફૂર્તિની બક્ષીસ મળતી હતી. ટૂંકા સમયમાં વિદ્યાર્થીબંધુઓને ઘણું ઘણું આપી દીધું છે કે જેને વર્ષભર વાગોળે તો ખૂટે નહીં. વિશેષ તેઓશ્રી માટે કંઈ પણ કહેવું તે **'ભાનુ' ને 'દીપ'** દેખાડવા જેવું છે. ઉદ્‌ઘાટનકર્તા શ્રી નિરંજનનાથ આચાર્યે પાછળથી પોતાના લેખિત પત્રમાં જણાવેલું કે આવા શીખવનાર હોય તો શિબિરને ૭૫% સફળતા મળે છે એમાં કોઈ શંકા નથી' આવા સુંદર શીખવનારનો જેટલો આભાર માનવામાં આવે તેટલો ઓછો છે. આવા ગુરુવર્યોનું સક્રિય જ્ઞાન હરહંમેશ મળતું રહે એજ એક પ્રાર્થના છે. શિબિરમાં વિદ્યાર્થીઓ મળેલ શિક્ષણ-સંસ્કારોને તાજાને તાજા રાખી પ્રગતિશીલ રહે.

જીવન-ઉત્થાન : માર્ગાનુસારી ગુણો

ઈ.સ. ૧૯૬૪ મે માસની ધાર્મિક શિક્ષણ શિબિરમાં શિખવાયેલા વિષયો

(૧) જીવનમાં ગુણોનું મહત્ત્વ. (૨) મિથ્યાત્વ શું છે ? (૩) ગુણસાગરનું દૃષ્ટાંત. (૪) જીવનને ગુણસંપન્ન બનવાથી શું લાભ ? (૫) માર્ગાનુસારી ગુણો મેળવવાની શી જરૂર ? (૬) દેશવિરત-સર્વવિરત માર્ગાનુસારી ગુમાવે તો... (૭) પ્રામાણિકતા. (૮) બંગાલના સ્ટેશન માસ્તરનું દૃષ્ટાંત... (૯) માર્ગાનુસારી ગુણો ૪ વિભાગમાં. (૧૦) ૧૧ કર્તવ્ય : ૮ દોષ ત્યાગ. (૧૧) ૮ ગુણગ્રહણ : ૮ સાધના. (૧૨) ન્યાયસંપન્ન-વિભવ સર્વ પ્રથમ ગુણ કેમ ? (૧૩) ઉચિત શબ્દ વ્યય-વેશ-ઘર અને, (૧૪) વિવાહ સાથે કયા કયા અર્થમાં ? (૧૫) પ્રામાણિક

પ્રતાપરાય. (૧૬) ચોરે મા નું નાક કરડ્યું. (૧૭) વેપાર-નોકરી-સ્ત્રીઓ-ઘરકામ-વિદ્યાર્થી-દલાલી-ધીરધાર-હુન્નર વૈદ્ય-ડૉક્ટર-વકીલાત-અમલદારીમાં ન્યાયિતા કેવી કેવી રીતે ? (૧૮) દીવાસળી માટે વઢતા વાણિયાનું ગુપ્ત દાન. (૧૯) વેશથી અંતરંગભાવ પર અસર. (૨૦) પાડોશમાં આવેલા સંગીતકારોને શેઠે કેમ કાઢ્યા ? કેવી રીતે ? (૨૧) મોટાઓનાં ગુણ સંભારવા. (૨૨) પિતાએ જહોનની બીડી છોડાવી. (૨૩) પ્રચ્છન્ન નાસ્તિક એટલે ? (૨૪) ઘર કેવું હોવું જોઈએ ? (૨૫) વેશ કેવો ? (૨૬) વિવાહ કોની સાથે ? (૨૭) સાત વ્યસન કયા કયા ? શા માટે છોડવા ? (૨૮) સાધુમાં તેજ શું ? પંડિતજી. (૨૯) પંડિત રાજા કરતાં મોટા સાથે વાતમાં. (૩૦) બ્રહ્મચર્ય. (૩૧) કામનું મૂળ શું ? (૩૨) શાલિભદ્ર, ધન્ના કાંકદી; મૃગાપુત્રના દૃષ્ટાંત. (૩૪) જીવન એટલે શું ? લગ્ન શા માટે ? (૩૫) સસરાને ખોરી જારનો રોટલો... (૩૬) કાળે સાત્મ્યવાળું ભોજન. (૩૭) સતીના દર્શનનો દાખલો. (૩૮) ત્રણ જંગમ તીર્થ. (૩૯) ન્યાયાધીશ : યુરોપિયનનું કાળું બાળક અને પઠાણ. (૪૦) પરમાત્માની સાચી સેવા કોણ કરી શકે ? (૪૨) માતાપિતાની પૂજા માટે ૧૭ નિયમ. (૪૩) પોષ્યનું પોષણ. (૪૪) શેઠની બીમારીમાં શેઠાણીને વૈદની શિખામણ. (૪૫) અતિથિ-સાધુ-દીનનો અર્થ. (૪૬) જુદી જુદી પ્રતિપત્તિ. (૪૭) અમદાવાદી શેઠના ઘરે સાધુ. (૪૮) માનવજીવન શા માટે ? (૪૯) જ્ઞાનવૃદ્ધ ચારિત્રપાત્રની પ્રતિપત્તિ. (૫૦) સૌથી મોટો દીન કોણ ? (૫૧) રાણીને કૂતરીનો અવતાર અને ઉદ્ધાર. (૫૨) સ્થાનકવાસી શ્રાવકની-ક્રોધની જીતવા કડક પ્રતિજ્ઞા. (૫૩) દરેક ઇંદ્રિયની ગુલામી કેવી રીતે ? (૫૪) દરેકના દુરુપયોગો-સદુપયોગો. (૫૫) કયા ગુણ પર બધા ગુણનો આધાર. (૫૬) બીજાનું ધન જોઈ કેવા ભાવ થાય ? (૫૭) બીજાના ગુણ દોષ જોઈ કેવા ભાવ થાય ? (૫૮) 'સબ પુદ્‌ગલકા ખેલ' પર રાજામંત્રીનું દૃષ્ટાંત, કલ્યાણમિત્ર. (૫૯) ૬ આંતરશત્રુ : કામ-ક્રોધ-લોભ-માન-મદ-હર્ષ, દરેકના જાલિમ નુકસાન. (૬૦) મદ, માનનો ફરક. (૬૧) એકેક આંતરશત્રુ જીતવાના જુદા જુદા ઉપાય. (૬૨) દિલની કોમળતા કેવી રીતે સચવાય ? (૬૩) વિદ્યુન્માલીનો પ્રસંગ. (૬૪) સાચા લગ્ન કોના ? (૬૫) રતિસુંદરીનું દૃષ્ટાંત. (૬૬) માયા, શોક, ઈર્ષ્યાનાં નુકસાન એને રોકવાના ઉપાય. (૬૭) 'શઠં પ્રતિ શાઠ્યં' સૂત્રની સમીક્ષા. (૬૮) ખંધકમુનિ અને પાર્શ્વનાથસ્વામીના પૂર્વભવ. (૬૯) 'લુચ્ચાનું ગળું કપાવવું રહી ગયું.' ચિંતવનાર લોભીનું દૃષ્ટાંત. (૭૦) લોભ ઉપર કપિલ કેવળીનું દૃષ્ટાંત. (૭૧) શ્રાવક ભીખ ન માગે. (૭૨) શ્રી હેમચંદ્રાચાર્યે શિવને પ્રણામ કર્યો ? (૭૩) શલ્ય એટલે શું ? શલ્ય કેટલા ? અહીં ન મિટાવે તો પછી એની અવધિ... (૭૪) શૌચવાદીએ ઊંટના લીંડા

ખાધા. (૭૫) વસુ રાજાનું પતન. (૭૬) બાળ વજ્રસ્વામીને વાચનાચાર્ય કેમ બનાવાવ્યા ? (૭૭) હર્ષ-દોષ વિવેચન. (૭૮) માણસો ચાર પ્રકારના કેવી કેવી ચિંતા પર ? (૭૯) પરમાધામી કોણ બને ? (૮૦) જીવનનો સાર શું ? (૮૧) મન સત્ત્વશાળી ક્યારે બને ? (૮૨) મુનિનું અવધિજ્ઞાન કેવી રીતે ગયું ? (૮૩) સંસારની માતા કોણ ? (૮૪) લક્ષ્મણા-રુક્મિનું દૃષ્ટાંત.

કર્મ વિજ્ઞાન

(૧) કર્મ વિજ્ઞાન. (૨) કર્મ માનવાની શી જરૂર ? (૩) વિશ્વનો આકાર કેવો ? (૪) દક્ષિણના એક ખેતી ગ્રેજ્યુએટની વૈજ્ઞાનિકોને ચેલેન્જ. (૫) માટીમાંના શંખ પર જૈનધર્મનો ઉકેલ. (૬) કર્મ ક્યારથી શરૂ થયા ? કેવી રીતે લાગે ? (૭) તંદુલ-મત્સ્ય નરકે કેમ જાય ? (૮) પુદ્ગલની ૮ વર્ગણા, કાર્મણ વર્ગણા. (૯) કર્મની પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશ. (૧૦) કર્મનો અબાધાકાળ અને નિષેક-રચના. (૧૧) નિરંજનનાથ બાવાનું દૃષ્ટાંત. (૧૨) કર્મ પર લાગતાં ૮ કરણ. (૧૩) ઉદ્વર્તના અપવર્તના એટલે ? (૧૪) અરિહંત શું કરી શકે ? (૧૫) અમેરિકન લેખક પ્રાર્થના વિષે શું કહે છે ? (૧૬) સંક્રમકરણનો પ્રભાવ. (૧૭) દીક્ષા વિરુદ્ધ બોલનારની દુર્દશાનું દૃષ્ટાંત. (૧૮) જીવના મૂલ ગુણો : એના પર ૮ આવરણ. (૧૯) આવરણથી કેવા અંધકાર ? (૨૦) દરેક મૂલપ્રકૃતિના ઉત્તરભેદ. (૨૧) ૧૫૮ પ્રકૃતિના અર્થનો જ્ઞાના૦ ૫, દર્શના૦ ૯. વેદનીય ૨, મોહ૦ ૨૮; આયુ૦ ૪, નામકર્મ ૧૦૩, ગોત્ર ૨, અંતરાય ૫. (૨૨) પ્રશસ્ત-અપ્રશસ્ત રાગદ્વેષ. (૨૩) વાણિયા પટેલની ભાગીદારી. (૨૪) કાનજી સ્વામીના મતે કર્મની અસંગતિ. (૨૫) શ્લોક વગેરે જલદી યાદ કેમ કરી શકાય ? (૨૬) સૂચિકટાહ ન્યાય. (૨૭) પંચેન્દ્રિયને મારવાથી વધુ પાપ કેવી રીતે ? (૨૮) રાત્રિભોજનના ફળ શું ? (૨૯) એકેન્દ્રિયાદિ જાતિ એટલે ? (૩૦) શરીર અને તેના બંધનના નામકર્મ. (૩૧) નિગોદ એટલે શું ? તેને શું દુઃખ ? (૩૨) સૂક્ષ્મ જીવનું સ્વરૂપ. (૩૩) સૂક્ષ્મ નિગોદમાં કોણ જાય ? (૩૪) મૂઢ બ્રાહ્મણનું દૃષ્ટાંત. (૩૫) આધ્યાત્મિક વિકાસક્રમ. (૩૬) ગુણસ્થાનના ક્રમ શેના ઉપર ? (૩૭) મિથ્યાત્વને ગુણસ્થાન કેમ કહે છે ? (૩૮) સાસ્વાદન ચડતાં કેમ નહિ ? (૩૯) અવિરતિ-દેશવિ૰ પ્રમત્ત અપ્રમત્ત. (૪૦) અવિરતિ શું ? (૪૧) વિરતિના લાભ. (૪૨) ઝાંઝરિયા મુનિવરનું દૃષ્ટાંત. (૪૨) આરાધના જવલંત કેમ બને ? (૪૩) દર્શન મોહનીયના ત્રણ પુંજ. (૪૪) અનંતાનુબંધિના કષાયોની ઓળખ. (૪૫) આવલિકા એટલે ? (૪૬) કર્મબંધના સામાન્ય કારણો. (૪૭) જ્ઞાનાવરણાદિ કર્મનાં કારણ. (૪૮) ધર્મક્રિયામાં આશ્રવ,

સંવર, નિર્જરા. (૪૯) શાતા-અશાતા. ૪ આયુષ્ય-ઊંચ નીચ ગોત્ર કયા કયા કારણે બંધાય ? ધ્યાનની તાલીમ. (૫૦) ચક્ષુ દર્શનાવરણીય અને અચક્ષુ દર્શના૰ કેમ બંધાય ? (૫૧) મુનીમે અવિવેકથી શેઠની કરેલી બેઆબરૂ. (૫૨) બાળ વિધવા દીકરીને શેઠ કઈ રીતે રસ્તા પર લાવ્યા ? (૫૩) મુનિને સમુદાયમાં કેવી રીતે સુધારાય ? (૫૪) મજાકમાં કર્મની લહાણી. (૫૫) ગુરુનો અનાદર અને નિંદા. (૫૬) મોટાને તેના દોષ કેવી રીતે કહેવાય ? (૫૭) અંતરાય કેવી રીતે બંધાય ? (૫૮) સંસાર કેવો ? ધર્મ કરનારે તેને પરખવા શું કરવું ? (૫૯) અનાથી મુનિનું દૃષ્ટાંત. (૬૦) રહનેમિ રાજીમતીનો સંવાદ. (૬૧) ઉન્માર્ગ દેશના એટલે ? (૬૨) સવારનું પ્રતિક્રમણ ન કરે તેણે ઓછામાં ઓછું શું કરવું ? (૬૩) વર્તમાન કયા ક્ષેત્રે દાનની વિશેષ જરૂર ? (૬૪) શાસ્ત્રવિહિત કાર્યો કરતાં રોકવાથી શું થાય ? નવા પ્રકારના કામો કરાવવા શું કરવું જોઈએ ? (૬૫) ગૂઢ અને ગંભીરમાં શું ભેદ ? (૬૬) આર્તધ્યાન એટલે ? (૬૭) સરાગ સંયમ એટલે ? (૬૮) એક પુણ્ય સાથે બીજા પુણ્યોનો જથ્થો આવે ? (૬૯) કયા કયા ગુણઠાણાસુધી કઈ કઈ પ્રકૃતિ બંધાય ? (૭૦) મથુરાના ચોબાનું દૃષ્ટાંત.

ગણધરવાદ

(૧) મહાવીર ભગવાનની ત્યાગ-તપ-ચારિત્ર-પરિષહ-ઉપસર્ગ સહનની કઠોર સાધના. (૨) માનવ જીવનનો આદર્શ. (૩) સાધુની ગોચરી. (૪) 'કિં કર્પૂરમયં...' સ્તુતિમાં પાંચ ઈન્દ્રિય-મન-હૃદય અને આત્માને પરમાત્મ-લીન કરવાના મુદ્દા. (૫) કેવલિ-નિરખિત સૂક્ષ્મ અને અરૂપી શું ? (૬) કેવળજ્ઞાન, સમવસરણ અને ઈન્દ્રની વિનંતી. (૭) ઈન્દ્રભૂતિ આદિ ૧૧ બ્રાહ્મણ. (૮) દયાનંદ સરસ્વતિનો કાશીમાં પરાજય. (૯) ૧૧ બ્રાહ્મણના સંશય છતાં સર્વજ્ઞતાનો ગર્વ ! (૧૦) પ્રભુની સમજૂતિની સુંદર રીત. (૧૧) ધર્મ સાંભળવાની રીત. (૧૨) 'વિજ્ઞાનઘન એવ'નો ખોટો અર્થ. (૧૩) પ્રમાણથી પ્રમેયની સિદ્ધિ. (૧૪) પ્રત્યક્ષ અનુમાન ઉપમાન આગમ અર્થાપત્તિ સંભવ ઐતિહ્યપ્રમાણ દરેકનું સ્વરૂપ. (૧૫) આત્મામાં કેમ કોઈ પ્રમાણ લાગું નથી થતું ? (૧૬) વ્યાપ્ય વ્યાપક, વ્યાપ્તિ સબંધ, સાધ્ય-હેતુ વગેરે અનુમાનના અંગ. (૧૭) ૩ પ્રકારે અનુમાન. (૧૮) આત્મા ૬ રીતે પ્રત્યક્ષ. (૧૯) વસ્તુના ગુણધર્મની જેમ આત્મામાં સુખદુઃખનું સંવેદન. (૨૦) અંધારે 'હું'નો સંદેહ નહિ. (૨૧) મન એજ આત્મા કેમ નહિ ? (૨૨) તડકો કોને ? (૨૩) તપનું સામર્થ્ય. (૨૪) અમેરિકામાં ઉપવાસની હોસ્પીટલ, તાવની દવા લાંઘણ. (૨૫) ભણવાની રીત, વાંચન મુદ્દા, આદ્યાક્ષર દા.ત., સમકિતના ૬૭ બોલ માટે 'સદ્દશુલિ

દુભૂલ આજ ભાઙ્કા પ્રભાવી'. (૨૬) ગાડીમાં ખોજાનું મૃત્યુ. (૨૭) શરીરનો પ્રવર્તક-નિવર્તક કોણ ? (૨૮) ભૂતાવેશથી વિલક્ષણ ચેષ્ટા. (૨૯) શરીર એક કારખાનું. (૩૦) શરીર મહેલમાં રાજા આત્મારામ, ૫ ઝરૂખા, ૨ સ્તંભ, પાયખાનું પાકખાનું. (૩૧) વાસી ભોગવનાર શેઠ ચંડાળ. (૩૨) ઈશ્વર કર્તા કેમ નહિ ? (૩૩) શરીર-બગીચાનો માળી. (૩૪) શરીર મમત્વની ચીજ. (૩૫) માળી વગર દેહ-બગીચો ઊભો સુકાય. (૩૬) ઇન્દ્રિયો સાણસા જેવી. (૩૭) ઉપયોગ-કષાય-લેશ્યાદિનો ધર્મી આત્મા. (૩૮) ધર્મપ્રીતિનો માપકદંડ. (૩૯) ગાત્રોનો સંચાલક. (૪૦) અનેક ઇન્દ્રિયોના વિષયમાં જજ. (૪૧) જ્ઞાન ગુણનો અનુરૂપ ગુણી. (૪૨) ક્લોરોફોર્મથી આત્માને શું ? (૪૩) છોકરાના મડદા પર રડતો શેઠ અને મહાત્મા. (૪૪) જ્ઞાન ગુણનો અનુરૂપ ગુણી. (૪૫) ગર્ભવતી બાઈના પેટમાં ગાયે શિંગડું માર્યું. (૪૬) કેરી ઝાડ જેવી તો બાળક મા-બાપ જેવો કેમ નહીં ? (૪૭) જમવા બેઠા, આસામી તૂટ્યાનો તાર. (૪૮) ઇષ્ટ-અનિષ્ટ કોને ? (૪૯) બાળક આદ્યસ્તનપાનને ઇષ્ટસાધન ક્યાંથી જાણે. (૫૦) પક્વાન્નમાં વધુ પુણ્ય ખર્ચાય. (૫૧) ખાડો ધૂળધફાથી પૂરાય-રતનથી નહીં. (૫૨) સંદેહ-ભ્રમ-નિષેધ-પ્રતિપક્ષથી આત્મા-સિદ્ધિ. (૫૩) જીવ, શુદ્ધ સત્ પદ. (૫૪) જીવના સ્વતંત્ર પર્યાય શબ્દો. (૫૫) અંતિમપ્રિય આત્મા. (૫૬) શ્રીમંત શેઠને મોટી ઉંમરે પુત્ર, ગર્ભ આડો. (૫૭) પટેલ વડાને બદલે 'ટરરર'... (૫૮) શેઠ તિજોરીમાં મરી ગયા. (૫૯) સેવા નહીં કરનારો પણ ગમે, આત્માને લઈને. (૬૦) જાતિસ્મરણ. (૬૧) આપણે સનાતન કાળના. (૬૨) વર્તમાનની ભવિષ્ય પર અસર. (૬૩) રાજા રુક્મિનું દૃષ્ટાંત : લાખ ભવ વધ્યા. (૬૪) શિબિરમાંથી શું શીખી લાવ્યા ? (૬૫) શિસ્ત-મર્યાદા-નિયમબદ્ધતા. (૬૬) ગૌતમ મહારાજ અને ખેડૂત. (૬૭) 'હું' એટલે ? વિદ્વાન; શ્રીમંત, સત્તાધીશ ? કર્માધીન ગુલામ ? યા અનંતઋદ્ધિ પ્રગટ કરવા સમર્થ ? (૬૮) પ્રભાતે ઊઠી અનંત જીવોને અભયદાન સામાયિકમાં. (૬૯) વિચારઢંગ બદલવાથી પાપને બદલે પુણ્ય. (૭૦) બર્નાડશોનું 'જૈનધર્મ' પ્રત્યે આકર્ષણ. (૭૧) વિવેક એટલે ? (૭૨) વિરાગ એટલે રાગનો અભાવ નહીં. (૭૩) સિંહનું બચ્ચું ઘેટાના ટોળામાં. (૭૪) દર્શનોના આગમોમાં વિરોધ. (૭૫) વેદ માનમાર ૬ દર્શનો, ન માનનાર ૬ દર્શનો. (૭૬) સાંખ્યની માન્યતા. (૭૭) ન્યાયદર્શન તરફથી ખંડન. (૭૮) આત્મા અંગે વેદાન્તની માન્યતા. (૭૯) ભાવના કરવી જુદી, વસ્તુસ્થિતિ હોવી જુદી. (૮૦) કાલસૌકરિક કસાઈ અને રાજા શ્રેણિક. (૮૧) સાંખ્ય-ન્યાયમતનું ખંડન. (૮૨) જ્ઞાન સ્વાભાવિક ગુણ ન હોય તો ? (૮૩) ત્યાગ તપથી જ્ઞાન કેમ ? (૮૪) ભીલ પાસે ચિંતામણી રત્ન. (૮૫) બૌદ્ધદર્શન અને એનું ખંડન. (૮૬) આત્મા વિશ્વવ્યાપી નહીં

અનેકાન્તવાદ અને ઢાલની બે બાજુ. (૮૭) 'હી હૈ' જૂઠું 'ભી હૈ હી' સાચું. (૮૮) દયા-દાન-દમ. (૮૯) 'વિજ્ઞાન ઘન એવ'નો સાચો અર્થ. (૯૦) પંચભૂતજ્ઞાન. (૯૧) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય. (૯૨) અલિપ્ત જ્ઞાનનું જ મૂલ્ય. (૯૩) જ્ઞાન આત્માથી અભિન્ન અને ભિન્ન. (૯૪) સિદ્ધોનું જ્ઞાન પલટે છે. તો જ સર્વજ્ઞ. (૯૫) પાંચ વર્ષનું પ્રમુખપદ. (૯૬) ચિકાગોનું કતલખાનું. (૯૭) કુદરતની વ્યવસ્થા. (૯૮) 'અંધેર નહીં દેર હૈ' ભાગલપુરનો ચોખાનો રાજા. (૧૦૦) વર્ગમાં એકાગ્રતા અને ગંભીરતા અંગે હિતશિક્ષા. (૧૦૧) પરલોકદૃષ્ટિ. (૧૦૨) ૨ અગ્નિભૂતિ બ્રાહ્મણ આવ્યા. (૧૦૩) 'પુરુષેવેદં' વેદવાક્ય પર કર્મની શંકા. (૧૦૪) લોકોત્તર રાજ્ય અને સંન્યાસી તથા રાજાનું દૃષ્ટાંત. (૧૦૫) કર્મ તર્કથી સિદ્ધ. (૧૦૬) અપ્રત્યક્ષના કારણો. (૧૦૭) કર્મ વિચારસહ છે ? (૧૦૮) પ્રકૃતિ કેમ પ્રતિકૂળ થઈ. (૧૦૯) કર્મ રાગદ્વેષથી, હિંસાથી અને કર્મથી જન્મે. (૧૧૦) અકસ્માત જન્મેના ૪ અર્થ. (૧૧૧) પાપાનુબંધી - પુણ્યાનુબંધીની વિવિધ સમજ. (૧૧૨) કર્માદાનના દૃષ્ટાંતથી મિથ્યાત્વાદિ ૪ બંધ-હેતુની સમજ. (૧૧૩) આબૂની હવાની કિંમત કે તત્ત્વજ્ઞાનની ? (૧૧૪) એકવારના સુકૃત ઉપર વારંવાર પુણ્યનો ચમત્કાર. (૧૧૫) હિંસક સુખી ! જિનભક્ત ગરીબ ! (૧૧૬) ચંડકોશિકઃ એક પાપમાં ગર્ભિત અનેક પાપ. (૧૧૭) પુણ્યોદય છતાં વૈરાગ્ય. (૧૧૮) વાલી અને રાવણ. (૧૧૯) કર્મના ઉદયને યોગની સહાય ન કરવી. (૧૨૦) ચત્તારિ શરણં દુષ્કૃતગર્હા-સુકૃત અનુમોદના. (૧૨૧) કર્મ-સાધક દલીલો. (૧૨૨) કર્મપુદ્ગલ છે, ગુણરૂપ કેમ નહિ ? (૧૨૩) શરીર શરીરપૂર્વક હોય. (૧૨૪) સીતાનું અપયશ કર્મ. (૧૨૫) 'વેયાવચ્ચગરાણં' કાઉસ્સગ્ગ કરનારને શુભોત્પત્તિ. (૧૨૬) વિચારના પુદ્ગલ બીજાને અસર કરે ? (૧૨૭) સુદર્શનનું શીલવ્રત. (૧૨૮) અમેરિકન સ્ત્રીઓનો અભિપ્રાય. (૧૨૯) અનુત્તરદેવનો પ્રશ્ન. (૧૩૦) જ્ઞાનાદિ ક્રિયાનું ફળ શું ? (૧૩૧) બીજ-વપનમાં ઇરાદાનો નિયમ નહીં. (૧૩૨) શુભભાવથી કર્મનો નિકાલ. (૧૩૩) જે કારણે સંસાર તેનાથી વિરુદ્ધ કારણે મોક્ષ. (૧૩૪) ટેકરા ઉપર ભિખારી, નીચે કોડનું ધન. (૧૩૫) જીવનું જીવવું સ્વતંત્ર. (૧૩૬) દૃઢપ્રહારી. (૧૩૭) કર્મ મૂર્ત ૫ હેતુએ સિદ્ધ. (૧૩૮) મૂર્ત કર્મ અમૂર્ત આત્મા ઉપર કેમ અસર કરે ? (૧૩૯) પરિણામી નિત્ય. (૧૪૦) અરૂપી અને રૂપીનો સંબંધ જેમ સુવાસ અને પુષ્પ. (૧૪૧) કર્મ-સંબંધ અનાદિ. (૧૪૨) ઉદય-અસ્તમાં સૂર્ય લાલ કેમ ? (૧૪૩) વેદાન્તીના ઈશ્વર શરીરના કર્તા કેમ નહિ ? (૧૪૪) **'तत्त्वमसि'**. (૧૪૫) અગ્નિભૂતિનું સમાધાન. (૧૪૬) 'પુરુષેવેદં' વેદવાક્યનો સાચો ભાવ. (૧૪૭) વેદ વાક્ય ૩ પ્રકારે વિધિવાદ, અર્થવાદ, અનુવાદ.

સૂત્ર અને ક્રિયા તથા મંદિરવિધિ

(૧) સૂત્રોનું યથાસ્થિત ઉચ્ચારણ. (૨) ઉચ્ચારણમાં શી શી તકેદારીઓ. (૩) તે તે સૂત્ર બોલતાં કઈ કઈ લેશ્યા ? (૪) તચ્ચિત્ત, તત્મન... (૫) નવકારનો તત્મન.. (૬) ૧૦૮ નવકાર સમવસરણ પર ગણવાની રીત. (૭) અંતઃશ્રવણનો અદ્‌ભુત પ્રયોગ. (૮) અંદરમાં બોલવા કરતાં સાંભળતાં વધુ એકાગ્રતા. (૯) ચત્તારિ મંગલં વગેરેમાં મંગલમ્ લોગુત્તમા, પવજ્જામિ બોલતાં કેવા ભાવ ? (૧૦) પંચિંદિય સૂત્રનો અર્થ. (૧૧) સ્થાપના-વિસર્જન-મુદ્રા. (૧૨) યાપનીકી-નૈષેધિકી વંદન. (૧૩) ભૂમિને પંચાંગ કેવી રીતે અડે ? (૧૪) **'ઇચ્છકાર'**નો અર્થ ઇચ્છકારની શાસનશૈલીઃ ૫ પૃચ્છા. (૧૫) **ઇરિયાવહિયં** સૂત્રનો અર્થ. (૧૬) ખૂનીનો ઇકરાર. (૧૭) પ્રમાદથી પશુસુલભ તામસભાવ. (૧૮) નાનું મોટું પ્રતિક્રમણ સૂત્રઃ પાપ સંતાપ-આત્મ-જુગુપ્સા. (૧૯) પાણ-હરિત્-ઓસ-ઉત્તિંગ-પણગ-દગમટ્ટી-મક્કડાસં... (૨૦) મૂર્તદર્શનની રાત. (૨૧) **તસ્સ ઉત્તરીમાં** ૫ નિમિત્ત. (૨૨) **'અન્નત્થ'**-અનત્થ=અનર્થ. (૨૩) કાઉસ્સગ્ગના ૧૯ દોષ. (૨૪) અક્ષર-ધ્યાન. (૨૫) કષાય રોકવા નવકાર. (૨૬) નવપદજી માટેનું પદ 'શ્રી અરિહંતો સકલ હિતદા'. (૨૭) અરિહંતોનું પુણ્ય. (૨૮) સિદ્ધનો ધ્રુવતારો. (૨૯) આચાર્યનો વેપાર. (૩૦) ઉપાધ્યાયનું દાન. (૩૧) સાધુનું પરાક્રમ. (૩૨) દર્શનનું નિર્મલીકરણ. (૩૩) જ્ઞાનનો પ્રકાશ. (૩૪) ચારિત્રની નિષ્પાપતા. (૩૫) તપની સમાધિ. (૩૬) 'માતા મરુદેવાના નંદ' સ્તવનનો સળંગ કડીબદ્ધ પદાર્થ. (૩૮) **લોગસ્સની** પ્રથમ ગાથામાં ૪ અતિશય. (૩૯) છેલ્લી ત્રણ ગાથામાં ચાર પ્રાર્થના. (૪૦) ઇચ્છાયોગ-શાસ્ત્રયોગ-સામર્થ્ય યોગ. (૪૧) લોગસ્સની ૩ ગાથામાં ભગવાનની ગોઠવણ કેવી રીતે ? (૪૨) ૫ સ્થાને વંદન. (૪૩) તીર્થંકરોનું અચિંત્ય સામર્થ્ય. (૪૪) ચંડાળ ચોકડી પર કાબૂ. (૪૫) દ્રવ્ય-ભાવ-સમાધિ. (૪૬) બોધિલાભ એટલે ? (૪૭) ગજસુકુમાલ મુનિ (૪૮) 'કરેમિભંતે' સામાયિકનો અર્થ (૪૯) સમતા અને સમાધિમાં ફેર. (૫૦) છોટાભાઈ સંઘવી પુત્ર મરણ પર શું માને છે ! (૫૧) વાચનાનું મહત્ત્વ. (૫૨) અનુપભાઈ શ્રાવક. (૫૩) દુવિહં તિવિહેણં શા માટે ? (૫૪) અધ્યાત્માદિ ૫ યોગ. (૫૫) મોટા માણસની ખાસિયત. (૫૬) કરેમિભંતે સૂત્ર ઉપર નિર્યુક્તિ ભાષ્ય-ટીકા કુલ ૨૮૦૦૦ શ્લોક પ્રમાણ. (૫૭) ચંદ્રાકારમાં દેવસી પ્રતિક્રમણની વિધિ. (૫૮) સામાયિકની બાધામાં શેઠનો જીવ બચ્યો. (૫૯) મંત્રીનું યુદ્ધભૂમિ પર પ્રતિક્રમણ. (૬૦) **જંકિંચિ** ઉચ્ચાર વખતે દૃષ્ટિ ક્યાં રહે ? (૬૧) નમુત્થુણંઃ શકસ્તવઃ પ્રણિપાત-દંડક સૂત્ર. (૬૨) 'નમોત્થુ'માં સામર્થ્યયોગનો નમસ્કાર. (૬૩)

'નમોજિણાણ'માં ઇચ્છાયોગનો નમસ્કાર : નવસંપદા. (૬૪) ૨-૩-૪, ૫-૫-૫, ૨-૪-૩ પદો. (૬૫) કયા કયા પદ ઉપર ભાર. (૬૬) 'નમો' પદ દરેક સાથે. (૬૭) અરિહંત=પ્રાતિહાર્ય પૂજાને યોગ્ય. (૬૮) ભગવંત=અનુપમ-ઐશ્વર્ય-રૂપ યશ-શ્રી-ધર્મ-પ્રયત્ન. (૬૯) ધર્મ ૪ પ્રકારે. (૭૦) દાનાદિ, સમ્યગ્દર્શનાદિ, સાશ્રવ-નિરાશ્રવ, યોગ. (૭૧) આદિકર-તીર્થકર-સ્વયંસંબુદ્ધ. (૭૨) પુરુષોત્તમઃ ખાણનું જાત્ય રત્ન, વિશિષ્ટ તથાભવ્યત્વ. (૭૩) ભવ્યત્વ મોક્ષનો પાસપોર્ટ. (૭૪) ભવ્ય-અભવ્ય-દુર્ભવ્ય-જાતિભવ્ય. (૭૫) ઉત્તમના ૧૦ લક્ષણ. (૭૬) પુરુષસિંહના ૧૦ લક્ષણ. (૭૭) શ્રેષ્ઠ ગંધહસ્તી. (૭૮) લોકોત્તમ. (૭૯) નયસારની ઉત્તમતા. (૮૦) ૪ ઘાતીકર્મના ૧૮ દોષ,-અજ્ઞાન નિદ્રાદિ...' (૮૧) કઠિયારાને નવકાર. (૮૨) અમેરિકન ડેલ કારનેગીની ભાષણની ચાવી. (૮૩) દિલ - દર્દ પર આરાધનાઃ લોકનાથ; નાથ=યોગક્ષેમકારી. (૮૪) લોકહિત : લોક=પંચાસ્તિકાયનું યથાર્થ નિરૂપણ. (૮૫) ભવ્યલોકના પ્રદીપ. (૮૬) ગણધરલોકના પ્રદ્યોતકર. (૮૭) અભયદયાણં આદિ... (૮૮) ચિત્તસ્વાસ્થ્ય. (૮૯) ચક્ષુ=ધર્મરુચિ... (૯૦) માર્ગ=ક્ષયોપશમ. (૯૧) શરણ=તત્ત્વ જિજ્ઞાસા. (૯૨) બોધ=તત્ત્વબોધ, શ્રુતધર્મ; ધમ્મ-દયાણં આદિઃ ધર્મ-ચારિત્રધર્મ. (૯૩) પ્રભુવાણીનો રસ. (૯૪) પ્રભુ પ્રત્યે કૃતજ્ઞભાવ. (૯૫) નાયક=સ્વયં ઉત્કૃષ્ટ ધર્મપાલક. (૯૬) ઉત્કૃષ્ટ ફળ-ભાગી... (૯૭) ધર્મસારથિ. (૯૮) પાલન-દમન-પ્રવર્તન. (૯૯) 'ચાઉરંત ચક્કવટ્ટી'ના અર્થ. (૧૦૦) મંત્રી અને ભોજરાજા. (૧૦૧) 'આપદર્થે ધનં રક્ષેત્'. (૧૦૨) દાનાદિ ૪ થી ૪ સંજ્ઞા કપાય. (૧૦૩) અપ્પડિહય.... વગેરે પદોના અર્થ. (૧૦૪) જિન=રાગવિજયી ૧૦ ગુણ૰ અંતે (૧૦૫) તીર્ણ=તરનાર ૧૨ મા ગુણ૰ અંતે (૧૦૬) બુદ્ધ=સર્વજ્ઞ ૧૩ મે ગુણ૰ (૧૦૭) મુક્ત=સિદ્ધ ૧૪ મા ના અંતે (૧૦૮) સાગરમાં મગર-ગ્રહણ મનુષ્યનું દૃષ્ટાંત. (૧૦૯) જિણાણં-કાઉ. ધ્યાને (૧૧૦) તિણ્ણાણં-ગોદોહિકાસને. (૧૧૧) બુદ્ધાણં-સમવસરણ પર. (૧૧૨) મુત્તાણં-સિદ્ધશિલા પર. (૧૧૩) નમોજિણાણં જિઅભયાણં ૧૨॥ હજાર જાપથી વિશિષ્ટ તત્ત્વની સ્ફૂરણા. (૧૧૪) **આવશ્યક** સૂત્રના ચિત્રો. (૧૧૫) **જાવંતિ ચે૰ જાવંતકે૰ નો અર્થ.** (૧૧૬) સમસ્ત ચૈત્ય અને સાધુનું દર્શન. (૧૧૭) 'વિરયાણ' 'વિરિયાણ'નો તફાવત. (૧૧૮) 'ઇહ સંતો...'નું મહત્ત્વ. (૧૧૯) ત્રિદંડ-વચનદંડ પર વિધવા બેનનું દૃષ્ટાંત. (૧૨૦) સમિતિ-ગુપ્તિ. (૧૨૧) ધર્મી જિન સામે જુએ. (૧૨૨) અધર્મી લોક સામે જુએ. (૧૨૩) **'જય વીયરાય' જય** પામો ક્યાં ? (૧૨૪) ૮ માગણી+૧+૪ માગણી=૧૩ (૧૨૫) **પ્રણિધાનઃ** ઇનામ વખતે ગેરહાજર. (૧૨૬) ભવ વૈરાગ્ય. (૧૨૭) ઇષ્ટફળ : લોકવિરુદ્ધ શું ? (૧૨૮) ગુરુજન. (૧૨૯)

પરત્થ-પરકાર્ય. (૧૩૦) પંથ વચ્ચે પ્રભુજી મળ્યા : વચ્ચે ક્યાં ? મધ્ય લોકમાં નહિ. (૧૩૧) ૩ અવંચકઃ : યોગા॰ ક્રિયા॰ ફલા॰ વંચક. (૧૩૨) શુભક્રિયામાં આશ્રવ-સંવર-નિર્જરા. (૧૩૩) નિયાણું અવજર્ય ચરણસેવા. (૧૩૪) દુઃખક્ષય-મન દુઃખનો ક્ષય. (૧૩૫) કર્મક્ષય ધર્મારાધના. (૧૩૬) સમાધિમરણ. (૧૩૭) બાલમરણાદિ-નિવારણ. (૧૩૮) ભાવસમાધિ. (૧૩૯) બોધિલાભ. (૧૪૦) ચારે માગણી ક્રમશઃ વર્તમાન સમયે-જીવનભર-અંતે-પરભવે. (૧૪૧) જૈનં જયતિ શાસનંની અનુમોદના પ્રમોદ. (૧૪૨) ધમ્મો આણાએ. (૧૪૩) જિનપ્રવચન સર્વ મંગળ કલ્યાણ-ધર્મશ્રેષ્ઠ. (૧૪૪) નમોઽર્હત્-નજર સામે અનંત પંચપરમેષ્ઠી એમના પદમાં. (૧૪૫) **અરિહંત ચેઈયાણં બે વિભાગ :** ૬ નિમિત્ત+૫ હેતુ નિમિત્ત=સામગ્રી. (૧૪૬) ચૈત્યના વંદન-પૂજન-સત્કાર-સન્માન. (૧૪૭) વત્તિયાએ-અનુમોદનાર્થે. (૧૪૮) શ્રાવક જિનપૂજા-લાભમાં અતૃપ્ત. (૧૪૯) ગણધર-સૂત્ર : કાઉ.થી લાભમાં શંકા નહિ. (૧૫૦) મુનિને ય અનુમોદના કાઉ. (૧૫૧) ક્ષાયિક સમકિતી બોધિલાભ. કેમ બોલે ? વીતરાગતા સુધી ઉપર ઉપરના ધર્મ માટે. (૧૫૨) નિરુવસગ્ગ=મોક્ષ. (૧૫૩) ૫ હેતુ : શ્રદ્ધા-મેધા-ધૃતિ-ધારણા-અનુપ્રેક્ષા. (૧૫૪) દ્રવ્યપૂજામાં હિંસા દોષ નથી ? બે દૃષ્ટાંત : (૧) નદીપટમાં વેરઝેર ખોદનાર પ્રવાસી. (૨) સર્પ-ભયથી પુત્રને ખાડામાંથી ખેંચી લેતા માતા.

મંદિર-વિધિ. (૧૫૫) જિનોક્ત તત્ત્વકીર્તનમાં જ વાગ્યોગ સફળઃ આગમ પ્રમાણ-આચરણાપ્રમાણ. (૧૫૬) શ્રુતસાગર બહુ સુકાયો. (૧૫૭) આચરણલોપે સંઘહીલના. (૧૫૮) સંઘદોષ ગાતાં ધર્મ દુર્લભ. (૧૫૯) સમોસરણ પર પ્રભુને અભિષેકાદિ નહિ, તો મૂર્તિને કેમ ? (૧૬૦) પ્રતીક-પૂજા જગપ્રસિદ્ધ. (૧૬૧) જુલિયસ સીઝરના મડદા પર એન્ટોનીનું ભાષણ અને બળવો. (૧૬૨) 'પુષ્પ-પાંખડી જ્યાં દુભાય'નો ખુલાસો. (૧૬૩) સાધુ નદી ઉતરે. (૧૬૪) દ્રવ્ય-પૂજામાં (૧) ભક્તિ-પરિણામ (૨) અસદ્ આરંભથી બચાવ (૩) મહાપાત્રદાન. (૧૬૫) દ્રવ્ય-પૂજામાં (૪) ત્યાગ ભાવના. (૧૬૬) મૂર્તિ એક મૂળનાયકને બીજી બાજુમાં; તો નાયક-સેવકભાવ કેમ નહિ ? (૧૬૭) નાની મોટી મૂર્તિમાં ગુરુ-લઘુ ભાવ કેમ નહિ ? (૧૬૮) મુનિસુવ્રતસ્વામીએ પ્રતિબોધેલ અશ્વની કથા. (૧૬૯) એક મૂર્તિનું સ્નાનજળ બીજીને અડે, તો અવગણના કેમ નહિ ? (૧૭૦) નિસીહિ ત્રિક આદિ ૧૦ ત્રિક કડીબદ્ધ કેમ યાદ રહે ? (૧૭૧) ૩ નિસીહિ કઈ ? શા માટે (૧૭૨) ૩ પ્રદક્ષિણા શા માટે ? કઈ ભાવનાથી ? (૧૭૩) ૩ પ્રણામ : અંજલિબદ્ધ, અર્ધાવનત, પંચાંગ. (૧૭૪) ૩ પૂજા : અંગ-અગ્ર-ભાવ. (૧૭૫) ૩ અવસ્થા-

ચિંતન : પિંડસ્થ પદસ્થ-રૂપાતીત. (૧૭૬) ૩ પિંડસ્થ : જન્મ-રાજ્ય-શ્રમણ : શું ચિંતવવું ? (૧૭૭) ૩-૩ દિશાત્યાગ-પ્રમાર્જન. (૧૭૮) ૩ આલંબનઃ સૂત્ર-અર્થ-પ્રતિમા. (૧૭૯) ૩-૩ મુદ્રા-પ્રણિધાન. (૧૮૦) **પૂજાવિધિ :** મહાઋદ્ધિમાન હાથીઘોડા બેન્ડ આદિ સાથે મંદિરે જાય... (૧૮૧) પ્રણામપૂર્વક પ્રભુની આજ્ઞા માગી પૂજા શરૂ કરે. (૧૮૨) વાળાકૂંચીને કૂચડાની જેમ ઘસે તો મહાન આશાતના. (૧૮૩) પુષ્પ લાવવાની વિધિ. (૧૮૪) ૫ અભિગમ : સ્ત્રીને ૩ કેમ ? (૧૮૫) અવગ્રહ ૦।। હાથથી ૬૦ હાથ.

ધર્મારાધનાનાં મૂળ તત્ત્વ : ષોડશક

● આ. શ્રી હરિભદ્રસૂરિજી મ.નો પરિચય. ● ષોડશક ભણવાથી શો લાભ ? ● ષોડશકના ૧૬ પ્રકરણના વિષયો. ● પ્રભંજના સતીનું દૃષ્ટાંત. ● ધર્મની દૃષ્ટિવાળા જીવ ૩ પ્રકારે. ● બાળ જીવની ખાસિયત. ● મિથ્યાચારી. ● મધ્યમબુદ્ધિનું લક્ષણ. ● આગમતત્ત્વની ૪ શુદ્ધિ. ● દૃષ્ટ અને ઈષ્ટથી અવિરુદ્ધ. ● ખરો અપવાદ કયો ? ● સાધુ જાણીને દોષ ક્યારે સેવે ? ● જીવનમાં આચરણની અસર. ● મહાત્માએ મીઠાઈ છોડાવવા. ● સંસારના બે મુખ્ય કારણ. ● આત્મા અંગે દર્શનો. ● ઐદંપર્ય શુદ્ધિ. ● પરસ્થાને દેશના પાપદેશના. ● બાળને યોગ્ય દેશના. ● ધર્મનાં પ્રથમ પગથિયે. ● સુખશીલતા ટાળવા શું શું કરવું ? ● ધર્મચર્યામાં વિવેક અને નિર્દોષતા. ● સમિતિ ગુપ્તિ એટલે ? ● પશ્ચાત્કર્મ આધાકર્મી દોષ એટલે ? ● ગુરુપારતન્ત્ર્યથી પરમગુરુની પ્રાપ્તિ. ● એકલવ્ય ભીલની ગુરુશ્રદ્ધા. ● ભગવાન પર પ્રેમ એટલે ? ● બુધ-યોગ્ય દેશના. ● મહાવીર પ્રભુને 'સંગમ' પર આંસુ. ● વચનારાધનાથી જ ધર્મ. ● નખી તળાવ, સનસેટ પોઈન્ટ વગેરેની દર્શનેચ્છા કેમ મટે ? ● અનુષ્ઠાન કરતાં આગમ કેમ પ્રધાન ? ● ધર્મદેશનાનો વિષય ૩ કર્તવ્ય સૂચવે છે. ● ધર્મ આદિ-મધ્ય-અંતે સુંદર, એના ૪ અર્થ-કરોડપતિ ગરીબ બનતાં એની સરંભરા કેવી ? ● પ્રતિક્રમણ ક્રિયાનું ફળ. ● બારોટ શિકારી રાજાને 'હું જાણું દોય વટ્ટડી' ● ધર્મનું આંતરિક સ્વરૂપ : ૩ લક્ષણ. ● માલવિયાજીને વૃદ્ધ પંડિતે શું કહ્યું ? ● નવકારમાં ચૂલિકા શા માટે ? ● ચિત્તમળ-નિવારણના ૨ ઉપાય. ● શું જૈનધર્મ નિવૃત્તિ-પ્રધાન છે. ● પાયાના ગુણો. ● આગમ અને સદ્યોગ. ● નિમિત્તિયાનું કથન ધર્મથી ફોક. ● બ્રહ્મચર્યનું ખંડન કરનાર વસ્તુઓ. ● રોગો અંગે માનસશાસ્ત્રીનો મત. ● વિધિ-નિષેધ એટલે ● ધર્મ-ઈમારતની ભૂમિકા. ● ભવિતવ્યતાદિ કયું કયું કારણ ક્યાં પ્રધાન ? ● દીક્ષા કેવી રીતે અને શા માટે ? ● દુઃખ-ગર્ભિત અને દુઃખ-નિમિત્તક વૈરાગ્યમાં ફેર. ● ભવ્ય અને

ચરમાવર્તી હોવાનું લક્ષણ. • સંસારનો ઉચ્છેદ કેવી રીતે ? • મોક્ષ કેમ થયો નહિ ? • ઉદયમાં વર્તતા કર્મો અંગે કર્તવ્ય. • આયુષ્ય પર ઉપક્રમ ક્યારે ? • ક્ષપકશ્રેણીની ભૂમિકામાં. • દ્રવ્યક્રિયા પણ લાભ કરે, સ્વયંભૂરમણના માછલાનો ઉદ્ધાર. • ગદ્ય પ્રાર્થનાની જરૂર. • પુષ્ટિ અને શુદ્ધિ શું ? એ સાનુબંધ કેમ બને ? • પ્રણિધાનમાં ૪ જરૂરી. • ભાવ-આવશ્યક માટે તન્મન, તચ્ચિત્ત, તદર્થોપયોગ, તદધ્યવસાય, તલ્લેશ્ય, તદર્પિતકરણ. • પાપના અબહુમાનથી ધર્મોત્સાહ. • પૂજનમાં દ્રવ્યસંકોચ અને ભાવ સંકોચ શો ? • 'પ્રવૃત્તિ' આશયમાં ૫ જરૂરી. • ખમાસણમાં ૧૭ સંડાસાનું પ્રમાર્જન. • કષાયની ૪ ચોકડીઓની ઓળખ. • ચિત્ત, વિશુદ્ધ અને ભાવના પ્રધાન કેમ થાય ? • ક્રિયા ફળાભિસંધિરહિત એટલે ? • એક જ ક્રિયા શુદ્ધ અને આશુદ્ધ કેવી રીતે ? • પાપનો અનુબંધ. • એક વારના સુકૃતથી ઘણીવાર લાભ કેવી રીતે ? • પર-હિતાર્થે ક્રોધ કેવો ? • પંડિતે સંગીત-મંડલીઓમાં સંપ કરાવ્યો. • અપ્રશસ્ત રાગ કેવી રીતે ઓછો ઓછો થાય ? • પુણ્ય-પુષ્ટિની શી જરૂર ? • ચિત્ત-શુદ્ધિનું લક્ષણ. • 'અસપત્ન યોગ' એટલે • ક્રિયામાં તન્મયતા ક્યારે આવે ? • દરેક ક્રિયા શા માટે ? • સ્વચ્છંદતા અભિમાન કાપવા શું કરવું ? • ક્રિયામાં મુખ્યતા શાની ? • સમ્યક્ત્વ એટલે • મ્યુ. વગેરેમાં સભ્ય થવામાં... • મુંબઈમાં કૂતરા કેવી રીતે મારે છે ? • ગુણ સિદ્ધ કરવા શું કરવું ? • વિઘ્ન ૩ પ્રકારે. • 'સિદ્ધિ'માં ૩ જરૂરી. • 'શૌચ ધર્મ' એટલે ? • 'વિનિયોગ'ના ૨ અનુપમ લાભ. • ભાવનું મહત્ત્વ. • વિમુક્તિરસ. • તીર્થ એટલે શું ? • જૈનધર્મના ગિરિશિખરે. • સારા માણસો પ્રત્યે કેવો ભાવ રાખવો ?

-----●-----

"માર્ગાનુસારી જીવન" પર પ્રશ્નપત્ર

તા. ૨૮-૫-૬૪ **સવારે ૮॥ થી ૧૧॥**

શુદ્ધતા, સ્વચ્છતા, અને વ્યવસ્થિતતા નહિ હોય તો ગુણાંક કપાશે. **ગુણાંક**

(૧) માતા-પિતાની પૂજા શા માટે ? અને એના ૧૭ પ્રકાર કયા ?- એ જાણે રામચંદ્રજીને એમના વિદ્યાગુરુ સમજાવી રહ્યા હોય એ રીતનું લગભગ ૭૦ લીટીનું ઉદ્બોધન લખો. ૧૫

નીચેના ૯ પ્રશ્નોમાંથી ગમે તે ૬ પ્રશ્નના ઉત્તર લખો.

(૨) માર્ગાનુસારી જીવન શા માટે જરૂરી ? એના ગુણોની આ લોક પરલોકની અને આધ્યાત્મિક દૃષ્ટિએ લાભ કયા ? ૧૦

(૩) માર્ગાનુસારીના ૩૫ વિભાગવાર બતાવો. ૧૦

(૪) ન્યાયસંપન્નતા સર્વ-પ્રથમ ગુણ કેમ ? અને એ જાળવવા વ્યાપાર, વિદ્યાર્થી-અવસ્થા, દલાલી અને હુન્નર-ઉદ્યોગમાં શું શું ન કરવું ? ૧૦

(૫) ધનવ્યય, વેશ, વિવાહ અને ઘરમાં ઉચિતતા શી શી અને એના લાભ શા ? ૧૦

(૬) **નીચે લખેલામાંથી ૬ ના નુકસાન બતાવો :**
(ક) જાહેર રસ્તા પર ઘર, (ખ) યુરોપિયન વેશ, (ગ) નીચા કુળવાળા સાથે વિવાહ, (ઘ) અજીર્ણે ભોજન, (ચ) ઇન્દ્રિય-ગુલામી, (છ) આંતરશત્રુ કામ, (જ) લોભ, (ઝ) માન-મદ, (ટ) દંભ, (ઠ) હર્ષના પ્રકારો. ૧૦

(૭) **(૧) પાંચના શબ્દાર્થ લખો;** -ઉદ્ભટ, સાત્મ્ય, અતિથિ-સાધુ-દીન, અભિનિવેશ, પ્રતિપત્તિ, કેવલિનિરખિત સૂક્ષ્મ અરૂપી, ચિંતાથી માણસ ૪ પ્રકારે.
(૨) સમજાવોઃ (ક) પુણ્ય સામે ચેલેન્જ, (ખ) વિવિધ વૈરના અનર્થ, (ગ) વાસના રોકવાના ઉપાય, (ઘ) દૂબળા સાધુમાં ઓજસ્ (ચ) મનનું સત્ત્વ કેમ વધે ? (છ) કાલે ભોજનમાં ક્ષપક શ્રેણી. ૧૦

(૮) **દરેક આંતરશત્રુ જીતવા શું શું વિચારવું ?** ૧૦

(૯) નિંદા કેમ મહાદોષ ? નિન્દ્ય પ્રવૃત્તિઓ કઈ કઈ ? એનાથી તથા નિંદા દોષથી બચવા શું શું કરવું ? ૧૦

(૧૦) ચક્ષુ અથવા જીભ એ બેમાંથી ગમે તે એકના દુરુપયોગ ઉપર પોતાના આત્માને હિતશિક્ષા લખો. ૧૦

(૧૧) **અવશ્ય લખો.**

(i) **નીચેના દૃષ્ટાંતોમાંથી ગમે તે પાંચ લખો :**
ચોરે માનું નાક કરડ્યું, વસુરાજા નરકે, બંગાળી સ્ટેશનમાસ્તર, પંડિત મોટા માણસ સાથે વાતમાં, યુરોપિયનનો કાળો પુત્ર, શેઠાણીને વૈદ્યની શિખામણ, લુચ્ચાનું ગળું કેમ ન કાપ્યું. બ્રાહ્મણે ઊંટના લીંડા ખાધા, વ્રજસ્વામીની બાલ્ય-સાધના, જહોનની ધુમ્રપાનની ટેવ બાપે છોડાવી.

(ii) **નીચેની કથામાંથી ગમે તે ચાર લખો.**
પ્રામાણિક ઝવેરી-દલાલ, રાજાના ગવૈયાઓને પાડોશમાંથી હટાવ્યા,

દીવાસળી માટે લડનાર દાનવીર, રુક્મિ સાધ્વીના લાખ ભવ વધ્યા, ખોરી જુવારનું દાન, પુદ્ગલના ખેલ પર મંત્રી-રાજા, વિદ્યુન્માલી વિદ્યાધર, રતિસુંદરી. ૨૦

-----●-----

તા. ૩૦-૫-૬૪ **'ગણધરવાદ' પર પ્રશ્નપત્ર** સવારે ૮॥ થી ૧૧॥

નીચેના ૯ પ્રશ્નમાંથી ૬૦ માર્કના ઉત્તર લખો. **ગુણાંક**

(૧) શ્રી મહાવીર પ્રભુની સાધના (૧૦ લીટીમાં) બતાવો.
(i) કેવળજ્ઞાનમાં શું શું જોયું ? (લીટી ૧૦)
(ii) ઈન્દ્રભૂતિ ૧૦ મુખ્ય બ્રાહ્મણ સાથે કઈ સ્થિતિમાં હતા ? અને કેવા ભાવમાં પ્રભુ પાસે આવ્યા તથા આકર્ષાયા ? (લીટી-૩૦) તે લખો. (કુલ ૫૦ લીટી) ૧૫

(૨) ૧૧ બ્રાહ્મણનાં નામ અને સંદેહ જણાવો. ૧૦

(૩) **'विज्ञान घन एव'**...વાળી વેદપંક્તિનો અસત્ અને સત્ અર્થ લખો. ૫

(૪) સમજાવો-(i) ૭ પ્રકારનાં પ્રમાણ દૃષ્ટાંત સાથે, (ii) અનુમાનના ૩ પ્રકાર અને દૃષ્ટાન્ત. (iii) આત્મા અંગે પ્રત્યક્ષ, અનુમાન, આગમ-પ્રમાણ કેમ નથી ? ૧૫

(૫) (i) આત્મા કઈ ૬ રીતે પ્રત્યક્ષ ? (ii) પ્રવૃત્તિ-નિવૃત્તિ, ભૂતાવેશ, અને કાયાયંત્ર પરથી આત્માનું અનુમાન કેમ થાય ? ૧૦

(૬) (i) જ્ઞાન-સંદેહાદિ ગુણ શરીરના કેમ નહિ ? (ii) સર્પ સ્વયં ગુંચળું વળે એમ શરીર સ્વયં ક્રિયાવાન કેમ નહિ ? (iii) ઈન્દ્રિય સ્વયં જ્ઞાતા કેમ નહિ ? (iv) ઇન્દ્રિય-ગાત્રોનું આદેશક મન જ કેમ નહિ ? ૧૦

(૭) (i) દેહ મહેલ અને રાજા આત્મારામનું વર્ણન (લીટી ૧૫) કરો જેમાં સ્વતંત્ર આત્મા સિદ્ધ થાય.
(ii) આત્મા જજ, ભોક્તા, નિયંત્રક, પ્રવાસી અને દેહ-શિલ્પી કેવી રીતે ?

(૮) (i) સંદેહ-ભ્રમ-નિષેધ-પ્રતિપક્ષ અને શુદ્ધપદ તથા સ્વતંત્ર પર્યાય પરથી આત્મા સિદ્ધ કરો. ૧૫

(૯) (i) આત્મ-સાધક ૩ સચોટ યુક્તિ કઈ ?
(ii) આત્માનું કલંકિત સ્વરૂપ અને આશાવંત સ્વરૂપ શું ? ૧૦

(૧૦) સાંખ્ય, વેદાન્ત, ન્યાય અને બૌદ્ધ આત્મા અંગે શું કહે છે ? ૧૨
તે કેમ તર્ક-વિરુદ્ધ છે ?

(૧૧) વસ્તુ સામે હોય છતાં ન દેખાવાના ૨૧ કારણ અને દૃષ્ટાંત આપો.

અથવા

કર્મ ૩ રીતે ઘટતાં નથી એવાં વાદીના કથનનું અને એના ઉત્તરનું સ્પષ્ટીકરણ લખો. ૧૦

(૧૨) (i) 'અકસ્માત જન્મે છે' ના ૪ અર્થ,
(ii) 'સ્વભાવથી જન્મે'ના ૩ અર્થ
(iii) દાનાદિ ક્રિયાનું ફળ મનની પ્રસન્નતાદિ જ કેમ નહિ ?
(iv) કર્મ મૂર્ત હોવાની ૫ દલીલ
(v) મૂર્ત કર્મનો સંયોગ અને અનુગ્રહ અમૂર્ત પર કેમ ?
(vi) કર્તા ઈશ્વર કેમ નહિ ?
(vii) વેદ-વચન ૩ પ્રકારે કેવી રીતે ? ૧૮

-----●-----

તા. ૨૮-૫-૬૪ **'કર્મ-સિદ્ધાંતનું વિજ્ઞાન' પ્રશ્નપત્ર** બપોરે ૨॥ થી ૫॥

૧ લો અને ૨ જો પ્રશ્ન ફરજિયાત છે. બાકીના ૬૦ માર્કના જવાબ લખો.

પ્ર.૧ આધ્યાત્મિક વિકાસક્રમ અને પહેલા સાત ગુણસ્થાનક ઉપર ૬૦ લીટીનું વિવેચન લખો.
બાકીના સાત ગુણસ્થાનકના નામ લખો. ૨૦

પ્ર.૨ કર્મ શું ? જગતમાં કઈ કઈ વિચિત્રતામાં કયા કર્મનો ફાળો છે ? કર્મસંબંધ અનાદિ શાથી ? કર્મના ૮ કારણો સમજાવો. ૨૦

પ્ર.૩ જીવનું મૂળ અને વિકૃત સ્વરૂપ ચિત્ર સાથે સમજાવો. ૧૦

પ્ર.૪ ઔદારિકાદિ ૮ વર્ગણા સમજાવો. ૧૦

પ્ર.૫ (અ) ગમે તે પાંચનો તફાવત સમજાવો.
(૧) કાર્મણવર્ગણા-કાર્મણશરીરનામકર્મ (૨) સાદિ-વામન સંસ્થાન
(૩) બંધન-સંઘાતન નામકર્મ (૪) પરાઘાત-ઉપઘાત નામકર્મ (૫) સૌભાગ્ય-આદેય નામ કર્મ (૬) કુબ્જ-હુંડક સંસ્થાન (૭) નિદ્રા-પ્રચલા ૫
(બ) ૬ના શબ્દાર્થ લખો.
(૧) અવગ્રહ (૨) ઈહા (૩) નો-કષાય (૪) અનંતાનુબંધી

(૫) વ્રજઋષભનારાચ (૬) સમચતુરસ્ર (૭) બાદર

પ્ર.૬ જ્ઞાનાવરણાદિ ૮ પૈકી દરેક કર્મ બાંધવાના હેતુ કયા ? ૧૫

પ્ર.૭ (૧) મિથ્યાત્વના યોગે જ કઈ કઈ પ્રકૃતિ બંધાય ? ૧૫
(૨) અનતાનુબંધીના યોગે જ કઈ કઈ પ્રકૃતિ બંધાય ?
(૩) પ્રમાદના યોગે જ કઈ કઈ પ્રકૃતિ બંધાય ?
(૪) ૧ થી ૮ ગુણસ્થાનક સુધી કઈ કઈ પ્રકૃતિ બંધાય ?

પ્ર.૮ ગમે તે પાંચ લખો.
(૧) રહનેમિ-રાજીમતી વચ્ચે શી વાત થઈ ? (૨) નિરંજનનાથને કોણે ભોળવ્યો ? (૩) દીક્ષા-વિરુદ્ધ બોલનારનું શું થયું ? (૪) મૂઢ બ્રાહ્મણે શી મૂઢતા કરી ? (૫) મુનીમે અવિવેકથી શેઠની શી નાલેશી કરી ? (૬) બાળવિધવાની કુમતીને બાપે શી રીતે ઠેકાણે આણી ? (૭) ઝાંઝરીયા મુનિના ઘાતક રાજાને કેવળજ્ઞાન કેમ ?

પ્ર.૯ (૧) ચક્રવર્તી નરકે શાથી જાય ? (૨) સોનગઢ મત કર્મ વિષે શું કહે છે ? (૩) પ્રશસ્ત-અપ્રશસ્ત કષાય એટલે શું ? (૪) સૂચિ-કટાહ ન્યાય શો ? (૫) સૂર્ય ઉદય-અસ્ત વખતે લાલ કેમ દેખાય છે. (૬) ધર્મક્રિયામાં પુણ્ય-સંવર-નિર્જરા કેવી રીતે ?

પ્ર.૧૦ નીચેની ક્રિયામાં કયું કયું કર્મ બંધાય ? ગમે તે આઠ લખો.
(૧) એઠાં મોંઢે બોલવામાં ? (૨) નીચે જોયા વિના ચાલવામાં (૩) ઠગવામાં ? (૪) ઈર્ષ્યાથી નોકરને કાઢી મૂકવામાં ? (૫) પશુને ખાતું હાંકી કાઢવામાં ? (૬) નિંદા કરવામાં (૭) રૌદ્રધ્યાનમાં (૮) મનમાં કાંઈ, વાણીમાં કાંઈ, કરવાનું કાંઈ, કરવાનું કાંઈ એમાં ? (૯) ગુણીની અનુમોદનામાં (૧૦) જિનપૂજામાં.

પ્ર.૧૧ મોહનીય અને નામકર્મની પ્રકૃતિઓ લખો. ૧૫

પ્ર.૧૨ વાક્ય પૂરો :
(૧) ૧૨૦ પ્રકૃતિમાં ..... પિંડ પ્રકૃતિ છે.
(૨) ચોથેથી એકલા અનંતાનુબધી સાથે પડતાં ..... ગુણઠાણું
(૩) એકેન્દ્રિયને ..... નામકર્મ નથી છતાં ડાળી શાખા છે તે .....
(૪) અચક્ષુદર્શનાવરણથી ..... મળે
(૫) દર્શનમોહ એટલે .....
(૬) ચારિત્રમોહ એટલે ૧૦

પ્ર.૧૩ કર્મસિદ્ધાંતનું જ્ઞાન જીવનમાં શી શી રીતે ઉપયોગી થાય ?

તમે મેળવેલા કર્મજ્ઞાનથી હવે પછી જીવનમાં શી પ્રગતિ કરશો ? ૧૫

-----●-----

● સદ્‌વર્તનમાં અગ્રવર્તી, દરેકને ઈનામ રૂા. ૭

રમણલાલ વી. કુમારપાળ વિ., ભરત અ., જયપ્રકાશ., સુરેન્દ્રકુમાર લોંઢા, શરદ બાબુલાલ, મુકેશ ન., વિનુભાઈ ચી., નગીનભાઈ જસાણી, ભરત બી., પ્રવીણચંદ્ર સી., ભરત કે., શાંતિલાલ લા., રમેશચંદ્ર ન., મહાસુખભાઈ ઠા., જયંતીલાલ રી., વસંત ડાહ્યાભાઈ, નવીનચંદ્ર ઉત્તમ., વિનોદ કે., લલિત રમણલાલ.

● વકતૃત્વ હરિફાઈમાં ઈનામ :

કૉલેજ વિભાગમાં : રમણલાલ વાડીલાલ રૂા. ૪૧) સુરેન્દ્રકુમાર લોઢા રૂા. ૪૧) - પ્રવીણચંદ્ર સી., રૂા. ૨૫) -કુમારપાળ વિ. શાહ રૂા. ૨૧) -નગીનભાઈ જસાણી રૂા. ૧૫) -ભૂપતરાય દલીચંદ રૂા. ૭) બિપિન એન. અને ચંપક એ. રૂા. ૩-૩... સ્કૂલ વિભાગમાં : મુકેશ નવીનચંદ્ર રૂા. ૫૧) - મનુભાઈ જે. રૂા. ૩૧)- દીલિપ વી. રૂા. ૨૫) વિનોદ કે. રૂા. ૨૧) - તલકશી ગે. રૂા. ૧૫)-જગત હી. ગાંધી રૂા. ૭)- સેવંતી શાહ રૂા. ૭)

યાદગાર દિવસોમાં :

પૂર્વે વર્ણવ્યા ઉપરાંત તા. ૧૨ દેલવાડા ગયા, ઉત્સાહપૂર્વક સ્નાત્રભક્તિ કરી, આબૂ નખી તળાવ, સનસેટ પોઈંટ પર ગયા. તા. ૧૪ અક્ષય તૃતીયા વર્ષીતપ પારણા ઉત્સવ-નવાણું પ્રકારી પૂજા....ઈત્યાદિ

સામૂહિક પ્રતિજ્ઞા

વિષય	વિદ્યાર્થી	વિષય	વિદ્યાર્થી
થાળી ધોઈ પીવી	૫૦	૫ તિથિ પ્રતિક્રમણ	૧૫
એંઠા મોંઢે ન બોલવું	૪૦	ચોકલેટ નહિ ખાવી	૫
પહેલી રોટલી લૂખી ખાવી	૨૫	અહિંસક ચંપલ	૧૫
બીડી-સિગારેટ ત્યાગ	૧૨૫	રોજ ૪ વાર ચત્તારિમંગલં	૪૫
સિનેમા ત્યાગ	૧૭	મંદિરે રોજ ૧ સ્વદ્રવ્ય લઈ જવું	૧૨૦

વર્ષમાં ૫ થી વધુ ત્યાગ	૫૦	૭ વ્યસન ત્યાગ	અનેક
રાત્રિભોજન ત્યાગ	૨૦	૧૦ વર્ષમાં ૯ લાખ નવકાર	૬૫

મહિને એકાસણું, દેવદર્શન માત-પિતાને પ્રણામ વગેરે અનેક.

અમુક અમુક વ્યક્તિએ કરેલ ત્યાગ

બ્રહ્મચર્ય-કેરીત્યાગ-દહીંનું મિષ્ટાન બંધ-૧ વિગઈત્યાગ. બીજા છૂટક છૂટક ત્યાગ દહીં, બાસુંદી, ચા, માલપુડા, જલેબી, પાન, કંદમૂળ, રાત્રિભોજન, પેંડા, શિખંડ, દૂધપાક, સોપારીમાંથી ૧-૧નો ત્યાગ

૧ માસમાં વિદ્યાર્થીઓની આરાધના

ઉપવાસ ૩૨, એકાસણાં ૧૮૩, આયંબિલ ૬૪, બિયાસણા ૧૮૮, તિથિએ પ્રતિક્રમણ અંદાજે ૮૦૦, તિથિ સિવાય પ્રતિક્રમણ ૧૬૨, સામાયિક ૩૨૭૨, બાંધી (પક્કી) નવકારવાળી ૧૯૬૩

શિબિર બાદ ઘરે ગયેલા વિદ્યાર્થીઓના આવેલા કેટલાક પત્રોમાંથી :

● **મુંબઈ :** મેં જે શિબિરમાંથી મેળવ્યું છે, હું જે કંઈ બની શક્યો છું અને જે બનીશ એ શિબિરને આભારી છે... હું શિબિર પહેલાં જે હતો તેવો આજે નથી... શિબિરથી મારામાં અવર્ણનીય ક્રાંતિ થઈ છે. શિબિર સાચે જ માનવને મહામાનવ બનાવે છે. હર્ષદભાઈ મળ્યા હતા. સમૂહ યોગ્ય પ્રવૃત્તિ કરવાની યોજના છે. તા. ૨૮ મીએ મિટિંગ બોલાવેલ છે. હવે તો હું સવારના કાર્યો કરવા માટે ઘણો ઉત્સુક બન્યો છું...

● તા. ૨૮ મીએ એકત્ર થયા હતા. વિદ્યાર્થીઓએ પોતાના પર તથા કુટુંબીઓ પર કઈ કઈ અસરો પડી તે જણાવી હતી... (૧) સમૂહસ્નાત્ર અને ચર્ચા (૨) સમૂહ સામાયિક (૩) સમૂહ ગુરુવંદન-પ્રવચન યોજવા પ્રયત્ન કરીશું...'

● **વડોદરાથી :** 'અહીં આવ્યા પછી દરરોજ સામાયિક, પૂજા, નવકારવાળી વગેરે ચાલુ છે... શિબિરમાંથી આવ્યા પછી મારા સગાવહાલા અને માતા-પિતા ખુશ થઈ ગયા હતા. અને ધર્મક્રિયા જોઈ આનંદ પામ્યા હતા...'

● **કચ્છભુજથી :** 'શિબિરના સોનેરી દિવસો ખૂબ યાદ આવે છે... આશા રાખું છું કે ગુરુદેવોના દર્શન ક્યારે થાય અને અમૃત જેવી વાણી વડે જ્ઞાનને પ્રાપ્ત કરવાની અને આવતી શિબિરમાં પણ આવવાની તક મળે.

● **નિપાણી (બેલગામ)**થી : 'આર.ટી. શાહ શિબિરના સંસ્કાર અને બાધાઓ જોઈને બહુ રાજી થયા છે... શિબિરના મેગેઝીનો માટે 'જીવન ધારા' લેખ લખ્યો

છે... જૈન તત્ત્વજ્ઞાનની ૫ વરસની પત્રદ્વારા શિક્ષણ આપવાની યોજનાનું શું થયું ? અમો આ શિક્ષણ માટે આશાથી જોઈ રહ્યા છીએ...'

● **કચ્છ-ભૂજથી :** 'શિબિરમાંથી જ્ઞાનામૃત ભોજન લઈ... મોટામાં મોટા પાપને ત્યજવા જે પ્રેરણા કરી... જે વીર્યોલ્લાસ જાગ્યો... તે બધાં સોનેરી સંસ્મરણો બીલકુલ વિસરાઈ શકે નહિ... જે કાંઈ ડગ ભર્યા છે તે પંથે આગળને આગળ ત્વરિત પંથ કપાય એ જ અંતરેચ્છા છે... શિબિરમાં જ દિશા પલટો થઈ ગયો છે. ધ્યેય નક્કી થઈ ચૂકેલ છે. વ્યવહાર પણ તે રીતે બદલાઈ ગયેલ છે. વિચારો પણ તેમાંજ તલ્લીન છે...'

● **મુંબઈથી :** 'હિતકારી ઔષધ ભલે કડવું હોય પણ ગટગટાવી જવાનો પ્રયત્ન કરીશ... શિબિરમાંથી આવ્યા પછી મુલુંડ ગયો હતો. ત્યાં દ્વિતીય શિબિરમાં ૧ લાખ ૫ હજાર સામાયિક બોલનાર ભાઈ શ્રી સૂર્યકાન્તે સામાયિકો કરાવી, કરનારને પૂજાની ડબ્બી પેન વગેરેની પ્રભાવનાનો સમારંભ હતો... આપની કૃપાથી થોડું વક્તવ્ય કર્યું હતું. શિબિર વિષે ખોટા ખ્યાલ તોડવા પ્રયત્ન કર્યો, સારી અસર થઈ, જૈનેતર મિત્રોને પણ... સ્કૂલમાં 'અખિલ બ્રહ્માંડ' કાવ્ય ચાલે છે. 'એક જ બ્રહ્મ છે-બધામાં પ્રતિબિંબ પડે છે, આ માન્યતાને ચંદ્ર અને તળાવના દૃષ્ટાંતથી ખોટી પાડી હતી. ગુજરાતી શિક્ષકે કહ્યું' તું સાચો '...' જગતકર્તા ઈશ્વર છે' અહીં પણ પચ્ચીસેક દલીલો દ્વારા સરને નિરુત્તર કર્યા. એ હવે તેમ માનવા લાગ્યા છે મને કહ્યું 'તારી વાત બરાબર છે.' - આ બધો શિબિરનો પ્રતાપ છે...

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૧૨,અંક-૪૬,તા.૨૯-૮-૧૯૬૪

ધાર્મિક શિક્ષણ શિબિર અંગે રાજસ્થાનના ઉપશિક્ષા મંત્રીજી શું કહે છે ?

આજની નવી જૈન પ્રજાને જૈનધર્મના તત્ત્વજ્ઞાન, મોક્ષમાર્ગ અને જૈન આચાર-સંસ્કરણની કેટલી જરૂર છે એ અંગે કાંઈ કહેવા જેવું નથી. સૌ કોઈ એની જરૂર માને છે.

હવે એને શક્ય કેમ બનાવવું એ જાણે એક કોયડો બની ગયો છે. એમાં મુંબઈના ભાઈ શ્રી કેશવલાલ મોહનલાલ (કકકક) ના બીજા ભાઈઓના સહકાર સાથેના ત્રણ વરસના ભગીરથ પ્રયત્નથી અને એમાં વળી ભાઈશ્રી શાન્તિલાલ સોમચંદ (ભાણાભાઈ)ના છેલ્લા વરસના વિશદ પ્રયત્નથી મેટ્રિક-કૉલેજના લગભગ

૩૦૦ વિદ્યાર્થીઓમાં ગ્રીષ્મ શિક્ષણ શિબિર દ્વારા કેટલું સુંદર ધાર્મિક શિક્ષણ-સંસ્કરણ થવા પામ્યું છે એ એના અનુભવીઓ સમજી શકે છે; તેમજ અમોએ પ્રગટ કરેલ શિબિર-અહેવાલ વાંચનારના પણ ખ્યાલમાં આવેલ હશે.

પરંતુ કોઈકને એમ લાગે કે 'શિબિર શાસનને નુકસાન કરશે.' તો કેટલાક માને છે, 'શિબિરમાં વિદ્યાર્થી નિયમમાં આવે એ ઠીક નથી.' આના ખુલાસામાં એટલું સમજવું જરૂરી છે કે જ્યાં પૂ. ગુરુદેવોના હાથે વિદ્યાર્થીઓને સમ્યગ્જ્ઞાનદાન અને ધર્મપ્રદાન કરવામાં આવે છે એને શાસનને નુકસાનકારી માનવું એ કેટલું વાજબી છે ? વિદ્યાર્થી ધાર્મિક પણ કોરું જ્ઞાન અને ઈનામ લઈ જાય અને જીવન પરિવર્તન ન પામે એથી સંતોષ વાળવો એમાં ડહાપણ છે ? જીવન ઘડતરની તો પહેલી જરૂર છે. એ કંઈક આકાર લે છે તો જ વિશેષ ઘડતર માટે વિદ્યાર્થી સ્વકીય ઇચ્છાથી સરળ નિયમમાં આવે છે, અને એથી જ ઘરે ગયા પછી નિયમથી સુંદર આચરણ ચાલુ રહ્યાનું આજે સાંભળવા મળે છે, ઘડતર થવા પર જ ૨૦-૨૨ દિનના ટૂંકા ગાળામાં વિશાળ તત્ત્વબોધ અપનાવે છે.

પ્રસ્તુત શિબિરની કેવી ચમત્કારિક અસર રાજસ્થાન સરકારના માનનીય ઉપશિક્ષણમંત્રી શ્રી નિરંજનનાથ આચાર્ય ઉપર પણ થઈ એ શિબિરમાં શ્રી શાન્તિભાઈ પરના એમના નીચે આપેલા એક પત્ર પર ઉપરથી જણાશે.

• • •

નિરંજનનાથ આચાર્ય **જયપુર (રાજસ્થાન)**
ઉપમંત્રી - શિક્ષણ અને ગૃહ **મે-૬૪**
પ્રિય શ્રી ભાણાભાઈ

શિક્ષણ-સમારંભના બીજા દિવસે શિબિરના પ્રવચનો સાંભળવા એક શિક્ષણ પદ્ધતિનું નિરિક્ષણ કરવાના ઉદ્દેશથી હું શિબિરમાં આવ્યો. શિબિરના ઉદ્‌ઘાટન સમયે શિબિરના સફળતાના સંબંધમાં મારા મનમાં ઘણી શંકાઓ હતી, પણ આજે શિબિરનો કાર્યક્રમ, શિક્ષણ પદ્ધતિ અને શિસ્ત જોઈ ઘણા અંશે મારી શંકાઓનું નિરાકરણ થયું. મારી માન્યતા પ્રમાણે શિબિરની સફળતાનો આધાર વિદ્યાર્થીઓ પર છે જ, છતાંય તેના કરતાં વધુ મહત્ત્વ શિબિરના વ્યવસ્થાપકો અને શિક્ષકોનું શિક્ષણ એક મનોવૈજ્ઞાનિક કલા છે. વ્યક્તિ ગમે તેટલી વિદ્વાન હોય પરંતુ આ કળાના અભાવમાં તે પોતાનું વ્યક્તિત્વ, વિદ્વતા અને ભાવના વિદ્યાર્થીઓના હૃદયમાં ઉતારવામાં સફળ થતી નથી. તેથી આ શિબિર પાછળ આટલો મોટો ખર્ચો કરવા છતાં મને તેની સફળતાનાં સંબંધમાં ઘણી શંકાઓ હતી.

જૈન સાધુઓના સંપર્કમાં રહેવા તથા તેમનો ઉપદેશ સાંભળવા, મનન તથા પૃથક્કરણ કરવાની મને વિદ્યાર્થી જીવનના પ્રારંભથી જ તકો મળતી હતી. ઉદ્‌ઘાટન સમયે સેવાભાવી કાર્યકર્તાઓની કર્મનિષ્ઠાનો પ્રભાવ મારી પર પડ્યો, જેના પરિણામે શિબિરની શિસ્ત વિષે મને વિશ્વાસ ઉત્પન્ન થયો. વિદ્યાર્થી અને શિસ્ત આજના યુગમાં વિરોધાભાસી સ્થિતિમાં છે; અને તેથી હું વિચારતો હતો કે આબુ પર્વત જેવા રમણીય સ્થાન, અત્રેના સુંદર હવાપાણી તથા કોઈપણ ચાર્જવિનાનું ભોજન અને રહેવાની વ્યવસ્થા-આ તત્ત્વોને લીધે અહીં આવ્યા હશે. પછી પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી ભાનુવિજયજી ગણિવરનું પ્રવચન ઉદ્‌ઘાટન મને સાંભળવાની તક મળી. માંડ પંદર મિનિટ તેઓએ પ્રવચન આપ્યું હતું. પ્રવચનમાં સરળ જ્ઞાનની વાતો તથા ગીતો હતા. તે વખતે મને લાગ્યું કે તેઓ બોલતા જ રહે અને હું સાંભળતો રહું. પરંતુ અચાનક તેઓએ પોતાનું પ્રવચન બંધ કરી દીધું અને તેથી મારી શ્રવણજિજ્ઞાસા અધૂરી રહી ગઈ. તેથી આજ બીજી વાર તેમનું પ્રવચન સાંભળવા માટે મારે અત્રે આવવું પડ્યું. ૨ થી ૨॥ કલાક તે પ્રવચન હું સાંભળતો જ રહ્યો.

જૈન-ધર્મ, જૈન-દર્શન અને શાસ્ત્ર-રહસ્યો સુંદર રીતે સાંભળવા મળ્યા. વિદ્યાર્થીઓની કક્ષાને અનુરૂપ અત્યંત સરળ ભાષા, ક્લિષ્ટતાથી પર બોધગમ્ય અને આત્મીયતાથી પ્રભાવિત નાના-નાના વાક્યો, ક્લિષ્ટ વિષયો પણ તેમના મધુર કંઠથી ગવાતાં પદ્યો અને સંસારી જીવનના દૃષ્ટાંતોથી રુચિકર અને સરળ બન્યા હતા. બાળ જીવનને સ્પર્શતી વિનોદવૃત્તિ અભ્યાસનો શ્રમ ઉતારવા મનોરંજન રૂપ બનતી હતી. મનોવૈજ્ઞાનિક શૈલી અને અભ્યાસના અંતિમ રહસ્યને પુસ્તકોની સીમાથી પર રાખી મુનિશ્રી પોતાની વિલક્ષણ અભિવ્યક્તિ અને ચક્ષુઓથી પ્રગટતી ભાવનાઓના પુરથી હૃદયંગમ કરાવવામાં કુશળતા ધરાવે છે. શિક્ષણ ઉદારવૃત્તિ, સરળ સ્વભાવ અને ચિંતનના ઊંડાણ પર આધાર તો રાખે જ છે, પણ તેનો મહત્ત્વપૂર્ણ આધાર તો શિક્ષકના પ્રયત્નોના ફળની પ્રતિક્ષા પર આધાર રાખે છે.

મુનિશ્રી શક્તિ, શિક્ષણ શૈલી અને આધ્યાત્મિક જ્ઞાનમાં મને પ્રબળ વિશ્વાસ બંધાયો, શિક્ષકોમાં તેમનું ઊંચું સ્થાન છે અને શિક્ષણ શૈલીમાં તેઓ અદ્‌ભુત મનોવૈજ્ઞાનિક દૃષ્ટાંત સમા છે. મને સંતોષ છે કે અત્રે આવેલા વિદ્યાર્થીઓના જીવન મુનિશ્રીની માન્યતાના આધાર પર ચોક્કસ ઘડાશે અને તેનો યશ તેઓશ્રીની વિલક્ષણ શૈલી, આધ્યાત્મિક પ્રભાવ અને જ્ઞાનને હૃદયંગમ કરાવવાની ચિંતાને છે.

કાર્યકર્તાની અપૂર્વ સેવાઓનું બળ આ શિબિરને મળેલું છે. હું કહી શકું છું કે આવી શિબિર સારા કાર્યકર્તા સુવિજ્ઞ નાગરિક અને જૈન ધર્મના પ્રચારકો ઉત્પન્ન કરવામાં અધિક સહાયક થઈ શકે છે.

આ મારું મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ છે. આપ સૌને અભિનંદન.

લી. નમ્ર નિરંજનનાથ આચાર્ય.

શિબિર અહેવાલ

● **મુંબઈ :** અત્રે આબૂ ધાર્મિક શિ. શિબિરના શ્રી હર્ષદભાઈ તથા શ્રી કુમારપાલના ધીખતા પ્રયત્નથી શિબિર વિદ્યાર્થીઓમાં ધર્મજાગૃતિ રહે એ માટે કાર્યક્રમો યોજવાનું નક્કી થયું.

તા. ૧૨-૭-૬૪ ના રવિવારને રોજ બપોરે ૧॥ વાગે ૧ લી મિટિંગ મળી. ૨૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો, અને નીચે મુજબના નિર્ણયો લેવાયા. (૧) સમૂહ સ્નાત્રપૂજા યોજવી. (૨) સમૂહ સામાયિક યોજવા, (૩) મુંબઈ ખાતે બિરાજતા પૂ. મુનિમહારાજોના સદુપદેશનો લાભ લેવો. (૪) ધાર્મિક પુસ્તકોનું વાચંન Circulating library પદ્ધતિથી યોજવું. અલ્પાહાર લઈ વાલકેશ્વર ખાતે આદિજિન પ્રસાદે સમૂહ ચૈત્યવંદના કરી, તત્ર બિરાજતાં મુનિ શ્રી યશોવિજયજી મ. પાસે ૫ મિનિટ હિતશિક્ષા સાંભળી. શિબિરમાં શીખેલ સર્વે વસ્તુઓ મહા ઉત્તમ છે. એને મનરૂપ તિજોરીમાં ના પૂરી રાખતા. આચરણમાં મૂકવાનો પ્રયત્ન કરવો.' તા. ૧૯ ના રજી મિટિંગ ભાયખલા થઈ. ૩૦ વિદ્યાર્થીઓ મળ્યા. સમૂહ ચૈત્યવંદન થયું. અત્રે બિરાજતાં પૂ.પં. વિક્રમવિજયજી મ. શ્રીએ શિબિર સંસ્કરણની અનુમોદના કરી રસમય રીતે 'આત્મા અને શરીરનો સંબંધ' ૧ કલાક સુધી સમજાવ્યો. શિબિર મંત્રીઓ શ્રી કેશુભાઈ તથા કાન્તિલાલ ઉ. હાજર હતા. મંદિરમાં સમૂહ પ્રભુભક્તિ કરી. શ્રી કેશુભાઈએ અલ્પાહાર-ભક્તિનો લાભ લીધો. **૩ જી મિટિંગ તા. ૧-૮-૬૪ પૂ. વ્યા. વા. આ. શ્રી વિજય રામચંદ્રસૂરિજી મહારાજનો ખાસ લાભ લેવા માટુંગા રાખેલી ૩૦ વિદ્યાર્થીઓ ગયેલ. પરંતુ પૂ. આચાર્યદેવશ્રી એક મુનિના ઓપરેશનના કારણે હોસ્પીટલ પધારેલ હોઈ ત્યાંથી સાયન પૂ. પં. શ્રી ચરણવિજયજી મહારાજ પાસે ગયા. પૂ. પંન્યાસજી મહારાજે શિબિર તાલીમની હાર્દિક પ્રશંસા કરી.** 'ભાગ્યશાળી !' ના મધુરા સંબોધન સાથે સીધી સાદી શૈલીમાં આત્મા-કર્મ-શરીરનો સંબંધ સમજાવી ભારે ધર્મ પ્રોત્સાહન આપ્યું. વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધી ગયો. સાથે એઓશ્રીએ પોતાના ૩ નવકાર પુસ્તક વાંચવા આપ્યા. અલ્પાહાર બાદ પર્યુષણા પછી અગાસી તીર્થે સમૂહસ્નાત્ર ઉજવવા નક્કી કર્યું.

● **અમદાવાદ :** અત્રે વેકેશન ધાર્મિક શિબિરના મંત્રી ભાણાભાઈએ આવી ઉત્સાહ જગાવવાથી શિબિરના અગ્રગણ્ય વિદ્યાર્થી ભાઈશ્રી પ્રવીણ સી. શાહના પ્રયત્ને શિબિર વિદ્યાર્થીઓ સારી સંખ્યામાં પાંજરાપોળે પૂ.આ. શ્રી વિજય દક્ષસૂરિજી મહારાજ પાસે શ્રાવક ધર્મનો અભ્યાસ કરી રહેલ છે. પૂ. આચાર્ય મહારાજ સુંદર રીતે સમજાવે છે.

● **વડોદરા :** શિબિર વિદ્યાર્થીઓ શ્રી જયપ્રકાશ તથા શ્રી હસમુખ, ચિંતક શ્રી સુંદરલાલ કાપડિયા (M.A.) દર રવિવારે તત્ત્વજ્ઞાનનો લાભ લઈ રહ્યાં છે.

● **ખંભાત :** અત્રે શિબિર વિદ્યાર્થીઓ અને બીજાનો પૂ.મુ. શ્રી હેમચંદ્રવિજયજી મહારાજ પાસે રોજ સાંજે તત્ત્વજ્ઞાનનો વર્ગ ચાલે છે. ૩ શિબિર-વિદ્યાર્થીઓ વર્ધમાન આયંબિલ તપનો પાયો નાખી રહ્યા છે.

● **પાલી :** અત્રે પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજની નિશ્રામાં અષાઢ વદ ૯-૧૦ સમૂહ નવકાર મંત્રની આરાધના એકાસણાથી થઈ. ૨૨૫ આરાધકોએ સુંદર અર્હદ્‌ભક્તિ અને એકાગ્ર જાપ કર્યા. બાદ શ્રા. સુ. ૮-૯-૧૦ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમ થયા. ૨૫૦ આરાધકો એમાં જિંદગીમાં એક ઉપવાસ નહિ કરેલ ભવ્યાત્મા પણ જોડાયા હતા. બહારથી ગવૈયા બોલાવેલા. તપસ્યાનું અદ્‌ભુત વાતાવરણ જામ્યું. ઠાઠ ઘણો જામ્યો. લોકો ગચ્છપતિ પૂ. સિદ્ધાન્ત મહોદધિ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની તથા મુનિઓની ભારે પ્રશંસા કરતા હતા. ચોમાસામાં વ્યાખ્યાનાદિથી જે ધર્મ-આનંદ પ્રવર્તી રહ્યો છે તે વર્ણનાતીત છે. લોકો સંપ્રદાય તથા ગચ્છના મમત્ત્વ છોડીને મોટી સંખ્યામાં આવે છે.

● **પિંડવાડા :** પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજને ફરતા પવનનો છાતીમાં દુઃખાવો શરૂ થયેલો. હજી ઓછો-વધતો ચાલુ છે. એઓશ્રીના તપસ્વીરત્ન પૂ. મુનિરાજશ્રી ચંદનવિજયજી મહારાજને સુખપૂર્વક માસક્ષમણ પૂર્ણ થયું. પારણા પછી તબિયત સારી છે.

● **સોજત :** અત્રે પૂ. મુ. શ્રી ધર્મગુપ્તવિજયજી મ. ની પ્રેરણાથી ઘણાઓ અનેક પ્રકારના નિયમોમાં જોડાયા. વિશેષ બ્રહ્મચર્યના નિયમ પણ સારા થયા. પચરંગી તપમાં વિશાળ સંખ્યાએ લાભ લીધો. ગામની હવા ધર્મમય બની ગઈ છે.

● **રાણી :** અત્રે પૂ. મુનિરાજશ્રી રત્નાંશુવિજયજી મહારાજના અસરકારક

વ્યાખ્યાનોથી સંઘમાં ધર્મજાગૃતિ સારી આવી છે. પ્રતિક્રમણમાં પણ સારી હાજરી હોય છે. ૩૦-૩૫ જણાએ ૯ લાખ નવકારની બાધાઓ કરી. ૪ મહિનાના બ્રહ્મચર્યના નિયમ ઠીક ઠીક લેવાયા. ૩ જણે જીવનભરનું બ્રહ્મચર્ય ઉચ્ચર્યું. ૨૫ થી ૩૦ અઠ્ઠમ થયાં. મુનિ શ્રી નંદીવર્ધનવિજયજી મ. પણ વ્યાખ્યાનમાં સમરાદિત્ય સારું વાંચે છે.

શ્રી જૈન ધાર્મિક શિક્ષણ ગ્રીષ્મ શિબિર-અચલગઢ (ઈ.સ. ૧૯૬૪) દ્વારા લેવાયેલું પરીક્ષાનું પરિણામ

● કૉલેજ વિભાગ ● ૩૦૦માંથી મેળવેલ કુલ માર્કસ

(૧)	પ્રવીણચંદ્ર સી. શાહ	અમદાવાદ	૨૪૪
(૨)	સુરેન્દ્રકુમાર આર. લોઢા	મંદસૌર	૨૪૨
(૩)	લલીતકુમાર આર. શાહ	અમદાવાદ	૨૨૯
(૪)	પ્રવીણચંદ્ર હીરાલાલ	મુંબઈ	૨૨૨
(૫)	નગીનભાઈ જે. જસાણી	ભુજ	૨૧૧
(૬)	બીપીન નરોત્તમદાસ	મુંબઈ	૨૧૦
(૭)	ધીરજલાલ દામજીભાઈ	-	૧૯૭
(૮)	ભૂપતરાય દલીચંદ દોશી	મુંબઈ	૧૯૩
(૯)	રવીન્દ્ર સારાભાઈ	-	૧૯૦
(૧૦)	શાન્તિલાલ ચંદાલીયા	સાદડી	૧૮૩
(૧૧)	રમણલાલ વાડીલાલ	અમદાવાદ	૧૭૮
(૧૨)	શાન્તિલાલ પી. શાહ	આદોની (આંધ્ર)	૧૭૪
(૧૩)	મગનલાલ વી. જૈન	લાસ (રાજસ્થાન)	૧૭૩
(૧૪)	કુમારપાળ વિ. શાહ	મુંબઈ	૧૫૧
(૧૫)	વિનોદરાય ધીરજલાલ	-	૧૪૪
(૧૬)	રમેશચંદ્ર નટવરલાલ	ઊંઝા	૧૪૦
(૧૭)	જીતેન્દ્ર હીંમતલાલ કાપડિયા	ખંભાત	૧૩૫
(૧૮)	ચંપકલાલ અમૃતલાલ	-	૧૨૬
(૧૯)	નવીનચંદ્ર સી. દોશી	વીજાપુર	૧૧૮
(૨૦)	બાલચંદ્ર જૈન	મંદસૌર (મ.પ્ર.)	૧૧૩
(૨૧)	કીર્તિકુમાર જંબુભાઈ	ખંભાત	૧૧૦

(૨૨)	મનહરલાલ પી. શાહ	રાજકોટ	૧૦૨

● સ્કૂલ વિભાગ ●

(૧)	મુકેશ નવીનચંદ્ર શાહ	મુંબઈ	૨૪૪
(૨)	વિનોદચંદ્ર કે. શાહ	-	૧૭૮
(૩)	દિલીપકુમાર વાડીલાલ	કડી	૧૫૬
(૪)	મનુભાઈ વોરા	કડી	૧૫૧
(૫)	જગતકુમાર એચ. ગાંધી	અમદાવાદ	૧૪૮
(૬)	હસમુખ અંબાવીદાસ	રાજકોટ	૧૪૪
(૭)	ધીરજલાલ એમ. શાહ	-	૧૪૩
(૮)	ભુપેન્દ્ર અનોપચંદ	ભુજ	૧૩૯
(૯)	ચંદ્રકાન્ત દીપચંદ	મુંબઈ	૧૩૫
(૧૦)	સુરેશ હસમુખલાલ દોશી	-	૧૩૩
(૧૧)	જગદીશ જીવરાજ ધરમશી	મુંબઈ	૧૩૩
(૧૨)	એચ. અભયકુમાર	-	૧૨૯
(૧૩)	સાકરીયા ચંપકલાલ વી.	-	૧૨૬
(૧૪)	વિનુભાઈ ચીનુભાઈ	કડી	૧૨૨
(૧૫)	નરેન્દ્ર અમૃતલાલ દોશી	મુંબઈ	૧૨૨
(૧૬)	શ્રેણિક કાન્તિલાલ	મુંબઈ	૧૧૬
(૧૭)	કીર્તિ નટવરલાલ	-	૧૧૩
(૧૮)	નવીનચંદ્ર ઉત્તમચંદ	-	૧૧૨
(૧૯)	ભરત કાન્તિલાલ	મુંબઈ	૧૧૦
(૨૦)	ચંદ્રકાન્ત નટવરલાલ	-	૧૦૮
(૨૧)	દલીચંદ મગનલાલ સંઘવી	-	૧૦૫
(૨૨)	જશવંત બી.	ખંભાત	૧૦૫
(૨૩)	રજનીકાન્ત દલીચંદ દોશી	મુંબઈ	૧૦૨

શ્રી જૈન ધા.શિ. ગ્રીષ્મ શિબિર પાટણનો ૧૫ દિવસનો ટૂંક અહેવાલ

આધ્યાત્મિકતાની આગ પ્રગટાવતી, આત્માની આતશ જગાવતી, પવિત્રતાની પ્રેરણા દેતી, શ્રદ્ધા અને આચારમાં દૃઢ કરતી, ત્યાગ પર બહુમાન પેદા કરતી શ્રી

જૈન ધાર્મિક શિક્ષણ શિબિર સમિતિ દ્વારા આયોજીત શ્રી ધાર્મિક શિક્ષણ શિબિરનો મંગળ પ્રારંભ તા. ૨૯-૪-૬૫ના મંગળ દિને થઈ ચૂક્યો છે. તેની પૂર્ણાહૂતિ ૨૮-૫-૬૫ના રોજ થશે.

આ ધાર્મિક શિક્ષણ સંસ્કરણનો પ્રયોગ વિદ્યાર્થીઓના દિલમાં અનેરા સંવેદન જગાડી રહ્યો છે. તેઓમાં તપશ્ચર્યા પ્રત્યેનો પરમ આલ્હાદ પ્રગટી રહ્યો છે. સમ્યગ્જ્ઞાનનું ભાતું તેમના જીવન પ્રવાસ માટે પૂરું પાડી રહ્યો છે. તેનો ચોક્કસ ખ્યાલ તો ચાલી રહેલી પ્રવૃત્તિઓને નિહાળવાથી કે એની નોંધ પરથી આવી શકે.

આ છે થોડાક દિવસોનો અહેવાલ. -: શિબિરનો નિત્યક્રમ :-

સવારે ૫-૦૦ કલાકે	ઉઠવાનું.
૫-૩૦ થી ૭-૦૦	પ્રાર્થના, નવકાર મંત્રની ધૂન તથા સૂત્રોની અર્થ ભાવાર્થ સહિત સમજણ (સામાયિકમાં)
૭-૦૦ થી ૮-૪૫	દેવદર્શન, નવકારશી, સ્નાન, પૂજા આદિ.
૮-૪૫ થી ૯-૪૫	'ભક્ષ્યાભક્ષ્ય' વિચારણા મુનિરાજ શ્રી રાજેન્દ્રવિજયજી મ.
૯-૪૫ થી ૧૦-૪૫	'જૈન તત્ત્વજ્ઞાન' મુનિશ્રી હેમચંદ્રવિજયજી મ.
૧૦-૪૫ થી ૧૧-૦૦	વિરામ.
૧૧-૦૦ થી ૧૨-૦૦	પ્રવચન(માર્ગાનુસારી જીવન) પં.શ્રી ભાનુવિજયજી મ.સા.
૧૨-૦૦ થી ૧૨-૩૦	ભોજન.
૧૨-૩૦ થી ૨-૪૫	વિરામ તથા અંગત કાર્યો.
૨-૪૫ થી ૪-૦૦	જૈન ઇતિહાસ પંન્યાસ શ્રી ભાનુવિજયજી મ.સા.
૪-૦૦ થી ૫-૦૦	'મોક્ષમાર્ગ-વિચારણા' પં.શ્રી ભાનુવિજયજી મ.સા.
૫-૦૦ થી ૫-૪૫	ભોજન.
૫-૪૫ થી ૭-૧૫	ફરવાનું.
૭-૧૫ થી ૮-૩૦	પ્રાર્થના, ભાવના, વિદ્યાર્થી પરિચય, અન્ય વિદ્વાનોના પ્રવચન આદિ
૮-૩૦ થી ૯-૩૦	અધ્યયન.

તારીખ ૨૯-૪-૬૫ના રોજ રાત્રે ૭-૩૦ કલાકે આચાર્યદેવશ્રી વિજયદક્ષસૂરીશ્વરજી મહારાજ સાહેબે તત્ત્વપૂર્ણ પ્રવચન આપી વિદ્યાર્થીઓને ધન્ય બનાવ્યા હતા.

તારીખ ૨-૫-૧૯૬૫ના રોજ જૈનરત્ન શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફ

પધાર્યા હતા. સવારે દશ કલાકે એમના હાથે સ્નાત્ર મહોત્સવ અપૂર્વ આનંદ સાથે ઉજવ્યો હતો. સ્નાત્ર મહોત્સવથી વિદ્યાર્થીઓનાં દિલ ડોલી ઉઠ્યાં હતા.

તારીખ ૪-૫-૬૫ના મંગળ દિને કે જ્યારે શિબિરના પ્રાણસમા પૂ. પંન્યાસ શ્રી ભાનુવિજયજી મ. સાહેબને વર્ધમાન તપની ૯૩મી ઓળીના પારણાનો ભવ્ય ઉત્સવ ઉજવવાનો હતો. તેથી પ્રાતઃકાળે નગીનદાસ પોષધશાળામાંથી શિબિર સ્થળે (પાટણ જૈન મંડળ બોર્ડિંગ) પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ. પૂ.પં.શ્રી કનકવિજયજી ગણિવર આદિ વિશાળ મુનિ સમુદાયને વિદ્યાર્થીઓ વાજતે ગાજતે લઈ આવ્યા હતા.

બીજી ઉછામણીઓ માટે ઘીની બોલીઓ બોલવામાં આવે છે, પણ આ તો કોઈ અદ્‌ભુત ઉછામણીઓ હતી, કે જેમાં વિદ્યાર્થીઓના હૃદયનો પરમ ઉત્સાહ દટાયેલો હતો, અને તે ભવ્ય ત્યાગના મનોબળની ગાથા હતી. અર્થાત્ પં.શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબના પારણા પ્રસંગે વિદ્યાર્થીઓએ શ્રદ્ધા અને આચાર પ્રેરે તેવી બોલીઓ બોલી આયંબીલની તપશ્ચર્યાનું યથાર્થ બહુમાન કર્યું હતું.

ઉછામણીની નોંધ નીચે મુજબ છે.

(૧) ૧૧૦૧ આયંબીલ પાંચ વર્ષમાં કરવાં, કરાવવાં
(૨) ૧ લાખ પંદર હજાર બાંધી નવકારવાળી કરવાં, કરાવવાં
(૩) એક ભાણે સાત દ્રવ્યથી વધુ વાપરવા નહિ (આજીવન)
(૪) દસ હજાર ગાથાઓ પાંચ વર્ષમાં કરવી, (પાટણ જૈન મંડળ બોર્ડિંગના વિદ્યાર્થીઓ)
(૫) ૨૦ વર્ષ થાળી ધોઈને પીવી, ૧૬ વિદ્યાર્થીઓ
(૬) નવલાખ નવકાર દસ વર્ષમાં ગણવા. ૧૭ વિદ્યાર્થીઓ

વયોવૃદ્ધ તપસ્વી મુનિરાજશ્રી મતિધનવિજયજીના અઠ્ઠાઈ તપનાં પારણા નિમિત્તે :- નવલાખ નવકાર દસ વર્ષમાં ગણવા ૧૮ વિદ્યાર્થીઓ.

પરમ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ કોઈ વિશિષ્ટ પ્રસંગ વિના તેઓ પોતે ગોચરી જતા નથી. ત્યારે વિદ્યાર્થીઓ તથા મંત્રીઓની ઉત્કૃષ્ટ ભાવના આચાર્ય ભગવંતોને વહોરાવવાની હતી. જેથી તે સમયે પણ વ્રત-નિયમો ત્યાગ-તપશ્ચર્યાની અદ્‌ભુત લહાણ થઈ હતી.

(૧) ૧૦ વર્ષમાં ૧૦૦૧ આયંબીલ તથા ૧૦ વર્ષ બ્રહ્મચર્ય
(૨) ૧૧૧,૦૦૦ બાંધી નવકારવાળી ૨૦ વર્ષમાં
(૩) બે વર્ષ સુધી ક્રોધ અને નિંદાનો ત્યાગ (ભૂલાય તો એકાસણ)

(૪) વર્ષમાં ૧૮૦ બેસણાં ૧૫ વર્ષ સુધી કરવા

(૫) ૨૦ વર્ષ કેરીનો ત્યાગ.

આ અદ્‌ભુત કાર્યક્રમ બાદ સિદ્ધચક્રપૂજન અત્યંત ઉલ્લાસપૂર્વક શ્રી ભાણાભાઈએ ભણાવ્યું હતું. આ પ્રસંગ પણ અનેરો જ હતો. પૂજનમાં બેસનારા વિદ્યાર્થીઓ ૨૦૦૦ બેસણાં કરવાનો નિયમ લઈ ભાવપૂર્વક બેઠા હતા. તે જ દિવસે બપોરે ૨-૩૦ થી ૩-૪૫ કલાકે પંન્યાસ શ્રી કનકવિજયજીનું પ્રવચન વિદ્યાર્થીઓ માટે અનેરૂ આકર્ષણ બની રહ્યું હતું, રાત્રે વિદ્યાર્થીઓએ મુંઝવતા પ્રશ્નો પૂ.પંન્યાસજી સમક્ષ રજૂ કરી સમાધાન મેળવ્યું હતું.

બીજા દિવસોએ પણ રાત્રે પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રાનંદવિજયજી તથા પૂજ્ય શ્રી હેમચંદ્રવિજયજી મહારાજ સાહેબનાં પ્રવચનો થયાં હતાં.

આજ સુધી શિબિરની મુલાકાતે નીચેના સદ્‌ગૃહસ્થો આવી ગયા છે. શ્રી વાડીભાઈ (મહેસાણા પાઠશાળાવાળા,) શ્રી સુરજમલભાઈ વકીલ (ચાણસ્માવાળા), શેઠશ્રી કાંતિલાલ ચિમનલાલ છોટાલાલ કોલસાવાળા, શેઠશ્રી રમણલાલ વજેચંદ, શેઠશ્રી રમણલાલ ફકીરચંદ, શ્રી રમેશભાઈ બકુભાઈ, શ્રી હીરાભાઈ ગીરધરનગરવાળા, શ્રી રસીકલાલ મૂળચંદ વગેરે ઘણા સદ્‌ગૃહસ્થોએ શિબિરના કાર્યક્રમોમાં હાજરી આપી લાભ લીધો હતો.

એક રોજ શિબિર સમિતિ તરફથી શિબિરના વિદ્યાર્થીઓને ચારૂપજી અને મેત્રાણા તીર્થની આનંદપૂર્વક યાત્રા કરાવી હતી.

જૈન ભૂગોળ-ખગોળના ઉંડા અભ્યાસી શ્રી રમણલાલ બબાભાઈ પધાર્યા હતા. ૩ દિવસ રહી એમણે વિદ્યાર્થીઓને પોતાની ચીજોમાં શ્રદ્ધા રાખવા-શાસ્ત્રોમાં શ્રદ્ધા રાખવા-સિદ્ધાંતોમાં શ્રદ્ધા રાખવા વારંવાર જણાવતા હતા. આજની ભૂગોળના અનેક પ્રશ્નોના જવાબો એમણે સચોટ રીતે આપીને આજની ભૂગોળની વાતોમાં ભરમાતા અટકાવવાના પ્રયાસો કર્યા હતા.

નિપાણીવાળા શેઠશ્રી તારાચંદભાઈ પધાર્યા છે. એમણે પણ સાધર્મિક ભાઈઓને ધર્મસંસ્કાર પામતા જોઈને અત્યંત આનંદ વ્યક્ત કર્યો છે. બે વાર સાધર્મિક ભક્તિ રૂપે કેરીના રસના જમણથી સાધર્મિક ભક્તિ કરી છે.

આજરોજ (તા. ૧૬-૫-૬૫) ચિંતક અને વિચારક શ્રી કાંતિલાલ મોહનલાલ (શ્રી કિરણ) પધાર્યા છે. એમનાં પ્રવચનો પણ વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ કરશે.

આમ ત્યાગી તપસ્વી મુનિરાજો દ્વારા કરાવાતો ધાર્મિક અભ્યાસ વિદ્યાર્થીઓ કલાકો સુધી ખંતથી કરી રહ્યા છે. શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરી પરમ આનંદ મેળવી રહ્યા

છે. શિબિરના દિવસો ક્યાં પસાર થઈ રહ્યા છે તેનો પણ ખ્યાલ રહેતો નથી. તા. ૨૨-૫-૬૫ સુધી અભ્યાસક્રમ ચાલશે ત્યાર બાદ પરીક્ષાઓનું કાર્ય શરૂ થશે.

કુંભોજગિરિ ઈ.સ. ૧૯૬૫ - જૈન શિક્ષણ શિબિરનો ટૂંક અહેવાલ

મુંબઈ-જૈન ધાર્મિક શિક્ષણ શિબિર સમિતિ દ્વારા સને ૧૯૬૪ના મે વેકેશનમાં આબુ અચલગઢ પર યોજાયેલ જૈ.ધા.શિ.શિબિરમાં નિપાણી નિવાસી શા. રેવચંદ તુળજારામભાઈએ પોતાના ખર્ચે મહારાષ્ટ્રના ૬ વિદ્યાર્થીઓને મોકલ્યા હતા. એ વિદ્યાર્થીઓમાં શિબિર પરિણામ સુંદર શિક્ષણ અને સંસ્કાર જોઈ મહારાષ્ટ્રના વિદ્યાર્થીઓ વિશાળ સંખ્યામાં આ ધાર્મિક શિક્ષણ અને સંસ્કારનો લાભ લે એ મનોરથ જાગ્યો અને મહારાષ્ટ્રમાં આવી શિબિર ભરવા માટે પોતે સારી એવી રકમની જાહેરાત કરી. ઘણા ટૂંક સમયમાં મહારાષ્ટ્રના સંઘે આ યોજનાને મૂર્ત સ્વરૂપ આપ્યું. શા. રેવચંદભાઈ નિપાણીવાળા, શા. ચતુરભાઈ બેલગામવાળા કોલ્હાપુર શાહપુરી સંઘના પ્રમુખ દલીચંદભાઈ વગેરે આગેવાનોએ શિબિરની તડામાર તૈયારી કરી. અને પૂજ્ય પંન્યાસપ્રવર **શ્રી રંજનવિજયજી ગણિવર્ય**ની પુનિત નિશ્રામાં શા. રેવચંદભાઈ નિપાણીવાળાના હસ્તે શિબિરનો મંગળ પ્રારંભ થયો. સદ્‌ભાગ્યે પ્રથમના બે ત્રણ દિવસ પરમોપાસક ઋષભદાસજી જૈન મદ્રાસવાળા આવ્યા.

૧. દૈનિક કાર્યક્રમ 'દેલવાડા શિબિર'ના સમય-પત્રક મુજબ રાખ્યો છે.

૨. કુલ વિદ્યાર્થીઓ ૧૧૦ છે એમાં ૫૦-૬૦ કૉલેજિયન છે.

૩. રોજ સવારે મંગલમય નમસ્કાર મહામંત્રનું સ્મરણ ત્યારબાદ સામાયિક, દેવવંદન, ગુરુવંદન, વ્યાખ્યાન અને વર્ગો ચાલે છે.

૪. બપોર ૨॥ થી ૪-૧૦ સુધી વર્ગ ચાલે છે. એમાં દેવ-ગુરુ-ધર્મ અને તત્ત્વને સમજાવતી પૂ.પં.ભાનુવિજયજી રચિત હિંદી 'બાળપોથી' ચાલે છે. ત્યારબાદ અર્ધા કલાક પ્રાચીન સ્તવનો દ્વારા પ્રભુ ભક્તિની ધૂન જગાવાય છે.

૫. સાંજે પ્રાર્થના, વિદ્યાર્થીઓનો પરિચય, વક્તૃત્વ તથા ભાવનાનો કાર્યક્રમ રહે છે.

૬. દર શનિ-રવિવારે સ્નાત્ર મહોત્સવ કરાય છે.

૭. ચતુર્દશીના દિવસે શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ પ્રભુનો જાપ એકાસણા સાથે રાખવામાં આવેલ. દરેકે આરાધના કરી હતી.

૮. પ્રતિક્રમણના સૂત્રોના શુદ્ધ રીતે ઉચ્ચાર કરવાના કાર્યક્રમમાં નાના મોટા સૌ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, ખૂબ શુદ્ધ રીતે સૂત્રો બોલાયા હતા એ પ્રસંગે ઈનામો અપાયા હતા.

૯. વક્તૃત્વ હરિફાઈ માટે 'જીવનમાં ધર્મનું સ્થાન' એ વિષય રખાયો છે.

૧૦. હંમેશ બ્લેક બોર્ડ ઉપર 'સુવચનો' તથા સ્તવન-સજ્ઝાયો લખવામાં આવે છે.

૧૧. તિથિએ તપસ્યાઓ સારી ચાલે છે. રોજ વારાફરતી આંબેલ ચાલુ છે.

૧૨. પૂ.પંન્યાસજી મહારાજ કૉલેજિયન વિદ્યાર્થીઓને તત્ત્વજ્ઞાન રસમય શૈલીથી પીરસી રહ્યા છે.

૧૩. કોલ્હાપુર પાઠશાળાના શિક્ષક સુરેન્દ્રભાઈ, કરાડના શિક્ષક કાંતિભાઈ તથા સાંગલીના શિક્ષક રમણભાઈ અધ્યાપનાદિમાં સુંદર સાથ આપી રહ્યા છે.

ભાઈશ્રી કુમારપાળ એમ.એ.ની છેલ્લી પરીક્ષા આપી અત્રે આવી ગયા છે. તેઓ દેલવાડા શિબિરમાં આવી ગયેલા એટલે આ શિબિરમાં ખૂબ સારો સહકાર આપી રહ્યા છે. તેઓશ્રી **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ.સા.** પરના એક પત્રમાં લખે છે કે M.A. ની પરીક્ષા આપી તરત અત્રે આવેલ છું. આપનો ઉપકાર મારા ઉપર એટલો બધો છે કે જેનાથી જીવન પરિવર્તન ચોક્કસ થયું છે. સાથે દૃઢ શ્રદ્ધાએ પણ સ્થાન લીધું છે. શિબિર માટે લખે છે કે 'આ સંસ્થા આપણી જ સંસ્થા છે અને એની Sister Institation તરીકે જ રહેવા માગે છે. અત્રે બધું શિસ્તબદ્ધ અને સારી રીતે ચાલી રહ્યું છે.'

નિપાણી નિવાસી શ્રી રેવચંદ તુળજારામ, ચતુરભાઈ, દલીચંદભાઈ, ધર્મરસિક કુમારપાળ વગેરે મહારાષ્ટ્રના ધર્મનિષ્ઠ આગેવાનોના ખંતથી પૂ. મુનિરાજની નિશ્રામાં આપણા જૈન બાળકોમાં શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાનના બીજારોપણ થઈ રહ્યા છે. વિજ્ઞાનના ધર્મવિઘાતક યુગમાં આવી ધર્મપોષક યોજનાઓને વધુ વ્યાપક બનાવવાની અત્યાવશ્યક્તા અને સફળતા આ પ્રત્યક્ષ પ્રયોગોથી સમજાતી જાય છે.

● **પાટણ :** અત્રે મુંબઈવાળા તરફથી ગ્રીષ્માવકાશની ધાર્મિક શિક્ષણ શિબિરમાં ૧૮૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેનો ૧૫ દિવસનો કાર્યક્રમ તથા અહેવાલ પૂર્વે પ્રગટ થઈ ગયો છે. ત્યારબાદ વિદ્યાર્થીઓ દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપની પ્રવૃત્તિઓમાં સારા આગળ વધી રહ્યા હતા. સમ્યગ્જ્ઞાનનો અભ્યાસ પણ બહુ બહોળા પ્રમાણમાં કર્યો હતો. જેના સુંદર વિષયોની નોંધ આગળ ઉપર પ્રગટ કરવામાં આવશે. તેમજ શિબિરનો વિસ્તૃત અહેવાલ પણ પ્રગટ કરવામાં આવશે. પરીક્ષાઓના સુંદર આવેલા પરિણામ, છેલ્લા દિવસનો અરિહંતનો જાપ ૦૧૧-૧ લાખની સંખ્યામાં દરેકે કરેલ. અંતે વિસર્જન થતા વિદ્યાર્થીઓ ફરીથી ક્યારે શિબિર ભરાય અને અમે જલદી આવીએ એ ભાવના તથા વિયોગના દુઃખ સાથે વિદાય થયા હતા.

પાટણમાં યોજાયેલ શ્રી જૈન ધાર્મિક શિક્ષણ-ગ્રીષ્મ શિબિર (ઈ.સ. ૧૯૬૫, મે)નો રસમય અહેવાલ.

(જૈન ધા. શિક્ષણ શિબિરે મેળવેલી, અવર્ણનીય સફળતા : મોક્ષમાર્ગ, જૈન ઈતિહાસ, ભક્ષ્યા-ભક્ષ્ય, તત્ત્વજ્ઞાન, સૂત્રરહસ્યો-વિધિ, ષોડશક-પ્રકરણ, ગણધરવાદ-૭-૭ ગંભીર વિષયોનું સંગીન અધ્યયન : ૧૮૦૦૦ સામાયિક : ૯૦ લાખનો 'અરિહંત' નો અખંડ જાપ : ૧૦૦૦ બિયાસણા : સેંકડો આયંબિલ-એકાસણાની આરાધના : જૈનશાસનના તત્ત્વોની ભવ્યતાના પરિચય અને શ્રદ્ધાથી વિદ્યાર્થીઓના જીવન-પરિવર્તન)

"मैं पत्थर बनके आया था, शिबिरने मुझे पारसमणि सा बनाया है" :- लोढा

પૂર્વે 'દિવ્યદર્શન'ના પાનાઓ ઉપરથી ૧લી, ૨જી, ૩જી શિબિરના ભવ્ય બોધક અને પ્રેરણાદાયી અહેવાલો પ્રગટ થઈ ચૂક્યા છે.

આધ્યાત્મિક ક્ષેત્રે આ ત્રણ શિબિરોએ એક જવલંત ઈતિહાસ રચ્યો છે. એની પાછળ શિબિરના ધાર્મિક ઘડતરના રચનાત્મક સફળ પ્રયોગો જ કારણભૂત છે. ૧૯૬૫ મે, ની ચોથી શિબિર ભરવાની જાહેરાત થતાં જ ચોમેરથી પ્રવેશપત્રોની માગણીઓ આવવા માંડી. ૨૦૦ જેટલી સંખ્યામાં સગવડ સચવાય એવી હતી તેથી ૨૦૦ પ્રવેશ પત્રો પાસ કરવામાં આવ્યા.

શિબિર ક્યાં ? :- સંયમ ત્યાગ-તપોમૂર્તિ, સુવિશાલ ગચ્છાધિપતિ સિદ્ધાન્ત-મહોદધિ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા ડીસાથી વિહાર કરી પાટણ થઈ રાજનગર પધારવાના હતા તેથી શિબિર રાજનગર થશે એવી ધારણા હતી. પરંતુ પાટણ, આવ્યા બાદ તેઓશ્રીને હાર્ટએટેકનો હુમલો આવી ગયો અને પાટણમાં જ સ્થિરતા થઈ. અસ્વસ્થ તબિયતે પણ તેઓશ્રી ૮૨

વર્ષની વયે અપ્રમત્તપણે સંયમ-સ્વાધ્યાયની આરાધના કરી રહ્યા હતા. શિબિરના પ્રાણસમા પૂ.પંન્યાસજી મહારાજ શ્રી ભાનુવિજયજી ગણિવર્ય તેઓશ્રીની સાથે જ રહેવાના હતા. તેથી અમોએ પૂ. આચાર્ય ભગવંતની મંગલ છાયામાં પાટણ જૈન બોર્ડિંગમાં શિબિર રાખવાની જાહેરાત કરી. આબુ દેલવાડા કે અચલગઢ જેવું હવા અને સૌંદર્યનું ધામ ન હોવા છતાં પૂર્વની શિબિરોના જવલંત પરિણામથી આકર્ષાઈ નવા પણ વિદ્યાર્થીઓ અદમ્ય, ઉમંગ ઉત્સાહથી આવવા આતુર હતા, કેટલાય મા-બાપો પોતાના પુત્રોને મોકલવા આતુર હતા.

પૂર્વ શિબિરોની મનોરમ સુવાસ :- પૂર્વની ત્રણ શિબિરોની મનોરમ સુવાસ ચોમેર પથરાઈ હતી. શિબિરોના અતિ ઉત્તમ ફળરૂપે કૉલેજિયન સુધીના વિદ્યાર્થીઓમાં સુંદર ધર્મશિક્ષણ-સંસ્કરણ જોઈ આ વખતે પણ ધર્મપ્રેમી દાતાઓએ ઉદારતાથી પોતાના ફાળા નોંધાવ્યા, સાધર્મિકભક્તિ-જ્ઞાનભક્તિ-તપસ્વિભક્તિ વગેરેનો સુંદર લાભ લીધો. જેમણે શિબિરની કાર્યવાહી નજરે જોઈ તેઓએ આગામી શિબિર માટે પોતાનો મોટો ફાળો નોંધવા સંચાલકોને દબાણ કર્યું. પણ સંચાલકોએ ના પાડી અને કહ્યું કે અમે પહેલેથી લેતા નથી. આગામી શિબિરની યોજના નક્કી થશે ત્યારે અમે આપને યાદ કરીશું. એક ઉદાર સદ્‌ગૃહસ્થે જો આવા શિક્ષણની કાયમી સંસ્થા થાય તો રૂા. ૨૫૦૦૦ આપવાની ભાવના વ્યક્ત કરી અને પોતે પણ નિવૃત થઈ આ શિબિર સમિતિને પોતાની સેવા આપવા જણાવ્યું. તેમણે ખાસ કહ્યું હતું કે, 'હું જે સ્વપ્ન વર્ષોથી સેવી રહ્યો હતો તે સફળ થતું જોઈ મને કોઈ અવર્ણનીય આનંદ થયો છે. આ રીતે સમર્થ ગીતાર્થ શાસનહિત-ચિંતક પૂ. આચાર્યદેવશ્રીની દોરવણી નીચે પૂજ્ય પંન્યાસશ્રી મહારાજ જેવા ગીતાર્થ જ્ઞાની મુનિરાજો દર્શન-જ્ઞાન-ચારિત્રની તાલીમ આપે તો જડવાદની આંધીમાં અટવાઈ જતી આપણી ભાવિ પ્રજાને ઉગારી લઈ એમને સદ્‌ધર્મના વારસદાર બનાવી શકીશું.'

સારા પ્રમાણમાં સુયોગ્ય વિદ્યાર્થીઓ આ શિબિરમાં ચૂંટાઈને આવ્યા હતા. બોડેલી વિસ્તારના ખાસ ૧૨ પરમાર ક્ષત્રિય વિદ્યાર્થીઓને શ્રદ્ધા સંસ્કરણ માટે પૂ. વયોવૃદ્ધ મુનિરાજ શ્રી જિનભદ્રવિજયજી મહારાજે મોકલ્યા હતા. શિબિરમાં ટેકો ન પૂરનાર એક મુનિ ભગવંતે પણ ખાસ ભલામણપત્ર સાથે વિદ્યાર્થી મોકલેલ કે 'આ વિદ્યાર્થીને સમ્યગ્જ્ઞાન અને શ્રદ્ધા તથા શ્રાવકાચારમાં દૃઢ બને, પ્રગતિ સાધે, એમ કરજો.' પૂર્વની શિબિરોમાં આવેલા વિદ્યાર્થીઓના સંસ્કારયુક્ત જીવન-પરિવર્તન જોઈ ઘણા માબાપોને પોતાના સંતાનોને શિબિરમાં મોકલ્યા હતા.

ઘણા શુભેચ્છકોના શિબિરના કાર્યને અનુમોદન આપતા પત્રો પૂ. મહારાજશ્રી ઉપર તથા શિબિરના સંચાલકો ઉપર આવી રહ્યા છે.

ખાસ મહત્ત્વની વાત એ બની કે મહારાષ્ટ્ર પ્રદેશ કે જ્યાં પૂ. મુનિવરોની વિહાર ઓછો છે અને જૈનોનો જ્યાં વસવાટ વધી રહ્યો છે, જૈન બાળકોને જ્યાં જૈન ધર્મના તત્ત્વો કે આચાર વિચારોનું તદ્દન અજ્ઞાન છે. ત્યાં પણ, પૂર્વની શિબિરોના ફળ સ્વરૂપે આવી શિબિર ભરવાની યોજના નિપાણીવાળા શેઠ આર. ટી. શાહનાં ઉદાર સહકારથી કોલ્હાપુરના શેઠશ્રી દલીચંદભાઈ વગેરેથી સંચાલિત કરવાની વિચારાઈ, અને બહુ જ ટૂંક સમયના ગાળામાં કુંભોજગિરિની શીતળ છાયામાં શ્રી આર.ટી.શાહ શ્રી દલીચંદભાઈ, માસ્ટર સુરેન્દ્રલાલ, ભાઈશ્રી તારાચંદભાઈ, બેલગાંવવાળા શ્રી ચતુરભાઈ, કુમારપાળ વગેરે ભાઈઓના શુભ પ્રયત્નોથી પૂ. પંન્યાસ શ્રી 'રંજનવિજયજી મહારાજની નિશ્રામાં ભરવામાં આવી જેમાં લગભગ ૧૧૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો.'

ચોથી શિબિરનો મંગલ પ્રારંભ :- એપ્રિલની ૨૮મીની સાંજ સુધીમાં પાટણ જૈન બોર્ડિંગમાં લગભગ ૧૩૦ વિદ્યાર્થી આવી ગયા હતા; બીજા પણ આવી રહ્યા હતા. શિબિરના ઉત્સાહી કાર્યકરો શ્રી શાન્તિલાલ (ભાણાભાઈ) સોમચંદ તથા શ્રી કેશવલાલ મોહનલાલે પહેલેથી પાટણ આવી સુંદર વ્યવસ્થા કરી હતી. પાટણ જૈન મંડળના ટ્રસ્ટીઓ તથા સેક્રેટરીનો અને બોર્ડિંગના ગૃહપતિ શ્રી રસિકભાઈ વગેરેનો નોંધપાત્ર સહકાર મળ્યો હતો.

પાટણને આંગણે ભરાતી શિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે અને પછીના વર્ગોમાં લાભ લેવા જનતાને પાટણના નગરશેઠ શ્રી કેશવલાલભાઈની સહીથી નિમંત્રણ કરતી જાહેર પત્રિકા બહાર પડેલી. તે મુજબ તા. ૨૯મીની સવારે શિબિર સંચાલકો તથા વિદ્યાર્થીઓ પ્રાર્થના, પૂજા-નવકારશી આદિ કાર્યો પતાવી બોર્ડિંગમાંથી નીકળી, જૈનશાસનની જય પોકારતા પંચાસરા પાર્શ્વનાથના મંદિરે આવ્યા. દર્શન કરી નગીનભાઈ પૌષધશાળાના વિશાળ વ્યાખ્યાન હોલમાં સ્ટા. ટાઈમ ૮-૩૦ મિનિટે આવી પહોંચ્યા. વિશાળ મંગળ સભામાં કર્મ સાહિત્યોદ્ધારક શ્રી સિદ્ધાન્તમહોદધિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજે મંગળાચારણ કર્યું. સ્વ. પૂ. આચાર્યદેવશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પૂ.આ.શ્રી વિજય લાવણ્યસૂરીશ્વરજી મ.ના પટ્ટધર કવિરત્ન વિદ્વદ્વર્ય, પૂ.આચાર્યદેવશ્રી વિજય દક્ષસૂરીશ્વરજી મહારાજ, પૂ. વિદ્વદ્વર્ય પંન્યાસ પ્રવર શ્રી કનકવિજયજી ગણિવર, પ્રભાવક પ્રવચનકાર પૂ. પંન્યાસજી મહારાજ શ્રી ભાનુવિજયજી ગણિવર આદિ વિશાલ મુનિરાજ પાટ ઉપર બિરાજમાન થયા. પાટણ શહેરના નગરશેઠ કેશવલાલ અમરચંદ તથા અન્ય જૈનોની વિશાળ સંખ્યામાં હાજરી હતી. ગુરુવંદન કર્યા બાદ પૂ.પાદ કૃપાનિધિ આચાર્ય ભગવંતના મંગલાચરણપૂર્વક શિબિરનો પ્રારંભ થયો.

ગવૈયા મનુભાઈએ સમૂહમાં નવકાર મંત્ર 'चत्तारि मंगल'ની ધૂન લેવરાવ્યા બાદ જૈન ધા. ગ્રીષ્મ શિબિર સમિતિના માનદ મંત્રી શાંતિલાલ સોમચંદ ચોકસી (ભાણાભાઈ)એ શિબિરની વર્ષ દરમ્યાન થયેલી કાર્યવાહી તથા ભાવી યોજનાઓનું બયાન રજૂ કર્યું. તેમાં મુખ્ય સૂર હતો કે "ભારતની પ્રજાનું જીવન ભૂતકાળમાં ધર્મ-પ્રધાન ત્યાગપ્રધાન હતું. તે હાલ અર્થપ્રધાન-ભોગવિલાસ પ્રધાન બની રહ્યું છે. શારીરિક, માનસિક અને આધ્યાત્મિક એ ત્રણે દૃષ્ટિએ વિકાસ રૂંધાઈ રહ્યો છે. આજે જો ભૌતિક વિજ્ઞાનના પ્રયોગોથી જડ પદાર્થોમાંથી અદ્‌ભુત સર્જન કરી શકાય છે, તો દશ દૃષ્ટાંતે દુર્લભ માનવભવમાં ચેતનના યોગ્ય ઘડતરથી શું અશક્ય છે ?" જૈન ધર્મ માનવને મહામાનવ, પૂર્ણમાનવ બનાવવાનું સામર્થ્ય ધરાવે છે.

વિશ્વના કેળવણીકારો આજના શિક્ષણમાં ધાર્મિક શિક્ષણની અનિવાર્યતા બતાવે છે, છતાં કમનસીબી છે કે ભારતમાં સંકુચિતતાને બહાને ધાર્મિક શિક્ષણને બાતલ કરવામાં આવે છે. એટલું જ નહિ પણ સહશિક્ષણ, અશ્લીલ સાહિત્ય પ્રચાર, સિનેમા, ઘોર હિંસક કતલખાનાઓ દ્વારા પ્રજાને ઝડપી અધઃપતનના માર્ગે ધકેલી દેવાના સરકાર તરફથી જાણ્યે અજાણ્યે વ્યવસ્થિત પ્રચાર થઈ રહ્યો છે. આ પરિસ્થિતિમાં જે વિદ્યાર્થી એક ભાવી સંઘના સ્તંભરૂપ છે એ વિદ્યાર્થીઓમાં સમ્યગ્‌દર્શન, જ્ઞાન ચારિત્રનું સિંચન કેમ કરવું એ સળગતો પ્રશ્ન છે.

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજ** તથા તેઓશ્રીના વિદ્વાન શિષ્યરત્ન ભાનુવિજયજી મ.સા. સાથે વિચારતા લાગ્યું કે 'આજની શાળાઓ કોલેજોના બિનધાર્મિક અભ્યાસનો તથા ઇતર પ્રવૃત્તિઓના ભારે બોજમાં દૈનિક ક્રમમાં ધાર્મિક શિક્ષણ સંસ્કાર પ્રાપ્ત કરવા મુશ્કેલ બની ગયા છે.' એ જોઈ વિદ્યાર્થીઓને મળતી લાંબી રજાઓનો સદુપયોગ કરી લેવા તરફ દૃષ્ટિ ગઈ એનાં ફળસ્વરૂપે આજ સુધી ૩ શિબિરો થઈ. જ્યાં એશઆરામ કે મોજશોખનને જરાપણ સ્થાન નથી તેવી જ્ઞાનદર્શન ચારિત્રની ભરચક દિનચર્યા અને પૂ.પં.ભાનુવિજયજી મહારાજ એવા જ્ઞાનસંપન્ન તપસ્વી, ચારિત્રશીલ સાધુ ભગવંતના સત્સંગ તથા ઉપદેશથી વિદ્યાર્થીઓએ જીવન દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે સાદર પ્રાપ્ત કર્યું છે. બહુમાન-પ્રાપ્ત કર્યું છે. શિબિરના અભ્યાસક્રમથી સમ્યગ્‌જ્ઞાનમાં વૃદ્ધિ કરી છે. મિથ્યા જ્ઞાનની પોકળતા જાણી છે અને વિવિધ વ્રત-નિયમોથી જીવનને વિરતિ ધર્મથી રચ્યું છે..." ભાણાભાઈએ બીજી પણ અનેક મહત્ત્વની બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. જે તા. ૮-૫-૬૫ના 'જૈન'માં અક્ષરશઃ છપાયો છે.

આચાર્ય મહારાજ શ્રી વિજયદક્ષસૂરીશ્વરજી મહારાજે ફરમાવ્યું હતું કે "જિનેન્દ્રશાસન પ્રબળ પુણ્ય પ્રતાપે પ્રાપ્ત થયું છે. માનવભવ દુર્લભ છે. તેમાં પણ

જિનશાસનની રુચિ મળવી સોનામાં સુગંધ ભળવા જેવું છે. વર્તમાન વિજ્ઞાન ખૂબ ઝેરીલું છે એનાથી બચવા સમ્યગ્‌જ્ઞાનની જરૂર છે. શાસ્ત્રાનુસારી જે કાંઈ હોય તેને અમે આવકારીએ છીએ, તેને અમારા આશીર્વાદ છે. શિબિર પણ એવું જ એક કાર્ય છે જેના દ્વારા બાળકો સંસ્કારી બની શકે છે પછી એ આવકારદાયક કેમ ન હોય ? વિદ્યાર્થીઓની શક્તિઓને સન્માર્ગે વાળીએ તો મહાન સર્જન થઈ શકે. શિબિર એના માટે એક અદ્‌ભુત ઉપાય છે."

પૂ.પં.શ્રી કનકવિજયજી ગણિવર્યે ફરમાવ્યું કે ચારગતિરૂપ સંસારમાં કર્માધીન આત્મા બિચારો જન્મ અને મરણની જંજાળમાં રખડપટ્ટી જ કરે છે. મરણના ભયથી થથરે છે. પરવશતાથી જીવે છે અને દીનતાથી મૃત્યુને વશ થાય છે. મૃત્યુની સામે ગમે તેટલી શક્તિ વાપરવામાં આવે પરંતુ તે બધી જ વ્યર્થ છે.

તેઓએ આગળ કહ્યું કે, આજે શ્રદ્ધાની પરીક્ષા થઈ રહી છે. આજે વિજ્ઞાને જે અનર્થો સર્જ્યા છે તે ભયંકર છે. બે ચીજની આવશ્યકતા છે, (૧) શ્રદ્ધા અને (૨) ચારિત્રની.

આજના વિદ્યાર્થી વિનમ્રતા, વિવેક, જિનેશ્વર દેવો પ્રત્યે શ્રદ્ધા, પુણ્ય, પાપ અને જીવનનું સાચું નૂર ભૂલી ગયા છે, તે પ્રગટાવવા માટે, રત્નત્રયીની આરાધના માટે પ્રયાસ કરવા આવશ્યક છે. એ માટે જે જે સાધનો શાસ્ત્ર મર્યાદામાં રહી વાપરવામાં આવે તે બધા ઉપાદેય છે. તેમાં જૂનાં ને નવાનો ભેદ ભૂલી જવો જોઈએ.

આચાર્ય શ્રીમદ્‌ વિજય હીરસૂરીશ્વરજી મ. સાહેબ પણ અકબરના દરબારમાં ગુજરાતથી દિલ્હી સુધી વિહાર કરીને પ્રતિબોધ કરવાને માટે પહોંચ્યા હતા. આવી શિબિરોમાં જ્યાં જ્યાં રત્નત્રયીની પ્રભાવના થાય છે ત્યાં ત્યાં અમારું અનુમોદન છે. કૉલેજના વિદ્યાર્થીઓ શિબિરમાં એક મહિના સુધી સામાયિક, પૂજા, નવકારશી, ધર્મચિંતન, તત્ત્વજ્ઞાન શ્રવણ કરે છે અને જીવનમાં જે પલટો આવે છે તે ખૂબ જ આનંદની વાત છે. શક્તિઓનો ધોધ ઉન્માર્ગે વહી રહ્યો છે તેને કાબૂમાં આણી ધર્મરૂપી વિદ્યુત પેદા કરવા માટે આવી શિબિરો કરવી આવશ્યક છે.

પંડિત શ્રી શીવલાલભાઈએ પોતાના મંતવ્યો પ્રગટ કરતાં કહ્યું કે શિક્ષણ સમિતિ તરફથી જો શિબિરનો સારો ઉપયોગ થાય અને ગુરુદેવના ચરણકમળમાં સ્વાધ્યાયની પ્રવૃત્તિઓ વધતી હોય તો તે સરાહનીય છે, એમાં સંદેહ નથી. જ્ઞાન, શ્રદ્ધા અને આચાર ઉપર માત્ર ભાષણ દેવાથી કશું થશે નહિ. મહત્તા એની છે કે આપણે શ્રદ્ધા અને ચારિત્રમાં કેટલા આગળ વધી શક્યા છીએ. સાધુ ભગવંતોના

જ ચરણકમળોમાં બેસીને ભગવંતની વાણી સાંભળીને આત્મા ચારિત્રવંત અને શ્રદ્ધાવંત બની શકે છે. ગોધરાના ધાર્મિક શિક્ષક ભાઈશ્રી કનૈયાલાલે શિબિરની ખૂબ ખૂબ અનુમોદના સાથે હૃદયના ભાવો વ્યક્ત કર્યા હતા, અને જરૂરિયાત જણાવી હતી.

બાર વાગે આ કાર્યક્રમ પૂર્ણ થયા પછી પૂ.પં.પ્રવરશ્રી ભાનુવિજયજી ગણિવર પોતાના સુવિશાલ શિષ્ય પ્રશિષ્યાદિ તથા વિદ્યાર્થીઓ સાથે વાજતે ગાજતે જૈનબોર્ડિંગમાં પધાર્યા હતા. પ્રાર્થના હોલમાં મંગલિક સંભળાવ્યા બાદ 'શાંતિજિનેશ્વર સાચો સાહિબ' સ્તવનનું મધુરા સારંગ રાગે સમૂહ ઝીલન થયું. ત્યારબાદ સુંદર અધ્યયન પદ્ધતિ બતાવી. ભોજન વિરામ કર્યા બાદ બપોરે ૩ કલાકે વાંચના (વર્ગ)ની શરૂઆત થઈ હતી. 'જૈન ઈતિહાસ' અને 'મોક્ષમાર્ગની' આ પ્રથમ બે વાંચનાઓ સાંભળી વિદ્યાર્થીઓની આનંદ ઉર્મિઓ ઉછળી રહી હતી.

આ શિબિરમાં નવા વિદ્યાર્થીઓ પણ ઘણા હતા. શિબિરમાં રહેવાનું કેવું હશે ? જમવાની સગવડ કેવી હશે ? રસ પડશે કે નહિ ? પણ આ બધા વિકલ્પોએ પહેલા દિવસની સાંજે વિદાય લીધી અને શિબિરમાં કોઈ અનેરો આનંદ અને પ્રવૃત્તિ છે એ વિશ્વાસ બેસી ગયો. સૌએ શિબિરના દૈનિક કાર્યક્રમને હૃદયથી આવકાર્યો, અને શિબિર દરમ્યાન પ્રત્યેક વિદ્યાર્થીઓએ શિસ્તબદ્ધ વર્તન કર્યું.

શિબિરનો ૧૫ દિવસનો અહેવાલ 'દિવ્ય દર્શન'ના ૩૨માં અંકમાં છપાઈ ચૂક્યો છે. સવારે ૫॥ વાગે સામાયિક, નવકાર-ચત્તારિમંગલ, નવપદ સ્તુતિ બાદ સૂત્રના ઉચ્ચારણ તથા રહસ્યમય વિવેચનની વાચના અપાતી. પછી દેવદર્શન, નવકારશી, પૂજા. ૮॥ વાગે પૂ. મુનિરાજ શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ ભક્ષ્યાભક્ષ્ય વ્રતનિધિની વાચના આપતા. એ વખતે પૂ.પંન્યાસ શ્રી મ. ૧૨ મુનિઓને ન્યાય-મુક્તાવલીની વાચના આપતા. ૯॥ વાગે પૂ. મુનિરાજ શ્રી હેમચંદ્રવિજયજી પણ નવા વિદ્યાર્થીઓને તત્ત્વજ્ઞાનની વાચના આપતા. તે વખતે જૂના વિદ્યાર્થીઓને પૂ.પંન્યાસજી મ. ગણધરવાદની વાચના આપતા. ૧૧ થી ૧૨ વાગ્યા સુધી પૂ.પંન્યાસજી મહારાજનું માર્ગાનુસારી જીવન પર વ્યાખ્યાન ચાલતું. ૧૨॥ વાગે આવશ્યક કાર્યો, અધ્યયન, ૨॥ વાગે છાશ અપાતી. જૂના વિદ્યાર્થીઓને ૨ થી ૩ વાગ્યા સુધીમાં પૂ.પંન્યાસજી મહારાજ ષોડશક (આરાધનાનાં મૂળ તત્ત્વ)ની વાચના આપતા અને ૩ થી ૫ સમસ્ત વિદ્યાર્થીઓને જૈન ઈતિહાસ તથા મોક્ષ-માર્ગની એમ બે વાચના આપતા. સાંજના ૭-૭॥ વાગે દર્શન પ્રાર્થના, ભાણાભાઈનું વક્તવ્ય વગેરે થતું. ૮॥ પછી વિદ્યાર્થીઓ નોટ્સ તથા અધ્યયન કરતા.

વૈશાખ સુદ ૩ના દિવસે શિબિરના વિદ્યાર્થીઓ ઉઠ્યા ત્યારથી હર્ષઘેલા હતા. પોતાને સમ્યગ્જ્ઞાન દાતા ગુરુદેવ પંન્યાસ પ્રવર શ્રી ભાનુવિજયજી ગણિવરને આજે વર્ધમાન આંબેલ તપની ૯૩મી ઓળીનું પારણું કરાવવાનો ઉમંગ હીલોળે ચઢ્યો હતો. પૂ.પાદ કૃપાનિધિ આચાર્યદેવને નગીનભાઈ પૌષધશાળાએથી પૂ.મુનિ ભગવંતો સ્ટ્રેચરમાં લઈ આવતાં વિદ્યાર્થીઓ પણ સાથે ઉપાડવાની સામાયિક એકાસણાની ઉછામણી બોલીને લઈ આવ્યા.

પૂજ્યપાદ આચાર્ય ભગવંતને પૂ. તપસ્વી પંન્યાસજી મહારાજને તથા ૪ મહિનાની અંદર નવ અક્ષાઈમાં નવ લાખ નવકાર ગણનાર પૂ.મુનિરાજશ્રી મતિધન-વિજયજી મહારાજને (ઉં.વ. ૭૮) વહોરાવવાની ઉછામણી દિવ્ય દર્શનના ૩૨માં અંકમાં છપાઈ છે. એ દૃશ્ય ઘણા વિદ્યાર્થીઓને અપૂર્વ હતું.

ભક્ષ્યાભક્ષ્યની વાંચનામાં પૂ.મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ જેમ જેમ વિશદ્ રીતે સમજાવતા ગયા તેમ તેમ વિદ્યાર્થીઓમાં સર્વજ્ઞ ભગવંતોનો અનંત ઉપકાર બાવીસ અભક્ષ્યની સમજ તથા આત્મિક, શારીરિક, માનસિક દૃષ્ટિએ, અને ઈહલૌકિક પારલૌકિક તથા પરંપરાએ થતા નુકસાનોનો નવો જ પ્રકાશ મળ્યો. અહિંસા વ્રતના પાલનનો આપણી આહારચર્યા સાથે કેવો ધનિષ્ઠ સંબંધ છે તેના સચોટ રદિયા મળ્યા. આત્માનું અણહારીપદ સમજાવ્યું, આજે વનસ્પત્યાહારનો પ્રચાર જે કેવળ શારીરિક લાભના પ્રચારમાં ભૂલા ન પડશો. કાલે કોઈ સાબિત કરશે કે માંસાહારથી શરીરને લાભ થાય છે તો આપણે હિંસાના રવાડે ચઢી જઈશું. આપણે માંસાહારને ત્યાજ્ય માનીએ છીએ મુખ્યત્વે અહિંસા ધર્મના પાલન માટે અને વિષયવાસનાને દબાવવા માટે.

પૂજ્ય મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મહારાજે તત્ત્વજ્ઞાનની વાંચનામાં અનેરો રસ જમાવ્યો હતો. નોટ કરાવીને બોર્ડ પર લખાવીને નકશાઓ દોરીને એક એક પદાર્થને ત્યાં જ કંઠસ્થ કરાવી દે. રોજ નવું પદાર્થ-સંયોજન તૈયાર કરી આપે. છોકરાઓ રેકર્ડની જેમ બીજે દિવસે સ્વાધ્યાય કરી જાય.

પૂજ્ય ગુરુદેવ પંન્યાસ પ્રવર શ્રી ભાનુવિજયજી ગણિવરની શૈલી કોઈ અનેરી જ હતી. એમાં સંગીતમય પ્રાચીન સ્તવન-સજઝાયના છોકરાઓને આમુખ સાથે મનોવૈજ્ઞાનિક પદ્ધતિએ પદાર્થનિરૂપણ થતું હતું. મનોમંથન કરાવાતું હતું. સંવેગ વૈરાગ્યનો રસસ્રોત હતો. એઓશ્રીનું મુખ્ય લક્ષ્ય હતું ધાર્મિક-આધ્યાત્મિક નૈતિક સુસંસ્કાર પોષણનું. ભાગ્યે જ કોઈ દિવસ એવો ગયો હશે કે બાળકો તેઓશ્રીને સાંભળ્યા પછી સાત્વિક પ્રતિજ્ઞાઓ લેવા ન પ્રેરાયા હોય.

બોર્ડિંગના કમ્પાઉન્ડમાં કીડીઓનો ઉપદ્રવ હોવાથી ઉપદેશ સાંભળવા પર કંપાઉન્ડની હદમાં બુટ, ચંપલ, સ્લીપર ન પહેરવાની પ્રતિજ્ઞા સૌએ લીધી હતી. બપોરે ત્રણ વાગ્યાની વાચનામાં વિદ્યાલયના સેન્ટ્રલ હોલમાં ઉઘાડે પગે વિદ્યાર્થીઓ જતા હતા. ભુજથી આવેલા શ્રી નગીનભાઈ જસાણીના ૭ વર્ષના નાના સુપુત્ર વિજય કુમારે પણ પૂ.ગુરુદેવશ્રીએ વિદ્યાર્થીઓને આપેલી ભાવના...

"બળ બળ પગ બળ, તું બળે એમ મારાં કર્મ બળે."

ઝીલી લીધી. તે પણ જીવરક્ષા ખાતર ઉઘાડે પગે આવતો. ભાવનાનો પ્રભાવ આપણી જીવનચર્યા ને મનોવૃત્તિઓ ઉપર ખૂબ પડે છે.

વિદ્યાર્થીઓને શિબિર દરમ્યાન એક નોંધપોથી આપવામાં આવેલી તેમાં નીચેની બાબતોની નોંધ કરવાની હતી. સામાયિક પ્રતિક્રમણ, (સવાર-સાંજનું) ઉપવાસ, આયંબિલ, એકાસણા, બિયાસણા, વિગઈ ત્યાગ બાંધી નવકારવાળી, ઉકાળેલું પાણી, નવી ગાથા, દ્રવ્યની સંખ્યા, સચિત્ત માપ, લીલોતરી માપ, કંપાઉન્ડમાં બુટ ચંપલ ત્યાગ, કેટલા મુનિમહારાજને વંદન કર્યું ? કેટલા કલાક વર્ગ સિવાય અભ્યાસ કર્યો છે ? લીધેલા પ્રતિનિયમોની નોંધ લીધા તારીખ, ક્યાં સુધીની મુદત ? અપવાદ-છૂટછાટ, વિશેષ બાબત.

વિદ્યાર્થીઓના જીવનમાં પરિવર્તન ક્યાં સુધી આવી શકે છે તે માટુંગાના એક વિદ્યાર્થીઓના નિયમો પરથી જણાશે. એણે લગભગ ૩૦ નિયમો લીધા. વર્ષમાં ૨૦૦ સિનેમાં જોનાર અને લગભગ રોજ કંદમૂળ ખાનાર એણે ૧ વર્ષ સદંતર સિનેમા તથા કંદમૂળ બંધ કર્યું. સિનેમાના રંગે રંગાયેલા આજના યુગના માનવીને સિનેમા છોડવાની બુદ્ધિ જાગે છે, તે શિબિરનાં શિક્ષણ સંસ્કરણને આભારી છે. માતા-પિતાને પગે લાગવું, માતા-પિતાને કદી ઉદ્ધત બોલ ન કહેવા. જીવનભર માંસાહાર તથા ઈંડાનો ત્યાગ, રોજ દેવદર્શન કલ્યાણકની આરાધના, વર્ષમાં અમુક ગાથા ગોખવી, પ્રતિક્રમણના સૂત્રો તૈયાર કરવા, ખાવાનાં દ્રવ્યોનું પ્રમાણ, પ્રતિમાસ કે પ્રતિવર્ષ અમુક સામાયિક કરવા, સિનેમા તદ્દન યા અમુકથી વધારે ન જોવા, મંદિરે પ્રભુભક્તિનું પોતાનું કોઈપણ દ્રવ્ય લઈ જવું. દા.ત. અગરબત્તીનો ટૂકડો, વગેરે વગેરે ઘણા નિયમો અંગીકાર કરી **'ज्ञानस्य फलं विरतिः'** એમ જ્ઞાન પ્રાપ્તિ થતાં વિરતિ લઈ સચોટ જવાબ આપ્યો હતો. પહેલાં સંગીતકાર મનુભાઈ, કારનેટ વાદ્યકાર તથા તબલચીની રમઝટ સાથે પ્રભુભક્તિનાં ગીતનું સમૂહગાન થતું. એથી વિદ્યાર્થીઓને ગ્રીષ્મની બપોરે પણ ઉત્સાહ આવતો અને પછી રસમય વાચના ચાલતી.

તા. ૯મી એ વિદ્યાર્થીઓને એક ભાઈ તરફથી ચારૂપ તથા મેત્રાણા તીર્થોની યાત્રા કરાવામાં આવી હતી. મેત્રાણામાં સૌ. વિદ્યાર્થીઓએ પૂજા કરી હતી. કલાણા ગામે બાલબ્રહ્મચારી નેમિનાથ પ્રભુના દર્શન કરી સૌ વિદ્યાર્થીઓએ ગોળાકાર બેસીને નવકારની ધૂન મચાવી અને પ્રભુભક્તિના ગીતો મધુર કંઠે ગાયા. ગામ લોકો ટોળે ટોળા એકઠાં થઈ ગયા હતાં. સૌ આ ભક્તિ રસમાં ક્ષણવાર ડૂબી ગયા, જાણે સ્વર્ગીય સુખનો આસ્વાદ માણ્યો. જૈનશાસનના જયકાર સાથે સૌ બસમાં બેસી પાટણ ભણી રવાના થયા. વચમાં દસાવાડાના દેસાઈ માસ્ટર જોરાસિંહ અને ગામવાસી દેસાઈ તથા ક્ષત્રિયોની વિદ્યાર્થીઓને છાશથી ભક્તિ કરવાની પૂર્વ તૈયારી છતાં મોડું થવાથી છેવટે પ્રભુ ભક્તિ ધૂન વગેરે જમાવવામાં આવ્યું. જેની અદ્‌ભુત છાયા પડી.

અમદાવાદથી ખાસ આમંત્રણ પૂર્વક પધારેલ રમણલાલ ભૂગોળવાળાએ આધુનિક ભૂગોળ ખગોળ અંગેની કેટલીય બાબતો મિથ્યા સાબિત કરી બતાવેલી. વૈશાખ વદ ૧ના રવિવારે વિદ્યાર્થીઓએ પાટણના જિનમંદિરોની ચૈત્યપરિપાટી કરી અપૂર્વ આનંદ અનુભવ્યો. પાટણ એટલે જાણે અનેક તીર્થોનું એક તીર્થ ગણાય એવું હૃદયગમ પ્રાચીન ભવ્ય જિનબિંબોના મનોહર સોએક મંદિરોનું ધામ ! આજે કાંતિલાલ મોહનલાલ (શ્રી કિરણ) આવી પહોંચ્યા હતા. તેઓએ ખાસ ભારપૂર્વક વિજ્ઞાનની જ્યાં પૂર્ણાહૂતિ થાય છે ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે. એ મુદ્દા પર ૪-૫ દિવસ વિજ્ઞાનની શોધોની પોકળતા અને અપૂર્ણતા સાબિત કરી ભગવાન જિનેશ્વરદેવે ભાખેલા સ્યાદ્‌વાદમય તત્ત્વોની સર્વોપરિતા સાબિત કરી હતી. ભગવાન ઉમાસ્વાતીજીના તત્ત્વાર્થના પ્રત્યેક સૂત્રમાં મહાન જીવન તત્ત્વો રહેલા છે તે અસરકારક રીતે સમજાવ્યું હતું.

તા. ૧૭મીએ ૬ વિષયો પર વકતૃત્વ હરિફાઈ યોજવામાં આવી હતી. આ પ્રોગ્રામમાં બીજે દિવસે શ્રી શંખેશ્વરતીર્થની યાત્રાએ જવાનું નક્કી થયું. બીજે દિવસે સવારે સ્પેશ્યલ બસમાં વિદ્યાર્થીઓ મહાતીર્થ શંખેશ્વરજી ગયા હતા. ત્યાં દર્શન, પૂજન-જાપ ભક્તિ કરી બપોરે ૩ વાગે પાટણ પાછા ફર્યા હતા.

રોજ વિદ્યાર્થીઓ બપોરના ભોજન પછીના સમયમાં મુનિભગંવતો પાસે સૂત્રની ગાથાઓ લેવા, ગોખવા, ચૌદ નિયમો સમજવા, રહી ગયેલા વિષયને સમજવા આવતા હતા.

તા. ૨૦મી સુધી નિત્યના ક્રમ મુજબ પ્રવૃત્તચક્ર યોગની જેમ વિદ્યાર્થીઓ અપ્રમત્તપણે પાંચે વાચનાઓ ગ્રહણ કરતા હતા. વાચના સિવાયના સમયમાં

વિદ્વાનોના પ્રવચનો સાંભળતા હતા. સાંજની પ્રાર્થના પછી ધાર્મિક ચર્ચા પ્રશ્નોત્તરીમાં પણ સારો રસ લેતા હતા. તા. ૨૨ થી ૨૭મી પરીક્ષાઓ લેવાની હતી. તેથી તા. ૨૧મીએ દરેક વિષયોનું પહેલેથી ખૂબ સંપેક્ષમાં સુંદર રીતે પુનરાવર્તન કરાવી દેવાયું. તે દિવસે મહાન સાધક અને વકતા ધર્માનુરાગી શ્રી ઋષભદાસજી જૈન મદ્રાસવાળા આવી પહોંચ્યા. તેમના ત્રણ પ્રવચનોમાં અનેક દાખલા, દલીલો, અનુભવો દ્વારા જૈનશાસનની સર્વોપરિતા અને વિશેષતાઓનો વિદ્યાર્થીઓને અજબ પરિચય થયો. પરીક્ષાના પેપરો પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગણિવરે તથા તેઓશ્રીના શિષ્યોએ કાઢ્યા હતા. પરીક્ષાઓ ચાલુ થઈ હતી. બાકીના સમયના સ્કૂલની પરીક્ષાઓની જેમ રાત્રે અને દિવસે વિદ્યાર્થીઓ પાસે પુનરાવર્તન કરી જતા હતા. પરીક્ષાઓ યુનિવર્સિટીની પરીક્ષાની પદ્ધતિએ ચોક્કસ સુપરવીઝન સાથે લેવામાં આવી.

શિબિર દરમ્યાન ગઈ ત્રણ શિબિરના વિદ્યાર્થીઓ ષોડશક તથા ગણધરવાદની વાંચનાઓ પૂ.પંન્યાસજી મહારાજ પાસે લઈ રહ્યા હતા. તેઓએ પણ ચાર ષોડશક તથા ચાર ગણધરો સુધીના ગણધરવાદની પરીક્ષાઓ આપી હતી.

આ બધા જ પેપરો તપાસવામાં ૧૮ મુનિઓ છેલ્લા પાંચ દિવસ કામે લાગી ગયા હતા.

તા. ૧૭મીએ ખીરનાં એકાસણા સાથે 'અરિહંત'નો ૨૪ કલાકનો અખંડ જાપ તથા દરેક વિદ્યાર્થીને ૫૦ હજાર જાપ, કેટલાકને ૧-૧ લાખનો જાપ રાખવામાં આવેલ. સૌ વિદ્યાર્થીઓ જાપનાં અનુષ્ઠાનમાં જોડાયા હતા. પૂ.પંન્યાસજી મહારાજે પહેલા દિવસે સાંજે તથા જાપના દિવસે સવારે જાપમાં 'અરિહંત' પદના ઉચ્ચાર સાથે લયલીન થવાની તાલીમ આપી હતી.

તા. ૨૬મીએ ૧૨ વાગે પરીક્ષા પૂર્ણ થયા બાદ બપોરે વક્તૃત્વ હરિફાઈ યોજાઈ હતી. એમાં ૧૨ કૉલેજના વિદ્યાર્થીઓએ અને ૨૪ શાળા વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. 'જૈન ધર્મ' 'મને શિબિર મળી' 'ગુરુ મહારાજ' 'માનવ જીવનનું કર્તવ્ય' 'આજ અને આવતી કાલ' 'મનની કેળવણી' 'પંચાસ્તિકાય' 'વિરતિ' 'સામાયિક' 'તત્ત્વજ્ઞાનનો અભ્યાસ શા માટે ?' વગેરે વિષયો વિદ્યાર્થીઓએ પસંદ કર્યા હતા અને સુંદર મનનીય વક્તવ્યો કર્યા હતા. શ્રી સુરજમલ પુનમચંદ વકીલ, શ્રી ચીમનલાલ શાહ પાલીતાણાકર તથા અમૃતલાલ મોદીને પરીક્ષક તરીકે રાખવામાં આવ્યા હતા. આ પ્રસંગે એક બ્રહ્મક્ષત્રિય ભાઈએ તથા પાટણ જૈન બોર્ડિંગના જુના વિદ્યાર્થી રમણભાઈએ વિદ્યાર્થીઓને સુંદર ઉદ્‌બોધન કરીને શિબિરને આવકાર આપ્યો હતો.

તા. ૨૭મીએ જાપના દિવસે સ્નાત્ર મહોત્સવમાં અપૂર્વ રંગત જામી હતી. વચમાં 'શ્રીચંદ્ર' રચિત **'અરિહંત વંદનાવલી'** ગુર્જર સ્તોત્ર સમૂહમાં ગવાયું હતું. વંદનાવલીની કડીઓ બોલતાં અરિહંતના ધ્યાનમાં કેવી રીતે તલ્લીન થવું ? કડીએ કડીએ આંખ સામે શ્રી અરિહંતના ભવ્ય જીવનનું કયું ચિત્ર ખડું કરવું તે સુંદર રીતે પૂ. મુનિરાજ શ્રી મિત્રાનંદવિજયજી મ. સમજાવ્યું હતું.

બીજી બાજુ પેપર તપાસાઈ ગયા હતા. નંબરો અપાઈ ગયા. વક્તૃત્વ હરિફાઈના વિજેતાઓને તથા સદ્‌વર્તનનાં ઈનામો નક્કી થઈ ચૂકયા. અખંડ જાપમાં પાંચ વિદ્યાર્થીઓ મોટેથી ઉચ્ચાર કરીને સંગીતમય રીતે 'અરિહંત'નો મધુર ધ્વનિ લલકારી રહ્યા હતા. જે વાતાવરણમાં સતત ગુંજી રહ્યો હતો.

તા. ૨૮મીની સવારે નવ વાગે ઈનામી મેળાવડો હતો. વિદ્યાર્થીઓ સવારની પ્રાર્થના બાદ અરિહંત-અરિહંતના ઉચ્ચારણ પૂર્વક વરઘોડા આકારે પૂ.પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવર સાથે પંચાસરા દર્શને ગયા હતા, ત્યારબાદ પૂ. આચાર્ય ભગવંતને વંદન કરી વાસક્ષેપ લઈ બોર્ડિંગમાં પાછા આવ્યા બાદ સૌએ ખીરનાં એકાસણાના પારણાં કર્યાં.

ઈનામી મેળાવડાનો ભવ્ય કાર્યક્રમ :- સવારે નવ વાગતાં પૂ.પં.મહારાજ આદિ વિશાલ મુનિગણ પાટણના નગરશેઠ કેશવલાલભાઈ અને અન્ય નરનારીઓ સેન્ટ્રલ હોલમાં આવી ગયા હતા. જેમના હાથે ઈનામ વહેંચવાનું નક્કી થયેલું તે સુશ્રાવક કાંતિલાલ કોલસાવાળા પણ ટાઈમસર આવી પહોંચ્યા હતા. તેઓશ્રીના શુભ હસ્તે પરીક્ષામાં તથા વક્તૃત્વ હરિફાઈમાં ઉત્તીર્ણ થયેલ તેમજ વધુમાં વધુ ધાર્મિક અનુષ્ઠાનો કરનાર-નિયમો લેનાર, શિસ્ત તથા સદ્‌વર્તનમાં અગ્રગણ્ય તથા શિબિરમાં ઓનરરી સેવા આપનાર વિદ્યાર્થીઓને ઈનામો અપાયા હતા. ગયા વર્ષની શિબિરના ઈનામો શેઠશ્રી નંદલાલ રૂપચંદ શાહ તરફથી અપાયા હતા. તેમજ જ્ઞાનસાર, જૈન ધર્મનું સ્વરૂપ વગેરે પુસ્તકોની પ્રભાવના કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ તરફથી શાંતિલાલ સોમચંદ ચોકસી, કાંતિલાલ ઉજમલાલ ઝવેરી, કેશવલાલ મોહનલાલ શાહ તથા કુમારપાળ વિમલભાઈની સંથારીયાથી ભક્તિ કરવામાં આવી હતી. ચીમનલાલ પાલીતાણાકરે વિદ્યાર્થીઓને ઉદ્દેશીને વિદાય વેળાનો ખાસ સંદેશ વાંચી સંભળાવ્યો હતો. ઘણા જ ભાવવાહી શબ્દોમાં સૌનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે શાંતિભાઈ ચોકસી, કેશવલાલ મોહનલાલ શાહ, વિદ્યાર્થી સુરેન્દ્રકુમાર લોઢા. શ્રી મુકેશ નવીનચંદ્ર, પ્રવીણચંદ્ર સી. શાહના પ્રેરક અને મનનીય વક્તવ્યો થયા હતા. વિદ્યાર્થી જયપ્રકાશ શાંતિલાલ વોરાએ અંગ્રેજીમાં મુદ્દાસર ઘણું

જ આકર્ષક ભાષણ કરી શિબિરની મહત્તા સમજાવી હતી. પૂ.ગુરુદેવ શ્રી ભાનુવિજયજી મહારાજાએ ગંભીર મધુર નાદે અંતિમ સંદેશારૂપ પ્રવચન કરી સર્વ મંગલ કર્યું. બાદ તે દિવસે રસપૂરીના જમણ વખતે શા. શાંતિલાલ સોમચંદ ચોકસીના ધર્મ પત્ની સુભદ્રાબેને વિદ્યાર્થી વગેરે દરેકને કંકુનો ચાંલ્લો કરી એક એક રૂપિયો આપી (સાધર્મિક ભક્તિ) બહુમાન કર્યું હતું. આ દશ્ય કોઈ અદ્‌ભુત હતું. વિદ્યાર્થીઓ વિદાયની તૈયારી કરી પૂ.ગુરુદેવ પાસે વાસક્ષેપ નખાવી ભાણાભાઈની રજા લઈ અશ્રુભીની આંખે, હૃદયમાં સાત્વિક આનંદની ઉર્મિઓ ભરી વિદાય થયા હતા.

પાટણ જૈન મંડળ છાત્રાલયના ટ્રસ્ટીઓએ શિબિરને સારી સગવડો આપી હતી. છાત્રાલયના સ્ટાફના માણસોએ શિબિરનું કાર્ય આત્મીયભાવે કર્યું હતું.

શિબિર દરમ્યાન :- વિદ્યાર્થીઓએ શિબિર દરમ્યાન અનુમોદનીય ધર્મ આરાધના કરી હતી. પૂ.ગુરુદેવશ્રી તથા સંચાલકો તરફથી સહેજ સૂચના કે ખ્યાલ આપવામાં આવતા જ વિદ્યાર્થીઓમાં ઉમંગ ઉછળી પડતો. આપણા બાળકોને ધાર્યું સંસ્કરણ આપી શકીએ એનો પ્રત્યક્ષ અનુભવ થયો. વિદ્યાર્થીઓએ કરેલી આરાધનાની શક્ય તેટલી નોંધ નીચે મુજબ છે.

૧૮૦૦૦ સામાયિક	૯૦,૦૦,૦૦૦ અરિહંતનો જાપ
૧૮૦ ખીરના એકાસણા	૧૬૦ આયંબિલ
૫૦૦ એકાસણા	૧૦૦૦ બિયાસણા
૮૫ ઉપવાસ	૧૫ પૌષધ

આ ઉપરાંત દ્રવ્ય સંક્ષેપ, ઉકાળેલું પાણી પીવું, ચૌદ નિયમ ધારવા, કેટલાક વિદ્યાર્થીઓ નિત્ય સવાર સાંજ પ્રતિક્રમણ કરવું. (સર્વ વિદ્યાર્થીઓને પાંચ તિથિ પ્રતિક્રમણ) ગુરુવંદન કરવું, વગેરે સુંદર આરાધના કરી રહ્યા હતા.

એકંદરે ગુરુભગવંતોની પુણ્યનિશ્રામાં વિદ્યાર્થીઓની જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપની ભવ્ય આરાધના જોઈ શિબિરની મુલાકાતે આવનાર ભાગ્યશાળીઓના દિલ ગદ્‌ગદ થઈ જતાં. જેના ફળ સ્વરૂપે સાધર્મિક ભક્તિનો લહાવો લેવાનો ઉછરંગ ઉછળી પડતો. આમ તો પહેલેથી જ વિદ્યાર્થીઓની ભક્તિ માટે ઘણા ભાગ્યશાળીઓ તરફથી લાભ લેવા રૂપે સવારનો નાસ્તો, બપોર-સાંજનું ભોજન, બપોરની છાશ વગેરે લગભગ નિશ્ચિત થયા હતા અને તેમના નામ બોર્ડ પર રોજ રોજ લખાતા હતા. વિશેષમાં પૂજ્ય આચાર્યદેવેશના વંદનાર્થે આવેલા નિપાણી નિવાસી તારાચંદભાઈએ વિદ્યાર્થીઓની ધર્મભાવના-અખંડ જ્ઞાનોપાસના વગેરેથી પ્રભાવિત

થઈ બે દિવસ રસપૂરીનું જમણ તથા ૩-૪ વાર કેળાથી તેઓએ ભક્તિ કરી હતી. શા. બાબુલાલ છોટાલાલ ઘીવાળા તરફથી રૂા. ૧૦૧ની અને રસિકલાલ ચિમનલાલ તથા બચુભાઈ ચીમનલાલ ઝવેરી તરફથી રૂા. ૧-૧ની પ્રભાવના થઈ હતી. મહેસાણાથી પરીક્ષક વાડીભાઈ આવેલા, તેમણે બે દિવસ પૂર્ણ કાર્યક્રમ જોઈ તેઓ બોલ્યા કે આમાં કોઈ ખૂણામાં વિરોધ કરવા જેવી વસ્તુ જ નથી. એટલા બધા એ શિબિરથી પ્રભાવિત થયા હતા.

ઉછામણીનો ઉછરંગ :- તપોમૂર્તિ પૂ.પં.મ.શ્રી ભાનુવિજયજી ગણિવર્યની વર્ધમાન તપની ૯૩મી ઓળીના તથા પૂ. વયોવૃદ્ધ મુનિરાજશ્રી મતિધન વિ.મ.ની ૮મી અક્ઠાઈના પારણા પ્રસંગે પૂ.આચાર્ય ભગવંતને તથા પૂ. તપસ્વીઓને વહોરાવવાની, સિદ્ધચક્રપૂજનમાં અરિહંતાદિના પૂજનની પ્રતિક્રમણમાં સૂત્ર બોલવાની બોલીનો ઉછરંગ પણ જોવા જેવો હતો. બોલીના અનુમોદનીય આંકડા :

૩૫૦૦૦ સામાયિક	૪૬૦૦ આયંબિલ
૨૫૦૦ એકાસણા	૧૮૦૦ બિયાસણા
૧૦૦૦૦ નવી ગાથા	૨૨૬૦૦૦ નવકારવાળી
૯૦૦૦૦૦ નવકાર ગણવા	૨૦ વર્ષ થાળી ધોઈને પીવી
૭ દ્રવ્યથી વધુ ન વાપરવા યાવજ્જીવ,	બે વર્ષ ક્રોધ, નિંદાનો ત્યાગ.

આ આંકડા વાંચીને રખે કોઈ ગભરાતા ! જે કાંઈ બોલી બોલાય છે તે પોતે કરે બીજા પાસે કરાવે એ રીતે બોલાય છે. કેટલીક ગ્રુપમાં બોલાય છે. કોઈમાં ૫૦ કોઈમાં ૩૭-૨૦-૧૧ એવા ભાગીદારો છે. બોલી બોલનાર કે કોઈપણ નાનો મોટો નિયમ લેનારની ખાત્રી કરીને પછી જ રજા અપાય છે તેનું લીસ્ટ બને છે. એની એક કોપી શિબિર સમિતિ પાસે એક કોપી વિદ્યાર્થી પાસે રહે છે. સમિતિ તરફથી પ્રતિનિધિઓ બધા સેન્ટરોમાં ફરી આવી તપાસ કરે છે. વિદ્યાર્થીઓની ટેક અને જાગૃતિ પ્રશંસનીય નોંધપાત્ર બની છે. માતા-પિતાને પણ કાળજી લેવા બદલ સૂચન અપાય છે. આ પ્રયોગ દ્વારા ઘણા વિદ્યાર્થીઓ આત્મબળ-મનોબળ કેળવી અને પાપો, કુટેવો, કુસંસ્કારોથી બચી ધાર્મિક જીવનના પુનિત પંથે આગેકુચ કરી રહ્યા છે.

શિબિર દરમ્યાન ઘણા વિદ્યાર્થીઓએ નવસ્મરણ બે-પાંચ પ્રતિક્રમણ આદિના સૂત્રો ગોખ્યા છે. વર્ષ દરમ્યાન અમુક ગાથાઓ ગોખવાના નિયમો લીધા છે તેની સંપૂર્ણ નોંધ અપૂર્ણ છે, નોંધ પ્રાપ્ત થયે તે પણ આ પાનાઓ ઉપર આપીશું.

એકંદરે આ શિબિર જ્ઞાન-દર્શન-ચારિત્રના ત્રિવેણી સંગમરૂપ બની ગઈ. જ્ઞાન-દર્શન-ચારિત્ર આત્માની પોતાની જ અમૂલ્ય અખૂટ સંપત્તિ છે. એ સંપત્તિના

ભોકતા બનવા સૌ કોઈ ચાહે છે. એને ઓળખવા, મેળવવાનું માર્ગદર્શન મળ્યા પછી જીવને એ ગમે એવી લગની લાગે એમાં શું નવાઈ છે ?

• કારોબારી કમિટી •

(૧)	પ્રવીણચંદ્ર સી. શાહ	અમદાવાદ	પ્રમુખ

મંત્રીઓ

(૧)	કુમારપાળ વી. શાહ	મુંબઈ
(૨)	સુરેન્દ્રકુમાર લોઢા	મંદસૌર
(૩)	નગીનભાઈ જસાણી	ભૂજ
(૪)	વિક્રમભાઈ દલાલ	મુંબઈ
(૫)	કીર્તિકુમાર રતિલાલ	મુંબઈ
(૬)	કનૈયાલાલ ઓસવાલ	સીતામઉ

કાર્યવાહક સમિતિના ગ્રુપ લીડરો

વિદ્યાર્થી

૧ થી ૨૫	ભરતકુમાર મનસુખલાલ	-મુલુંડ
૨૬ થી ૫૧	હસમુખલાલ એચ. શાહ	-વડોદરા
૫૨ થી ૭૪	હસમુખ મોહનલાલ વૈદ્ય	-ખંભાત
૭૪ થી ૯૬	ચીનુભાઈ રતિલાલ	-મુંબઈ
૯૭ થી ૧૨૪	મફતલાલ એફ. શાહ	-ખાવડ
૧૨૫ થી ૧૪૯	ઓચ્છવલાલ મફતલાલ	-ખાવડ
૧૫૦ થી ૧૮૦	ચંદુલાલ હીરાલાલ	

૧૯૬૫, ૨૨ દિવસમાં અપાયેલ વાચનાઓનો વિષય

સૂત્રોનાં રહસ્ય વિવેચન (વાચનાદાતા : પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ.)

◦ સૂત્ર-રચનાર, ◦ સૂત્રોચ્ચારણના નિયમ ◦ સંયુક્તના ઉચ્ચારણમાં (૧) અર્ધો અક્ષર પૂર્વ સાથે બોલી લેવો, (૨) પૂર્વસ્વર દીર્ઘ બોલાય ◦ સવસાહૂણં : સવ્વનૂણં, સવાસાહૂણં = મડદા સાધુને ! સવ્વનૂણં = સર્વથી ન્યૂન ! ◦ અનુસ્વારના ઉચ્ચારણમાં ◦ પછીના અક્ષરના વર્ગના અનુનાસિક જેવો એ બોલાય. ◦ છેલ્લો અનુસ્વાર મ. જેવો બોલાય ◦ મંગલં = મઙ્ગલમ્ ◦ વંદિઉં = વંદિઉમ્ ◦ કંઠ્ય વગેરે વ્યંજનના ૫ વર્ગ ◦ ઉચ્ચારણમાં ભાર સામાન્ય પર નહિ, કિન્તુ વિશેષ પર

દેવો. દા.ત. ◦ અભયદયાણં-ચક્ખુદયાણં.., ધમ્મદયાણં ધમ્મદેસયાણં ◦ ઉચ્ચારણમાં અટકવાનું ક્યાં ? ઓછો વધુ પૂરો થાય ત્યાં શબ્દ અખંડ બોલાય.

◦ **'નવકાર સૂત્ર'** ◦ 'નમો' પદ ક્રિયાવાચક છે, પ્રાર્થના સૂચક નહિ, નમો = નમું છું, 'નમોસ્તુ' = નમન હો. ◦ નવકાર મંદિર-ચૂલિકા ◦ 'એસો પંચ...' અનુમોદનાર્થે ◦ સુકૃતથી પુણ્ય ૧ વાર, એની પુનઃ પુનઃ અનુમોદનાથી પુણ્ય વારંવાર દા.ત. શાલિભદ્રને ◦ 'અરિહંતાણં' બહુવચન કેમ ? ◦ મૌન ૧૧ નો ૧ ઉપવાસ ૧૫૦ ચોપડે જમે. ◦ મનની એકાગ્રતાના ૩ ઉપાય ◦ (૧) માળા કે વેઢા વિના ૧૦૮ નવકાર ગણવાની રીત : સમવસરણના ૩ ચોરસ ગઢની દરેક બાજુ ૫૨ ૯-૯ મીંડા ◦ નીચેથી ઉપર ૮ પ્રાતિહાર્ય : સિંહાસન, ચામર, ભામંડળ, ૩ છત્ર, અશોક વૃક્ષ, પુષ્પવૃષ્ટિ, દેવ દુંદુભી, દિવ્ય ધ્વનિ, ◦ (૨) **આંતરદર્શન** નવકાર ચિત્ર : અરિહંતો ૮ પ્રાતિહાર્યથી અલંકૃત : સિદ્ધો સિદ્ધશિલા પર આચાર્યો દેશના દેતા; ઉપાધ્યાયો વાચના આપતા; મુનિઓ ધ્યાનમાં ◦ (૩) **આંતરશ્રવણ.**

◦ **'પંચિંદિય'** સૂત્ર : નિવૃત્તિ ધર્મ ૧૮ પ્રવૃત્તિ ધર્મ ◦ 'ખમાસમણ' સૂત્રમાં ૩ વિભાગ : ઈચ્છામિ...વંદિઉં, જાવ. નિસી., મત્થએણ. ◦ તિવિહેણ-છંદેણ ◦ યાપનિકા અને નૈષેધિકી, ◦ "ઈચ્છકાર" 'ઈચ્છાકારેણ'માં ઈચ્છાકાર સામાચારી : ◦ "ઈચ્છકાર" = આપની ઈચ્છા હોય તો પૂછું, ◦ પાંચપૃચ્છા.

◦ **'ઈરિયાવહિય'** સૂત્ર ◦ ઈર્યાપથિકી એટલે ? ◦ પ્રતિક્રમણ એટલે ? ◦ અઈમુત્તાની ઈરિયાવહી, ◦ "હું જે જાણું તે નવિ જાણું, નવિ જાણું તે જાણું" ◦ ઈરિયાવહિય સૂત્રનાં પદેપદના અર્થ. ◦ તમસ્કાય, ઋતુઓમાં એના કાળ ◦ જીવોના પ્રકાર, ◦ વિરાધનાના દસ પ્રકાર ◦ સર્વજ્ઞના ઘરમાં જ જીવ-જ્ઞાન ◦ 'મિચ્છામિ દુક્કડં'માં કેવલજ્ઞાન : ઝાંઝરિયા મુનિ ◦ કષાય-સંલેખના વિનાના મુનિનું દૃષ્ટાંત. ◦ 'તસ્સ ઉત્તરી'માં ચાર કરણ પાપનો ઉતાર : પ્રાયશ્ચિત્ત : આત્મવિશુદ્ધિ : શલ્યનાશ. ◦ બ્રિટિશરોના દફતરો. ◦ મેકોલેએ નાખેલો વિદેશી સંસ્કૃતિનો પાયો. ◦ પાપની પકડમાં ૧. પાપસારુંની કલ્પના ૨. ભાવી પાપની અપેક્ષા ૩. ત્યાગની ગભરામણ.

◦ **'અન્નત્થ;'** પણ નહિ કે અનત્થ. બિન્દુ ચઢવામાં અંધીયતાં : કુણાલ ◦ કાયોત્સર્ગનું સ્વરૂપ ◦ ૧૬ આગાર : ૧૨ નામ સાથે એવમાઈથી ૪ વધુ આગાર ◦ કાયોત્સર્ગનું માપ અને મર્યાદા ◦ માપ પૂરું કર્યા વિના પરાય નહિ ◦ તપચિંતવણી ◦ આગાર શા માટે ? ◦ ગુરુ કાઉ૦ પારે નહિ ત્યાં સુધી કાઉ૦ ની પૂર્ણતા પછી શું કરવું ? ◦ દર્શનમાં કોઈ આડે આવ્યા હોય તો શું વિચારવું ?

◦ **'લોગસ્સ'** ◦ ૬ ઉપધાનના નામ અને સૂત્ર ◦ ૧ લી ગાથામાં ૪ અતિશય

- ૨ જી થી ૪થી માં ૨૪ પ્રભુ ૫-૬-૭માં ભગવત્-પ્રસાદની આશંસા, આરોગ્ય, બોધિલાભ, સમાધિ, મોક્ષની આશંસા ◦ લોગસ્સમાં 'લોક'=પંચાસ્તિકાય ◦ લોગસ્સનું ચિત્ર.

◦ **'કરેમિભંતે'** ૩ વિભાગ ◦ 'દંડક', 'નિયમ', 'સાવધ', 'સામાયિક' એટલે ? ◦ રાગ-દ્વેષનું કારણ આત્માને બદલે જગતનું મૂલ્યાંકન ◦ સુવ્રત શેઠની પોષધમાં સમતા ◦ પાપયોગ : જીવહિંસા અને ૧૮ પાપસ્થાનક ◦ સામાયિકમાં અનંતા જીવોને અભયદાનનો મહાલાભ ◦ શેઠને સામાયિકની બાધાની કથા ◦ સામાઈય-વય-જુત્તો ◦ સામાયિકનું ફળ અને પ્રભાવ.

◦ **'જગચિંતામણિ'** : ૫ ચિત્ર : (૧) અષ્ટાપદ (૨) ૨॥ દ્વીપમાં ૧૭૦ ભગવાન-૯ કરોડ કેવલી-૯૦૦૦ કરોડ મુનિ, (૩) ૫ તીર્થ, (૪) સર્વત્ર જિનમંદિર, (૫) શાશ્વત મંદિરો અને મૂર્તિઓ ◦ જગચિંતામણિની યાત્રા ◦ જગરક્ખણ : ખંધકસૂરિના ૫૦૦ શિષ્ય ◦ કાયા તો આત્મા પરનું એક ગુમડું છે. ફૂટી જવા દો તેને, જાય બલા, એવી ભાવના પર કેવલજ્ઞાન ◦ 'પનરસ કોડી...' ગણતરી કેવી રીતે ? ◦ **'જં કિંચિ◦'** સૂત્ર ◦ અલોકમાંથી ત્રિલોકતીર્થ-બિંબ-વંદના.

◦ **'નમુત્થુણ'** સૂત્ર = શક્રસ્તવ = પ્રણિપાતદંડક ◦ 'નમોઽસ્તુ' : સામર્થ્યયોગના નમસ્કારની પ્રાર્થના ◦ ઇચ્છાયોગ : શાસ્ત્રયોગ : સામર્થ્યયોગ, ◦ યોગ મુદ્રાદિ ૩ મુદ્રા ◦ અપૂર્વ ૫ ◦ અરિહંત = અર્હત્ = અષ્ટ પ્રાતિહાર્યાદિ પૂજાને યોગ્ય ◦ તીર્થંકર અને કેવળીમાં ફરક ◦ ભગવંતાણં : ભગના અર્થ ◦ આઈગરાણં... આદિ ૩ પદો ◦ પુરિસુત્તમાણં...૪ પદમાં તીર્થંકરનો સમગ્ર સંસાર કાળ ◦ પુરુષ=જીવોમાં, અનાદિથી જાત્યરત્ન જેવા ઉત્તમ ◦ સિંહ જેવા, ચારિત્રપાલનમાં ◦ પુંડરીક, કેવળ લક્ષ્મીના નિવાસ ◦ ગંધ હસ્તી; ઉપદ્રવરૂપી હાથી હટાવવામાં ◦ 'લોગુત્તમાણં'... આદિમાં ૫ 'લોક' શબ્દના જુદા જુદા અર્થ ◦ નાથ = યોગ-ક્ષેમકારી, એક પરાવર્તમાં મોક્ષગામી જીવ માટે નાથ. ◦ પંચાસ્તિકાય લોકના હિત ◦ 'પ્રદીપ' આસન્નભવીના ◦ 'પ્રદ્યોતકર' ગણધરોના ◦ 'અભયદયાણં' આદિમાં અભય = ચિત્તસ્વાસ્થ્ય; ચક્ષુ=ધર્મરુચિ-ધર્મપ્રશંસા; માર્ગ=સરળચિત્ત; શરણ=તત્ત્વજિજ્ઞાસા; બોધિ=તત્ત્વબોધ. પાંચે ક્રમશઃ જ ◦ અરિહંત દાતા કેવી રીતે ? દર્શન-વંદન-ગુણગાન-ધ્યાન-સ્મરણાદિ અરિહંત સંબંધી જ હોય તો જ મોક્ષદાયી, માટે અરિહંત મુખ્ય કારણ. ◦ ચિંતામણિ-ધ્રુવ તારાના દૃષ્ટાંત ◦ 'જિનાજ્ઞા છે માટે ક્રિયા કરું છું' એ લક્ષવાળી ક્રિયામાં જિન-ધ્યાન, અને અહંત્વનાશ ◦ અભય ચક્ષુ...આદિ પર બે મુસાફરનું દૃષ્ટાંત; કષાય લૂંટારા : રત્નત્રયીનો માલ ◦ કોઈપણ ધર્મનું બીજ એની પ્રશંસા, 'અહો ! કેવો

સુંદર ધર્મ !' ◦ 'ધમ્મદયાણં' આદિ ૫ બોહિ-ધમ્મ=શ્રુત-ચારિત્ર ◦ શો ધર્મોપદેશ કહે છે ? ◦ ધર્મનાયક સ્વયં ઉત્કૃષ્ટ ધર્મ સાધીને જ ◦ ધર્મસારથિઃ પ્રવર્તક-પાલક-દમક. ◦ ચતુરન્ત ચક્રવર્તી બે રીતે,- ◦ ૪ ગતિનો અંત કરનાર ધર્મચક્ર ◦ ૪ ધર્મ (દાનાદિ, સમ્યગ્દર્શનાદિ, સાશ્રવાદિ, યોગાત્મક)થી અંત ◦ અપ્પડિ ◦ વિયટ્ટ ◦ = સર્વજ્ઞ વીતરાગ ◦ જિણાણં... ૪ પદમાં ગુણસ્થાનક ૧૦મા ૧૨માના અંતે, ૧૩મે, ૧૪માના અંતે, ◦ ૧ રાગવિજેતા, ૨ અજ્ઞાનતીર્ણ, ૩ કૈવલ્ય બુદ્ધ, ૪ ભવમુક્તનાં ૪ ચિત્ર ◦ જાવયાણં, તારયાણં...પોતાનું અને પોતાની વાણીનું આલંબન દઈ. ◦ સવ્વન્નૂણ ◦ પદો મોક્ષ સ્વરૂપના છે ◦ દર્શન, જ્ઞાન=સામાન્ય વિશેષરૂપે પ્રત્યક્ષ ◦ શિવ, અચલ...પદોના અર્થ ◦ અરિહંત : ૪ નિક્ષેપા ◦ 'જે એ અઈયા...'ગાથા દ્રવ્ય તીર્થંકરની. ◦ **'જાવંતિ◦'** જંકિંચિ માફક ચૈત્ય-વંદના. ◦ **'જાવંત◦'** માં અઢી દ્વીપના મુનિ (વાચના, ધ્યાન, ભિક્ષા, સેવા, વિનય, કાઉ◦ વગેરે) વિવિધ ચર્યાવાળા દેખવાના. હાલ ૨૦૦૦ કરોડ મુનિ ◦ 'સવ્વાઈ તાઈ' 'તેસિં પણઓ' = પદ પર ખાસ પ્રણિધાન ◦ 'વિરયાણં': વિરય = વિરામ પામેલ◦ (વિરિયાણં નહિ, વિરંય = વીર્ય) **નમોર્હત્** ... 'અરિહંતો...ને નમું છું.'

◦ **'ઉવગ્ગહર'**-કર્તા ભદ્રબાહુ સ્વામીનું ચરિત્ર : પદવાર અર્થ ◦ ૫ ગાથામાં, -પાર્શ્વ ◦ વંદના, કુલિંગ મંત્રપ્રણામ, સમ્યક્ત્વનો પ્રભાવ, બોધિ પ્રાર્થના. ◦ **'જયવીયરાય'** પ્રણિધાન સૂત્ર કેમ ? ◦ દ્રવ્ય ભાવ પૂજાના ઈનામ વખતે ગેરહાજર ! ◦ વીતરાગને પ્રાર્થના કરવી કેમ ન ઘટે ? પ્રાર્થના ખરેખર તીવ્ર આશંસાનું પ્રદર્શન ◦ 'તુહપ્પભાવઓ' વીતરાગના અચિંત્ય પ્રભાવે ઈષ્ટ સિદ્ધ થવાની અટલ શ્રદ્ધાપૂર્વક આશંસા ◦ ભવનિર્વેદ એ સમસ્ત ધર્મ સાધનાનો પાયો અને વિકાસક ◦ ઈષ્ટફળ-સિદ્ધિ ◦ લોકવિરુદ્ધ કાર્ય કયા ? ◦ ગુરુજન = માતાપિતાદિ, એમની પૂજા શા માટે ? ◦ પરાર્થકરણ : સ્વાર્થકરણ, પરલોકના ચોપડે જમે નહિ ◦ શુભ ગુરુયોગમાં કક્ષાઓ શી રીતે ? ઉપરની કક્ષાવાળા પણ આ સૂત્ર તો બોલે છે. ◦ યોગાવંચક એટલે ? એમાં કક્ષાઓ : ગૌતમસ્વામીનો ગુરુયોગ ◦ ગુરુદ્વારા પરમગુરુ પ્રાપ્તિ ◦ નિયાણું કેમ નિષિદ્ધ ? ◦ નિયાણું ૩ રીતે રાગ-દ્વેષ-મોહથી. વિશ્વભૂતિનું નિયાણું ◦ દુક્ખક્ષય વગેરે ચાર સક્રિય કેવી રીતે ? ◦ એ ક્રમશઃ વર્તમાન સમય-ભાવીસમય-મૃત્યુસમય-પરલોક માટે શી રીતે ? ◦ મનોદુઃખ એ માટે દુઃખ અને એનો ક્ષય અધિકારથી માગવા યોગ્ય શી રીતે ? ◦ કર્મક્ષય : નિર્જરા-ભેદો ◦ સાચી સમાધિ એટલે ? ◦ બોધિમાં વીતરાગતા સુધીનો જૈન ધર્મ ◦ 'સર્વ મંગલ' ◦ ગાથામાં જૈન શાસનની અનુમોદના-આલ્હાદ.

ષોડશક

ષોડશક-૧

- **શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ**
- ધર્મ તરફ દૃષ્ટિવાળા જીવોના ૩ વિભાગ, બાળ, મધ્યમ, બુધ.
- ધર્મ-આરાધનાનો દુર્લભ પુરુષાર્થ-કાળ.
- **બાળજીવના લક્ષણ : વેશ દૃષ્ટિ.**
- અસદ્ આરંભ ૩ પ્રકારે.
- કાંચળી મૂકવા માત્રથી સર્પ નિર્વિષ નહિ, એમ વેશપરિવર્તનમાત્રથી સાધુ નહિ.
- બાહ્ય સંયમી પણ મિથ્યાચારી.
- **મધ્યમ જીવનાં લક્ષણ**
- સદ્અનુષ્ઠાન-દૃષ્ટિ. ◦ આશયમલિનતા.
- દેખાવમાં દોષત્યાગ પણ સાથે શાસન-ઉદ્ડાહ એ ગુરુ દોષ.
- **બુધ જીવનાં લક્ષણ :** આગમતત્ત્વ-દૃષ્ટિ.
- આગમશુદ્ધિના ૪ હેતુ.
- (૧) દૃષ્ટેષ્ટ-અવિરોધ : 'દૃષ્ટ' એટલે ? 'ઇષ્ટ' એટલે ?
- (૨) ઉત્સર્ગ-અપવાદ યુક્તતા.
- બિમાર મુનિ અર્થે દોષિત વસ્તુની જેમ યજ્ઞની હિંસા એ અપવાદ કેમ નહિ ?
- (૩) આત્મા-બંધ-મોક્ષની સુવ્યવસ્થા.
- જૈન દર્શને આત્મસ્વરૂપ. ◦ ભિન્ન ભિન્ન દર્શનો આત્માને કેવો કેવો માને છે ?
- (૪) ઐદંપર્યશુદ્ધિ.
- બાળ-મધ્યમ-બુધ ક્યાં અટકે છે ? એને શું બતાવવું ?
- પરસ્થાનદેશના; પાપદેશના દરદી-દવાનું દૃષ્ટાંત.

ષોડશક-૨

- **બાળને યોગ્ય દેશના**
- મહાત્માઓના બાહ્ય કડક આચારો ૪ વિભાગમાં.
- મધ્યમબુદ્ધિને યોગ્ય દેશના.
- આચાર ત્રિકોટિ પરિશુદ્ધ ૩ રીતે : (૧) રાગ-દ્વેષ-મોહરહિત, (૨) કરણ કરાવણ-અનુમોદન ત્રણેથી હનન-પચન-ક્રયણત્યાગ (૩) કષ-છેદ-તાપશુદ્ધ.
- આગમગ્રહણની ભવ્યતા. ◦ ગુરુપારતંત્ર્યથી પરમગુરુની પ્રાપ્તિ.
- **બુધપુરુષને યોગ્ય દેશના.**

- સર્વજ્ઞ વચનનની આરાધનાથી જ ધર્મ.
- અનુષ્ઠાન ગૌણ, આગમ મુખ્ય કેમ ? પ્રવર્તક-નિવર્તક આગમ છે.
- વીતરાગ હૃદયસ્થ ક્યારે ? ◦ 'ધર્મદેશના'નો વિજય શા માટે ?

ષોડશક-૩

- **ધર્મ કેવો જોઈએ ?**

(૧) ત્રિકાલાબાધ્ય.
(૨) આદિ મધ્ય અંતે સુંદર કલ્યાણરૂપ; એ ત્રણ કક્ષા ૪ રીતે.
(૩) સર્વાગમ-શુદ્ધ.

- ધર્મ શી વસ્તુ છે ? • સહજમલ હ્રાસથી જન્ય.
- પુષ્ટિ-શુદ્ધિકારક. • વિધિ-નિષેધાજ્ઞા-પ્રવર્તક.
- ચિત્તનો મળ. • આગમ સદ્યોગ.
- સાધનાનું લક્ષ્ય. • આગમ પર ભાર કેમ ? રાગાદિ રોગના પ્રતિકારાર્થ.
- આગમ-મન-માત્રથી રાગાદિ કેમ ન જાય ?
- પુણ્યપુષ્ટિની શી જરૂર ?
- અનુબંધનું મહત્ત્વ.
- **પ્રણિધાનાદિ ૫ આશય**
- (i) 'પ્રણિધાન' આશયનાં ૪ લક્ષણ.
- (૧) સાવધ વસ્તુનાં ધ્યાન, (૨) ચંચળ ચિત્ત, (૩) હીન પ્રત્યેના દ્વેષ, અને (૪) સ્વાર્થ મૂઢતાના દોષ.
- (ii) 'પ્રવૃત્તિ' આશયના ૪ લક્ષણ. નિપુણ ઉપાય-યોજન, અતિશય વીર્ય, અનુત્સુકતા, ને હેતશુદ્ધ-સ્વરૂપશુદ્ધ-અનુબંધશુદ્ધ.
- (iii) 'વિઘ્નજય' આશયનાં ૩ પ્રકાર, પ્રવાસમાં ૩ વિઘ્નનું દૃષ્ટાંત (A) કંટકવિઘ્ન, (B) જ્વરવિઘ્ન, (C) દિગ્મોહ વિઘ્ન, એનાં નિવારણ-ઉપાય.
- પરીસહવિઘ્ન જઘન્ય. ◦ રોગવિઘ્ન મધ્યમ. ◦ માર્ગ-વિભ્રમ ઉત્કૃષ્ટ.
- વિઘ્ન નિવારણના ઉપાય.
- (iv) 'સિદ્ધિ' આશયના ૩ લક્ષણ; તાત્ત્વિક પ્રાપ્તિ, વિનયાદિ, દયાદિ,
- (v) 'વિનિયોગ' આશય.
- સ્વને લાભ, -જન્મોમાં ધર્મ પ્રવાહ, સાનુબંધ ક્ષયોપશમ, ઉત્કૃષ્ટ સિદ્ધિ.
- ભાવનું મહત્ત્વ : ક્રિયાની ઉચ્ચ કક્ષાની હદ : ભાવની ઉચ્ચ કક્ષાએ અનહદ.

પ્રશ્નપત્ર : ષોડશક

(૧) બાળ, મધ્યમ અને બુધ જીવોનું સ્વરૂપ અને એમાં કયાં કયાં ખૂટતાં તત્ત્વ છે તે વર્ણવો. **અથવા.**
એ ત્રણેયને યોગ્ય દેશના કઈ કઈ ? તે લખો. ૧૫

(૨) આગમતત્ત્વની શુદ્ધિના ૪ મુદ્દાનું સ્વરૂપ શું ? ૧૨

(૩) ધર્મની ત્રિકોટિપરિશુદ્ધતા કેવી કેવી રીતે ?
ગુરુદ્વારા પરમગુરની પ્રાપ્તિ કેવી રીતે ? ૧૦

(૪) ધર્મ શું ? એનું કારણ, કાર્ય અને ફળ કયાં ?
ધર્મ એ ક્રિયા કરતાં ભાવરૂપ કેમ વધુ અગત્યનો ? ૧૦

(૫) પ્રણિધાનાદિ ૫ આશય દરેકની ખાસિયતો સાથે સ્પષ્ટપણે સમજાવો.

(૬) ગમે તે ૭ સમજાવો. ૨૦
(i) કષ્ટમય પણ સાધના અસદારંભ ત્રણ રીતે, (ii) આગમ અને ધર્મને શો મેળ ? (iii) અરિહંત તત્ત્વથી હૃદયસ્થ કેવી રીતે ? (iv) આગમ બોધમાત્રથી રાગાદિ કેમ ન જાય ? (v) પુણ્ય બેડીની શી જરૂર ? (vi) પરસ્થાન દેશનાપાપદેશના (vii) સમાપત્તિ વિમુક્તિરસ-આગમ સદ્યોગ, (viii) શ્રુતચિંતા ભાવના (ix) દ્વિવિધ ઔદાર્ય (x) પાપ જુગુપ્સાને સમ્યક્ત્વ સાથે મેળ ? ૨૧

(૭) વિવિધ ગાંભીર્ય-ધૈર્ય-સ્થૈર્યને દાક્ષિણ્ય સાથે શો મેળ ? ૧૨

પ્રશ્નપત્ર-સૂત્રવિવેચન

(૧) નીચેના ૩ માંથી ૨ નો ઉત્તર લખો.
(i) માળા કે વેઢાની સહાય વિના નવકારવાળી ગણવાનું ચિત્ર દોરી એના પર સળંગ લાઈને ૧૦૮ નવકાર કેમ ગણવા તે બતાવો. ૧૦
(ii) લોગસ્સમાં ૨૪ ભગવાનની ધારણા કરવાનું ચિત્ર આપો.
(iii) કમ્મભૂમિહિં ગાથાનું ચિત્ર બતાવો.

(૨) ગમે તે સાતના શબ્દાર્થ લખો :- નમો જિણાણં, ઈઅ, ખમાસમણો, સુહરાઈ, પડિક્કમામિ, ઉત્તિંગ, પણગ, નિગ્ઘાયણટ્ઠાએ, વારિજ્જઈ, તવ્વયણસેવણા, વિરયાણં. ૧૫

(૩) ગમે તે પાંચ સમજાવો :-
(ક) એસો પંચ નમુક્કારો... આદિ ૪ પદ શા માટે જોઈએ ?

(ખ) 'પંચિંદિય'માં ૨ પ્રકારના ધર્મ કયા અને એના ભેદ ?
(ગ) ૪ પ્રકારના અરિહંત કયા કયા અને એમાં શું શું આવે ?
(ઘ) યાપનિકા નૈષેધિકી શું છે અને એ ક્યાં ક્યાં કેવી રીતે વપરાય ?
(ચ) 'તસ્સ, ઉત્તરી'માં કાયોત્સર્ગનાં ૪ સાધનનું સ્વરૂપ બતાવો.
(છ) દુવિહં તિવિહેણં.
(જ) 'નમુત્થુણં'માં બોધિ અને એના ક્રમિક ઉપાયોનું સ્વરૂપ લખો. ૨૦

(૪) ગમે તે પાંચ ઉત્તર લખો,-
(i) મૌન એકાદશીના ઉપવાસનું વધુ મહત્ત્વ કેમ ?
(ii) સામાયિકમાં બેસવાનો ઉલ્લાસ શું વિચારવાથી થાય ?
(iii) 'ઇચ્છકાર'માં ૫ પૃચ્છા કઈ ? (iv) નમસ્કારની પ્રાર્થના કયા સૂત્રમાં અને શા માટે ? (v) અરિહંતનો સમગ્ર સંસારકાળ પુરિસુત્તમાણં આદિ ૪ પદમાં શી રીતે ? (vi) ચાતુરન્ત ચક્રવર્તીના બે અર્થ કયા ?
(vii) જિન-તીર્ણ-બુદ્ધ-મુકતનાં ૪ ચિત્ર કયા ?
(viii) 'નમુત્થુણં'ની છેલ્લી ગાથાનું ચિત્ર કેવું ધારવું ? ૨૦

(૫) (ક) લોકના ઉદ્યોતકર એટલે શું અલોકના નહિ ? (ખ) લોગુત્તમાણં વગેરે પાંચ પદમાં 'લોક'ના જુદા જુદા અર્થ કયા ? નવકાર, ઈરિયાવહિય, લોગસ્સ, નમુત્થુણં, જય વીયરાય સૂત્રોનાં બીજાં નામ કયા અને કેમ ? (ગ) લોગસ્સ ૧લી ગાથામાં ૪ અતિશયો કયા (ઘ) ઉવસગ્ગહરમાં કઈ વસ્તુ છે ? (ચ) 'અવર વિદેહિં તિત્થયરા' ગાથાનો ભાવ લખો. ૧૫

(૬) 'નમુત્થુણં' સૂત્રના આધારે અરિહંત ભગવાનને સંબોધીને સ્તુતિ લખો લીટી ૪૦ થી ૫૦. **અથવા.**
'જય વીયરાય' સૂત્રના આધારે આપણે ભગવાન આગળ આશંસા વ્યક્ત કરીએ છીએ એ ૪૦ થી ૫૦ લીટીમાં ઉતારો. ૨૦

"દિવ્ય-દર્શન" - "શિબિર" વર્ષ-૧૩,અંક-૩૯,તા.૧૦-૭-૧૯૬૫

● **કુંભોજગિરિ :** જૈન શિક્ષણ શિબિર પૂર્ણાહુતિ-સમારંભ બહુ ઠાઠથી ઉજવાઈ ગયો. મંગળ પ્રાર્થના-સ્તુતિ, સામાયિક દેવવંદન, ગુરુવંદન અને સામુદાયિક સ્નાત્ર મહોત્સવ ઠાઠમાઠથી ઉજવવામાં આવેલ. સવારે ૮॥ વાગે કોલ્હાપુરના શ્રી બાબુભાઈ

પરમારના વરદહસ્તે શિબિરની ચિત્રશાળાનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. જેમાં શિબિરના વિદ્યાર્થીઓએ જ ચિત્રિત કરેલાં જિનેશ્વર ભગવાનનાં ચિત્રો, ગુરુમહારાજનાં ચિત્રો, પ્રાર્થના, સ્તવન વગેરે કાર્યક્રમ આકર્ષક રીતે લગાવવામાં આવ્યાં હતા. બરાબર ૯॥ વાગે ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત શ્રી કુમારભાઈએ સ્વાગત-ગીત ગાઈને કરેલ. મંત્રી શ્રી દલીચંદભાઈએ શિબિરનાં સંપૂર્ણ અહેવાલનું સમાલોચન કરેલ. પૂ.પં.શ્રી રંજનવિજયજી મહારાજ સાહેબે એમની સુમધુર વાણીમાં ઉપયુક્ત માર્ગદર્શન કરેલ. પૂર્ણાહુતિ સમારંભનાં મુખ્ય મહેમાન શ્રી ચંદુભાઈ વોરાએ (મુંબઈ) આજના વિષમ ઝેરી ભૌતિક વાતાવરણમાં આવા પ્રકારની શિબિરની કેટલી આવશ્યક્તા છે એ સમજાવેલ અને એમણે રૂા. ૧૦૦૧/- ની ભેટ શિબિરને આપવાનું જાહેર કરેલ.

બપોરે ૨॥ વાગ્યે પ્રમુખ શ્રી ચતુરભાઈએ શિબિર પછી શું ? એ વિષે સમજાવેલ. વિદ્યાર્થી શ્રી લોઢા, શ્રી રાજમલ, શ્રી બિપિનચંદ્ર, શ્રી વિજયકાંત, શ્રી બાબુલાલ, શ્રી અમૃતલાલ વગેરેએ શિબિરમાં મળેલ અનુભવો અને તેમનાં જીવન પરિવર્તન વિષેનું સ્પષ્ટીકરણ કરેલ. બાહુબલિ આશ્રમનાં વડા શ્રી ભિસિકર ગુરુજીએ (M.A. ન્યાયતિર્થ) આવેલાં મહેમાનોને ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓને અત્રેની ધર્મશાળામાં કાયમી શિક્ષણ લેવા માટે મોકલવા વિનંતી કરેલ અને એ માટે દરેક પ્રકારનો સહકાર આપવાની એમણે ઈચ્છા પ્રગટ કરી. ત્યારબાદ ત્રણે વર્ગોમાં પ્રથમ આવનાર વિદ્યાર્થી શ્રી સંતોષકુમાર હજારીમલને (પુના, ઉંમર વર્ષ ૧૨) અને બીજા પ્રથમ શ્રેણીમાં આવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યાં. બપોરે ૪॥ વાગ્યે શ્રી રેવચંદભાઈએ ''આરાધના'' હસ્તલિખિત અંકનું ઉદ્‌ઘાટન કર્યું.

સાંજે ૭॥ વાગે બિજાપુરવાળા શેઠ શ્રી ગણપતચંદભાઈની અધ્યક્ષતામાં નિપાણીનિવાસી શ્રી રેવચંદભાઈ શાહને માનપત્ર અર્પણ કરવામાં આવેલ. વિદ્યાર્થી ગ્રુપનાં વડા શ્રી કુમારપાળભાઈએ **''શિબિરનું ભાતું''** યાને શિબિરનાં વિદ્યાર્થીઓએ લીધેલી સામુદાયિક પ્રતિજ્ઞાઓનું વિવરણ કરેલ. જે પરિવર્તનરૂપી પ્રતિજ્ઞાઓ સાંભળતાં મહેમાનોની આંખમાં હર્ષાશ્રુ આવી ગયેલ. સમારંભના ઉપાધ્યક્ષ શ્રી બાબુભાઈ સંઘવી બિજાપુરવાળાએ પણ યથાયોગ્ય માર્ગદર્શન કરેલ અને તેમના તરફથી દરેક વિદ્યાર્થીને રૂા. ૧/- નું ઈનામ આપવામાં આવેલ. શિક્ષકગણ શ્રી સુરેન્દ્રભાઈ, શ્રી કાંતીભાઈ, શ્રી રમણીકભાઈએ અધ્યાપનાદિ કાર્યમાં સુંદર સાથ આપવા માટે, તથા શ્રી કુમારપાળ શાહે (M.A) શિબિર સંચાલન અને સંગીતની બાજુ સારી રીતે સંભાળવા માટે અને શ્રી ચંદ્રકાંતભાઈ ઉર્ફે કાકાએ રસોડાગૃહમાં આપેલ અમોલ સેવા માટે એમનું સર્વેનું મંત્રી શ્રી કીર્તિભાઈનાં હસ્તે યોગ્ય સન્માન

કરવામાં આવેલ.

રાત્રે-પ્રભુ ભાવનામાં જેમાં જિનેશ્વર ભગવાનની અષ્ટપ્રકારી પૂજા વિવિધ આઠ ભાષાઓમાં દર્શાવવામાં આવેલ. ત્યારબાદ રાસનૃત્ય, મુરલીનૃત્ય અને દીપકનૃત્યનો કાર્યક્રમ થયેલ. છેલ્લે 'વિદાય વેળા' ગીત અને ધર્મગીત સાંભળતા સહુ હર્ષ ઉલ્હાસમાં વિખરાયા.

ગણધરવાદ-૧ થી ૪ (વાચનાદાતા : પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ.)

ગણધર-૧ (ઈન્દ્રભૂતિ)

- આત્મા પ્રત્યક્ષથી સિદ્ધ નથી : પૂર્વપક્ષ ◦ અનુમાનથી અસિદ્ધ
- અન્ય સર્વ પ્રમાણોથી અસિદ્ધ ◦ આત્મા ૬ રીતે પ્રત્યક્ષ-સિદ્ધ
- આત્મસાધક અનુમાન, દેહ ◦ ગાડીનો પ્રવર્તક અશ્વ આત્મા
- મન તથા દેહની પ્રવૃત્તિને રોકનાર આત્મા ◦ અન્યત્ર વ્યતિરેક વ્યાપ્તિ,
- શરીર એક યંત્ર, મહેલ, કારખાનું ◦ ભોગ્ય ભોકતા
- જીવ માળી, ઈન્દ્રિયો કરણ, ઈન્દ્રિયોની પ્રવૃત્તિ આદેશ અનુસાર, કોઈથી નિયમિત,
- ઈન્દ્રિયો વચ્ચે ઝગડો ◦ શરીર મમત્વની ચીજ
- માનસિક સુખ દુઃખનો ભોકતા
- માતાથી વિલક્ષણ ગુણ-સ્વભાવ પુત્રમાં, સ્તનપાનના સંસ્કાર,

• યુગલ પુત્રમાં રુચિ આદિનો ભેદ, • ઉપયોગ, કષાય, લેશ્યાદિનો ધર્મી • જ્ઞાનાદિ ગુણનો અનુરૂપ ગુણી • સત્‌નો જ સંદેહ-ભ્રમ-પ્રતિપક્ષ-નિષેધ. • નિષેધ ૪ નો • જીવ-વ્યુત્પત્તિમાન શુદ્ધ પદ • જીવના સ્વતંત્ર પર્યાય શબ્દો • અંતિમ પ્રિય આત્મા : પૂર્વજન્મ-સ્મરણ, • આત્મા એટલે શું ? • ઉપમાન, અર્થાપત્તિ અને સંભવ • પ્રમાણોથી આત્મસિદ્ધિ • આત્મા અંગે વેદાન્ત સાંખ્ય યોગદર્શનો • ન્યાય-વૈશેષિક-બૌદ્ધ દર્શન • દયા-દાન અને દમથી આત્માની સિદ્ધિ • 'વિજ્ઞાન ઘન એવ'...નો અર્થ • ઈન્દ્રભૂતિની દીક્ષા

ગણધર-૨ (અગ્નિભૂતિ)

• કર્મ અંગે શંકા • શ્રદ્ધાની આવશ્યકતા • ન દેખવાનાં ૨૧ કારણ • કર્મની સિદ્ધિ : આત્મા પરલોકી છે • કર્મ વિચાર-સહ છે • કર્મ હિંસાથી, રાગ-દ્વેષથી

અને કર્મથી જન્મે • 'અકસ્માત્ જન્મે' ના ૪ અર્થ • પુણ્યાનુબંધી આદિ ૪ • કર્મસિદ્ધિનાં અનુમાન • દાન-હિંસાનું ફળ • સામગ્રી સમાન છતાં પણ ભેદ કર્મથી • મૂર્તનું કારણ મૂર્ત • આકાશ વિકારો અનિયત જયારે સુખદુઃખાદિ નિયતા • અમૂર્ત આત્માને મૂર્ત કર્મ કેમ લાગે ? • ઈશ્વર કર્તા કેમ નહિ ? • 'પુરુષે વેદં ગ્નિ...'નો અર્થ • વિધિવાદ : અર્થવાદ : અનુવાદ • અગ્નિભૂતિની દીક્ષા

ગણધર-૩ (વાયુભૂતિ)

• 'શરીર એજ જીવ કે કેમ ?' સંદેહ • સંદેહનું કારણ • જીવ જુદો એની દલીલો • પ્રત્યેકમાં હોય તો જ સમુદાયમાં હોય, આવારક એ વ્યંજક નહિ • જ્ઞાન નિયામક કે પ્રાણ ? • મૃત્યુ થતાં વાતપિત્તાદિ સમ • સાધ્ય વિકાર કે અસાધ્ય ? • વસ્તુમાં દેખાતો ધર્મ બીજાનો કેમ ? • આત્મા ઇન્દ્રિયથી ભિન્ન કેમ ? • શરીર કર્તા નહિ પણ કર્મ, • ક્ષણિકવાદની ત્રુટિઓ, • યોગ-ઉપયોગ-લેશ્યા વગેરેનો દેહની સાથે મેળ નથી.

ગણધર-૪ (વ્યક્ત)

• પંચભૂત સત્ કે અસત્ • સર્વ શૂન્યતાથી ૫ દલીલ • સર્વ શૂન્યનું ખંડન • અસત્નો સંદેહ ન થાય, • જ્ઞાન-પર્યાય • સ્વપ્ન પોતે અસત્ નહીં, સ્વપ્ન-અસ્વપ્ન, સત્ય-અસત્ય વગેરે ભેદ કેમ ? ઝાંઝવાનું જ્ઞાન પોતે અસત્ નહીં. (૧) વસ્તુ પરસ્પર સાપેક્ષ નહિ, કિન્તુ સ્વતઃ સિદ્ધ છે • વસ્તુના બે સ્વરૂપ, સાપેક્ષ-નિરપેક્ષ. • સ્વ-પરનો ભેદ સર્વ શૂન્યમાં ન ઘટે, • વસ્તુ ૧ સ્વતઃ સિદ્ધ, ૨ પરતઃ સિદ્ધ, ૩ ઉભયતઃ સિદ્ધ, ૪ નિત્યઃ સિદ્ધ. • (૨) વસ્તુ અને અસ્તિત્વનો સંબંધ • શૂન્યવાદીનું જ્ઞાન, વચન સત્ કે અસત્ ? • (૩) કોણ જન્મે (૧) ઉત્પન્ન, (૨) અનુત્પન્ન, (૩) ઉભય (૪) ઉત્પદ્યમાન ? • (૪) ઉત્પાદક સામગ્રી ઘટી શકે છે. • શૂન્યતાનું વચન સાચું કે જૂઠું ? • તલમાંથી જ તેલ, રેતીમાંથી કેમ નહિ ? • (૫) અગ્રભાગ કહેવાથી જ પરભાગ સિદ્ધ • સર્વ શૂન્યમાં અગ્ર-પર શું ? • સંશય સત્નો કે અસત્નો ? • પંચભૂત અને ૫ સ્થાવરકાયની સિદ્ધિ • હિંસા અહિંસા ક્યાં ?

તત્ત્વજ્ઞાન (વાચનાદાતા : પૂ.મુ.શ્રી હેમચંદ્રવિજયજી મ.)

- જીવનને સફળ કરવાના ત્રણ સાધન-શ્રદ્ધા, જ્ઞાન તથા આચરણ
- સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્રની વ્યાખ્યાઓ
- સમ્યગ્દર્શનની ત્રણ રીતે સમજણ (વ્યાખ્યા)
- સુદેવ, સુગુરુ, સુધર્મ તથા કુદેવ, કુગુરુ, કુધર્મના લક્ષણો
- સુદેવ ઉપર ધનપાળની કથા.

- સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં અથવા નિર્મળતામાં નિમિત્તભૂત કેટલીક કરણીઓ
- ધર્મ (શાસન) રક્ષા ઉપર વિષ્ણુકુમારનું દૃષ્ટાંત
- ગુરુની રક્ષા ઉપર વસ્તુપાળનું દૃષ્ટાંત
- તત્ત્વજ્ઞાનથી થતા લાભ ઉપર ગોવિંદાચાર્યનું દૃષ્ટાંત
- વિશ્વના મુખ્ય બે પદાર્થો જીવ તથા અજીવ

જીવવિચાર

- જીવના લક્ષણ તથા જીવની સિદ્ધિના કેટલાક હેતુઓ
- જીવના મુખ્ય બે ભેદ સંસારી તથા મુક્ત
- સંસારી જીવના બે ભેદ ત્રસ, સ્થાવર તથા બંનેના લક્ષણ
- સ્થાવરના રસ ભેદ, પૃથ્વીકાયાદિના નામો
- સૂક્ષ્મ, બાદર, પ્રત્યેક, સાધારણ વગેરેના લક્ષણો
- છ પ્રકારની પર્યાપ્તિ તથા કરણ પર્યાપ્ત, અપર્યાપ્ત
- લબ્ધિ પર્યાપ્ત-અપર્યાપ્તની ઓળખાણ.
- ઔદારિકાદિ પાંચ પ્રકારના શરીરનું વર્ણન
- ત્રસકાયના બે ભેદ, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય
- વિકલેન્દ્રિયના ભેદો ◦ પંચેન્દ્રિયના ચાર ભેદ
- પંચેન્દ્રિય તિર્યંચના ૨૦ ભેદ
- તિચ્છ્લોક, મનુષ્યલોક તથા જંબુદ્વીપનું વર્ણન
- કર્મભૂમિ, અકર્મભૂમિ, તથા અંતદ્વીપની સમજ તથા મનુષ્યના ૩૦૩ ભેદનું સ્પષ્ટીકરણ
- ચાર પ્રકારના દેવતાના ૧૯૮ ભેદોનું સ્પષ્ટીકરણ
- ૫૬૩ ભેદનો કોઠો ◦ જીવો વિષે પાંચ દ્વાર
- (૧) જીવોના શરીરના માપ તથા અંગુલથી યોજન સુધીનું કોષ્ટક.
- (૨) જીવોના આયુષ્ય કાયસ્થિતિ, પ્રાણ, પર્યાપ્તિ તથા યોનિદ્વારની જીવોમાં વિચારણા.
- મુક્ત જીવોના સ્વરૂપનું વર્ણન.

નવતત્ત્વ

- નવે તત્ત્વોના નામ ◦ નવે તત્ત્વોની સરોવરની ઉપમાથી સમજણ
- જીવના ચૌદ ભેદ ◦ અજીવના પાંચ પ્રકાર તથા ચૌદ ભેદની સમજણ
- ચૌદ રાજલોકનો નકશો તથા તેનું વર્ણન

- ભવનપતિના ભવનો, વ્યંતરના નગરો તથા જ્યોતિષ અને વૈમાનિકના વિમાનોમાં રહેલ જિનમંદિરોની સંખ્યા.
- કાળનું સમયથી માંડી પુદ્ગલ પરાવર્ત સુધીનું કોષ્ટક
- પુણ્ય-પાપ તત્ત્વમાં-જીવના આઠ ગુણ તેના આવારક આઠ કર્મો તથા આઠ કર્મો દ્વારા ઉત્પન્ન થતા જીવના વૈભાવિક ગુણોની ચિત્રપૂર્વક સમજણ.
- ઘાતિકર્મ અઘાતિકર્મની સમજણ તથા આઠ કર્મની કુલ ૧૨૦ ઉત્તર પ્રકૃત્તિઓ.
- પુણ્યની ૪૨ તથા પાપની ૮૨ પ્રકૃતિની સમજણ
- પુણ્યાનુબંધી પુણ્ય આદિ પુણ્ય-પાપની ચઉભંગી
- પુણ્ય તથા પાપના બંધના કારણો
- આશ્રવ કોને કહેવાય તે તથા આશ્રવના ૮૨ ભેદોનું સ્પષ્ટીકરણ.
- સંવરનું લક્ષણ તથા ૫૦ ભેદોની સંક્ષિપ્ત સમજણ
- કર્મબંધ કોને કહેવાય ? તથા કર્મબંધના ચાર કારણો.
- કર્મબંધના પ્રકૃત્યાદિ ચાર પ્રકારો તથા તેની મોદકના દૃષ્ટાંતથી સમજણ
- નિર્જરાનું લક્ષણ, બાર ભેદોની સમજણ
- મોક્ષનું સંક્ષિપ્ત સ્વરૂપ તથા ઉપસંહાર.

પ્રશ્નપત્ર : 'ગણધરવાદ'

(૧) નીચેના આઠ આઠ માર્કના પ્રશ્નોમાંથી ગમે તે ચારના ઉત્તર લખો.

૧. પ્રમાણની શી જરૂર ? સાત પ્રકારે પ્રમાણ શી રીતે ? ૮

૨. શરીર અને ઇન્દ્રિયના આધાર પર નહીં, તથા સંદેહ, ભ્રમ, પ્રતિપક્ષ નિષેધના આધાર પર નહીં એવી આત્મસિદ્ધિની આઠ નક્કર દલીલ રજૂ કરો. ૮

૩. આત્મા અંગે વેદાંત-સાંખ્ય-ન્યાય-બૌદ્ધદર્શનો શું કહે છે, અને તે કેમ ખોટું છે તે સમજાવો. ૧૨

૪. કર્મ એ (૧) કર્મ (૨) રાગદ્વેષ કે (૩) હિંસાથી જન્ય હોય તો અનુપપત્તિ અને ઉપપત્તિ શી ? ૮

૫. "વસ્તુ કર્મથી નહીં, અકસ્માત્ જન્મે છે" આ પ્રતિપાદન-"અકસ્માત્"ના ચારે ય અર્થ લેતાં ખોટું ઠરે છે, એ શી રીતે ? ૮

૬. ગમે તે પાંચ સમજાવો.
(૧) પાંચભૂત ચૈતન્યના આવારક નહીં, પણ વ્યંજક છે.
(૨) દરેક ક્રિયાનું અદૃશ્ય ફળ તો હોય જ છે.
(૩) આત્મા પ્રત્યક્ષ સિદ્ધ છે.

(૪) અનુમાન ત્રણ પ્રકારે.
(૫) સંદેહ, ભ્રમ, પ્રતિપક્ષ, નિષેધ સત્ના જ હોય
(૬) નિષેધ ચાર પ્રકારે
(૭) વાદળ, મેઘધનુષ્ય સંધ્યાની જેમ સુખદુઃખ સ્વાભાવિક નહીં. ૧૫

૭. કર્મ મૂર્ત કયા પાંચ કારણે ? અમૂર્ત આત્મા પર મૂર્ત કર્મનો સંબંધ કેમ ઘટે ? ૮

૮. ઇન્દ્રિયો પોતે જ જ્ઞાતા કેમ નહીં ? આત્મા માનવાની શી જરૂર ? એની છ દલીલ આપો. ૮

૯. સર્વશૂન્યવાદી કઈ પાંચ દલીલ પર કેવી રીતે ઝઝૂમે છે ? તે સમજાવો. ૧૫

૧૦. "વસ્તુની સિદ્ધિ સાપેક્ષ છે માટે અસત્ છે" એ પ્રતિપાદનની વિરુદ્ધમાં આઠ મુદ્દા કયા ? **અથવા** ૧૨
ઉત્પન્ન જન્મે ? આદિ ચાર વિકલ્પે વસ્તુમાંથી અસત્ સાબિત કરનારનો સચોટ સ્પષ્ટ પ્રતિકાર કરો, ચાર પ્રકારના સિદ્ધ બતાવો. ૧૨

૧૧. નીચેનામાંથી ગમે તે ચાર કથન ચકાસો.
(૧) વસ્તુનો આગલો જ ભાગ દેખાય છે, ને તેય ભ્રાન્તિથી માટે વસ્તુ નથી.
(૨) અશુભ પરિણામ એ જ હિંસા.
(૩) "વસ્તુનો પાછલો ભાગ અપ્રત્યક્ષ હોઈ, નથી" એમ કહેવા જતાં કોઈ સત્ સાબિત થાય છે.
(૪) નિયત દેશ કાળનો સંબંધ-વ્યવહાર તદ્દન અસત્માં નથી.
(૫) વક્તાવચનની જેમ વાચ્ય પણ અસત્ છે.
(૬) ચૈતન્ય શરીરનો ધર્મ દેખાય છે. એને "ઘડાની લાલાશ, ઘડાની નહી પણ બીજાની" એમ શરીરનો નહીં પણ બીજાનો કહેવો પ્રત્યક્ષ વિરુદ્ધ છે.
(૭) **तेषां समत्वम्, आरोग्ये ।** ૧૨

સ્વચ્છતાના બે માર્કસ.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૧૩,અંક-૪૫,તા.૨૧-૮-૧૯૬૫

મારી દૃષ્ટિએ કુંભોજગિરિ શિબિર

લેખક : શ્રી કુમારપાળ દલીચંદ શાહ, એમ.એ.

મુંબઈ જૈન ધાર્મિક શિક્ષણ શિબિર સમિતિ દ્વારા સને ૧૯૬૪ નાં મે વેકેશનમાં આબુ અચલગઢ પર યોજાયેલ જૈન ધાર્મિક શિક્ષણ શિબિરમાં નિપાણી નિવાસી શા. રેવચંદભાઈ તુળજારામભાઈએ આર્થિક ફાળો આપી લાભ લેવા ઉપરાંત પોતાના

ખર્ચે મહારાષ્ટ્રનાં ૬ વિદ્યાર્થીઓ શિબિરમાં મોકલ્યા. પરિણામે સુંદર શિક્ષણ અને સંસ્કારનો લાભ લે એ મનોરથ જાગ્યો અને મહારાષ્ટ્રમાં આવી શિબિર ભરવા માટે પોતે સારી એવી રકમની જાહેરાત કરી. ઘણાં ટૂંક સમયમાં મહારાષ્ટ્રના સંઘે આ યોજનાને મૂર્તસ્વરૂપ આપ્યું. શા. રેવચંદભાઈ નિપાણીવાળા, શા. ચતુરભાઈ બેલગામવાળા, કોલ્હાપુર શાહુપુરી સંઘના પ્રમુખ દલીચંદભાઈ, ધર્મપ્રેમી શ્રી કીર્તિભાઈ વગેરે આગેવાનોએ શિબિરની તડામાર તૈયારી કરી અને પૂજ્ય પંન્યાસ પ્રવરશ્રી રંજનવિજયજી ગણિવર્યની પૂનિતનિશ્રામાં શા. રેવચંદભાઈ નિપાણીવાળાનાં હસ્તે ઈ.સ. ૧૯૬૫ મે માસમાં શિબિરનો મંગલ પ્રારંભ થયો.

આ શિબિરનો કાર્યક્રમ દિવ્યદર્શનમાં પૂર્વે પ્રગટ થઈ ગયો છે. વિશેષમાં વિદ્યાર્થીઓ કુલ ૧૫૦ માં ૬૦ કૉલેજિયન હતા.

દેવદર્શન પૂજાવિધિ, આવશ્યક સૂત્રોનો ભાવાર્થ, સૂત્ર મુખપાઠ, તત્ત્વાર્થ સૂત્રનું અધ્યયન કરવાનું, વિદ્યાર્થીઓને પ્રારંભિક ધર્મજ્ઞાન આપવા માટે દેવગુરુ અને નવતત્ત્વને સમજાવતો પૂજ્ય પંન્યાસ શ્રી ભાનુવિજયજી રચિત હિન્દી **"બાળપોથી"** વર્ગ લેવામાં આવતો. રોજ પ્રાચીન સ્તવનો તથા સજ્ઝાયો ગાવાની તાલિમ, રવિવારે સ્નાત્ર, ચતુર્દશીએ શ્રી શંખેશ્વર પ્રભુનો જાપ, ક્રિયાનાં સૂત્રોનાં શુદ્ધ ઉચ્ચારણ, વક્તૃત્વ, તિથિએ તપસ્યા વગેરે સુંદર કાર્યક્રમો ચાલતા.

પૂજ્ય પંન્યાસજી મહારાજ, કોલ્હાપુર પાઠશાળાનાં શિક્ષક શ્રી સુરેન્દ્રભાઈ, કરાડનાં શિક્ષક શ્રી કાંતિભાઈ તથા સાંગલીનાં શિક્ષક રમણભાઈ અધ્યાપનાદિ સુંદર કરાવતા, શિબિર સંચાલન અને સંગીતની બાજુ કે જે રોજ ને રોજ વિદ્યાર્થીઓમાં નવ ચૈતન્ય અને ભક્તિ પ્રવાહ રેડતી તે સંભાળવાનું સદ્‌ભાગ્ય મને (શ્રી કુમારપાલ શાહ એમ. એ. ને) સાંપડેલ

અતિથિઓના વક્તવ્યો : મદ્રાસનાં શ્રી ઋષભદાસજી જૈન, સોલાપુરનાં શ્રી કેશવલાલભાઈ, સિકંદ્રાબાદનાં ચીમનલાલ સંઘવી, મુંબઈનાં માણેકચંદજી વોરા બેરીસ્ટર. કોલ્હાપુરનાં શ્રી મોતીભાઈ, મહેસાણા પાઠશાળાના સેક્રેટરી શ્રી ચીમનભાઈ (B.A. L.L.B) વગેરેએ પધારી જ્ઞાનની મહત્તા જૈન ઈતિહાસ, વિદ્યાર્થી જીવન, જૈન-દર્શનની શ્રેષ્ઠતા, શિબિર પછી શું ? શિબિરનો ઉદ્દેશ આચાર-વિચારોનું પાલન વગેરે અનેકવિધ વિષયો ઉપર સુંદર રીતે વક્તવ્ય રજૂ કરી વિદ્યાર્થીઓને જૈન ધર્મ પ્રત્યે સુંદર ગૌરવ જગાવવા સાથે ધર્મ સાધના અને ભવ્ય પ્રેરણા આપી.

આરાધના અને શિબિર ભાતું : શિબિર દરમ્યાન પાંચ તિથિ પ્રતિક્રમણ દરરોજ સામાયિક, નવકારશી, આયંબિલ તપશ્ચર્યા, રાત્રિ-ભોજન ત્યાગ, ઓછામાં ઓછું તિવિહારનું પચ્ચક્ખાણ, પ્રભુપૂજન, નમસ્કાર જાપ, સ્તુતિ વગેરે નિયમોનું

વિદ્યાર્થીઓએ સ્વયંસ્ફૂર્તિથી પાલન કર્યું. એ સિવાય ૫૧ ઉપવાસ, ૭૭ આયંબિલ, ૩૦૦ એકાસણાં અને ૭૫ બેયાસણાં વગેરે જીવનમાં ન કરેલી તપશ્ચર્યાઓ વિદ્યાર્થીઓએ સ્વયં પ્રેરણાથી કરી. શિબિરમાં મળેલાં શિક્ષણ અને સુસંસ્કારની છાપ રૂપે માતપિતાને નમસ્કાર, સવારે ઊઠતાં જ નમસ્કાર મંત્રનું સ્મરણ, પ્રભુપૂજા, સ્વાધ્યાય, સાત વ્યસનોનો ત્યાગ, અમુક વર્ષ સુધી સિનેમાનો ત્યાગ, તિથિએ પ્રતિક્રમણ, વગેરે નિયમોની પ્રતિજ્ઞાઓ પોતાની શક્તિ પ્રમાણે વિદ્યાર્થીઓએ લીધેલ એમાંના થોડાક નમૂના આ પ્રમાણે છે.

શ્રી દિલિપચંદ્રજી (મીરજ) જે હમણાં જ મેટ્રીકની પરિક્ષામાં ૭૨% માર્કસ મેળવી પાસ થયા છે, એમણે ૧૮ વર્ષ સુધી એક પણ સિનેમા નહિ જોયેલ અને હજુ બીજા પાંચ વર્ષ સિનેમા ન જોવાની પ્રતિજ્ઞા લીધી. પૂનાનાં એક વિદ્યાર્થી પ્રમાણિક પણે કબૂલ કરે છે કે આજ સુધી સુધરેલાં સમાજ (So called advanced society)માં રહેતો હોવાથી મારે માંસાહાર કરવો પડતો હતો, પરંતુ શિબિરમાં આવ્યા પછી મેં એનો જીવનભર ત્યાગ કર્યો છે. ગડીંગહિંલજનાં શ્રી શ્રીપ્રકાશ શાહે ૧૦ લાખ નવકારમંત્ર ગણવાનું વ્રત લીધું. કોલ્હાપુરનાં શ્રી રાજેનશાહ અને ભરતશાહે દીક્ષા ન લે ત્યાં સુધી જીવનભર શીખંડનો ત્યાગ કર્યો છે. માધવનગરનાં ધીરજ શાહે રાત્રિભોજનનો સદંતર ત્યાગ કર્યો. જુન્નરનાં પ્રમોદચંદ્ર શાહે કંદમૂળ કાયમ માટે વજર્ય કર્યું. ગદગનાં મોહનલાલ જૈન જીંદગી સુધી સિનેમા ન જોવાનું નક્કી કર્યું. પુના શ્રી શશિકાંતભાઈએ દર રવિવારે વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ આપવાનું નક્કી કર્યું. કરાડનાં શ્રી જવાહરભાઈએ Pocket Money માંથી બચાવીને ધાર્મિક કાર્યોમાં થોડા પૈસા ખર્ચવાનું નક્કી કર્યું. જયસીંગપુરનાં અશોક શાહે અહીંનું નવું પ્રભુ મંદિર જ્યાં સુધી ન બંધાય ત્યાં સુધી એક વિગયનો ત્યાગ કર્યો અને અહીંના સંઘ-પ્રમુખ સાથે યોગ્ય સહકારથી ઉપરનું કામ પૂરું કરવાનું નક્કી કર્યું.

શિબિર-વિદ્યાર્થીઓને

(૧) શિબિર મંત્રીઓ તરફથી જણાવવામાં આવે છે કે ગત શિબિર વખતે વિદ્યાર્થીઓ પાસે

'આધુનિક કાળે જીવનમાં ધર્મ-ઘડતર પ્રત્યે શિબિરનો ફાળો.'

એ વિષય પર નિબંધ માગવામાં આવેલો, તો હવે બધા વિદ્યાર્થીઓ વહેલામાં વહેલી તકે સ્વાનુભવનો એ નિબંધ મુંબઈ ધા. શિ. શિબિર સમિતિ પર

મોકલી આપશે.

(૨) શિબિર દરમિયાન લીધેલા વ્રત નિયમોનાં પાલન અને શિબિર શિક્ષણનો જીવનમાં અમલ, એ બંને અંગે પોતપોતાનો અનુભવ લાભ તથા અસરોની મુદ્દાવાર નોંધ તા. ૩૦-૯-'૬૫ સુધીમાં મુંબઈ સમિતિ ઓફિસે મોકલવા ખાસ ભલામણ છે.

(૩) હવેથી શિબિર અંગે દરેક દિ. દ. અંકમાં ખાસ બે પેજ વધુ પ્રગટ કરવાના છે. એમાં શિબિર શિક્ષણ-સંસ્કરણની રૂએ વિદ્યાર્થીઓ દ્વારા થતી ગામવાર ધાર્મિક વિશિષ્ટ પ્રવૃત્તિના સમાચાર પ્રગટ કરવાના છે. તો વિદ્યાર્થી બંધુઓને ટૂંકમાં લખી 'પાટણ રજનીકાન્ત ડી. શાહ C/o. નગીનદાસ મંડપ' સરનામે મોકલી આપે એવી આશા છે. વિશેષ સૂચના અને ખાસ પ્રશ્ન પણ મોકલી શકશે. શિબિર પછી એના શુભ ફળરૂપે કેવું સુંદર કાર્ય ચાલી રહ્યું છે એ લોકોની જાણમાં આવે માટે તરત યથાસ્થિત હકીકત લખી પાટણ મોકલવી.

વિદ્યાર્થીઓને હિતોદ્‌બોધન,-

અનેક ગામોમાંથી આવેલા સારા કુલીન વિદ્યાર્થીઓ ! સાથે રહી ગઈ શિબિરમાં સુંદર સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ, તપ વગેરેનો તમને ભવ્ય લાભ મળેલ છે આધ્યાત્મિક જીવન જીવવાના સુંદર માર્ગદર્શન, દૃષ્ટાન્તો કથાઓ, અનુભવો ઇત્યાદિ ઘણું ઘણું મળ્યું છે. તમે પોતે શિબિરમાં દાખલ થયા ત્યારે કેવા વિચાર, ભય અને કાયરવૃત્તિવાળા તથા સુસંસ્કારની અલ્પતાવાળા હતા. પણ શિબિર શિક્ષણ પછી એમાં કેવો ચમત્કારિક ફરક પડી ગયો એ તમારી જાણ બહાર નથી.

તો હવે શિબિર-યોજકોના અથાગ શ્રમ તથા સંઘના મહાન આર્થિક ભોગની કદર ન ભૂલશો, ઊંચું મૂલ્યાંકન કરજો. કૃતજ્ઞભાવ એ પાયાનો ગુણ છે. શિબિરે કરેલા અનુપમ ઉપકારના બદલામાં કૃતજ્ઞતા અદા કરવા કમમાંકમ તમારા માતા-પિતા આદિ અને બીજાઓને લાગે કે 'ધાર્મિક શિક્ષણ શિબિરે તમારામાં ધાર્મિક જીવન ઘડવાનું સુંદર કાર્ય કરી જીવન-પરિવર્તન આણ્યું છે.' એ છાપ જળવાઈ રહે એવી ધાર્મિક પ્રવૃત્તિ તથા સદ્‌ગુણ-સદાચારો નિત્ય જીવનમાં જીવતા રહેજો.

ધર્મ-સંસ્કરણ માટે અતિ જરૂરી ૮ વસ્તુ

રોજ 'જય વીયરાય' સૂત્રથી નિત્ય જીવનમાં જે આઠ વસ્તુ પ્રભુ પસાયે ઇચ્છવામાં આવે છે. એના પર અહીં પ્રકાશ પાથરવામાં આવે છે.

'જય વીયરાય' સૂત્રમાં વીતરાગ પ્રભુના સામર્થ્યથી નીચેની બાબતો પ્રાપ્ત થવાની આશંસા-અભિલાષા વ્યક્ત કરવામાં આવી છે.- (૧) ભવનિર્વેદ, (૨) માર્ગાનુસારિતા, (૩) ઇષ્ટફળસિદ્ધિ, (૪) લોકવિરુદ્ધ ત્યાગ, (૫) ગુરુજન પૂજા, (૬) પરાર્થકરણ, (૭) શુભ ગુરુયોગ અને (૮) શુભ ગુરુવચન સેવા.

આ આઠ વસ્તુ બરાબર ચિત્ત પરોવી એનું પ્રણિધાન, આશંસા કરવી. કોણ કરે ? તો કે મિથ્યાત્વગુણસ્થાનકે રહેલા આત્માઓ પણ તરતમતાએ તીવ્ર સંવેગનું કારણ બને એવી રીતે આશંસા કરે એ યુક્તિયુક્ત છે. કેમકે આ પાયાની વસ્તુ છે. અહીં આશંસા કરતાં પહેલાં સારી રીતે દ્રવ્ય ખરચીને જિન પૂજા કર્યા પછી સ્તવન-ગુણગાન કર્યા ઉપર હવે જાણે ઈનામ માગવાનું હોય તેમ ચિત્તની ચોંટ લગાવી આ આઠનું પ્રણિધાન કરવાનું છે, આશંસા કરવાની છે. એ વખતે ચિત્ત એમાં કેટલું બધું એકાગ્ર, તન્મય અને તત્પર જોઈએ ? જો એ નહિ, તો મોટા ચક્રવર્તીની સારી રીતે અર્થવ્યય કરવા પૂર્વક સ્તુતિ-ગુણગાન કર્યા બાદ એને ચક્રવર્તી કહે 'બોલ, શું જોઈએ છે ?' એ ઈનામના વખતે જ ગેરહાજર રહેવા જેવું કે ઝોકું ખાવા જેવું થાય. ત્યાં તો પહેલેથી જ સેવા-ભક્તિ વખતે ચિત્ત ઈચ્છિત વસ્તુની માગણી માટે તત્પર હોય છે, તે ઈનામનો અવસર આવી લાગ્યે તો કેટલું ય સજાગ હોય ! અને કેવીક ગદ્‌ગદતાથી ઈનામ માગી લે છે ! બસ, એમ અહીં પણ ચિત્ત આ આશંસિત આઠ વસ્તુ માટે પહેલેથી જ તૃષ્ણાળુ અને તત્પર હોય, અને છેવટે આ પ્રણિધાન સૂત્ર બોલવાના અવસરે તો ભારે તન્મયતા-તત્પતરતાવાળું બની ગદ્‌ગદ દિલે એની આશંસા વ્યક્ત કરે. માટે જ આને 'પ્રણિધાન સૂત્ર' એવું ખાસ નામ આપવામાં આવ્યું છે. દરેક સૂત્રોમાં પ્રણિધાન તો જરૂરી છે જ, પણ આમાં વિશેષ રૂપનું જરૂરી છે.

બીજી વસ્તુ એ છે કે મિથ્યાદૃષ્ટિ અવસ્થાથી માંડીને આ પ્રણિધાન આ આશંસા ઉચિત છે એ સૂચવે છે કે, મોક્ષમાર્ગની આરાધનાના અભિલાષીને આ આઠ બાબતો પ્રથમ પગથિયે અત્યંત આવશ્યક છે. માટે ધર્મની બીજી સાધનાઓ ભલે કરતા હોઈએ, પરંતુ આ વસ્તુઓની લેશ પણ ઉપેક્ષા થઈ શકે નહિ. ઊલટું આની પ્રાપ્તિ અને ઉત્તરોત્તર અધિકાધિક વિકાસની ભારે ધગશ રહે. તેમજ એ માટે પ્રયત્ન પણ સદા જાગતો રહે. મન નિશ્ચિતપણે કહે કે 'આ ભવનિર્વેદાદિ વિના ચાલી શકે જ નહિ. ધર્મની સગાઈ જ થાય નહિ. માટે આ તો મારે પહેલી જ જોઈએ વળી આશંસા-પ્રાર્થના ય કરું, કેમકે પ્રાર્થનાથી જ ઈષ્ટસિદ્ધિ થાય, અને એ માટે શક્ય પુરુષાર્થ પણ ખાસ રાખ્યા કરું.' મનના આ નિર્ધાર સાથે રોજ આ સૂત્ર અનેકવાર બોલે.

પ્ર.-સૂત્રની વસ્તુ પ્રાપ્ત થઈ ગઈ હોય, દા.ત. ભવનિર્વેદ. એ મુનિઓને શા માટે હવે આ સૂત્રમાં બોલવાનું હોય ? પ્રાપ્તની હવે શી આશંસા કરવાની ?

ઉ.-મોટા મુનિઓને પણ આ સૂત્ર બોલવાનું છે. તે ઊંચી કક્ષાની એ વસ્તુની આકાંક્ષાથી, એ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે આ ભવનિર્વેદ આદિ આશંસિત

વસ્તુ કાંઈ એક જ કક્ષાની નથી હોતી. એ તો ઊંચી ઊંચી માત્રાએ તરતમતાવાળી અનેક પ્રકારે હોય છે. એટલે પોતાને પ્રાપ્ત ભવનિર્વેદાદિ કરતાં પણ અધિક ઊંચા ભવનિર્વેદાદિ પ્રાપ્ત કરવા માટે પ્રણિધાન-આશંસા કરાય એ સહજ છે. ભવનિર્વેદાદિની તરતમતા જગતના જીવ-જીવ વચ્ચે પણ દેખાય છે. આ સૂચવે છે કે ભવનિર્વેદ પ્રાપ્ત કર્યા પછી સંતોષવાળી દેવાનો નથી કે મને એ પૂર્ણ સ્વરૂપે ઉત્કૃષ્ટ કક્ષાના પ્રાપ્ત થઈ ગયા. ના, વીતરાગભાવ ન આવે ત્યાં સુધી ગુણોમાં ઉત્કર્ષ-ઉચ્ચતા વધારતા જવાનું છે. તેથી આ સૂત્ર બોલતાં અપ્રાપ્ત ગુણાધિકતા તરફ લક્ષ રહેવું જોઈએ.

આમ ૩ વસ્તુ લક્ષમાં રાખવાની થઈ,

(૧) ઈનામ વખતે ગેરહાજર નહિ, પરંતુ આ સૂત્ર બોલતાં આ ૮ વસ્તુ પોતાને ખાસ જોઈએ છે એ તીવ્ર ગરજથી ગદ્‌ગદ દિલે અને તત્પર તન્મય ચિત્તે એની આશંસા વ્યક્ત કરવાની.

(૨) ધર્મની બધી સાધનાઓનાં પાયામાં આ આવશ્યક છે, આના વિના ન જ ચાલે, એ સચોટ નિર્ધારથી આની આશંસા અને પુરુષાર્થ જોઈએ.

(૩) આ પ્રાપ્ત હોય તો ય સંતોષ ન વાળી લેતાં એનાથી ઊંચી માત્રાના આ જ ગુણ પ્રાપ્ત કરવા માટે તીવ્ર ધગશથી આશંસા વ્યક્ત કરવાની.

• • •

પૂ. મુનિરાજ શ્રી હેમચંદ્રવિજયજીએ આપેલ વાચનાના વિષયનું પ્રશ્નપત્રશ્રી જૈન ધાર્મિક શિક્ષણ શિબિર-સમિતિ મુંબઈ-શિબિર-સ્થળ પાટણ

સમય **જૈન તત્ત્વજ્ઞાન** **તા. ૨૩-૫-૬૫**

૮-૩૦ થી ૧૧-૩૦ **માર્ક ૧૦૦**

ખાસ નોંધ પ્રશ્ન ૧લો અને બીજો ફરજિયાત છે. બાકીનામાંથી કોઈ પણ ત્રણ જવાબ લખવાના છે.

૧. (અ) જીવોના ૫૬૩ ભેદ જણાવતો યંત્ર દોરી બતાવો. ૧૨

(બ) જીવના ૫૬૩ ભેદમાંથી જે એક ભેદમાં તમારો પોતાનો સમાવેશ થાય છે, તે આખા એક ભેદનું નામ લખો. ૮

૨. **ગમે તે ત્રણના જવાબ લખો.**

(૧) હેય, ઉપાદેય તથા જ્ઞેયના અર્થ લખો તથા નવતત્ત્વમાં ક્યા ક્યા તત્ત્વો

હેય, જ્ઞેય, ઉપાદેય છે તે જણાવો.

(૨) નવે તત્ત્વોને જીવ-સરોવરની ઉપમાંથી સમજાવો.

(૩) ચાર પ્રકારના બંધને મોદકના દૃષ્ટાન્તથી સમજાવો.

(૪) પુણ્ય-પાપની ચઉભંગી વ્યાખ્યા સાથે જણાવો.

(૫) એક સેકન્ડમાં ક્ષુલ્લક-ભવ કેટલા થાય તે ગણિત કરી જણાવો. ૧૮

૩. (અ) ચૌદ રાજલોકનો નકશો દોરી તેનું વર્ણન લખો. ૧૦

(બ) પર્યાપ્તિ એટલે શું ? પર્યાપ્તિ કેટલી હોય ? બધી પર્યાપ્તિની વ્યાખ્યા લખો. ૧૦

૪. (અ) નીચેનામાંથી ગમે તે પાંચમાં ભૂલ હોય તો સુધારો, ન હોય તો તે જ પ્રમાણે લખો. ૧૦

(૧) સંગીતના નાદથી આકર્ષાઈને ઘણી માંખો ઓરડામાં ભેગી થઈ ગઈ.

(૨) મનુષ્યના પગ તળે કચરાવાથી કેટલીક કીડીની આંખો ફુટી ગઈ.

(૩) પર્યાપ્ત સંમૂર્છિમ મનુષ્યના ૧૦૧ ભેદ હોય છે.

(૪) હરિવર્ષ અને રમ્યક્ષેત્રમાં મનુષ્યોનું આયુષ્ય એક પલ્યોપમ હોય છે.

(૫) અઢીદ્વીપની બહાર દેવતાની સહાયથી ગયેલ મનુષ્યનું ત્યાં કોઈકવાર મૃત્યુ પણ થાય.

(૬) અગ્નિના ઉપદ્રવથી સૂક્ષ્મ પૃથ્વીકાયના અસંખ્ય જીવો નાશ પામ્યા.

(૭) તત્ત્વજ્ઞાનના અભ્યાસની તમારા જીવનમાં શી અસર થઈ તે જણાવો. ૨૦

૫. (અ) સ્થાવર જીવોના ભેદ કેટલા ? જેટલા હોય તે બધાના નામ જણાવો. ૧૦

(બ) સમ્યગ્દર્શનની કેટલી કરણીઓ લખો. ૫

(ક) સાધારણ વનસ્પતિકાય એટલે શું ? તેને ઓળખવાના લક્ષણો બતાવો. ૫

૬. (અ) નીચેના વાક્યોમાંથી કોઈપણ પાંચમાં ખાલી જગ્યા પૂરો. ૧૦

(૧) વૈજ્ઞાનિક દેવને – પર્યાપ્તિ હોય છે, તથા – પ્રાણ હોય છે.

(૨) બેઈન્દ્રિય જીવનું ઉત્કૃષ્ટ આયુષ્ય – હોય છે.

(૩) અગ્નિકાય વધુમાં વધુ – જીવે.

(૪) ગર્ભજ ચતુષ્પદના શરીર કરતાં સંમુર્છિમ ચતુષ્પદનું શરીર છે.

(૫) મનુષ્ય લોકનો વિસ્તાર – લાખ યોજન છે.

(૬) રત્નપ્રભાના ઉપરના તળીયાથી – યોજન ઊંચે જ્યોતિષ્ક દેવો છે.

(બ) સુદેવ, સુગુરુ, સુધર્મના લક્ષણો તથા કુદેવ, કુગુરુ, કુધર્મના લક્ષણો સરખામણી પૂર્વક બતાવો.

૭. (અ) નીચેનામાંથી ગમે તે ચારના જવાબ લખો.
(૧) વીંછીનું આયુષ્ય વધુમાં વધુ કેટલું ?
(૨) ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા મનુષ્ય વર્તમાનકાળે ક્યાં હોય છે ?
(૩) સંમૂર્ચ્છિમ સર્પનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું ?
(૪) મહેન્દ્ર (૪થા) દેવલોકથી, અચ્યુત (૧૨મો) દેવલોક કેટલો દૂર છે ?
(૫) એક પૂર્વ, અને એક પલ્યોપમમાં વધારે વર્ષ શેના હોય ?
(૬) વ્યંતર દેવોના નિવાસસ્થાન ક્યાં હોય છે, તે જણાવો ? ૧૨
(૬) આઠે કર્મોના નામ તથા કયા કયા કર્મ કયા કયા ગુણોને ઢાંકે છે તે ચિત્રપૂર્વક બતાવો. ૧૦

શ્રી જૈન ધાર્મિક શિક્ષણ શિબિર
ધર્મ-સંસ્કરણ માટે અતિ જરૂરી વસ્તુ

'જય વીયરાય જગગુરૂ !' 'હે વીતરાગ જગદ્‌ગુરૂ ! તમે જય પામો, વિજયવંતા રહો.' ભગવાનને શું આપણે આશીર્વાદ આપીએ છીએ ? ના, ભગવાન તો વિજયવંતા જ છે અને બહુ મોટા પુરુષ પરમપુરુષ છે. એમને આપણે આશીર્વાદ આપનાર કોણ ? કિન્તુ આપણે આશંસા વ્યક્ત કરીએ છીએ કે 'પ્રભુ ! આપ મારા દિલમાં વિજયવંતા રહો કે જેથી કારમા આંતર શત્રુઓ મારા દિલમાંથી ભાગી જાય. મારા પર સામ્રાજ્ય આજ સુધી રાગાદિ આંતર અરિગણનું ચાલી આવ્યું છે, તે હવે આપનું, આપના ગુણોના જ પ્રબળ આકર્ષણ પક્ષપાતનું અને આપની આજ્ઞાનું સામ્રાજ્ય પ્રવર્ત્યું રહે' આ ભાવથી 'જય વીયરાય.....' બોલવાનું છે. એટલા જ માટે અહીં લલિત વિસ્તરાકાર કહે છે કે 'જય વીયરાય જગગુરૂ, એ ત્રિલોકનાથ ભગવાનને આમંત્રણ છે', આમંત્રવાનું વચન છે અને તે ભાવસંનિધાન માટે છે.

'ભાવ-સંનિધાન' એટલે (૧) હૃદયમાં વીતરાગનું ભાવથી સંનિધાન અર્થાત્ નિકટતા, સાનિધ્ય, નિશ્રા હોય તે. દ્રવ્યથી તો એ હાલ મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા છે યા મોક્ષમાં બિરાજમાન છે; પરંતુ ભાવથી આપણી જ્ઞાનોપયોગરૂપે આપણા દિલમાં વસ્યા રહે, એ આપણી પાસે જ હોય, સંનિહિત જ હોય એવી આકાંક્ષા

છે અથવા 'ભાવ સંનિધાન' એટલે (૨) ભાવનું સંનિધાન અર્થાત્ શુભ ભાવની પાર્શ્વવર્તિતા અર્થાત્ શુભ ભાવ જ આપણી પાસે રે, એ માટે 'જય વીયરાય.....' એ આમંત્રણ છે, સંબોધન છે અને ખરેખર ! વિશુદ્ધ અર્થી દિલે 'જય વીયરાય જય વીતરાગ' એ આમંત્રણથી શુભ ભાવ હૃદસ્થ બને છે. એ બનાવવા અને અશુભ ભાવોથી બચવા 'જય વીયરાય' 'અરિહંતા મે શરણં' એની રટણા એ સુંદર ચાવી છે, અમોઘ ઉપાય છે.

'હોઉ મમ તુહપ્પભાવઓ ભયવં !' એટલે કે 'હે ભગવન્ ! મારે તારા પ્રભાવથી થાઓ.' શું ? હવે કહેવાશે તે ભવનિર્વેદ આદિ. આમ કહીને એ સૂચવ્યું કે આ ભવનિર્વેદ આદિ વીતરાગ અરિહંત ભગવાનના પ્રભાવથી શક્તિ-સામર્થ્યથી આપણામાં ઉત્પન્ન થાય છે, વિકસે છે અને પરાકાષ્ઠાએ પહોંચે છે.

પ્ર૰-ભવનિર્વેદાદિ તો આપણે પુરૂષાર્થ કરીએ તો થાય, એમાં ભગવાનનો પ્રભાવ શો આવ્યો ?

ઉ૰-કોક ખોલીએ તો ચકલીમાંથી પાણી મળે છે. કિન્તુ શું કોક ખોલવા માત્રથી પાણી મળે છે ? ના, મૂળ ટાંકીમાંથી નળમાં ચાલ્યું આવે છે તેથી મળે છે. એવી રીતે આપણો પુરૂષાર્થ જરૂરી ખરો, પરંતુ એ પુરૂષાર્થ અને એની સફળતા થવામાં મૂળ અરિહંત ભગવાનનો પ્રભાવ-શક્તિ-સામર્થ્ય કામ કરે છે.

પ્ર૰-ભગવાન તો મોક્ષમાં સ્થિર બિરાજમાન છે, એ કયાં કશું કરે છે ? પછી એમના પ્રભાવથી અહીં આપણને ભવનિર્વેદાદિ પ્રાપ્ત થવાનું શી રીતે ?

ઉ૰-જેમ ચિંતામણી કશું કરતું નથી છતાં એનો એવો કોઈક પ્રભાવ છે કે એનાથી ઇચ્છિત મળે છે, એમ વીતરાગ પ્રભુનો એવો અચિંત્ય પ્રભાવ છે કે એનાથી ભવનિર્વેદાદિ પ્રાપ્ત થાય છે. આનું પ્રમાણ એ કે વીતરાગના આલંબને સાચા ભવનિર્વેદાદિ જાગે છે, વિકસે છે ને પરાકાષ્ઠાએ પહોંચે છે. એ સૂચવે છે કે વીતરાગનું એવું કોઈક અચિંત્ય સામર્થ્ય એમાં કામ કરી રહ્યું છે કે એમનું આલંબન કરવાથી એ પ્રાપ્ત થાય.

(૧) 'ભવનિવ્વેઓ'

એટલે કે ભવનિર્વેદ માર થાઓ. ભવનિર્વેદ એટલે સંસાર પર ખેદ-કંટાળો, અરુચિ-અણગમો-અકળામણ-અનાસ્થા-અપક્ષપાત-અબહુમાન. સંસાર એટલે સંસરણ સરકયા કરવું, ભમ્યા કરવું.

સંસાર=સંસરણ કયાં ?

૧. એક ભવમાંથી બીજા ભવમાં,

૨. એક કાયામાંથી બીજી કાયામાં,
૩. એક વિષયમાંથી બીજા વિષય પર,
૪. એક કર્મના ઉદયથી બીજા કર્મોદયમાં,
૫. રાગાદિ ભાવમાંથી દ્વેષાદિ ભાવ પર,
૬. હર્ષ-હાસ્યાદિ લાગણીમાંથી ખેદ-શોકાદિમાં,
૭. સુખ-સગવડમાંથી દુઃખ-અગવડમાં.
..... વગેરે વગેરે.....

સંસાર પર નિર્વેદ શા માટે ? :

(૧) જીવને મનુષ્યાદિ ભવમાંથી તિર્યંચાદિ ભવોમાં ભટકતે અનંતા કાળ વહી ગયા ! છતાં બિચારા જીવનું હજી ભવભ્રમણ અટકયું નથી ! (૨) એમાંય ખોળિયાના પરિવર્તન પણ અજબ છે ! હમણાં દેવતાની દિવ્ય કાયામાં, તો પછી ગધેડાની કુરૂપ કાયામાં પૂરાય છે ! ત્યાંથી વળી મરીને વિષ્ઠાના કીડાની કાયામાં જકડાય છે ! જીવના કેવા અપમાન ! જાણે એનું કશું જ મૂલ્ય-મહત્ત્વ નહિ ! મનુષ્ય તિર્યંચના ભવમાં પણ અવાર-નવાર કેવી કેવી વિચિત્ર વિચિત્ર કાયામાં રાંકડા જીવને ઘુમતા ફરવું પડે છે ! કેમ એમ ? સંસાર ! એટલે એમ જ ચાલે. (૩) ભિન્ન ભિન્ન કાયામાં પૂરાયા પછી ય જીવની ઈંદ્રિયો દ્વારા એક વિષય પરથી બીજા વિષય પર કેવી ફેંકાફેંક ચાલે છે ! જીવને આંખ કોઈ એક રૂપ પર ધકેલે છે, તો વળી પછી તરત બીજા રૂપની ઉપર લઈ જાય છે ! એટલામાં કાન પાછા કોઈ શબ્દ પર ઉપાડે છે ! ને જીભ ત્યાંથી ઉઠાવી રસ તરફ વાળે છે ! પામર જીવને આ કેવી ફેંકાફેંક સહવાની સ્થિતિ ! (૪) ત્યારે હમણાં યશનામ કર્મના ઉદયમાં ચારે બાજુ યશવાદ ગવાતો હોય, પણ જીવ કેવો અપયશ-કર્મના ઉદયમાં તણાઈ અપકીર્તિનો ભોગ બને છે ! એમ સૌભાગ્યમાંથી દૌર્ભાગ્યમાં, ઉચ્ચ કુળમાંથી નીચ કુળમાં, સુસ્વરમાંથી દુઃસ્વરના ઉદયમાં, શાતામાંથી અશાતાના ઉદયમાં ગરીબડા જીવનું કેવું ભ્રમણ ! (૫) તો હમણાં ક્રોધના ભાવમાં ને પછી કામના કે લોભનાં ભાવમાં ! અત્યારે રાગના ભાવમાં, તો પછી દ્વેષના ભાવમાં ! હમણાં અજ્ઞાન-અબુઝતાનાં, ને બાદ મિથ્યાજ્ઞાનમાં ! હમણાં કોઈ પ્રત્યે ઈર્ષ્યાના ભાવમાં, તો પાછો એ કોઈ ચટાડતો થાય એટલે ચાટુગીરીના ભાવમાં ! વિદૂષક જેવા જીવના આ કેવા પલ્ટા ! (૬) વળી હમણાં હર્ષની લાગણી પણ પછી કાંક લાગતાં ખેદની ! હમણાં હાસ્યની તો વળી પછી દુભામણની ! હમણાં મિત્રતાની ત્યાં જ પછી શત્રુતા-વિરોધની ! એમ સદ્‌ભાવમાંથી દુર્ભાવની ! આવી વિભિન્ન

લાગણીઓમાં કંગાળ જીવની ફેંકાફેંક ચાલુ જ છે. (૭) સુખ-દુઃખના પરિવર્તનનું તો પૂછવું જ શું ? કઈ વાતના કલ્પેલા સુખ-સગવડ-સંપત્તિ-સાધનમાંથી કેવા ય કલ્પેલા દુઃખ-વિપત્તિ-પ્રતિકૂળ-અનર્થમાં ભમવાનું ચાલુ જ છે ! ..... વગેરે વિચિત્ર વિચિત્ર સ્થિતિઓમાં પર્યટન કર્યા. ફરતા જીવને કયાંય સ્થિરતા નથી. એમાંય સરવાળે આવા સંસરણ પર્યટન જીવ પર ઉપકાર કરે નહિ. બલ્કે બિચારાની અનંતજ્ઞાન અનંત નિર્મળ સુખ વગેરે સંપત્તિ દબાવી જ રાખે !

જૈન ધાર્મિક શિબિરનાં રસ ઘુંટડા

સંપાદક-પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી મહારાજ

(પરમ પૂજ્ય સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના વિદ્વાન શિષ્યરત્ન પ્રભાવક પ્રવચનકાર પૂજ્ય પંન્યાસ પ્રવરશ્રી ભાનુવિજયજી ગણિવર્યની શુભ નિશ્રામાં સને ૧૯૯૫, મે માસમાં ભરાયેલ જૈ. ધા. શિ. ગ્રીષ્મ શિબિરમાં ૧૮૦ વિદ્યાર્થીઓએ માત્ર ૨૦-૨૨ દિવસમાં પાંચ પાંચ વિષયોનું કરેલ તલસ્પર્શી અધ્યયન અને એના લખેલા પેપરો હેરત પમાડી જાય છે. વિદ્યાર્થીઓએ લખેલા પેપરોમાંથી થોડી રસમય વાનગી દિવ્યદર્શનના પાનાઓ ઉપર રજૂ થાય છે. આશા છે કે વાચકોને તે હૃદયંગમ બનશે એક શુભેચ્છક મહાશયનું કલ્યાણસૂચન હતું કે પ્રશ્નના ઉત્તર પૂ. પંન્યાસજી મ. લખે; પરંતુ હાલ એઓશ્રીને સમયના અભાવે એ અશકય છે તેથી લાચાર છીએ. છતાં વિદ્યાર્થી પર, શિબિરથી થતા લાભ અને તત્ત્વ વિવેચન વાંચકોને જાણવા મળશે. તંત્રી)

વિષય : મોક્ષ માર્ગ

પ્રશ્ન : આત્માની સાબિતીના ૮ પ્રમાણ લખો. અવિરતિ એટલે શું ? અને એમાં પાપ શાથી લાગે તે સમજાવો.

પ્રશ્નોત્તર લેખક : શાહ દિનેશચંદ્ર અમૃતલાલ

F. E. (Mechanical), **સીતાપુર.**

આત્માની સાબિતીના પ્રમાણો :

(૧) ચક્ષુ, શ્રોત્રેન્દ્રિય વગેરે વગેરે જુદી જુદી ઈન્દ્રિયો છે જ્યારે વાજું સાંભળીએ છીએ ત્યારે શ્રવણ મધુર લાગે છે અને તે જ સમયે આપણને કોણ વગાડે છે, શું વગાડે છે, કેવું વગાડે છે તેનું પણ જ્ઞાન થાય છે. રૂપ દર્શન અને શ્રવણ એ બન્ને જુદી જુદી ઈન્દ્રિયોના વિષયો હોવા છતાં બન્નેનું એકીકરણ થાય છે. આ એકીકરણ કરનાર કોઈ હોવું જોઈએ તે છે આત્મા.

(૨) જો આપણે કોઈ ઈન્દ્રિય ગુમાવી બેસીએ તો પણ તેના અનુભવો

આપણને યાદ આવે છે. આ અનુભવો કરનાર જો ઇન્દ્રિય પોતે જ હોય તો યાદ કરનાર પણ ઇન્દ્રિય જ બને. કિન્તુ તે તો નષ્ટ થઈ ગઈ છતાં યાદ આવે છે, તો યાદ કરનાર કોણ ? તે છે આત્મા. અનુભવ એણે જ કરેલ.

(૩) આપણા શરીરમાં પાકખાનું પાયખાનું વગેરે છે તો તેનો મકાનની જેમ ઉપયોગ કરનાર પણ કોઈ હોવો જોઈએ. તે છે આત્મા.

(૪) પેટ એ બોઈલર છે, હૃદય એ મશીન છે, મગજ એ મેનેજરની ઓફિસ છે, તો તેને વ્યવસ્થિત ચલાવનાર તેનો માલિક પણ હોવો જોઈએ. તે છે આત્મા.

(૫) શરીરની વૃદ્ધિ સાથે જ્ઞાન, સુખ વગેરે વધતાં નથી માટે જ્ઞાન, સુખાદિ ગુણોને ધારણ કરનારી શરીરથી ભિન્ન કોઈ વસ્તુ હોવી જોઈએ. તે છે આત્મા.

(૬) જેમ શરીરના દેહ, કાયા, કલેવર એમ પર્યાય શબ્દો છે તેમ આત્માના જીવ, ચેતન વગેરે પર્યાય શબ્દો છે તેથી શરીર અને આત્મા જુદા સાબિત થાય છે.

(૭) જેમ અબ્રાહ્મણ કહેવામાં બ્રાહ્મણ કોઈ હોય તેમ સ્પષ્ટ અનુભવાય છે, તેમ અજીવ કહીએ છીએ એટલે સાબિત થાય છે કે, જીવ પણ હોવો જોઈએ. જીવ એ જ આત્મા.

(૮) બજારને માટે આરામીનો ત્યાગ કરવો પડે છે, બીજી વધુ કમાણીવાળા વેપારને ખાતર પહેલાનો ઓછી કમાણીવાળો વેપાર જવા દઈએ છીએ, પુત્ર બીમાર પડે તો એની ખાતર વેપાર જવા દે છે, જ્યારે મકાન સળગે છે ત્યારે પુત્રને મૂકી પોતાની કાયા બચાવવા આપણે પ્રયત્ન કરીએ છીએ. આ બતાવે છે કે, આપણે અતિ પ્રિય વસ્તુની ખાતર ઓછી પ્રિય વસ્તુ જવા દઈએ છીએ. જ્યારે પ્રતિષ્ઠા, આબરૂ વગેરેનો સવાલ આવે છે ત્યારે આપણે આવેશ આવે તો આપઘાત કરીએ છીએ. તે બતાવે છે કે દેહથી પણ પ્રિય વસ્તુ બીજી હોવી જોઈએ તે શું ? તે છે આત્માની આબરૂ-પ્રતિષ્ઠા.

બીજા અનેક વિદ્યાર્થીઓએ આત્માની સાબિતીના પ્રમાણો બહુ સુંદર રીતે લખ્યા છે. તેમાંના કેટલાક મુદ્દાઓ નીચે મુજબ છે :

શા. દિલીપકુમાર વાડીલાલ, કડી. ધો. ૧૦

(૧) આ મેં કર્યું, આ હું કરૂં છું. આ હું કરીશ આમાં ત્રણે કાળ વિષયક 'હું'ની પ્રતીતિ થાય છે તે આત્માના હિસાબે થાય છે.

(૨) જ્ઞાનાદિ ગુણો શરીરના નથી. જો તે શરીરના ગુણો હોત તો શરીરની વૃદ્ધિ-હાનીમાં, રોગી-નિરોગીપણામાં જ્ઞાનાદિ ગુણોની પણ વૃદ્ધિ-હાની થાત પણ

એવું બનતું નથી. શરીરની વિકૃતિમાં જ્ઞાનની વિકૃતિ થતી નથી માટે જ્ઞાનાદિ ગુણવાળો આત્મા સાબિત થાય છે.

(૩) જે વસ્તુ જગતમાં હોય તેનો જ નિષેધ થઈ શકે. આત્મા જેવું કંઈ ન જ હોય તો તેનો નિષેધ ન થઈ શકે. આત્માનો નિષેધ કરાય છે માટે કયાંક આત્મા વિદ્યમાન છે.

(૪) કાયા એક સુંદર મહેલ છે જેમાં પાંચ ઇન્દ્રિયોરૂપી પાંચ બારીઓ છે. પાયખાનું, ગટરખાનું, રસોડું વગેરે સુંદર વ્યવસ્થા છે. તેનો માલિક આત્મા સાબિત થાય છે.

શ્રી જૈન ધાર્મિક શિબિરના રસ ઘુંટડા

સં. પૂ. મુનિરાજ શ્રી મિત્રાનંદવિજયજી મહારાજ

મનુભાઈ જયંતીલાલ છાપી. ધોરણ ૧૦

[૧] ઇન્દ્રિયોના ઝઘડાનો ચુકાદો આપનારા આત્મા છે. આંખે કેરી જોઈ, નાકે સુંઘીને અનુમાન કર્યું, મીઠી છે. જીભે ચાખી અને ખાટી કહી, ત્યારે કેરી કાચી છે. એવો ચુકાદો આપનાર જજ આત્મા છે.

[૨] ઇન્દ્રિયોને જ આત્મા ન કહી શકાય. પણ જુદી જુદી ઇન્દ્રિયો દ્વારા થતા જ્ઞાનનો સમન્વય કરનાર આત્મા છે. દા. ત., જે મેં જોયું તે જ હું સુંઘું છું તે જ હું ચાખું છું. આ ત્રણેનો સમન્વય કરનાર એક જ આત્મા છે.

બીપીન વાડીલાલ. ધોરણ ૧૧

[૧] મનને આત્મા ન મનાય. કોઈ વખત મનને ન ગમતી વસ્તુ પણ કરવી પડે છે. દા. ત., ડૉકટરે મીઠાઈ ખાવાની ના કહી છતાં મન ખાવાને આતુર બને છે પણ અંદરથી ન ખાવાની કોઈ પ્રેરણા કરતું હોય છે અને મનનું ધાર્યું થતું નથી. તે પ્રેરણા આપનાર આત્મા સિદ્ધ થાય છે.

અવિરતિ એટલે શું ?

પ્રશ્નોત્તર લેખક : દલાલ નરેશ શાંતીલાલ Inter Commorse, **ખંભાત.**

અવિરતિ એટલે પ્રતિજ્ઞાપૂર્વક પાપનો ત્યાગ નહિ તે. તેમાં પાપ એ માટે લાગે છે કે પ્રતિજ્ઞા ન લેવામાં પાપની અપેક્ષા છે. એટલે અવસરે પાપ કરી

લઈએ, પાપ કરતાં અચકાઈએ નહિ.

શાહ જિતેન્દ્રકુમાર ચંદુલાલ, વડાવલી. ધો. ૧૦

અવિરતિ એટલે પાપત્યાગની ગભરામણ. પ્રતિજ્ઞાપૂર્વક પાપનો ત્યાગ ન કરીએ ત્યાં સુધી પાપ ન કરવા છતાં પાપ લાગે. દા. ત., ધારો કે કોઈ બે વેપારીને ભાગીદારીમાં દુકાન હોય. તેમાંનો એક છ માસ માટે પરદેશ જાય પણ એણે દુકાનની ભાગીદારીમાંથી છૂટા થયાની અરજી ન આપી હોય તો દુકાનમાં નફો થાય કે નુકશાન થાય તેનો હિસ્સો એને મળે. નુકશાન ભરવું પડે.

કોઈ કુટુંબ ગામ છોડી મુંબઈ રહેવા જાય. જતી વખતે ગામમાં મ્યુનિસિપાલિટીને ખબર આપી નળ, લાઈટ, ગટર વગેરેનું કનેકશન તોડી ન નાખ્યું હોય તો નળ, લાઈટ, ગટર વગેરે ન વાપરવા છતાં ટેક્ષ ભરવો પડે.

પાણી વાપર્યું નથી છતાં ટેક્ષ ? હા, શા માટે ? નોટીસ ન આપી માટે. તેમ ખપ સામે જો પાપને છોડી દેવાની નોટીસ ન આપીએ તો પાપ લાગે. પાપ ત્યાગની પ્રતિજ્ઞા નહીં લેવાનું કારણ શું ? કદાચ પ્રતિજ્ઞા તૂટી જાય તો ? તૂટે શા માટે ? પ્રતિજ્ઞા લેતી વખતે જ નિર્બળ ભાવના ! વળી કયારેક પાપ કરવાની અપેક્ષા પણ ખરી. પ્રતિજ્ઞા લેવાથી પાપ સાથે છૂટાછેડા થાય છે. પાપ કરતાં ડર લાગે છે, માનસિક બળ વધે છે. ઘણા બિનજરૂરી પાપોથી બચી જવાય છે.

શાહ દિનેશચંદ્ર અમૃતલાલ, સીતાપુર.

અવિરતિ એટલે પ્રતિજ્ઞાપૂર્વક પાપથી પાછા ન હઠવું. પ્રતિજ્ઞા ન લેવામાં પાપની અપેક્ષા સિદ્ધ થાય છે. જેમ ધર્મ કરીએ, કરાવીએ, અનુમોદીએ તો પુણ્ય થાય છે તેમ પાપ ન કરાવવા છતાં પાપ ત્યાગની પ્રતિજ્ઞા ન લેવામાં આવે ત્યાં સુધી અવિરતિનું પાપ ચાલ્યા જ કરે છે. જેમ કોઈ માણસ પોતાની પાસે ખંજર રાખીને ફરે અને કહે કે મારે કોઈને મારવો નથી પણ જો કોઈ બહુ કચકચ કરશે તો હુલાવી દઈશ. આમ ભલે કોઈને છરો મારતો ન હોય પણ અવસરે મારવાની અપેક્ષા છે જ. પ્રતિજ્ઞા ન લેવામાં અવસરે પાપ કરવાની અપેક્ષા છે. તેથી કરવા-કરાવવાનું પાપ નથી પણ પાપની અપેક્ષા અવિરતિનું પાપ છે.

જૈન શાસનમાં પાપબંધની સૂક્ષ્મતા આથી ય વધુ બતાવી છે. આપણે પૂર્વ જન્મમાં વૃક્ષ વગેરે હોઈએ તે દેહ તો આપણે છોડી દીધો પણ તેના કાષ્ઠમાંથી કોઈ નીર વગેરે હિંસાના સાધનો બનાવે અને તેનાથી હિંસા થાય તે પાપ આપણને લાગે. કારણ તેમાં આપણો દેહ કારણભૂત બન્યો. હિંસાના પાપથી બચવું હોય તો આપણે પૂર્વની શરીરાદિ બધી વસ્તુ વોસિરાવી દેવી જોઈએ.

વિનોદચંદ્ર સોમચંદ, B. A. પ્રથમ વર્ષ, અમદાવાદ.

અવિરતિ એટલે પાપ કરવાની અપેક્ષા. આપણે પાપ ન કરતા હોઈએ તો પણ આપણને પાપ લાગે. કેમ કે હજી અવિરતિ રાખી છે. હિંસા નહિ કરૂં એવી પ્રતિજ્ઞા લો તો જ હિંસાનું પાપ ન લાગે. તમે કહેશો કે અમે કદી હિંસા કરતા કરાવતા નથી તો પણ લાગે ? દા. ત., એક હોલમાં એક હજાર માણસ બેઠા હોયને ત્યાં પચાસ ચોર બારણ આગળ ભરી બંદુકે ઊભા રહે. બધાને મરણનો ભય લાગશે. પણ ચોરો એમ કહે કે અમારે આમાંથી ઉઘાડા માથાવાળા ૫૦૦ને મારવા છે તો એટલાને ભય રહેશે. બાકીના પાંચસો નિર્ભય બનશે. પછી પાછા ચોરો કહે કે એમાંથી કાળા વાળ વાળાને મારવા છે તો ધોળા વાળ વાળા નિર્ભય બનશે. વળી કહે કે કાળા વાળ વાળા પણ ૨૫ વર્ષની અંદરના વયના હોય તેને મારવા છે. તો બાકીના ભયરહિત બની જશે. એમ જ્યાં સુધી ચોરોએ જાહેરાત ન કરી ત્યાં સુધી બધાને ભય રહ્યો પછી નિર્ભય બનતા ગયા. તેમ આપણે જેમ જેમ હિંસાદિ પાપોના ત્યાગની પ્રતિજ્ઞા જાહેર કરીએ તેમ જીવોને અભય મળે છે. આપણે એટલે અંશે પાપથી મુક્ત બનીએ. અહિંસા ધર્મના પાલક બનીએ છીએ.

મનુભાઈ જયંતીલાલ છાપીવાળા :

આ વિદ્યાર્થી ઉપર મુજબના મુદ્દાઓ ટાંકી છેવટે લખે છે કે આ દુનિયા પર અસંખ્ય અનંત પદાર્થો છે તે બધા તમે ખાવાના છો ? કતલખાનાં ચલાવવાના છો ! ફિલ્મો બધી જોવાના છો ? ના છતાં જ્યાં સુધી પ્રતિજ્ઞા લઈ સર્વથા ત્યાગ ન કરો કે એની લીમીટ ન બાંધો ત્યાં સુધી પાપનો ભાર ચડયા જ કરવાનો. જેટલા પ્રમાણમાં જેને આશ્રવ બંધ (પાપના દ્વાર) કર્યા તેટલું એ પાપથી છુટ્યો.

એક વિદ્યાર્થી (પેપર તપાસતાં આ મુદ્દા તરફ લક્ષ ગયેલું પાછળથી તેનું પેપર ન મળવાથી નામ લખ્યું નથી) પ્રતિજ્ઞા-પચ્ચક્ખાણ વિના પાપથી બચી શકાતું નથી. આપણે પાપ ત્યાગની પ્રતિજ્ઞા બિલકુલ ન લઈએ તો પાપથી સાવ ભીંજાઈ જઈએ. જેટલે અંશે પ્રતિજ્ઞા કરીએ એટલા બચી જઈએ. દા. ત., વરસાદ વરસતો હોય અને આપણે છત્રી લીધા વિના જઈએ તો સાવ પલળી જઈએ, છત્રી જો કાણાવાળી હશે તો કાણામાંથી આવતા પાણી જેટલા પલળીશું. છત્રી બિલકુલ કાણા વગરની નવા જેવી હશે તો ગમે તેવો વરસાદ વરસતો હશે તો પણ આપણે પલળશું નહિ. જીવનમાં સામાન્ય વ્રત-નિયમો એ કાણાવાળી છત્રી જેવા છે. જેને શાસ્ત્રમાં દેશ વિરતિ કહી છે. સર્વથા પાપના પચ્ચક્ખાણ-પ્રતિજ્ઞાની તદ્દન કાણા વિનાની છત્રી જેવા છે. જેને સર્વવિરતિ-સાધુ ધર્મ સાથે સરખાવી શકાય.

• • •

વિષય : શ્રી ષોડશક ગ્રંથ

પ્રશ્ન : બાળ મધ્યમ અને બુધ જીવોનું સ્વરૂપ અને એમાં કયાં કયાં ખૂટતા તત્ત્વ છે. તે વર્ણવો.

પ્રશ્નોત્તર લેખક : શાહ મુકેશ નવીનચંદ્ર

એસ. એસ. સી.

ધર્માર્થી જીવોના ત્રણ પ્રકાર છે. ૧ બાળ, ૨ મધ્યમ, ૩ બુધ.

बालः पश्यति लिङ्ग, मध्यमबुद्धिर्विचारयति वृत्तम् ।
आगमतत्त्वं तु बुधः परीक्ष्यतं सर्वयत्नेन ॥

બાળ જીવ વંશને જુવે છે. મધ્યમ બુદ્ધિ જીવ સદાચરણને જુવે છે. બુધ જીવ આગમ તત્ત્વને તપાસે છે.

૧. બાળ : બાળ જીવો અસદારંભી હોય છે.

અસદારંભ ત્રણ પ્રકારના,

૧ અસુંદર

૨ આગમમાં ન કહ્યા હોય તેવા

૩ સ્વશક્તિ સમયાદિને સાપેક્ષ નહિં કોઈ પણ ધર્માચરણ પર બલાબલની વિચારણા નહિં.

બાળ જીવો વિવેક દૃષ્ટિના અભાવવાળા હોય છે. તેઓ માત્ર બાહ્યવેશને જોઈને જ ધર્મ બુદ્ધિ કરે છે; તેઓ કહે છે 'અમે તો ભગવાનના ભેખને નમીએ' પરંતુ આ દૃષ્ટિ વિવેક ભરી નથી.

બાળ જીવોમાં ખૂટતાં તત્ત્વો : (૧) વિવેક દૃષ્ટિ કે જેથી વેશની પાછળ જરૂરી આચરણ જોતાં નથી. (૨) માત્ર બાહ્ય વેશ અસર છે તેનું અજ્ઞાન-બાહ્યવેશ શા માટે અસાર ? કારણ, સર્પે કાચળી છોડે તેટલા માત્રથી તે વિષ રહિત બની શકતો નથી તેમ માત્ર માથું મુંડવાથી કે ભગવાં વસ્ત્રો ધારણ કરવાથી મન વિશુદ્ધ થતું નથી.

જે મનુષ્ય બાહ્યેન્દ્રિયો પર સંયમ આણીને પણ મનથી વિષયાસકત રહે છે તે મૂઢ છે. - ઇતર દર્શન. જૈન શાસ્ત્ર પણ કહે છે કે 'અશુચિના ઉકરડા સમા અને શાસ્ત્રોકત ગુણથી રહિત જીવ પણ બાહ્ય વેશ ધરાવી શકે છે. આમ બાળ જીવો બિલકુલ પ્રાથમિક ભૂમિકામાં હોય છે. તેઓને વેશનું મહત્વ-વેશની પાછળ જરૂરી

આચરણની સમજ આપવાની જરૂર.

૨. મધ્યમ : મધ્યમ બુદ્ધિવાળા આ જીવો વેશની સાથે ચારિત્રને જુવે છે. પણ તેઓ સમ્યકત્વરહિત અને ગૌરવ લાઘવાદિના જ્ઞાન વગરના હોય છે. તેઓ ઐદંપર્યની શુદ્ધિ અને પ્રવચનાનુસારી ચારિત્ર્યને જાણતા નથી. અર્થાત્ તેઓમાં આગમ તત્ત્વના જ્ઞાનનો અભાવ હોય છે. કોઈ જીવ દયા પાળે, સાધુ સામાચારી પાળે તે જોઈ તેના પર ઓવારી જાય પણ શુદ્ધ ચારિત્ર્ય શું ચીજ છે ? તે તેઓ સમજતા નથી હોતા.

મધ્યમ બુદ્ધિ જીવોમાં ખૂટતાં તત્ત્વો : (૧) તેઓમાં શુદ્ધ ચારિત્ર્યનું અજ્ઞાન હોય છે. શુદ્ધ ચારિત્ર્ય તે કે જે આંતર પરિણામની શુદ્ધિવાળું હોય. એટલે કે ચારિત્ર-મોહનીય (પ્રત્યાખ્યાનાવરણ)ના ક્ષયોપશમવાળું હોય. જેની પાછળ સમ્યકત્વ અને ગૌરવ લાઘવાદિનું જ્ઞાન હોય.

પૂજા-ખ્યાતિની ખાતર કરવામાં આવતી ક્રિયા અશુદ્ધ છે. વળી તે મિથ્યાજ્ઞાનથી કલંકિત હોય તો પણ અશુદ્ધ અસુંદર કહેવાય.

આવા જીવોને ત્રિકોટિ પરિશુદ્ધ અષ્ટ પ્રવચન માતાના પાલન, ગુરુપારતન્ત્ર્ય વગેરેની દેશના આપવી જોઈએ.

૩. બુધ : બુધ જીવો શાસનોન્નતિને લક્ષમાં રાખી રત્નત્રયીના માર્ગે ચાલનારા. આગમ તત્ત્વની તપાસ કરનારા હોય છે. તેઓ માત્ર જડક્રિયા કે શુષ્ક તત્ત્વજ્ઞાન જ ઇતિ કર્તવ્યતા નથી માનતા. ક્રિયાને અનુરૂપ આગમોકત પરિણામને જુવે છે. વળી અનુષ્ઠાન પણ આગમોકત છે કે નહિ તે તપાસે છે.

આમ બુધ જીવો ખૂબ જ પરાકાષ્ઠાએ પહોંચેલા હોવા છતાં કેટલીકવાર મિથ્યા આગમો પર પણ શ્રદ્ધા વાળા હોય છે માટે તેઓને શુદ્ધ આગમ તત્ત્વની પ્રતીતિ કરાવતી દેશના આપવી જોઈએ.

તેઓ માત્ર ક્રિયાને ધર્મ નથી માનતા માટે ક્રિયાને અનુરૂપ ભાવ પર ભાર મૂકતી દેશના આપવી જોઈએ.

આ બુધ જીવો આગમ અને ધર્મને શો મેળ છે ? આગમનું ઐદમ્પર્ય શુદ્ધ છે કે નહિ ? જિનવર-પરમાત્મા હૃદયસ્થ કેમ બને તે સર્વ તત્ત્વોની જિજ્ઞાસાવાળા હોય છે. માટે તેઓને તેવા તત્ત્વોથી પ્રચુર દેશના આપવી જોઈએ.

ધર્મ-સંસ્કરણ માટે અતિ જરૂરી વસ્તુ

ભવોદ્વેગ વિના મોક્ષ પ્રયત્ન નહિ :

આવા સંસાર પર અભાવ થાય, અરુચિ થાય, એ પ્રથમ પગથિયે જરૂરી છે. તે એટલા માટે કે એ વિના મોક્ષ માટે રુચિપૂર્વક પ્રયત્ન જ થાય નહિ. એમ તો સંસારી જીવનમાં જરૂરિયાત અંગે કે ત્યાગના જોમના અભાવે, અનુકૂળ સુખ-સાધન ઉપર રાગ થવાનો, પરંતુ અંતરમાં તો નિશ્ચિત બેઠું હોય કે 'આ ખોટું થઈ રહ્યું છે. આ સંસાર અને એની સુખ-સગવડો જરાય ભરોસો કરવા લાયક નહિ, એમાં આત્માનું કશું કલ્યાણ નહિ; બલ્કે અનર્થ જ ઊભા થવાના ! કયારે આ બલા છૂટશે !' આવો ભવોદ્વેગ હોય એટલે સહેજે ભવના પ્રતિપક્ષી મોક્ષ ઉપર રુચિ થાય, રુચિપૂર્વક મોક્ષાર્થ પ્રયત્ન થાય.

પ્ર૰-ભવ અને મોક્ષ બંને પર રાગ હોય એવું ન બને ?

ઉ૰- અરે ! ભવ કેદ જેવો લાગે તો તો સહેજે ગમે તેવી સુખ સગવડવાળા પણ નજર કેદી રાજાની જેમ કેદમાંથી મુક્તિ થવા તરફ જ હૈયાનો ઢાળ હોય, તો જ એ મોક્ષ વડે પુરૂષાર્થ કરે. નહિતર તો જો ભવવાસ મહેલવાસની જેમ હુંફાળો સુખાળો લાગતો હોય, દિલને એમાં કોઈ ઉચાપત-અકળામણ નહિ તો શું કામ એ માનેલા મહેલવાસ-સમા ભવમાંથી છૂટવા ઇચ્છે ? એવી ઇચ્છા જ નહિ તો એનો પ્રયત્ન તો હોય જ શાનો ?

પ્ર૰-એમ તો કેટલાય જીવો સદ્‌ગુરુ સેવા કડક તપસ્યા, મોટા દાન વ્રત વગેરે ધર્મ કરતા દેખાય છે ને ?

ઉ૰-તેથી શું ? જ્યાં સુધી ભવનિર્વેદ નથી થયો ત્યાં સુધી એવો બધો પ્રયત્ન એ તો સાંસારિક સુખ-સન્માદિની કાંક્ષાથી હોય છે યા નરકાદિના દુઃખ ન આવે એટલા માટે હોય છે. સ્વર્ગાદિ મળે તે તો જોઈએ જ છે, પણ નહિ કે મોક્ષની ઇચ્છા છે. ભવ કડવો ન લાગે તો મોક્ષ મીઠો ઇષ્ટ કયાંથી લાગે ? સંસારનો પ્રતિબંધ છે, આસક્તિ-મમતા આકર્ષણ છે, ત્યાં સુધી સંસાર પર નિર્વેદ-ખેદ-ઉદ્વેગ નથી જાગતો. એવા સંસારમમત્વપૂર્વકના ઠેઠ દેખીતા ચારિત્ર ધર્મ સુધીનો પ્રયત્ન પણ વસ્તુગત્યા મોક્ષ માટેના પ્રયત્ન જ નથી. જેવી રીતે નિર્જીવ મડદાની ક્રિયા. દા. ત., કોઈએ મડદાના હાથ ઊંચાનીચા કર્યા તો એ કાંઈ જેનું મડદું છે, એનો પ્રયત્ન ન ગણાય. એમ, આવા સાંસારિક સુખાર્થે ધર્મના પ્રયત્ન પણ મોહના ઘરની

પ્રવૃત્તિ કહેવાય, આત્માની પોતાની મોક્ષરુચિની પ્રવૃત્તિ નહિ. માટે સંસાર-આસક્તિ તો પહેલી દૂર કરવાની.

અહીં મોક્ષ માટેના પ્રયત્નમાં પહેલે પગથિયે ભવનિર્વેદ કહ્યો. 'ભવનિવ્વઓ'થી જેનું નામ સંસાર તેના પર નિર્વેદ, પછી બાહ્ય એ સંસાર દિવ્ય સુખરૂપ હો, મનમાની સગવડ-અનુકૂળતા રૂપ હો, યા સમ્રાટ ચક્રવર્તી કે મોટા ઇન્દ્રની બાદશાહી-સત્તા સન્માનરૂપ હો, ગમે તે સ્વરૂપના સંસાર ઉપર ખેદ, ઉદ્વેગ. દિલનો અભાવ, એની આશંસા પહેલી મૂકી. એ સૂચવે છે કે લૌકિક-લોકોત્તર કોઈપણ ધર્મના મૂળમાં ભવનિર્વેદ પહેલો જોઈએ.

ભવનિર્વેદ એ ધર્મનું મૂળ શાથી ?

(૧) ધર્મ તરીકે ધર્મ પર રસ તો જ જામે કે જો સુખરૂપ સંસાર પણ અકારો લાગતો હોય. અકારો ન લાગે તો તો એવા કોઈ સુખ સંસારના સાધન તરીકે જ ધર્મ ગમવાનો અને એનું પરિણામ ભવકેદની વૃદ્ધિ !

(૨) ભવનિર્વેદ હશે તો જ સંસાર ખરાબ લાગે છે. માટે એના પોષક પાપસ્થાનક પર પણ ગ્લાની થશે, અભાવ થશે અને સુકૃત-સત્કૃત્ય અને સદ્‌ગુણ સદાચારની જ કિંમત અને મહત્તા હૈયે તરવરતી રહી, એના પર આદર-બહુમાન સાથે એની જ સાધનાની તીવ્ર ભૂખ રહેશે. ભવનો નિર્વેદ અને ભવનો ભય જાગતો રાખ્યા વિના આ પાપગ્લાની અને સુકૃત-સદ્‌ગુણના મૂલ્યાંકન બહુમાન-તીવ્ર ભૂખ કયાંથી જાગે ? ફરિયાદ છે કે 'ધર્મનો રસ કેમ નથી જાગતો રહેતો ?' પણ ભવ ખૂંચતો રહ્યા વિના શા માટે જ એ રસ જાગે ?

(૩) ભવનિર્વેદ હોય તો જ ભવનાં મૂળ કારણભૂત કષાયો, પછી બાહ્ય તે રાગરૂપ, હર્ષરૂપ કે રોફરૂપ એના પર પણ ગ્લાની થાય. તો જ અનિવાર્ય પાપપ્રવૃત્તિમાં પણ અને સુકૃતાદિ સાધતાં ય કષાય ચોટ્ટાને દાબમાં રખાય; જેથી પાપ મહાપાપ ન બને અને ધર્મ કલુષિત ન થાય. આ કારણોએ ભવનિર્વેદ પાયામાં જોઈએ જ.

(૨) મગ્ગાણુસારિઆ :

બીજી આશંસા છે માર્ગાનુસારિતાની. માર્ગાનુસારતા એટલે તત્ત્વાનુસારિતા, તત્ત્વ તરફ હૃદયનો ઝોક રહેવો, અતત્ત્વ-તરફી વલણ ઊઠી જવું. વાતમાં, વિચારમાં કે વર્તાવમાં સન્માર્ગ શું, તત્ત્વ શું એ તરફ જ દિલ જાય. તત્ત્વહીન, અસાર ને ફોફા જેવી વાતો ગમે નહિ. દિલ એમાં ઓતપ્રોત ન થાય. એ અસદ્‌ગ્રહ-દુરાગ્રહનો નિગ્રહ કરવાથી આવે. તત્ત્વહીન નિસ્સાર માલ વિનાની વાતોમાં

લયલીનતા હોય, અતત્ત્વની પકડ હોય, અભિનિવેશ હોય,-'એજ સાચું' એવું અનિગૃહિક મિથ્યાત્વ હોય, હૈયું અતત્ત્વ તરફ સહેજે ઢળતું હોય. ત્યાં સુધી તત્ત્વ ન પાળી શકાય. તત્ત્વાનુસારી ન બની શકાય. સંભવ છે. તત્ત્વ પ્રાપ્તિના સંયોગ ન મળ્યા હોય, છતાં જેમાં બેઠો છે ત્યાં છદ્મસ્થ ભાન હોય, એમ સમજીને કે 'શાસ્ત્ર ઘણાં, મતિ થોડલી' માટે 'મારું તે સાચું નહિ, પણ સાચું તે મારું.' એ સહેજે આશંસા કરે કે મને તત્ત્વાનુસારિતા મળો સરળ ભદ્રક પ્રકૃતિવાળો તત્ત્વમાર્ગનો પ્રેમી અને પ્રજ્ઞાપનીય અર્થાત્ સમજવાની વૃત્તિવાળો. એ માર્ગાનુસારિતાને ઝંખનારો હોય.

ભવનિર્વેદ થવા ઉપર પણ માર્ગાનુસારિતાની જરૂર છે. વક્રતા કાઢી સરળતા લાવવાની વાત છે, જેથી આ ઉન્માર્ગ-અતત્ત્વની ખેંચપકડ ના થાય. નહિતર બિચારો મોક્ષનો અભિલાષી છતાં અતત્ત્વમાં જકડાઈ રહ્યો તત્ત્વમાર્ગનાં પગથિયાં ચડવા જ ન પામે. શાસ્ત્રમાં પોતાનું અલ્પમતિએ પરસ્પર વિરુદ્ધ દેખાતી વાત લાગે, ત્યાં જો તત્ત્વાનુસારિતા ગુણ હોય તો તત્ત્વજ્ઞ પાસે તત્ત્વમાર્ગ સમજવા પ્રયત્ન કરશે, છેવટે 'તત્ત્વં કેવલિગમ્યં' કરશે; પરંતુ અશ્રદ્ધામાં નહિ પડે.

તત્ત્વાનુસારિતા તો એક દિવ્ય દૃષ્ટિ છે, જેથી (૧) શાસ્ત્રોની ભિન્ન ભિન્ન વાતોને એનાં મર્મ, પ્રયોજન, સ્થાન, આશય વગેરેના વિચારપૂર્વક યોગ્ય ન્યાય અપાય છે, ઘટતી રીતે લગાવાય છે. ઉત્સર્ગ એ ઉત્સર્ગ, અપવાદ એ અપવાદ, અમુક અપવાદ અમુક જ ઉત્સર્ગ ઇત્યાદિ. (૨) તેમજ કોઈપણ વાણી, વિચાર, વર્તાવમાં જ્ઞાનદૃષ્ટિને જાગતી રખાવી મોહદૃષ્ટિને દાબી દે છે, માટે માર્ગાનુસારિતા-તત્વાનુસારિતાની આશંસા જરૂરી.

(૩) **"ઇષ્ટફલ સિદ્ધિ"**નો અર્થ છે અવિરોધી ફળની ઉત્પત્તિ..... આવું ફળ એટલે અવિરુદ્ધ આવિકાદિરૂપ ઇચ્છિત કાર્ય. એ સિદ્ધ થાઓ એવી આશંસા વ્યકત કરી. આમાં,

અ વિરોધી-અ વિરુદ્ધ બે રીતે (૧) આજીવિકાના ઉપાય આદિ પોતાના ધર્મસ્થાનને વિરુદ્ધ ન જોઈએ. અનુચિત ન હોવા જોઈએ. દા. ત., પોતે શ્રાવક ગૃહસ્થ હોય તો સામાન્ય રીતે અનર્થ દંડના ધંધા અસતી-પોષણાદિના ધંધા વગેરે ન જોઈએ. એમ કોઈપણ જૈન-જૈનેતર ગૃહસ્થ માટે અનીતિ-અન્યાયના વ્યવસાય ન જોઈએ. ધંધાની આજીવિકા એ અહીં ઇષ્ટ ફળ નહિ. વળી (૨) અવિરોધી એટલે કે ચિત્તની સમાધિ ગુમાવરાવે એવા નહિ. દા. ત., કોઈ ગરીબ માણસ ઇચ્છે કે મને લાખ બે લાખ રૂપિયા મળો, જેથી મારા મનને શાંતિ થાય; તો એ

ઇષ્ટ ફળ ન કહેવાય; કેમકે એમાં માનેલી ચિત્ત-શાંતિ એ ખરેખર શાંતિ નથી. પરંતુ ચિત્તનો ઉન્માદ પોષવારૂપ છે, રાગની વર્ધક છે. એથી અસમાધિ ઉલ્ટી છેટી જાય છે. રાગ-મમત્વ-અહંત્વાદિથી અસમાધિ વધે છે. આમ બે રીતે અવિરોધી ઇષ્ટની સિદ્ધિની અહીં આશંસા છે.

ધાર્મિક શિક્ષણ-શિબિર-સમાચાર

દિવાળી-શિબિર

મુંબઈ ધાર્મિક શિક્ષણ શિબિર સમિતિના મંત્રીઓ શ્રી શાન્તિભાઈ તથા કેશુભાઈ વગેરે એ આજના વિદ્યાર્થીઓમાં જૈન શાસ્ત્રોના તત્ત્વોનું જ્ઞાન અને માર્ગનું સંસ્કરણ કેમ પ્રચારાય, એ માટે સદા ચિંતા રાખ્યા કરે છે અને સક્રિય પ્રયત્ન પણ કરતા રહે છે. આ વખતે ઓકટોબર મહિનાની રજાઓમાં એક નાની શિબિર યોજવા માટે એમણે ગણતરીના વિદ્યાર્થીઓને આમંત્રણ પાઠવેલા. એ મુજબ મુંબઈ, ગોધરા, ભાવનગર, અમદાવાદ, સુરત, ખાવડ, પેટલાદને ખંભાતના કોલેજિયન અને હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ પાટણ મુકામે સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં ધાર્મિક શિક્ષા-સંસ્કરણ માટે એકત્રિત થયા હતા. એમાં મૂકેશચંદ્ર મુંબઈવાળા, રજનીકાન્ત, મૂકેશ (ગોધરા), ચંદ્રસેન અને દેવેન્દ્ર (સુરત), પ્રવીણભાઈ (અમદાવાદ) મુક્તિ અને કીર્તિ (ખંભાત), રાજુ જશવંત (ખાવડ) વગેરે પણ હાજર હતા.

અષ્ટાપદની ધર્મશાળામાં એમને ઉતરવા-રહેવાની સારી સગવડ થયેલી. **પાટણ** નગીનદાસ કરમચંદ પૌષધશાળા (મંડપ) સંઘ તરફથી સંઘના રસોડે એમની ભક્તિ કરવામાં આવતી. શિબિર મંત્રીઓ તરફથી એમને બીજી પણ અનુકૂળતાઓ કરેલી હતી ઉપરાંત પાટણના ભાવિક ગૃહસ્થ અવર-નવર પોતાના આંગણે પગલાં કરાવી ભક્તિ કરી દરેકને રૂપિયો શ્રીફળ તિલકથી સત્કારતા. આખી શિબિર દરમિયાન ભાઈશ્રી રજનીકાન્તે બધા વિદ્યાર્થીઓની સેવા શુશ્રુષા સારી કરેલી.

રોજના કાર્યક્રમમાં

- સવારે પ્રતિક્રમણ
- પૂજા, નવકારશી
- યોગ-સંગ્રહ ધ્યાન-શતક વગેરેની વાચના

- તત્ત્વાર્થની ચિત્ર-પદ્ધતિથી વાચના
- ભોજન આરામ અભ્યાસ છાસ-પાન
- ૨॥ વાગેથી ધ્યાન શતક વર્ગ, તથા મરણ સમાધિ પયન્નોની મુનિઓને અપાતી વાંચનાનું શ્રવણ.
- સાંજે ભોજન, દેવદર્શનાદિ
- સાંજે પ્રતિક્રમણ, સંથારા પોરિસી શ્રવણ, સત્સંગ
- નોટસ અભ્યાસ, નિદ્રા.

રોજની વાચનાઓમાં ઘણા વિદ્યાર્થી સામાયિકમાં જ બેસતા.

ઉપરાંત, દિવાળી-૧૪ ०)) વિદ્યાર્થીઓએ છઠ્ઠ, ઉપવાસ, આંબેલ વગેરે તપ, પૌષધ, દિવાળી-રાતના શ્રી મહાવીરસ્વામી-નિર્વાણ કલ્યાણક તથા શ્રી ગૌતમ સ્વામી-કેવળજ્ઞાન નિમિત્તે ૬૦ નવકારવાળી અને દેવવંદન કરેલ.

બેસતા વરસથી માંગલિક શ્રવણપૂર્વક સમગ્ર પાટણ નગરના જિનચૈત્યો (લગભગ ૧૨૫)ની ત્રણ દિવસ યાત્રા કરેલી. ખૂબી એ હતી કે બપોરે બારથી લગભગ ૨॥-૩ સુધી ચૈત્યપરિપાટી ચાલતી અને સવાર-બપોર-સાંજની તત્ત્વશિક્ષણ વગેરે આરાધના ચાલુ હતી.

જ્ઞાન-પંચમીના દિવસે નાના મોટા વિદ્યાર્થીઓએ એકાશન ઉપવાસ સાથે પૌષધ કરી સવારે 'યોગ સંગ્રહ' વાચના તથા જ્ઞાન માહાત્મ્યનું વ્યાખ્યાન શ્રવણ, પછી નગરમાં જુદે જુદે લગભગ ૧૫-૨૦ સ્થળે જ્ઞાન-ઉદ્યાપનનાં દર્શન તથા ચૈત્યપરિપાટી, બપોરે પંચજ્ઞાનના દેવનંદન, તત્ત્વજ્ઞાનવાચના, પછી પડિલેહણ પ્રતિક્રમણ, 'નમોનાણસ્સ' જાપ ૨૦૦૦, ૫૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ વગેરે આરાધના કરેલી.

જ્ઞાન, ધ્યાન અને સંસ્કરણ માટે શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણનાં 'ધ્યાનશતક' પ્રકરણના આધારે અનેક દ્વારોની વહેંચણીપૂર્વક આર્ત-રૌદ્ર-ધર્મ-શુકલ ધ્યાનનું વિસ્તારથી વર્ણન, આવશ્યક સૂત્ર ટૂકામાંથી '૩૦ મહા-મોહનીયસ્થાન' અને '૩૨ યોગસંગ્રહ', થી તત્ત્વાર્થ મહાશાસ્ત્રના પાંચ અધ્યાયના પદાર્થોનું ચિત્ર પદ્ધતિએ વિવેચન, તથા મુનિઓને અપાતી 'મરણ સમાધિપયન્નો'ની વાચનામાં આરાધનાની પ્રેરણા, એના અંગોની સમજુતી, એનાં કથા દૃષ્ટાન્ત એ વિષયો રાખવામાં આવ્યા હતા. પ્રસંગે પ્રસંગે તેને વિષયની પોષક કથા-દૃષ્ટાન્તો કહેવાતા. વિદ્યાર્થીઓના અનેકવિધ પ્રશ્નોનાં સમાધાન અપાતા. શકય હશે તો આ વિષયોના મુદ્દા હવે પછી દિવ્યદર્શનના અંકમાં પ્રગટ કરવામાં આવશે.

વિદ્યાર્થીઓને શિબિર ૧૮મી તારીખથી શરૂ થવાની માહિતી અપાઈ હતી, પણ કેટલાકને રજાઓ મોડી પડી વગેરે કારણે આવવામાં વિલંબ થવાથી, તા. ૨૧થી વર્ગ શરૂ થયા. તે તા. ૩૧-૧૦-૬૫ સુધી ચાલ્યા છતાં માત્ર ૧૧ દિવસમાં જે વિશાળ સમ્યગ્જ્ઞાન અને સુસંસ્કરણ તથા સમ્યગ્દર્શનની પ્રેરણા અને કરણી તથા સમાયિક પ્રતિક્રમણાદિ ચારિત્રયોગની સાધના વિદ્યાર્થીઓને મળી, એણે ઘરે દિવાળી ઉજવવાના અને રજાઓની લહેર ભોગવવાના આનંદને કયાંય ફિક્કો પાડી દઈ ભૂલાવી દીધો ! વિદ્યાર્થીઓમાં કોઈ અનેરો આનંદ નવી સ્ફુર્તિ, નવું ધર્મ પ્રોત્સાહન અને નવીન જ અદ્ભુત તત્ત્વપ્રકાશ જાગ્રત થયો.

નાના ૧૨-૧૨ વર્ષના વિદ્યાર્થીઓ પણ આર્તધ્યાન, રૌદ્રધ્યાનની સરળ ભાષામાં વિગતો-સમજૂતી સાંભળી ગદ્ગદ થઈ ગયા; એ કહેતા કે 'આવું તો અમારે આખો દિવસ ચાલ્યા કરે છે' એમ પાપનો ભય ઊભો થયો. મનની દુષ્ટ વૃત્તિઓ કેવી ભયંકર ચાલે છે અને એનાં તિર્યંચ ગતિ નરક ગતિ સુધી કેવાં ભયંકર પરિણામ આવે ! એનું ભાન થયું. ધર્મ ધ્યાનનું સરળ ભાષામાં વિસ્તારથી વિવેચન સાંભળી, મનને શુદ્ધ કેમ કરવું એ માટે કેવી કેવી ધર્મ-પ્રવૃત્તિ રાખવી, ધર્મ અને જિનવચન એ કેવા અનંત કલ્યાણકારી કેવા છે, સકલજીવહિતકારી અને વિશ્વ-પ્રકાશક હોઈ એકાંતે આદરવા જેવા છે વગેરેનો હૃદયસ્પર્શી ખ્યાલ આવ્યો.

તત્ત્વાર્થ મહાશાસ્ત્રની એક મહાઈમારત, એમાં અનેક મજલા, મજલે મજલે ઓરડાઓ, ઓરડામાં પાર્ટીશનોની યોજનાથી પાંચ અધ્યાય સુધીના વિષયો ચિત્રરૂપે બતાવતાં વિદ્યાર્થીઓને નજર સામે હુબહુ ખ્યાલ આવ્યો કે તત્ત્વાર્થધિગમ મહાશાસ્ત્ર શું છે. એ વિષયોનો પ્રાથમિક સરળ ખ્યાલ આપતાં સમ્યગ્દર્શન-પંચજ્ઞાન, નય, જીવો, નારકી, દેવો, અજીવો, ઉત્પાદ-વ્યય, ધ્રૌવ્ય (ધ્રુવતા) વગેરેનો પ્રકાશ થયો.

મરણ સમાધિપયનોની વાચના સાંભળતાં મરણ કેમ સુધરે, ગુરુ આગળ આલોચન, પ્રાયશ્ચિત, મરણ સમયે સમાધિ અર્થે જીવનભર જીવવાના આરાધના-અંગો વગેરેની સમજૂતીથી વિદ્યાર્થીઓ સારા ભાવિત થયા.

એકંદરે આજના વિદ્યાર્થીઓને સરળ મનોગમ્ય પદ્ધતિથી જૈન ધર્મની બહુ બોધમય વસ્તુઓ સમજાવવામાં આવે તો એના પૂર્વના સારા સંસ્કારો જાગ્રત થઈ એને પોષણ મળે છે, તેમજ પૂર્વના કુસંસ્કારોનું પ્રક્ષાલન થતું આવી જીવન વિશુદ્ધ વિશુદ્ધ બનતું જાય છે. આવો અનુભવ શિબિરના અંતે વિદ્યાર્થીઓ પાસેથી જાણવા મળે છે.

ધર્મજીવનમાં અતિ જરૂરી આઠ વસ્તુ

'જયવીયરાય' સૂત્રમાં બતાવેલ ભવનિર્વેદ, માર્ગાનુસારિતા પછી ઈષ્ટ ફલસિદ્ધિની વિચારણા ચાલે છે.

પ્ર૰-આ અવિરોધી ઈષ્ટ-સિદ્ધિની આત્મહિતમાં શી જરૂર છે તે અહીં આઠમાં એને ગણી ?

ઉ૰-આત્મહિતમાં જરૂરી આ રીતે છે કે એનાથી જીવની જીવનનિર્વાહની સામગ્રી મેળવવાની આશાનો ભંગ જ થાય; એથી ચિત્તની પ્રસન્નાતા, સ્વસ્થતા નિરાંત બની આવે. ચિત્ત સ્વસ્થ હોય તો આરાધ્ય દેવપૂજાદિ કર્તવ્યોમાં પ્રયત્ન થાય. આમ જો દેવપૂજા ગુરૂસેવાદિ કર્તવ્ય પ્રસન્ન ચિત્તે બજાવાય તો તો મહાન આત્મહિત સધાય 'ચિત્ત પ્રસન્ન રે પૂજનફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ; એવી સ્વસ્થ મનની દેવપૂજાદિ કરણીના ઊંડા સંસ્કાર પડી એ પૂજાદિ અહીં અને પરલોકમાં પણ અખંડિત ધારાએ ચાલી શકે છે.

પરંતુ મૂળમાં જો ઈષ્ટસિદ્ધિ યાને જીવનનિર્વાહના ઉપાય આદિની અપેક્ષા ફળીભૂત જ ન થતી હોય તો તો તેથી ચિત્તની આશા ઉત્સુકતા, વિહ્વળતા એ વિષયમાં ઊભી જ રહે, મરે નહિ. તેથી રહેતી ચિત્તની વિહ્વળતા-અપ્રસન્નતામાં દેવપૂજાદિ કાર્યમાં મન કયાંથી લાગે ? પ્રયત્ન કયાંથી થાય ? કદાચ થાય તોય વિહ્વળતાવાળા એ કાર્યમાં ભલીવારેય શો આવે ? 'પેટમાં કૂવો ને વરઘોડો જુઓ' જેવું થાય.

પ્ર૰-એમ તો કોઈને બંગલા-બગીચાની ઈચ્છા હોય, ને એ ન મળે ત્યાં સુધી ચિત્તની ઉત્સુકતા મરતી ન હોય તેથી એને દેવપૂજાદિ કાર્ય સ્વસ્થ પ્રસન્ન મનના નહિ થાય, તો શું એ ઈષ્ટની સિદ્ધિ અહીં પ્રાર્થનીય નહિ ?

ઉ૰-ના, નહિ; એનું કારણ એ છે કે એવી સિદ્ધિ ઈચ્છવા જશે તો પાછી નવી ઉત્સુકતાઓ જન્મશે, નવી આકાંક્ષા ઊભી થશે, એ ફલીભૂત થતાં વળી નવી જાગશે ! એમ, ઈચ્છાઓનો પાર જ નહિ આવે.

'લાહા લોહો પવડ્ઢઈ'

લાભથી લોભ વધે છે.

"જહા લાહો, તહા લોહો" જેમ લાભ થતો જાય તેમ લોભ વધતો જાય છે, નવો નવો લોભ જાગતો જાય છે. એટલે ખરી રીતે તો એવી અસદ્ ઉત્સુકતા

આકાંક્ષાઓને એના વિષયની સિદ્ધિ દ્વારા શાંત કરવા જેવી નહિ, કિન્તુ વિવેક, વિશેષદર્શિતા. અનર્થદર્શન અને સંતોષભાવથી મિટાવવા જેવી છે. શાસ્ત્રોપદેશ તથા મહાપુરૂષોના ચરિત્રનાં શ્રવણ-મનનથી એ સંતોષભાવ બની આવે છે. અધિક સંપત્તિ પાછળ સર્જાતા મહાન અનર્થો જગતમાં જોવા મળે છે. તે પર વિચાર કરવાથી પણ સંતોષ વાળવાથી એવી આકાંક્ષા મટે છે. એવી અસદ્ આકાંક્ષાઓ તો એમ જ શાંત કરવી જોઈએ અને શાંત થઈ શકે છે જ્યારે જીવનનિર્વાહ વગેરે. અસહ્ય વેદનાની શાંતિ વગેરેનાં સાધનનો તો સવાલ એવો છે કે એની આકાંક્ષા ઉત્સુકતા એ સાધન સિદ્ધ થયા વિના એકલી ભાવના માત્રથી મટતી નથી. પેટ જ ભૂખ્યું હોય; આંખે અંધારા જ આવતા હોય, એ ભાવના માત્રથી શે સ્વસ્થ થાય ? માટે એના નિર્વાહનાં સાધનની સિદ્ધિની અહીં આકાંક્ષા કરવામાં આવી છે.

આ પરથી એ પણ સૂચિત થાય છે કે ઈષ્ટફળની સિદ્ધિ કાંઈ સુખ-મોજ માટે અપેક્ષિત નથી. કિન્તુ ચિત્તની પ્રસન્નતા, શાંતિ, સ્વસ્થતા ઊભી કરી વ્યગ્રતા-વ્યાકુળતા, સંકલ્પ-વિકલ્પ અને આર્તધ્યાન ટાળવા માટે તથા એ ટાળીને પણ દેવપૂજાદિ ઉપાદેય કાર્યો સુકૃતો બજાવતા રહેવા માટે જીવનના નિર્વાહનું કાર્ય તો એક **અનિવાર્ય** વસ્તુ છે. વધારે સ્વસ્થ મન સાથે દેવપૂજા, ગુરૂસેવા વગેરે સત્કાર્યો તો અતિ આવશ્યક, અવશ્ય કરણીય વસ્તુ છે.

(૪) 'લોગ વિરૂદ્ધચ્ચાઓ' :

'લોકવિરૂદ્ધ આચરણનો ત્યાગ' એ ચોથી આશંસિત વસ્તુ છે. ભવનિર્વેદ ઉપર માર્ગાનુસારિતા એટલે કે તત્ત્વાનુસારિતા લાવવાની કહી એ જાળવીને ઉપાદેય કાર્ય કરતા રહેવાય, એ માટે જરૂરી ચિત્તની નિરાંત ખાતર ઈષ્ટફળ-સિદ્ધિ જોઈએ. ચિત્ત સ્વસ્થ થવા ઉપર કોમળ પણ બનવું જોઈએ, કેમકે આત્મવિકાસ માટે હૃદયની કોમળતા જરૂરી છે, એ માટે પોતાના આત્માની દૃષ્ટિની જેમ બીજાની દૃષ્ટિ પણ રાખવાની છે; તે એ, કે આપણા નિમિત્તે લોક સંકલેશમાં ન મુકાય. એ માટે લોકવિરુદ્ધ આચરણનો ત્યાગ કરવાનો.

લોક-વિરૂદ્ધ એટલે લોકોના મનમાં સંકલેશ ઊભો કરે, ખેદ દ્વેષ પેદા કરે એવા કાર્ય, એવા બોલ, એવા અનુચિત્ત વ્યવહાર, દા. ત., નિન્દા, દ્રોહ, કોઈકનાં નાણાં લાવી પાછા ન આપવા, અન્ય ધર્મીનો તિરસ્કાર કરવો વગેરે વગેરે..... આવા આચરણથી લોકોને સંકલેશ થતાં અનર્થ એ ઊભા થાય છે કે એ બિચારા કષાયથી કર્મબંધ ઊભા કરે છે. કર્મથી બંધાય છે અને આગળ વધી ધર્મ તરફ દુર્ભાવનાવાળા બને છે તેથી ભવાંતરે પણ એમને બોધિ સદ્ધર્મની પ્રાપ્તિ દુર્લભ

બને છે. અહીં જ સત્‌ધર્મ પ્રત્યે દુર્ભાવ કરી હોય એટલે ભવાંતરે સદ્ધર્મ તરફ આકર્ષણ કયાંથી થાય ? આ મહાન અપાયસ્થાન કહેવાય, મહાન નુકશાનીનો પ્રસંગ લેખાય. એનું મૂળ લોક વિરૂદ્ધ કાર્યનું આચરણ છે એમાં દિલની કઠોરતા પોષાય છે. કોઈની નિંદા થાય, દ્રોહ કરાય, આરોપ ચડાવાય એ કાંઈ દિલ કઠોર કર્યા વિના ન બને. દિલ કઠોર રહે પછી એમાં ગુણો કે સાધના સરળતાથી ઊતરી શકે નહિ. માટે કઠોરતા ટાળી લોક વિરુદ્ધનો ત્યાગ કરવો જ જોઈએ.

"દિવ્ય-દર્શન" - **"શિબિર શિક્ષણ રસઘુંટડાં"**

વર્ષ-૧૪,અંક-૯,તા.૬-૧૧-૧૯૬૫

સંપાદક : પૂ. મુનિરાજ શ્રી મિત્રાનંદ વિ.મ.

વિષય : શ્રી ષોડશકગ્રંથ

પ્રશ્ન : આગમતત્ત્વની શુદ્ધિના ૪ મુદ્દાનું સ્વરૂપ શું ?

પ્રશ્નોત્તર લેખકો : શા. મુકેશ નવીનચંદ્ર

અનુષ્ઠાનો આગમાનુસારી હોય છે. પણ જો આગમ શુદ્ધ ન હોય તો અનુષ્ઠાન પર ભરોસો ન રાખી શકાય માટે આગમતત્ત્વ શુદ્ધ હોવું જોઈએ તેની પ્રતીતિ નીચેના ચાર પ્રમાણ (મુદ્દા)થી કરી શકાય.

(૧) દૃષ્ટેષ્ટની સાથે અવિરોધ. (૨) ઉત્સર્ગ-અપવાદસંપન્નતા. (૩) આત્મા, બંધ, મોક્ષની સુવ્યવસ્થા. (૪) ઐદંપર્યની શુદ્ધિ.

(i) દૃષ્ટેષ્ટ સાથે અવિરોધ : દૃષ્ટ અને ઈષ્ટ સાથે અવિરોધવાળું **આગમવચન** હોવું જોઈએ.

દૃષ્ટ : પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણથી પ્રાપ્ત વસ્તુ.

ઈષ્ટ : આગમમાં જ બીજે આપેલા વચનથી પ્રાપ્ત વસ્તુ.

દૃષ્ટ : પ્રત્યક્ષ અનુમાનની વિરુદ્ધ એવું આગમવચન ન હોવું જોઈએ.

૧. દા.ત. 'આત્મા એક જ છે.' એવું વેદાંત-વચન પ્રત્યક્ષ વિરુદ્ધ છે. કારણ અનેક આત્મા વિચિત્ર સ્વરૂપે નજરે દેખાય છે.

૨. 'આત્મા એકાંત નિત્ય છે.' એવું વચન અનુમાન વિરુદ્ધ છે. કારણ 'આત્મા કૂટસ્થ નિત્ય' ન હોઈ શકે. **જે પરિવર્તનશીલ છે તે અનિત્ય હોય.'** એ અનુમાનની વિરુદ્ધ આ વાક્ય છે એટલે દૃષ્ટ વિરુદ્ધ થયું. **ઈષ્ટ :** આગમવચનો એકબીજા સાથે વિસંવાદવાળા ન હોવા જોઈએ. **દા.ત.** વેદોમાં એક સ્થાને કહ્યું કે

'મા હિંસ્યાત્સર્વભૂતાનિ' પ્રાણીઓની હિંસા ન કરવી જોઈએ અને બીજે સ્થાને કહ્યું કે **સ્વર્ગપ્રાપ્તિની ઈચ્છાવાળાએ અગ્નિહોત્રાદિ યજ્ઞો (હિંસામય) કરવાં.'** એક જ આગમના વચનો અહિંસાના અને હિંસાના પ્રતિપાદક હોવાથી એકબીજા સાથે વિરોધ ધરાવે છે. માટે તે ઈષ્ટ વિરુદ્ધ થયું. જૈન આગમમાં દૃષ્ટવિરોધ, ઈષ્ટવિરોધ નથી.

(ii) ઉત્સર્ગ-અપવાદ સંપન્નતા : ઉત્સર્ગ અને અપવાદ બંને જે આગમમાં સુવિહિત છે, તે આગમ શુદ્ધ કહી શકાય.

ઉત્સર્ગ : મુખ્ય વિધિવાક્ય-રાજમાર્ગ **દા.ત.** હિંસા ન કરતા...

અપવાદ : ઉત્સર્ગના ઉદ્દેશ્યની પોષક છૂટછાટ.

અત્રે મુખ્ય વાત એ છે કે અપવાદમાર્ગ, ઉત્સર્ગમાર્ગના ઉદ્દેશ્યનો પુષ્ટિકર્તા હોવો જોઈએ. **દા.ત.** ગ્લાન સાધુ માટે અપવાદ સેવીને આધાકર્માદિ દોષિત ગોચરી લાવવી પડે. જો તે અપવાદ સેવાય નહિ તો ગ્લાનસાધુને અસમાધિ થાય. કઠોર કર્મ બાંધે દુર્ગતિમાં જાય...જો અપવાદ સેવી એને દોષિત આપવું પડે તો ય ભવિષ્યમાં પ્રાયશ્ચિત્ત વિધિથી શુદ્ધ થઈ, જ્ઞાન ધ્યાન સંયમમાં વધુ રક્ત બની અહિંસાદિનો પરમ ઉપાસક બને અને બીજાઓને પણ એ માર્ગે વાળી શકે. એટલે આ અપવાદ ઉત્સર્ગમાર્ગના ઉદ્દેશ્યનો-રત્નત્રયીનો પોષક બન્યો કહેવાય માટે તે એવા પ્રસંગે સેવ્ય છે. પણ હિંસામયયજ્ઞ અપવાદરૂપે સેવ્ય ન કહી શકાય, કેમકે ઉત્સર્ગ કરતાં એનો ઉદ્દેશ જુદો છે. આ ઉત્સર્ગ અહિંસાનો ઉપદેશ પરમ બ્રહ્મની પ્રાપ્તિ છે, આ અપવાદ યજ્ઞનો ઉદ્દેશ સ્વર્ગ છે.

(iii) આત્મ-બંધ-મોક્ષની સુવ્યવસ્થા : આગમ તત્ત્વ તે શુદ્ધ કે જેમાં (૧) આત્મા છે. (૨) આત્મા પરિણામી છે. (૩) આત્મા, વિચિત્ર વાસ્તવિક કર્મોથી બંધાય છે. (૪) આત્મા કર્મોથી મુક્ત બની શકે છે. અને (૫) બંધ મોક્ષના હેતુ હિંસા અહિંસાદિ છે. આવું વ્યવસ્થિત પ્રતિપાદન હોય.

પરંતુ નીચે - મોક્ષના પ્રતિપાદનોવાળા આગમ અશુદ્ધ કહેવાય.

૧. નાસ્તિક મતાનુસાર - જીવ શરીરરૂપ છે, આત્મા જેવી કોઈ વસ્તુ નથી.

૨. ન્યાય-બૌદ્ધ મતાનુસાર - આત્મા એકાંતે નિત્ય છે, અને આત્મા એકાંતે અનિત્ય છે.

૩. સાંખ્યમતાનુસાર - આત્મા બંધાતો નથી.

૪. બૌદ્ધમતાનુસાર - આત્મા કાલ્પનિક વાસનાથી બંધાય છે.

(iv) ઐદંપર્યની શુદ્ધિ : ઐદંપર્ય = અંતિમસાર

તો આગમનો સાર-હાર્દ, મુખ્યકથન તે સત્ય હોવું જોઈએ. શુદ્ધ ઐદંપર્ય તે કે જેમાં પરલોક હિતકારી વિધિ-નિષેધના પાલનમાં આગમનું વચન જ પ્રમાણભુત હોય અને આ આગમ વચનોના પ્રકાશક-ઉપદેશકો અતીન્દ્રિય પદાર્થોના સાક્ષાત્ દૃષ્ટા-જ્ઞાતા હોવા જોઈએ. એટલે ઐદંપર્ય આ-અંતે સર્વજ્ઞ-વચન પ્રમાણ એજ સાર.

વળી આ પ્રરૂપણા અનાદિકાળથી ચાલી આવી હોવી જોઈએ. કારણ કે અતીન્દ્રિય જ્ઞાતાઓ તેવા પ્રકારની પ્રરૂપણા પહેલેથી કરતા આવ્યા હોય છે. એ અતીન્દ્રિયજ્ઞાતા પૂર્વના તેવા અતીન્દ્રિયજ્ઞાતાઓના વચનોના આલંબનથી તેવા બનેલા હોય છે માટે **ઐદંપર્ય=સર્વસાર** શુદ્ધ હોવો જોઈએ.

આમ આગમતત્ત્વની શુદ્ધિના આ ચાર મુદ્દાઓનું સ્વરૂપ છે.

વિષય : સૂત્ર વિવેચન.

પ્રશ્ન : સામાયિકમાં બેસવાનો ઉલ્લાસ શું વિચારથી થાય ?

પ્રશ્નોતર લેખક : - શા. અશ્વિનકુમાર બાબુલાલ ચાણસ્મા એસ.એસ.સી.

૧. શુભ ભાવોની પ્રેરણા મળે છે. ૨. પાપ વ્યાપાર-પ્રવૃત્તિનો ત્યાગ થાય છે. ૩. જેટલીવાર સામાયિક કરીએ છીએ તેટલીવાર અશુભ કર્મોનું છેદન થાય છે. ૪. સામાયિકની બે ઘડી સુધી સર્વ જીવોને અભયદાન મળે છે. ૫. શ્રાવક એટલો સમય સાધુ જેવો બને છે. આ વિચારોથી સામાયિકમાં બેસવાનો ઉલ્લાસ જાગે છે.

૨. ભુપેન્દ્રકુમાર સૌભાગ્યમલજી સંઘવી B.Com.(II)

सामायिकसे समभावकी आय-लाभ होता है । रागद्वेष इत्यादि विषम भावके विपरीत समभावका महान लाभ मिलता है । कर्म कटते है । साधु धर्म का अभ्यास होता है इस विचारसे सामायिक का उल्लास होता है ।

૩. બીપીન વાડીલાલ શાહ

આ સંસારમાં ક્ષણે ક્ષણે કેટલા બધા દોષોના ભાગીદાર થઈએ છીએ અહા હા ! બેઘડીના સામાયિકમાં ચિત્ત કેટલું નિર્મળ પ્રસન્ન થાય છે. પાપ ચોવીસ કલાક કરીએ છીએ તો આવા એક સામાયિકથી શું વળે, જો મને પાપત્યાગનું સામાયિક ચોવીસે કલાક મળે, અરે જિંદગીનું સામાયિક સાંપડે તો હું કેવો સદ્ભાગી ?

૪. મુકેશ મફતલાલ દોશી. ગોધરા

(i) જીવોને અભયદાન આપવા સામાયિક કરું છું.

(ii) બેઘડીના ચારિત્ર માટે સામાયિક કરું છું.

(iii) આત્મશુદ્ધિ માટે સામાયિક કરું છું.

(iv) મનની સ્થિરતા એકાગ્રતા માટે સામાયિક કરું છું.

૫. નગીનદાસ જીવરાજ જસાણી કચ્છ-ભુજ.

પ્રથમ વિદ્યાર્થીના મુદ્દાઓ ઉપરાંત આ ભાઈ લખે છે કે શ્રી જિનેશ્વર ભગવાને ફરમાવેલું એક મહાન સદનુષ્ઠાન છે. સર્વ ભગવંતે તો કાયમનું (સર્વવિરતિ) સામાયિક ફરમાવ્યું છે પણ પામર જીવ કાયમનું ઉચ્ચરી શકતો નથી પણ ત્યાંસુધી આ મોંઘેરા માનવ જન્મની સાર્થકતા માટે બેઘડી તો તેનો સ્વાદ ચાખું કે જેથી ક્રમશઃ સર્વવિરતિ સામાયિકમાં આવી શકું. સર્વજ્ઞ ભગવંતે એક એક અનુષ્ઠાન જીવોના કલ્યાણ માટે બતાવેલ છે. તેમાંય સામાયિક તો અતિમહત્ત્વનું હોવાથી કરવા-આદરવા યોગ્ય છે.

(આ ભાગ્યશાળીની શિબિર શિક્ષણની નોટબુકો તથા લગભગ પેપરો પણ પુસ્તક રૂપે છપાવી દેવા જેવા છે એટલા સુંદર લખાયા છે.)

૬. હસમુખ ભીખાભાઈ.

સામાયિક એટલે પાપોના પચ્ચક્ખાણ. જેટલીવાર સામાયિકમાં બેસીએ છીએ તેટલીવાર વિરતિમાં આવી જઈએ છીએ. અવિરતિના મહાન પાપથી બચી જ્ઞાનધ્યાનની નક્કર કમાણી કરીએ છીએ. એટલો સમય મુનિ ભગવંત સરખા બની જઈએ છીએ. એટલે સામાયિક એટલે નાનું ચારિત્ર. સામાયિકમાં પાપોના પશ્ચાત્તાપની ભાવના તેમજ દુનિયામાં કશું જ કિંમતી નથી, કિંમતી હોય તો એક મારો ધર્મ જ છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર આ આત્માના ગુણો કિંમતી છે. દુનિયાના જર-ઝવેરાતની શી કિંમતી આંકે છે ? એના મોહમાં ફસાઈશ તો ડૂચા નીકળી જશે આવી ભાવનાથી ખૂબ શાંતિ મળે છે. તેથી વારંવાર સામાયિકમાં બેસવાનો ઉલ્લાસ જાગે છે. ખરો ઉલ્લાસ તો એ રીતે આવે છે કે ઓહો ! બધા દાનોમાં અભયદાન શ્રેષ્ઠ છે. મેરુ જેટલા સોનાના દાન કરતા એક જીવને આપેલું જીવીત દાન શ્રેષ્ઠ છે. સામાયિકમાં તો અનંતા જીવોને અભયદાન આપીએ છીએ. આથી ઉલ્લાસ જાગે છે.

૭. धर्मचंद महेता- सामायिकमे बैठनेसे एक प्रकार की शांति, समताभाव और इस भव मे और परभव में अनेक लाभ होते है । यदि हम सामायिक का हार्द समजकर करे तो लाभ की कोइ सीमा नही है, सब दु:खोंका अंत और मोक्ष तक के सुखोंकी प्राप्ति हम कर सकते है । इस संसार में सामायिक की बराबरी कौन कर सकता है ?

૮. પંકજ વાડીલાલ : સામાયિકના ફળોના ૫-૬ મુદ્દા ટાંકીને લખે છે કે આવા સામાયિક મહાન ફળોનો વિચાર કરવાથી સામાયિક કરવાનો ઉલ્લાસ જરૂર જાગે છે.

૯. ચીનુભાઈ રતિલાલ દોશી : છકાયના કતલખાનામાં મારો જીવ પડ્યો છે. સામાયિક કરું તો એ જીવોને અભયદાન મળે અને વિરતિદ્વારા મહાન પુણ્ય હાંસલ થાય. આ ઉપરાંત બીજા મુદ્દાઓ પણ લખ્યા છે.

૧૦. શા. વિનોદચંદ્ર કેશવલાલ ધો. ૧૧ : અરિહંતપ્રભુનો કેવો મહાન ઉપકાર ! મને પાપમાંથી ઉગરવાનો મહાન રસ્તો બતાવ્યો. સામાયિક જેવો માર્ગ બતાવી મહાન કરુણા કરી છે માટે મારે તે કાર્ય સૌથી પ્રથમ કરવું જોઈએ. અહો ! સુવર્ણના મેરુના દાન કરતા સામાયિકમાં જીવોને અપાતા અભયદાનનું મૂલ્ય અનેક ગણું વધી જાય છે.

૧૧. શાહ પ્રવીણચંદ્ર અમૃતલાલ : સામાયિકથી અનંતા કર્મોના ભુક્કા ઊડી જાય છે. પુણિયા શ્રાવકનું સામાયિક કેવું ? સામાયિક પ્રત્યેક જૈનનું રોજનું કર્તવ્ય છે. તો એ માટે પ્રમાદ કેમ કરાય ?

આ ઉપરાંત પ્રદીપ કાંતિલાલ, દોશી કીર્તિલાલ રતિલાલ, કન્હૈયાલાલ ગેંદમલજી, રમણલાલ ભોળાભાઈ, પ્રસન્નકુમાર રસિકલાલ, રાજેન્દ્ર સાંકળચંદ શાહ.

"દિવ્ય-દર્શન" - **"શિબિર શિક્ષણ"** વર્ષ-૧૪,અંક-૧૦,તા.૨૭-૧૧-૧૯૬૫

(ગયા અંકનું ચાલુ)

સુરેશચંદ્ર સુંદરલાલ, કીર્તિ જંબૂભાઈ વગેરે વિદ્યાર્થીઓએ પણ ઓછાવત્તા પ્રમાણમાં મુદ્દાસર વિચારો રજૂ કર્યા છે.

ધાર્મિક જીવન માટે અતિજરૂરી ૮ વસ્તુ :

પ્ર.- શું લોકવિરુદ્ધ સેવન એ મોટો દોષ છે ?

ઉ.- હા લોકનાં ચિત્તને સંક્લેશ કરે, એવી લોક-વિરુદ્ધ પ્રવૃત્તિમાં તો એવું થાય છે કે, બીજાને સારું પમાડવાનું તો દૂર રહ્યું. સારી કોઈ ધર્મભાવના, વૈરાગ્યભાવના, ધર્મ કે ગુણની અનુમોદના, યા પ્રોત્સાહન, વગેરે જગાવવાની વાત તો આઘી રહી, ઊલટું એમના ધર્મ પ્રત્યેના ભાવ બગાડી વિપરીત પરિણામ ઊભું કરવાનું થાય છે. પોતાનું ખાનગી આચરણ પોતાને એકને ભારે, પણ બહુ જનોને સંક્લેશ ચિત્ત ક્લેશની અનર્થના માર્ગે દોરવા એ બહુ ભયંકર ! પોતે

પોતાનો ધર્મ ગુમાવે એ તો પોતાને નુકસાનકારી, પણ ઘણા માણસોનો ધર્મલેશ્યા ગુમાવરાવે એ ઘણાને નુકસાનકારી. એની ઉપેક્ષા એના તરફ આંખમિંચામણા કરવા એ હૃદયની ઘણી નિષ્ઠુરતા કહેવાય. આત્મ-વિકાસ દિલની કઠોરતા પર કે 'બીજાનું બગડતું મારે શું જોવાનું' એવી ધૃષ્ટતા પર ન થઈ શકે. એમાં બાળ જીવોની ભાવદયાનો વિચાર જ નથી રહેતો. ઊલટી નિર્દયતા થાય છે. દયાને કોમળતા વિનાના દિલમાં ધર્મની સગાઈ શી ? આત્મવિકાસ શો ?

સાંસારિક પ્રવૃત્તિ તો શું પણ પોતે પોતાની ધર્મ પ્રવૃત્તિ કરે એ પણ લોકને સંક્લેશકારી ન થાય એ ધ્યાન રાખવું જરૂરી છે. દા.ત. કોઈ ઉદારતાથી શેરીમાં ધાર્મિક જમણ તો કરે પણ પછી લોકોના ઘર આગળ કે રસ્તા પર પડેલા એંઠવાડ સાફ ન કરાવે; એમ સાધુ જીવરક્ષાની જાગૃતિ તો રાખે પણ એ ખાતર લોકોના જવા-આવવાના માર્ગ ઉપર માતરું પરઠવે; એમ શ્રાવક આખો દિવસ ધર્મધ્યાન તો કરે, પણ પેટ ભરવા માટે ધંધો ન કરતા ભીખ માગે... વગેરે, તો આથી લોકનાં મન બગડે, લોકો ધર્મની પણ નિંદા કરે, ને મહાઅનર્થમાં પડે. માટે એ લોક-વિરુદ્ધ કહેવાય. એના ત્યાગની અહીં પ્રાર્થના આશંસા કરી.

૫. ગુરુપૂજન પૂજા :

પ્રાર્થના-આશંસાની પહેલી ચાર વસ્તુમાં (૧) ભવનિર્વેદથી સંસાર પરની દૃષ્ટિ ઊઠી; (૨) માર્ગાનુસારિતાથી ચિત્ત સરળ બની એનો તત્ત્વ તરફ ઝોક થયો; (૩) ઇષ્ટફળ સિદ્ધિથી ચિત્ત સ્વસ્થ સ્ફૂર્તિવાળું બન્યું. (૪) **લોક-વિરુદ્ધ ત્યાગથી** ચિત્તમાં કોમળતા આવી. ભાવ દયા આવી કે 'મારી અનુચિત પ્રવૃત્તિના નિમિત્તે જીવો બિચારા કષાય સંક્લેશમાં ન પડો.' આ તો દૃષ્ટિ અને ચિત્તને સરખા બનાવ્યા. હવે આત્મવિકાસ અર્થે આગળ સદ્‌ગુરુયોગ વગેરે સાધના કરવી જરૂરી છે, એની પ્રાર્થના-આશંસા હવે વ્યક્ત કરવામાં આવે છે, કે 'મારે ગુરુજનની પૂજા હો' અર્થાત્ ગુરુજન પૂજા એ નિર્મળ દૃષ્ટિ અને સ્વસ્થ ચિત્ત ઉપર પહેલાં નંબરમાં જરૂરી સાધનો છે. ગુરુજનની પૂજા એટલે માતપિતા વગેરે ઉપકારી યા ગુણિયલ વડીલ પૂજ્ય પુરુષોની પૂજા અર્થાત્ વિનય-સેવા-ભક્તિ.

(૧) એ આવે એટલે ઊભા થવું, હાથ જોડવા. (૨) ત્રિકાળ પ્રણામ કરવો.
(૩) એમને લેવા-મૂકવા જવું; (૪) એમની હાજરીમાં ઊંચા સાદે બોલવું નહિ.
(૫) કોઈની સાથે એ વાત કરતા હોય તો વચ્ચે બોલવું નહિ.
(૬) એમનાથી નીચા આસને બેસવું.
(૭) કાંઈ આજ્ઞા આદેશ કરે ત્યારે એને 'હા જી' કે 'તથાસ્તુ' વગેરેથી આવકારવા

અને એનું પાલન કરવું. (૮) એમને પૂછીને જ બધું કરવું.

(૯) એમના જમ્યા પહેલા જમવું નહિ.

(૧૦) બીજાની આગળ એમના જ ગુણ ગાવા, આપણા નહિ, એમને જ આગળ લાવી જશ એમને જ અપાવવો. જાતને નહિ.

ઇત્યાદિ વિનય બહુમાનના પ્રકારો છે.

(૧૧) સેવામાં એમને આપણાં પોતાના કરતાં સારી વસ્તુ દેવી, દા.ત. સારાં ખાન પાન, મુલાયમ વસ્ત્ર-ગાદલાં વગેરે.

(૧૨) રોજ ચાકરી કરવી, એમની ચંપી કરવી.

(૧૩) એમની બીમારીમાં ખાસ સમય કાઢી એમની સેવામાં રહેવું, પાસે બેસવું.

(૧૪) એમનું કામકાજ બજાવવું વગેરે.

ભક્તિમાં

(૧૫) અંતરમાં એમના પ્રત્યે અગાધ બહુમાન રાખવું.

(૧૬) બહુમાન પ્રમાણે એમની અદબ જાળવવી. અને,

(૧૭) વિશેષ ભક્તિકાર્ય કરવું, તથા,

(૧૮) બીજાઓ આગળ એમનું ગૌરવ વધારવું;

(૧૯) કદી એમની નિંદા કરવી નહિ કે સાંભળવી નહિ;

(૨૦) એમના દોષ ઢાંકવા અને ગુણ ગાવા;

(૨૧) એમનો સ્વભાવ ઉગ્ર હોય તોય તે સહન કરી લેવો, પણ એમને તુચ્છકારવા-નિંદવા નહિ.

આ ગુરુજનપૂજાથી કૃતજ્ઞતા અદા થાય છે. ગુણાનુરાગ વધે છે. આત્મકલ્યાણને ઉત્તેજન વધે છે. અન્યથા જેમાં પૂજ્યોની પૂજાનો લોપ છે, ત્યાં કલ્યાણનો અવરોધ થાય છે, અટકાયત થાય છે. કુદરત ચલાવી લેતી નથી, અર્થાત્ **પૂજ્યપૂજા-ભંગથી એવા તીવ્ર અંતરાય કર્મ ઊભા થાય છે કે એ શ્રેયસિદ્ધિ થવા જ ન દે.** ગુરુજનપૂજાની સાધના વિના આત્મામાં સદ્‌ગુરુ-સેવા-સમર્પણ પ્રાયઃ આવવા નથી પામતા, કેવળ પોતાના સ્વાર્થની સેવામાં રક્ત રહી ઉપકારી ગુરુજનોની પૂજાને ય ઠોકરે મારે, એ સદ્‌ગુરુને શું આરાધી શકે ? ત્યારે એને એના બીજા વ્રત-નિયમ, દાન-તપસ્યા, વગેરે પણ ઊંચો ક્યાંથી લાવી શકે ? માટે જ અહીં અત્યંત જરૂરી ગુરુજનપૂજાની પ્રાર્થના આશંસા વ્યક્ત કરી.

૬. પરત્થકરણ : 'પરત્થકરણ' એટલે પરાર્થકરણ. આમાં 'સ્વ'થી વિરુદ્ધ

'પર' શબ્દ છે. તેથી સ્વાર્થકરણ નહિ, સ્વાર્થ સ્વપ્રયોજન સાધવાની વાત નહિ, પણ પરનાં યાને જીવોનાં પ્રયોજન સારવાની, પરહિત કરવાની વાત છે. અલબત્ત શક્તિ-સંયોગાનુસાર, કિન્તુ બીજાનું કરી છૂટવું. બીજાને ઉપયોગી થવું. સહાયક થવું, પોતાની તન-મન-ધનની કિંમતી શક્તિ બીજાના ભલામાં કામે લગાડવી, એ પરાર્થકરણ છે. ગુરુજન પૂજામાં કૃતજ્ઞતા બજાવાય છે. પરાર્થકરણમાં ઉદારતા કેળવાય છે, સ્વાર્થત્યાગ થાય છે.

પરાર્થકરણ એ પૌરુષનું ચિહ્ન છે :

પ્ર.- પરાર્થ ન સાધે તો શું અટકી પડે ?

ઉ.- મોક્ષ એ પુરુષાર્થની ઉત્કૃષ્ટ પ્રબળતા પર સિદ્ધ થાય છે, અને પરાર્થકરણ એ પુરુષાર્થનું ચિહ્ન છે, જ્ઞાપક લક્ષણ છે. જીવ ક્યારે પરાર્થકરણ માટે ઉજમાળ બને છે ? જ્યારે સ્વાર્થ ભૂલી બીજાની ખાતર ભોગ આપવાનું એનામાં વિકસે છે ત્યારે. એનું જ પરાર્થકરણમાં આત્માનું સદ્‌વીર્ય, પૌરુષ સત્ પુરુષાર્થ, વિકસ્વર થયો.

પ્ર.- તો શું સ્વાર્થના પ્રયત્નમાં આત્મવીર્ય સ્ફુરાયમાન ન થયું ગણાય ? એ પણ પુરુષાર્થ છે ને ?

ઉ.- ના, સ્વાર્થ-ચેષ્ટામાં સદ્‌વીર્ય સત્પુરુષાર્થ ગૌણ છે. મુખ્ય તો મોહની પ્રબળતા છે. કર્મની ગુલામી અને સ્વેચ્છાએ સ્વીકારી લીધેલ અજ્ઞાનના અંધારપટનું આચ્છાદન છે. પુરુષાર્થ કર્મ ગુલામીને અને અજ્ઞાનાચ્છાદનને વશ ન થતાં, એને સહાયક ન બનતાં ઊલટો સ્વતંત્રપણે એનો સામનો કરે.

સ્વાર્થ પરાર્થમાં શું મુખ્ય ? : ઇન્દ્રિયો આદિ સાધનોનો સ્વાર્થ સાધવામાં કે ભોગના સાધન ભૂત પૈસા પત્ની વગેરેને પોતાના સ્વાર્થને અનુકૂળ કરવામાં તો જીવનો પુરુષાર્થ ગૌણ બની, જીવ મોહનીય કર્મના ઉદયને અને અજ્ઞાનને વશ પડી જાય છે. એને મુખ્ય કરી એની ધારે ધારે પોતાના આત્મવીર્યને ચલાવી ચલાવી બરબાદ કરે છે. એમાં પોતાનો સત્પુરુષાર્થ મુખ્ય કર્યો શાનો કહેવાય ? એ તો જો સ્વાર્થવૃત્તિની ઉપરવટ થાય, સ્વાર્થવૃત્તિને સહાયક ન થાય, સામનો કરી ઊભો રહે, ત્યારે સત્ પુરુષાર્થની મુખ્યતા કહેવાય, વિશેષતા ગણાય. પરાર્થ-કરણમાં આ બની શકે છે. સ્વાર્થને ઉપયોગી તન-મન-ધન વગેરેને પરની સેવામાં નિઃસ્વાર્થ ભાવે યાને બદલાની આશા વિના કામે લગાડે છે. એ પરાર્થકરણ સૂચવી રહ્યું છે કે આંતર પુરુષાર્થ સ્વતંત્રપણે સ્વને ઇષ્ટ ભોગ અને ભોગ સાધનોનો નિગ્રહ કરનારો ઊભો થયો છે, તેથી જ પરની સેવામાં કામે લગાડનારો બન્યો. એટલે

પરાર્થ-કરણ એ પુરુષાર્થનું ચિહ્ન થયું એ સાચો પુરુષાર્થ છે, પૌરુષ છે, મરદાનગી છે, જ્યારે ઉદરંભરિતા, સ્વાર્થાંધતા એ કાયરતા છે, પુરુષાર્થની વિટંબણા છે, વિનાશ છે.

પરાર્થકરણ એ જીવનસાર :

પરાર્થકરણ એ જીવ લોકનો સાર છે. જીવલોક એટલે જીવન. જીવનને જે નિષ્ફળ જીવવા નથી માગતા, લુહારના ધમણની જેમ માત્ર શ્વાસોશ્વાસ પૂરા કરીને તુચ્છ વિષય-સેવામાં સમાપ્ત કરવા નથી ઇચ્છતા, એને જીવન સફળ કરવા માટે સારભૂત આ છે કે સ્વાર્થ-સાધનાને બદલે પરાર્થકરણ સાધવું. આમ કંઈ એકદમ સર્વત્યાગ થાય એમ નથી; તો કમમાં કમ શક્ય પ્રમાણમાં સ્વાર્થત્યાગ કરી પરાર્થસેવન આચરવું. એ જીવનનો સાર છે, જીવનમાંથી સાર ખેંચવારૂપ છે, જીવનની સુવાસ છે, શ્રીમંત માણસ પોતાના માટે દસ લાખ રૂપિયાનો બંગલો બાંધીને એ ભોગવે એથી કાંઈ એણે જીવનમાં મહત્ત્વનું કામ કર્યું એવો લોકયશ પામતો નથી. જ્યારે મધ્યમ સ્થિતિવાળો પણ ૫-૨૫ હજાર રૂપિયા ખર્ચી દાનશાળા કે ધર્મશાળા બંધાવીને જો જનહિતાર્થે ખુલ્લી મૂકે છે, તો એ લોકોની દુઆ પામે છે, આશિષ પામે છે. પ્રશંસા પામે છે કે 'વાહ ભાઈ, જીવનમાં એક ખરું કામ આણે કર્યું !'

મોટા ચાંદીના પાટલે ચડી સોનાના થાળામાં જાતે મેવા-પકવાન ઊડાવે એની કિંમત નથી; પરંતુ એના આંગણે બીજા ગરીબ કે સાધર્મિક પામી જાય એનું મહત્ત્વ છે; એજ જીવનમાંથી બચતરૂપે કામ આપે છે. સ્વાર્થભોગ તો જીવન પૂર્ણ થતાં પહેલાં જ 'ખા ગયા ખો ગયા'ના ન્યાયે શૂન્યમાં પરણિમે છે. જ્યારે સ્વાર્થ ત્યાગીને પરાર્થ સધાય, એ સુકૃત, પુણ્ય, તથા સુસંસ્કાર અને નિર્મળ યશરૂપે ઠેઠ પરલોક સુધી ઊભા રહે છે. લોક આ પરાર્થસાધકના પરોપકારીના મર્યા પછી પણ એના પરોપકાર યાદ કરી એનો યશ ગાય છે અને પુણ્ય તથા સુસંસ્કાર તો એ આત્મા સાથે પરલોકમાં જાય જ છે.

"દિવ્ય-દર્શન" - "શિબિર-શિક્ષણ" વર્ષ-૧૪,અંક-૧૧,તા.૪-૧૨-૧૯૬૫

પ્ર.- પરાર્થકરણ ન સાધે અને પરમાત્મભક્તિ તપસ્યા, જ્ઞાન-ધ્યાન, વ્રત-નિયમ વગેરે આરાધે તો આત્મકલ્યાણ થવામાં ક્યાં અટકે ?

ઉ.- અહીં સમજવા જેવું છે કે પરમાત્મ-ભક્તિ, તપ વગેરેને જે આત્મકલ્યાણની સાધના તરીકે ગણવામાં આવે છે તે કષાયની અમુક હદની મંદતા

થયા વિના આત્મકલ્યાણરૂપ કે આત્મકલ્યાણની જનક નથી બની શકતી. ત્યારે જેને આ બધું આરાધવું છે, પણ નર્યા પૌદ્ગલિક સ્વાર્થમાં રમ્યા રહેવું છે, ભગવદ્ ભક્તિ કરવી છે પણ પરભાર્યા ને પોણાબારના મંદિરના તૈયાર દૂધ-કેશર-પુષ્પ-અગરબત્તી-દીવાથી કરવી છે, કિન્તુ પોતાના ખીસાનું કાંઈ જ ખરચવું નથી, અગર પોતાનું થોડું લઈ આવે એમાંની લેશમાત્ર બીજા કોઈ સાધન વિનાને પૂજા માટે દેવું નથી, એમ તપ-જ્ઞાન-ધ્યાન-વ્રત-નિયમનો વિના-ખર્ચનો ધર્મ છે એટલે એ કરવો છે પણ ખર્ચવાળું દાન-પરોપકાર-પરહિત એ કરવાનો જરાય મોખ નથી, અરે ! શરીરથી કે સમયથી પણ બીજાના કામે ખાસ જરૂરી પ્રસંગમાંય ઘસાવું નથી, એને તો લોભકષાયની ભારે પકડ ગણાય. એ હોય એટલે કર્તવ્યનું ભાન કરાવનારી પ્રેરણા કોઈ કરે તો એના પર દ્વેષ ધરવો છે, એ ક્રોધકષાયની પકડમાં આવ્યો. એની સાથે માન કષાય 'હું બધું સમજું છું,'- એવો અહંભાવ એ પણ કોટે વળગ્યો જ છે. આમ કષાયોનું સતેજપણું હોય ત્યાં મૂળ જરૂરી સહજમલ કષાય મંદતાના અભાવે આત્મકલ્યાણ ક્યાંથી સિદ્ધ થાય ? પરાર્થકરણમાં લોભ-કષાય પર ફટકો પડે છે, કષાય મંદ પડે છે, તેથી કલ્યાણની ભૂમિકા ઊભી થાય છે.

પ્ર.- પરોપકાર કરીને અભિમાન યા માનાકાંક્ષા ક્યાં નથી થતી ? એમાં તો કષાય પોષાયો, કષાય-મંદતા ક્યાં થઈ ?

ઉ.- પરંતુ ભલું કર્યા પછી અભિમાન કદી થાય તે પાછળની વાત થઈ, પણ પરકાર્ય કરવાની વૃત્તિ પ્રવૃત્તિ થઈ એ શાથી થઈ ? શું અભિમાનને લીધે ? શું માત્ર માન પામવાના લોભથી ? ના, એ તો પછી આવ્યા, પણ પહેલાં તો સહેજ દિલની કોમળતા થઈ, સ્વાર્થ-લોભ ઓછો થયો, કષાય મંદ પડ્યો, અને 'પરનું કરી છૂટું' એવી ભાવના થઈ તેથી પરાર્થ-પ્રવૃત્તિ થઈ. ત્યારે પરાર્થકરણ જેને પાલવતું નથી ને સ્વાર્થસાધનોમાં જ જે અખંડ મશગૂલ રહે છે, એને તો મૂળમાં જ ધન મૂર્ચ્છા, શરીરમૂર્ચ્છા, સ્વસમય-મૂર્ચ્છા, વગેરે જોરદાર રહે છે. એટલે તો એ પરાર્થકરણથી આઘો ને આઘો રહે છે. માટે એવા નર્યા સ્વાર્થરસિકને કષાયની મંદતા નથી. લક્ષ્મી અને વિષયોની આવી એકાંગી પકડ, આવો મૂર્ચ્છાનો આવેશ કે જે પોતાના સ્વાર્થને જ દેખવા ન દે, પરાર્થની ઉપેક્ષા જ થવા દે, એ પ્રબળ દોષ છે. એ થોડોય મોળો પડ્યા વિના આત્મવિકાસ અશક્ય છે, માટે તો પહેલો ધર્મ દાનનો કહ્યો છે, પછી શીલ-તપ ભાવના ધર્મ. એમ શાસ્ત્રવાર્તા-સમુચ્ચયમાં ધર્મહેતુ-પ્રસાધન યાને ધર્મહેતુ સિદ્ધ કરવા માટે ત્રણ ઉપાય કહ્યા, એમાં સાધુ-સેવા પહેલી કહી, પછી મૈત્રી કહી પછી મમત્વની પકડનો ત્યાગ આવેશનો ત્યાગ કહ્યા. સાધુ-સેવા માટે સ્વાર્થનો ભોગ આપવો પડે, પરાર્થ પ્રયત્ન કરવો

રહે. મૈત્રી અને મમત્ત્વાવેશના ત્યાગને સક્રિય કરવા માટે પણ એ કરવું પડે. આમ પરાર્થકરણમાં મૂર્ચ્છા મંદ પડે છે, ને તેથી આત્મકલ્યાણને અવકાશ મળે છે તેથી એ જીવનનો સાર છે, પુરુષાર્થનું ચિહ્ન છે.'

અહીં પરાર્થકરણ સુધીની વસ્તુ બતાવી એ લૌકિક સૌંદર્ય છે. એ પ્રાપ્ત હોય તો જીવ હવે શુભ ગુરુ-યોગ વગેરે લોકોત્તર ધર્મનો, લોકોત્તર સૌંદર્યનો અધિકારી બને છે. માટે હવે કહે છે,- **'સુહગુરુજોગો'** મને શુભ ગુરુનો યોગ થાઓ.

લૌકિક-લોકોત્તર સૌંદર્ય : લૌકિક સૌંદર્ય એટલે લોકદૃષ્ટિએ સૌંદર્ય. લૌકિક દૃષ્ટિ બે રીતે - (૧) જનસામાન્યની દૃષ્ટિ અને (૨) અસર્વજ્ઞકથિત ધર્મોની દૃષ્ટિ. એ બે દૃષ્ટિએ સુંદર હોય તે; દા.ત. ભવનિર્વેદથી માંડી પરાર્થકરણ સુધીની વસ્તુઓ એ લૌકિક સૌંદર્ય છે. ભવનિર્વેદવાળો જીવ વિષયો વિષય-સાધનોનો એવો લાલચુ ન હોય એટલે સહેજે લોકને સારો લાગે. તેથી ભવનિર્વેદ સુંદર છે. એમ માર્ગાનુસારિતા યાને તત્ત્વાનુસારિતા નામના ગુણથી ખોટ ખેંચપકડ નહિ, પણ વિવેકથી વર્તન હોઈ એ પણ લોકદૃષ્ટિએ સૌંદર્ય છે. ત્યારે ઈષ્ટફળ-સિદ્ધિ થવાથી ભીખ માગતો કે વિહ્વળ વ્યાકુળ રહેનારો નહિ; લોક વિરુદ્ધ-ત્યાગથી લોકના ચિત્તને સંક્લેશમાં મૂકનારો નહિ; ગુરુજનપૂજાથી વડીલોની સેવા-ભક્તિ-બહુમાન કૃતજ્ઞતા પાળનારો; અને પરાર્થકરણથી પરકાર્ય કરી છૂટનારો હોય. એ બધું લોકો અને ઇતર ધર્મોની દૃષ્ટિએ સારું સારું જ લાગે છે. માટે એને લૌકિક સૌંદર્ય કહેવાય. લોકોત્તર સૌંદર્ય તે છે કે જે સર્વજ્ઞ કથિત ધર્મની જ દૃષ્ટિએ સુંદર છે.

પ્ર.- શું ભવનિર્વેદાદિ એ સર્વજ્ઞની દૃષ્ટિએ સારું નથી ? જો સારું છે જ, તો એને લોકોત્તર સૌંદર્ય પણ કેમ ન કહેવું ?

ઉ.- અલબત્ત ભવનિર્વેદાદિ એ અનંતજ્ઞાની સર્વજ્ઞની દૃષ્ટિએ સારા તો છે જ, પરંતુ ખાસ લોકોત્તર ધર્મ લોકોત્તર સૌંદર્ય તે છે કે જેને બીચારા જનસામાન્યની કે અસર્વજ્ઞકથિત ધર્મોની દૃષ્ટિએ સારું-સુંદર માનવા સુધીની પહોંચ નથી, અને માત્ર સર્વજ્ઞકથિત ધર્મની દૃષ્ટિએ સુંદર છે. દા.ત. કોઈએ વિશિષ્ટ ચારિત્રથી સંપન્ન શુભગુરુનો જ યોગ સાધ્યો, એમાં કાંઈ જન-સામાન્ય કે ઇતર ધર્મવાળા 'આ બહુ સરસ કર્યું' એમ પ્રશંસવા નથી લાગતા. હા, ગુરુજન-પૂજા પરોપકારાદિ કરાય તો ઝટ એની પ્રશંસા કરશે. એટલે લૌકિક સૌંદર્ય તે છે કે જેને લોક પણ સારું સરસ તરીકે માનવાનું કરે છે. બાકી જ્ઞાની ભગવંતો તો એને લોકોત્તર સૌંદર્યની ભૂમિકા રૂપે સારું લેખે જ છે; પણ એટલામાત્રથી એને લોકોત્તર સૌંદર્ય, કહેલ નથી. લોકોત્તર સૌંદર્ય તે, કે જેમાં સારું સુંદર પરાક્રમ-માનવાની લોકની પહોંચ નથી

અને અનંત જ્ઞાનીની દૃષ્ટિએ એ સારું-સુંદર પરાક્રમ છે, અને સીધું મોક્ષમાર્ગ તરફ લઈ જાય છે. દા.ત. શુભ ગુરુનો યોગ વગેરે એવા છે.

પ્ર.- જિનેન્દ્રભક્તિ-ઉત્સવ-વરઘોડો-ગુરુપ્રવેશોત્સવ વગેરેને કેમ લોકોત્તર સૌંદર્ય કહેવાય છે ? એમાં તો લોક પણ પ્રશંસા કરે છે. તો એ લોકોત્તર સૌંદર્ય શી રીતે ? લૌકિક જ કહેવાય ને ?

ઉ.- લોક પ્રશંસે છે એ વાત સાચી, પણ તે તો એમાં જે દાન પરોપકાર, પરાર્થકરણ થાય છે, એ અંશને લઈને પ્રશંસા છે. અને પરાર્થકરણ એ લૌકિક છે જ. બાકી તો ચક્ષુ શ્રોત્ર આદિ ઇન્દ્રિયોને ઇષ્ટ વિષય મળે એટલે જનસામાન્ય એની પ્રશંસા કરે એ સહજ છે. છતાં એ ઉત્સવાદિમાં ખાસ કરીને દેવાધિદેવની ભક્તિ, ગુરુભક્તિ, શાસનપ્રભાવના વગેરે જે અંશ છે, તેમાં સૌંદર્ય માનવાની લોકની પહોંચ નથી, અને જ્ઞાનીએ એને સુંદર વિશિષ્ટ આત્મહિતકર તરીકે ફરમાવ્યો છે. માટે એ લોકોત્તર સૌંદર્ય હોવામાં બાધ નથી.

લોકોત્તર સૌંદર્ય એ લોકોત્તર ધર્મ છે. લોકોત્તર એટલે મિથ્યાદૃષ્ટિ લોકની બુદ્ધિમાં બેઠેલ ધર્મ કરતાં ઊંચી કોટિનો અને અસર્વજ્ઞના ધર્મ કરતાંય ઊંચો એવો ધર્મ એ લોકોત્તર ધર્મ. એ સર્વજ્ઞકથિત જ હોય. આ લોકોત્તર ધર્મના અધિકારી બનવા માટે ઉપરોક્ત લૌકિક સૌંદર્ય હોવું આવશ્યક છે. 'સિંહણનું દૂધ સુવર્ણપાત્રમાં રહે,'-એ ન્યાયે સિંહણના દૂધ જેવો લોકોત્તર ધર્મ પણ લૌકિક સૌંદર્યવાળા પાત્ર જીવમાં જ ઊતરી શકે, એટલી એ કિંમતી વસ્તુ છે. દેખાય પણ છે કે જેનામાં ભવનિર્વેદ નહિ પણ વિષયાંધતા છે, તત્ત્વાનુસારિતા નહિ પણ તત્ત્વઅરુચિ છે, જેનામાં લોકવિરુદ્ધ સેવનથી લોકને સંક્લેશકારિતા છે, ગુરુજન પ્રત્યે અભક્તિ અવિનયાદિ છે, એ લોકોત્તર ધર્મ સાધતો દેખાય તોય ખરેખર એના દિલમાં લોકોત્તર શુભ પરિણામ જ ઊભો નથી થતો. કેમકે પેલી લૌકિક અસુંદરતાઓ ધર્મ-બાધક કષાયોને દિલમાં પગભર રાખે છે. એવો કષાય જાગ્રત હોય ત્યાં લોકોત્તર શુભ પરિણામ શાના રહે ? અહીં એ પણ સૂચિત થાય છે, કે લૌકિક સૌંદર્યથી ઇતિકર્તવ્યતા નથી, મોક્ષ સાધના પૂર્ણ નથી થતી, પૂર્ણ જ શું, પ્રારંભ પણ થતો નથી. મોક્ષ-માર્ગની સાધના તો લોકોત્તર ધર્મથી શરૂ થાય છે તેથી લૌકિક સૌંદર્ય પછી લોકોત્તર ધર્મ આરાધવો જ રહે છે. હા, લૌકિક સૌંદર્યવાળો એનો અધિકારી બને છે. તેથી લૌકિક સૌંદર્ય પહેલું લાવવું જોઈએ એ લાવ્યા પછી અધિકારી બન્યા એની રૂએ લોકોત્તર ધર્મ અપનાવવો જ ઘટે. માટે અહીં એવા ધર્મ તરીકે પહેલી શુભગુરુયોગની પ્રાર્થના-આશંસા મૂકી.

સાતમી આશંસા શુભ ગુરુના યોગની છે. લૌકિક સૌંદર્ય પ્રાપ્ત થવા પર જ લોકોત્તર ધર્મનો અધિકાર મળે, એ હિસાબે પૂર્વોક્ત પરાર્થકરણ સુધીના ગુણનો ખપ કરવા પર પહેલું કાર્ય શુભગુરુયોગ સાધવાનું. અન્યથા જો એ ગુણરૂપ લૌકિક સૌંદર્ય પ્રાપ્ત કરવાની પરવા ન હોય, અને એમજ શુભ ગુરુયોગ સાધ્યો એમ માની લે તો તે દોષ ભરેલા પેટવાળો પુષ્ટિકારક પથ્યથી પુષ્ટિ થવાનું માને એના જેવું થાય. ખરી રીતે એ યોગ ગુરુયોગ જ નથી. એ પથ્ય એવા માટે પથ્ય જ નથી. પેટમાં અજીર્ણના મળ ખદબદતા હોય, પાચક રસો દૂષિત થઈ ગયા હોય ત્યાં પથ્ય મલાઈ વગેરે ખાધ્યે શું વળે ? પુષ્ટિ શાની થાય ? એ પચાવવાની તાકાત જ નથી, એટલે પુષ્ટિ ગુણ તો દૂર, ઊલટું દોષવાળી હોજરી એને વધારે દોષરૂપ બનાવે છે. એવી રીતે જો ગુરુજનપૂજા, પરાર્થકરણ, લોકવિરુદ્ધનો ત્યાગ, વગેરે લૌકિક સૌંદર્યનો ખપ નથી ને શુભ ગુરુનો યોગ કરવા જાય, તો એ જ્યારે સામાન્ય ગુરુજન-માતાપિતાનો વિનય-સેવા-ભક્તિ આદિ નથી સાચવતો, પછી મહાન શુભ ગુરુનો યોગ કરીને ય વિનયાદિ શું સાચવવાનો હતો ? સામાન્ય પરોપકાર કરવાની પરવા નથી. પરનું કરી છૂટવાનું નથી એ મહાન ગુરુનું શું કરી છૂટવાનો ? એટલે ઉપરથી દેખાય કે સદ્‌ગુરુનો સમાગમ કર્યો પણ વાસ્તવમાં સમાગમ જેવું કાંઈ નહિ. એવા માણસો હોય છે કે જે સદ્‌ગુરુ પાસે આવે છે ખરા, પણ તે ગુરુ પાસેથી કશું લેવા નહિ પણ પોતે ગુરુને આપવા આવે છે ! ગુરુને કાંઈ ગામગપાટા સંભળાવવાનું કરશે, યા પોતાની બહાદુરી બતાવવાનું ગાશે, અથવા કોઈની નિંદા માંડશે વગેરે. આવા માણસને શો ગુરુયોગ થયો ? એ યોગ જ નથી. મૂળમાં ભવનિર્વેદ જ નહિ. તત્ત્વાનુસારિતા જ નહિ, એટલે ધર્મગુરુ તરીકે ગુરુનો સત્સંગ સાધવા જેવી એ વસ્તુ જ નથી. શુભગુરુનો સંપર્ક શા માટે સાધવાનો ? અથવા સંપર્ક સહેજે મળ્યો તો એમાંથી શું લેવાનું ? ભવનિર્વેદ તત્ત્વાનુસારિતા નહિ હોય, તો કશું આત્મહિત પામવાની ભૂખ જ નથી. ઊલટું ભવની ઠંડક અને અતત્ત્વનું જ અનુસરણ છે. એટલે ભૌતિક ગડમથલ વૈષયિક આનંદ અને વાહિયાત વાતો જ ગમે છે. પછી ગુરુયોગ શો કર્યો ? એમ લોકવિરુદ્ધ ત્યાગ, ગુરુજન પૂજા, અને પરકાર્ય કરણના જેને અખાડા કરવા છે, દેવાળું છે, એટલે સહેજે લોકવિરુદ્ધસેવન, કૃતઘ્નતા, નિષ્ઠુરતા ઝળહળે છે, એને ગુરુયોગ શું કરે ? ગુરુ તો એને આત્મહિતની વાત, સંસારની અસારતા, ભવનિર્વેદ, તત્ત્વાનુસરણ, વગેરેના પાયા ઉપરની વાત કહેવાના એ

એને ઊલટી દ્વેષ કરાવનારી થવાની. શુભગુરુનો યોગ તો મહાન પુષ્ટિકારક પથ્ય જેવો છે. પણ દોષ ટળ્યા વિના એ શે સફળ થાય ?

શુભગુરુયોગ એટલે વિશિષ્ટ ચારિત્રથી સંપન્ન આચાર્યનો સંબંધ. ધર્માચાર્ય જો ચારિત્ર-સંપન્ન ન હોય તો એમનો સંસર્ગ કુસંગ થાય. વળી ચારિત્ર પણ સામાન્યરૂપનું જેટલું ગૃહસ્થને હોય એટલા માત્રથી ન ચાલે. કેમકે એમાં તો સંપર્કમાં આવનાર ને આરાધ્ય તરીકે એટલું જ ચારિત્ર લાગે. પણ વિશેષ એથી કોઈ ઉચ્ચ ચારિત્ર હોવાની કલ્પના ન આવે. એ કલ્પના ન આવવાથી એવા વિશિષ્ટ ચારિત્રનો મનોરથ ને એની અત્યંત ઉપાદેયતા વગેરે પણ ન જાગે, અને કદાચ એવા સામાન્યરૂપના ચારિત્રવાળાના વિશિષ્ટ ચારિત્રના ઉપદેશ પરથી એનો ખ્યાલ આવે તો પણ વિશ્વાસ ન પડે કે 'એ કર્તવ્ય હશે ? પાળવું શક્ય હશે ?' કેમકે પ્રત્યક્ષ જુદું દેખે છે એ ઉપદેશથી તો એમજ લાગે કે જ્યારે આ પોતે એ આચરતા નથી તો એ કરવા જેવું કે કરવું શક્ય કેવી રીતે હોય ? માટે ધર્માચાર્ય વિશિષ્ટ ચારિત્રસંપન્ન જોઈએ. વિશિષ્ટ ચારિત્ર એ, કે જેમાં કંચન કામિનીનો સર્વાંશે ત્યાગ હોય, અહિંસાદિ મહાવ્રતોના સ્વીકારપૂર્વક એનું અણીશુદ્ધ પાલન હોય, સર્વજ્ઞની આજ્ઞાની વફાદારીપૂર્વક શુદ્ધ પ્રરૂપણા હોય, આહાર-પાણી સ્વયં તૈયાર કરેલ-કરાવેલ નહિ કે કોઈએ વિશિષ્ટ ચારિત્રી માટે બનાવેલ નહિ એવાથી જ નિર્વાહ હોય. આવા વિશિષ્ટ ચારિત્ર-સંપન્ન આચાર્યનો સંબંધ સાધવાનો છે. લોકોત્તર સૌંદર્યમાં પહેલા આ શુભગુરુયોગ મૂક્યો છે એ સહેતુક છે હેતુ આ છે,-

શુભ ગુરુયોગની અગત્યતાના કારણો

(૧) શુભ ગુરુયોગ પહેલો એટલા માટે જરૂરી છે કે ગુરુ વિના જ્ઞાન નહિ;

પ્ર.- ગુરુયોગ વિના શું સીધું પુસ્તકમાંથી જ્ઞાન ન મળે ?

ઉ.- માત્ર પુસ્તક વાંચી લેવાથી અનુભવની નિશ્રાવાળું જ્ઞાન ન મળે. ગુરુની પાસેથી મળતા જ્ઞાનની પાછળ એમનો અનુભવ કામ કરતો હોય છે.

આવા મહાલાભકારી શુભગુરુયોગની અહીં આશંસા કરવાની છે.

પ્ર.- શુભગુરુનો યોગ જેને પ્રાપ્ત છે, દા.ત. વિશિષ્ટ ચારિત્ર લઈને જે શુભ ગુરુની નિશ્રામાં જ રહે છે, એ એની શી આશંસા કરે ? પ્રાપ્તની આશંસા શી ?

છતાં એમને ય 'જયવીયરાય'સૂત્ર તો બોલવાનું હોય છે. તો શું એ સુહગુરુજોગો' પાઠ છોડી દે ?

ઉ.- ના, પાઠ બોલે અને વિશેષ આશંસા કરે. આ શુભ ગુરુયોગની વિશેષ આશંસા બે રીતે,-

(૧) આ જીવનના અંત સુધી અને ભવાંતરે મોક્ષ થાય ત્યાં સુધી શુભગુરુનો યોગ બન્યો રહે એ માટે ય આશંસા જરૂરી છે.

ગુરુયોગ યોગાવંચક બનવો જોઈએ. (૨) બીજી રીતે વિશેષ આશંસા એ છે કે શુભગુરુ યોગાવંચક બની એમાં ઉત્તરોત્તર કક્ષા-માત્રા વધતી જાય. 'યોગાવંચક' એટલે અવંચક યાને સફળ ગુરુયોગ, જેમાંથી ક્રિયાવંચક અને ફળાવંચક નીપજે છે. એવો ગુરુયોગ. અહીં ક્રિયાવંચક (અવંચક ક્રિયા) તરીકે ભાવથી વંદનાદિ ક્રિયા સમજવાની છે. એ જો અવંચક અર્થાત્ સફળ, તો એથી એવા સાનુબંધ શુભ કાર્ય નીપજે, કે એથી ફરી વિશેષ ઊંચા યોગાવંચક ક્રિયાવંચક-ફળાવંચકની પરંપરા ચાલે, તે યાવત્ પરાકાષ્ઠાએ યોગ-ક્રિયા-ફળ એ સ્થિતિમાં જઈ પહોંચે કે આત્મા શુભગુરુ સાથે ભાવથી સંબંધમાં એટલા બધા અભેદ ભાવે જોડાઈ ગયો હોય કે ત્યાં નિરાલંબન અનાસક્ત દશા આવીને વીતરાગતા સિદ્ધ થાય.

હૈયામાં ગુરુયોગ ક્યારે થાય ?

સ્વયં જીવનમાં જીવીને બતાવે એ જ્ઞાનની બલિહારી છે. શ્રોતાને એ જ્ઞાન સક્રિય બને એવી એના પર શુભ ગુરુની અસર પડે છે. શુભગુરુનો યોગ થાય તો આગળના લોકોત્તર ધર્મની લોકોત્તર સૌંદર્યનો બોધ મળે.

પ્ર.- તો શું લૌકિક સૌંદર્ય પામવા માટે શુભ ગુરુયોગ જરૂરી નથી ?

ઉ.- અલબત્ત શુભગુરુનો યોગ એ પમાડી શકે છે. પરંતુ એ તો ન ય થયો હોય છતાં કુળ-સંસ્કારથી યા ઇતર વિરાગી ગુરુના યોગથી પણ લૌકિક સૌંદર્ય મળી શકે છે. શિષ્ટજનોનો વ્યવહાર જોઈને પણ એ પામી જવાય એવું બને છે. જ્યારે લોકોત્તર સૌંદર્ય શુભ-ગુરુયોગથી પમાય.

(૨) શુભગુરુનો અર્થાત્ વિશિષ્ટ ચારિત્ર-સંપન્ન ધર્માચાર્યનો યોગ સાધવામાં એમના ઉપદેશ ઉપરાંત એમનું જીવન જોવા મળે છે એ ય હિતપ્રેરક બને છે. તપસ્વી મહાત્માઓની તપસ્યા જોઈને ય પ્રેરણા મળે છે.

(૩) શુભગુરુના યોગથી આપણી ભૂખોનું ભાન થાય, એ સુધારવાના ઉપાય મળે, ગુરુ આપણા પથ-પ્રદર્શક બને, એમની સેવા વિનય-વંદનાદિનો લાભ મળે, વગેરે વગેરે અનેક લાભો છે.

(૪) શુભગુરુયોગ ખરેખરો સાધવામાં ગુરુ માથે ધરાય છે તેથી એમના પ્રત્યે સંપર્કભાવ ઊભો થતાં આત્માના મહાન દોષ 'અહંત્વ' પર કાપ પડે છે. તેમ સેવા-આજ્ઞાપાલનમાં પૈસા આદિનો ભોગ અપાય એટલે તૃષ્ણા-મમત્વ પણ કપાય. સારાંશ જગતને અંધ બનાવનાર જે મોહનો મંત્ર-**'અહં, મમ'** એનો પ્રતિમંત્ર યાને નાશક મંત્ર **'નાહં, ન મમ'** શુભગુરુ યોગથી પ્રાપ્ત થાય છે.

આધુનિક પ્રશ્નોના ખુલાસા

પ્ર.- જૈન ધર્મમાં બહુ ક્રિયાકાંડો અને તપસ્યા હોવાથી એ સંકોચાતો ગયો, અને બૌદ્ધ ધર્મમાં એ નહિ, તેથી એ ફાલ્યો ફુલ્યો, એમ શું ન કહેવાય ?

ઉ.- ના, એવું ન કહેવાય. કેમકે બૌદ્ધ ધર્મ એ ધર્મ તરીકે ફાલ્યો ફુલ્યો જ નથી. બૌદ્ધ ધર્મ તો અહિંસા અને મૈત્રીનો ઉપદેશ કરે છે, ત્યારે આજે કરોડો બૌદ્ધ ગણાતા લોકો માંસાહારી છે. એમના માટે સુમાર વિનાના માછલા પકડાય છે, અને એ હોંશે હોંશે વાપરે છે. સુરતના એક વેપારીને ત્યાં લગ્નપ્રસંગ હતો, તે પર ખુશાલી ભેટ તરીકે ચીનના પરિચિત વેપારીએ એક પારસલ મોકલ્યું. તે ખોલતાં એમાંથી અખંડ બે ઉંદરનું અથાણું નીકળ્યું ! પોતાની જાતને બૌદ્ધ કહેવરાવવા છતાં પાછો આ હિંસાનો પશ્ચાત્તાપ પણ નથી. આવી મોટી સંખ્યાના પણ સમાજમાં ધર્મ તરીકે બૌદ્ધ ધર્મ શું ગણાય ? વળી મૈત્રી પણ શી, કે જ્યાં પોતાના બૌદ્ધ ભાઈઓનું શોષણ ચાલ્યું ? માટે તો ત્યાં સામ્યવાદ ફેલાઈ ધર્મનું નામનિશાન નીકળી ગયું. વધારામાં ક્રૂરતા ખૂબજ વધી ગઈ. આમાં ધર્મ ક્યાં ફાલ્યો ફુલ્યો ? ઊલટું ધર્મી કહેવરાવનાર લાખો બૌદ્ધોની કત્લ કરાઈ. તિબેટમાં પણ એમજ સામ્યવાદ ઘુસેડાયો, અને બર્મા વગેરેમાં એના પગરણ મંડાઈ ચૂક્યા છે. મૂળમાં ધર્મ તરીકેના જરૂરી તત્ત્વ ભૂલાય એટલે પરિણામ વસ્તુતઃ શૂન્યમાં જ આવે. હિંદુ ધર્મમાં હજી કાંઈક ત્યાગ, તપ, ક્રિયાકાંડ મૈત્રી હોવાથી એક ટક્યો છે છતાં આજે એ ત્યાગાદિ પર જોર ઘટતું જાય છે, એનું પરિણામ શૂન્યમાં આવે એ સહજ છે. જૈન ધર્મ ત્યાગ-તપ-ક્રિયાકાંડ, આચાર ઉપર જ ટક્યો છે. અનુયાયીની સંખ્યા આજે ઓછી, એનાં કારણ તો જુદાં જ છે, દા.ત. મુસલમાનો અને શંકરાચાર્ય વગેરેના અનુયાયીઓના ભયંકર જુલ્મ વરસી ગયા, મુનિઓ અને એમના વિહાર સંકોચાઈ ગયા, ઇતરોના જ પરિચય વધી ગયા, આધુનિક કેળવણી અને જડવાદમાં તણાઈ જૈન આચારવિચારનો લોપ કરાતો ગયો વગેરે અનેક કારણોએ જૈન સંખ્યા ઓછી થઈ છે. બાકી ત્યાગ તપ, ક્રિયાકાંડ આચારવિચાર વગેરેથી જૈન ધર્મ અણીશુદ્ધ ચાલ્યો આવે છે, અને શોભે છે.

પ્ર.- વીતરાગ ભગવાનને સરાગી ઠાકોરજી વગેરેની જેમ અંગરચના કરાય એ શું ઉચિત છે ?

ઉ.- અહીં સામે પ્રશ્ન છે કે શું કર્મગ્રસ્ત સરાગી દેવની જેમ વીતરાગ નિરંજન દેવની મૂર્તિ બનાવવી પૂજવી ઉચિત છે ? અગર કહો 'હા, ઉચિત છે, કેમકે જો કે દેવને પોતાને મૂર્તિ સાથે કાંઈ નિસ્બત લાભાલાભ નથી, પરંતુ ભક્ત પોતાની ભક્તિ માટે વીતરાગની મૂર્તિ બનાવે છે, જેથી દર્શન પૂજન નમન આદિ કરી શકે' તો તો આજ હેતુ અંગરચનામાં પણ છે. અહીં એ ખાસ તફાવત સમજવાનો છે કે સરાગી દેવની માન્યતામાં તો એમ મનાય છે કે એમની મૂર્તિ બનાવવાથી તેમજ એના વંદન પૂજન આદિથી એ દેવ તુષ્ટ થાય છે અને ફળ આપે છે. એટલે કે દેવને મૂર્તિ તથા પૂજાદિ સાથે નિસ્બત છે, ખુશી થવાનો લાભ છે, પરંતુ વીતરાગ દેવની માન્યતામાં એવું નથી મનાતું. એમને મૂર્તિ કે વંદન, પૂજન આદિથી કશું રીઝવાનું નથી, એમને કોઈ નિસ્બત પ્રયોજન નથી. પ્રયોજન તો ભક્તને પોતાને છે, એને દુનિયાના મોહવર્ધક સગાં-સ્નેહી વગેરે કટ્ટ આલંબનોથી છૂટી મોહનાશક વીતરાગના સદ્ આલંબનમાં જવું છે. માટે એમની એ મૂર્તિ સ્થાપે છે, અને વીતરાગના દર્શનાદિ કરીને એમનું આકર્ષણ-બહુમાન વધારે છે. એવી રીતે ધન વગેરેની મૂર્ચ્છાથી છુટવા અને વીતરાગ પર બહુમાન કૃતજ્ઞતાપાલન વધારવા તથા ધનાદિનો ઉત્તમ પાત્રમાં વિનિયોગ કરવા તરીકે એ વીતરાગની સારા કિંમતી દ્રવ્યોથી પૂજા અંગરચના-તીર્થયાત્રાદિ કરે છે. એથી એના અને બીજા પણ દર્શનાદિ કરનારના ભાવ વધે છે, વિશુદ્ધ થતા આવે છે. તો પછી આમાં અનુચિત જેવું શું આવ્યું ? ઊલટું ધન-મૂર્ચ્છા કુટુંબ-મૂર્ચ્છા પાપક્રિયામાં સમય વ્યય, વગેરે ઘટાડવા અને ગુણી તથા ઉપકારી પ્રત્યે પૂજ્ય ભાવ, ગુણરાગ અને કૃતજ્ઞતા સક્રિય કરવા વીતરાગની અંગરચના વગેરે ઉચિત જ છે.

પ્ર.- પ્રક્ષાલ કેસર વગેરેથી પૂજા દ્રવ્ય પૂજા છે, એના કરતાં સ્તુતિ-ચૈત્યવંદનાદિ ભાવપૂજાનું ફળ ઘણું મોટું છે. તો દ્રવ્યપૂજા ન કરીએ તો શો વાંધો ?

ઉ.- વાંધો મોટો એ કે 'દ્રવ્યપૂજાની જરૂર નથી, એના વિના ચાલે' એવો જે દિલનો ભાવ છે, એ ભાવપૂજાને ઊભી જ થવા દેતો નથી. અહીં ખાસ સમજવાનું છે કે ચૈત્યવંદન, સ્તુતિ-સ્તવન બોલીએ એટલા જ માત્રથી ભાવપૂજા

નથી, પરંતુ સાથે દિલમાં જિન-જિનવચનનાં સન્માન બહુમાનનો ભાવ જન્મે છે, એથી ભાવપૂજાનું અસ્તિત્વ બને છે. કારણ એ છે, કે-

'દ્રવ્યપૂજા' એટલે, દ્રવ્યરૂપી સાધનથી પૂજા, જળ, દૂધ, ચંદન (સુખડ), કેસર, પુષ્પ, વરખ, બાદલું, આભૂષણ, ધુપ, દીપ, વાસક્ષેપ વગેરેને 'દ્રવ્ય' કહેવાય, આપણાં એ દ્રવ્યોનું ભગવાનને સમર્પણ તથા એ દ્રવ્યોથી ભગવાનનું પૂજન અને સત્કાર, એનું નામ દ્રવ્યપૂજા છે. એવાં સાધનભૂત દ્રવ્યમાં ગીત-નૃત્ય-સ્તુતિ-ઉચ્ચારણ વગેરે પણ આવે. તેથી એનાથી પ્રભુજીનો સત્કાર એ પણ દ્રવ્યપૂજામાં ગણાય. ત્યારે,

'ભાવપૂજા' એટલે હૃદયના વિશુદ્ધ ભાવરૂપી સાધનથી પૂજા. આ વિશુદ્ધ ભાવ એટલે જિનાજ્ઞાના અમલનો ચિત્તપરિણામ.

જિનાજ્ઞા બે પ્રકારે :

(૧) શ્રદ્ધાપૂર્વક પાપસ્થાનકનો ત્યાગ કર અને નિરાશંસ ભાવે તપ-સ્વાધ્યાયાદિનું સેવન કર.

(૨) એ ત્યાગ અને સેવન ન બને ત્યાંસુધી એની હાર્દિક પાકી શ્રદ્ધા કર કે 'પાપસ્થાનક આત્માના ભાવ-શત્રુ છે, અનર્થ-અધઃપતનકારી છે, માટે ત્યાજ્ય જ છે, તપ, શાસ્ત્રસ્વાધ્યાય આદિ કલ્યાણરૂપ છે, આત્માના ઉદય-ઉન્નતિકારક છે, માટે અવશ્ય સેવવા યોગ્ય છે' સાથે એવાં જિનવચન ઉપર ને એના કહેનાર વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વર ઉપર શ્રદ્ધા બહુમાન, અને અનન્ય મમત્વ કર, એવાં કે જેની આગળ ધનાદિ-મમત્વ ગૌણ થઈ જાય.

ચૈત્યવંદન-સ્તવનમાં ખાસ કરીને આ બીજા પ્રકારની આજ્ઞાનો અમલ છે, માટે એ ભાવપૂજા છે.

પ્રશ્ન થશે કે એમ તો કેસર પુષ્પ આદિથી કરાતી પૂજામાં પણ એ શ્રદ્ધારૂપી અમલ તો હોય જ, નહિતર શ્રદ્ધા વિનાની એ પૂજાની કશી કિંમત ન રહે. પછી એવી કેસર આદિથી કરાતી જિનાજ્ઞાપાલનવાળી પૂજા એય ભાવપૂજા કેમ નહિ ?

ઉત્તર આનો એ છે કે આમાં કેશરપુષ્પ આદિનું સમર્પણ એ મુખ્ય છે, કેમકે એમાં આપણાં દ્રવ્યનો ભોગ અપાય છે. માટે એ દ્રવ્યપૂજા છે. ત્યારે સ્તુતિ-ચૈત્યવંદનમાં બાહ્ય સાધનરૂપે તો માત્ર બોલવાનું છે, એમાં કોઈ ધન આદિનો ભોગ અપાતો નથી, કિન્તુ એ વખતે હૃદયના ઊછળતા ભાવની વિશેષતા પ્રધાનતા છે, તેથી એ ભાવપૂજા છે.

હવે એ જુઓ કે આ ભાવરૂપી સાધનથી પૂજા કરવી છે ત્યાં ભાવ તરીકે

પેલા પાપસ્થાનકત્યાગ-તપ-સ્વાધ્યાયાદિ સેવનની શ્રદ્ધા તથા જિન-જિનવચન ઉપર શ્રદ્ધા-બહુમાન-મમત્વ લાવવાના છે. હવે જો 'દ્રવ્યપૂજાનું શું કામ છે ? એ ન કરીએ તો શો વાંધો ? એવો મનમાં ઉઠાવો ઊભો થાય, તો કહેવું પડે કે એની પાછળ દિલ એમ માની રહ્યું છે કે જિનભક્તિ પાછળ એવો ધનનો ભોગ આપવાની જરૂર નથી, જે ધન મૂર્ચ્છા પાપસ્થાનક છે, જે એવા ધનથી કરાતી મોહકુટુંબાદિની સરભરા પાપસ્થાનક છે, એમાં કશું ખોટું લાગતું નથી, એ ત્યાજ્ય નથી લાગતી, અને ધનાર્પણથી કરાતી જિનભક્તિ નિરુપયોગી લાગે છે, એ સૂચવે છે કે એમાં જિનવચન ઉપર શ્રદ્ધા ક્યાં રહી ? જિન ઉપર બહુમાન-મમત્વ શું રહ્યું ? જિનાજ્ઞાનો બીજા પ્રકારનો અમલ શો ? અને એ જો નહિ, તો ભાવમાં જ મોટો વાંધો પડી ગયો. પછી ગમે તેટલાં સ્તુતિ-ચૈત્યવંદન કરે તેથી ભાવપૂજા શી રીતે નિષ્પન્ન થાય ?

માટે ગૃહસ્થ કે જેને ધન મમત્વ છે, ધનતૃષ્ણા છે, ને ધનવ્યયથી પાપપોષણ છે, એને એ કાપવા માટે જિનની દ્રવ્યપૂજા જોઈએ જ, દ્રવ્યપૂજા મુખ્ય છે, દ્રવ્યપૂજાપૂર્વકની જ ભાવપૂજા સાચી ભાવપૂજા બની શકે.

પ્ર.- જૈન ધર્મમાં ક્રિયા ઉપર બહુ ભાર હોવાથી આત્મા ક્રિયાજડ બની જાય છે એવું નથી લાગતું ?

ઉ.- અહીં પહેલી વાત એ સમજવાની છે કે જગતમાં કયા ક્ષેત્રમાં ક્રિયાપર ભાર નથી ? જગતના બધા હુન્નરો જુઓ, માણસ તેમાં તેમાં સારી રીતે ક્રિયાનો અભ્યાસ રાખે છે. ત્યારે એમાં નિષ્ણાત થાય છે. ખેતી, સુથારીકામ, કડિયાકામ સોની-લુહાર-દરજી વગેરેના ધંધા, બધે જ એની ક્રિયામાં બહુ લાગ્યો રહે ત્યારે કળા હાથ આવે છે. વિજ્ઞાનની શોધોના અભ્યાસીને નિષ્ણાત થવા કેટલાય પ્રયોગો કરવા પડે છે. 'ક્રિયાના ઠમઠોક અભ્યાસે જ જીવનમાં નવો વ્યવસાય, નવી દૃષ્ટિ, નવો રંગ અને નવી કુશલતા આવે છે. એક રસોઈની હોશિયારી પણ વારંવાર એની ક્રિયાના અભ્યાસથી આવે છે ત્યારે મોટી ડૉક્ટરી કળા, વકીલપણું, વગેરે પણ એની પ્રેકટીકલ-પ્રયોગાત્મક ક્રિયાના અભ્યાસથી આવડે છે તો પછી ધર્મની કુશળતા એની ભરપૂર ક્રિયાના અભ્યાસ વિના શી રીતે આવે ?

બીજી એક મહત્ત્વની વાત એ યાદ રાખવાની છે કે આત્મા જો ધર્મક્રિયામાં નથી જોડાતો તો દુનિયામાં પાપ ક્રિયાઓનો ઢગલો પડેલો છે કે જે એને તાણી જવા તૈયાર છે. ધંધા-ધાપાની, ઘર-વ્યવહારની, પરિવારમોહની, મોજશોખની, ઇત્યાદિ ઇત્યાદિ, અરે ! છેવટ ગામગપાટા, વાતોના તડાકા, અને નિંદા કૂથલીની એટલી બધી ક્રિયાઓ આત્માને તાણવા તૈયાર છે કે એને નવરાશ જ ન મળે.

ત્યારે શું આ પાપક્રિયાઓ હૈયાના રસ વિના જ થાય છે ? શું એ મન પર એના રાગ, આસક્તિ, અધિક લોભની અસર નથી કરતી ? ન કરતી હોત તો ફરી ફરીને એ પાપ ક્રિયામાં શું કામ દોડ્યો જાય છે ? તેમજ એના વિચારો કેમ વારંવાર આવ્યા કરે છે ? રસને લીધે જ બસ, આ બધાથી બચવું હોય તો સામે ધર્મક્રિયા ભરચક જોઈએ. આત્મા ધર્મક્રિયામાં રોકાયો રહે તો એટલો સમય પેલી પાપક્રિયાઓ બંધ પડે. ધર્મચર્ચા, તત્ત્વગોષ્ઠી, મહાપુરુષના ચરિત્રનું કથન કરતો રહે, તો નિંદા-કુથલી, વાતોનાં તડાકા વગેરે અટકે. સામાયિક, તપસ્યા, પ્રભુ ભક્તિ, શાસ્ત્રાધ્યયન જાપ વગેરે કરતો રહે તો એટલો સમય ધંધા ધાપા, કે કુટુંબ સ્નેહી વગેરેની મોહભરી પળોજણ અટકે. દુનિયાના કામમાંથી નવરો પડ્યો બેસી રહે તો ખોટા સંકલ્પ-વિકલ્પ-વિચારોમાં ચડે છે, ને એથી મન બગડતું જાય છે. કહે છે ને કે 'નવરો નખ્ખોદ વાળે.' ત્યાં જો એક યા બીજી ધર્મક્રિયા, છેવટે ધર્મવાંચન ચાલુ રાખે, તો એ મન બગાડવાથી અટકે. આ બધું સૂચવે છે કે ધર્મક્રિયાઓ તો જીવનમાં ભરપૂર જોઈએ, તો જ પાપક્રિયાઓ અને મન બિગાડાથી બચાય; તેમજ ધર્મની કુશળતા, ધર્મનો રસ, ધર્મમાં પ્રેમ-લગની આવે. અહીં પૂછો,

પ્ર.- તો પછી જ્ઞાનયોગ ક્યારે સાધવાનો ?

ઉ.- અહીં એ વિશેષ ધ્યાનમાં લેવા જેવું છે કે બધી ધર્મક્રિયાઓને જ્ઞાન સુવાસથી મઘમઘતી કરવાની જ છે. એક નવકારનો જાપ કે દેવનાં દર્શન જેવી ક્રિયા પણ જ્ઞાન-મિશ્રિત થવી જોઈએ છે. **'જ્ઞાન' એટલે સમજ;** એ જેમ વિશાલ અને ઊંડી, તેમ એ સમજવાની ક્રિયાનો પાવરશક્તિ વધારે એટલે જ્ઞાન તો ક્રિયાના ભેગું ભળેલું જ અને વધુ વધુ વિકસિત જોઈએ. જંગલમાં સપડાયેલ આંધળો અને લંગડો-પાંગળો એ બંને એકબીજાની ક્રિયા અને જ્ઞાનને મિશ્રિત કરે અર્થાત્ આંધળો લંગડાને ખભા પર બેસાડી એ દિશા બતાવે, તેમ ચાલવાની ક્રિયા કરે, તો જ જંગલમાંથી બહાર નીકળી શકે. દિશા રસ્તો બતાવે એ જ્ઞાન છે. એ જેટલો ટૂંકો અને કાંટા-કાંકરી તથા ખાડા-ટેકરા વિનાનો રસ્તો બતાવે, એટલા વહેલા એ રસ્તે ચાલવાની ક્રિયાથી બહાર નીકળાય. એમ અહીં પણ ધર્મક્રિયાથી જો એમાં વિશેષ જ્ઞાન-સમજ-ભાવોલ્લાસ ભળેલા હોય તો આત્માનો ઉદ્ધાર થાય. આ જ્ઞાન-સમજ-ભાવોલ્લાસ સચોટ અને અધિકાધિક જગાવવા માટે શાસ્ત્રનું શ્રવણ, વાંચન અધ્યયન અતિ જરૂરી છે.

એ પેલા જ્ઞાનયોગનું સાધન છે. એ ભણ્યા પછી એનો ઉપયોગ તો જ્ઞાન-સમજ-ભાવોલ્લાસથી જવલંત ઝગમગતી ધર્મક્રિયાઓ સાધવામાં કરવાનો છે. તેમજ અતિ જરૂરી ભોજનાદિ દુન્યવી ક્રિયાઓ વખતે શુભ ભાવ શુભ વિચારણા રાખવામાં કરવાનો છે.

સારાંશ, બહુ ધર્મક્રિયાથી કંટાળવાનું નથી, પણ ઊલટું એમાં અધિકાધિક ગુંથાયેલા રહેવું જોઈએ. તો જ પાપ-ક્રિયાઓ તથા વિકલ્પોથી બચાય.

હૈયામાં ગુરુયોગ ક્યારે થાય ? તાત્પર્ય એ છે કે વિશિષ્ટ ચારિત્રસંપન્ન ગુરુનો યોગ સાધવાનો છે. તે માત્ર બાહ્યથી એમની સાથે રહ્યા એટલું જ નહિ, કિન્તુ અભ્યંતર રીતે પણ આપણા આત્માને ગુરુયોગ કરવાનો છે. તે ઇન્દ્રિયના વિષયાદિનો રંગ અને અહંત્વાદિ કષાયોની પરિણતિ ઓછી થાય, તો જ બની શકે. નહિતર તો જ્યાં સુધી એ વિષયોના પૂરા ખેંચાણ-આકર્ષણ હોય, તેમજ અહંત્વાદિક પાપોના દબાણ-જોર હોય ત્યાં સુધી ગુરુનો યોગ માત્ર કાયાથી નિકટ આવવા રૂપે કર્યો એટલું જ, પણ હૃદય કાંઈ નિકટ ન થયું. હૈયે જો ધન-માલ-પરિવાર વગેરેની જ મમતા-પ્રીતિ અને સારબુદ્ધિ હૈયે જો ખચ ભરી હોય તો ત્યાં ગુરુને પ્રવેશની જગા જ ક્યાં છે ? એ તો એ ધનમાલાદિનાં આકર્ષણ, મહત્ત્વ ઓછાં થાય, એમાં અસારતાની બુદ્ધિ જાગે, તોજ આત્માને ગુરુ માટે સારબુદ્ધિ અને મમતા-પ્રીતિ થાય. એનું નામ ગુરુ અંતરમાં પેઠા; ત્યાં હૃદયથી ગુરુયોગ સધાવા માંડે એવું જ અહંત્વાદિનું જોર મોળું પડે. મનને એમ થાય કે 'હું એટલે કાંઈ નહિ હું તો અબુઝ અનાડી, જ્યારે ગુરુ એટલે બોધ આપનાર અને સન્માર્ગી-સદ્‌આચારી-સદ્‌ગુણી બનાવનાર;' એવું ગુરુ માટે વિશિષ્ટ ગૌરવ ઊભું થાય, તો જ આભ્યન્તર ગુરુયોગને જગા મળે. વાત પણ સાચી છે કે આવો ગુરુયોગ થાય તો જ આગળ એમના ઉપદેશને હૃદયમાં ઊતારવાનું થવાનું.

ગુરુયોગની વધતી માત્રા ગુરુયોગ-ગુરુમય સ્વાત્મા. આવો ગુરુયોગ, આપણે જીવનભર માટે ગુરુની નિશ્રામાં આવી ગયા પછી પણ, હૃદયથી એવો વિકસાવી શકાય છે કે આપણી સુખસગવડ અને જાતની વડાઈ વગેરેની બેપરવા વધતી જાય, ને ગુરુનું મહત્ત્વ આપણા દિલમાં વધીને ગુરુની પરવા ગરજ-આત્મીયતા વિકસ્વર બનતા જાય. આપણી રુચિ, ઇચ્છા, માન્યતા, સગવડ, અનુકૂળતા વગેરે કશું નહિ. ગુરુની રુચિ એ આપણી રુચિ, ગુરુની ઇચ્છા એ આપણી ઇચ્છા, ગુરુનો

મત એ આપણો મત, ગુરુની સગવડ-અનુકૂળતા એ જ આપણી અનુકૂળતા, ગુરુનું માન, પૂજા, પ્રતિષ્ઠા એ જ આપણા માન પૂજાદિ, એમનો યશવાદ એ જ આપણો યશવાદ. એમને ઠીક ન લાગે તો આપણને ઠીક ન લાગે; એમની ઇચ્છા ન હોય એની આપણને પણ ઇચ્છા નહિ. ભલે આપણને સન્માન-પ્રતિષ્ઠા ગમતી હોય, પરંતુ જો ગુરુનું અપમાન થતું હોય, એમનો યશવાદ રૂંધાતો હોય તો એ આપણા પોતાનું અપમાન-અપયશ લાગે. એમ આપણને અનુકૂળ પણ એમને પ્રતિકૂળ હોય તો તો આપણને પણ પ્રતિકૂળ જ લાગે. ત્યાં આપણી અનુકૂળતાની કશી કિંમત નહિ. એ જતી કરવાની. આવું ગુરુ પ્રત્યે હૃદય વધતું જાય તો ગુરુયોગ વધતો આવ્યો ગણાય; ને એમાં આગળ જતાં પોતાનો આત્મા ગુરુમય થતો જાય. આત્મા સ્વાત્માને ભૂલી ગુણસંપન્ન ગુરુ સાથે એટલો બધો એકમેક થઈ જાય કે પછી પોતે ને ગુરુ, બે વચ્ચે કોઈ ભેદ જ ન લાગે, ગુણમૂર્તિ ગુરુ જોડે અભિન્ન બની જાય. એમ જાત ભૂલ્યા પછી અનાસંગ અનાસક્ત યોગમાં પહોંચતાં વિષયો, સુખ, ભોગ, કાયા વગેરેથી તદ્દન નિરાળો અલિપ્ત બનીને શુદ્ધ ગુરુરૂપ થઈ વીતરાગ દશાએ પહોંચી જાય. આ પહોંચવામાં ઉત્તરોત્તર કેટલીય કક્ષાઓ ગુરુયોગમાં વટાવવી પડે. એવી ઉત્તરોત્તર કક્ષાઓ પ્રાપ્ત કરવા માટે શુભ ગુરુયોગની આશંસા કરતા જ રહેવું જોઈએ. એટલે જ વીતરાગતા ન આવે ત્યાં સુધી ગણધર ભગવાન પણ આ વિશેષ આશંસા કરતા રહે છે એમાં નવાઈ નથી.

• • •

શિબિર સમિતિના મંત્રી શ્રી કેશવલાલ મોહનલાલ (૧૯૦ લવલેન, ભાયખલા પોલિસ સ્ટેશન સામે, મુંબઈ-૨૭) જણાવે છે કે :

ગ્રીષ્મ-અવકાશ દરમ્યાન યોજાયેલી શિબિરોમાં તમારા આત્માનું ઘડતર કરવા પૂ. ગુરુદેવોએ ઉપદેશ આપેલો, તેનાથી પ્રેરાઈ તમે વ્રત-નિયમો ગ્રહણ કર્યા હતા.

શિબિરોમાં રોપાયેલ બીજોનું રક્ષણ-સિંચન અને વૃદ્ધિ એ તમારા હાથની વાત છે. આ વિષે થોડું જાણવા ઇચ્છા છે. નીચેના પ્રશ્નોના જવાબો ઉપરના સરનામે લખી મોકલવા વિનંતી છે.

(૧) શિબિરમાં રહ્યા પછી ચારિત્ર ઘડતર પર તેની અસર અને મહત્ત્વ વિષે તમારો-તમારા મિત્રોનો અનુભવ જણાવો.

(૨) લીધેલ વ્રત-નિયમોની યાદી.

(૩) વ્રત-નિયમોના પાલનથી થયેલા શારીરિક-માનસિક-આત્મીય લાભો.

(૪) (અ) વ્રત-નિયમોના પાલનમાં આવતી મુશ્કેલીઓ.

(બ) તેને તમે કેવી રીતે પાર કરી ?

(૫) શિબિરમાંથી મળેલા સંસ્કારોની તમારા વડીલો-મિત્રો વગેરે પર વિશિષ્ટ અસર.

(૬) શિબિરોમાંથી મળેલ સંસ્કારોની અન્ય સગાં સંબંધી મિત્રોમાં કરેલી પ્રભાવનાની યાદી.

(૭) પાછલી શિબિરોના અનુભવો પરથી આગામી શિબિરોમાં અભ્યાસક્રમ પદ્ધતિ, સમયપત્રક-ખોરાક રહેઠાણની જગ્યા, ખર્ચ વગેરેમાં કરવા લાયક ફેરફારો વગેરે સૂચનાઓ.

(૮) આવી શિબિરોમાં વધુને વધુ સંખ્યા લાવવા તમે શું કરશો ?

(૯) આવી શિબિરોના ખર્ચ માટે તમે ફાળો ઉઘરાવી મોકલશો ?

શ્રી પાટણ મુકામે ધાર્મિક શિબિરમાં અભ્યાસ કરી આવેલા વિદ્યાર્થી શ્રી શૈલેશકુમાર રાયચંદભાઈ દોશીએ દાદર જૈન સંઘના ભાઈઓ ઉપર તપ, ત્યાગ અને ક્રિયારુચિથી પાડેલો ભારે પ્રભાવ.

શ્રી દાદર જૈન પાઠશાળાના વિદ્યાર્થી શ્રી શૈલેશકુમાર દોશી ઉંમર વર્ષ-૧૪ વેકેશન દરમ્યાન શિબિરના કલાસમાં ધાર્મિક અભ્યાસ અને વૈરાગ્યમય પ્રવચનો સાંભળી પોતાના જીવનને આજે મોટાઓને પણ સુંદર આલંબન રૂપ દાખલો બેસાડેલ છે.

પર્વાધિરાજ પર્યુષણપર્વમાં આઠે દિવસ પોષધમાં છેલ્લો છટ્ઠ તપ સાથે બિલકુલ પ્રમાદ વગર દરેક અનુષ્ઠાનની ક્રિયાઓ અને સૂત્રોના આદેશ માગી બધાને સુંદર આરાધના કરાવેલ.

નાની ઉંમરમાં આટલી સુંદર ક્રિયારુચિ, તપની ભાવના અને સુંદર અભ્યાસ જોઈ સહુ કોઈ અનુમોદના કરતા હતા. અને એમની સાથે બીજા નાના બાળકોને પોતાના તરફથી પૂજાના રેશમી કપડાની પ્રભાવના કરી ભક્તિનો લાભ લીધેલ. હજુ પણ દર ચતુર્દશીએ પૌષધ કરી સુંદર સંસ્કાર, વિનય, વિવેક અને પરભવ સુધારે તેવી શ્રદ્ધાવાળા બનાવવા હોય, પોતાના સંતાનનું જીવન નિયમ અને ધર્મની ટેકવાળું બનાવવું હોય તો મારી ખાસ વિનંતી છે કે આવતા વર્ષની શિબિરમાં આપના બાળકોને અવશ્ય મોકલવાનું નક્કી કરશો.

લિ. માસ્તર વેલજી, દાદર.

સમસ્ત જૈન સંઘે વિચારવા જેવી ધાર્મિક શિક્ષણની વિશિષ્ટ યોજના "પોસ્ટલ ટ્યુશન"

ભૌતિકવાદના પ્રચંડ ઘોડાપૂરમાં ભાવિ પેઢીના મૂળ રૂપ સમગ્ર વિશ્વની વિદ્યાર્થી આલમ ઘસડાઈ રહી છે. જેમાંથી ઘણા જૈન વિદ્યાર્થીઓ પણ બચી શક્યા નથી. વિશ્વનું સર્વશ્રેષ્ઠ તત્ત્વજ્ઞાન મોજુદ હોવા છતાં એનાથી વંચિત રહેતો આજનો વિદ્યાર્થી આધુનિક યુગની અસર નીચે ઉદ્ભટ વિલાસો, ગેરશિસ્ત, સ્વચ્છંદાચાર, નાસ્તિકતા, માંસાહાર સુધીના અભક્ષ્ય ખાનપાન, દુરાચારો, વગેરે બદીઓનો ભોગ બન્યો છે, અને બનતો જાય છે. સિનેમા, નાટક, હોટેલો, સહ-શિક્ષણ, રેડિયો અને બીભત્સ મનોરંજન કરનારા નવલિકા-નવલકથા-સામાયિકો વગેરે સાહિત્યે આમાં મોટો ફાળો આપ્યો છે.

આ પરિસ્થિતિમાં નિરાશાવાદી, ખંડનાત્મક દૃષ્ટિબિંદુથી જે તત્ત્વો આપણાં કાબૂમાં નથી તેને માત્ર ગાળો દઈ બેસી રહેવાથી પરિસ્થિતિ સુધરી ન શકે, પરંતુ ઊલટું બગાડ થાય છે. આશાવાદી દૃષ્ટિબિંદુથી રચનાત્મક ઉપાયો યોજવાથી જરૂર સુધારો થઈ શકે છે. છેલ્લા ચાર વર્ષથી, "જૈન ધાર્મિક શિક્ષણ ગ્રીષ્મ શિબિર" યોજનાથી આ પ્રત્યક્ષ અનુભવાયું છે. આધુનિક વિદ્યાર્થીઓને પણ જો આધુનિક, રોચક અને મનોવૈજ્ઞાનિક શૈલીથી જૈન તત્ત્વજ્ઞાન, જૈન આચાર, જૈન ઈતિહાસ અને મોક્ષમાર્ગનું જ્ઞાન આપવામાં આવે તો તેમની શક્તિઓ જેનો પૂર્વે ખંડનાત્મક માર્ગે ઉપયોગ થતો હતો, તેને રચનાત્મક માર્ગે વાળી તેમના ઉચ્ચ ચારિત્ર ઘડતરરૂપી સર્જન થઈ શકે છે. શિબિરમાં આવી ગયેલા વિદ્યાર્થીઓના જીવનમાં ચમત્કારિક પરિવર્તન આવ્યું છે. જૈન સિદ્ધાંતોમાં તેમની શ્રદ્ધા દૃઢ બની છે, જ્ઞાન-પિપાસા વધી છે, જિનભક્તિ-વ્રતનિયમાદિમાં જોડાયા છે, વડીલો પ્રત્યેનો વિવેક-વિનય વધ્યો છે, અને આત્માનું અહિત કરનારાં તત્ત્વો ઘટ્યાં છે. એટલું માત્ર નહિ પણ આ વિદ્યાર્થીઓ પોતાના મિત્રો-સંબંધીઓ-કુટુંબીજનોને પણ આ માર્ગે વાળવા સફળતાપૂર્વક પ્રયત્નો કરી રહ્યા છે.

આવી શિબિરોથી કેવળ ૧૫૦-૨૦૦ વિદ્યાર્થીઓને માત્ર એક માસ માટે શિક્ષણ આપી શકાય. પરંતુ ભારતભરમાં અને વિદેશમાં પથરાયેલ અન્ય વિદ્યાર્થી-વિદ્યાર્થીઓનું શું ? આ પ્રશ્ન દરેકે વિચારવો જરૂરી છે. ભાવિ જૈન સંઘ એમનાંથી

બનવાનો છે, અને એ સમ્યગ્‌જ્ઞાનના અભાવે કેવો બનવાનો ?

આનું નિવારણ કરવા 'ઓછામાં ઓછી મહેનતથી વધુમાં વધુ સંગીન ફળ' એ અર્થશાસ્ત્રના સિદ્ધાંત પર અવલંબેલ શક્ય અને વ્યવહારુ યોજના કરવાની ખાસ જરૂરિયાત છે.

આધુનિક યુગમાં પ્રેસ એ શિક્ષણ પ્રદાન માટેનું શ્રેષ્ઠ સાધન છે. ભારતભરમાં જ્યાં સાધુ-સાધ્વીજીનો વિહાર નથી, ધાર્મિક પાઠશાળા જેવું શિક્ષણનું કોઈ સાધન નથી, એવા ક્ષેત્રોમાં પણ જૈન તત્ત્વજ્ઞાન અને આચાર માર્ગનો સુવિહિત, ગીતાર્થ મુનિવર્યો તથા અન્ય શ્રદ્ધાળુ વિદ્વાનો પાસે લેખો લખાવી **"પોસ્ટલ ટ્યુશન"** દ્વારા પ્રચાર કરવો જરૂરી છે.

આ પોસ્ટલ ટ્યુશન પાક્ષિક પત્રિકાથી ચલાવવું. જેમાં જૈન તત્ત્વજ્ઞાન, આચાર માર્ગ, ઈતિહાસ, સૂત્રોના ભાવોની ક્રમશઃ સમજાવટ, કાવ્ય-પદ-સજ્ઝાય વગેરે જૈન દર્શનના વિષયો અને તેના પર પ્રશ્નો-ઉદાહરણો આપવા. જ્યાં આ સિદ્ધાંતો જીવનમાં જીવાતા હોય યા શિક્ષણની આવી પ્રવૃત્તિઓ થતી હોય ત્યાંના સમાચારો પણ આપવા અને વિશેષ વિકાસ માટે માર્ગદર્શન આપવું. દર ત્રણ મહિને આ અભ્યાસની પરીક્ષાઓ લેવી અને બાર મહિને તેના વિજેતાઓને જાહેર બહુમાનપૂર્વક સમારંભો યોજી પ્રોત્સાહનકારક મોટી રકમના પુરસ્કારો અને પ્રમાણપત્રો આપવા. આના સંચાલન માટે એક વહીવટીતંત્ર રચવું પડે, એક ઑફિસ ચલાવવી પડે, જેના ખર્ચ વગેરેની વિગતો નીચે મુજબ છે. સામાયિકની ૩૦૦૦ નકલ ગુજરાતીમાં અને ૨૦૦૦ નકલ હિન્દીમાં મુદ્રિત થાય, એને ગામે ગામ પોસ્ટ કરાય. પરીક્ષા પેપરો તપાસવા પંડિતો રોકવા પડે. ઈનામોની યોજના થાય. આના વાર્ષિક ખર્ચનો અંદાજ આ પ્રમાણે છે :

રૂપિયા	ખર્ચની વિગત
૪૦૦૦	પગાર કલાર્ક તથા નોકર
૧૫૦૦	સ્ટેશનરી, પોસ્ટેજ
૪૮૦૦	પત્રિકા ૩૦૦૦ બે ફાર્મ ૧૦૦/૨x૨૪ અંક છપાઈ
૩૬૦૦	કાગળ ૬-૬ રીમ ૧૫૦x૨૫
૧૦૦૦	બ્લોક, પુઠું, ફોલ્ડીંગ, પિનિંગ
૫૫૦૦	હિન્દી પત્રિકા
૫૦૦	ઑફિસ ભાડું (વાર્ષિક)
૩૦૦૦	સ્ટેનોગ્રાફરના પગારના

૧૫૦૦	પરચુરણ ખર્ચ
૨૪૦૦	પોસ્ટેજ ૫૦૦૦ નકલ
૨૦૦૦	ચાર વખતની પરીક્ષા પેપરો તપાસવાના
૪૨૦૦	સર્ટીફિકેટ-ઈનામના ખર્ચની વિગત
૫૦૦	હિન્દી અનુવાદ
૧૯૦૦	પત્રિકા ૨૦૦૦ બે ફોર્મ
૨૪૦૦	કાગળ ૨૦૦૦ બે ફોર્મ
૭૦૦	બ્લોક, પુઠું, ફોલિંડગ પિનિંગ
૩૩,૫૦૦	**રૂા. કુલ ખર્ચ**
- ૯૦૦૦	રૂા. ૩ મુજબ વાર્ષિક લવાજમ સંભવિત ૩૦૦૦ નું મળે.
૨૪૫૦૦	

રૂા. ૨૪૫૦૦ વાર્ષિક ખર્ચ જોડવો પડે.

વિદ્યાર્થીઓ ઉપરાંત એવા હજારો જૈનો છે, જેમને ઉપરોક્ત વિષયની કોઈ ખબર નથી. એમને પણ આ યોજના હેઠળ સુંદર બોધ પ્રાપ્ત થાય. સરવાળે નાનામોટા નરનારીઓને જૈનધર્મના તત્ત્વ આચાર અનુષ્ઠાન અને ઈતિહાસનું સમ્યગ્‌જ્ઞાન પ્રાપ્ત થાય. તેથી (૧) જૈન ધર્મનું ગૌરવ એમના દિલમાં અંકિત થાય, (૨) એમની આત્મ-પરિણતિ નિર્મળ થતી આવે, (૩) જીવનમાં જૈન આચાર-વિચાર જીવંત થાય, ઈત્યાદિથી જૈન સંઘમાં એક નવું ચૈતન્ય પ્રગટે, તેમ જૈનેતરો પણ આ વાંચનથી જૈન ધર્મ પ્રત્યે આદરવાળા બની બોધિબીજ પ્રાપ્ત કરનારા બને.

જૈન સમાજ દાન પ્રધાન છે. ધાર્મિક શિક્ષણપ્રેમી છે. બાળકોનું સંસ્કાર-સિંચન એ અતિ મહત્ત્વનું ઉપયોગી લાભદાયી કાર્ય છે. પ્રાચીન યા આધુનિક વિચારસરણીવાળા સૌને ગમે તેવું છે. કાર્ય માટે સંસ્કારપ્રેમી દાતાઓ જરૂર કોઈ સંગીન રચનાત્મક યોજના ઘડી આ કાર્યને ઉપાડી લેશે તો તે શાસનને માટે અતિ હિતકર થશે. આ યોજનાને સક્રિય બનાવવાની ઈચ્છાવાળા મહાનુભાવો નીચેના સરનામે સંપર્ક સાધે.

શ્રી શાંતિલાલ સોમચંદ ચોકસી (ભાણાભાઈ)

C/o, મે. છગનલાલ કસ્તુરચંદ, ઠે. લાલસિંહ માનસિંહ બિલ્ડિંગ, લુહારચાલ, મુંબઈ-૨ (ટેલીફોનઃ ૨૨૦૨૧-૧૨ ઘર નં. ૨૨૬૫૧)

લે.- દિનેશ અમૃતલાલ (મહાવીર વિદ્યાલય, અમદાવાદ)

आत्मनः प्रतिकूलानि परेषाम् न समाचरेत् ।

પોતાને પ્રતિકૂળ એ બીજા પ્રત્યે ન આચરવું.

કારણ કે આપણે સૌ અરિહંતના સંતાનો છીએ. અને તેથી જગતના સઘળા જીવો એટલે 'આપણે' આપણા કુટુંબમાં નિગોદ, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય, નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવ, બધા છે. ચૌદ રાજલોક એ આપણું ક્ષેત્ર છે. આપણે સૌ કોઈ એક હાંડલીના ચોખા, એક જ વસ્ત્રના તાણાવાળા, એકજ શરીરના અંગો, એક જ યંત્રના ચક્રો, એક જ પુષ્પની પત્તીઓ, એક જ સંગીતના સૂરો, એક જ પ્રકાશના કિરણો, એક જ સાગરના બિંદુઓ, એક જ સૂતરના દોરા, એક નાવના મુસાફરો, એક જ કમરાના કુસુમો અને એક જ ડાળના પંખીઓ છીએ.

આવી વ્યાપક મૈત્રી ખીલવવાની છે. વૃત્તિરૂપે મૈત્રી આવશે તો પ્રવૃત્તિમાં ઊતરશે, સંકલ્પમાં એક કાર્ય શરૂ થયું એટલે તે કાર્ય વ્યવહારમાં ઊતરે એ જૈન સિદ્ધાંત છે.

"જીવની મૈત્રી અને જડનો વૈરાગ્ય" આ છે માનવના સર્વાંગી વિકાસની ચાવી. જીવ શાશ્વત છે, જડ નાશવંત છે, ડાહ્યો વાણિયો શાશ્વતતેજ પકડે અને નાશવંતને છોડી દે, તેથી જીવમાત્ર સાથે મૈત્રી ખીલવવાની, જડ સાથે વૈરાગ્ય કેળવવાનો, જીવની મૈત્રી જાળવવા જડ વૈરાગ્ય જોઈશે જ.

આત્માની અનંત ગણી શક્તિને આજે આપણે ભૂલી ગયા છીએ. કસ્તુરી મૃગની જેમ ઠેરઠેર કસ્તુરી માટે ભટકી રહ્યા છીએ. ઘેટાનાં ટોળામાં રહેલ સિંહ જેવી આપણી સ્થિતિ છે.

આપણે આપણી મૂળ માલિકીની સંપત્તિ પ્રગટ કરવી છે, અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય, વીર્ય, અરૂપીપણું, અક્ષય, અજર, અમર, અવિનાશી સ્થિતિ, અગુરુલઘુત્વ, અનંત-અવ્યાબાધ સુખ આ છે આપણી મિલકત. પરંતુ પુદ્ગલ પરના કારણે અનાદિકાળથી.

૧. જ્ઞાનાવરણીય કર્મે આપણી આંખ પર પાંચ પાટા બાંધ્યા છે.

૨. દર્શનાવરણીય કર્મે આપણી દૃષ્ટિ આગળ ચાર પડદા રાખ્યા છે.

૩. મોહનીય કર્મે આપણને દારૂ પાઈ બેભાન બનાવ્યા છે.

૪. અંતરાય કર્મે પાંચ અંતરાય દ્વારા આપણને દીન કંગાળ બનાવ્યા છે.

૫. નામરૂપી ચિત્રકાર આપણને જુદા જુદા વેષો પહેરાવી જુદા જુદા ચિત્રો દોરે છે.

૬. આયુકર્મ આપણને ચાર પ્રકારની બેડી પહેરાવે છે.

૭. ગોત્રકર્મરૂપી કુંભાર જુદા જુદા ઘાટના ઘડા બનાવે છે.

૮. વેદનીય કર્મ આપણને સુખી-દુઃખી કરે છે.

માટે જડનો વૈરાગ્ય અનિવાર્ય અને અતિ આવશ્યક છે. ત્યાગથી પ્રથમ ધર્મ છે, પણ કોનો ત્યાગ ? પુદ્ગલ પરથી આસક્તિનો પુદ્ગલ પરનો પ્રેમ ન ઊઠે ત્યાં સુધી ધર્મની શરૂઆત જ ન થાય. પુદ્ગલનો પ્રેમ ગમતો હોય ત્યાં સુધી સમ્યક્ત્વ જ નથી.

ભગવાને ત્રિપદી સ્થાપી उपन्नेइ वा विगमेइ वा धुवेइ वा સમસ્ત જ્ઞાનનો સાર આ છે.

આપણે એમાંથી આ અર્થ લેવાનો છે. નાશવંત વસ્તુને છોડો અમર વસ્તુને પકડો.

આપણું અંતિમ ધ્યેય છે મોક્ષ. જ્યાં કર્મ મુક્ત જીવો એકબીજામાં લય થઈ જવા છતાં અલગ વ્યક્તિત્વ રાખી જ્ઞાન, દર્શન, ચારિત્ર્યમાં મસ્ત રહે છે. ત્યાં જવું હોય તો આ દુનિયામાં પોતાનું અલગ વ્યક્તિત્વ રાખવા છતાં એકબીજા સાથે હળીમળીને સંપીને રહેતાં આવડવું જોઈએ. આ ક્યારે બને ? બધા જ જીવો નિશ્ચય દૃષ્ટિએ સિદ્ધશિલાના વાસી છે પછી કોની સાથે ઝગડવું ? જે આત્મા આ સંસારમાં સંપીને ન રહી શકે તે સિદ્ધ શિલા પર શી રીતે વસી શકે ? તેથી જગતના બધા જ જીવો પર આપણે પ્રેમ રાખવાનો છે.

અરિહંતનો જાપ કરીએ એટલે અરિહંતની આજ્ઞા પર અડગ શ્રદ્ધા રાખવી જ જોઈએ. અરિહંત કેવી રીતે બન્યા ? જડ વસ્તુનો મોહ છોડી જીવ પર મૈત્રી કેળવીને. ભગવાનના કાનમાં ખીલા ઠોકાયા, પગતળે અગ્નિ સળગ્યો, સંગમે છ માસ સુધી ઉપસર્ગો કર્યા, પૂર્વભવની પત્ની (અને આ ભવની વ્યંતરી) એ શીત ઉપસર્ગ કર્યા આ બધું જ પ્રભુએ તે જીવો પ્રત્યે મૈત્રી દાખવી સહર્ષ સ્વીકાર્યું, અને આજ મૈત્રીથી ચંડકૌશિકના કાતિલ ઝેરને અમૃતમાં પલટાવ્યું. આપણે પણ અરિહંતના જાપથી અરિહંત થવું છે. અરિહંત થવા આપણે પણ આપણા આત્માના શત્રુને જીતવા પડશે.

આપણા મિત્ર તેજ, કે જે આપણા આત્માની મિલકત પ્રાપ્ત કરવામાં સહાય કરે. આપણી અનંત શક્તિ દબાવનાર શત્રુની ક્રૂર કતલ કરવામાં મદદ કરે.

જીવના પ્રકાર પ્રમાણે મૈત્રીનું સ્વરૂપ છે. જીવોને ચાર પ્રકારમાં આ માટે વહેંચી શકાય.

૧. સમકક્ષી, ૨. ગુણવાન, ૩. દીન, ક્રૂર, દુઃખી, ૪. પાપી.

સમકક્ષી સાથે આપણે તેનું કલ્યાણ ઇચ્છવાપૂર્વકની મૈત્રી બાંધવાની છે. **ગુણવાન** કે જેમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુ એ પંચ પરમેષ્ઠિનો સમાવેશ કરવામાં આવે છે. તેમના પ્રત્યે પ્રમોદપૂર્વકની મૈત્રી આ પંચ પરમેષ્ઠિ સાથે મૈત્રી બાંધવાથી તેમની અનંતકૃપાને પાત્ર બનાય છે. આ મૈત્રી સર્વોત્તમ અને સર્વોત્કૃષ્ટ છે. આ મૈત્રી પ્રગટાવવા અને પ્રગટ્યા પછી જાળવી રાખવા માટે તેમના ગુણોનું વારંવાર સ્મરણ કરી ખૂબ ખૂબ પ્રશંસા મુક્તદિલે કરવી જોઈએ અને દર્શન જ્ઞાન ચારિત્રયને તપની આરાધના તથા જિનાજ્ઞાનું સર્વશ્રેષ્ઠ પાલન થવાં જોઈએ. આ મૈત્રીથી અત્યારની આત્માની દશામાં તેનું સ્વામિત્વ લઈ બેઠેલી પ્રકૃતિ એ દાસી બનશે તથા શુભની ઉદ્વર્તના એટલે કે શુભની સ્થિતિ તથા રસ ખૂબ ખૂબ વધશે અને અશુભની અપવર્તના એટલે અશુભના સ્થિતિ તથા રસ આપોઆપ ઘટશે અશુભ શુભમાં પલટાઈ જશે.

મૈત્રી ભાવને ઉચ્ચતમ બનાવવા **દીન, ક્રૂર, દુઃખી** વગેરે પ્રત્યેની કરુણા અને **પાપી પ્રત્યે**ની માધ્યસ્થ ભાવના હોવી જ જોઈએ. આવી મૈત્રી કેળવવા વીતરાગનું શરણું ગ્રહીએ.

● આધુનિક વિદ્યાર્થી જિજ્ઞાસુ છે. શક્તિશાળી છે. વડીલોનું એ કર્તવ્ય છે કે આ તીવ્ર જિજ્ઞાસા અને શક્તિના ઊર્ધ્વીકરણ માટે આત્મજ્ઞાન આધુનિક ભાષામાં રોચક શૈલીમાં મનોવૈજ્ઞાનિક ઢબે માતા જેવા પ્રેમથી તેમને આપવા વિવિધ યોજનાઓ કરે.

શિબિર એ એક આવી યોજના છે. શિબિર એક વિદ્યાર્થી દિનેશ અમૃતલાલ જેઓ વ્યવહારિક શિક્ષણમાં હંમેશાં મોખરે જ રહ્યા છે, ઈન્ટર સાયન્સમાં જેમના ૮૭ માર્ક હતા. જેઓ હાલ અમદાવાદ શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં રહી એન્જીનીયરીંગમાં અભ્યાસ કરે છે. નિયમિત પૂજા, થાળી ધોઈ પીવી, અભક્ષ્ય, અનંતકાય ત્યાગ, 'અરિહંત'નો સતત જાપ વગેરે ગુણોથી વિભૂષિત થઈ અન્ય વિદ્યાર્થીઓને આદર્શ દૃષ્ટાંત રૂપે છે. તેમનો શિબિરના સંચાલક પરનો એક પત્ર તથા એક લેખ પ્રગટ કરીએ છીએ. જે પરથી શિબિર પ્રયોગ કેટલા અંશે સફળ

થયો છે તે જણાશે.

આ વિદ્યાર્થી પોતાના જીવન દ્વારા અન્ય વિદ્યાર્થીઓમાં ધર્મ પ્રભાવના કરી રહ્યા છે. સમાજમાં આવી કેટલીય શક્તિઓ છુપાઈને પડી છે. આગેવાનો તેમને માટે સંસ્કાર-પ્રદાન કરનારા યોજનાઓમાં મન-વચન-કાયા તન-મન અને ધનથી સહકાર આપે તો સારા સમાજની કાયાપલટ એ માત્ર આદર્શ કે સ્વપ્ન નહિ રહે, પણ એક સંગીન, હકીકત બનશે. દરેક વડીલ અને વિદ્યાર્થીએ આ પત્ર ખાસ અભ્યાસ કરવા જેવો છે.

(દિનેશ અમૃતલાલનો કેશુભાઈ પર પત્ર)

અમદાવાદ. તા. ૨૩-૧૨-૧૯૬૫

પૂજ્ય કેશુભાઈ, દિનેશના જયજિનેન્દ્ર,

પત્ર મળ્યો, વાંચી ખૂબ જ આનંદ થયો. પત્ર ફરી વાંચવાનું મન થયું.

શામળાની પોળમાં ૩૦મી નવેમ્બરે મળવા આવેલ, પણ આપ રાજેન્દ્રભાઈના મિત્રોને વળાવવા સ્ટેશન ગયા હોવાથી નહિ મળી શકાયું. તે પછી આવવાની ખૂબ ઇચ્છા હતી. પરંતુ દરમ્યાનમાં ગુરુદેવ ત્યાં પધાર્યા. આથી વારંવાર ત્યાં જવાનું બનતું હતું. આથી ત્યાં આવવાનો સમય પણ નહોતો રહેતો. સિદ્ધચક્રપૂજનમાં પણ હું ત્રણેક કલાક બેઠો હતો. ખૂબ જ મજા આવી હતી.

અરિહંત પરમાત્માનું નામ, બિંબ, ચૈત્ય અને સમવસરણ અર્થાત્ નામ, સ્થાપના (આકૃતિ) દ્રવ્ય અને ભાવ એ ચારે રૂપે અરિહંત એટલે આત્માને પરમાત્મા બનાવનાર ફેક્ટરી. આત્મામાં આત્મસમદર્શીત્વ કેળવવું હોય, પરમાત્મભાવનું બીજારોપણ કરવું હોય અને ખુદ પરમાત્મા બનવું હોય તો ચારે નિક્ષેપ દ્વારા અરિહંતના શરણથી સહજ બની શકાય છે. આત્મામાંથી પરમાત્મા બનાવનાર એ કારીગર હર ક્ષણે પોતાનું એ મહાનકાર્ય પૂર્ણ કાર્યક્ષમતા (Efficiency)થી કર્યે જ જાય છે, માત્ર માલ તૈયાર હોવો જોઈએ.

આપણું ધ્યેય અત્યંત શુદ્ધ હોવું જોઈએ. શુદ્ધ ધ્યેય મોક્ષનું જ હોઈ શકે. આ ધ્યેય સિદ્ધ કરવા અરિહંત સાથે તન્મય થવું જોઈશે. અરિહંતના દર્શન કરતાં અન્ય સર્વ કાંઈના અસ્તિત્વનો ખ્યાલ ન રહેતાં માત્ર અરિહંત સાથે એકાકાર થવું જોઈશે. હૃદય અપૂર્વ ભાવોલ્લાસથી ભરાઈ જવું જોઈએ. અરિહંતને જોતાં જ

"મારા નાથ !" થઈ જવું જોઈએ. અરિહંત પ્રત્યે અત્યંત સન્માન હૃદયમાં પ્રગટાવવું જ જોઈએ.

તેથી મનમાં હર ક્ષણે માત્ર અરિહંત અને અરિહંતનું સ્મરણ ચાલવું જોઈએ.

"મેરો મન તુમ સાથે લીનો, મીન વસે જયું જલમેં" માછલી અને પાણી વચ્ચેનો સંબંધ-પાણી વિના એક પળ પણ માછલી ન રહી શકે. બંને એકાકાર જ બનીને રહે છે તેમ જો અરિહંતનો એક ક્ષણનો પણ વિયોગ આપણને મૃત્યુ કરતાં પણ અતિ ભયંકર ભાસે. અરિહંત અને મન એક બનાવી દઈએ તો મોક્ષ જરાયે દૂર નથી.

આ માટે પૌદ્ગલિક સુખની ઇચ્છાઓ અને કામનાઓને પહેલી બાળી ભસ્મ કરી દેવી પડશે. પુદ્ગલ પ્રત્યેનો જરા સરખો પણ પ્રેમ અરિહંત સાથે તન્મય થવામાં દીવાલ સમ અવરોધક બને છે. પુદ્ગલની જરા યે આસક્તિ ન જ રહેવી જોઈએ. અનાદિકાળથી લાગેલી એ આસક્તિ સહેલાઈથી નહિ હટે. માટે ઉગ્ર પુરુષાર્થની જરૂર છે. એકવાર આસક્તિને જીત્યા પછી પ્રભુપ્રેમ અવશ્ય પ્રગટશે.

આ આસક્તિને કઈ રીતે કચડી નાખવી ? દા.ત. મારો જ દાખલો આપી હું જે રીતે સમજું છું, તે સ્પષ્ટ કરું. ગયા મંગળવારે પૂજા કરવાનું મોડું થઈ ગયું. ૯ વાગે પૂજા કરવા ગયો. ૧૦ વાગે કૉલેજ જવા નીકળી જ જવું પડે. દાતણ, જમવાનું વગેરે બાકી હતું. આથી હું ખૂબ પૂજામાં ઉતાવળ કરવા લાગ્યો. ત્યાં વિચાર આવ્યો. આ ઉતાવળ શાને માટે ? માત્ર દાતણ, જમવાનું વગેરે બાકી છે માટે જ ને ? અને તેટલા ખાતર અરિહંતની પૂજામાં વેઠ ઉતારવી ? એ ખાવાની લાલસાને ધિક્કાર છે કે જે પ્રભુભક્તિમાં આડી આવે છે. જમવું જરૂર આવશ્યક છે જ પણ એ ભોજન જરાયે ઇચ્છનીય નથી કે જે પ્રભુભક્તિમાં વિક્ષેપ ડાલે. આમ વિચારી મેં તુરત જ ઉપવાસનું પચ્ચક્ખાણ લઈ લીધું. અનુભવ્યું કે દરરોજ કરતાં હું વધુ શાંતિથી પૂજા કરી શક્યો.

આમ દરેક બાબતમાં-જયાં કોઈ બાબત પ્રભુભક્તિ આડે આવતી હોય તેને જડમૂળથી જ દૂર કરવા યોગ્ય પ્રયત્ન ને પુરુષાર્થ થવા જોઈએ.

હું Engineering નો સ્ટુડન્ટ છું. અમારે Efficiency વારંવાર આવે છે. Engineering નું માત્ર એક જ કાર્ય કે Efficiency વધારવા પ્રયત્ન કરવો. Efficiency બાદ કરતાં Energy માં કાંઈ જ બાકી નથી રહેતું. દરેક મશીનરીની અમારે પહેલાં જ Efficiency શોધવી પડે છે.

Efficiency ની Definition આ પ્રમાણે છે.

Efficiency = Useful work that we get/work that we in put

આપણા જીવનની Efficiency નું સૂત્ર હું આ રીતે મૂકું.

Efficiency = અરિહંતની ભક્તિમાં યા અરિહંતની આજ્ઞાપાલનમાં વિતાવેલ સમય / કુલ જીવનકાળ

હાલની આપણી Efficiency ખૂબ જ Low (Nearly Equal to 0.1 to 1%) છે. આપણે તેને સો ટકા પર પહોંચાડવા ખૂબ જ પ્રયત્ન કરવાનો છે અને પહોંચાડવાની જ છે. અને અરિહંત પ્રભુની એટલી બધી કૃપા વરસી રહી છે કે જરૂર આપણે પ્રાપ્ત કરી શકીશું.

પત્ર તુરત લખશો. **– દિનેશ**

(શિબિરમંત્રી પર આવેલ વિદ્યાર્થીઓના અનુભવ લેખમાંથી)

• • •

અદ્‌ભુત પરાવર્તન

(લે. કિશોર કાંતિલાલ - માટુંગા.)

ભૌતિકવાદ ફૂદકે ને ભૂસકે આગળ ધપતાં, સમાજ આધ્યાત્મિક દૃષ્ટિએ પીછે હટ કરી રહ્યો છે. એક વખત દેવ-ગુરુ-ધર્મને ખાતર સૌ સર્વે અર્પણ કરવા તત્પર રહેતા, વડીલોનું બહુમાન સચવાતું, માબાપનાં વચન પર પ્રાણ દેવાતા. ત્યારે આજે ઠેરઠેર દેવ-ગુરુ-ધર્મની અવગણના, ને નિંદા થતી જોવા મળે છે. એક સમયે સંયુક્ત કુટુંબમાં સર્વે સંપીને અને વડીલોની લાજ-મર્યાદા રાખીને રહેતા. પરસ્ત્રી માતા સમાન ગણાતી, ત્યારે આજે લાજ મર્યાદાનું બાષ્પીભવન થવાથી, પતિ હોવા છતાં સ્ત્રીઓ જાહેરમાં પોતાના શરીરનું પ્રદર્શન કરતી જાણે અનેક પતિને રૂપભોગ પીરસતી જોવા મળે છે. પ્રેમ પ્રેમ ન રહેતાં આજે વાસના બની ગયો છે. એક વખત અહિંસા પરમો ધર્મ ગણાતો. મંકોડાના પ્રાણ બચાવવા વૈભવશાળી રાજા કુમારપાળે પોતાની ચામડી ઊખાડી નાખી હતી ! ત્યારે આજે ડી.ડી.ટી. વગેરેથી અસંખ્ય માંકડ, મચ્છર, માખીની ઘોર હિંસા થાય છે. લાખો મૂંગા પ્રાણીઓની હિંસા કરવા મોટા મોટા યાંત્રિક કારખાનાઓ રચવાના પ્લાનો રચાઈ રહ્યા છે ! આમ 'હિંસા પરમો ધર્મ' સૂત્ર બની ગયું છે ! શાલિભદ્ર જેવા અનેક શ્રીમંતોએ ચારિત્રમાર્ગ લીધો હતો ત્યારે આપણે આ ભૌતિક-વાદની અસરને

કારણે લાડી, વાડી, ગાડી પાછળ અંધ બન્યા છીએ. જગતને તારવાની શક્તિવાળા, સર્વશ્રેષ્ઠ જિન ધર્મના મહાન સિદ્ધાંતો અપરિગ્રહ, અહિંસા, બ્રહ્મચર્ય વગેરેનું ખૂન થઈ રહ્યું છે ! આમ છતાં આશ્ચર્ય છે કે આથી કઈ વિપરીત દિશામાં મારું પરિવર્તન થઈ રહ્યું છે.

એક સમયે હું ધર્મને ધતિંગ માનતો હતો ! દર્શન અને પૂજા કરનારાઓને અખ્ખાની જેમ 'પથ્થર એટલા પૂજે દેવ, ને તુલસી દેખી તોડે પાન' એવા મૂર્ખ, ઢોંગી માનતો હતો ! સાધુઓ મફતનું ખાઈ પડી રહી ભારતને ભારભૂત થનારા માનતો હતો ! પાઠશાળાને મગજ કટાવનાર કારખાનું માનતો હતો ! દેવાનંદ (એક્ટર) એ દેવ અને થીએટર એ મારે માટે ઉપાશ્રય સમાન હતા ! પરસ્ત્રી માતા સમાનને બદલે તેને જોઈ આંખ ચકળ વકળ થતી હતી. બીભત્સ વાર્તા અને ગાળો એ મારી ગાથા હતી. નિંદા મારો સ્વાધ્યાય હતો. કબુતરની જેમ ચણવાનું ચાલુ જ રહેતું. એવામાં કોઈ મહાન જાદુગરની લાકડી મારા પર ફરી ! ભાનુના ઉદયથી રાત્રિનું ઘોર અંધારું નાશ પામી જાય તેમ શિબિરમાં ભાનુના (પ.પૂ.પં. ભાનુવિજય મહારાજના) વચનરૂપી કિરણોથી, જ્ઞાન, દર્શન, ચારિત્રના સંસર્ગમાત્રથી, ગણધરવાદ, ષોડશક માર્ગાનુસારી જીવન, આવશ્યક સૂત્ર વિવેચનના અભ્યાસથી અજ્ઞાન અને મિથ્યાત્વરૂપી વાદળાઓ દૂર થવા લાગ્યા ! દેવોને પણ દુર્લભ એવા અમૂલ્ય માનવદેહની કિંમત સમજાણી. અનંતા જીવો જેના દર્શન માત્રથી કથીરમાંથી કંચન બની જાય એવા રાગદ્વેષ રહિત, ચંદ્રથી નિર્મળ અરિહંત પરમાત્માની પૂજાની મહત્તા સમજાણી. પંચમહાવ્રતધારી સાધુના સત્સંગથી સમજાયું કે, **'જેટલા ભોગો વધારે, એટલા રોગો વધારે; જેટલા રોગો વધારે એટલા શોકો વધારે; અને જેટલા શોકો વધારે એટલી પોકો વધારે.'**

આ સમજણે આજસુધી વિષયવાસના તૃપ્ત કરવા પ્રયત્ન કરતા આત્માને હવે સર્વદા કર્મરહિત કરવાના પ્રયત્ન કરતો કરી દીધો. રોજની બે ત્રણ સામાયિક, બેથી ત્રણ વાર પ્રભુ દર્શન, મહિનામાં ચારથી પાંચ આયંબિલ, ઓળી, સાધુ સંતોનો સમાગમ, ધાર્મિક વાંચન અને ખાવા પર કંટ્રોલ રાખતો કરી દીધો. અનેક આત્માઓના મિથ્યાત્વ અને અજ્ઞાનને દૂર કરનાર શિબિર હર વર્ષે યોજાતી રહે એ જ દેવ-ગુરુ-ધર્મ પાસે યાચના.

આધુનિક કાળે જીવનમાં ધર્મ-ઘડતર પ્રત્યે શિબિરનો ફાળો : ૧

(લે. પ્રવિણચંદ્ર સી. શાહ M.Sc. માં)

એક જ વાક્યમાં જો મારે કહેવાનું હોય કે શિબિરે મારા જીવનમાં શું પરિવર્તન આણ્યું તો હું કહીશ કે,

"છોડ જિનવરકો, દુનિયાસે દિલ લગાકર ક્યાં કરું ?
હાથ હીરા મિલ ગયા, કંકરકો લેકર ક્યાં કરું ?"

અને ખરેખર મારા અનુભવ ઉપરથી હું પૂરવાર કરીશ કે બાળપણથી ચાલી આવતી જીવન પ્રણાલિકાને, જીવન-ઘડતરને, જીવવાની રીતરસમને જીવન પ્રવાહને ફેરવવા કોઈ અભૂતપૂર્વ પરિબળ પૂરું પાડ્યું હોય તો તે એકમાત્ર શિબિરે. માનવીના જીવન દરમ્યાન બનતા રોજબરોજના અનેક વિવિધ પ્રસંગો તેને માનસિક આઘાત-પ્રત્યાઘાત પહોંચાડે છે. તેનો માનસિક વિકાસ જીવન દૃષ્ટિબિંદુ, આચાર-વિચાર તથા બુદ્ધિમત્તા વગેરેમાં કેટકેટલા પ્રસંગો અજબ પરિવર્તન આણે છે. જો સારાં પરિબળો મળે તો જીવન ઉન્નત માર્ગે વળે છે અને માઠાં પરિબળો મળે તો જીવન ઉન્નત માર્ગે વળે છે અને માઠાં પરિબળો મળે તો જીવન પાયમાલીના પંથે વેડફાય છે. તેથી તો વિદ્વાનો, નીતિકારો, ફિલસૂફો કહે છે કે જીવનને ઉચ્ચ બનાવવું હોય તો હંમેશાં આદર્શ વિચારો મનમાં લાવો, સત્સંગ રાખો, સુંદર પુસ્તકોનું અધ્યયન જાળવી રાખો. મહાપુરુષોના જીવન પ્રસંગોનું મનન કરો. આ પ્રકારે તમારું માનસિક વલણ શુભ વિચારો અને શુભ સંગતથી રંગાયેલું હશે તો તેનું પરિણમન કાર્ય રૂપે સન્માર્ગે જ વળેલું રહેશે, જે જીવનને યશસ્વી-આદરણીય બનાવશે.

કૂવામાં જેવું હોય એવું હવાડામાં આવે એ ન્યાયે જેનું અંતઃકરણ મલિન વિચારોથી ઘોળાયેલું છે, સ્વ-પરને અનર્થકારી જેની ભાષા છે; તેનું જીવન ઉન્માર્ગે ગાળી અનેક પ્રકારની અશાંતિ ને વેદના જન્માવે છે. જીવન પોતાને તો ખારું-અકારું લાગે છે, સાથે સાથે બીજાને પણ એમાં સંડોવાવું પડે છે, ને અનેક જાતની પીડા વધારી મૂકી છે. જ્યારે જે સદાચારી, સુશીલ અને ગુણિયલ છે, તેનું જીવન સંસ્કાર સુખની સુવાસથી મઘમઘાટ કરતું દીપી ઊઠે છે.

આટલી પ્રાસ્તાવિક વાત કર્યા પછી મારે એમ કહેવું છે કે આધ્યાત્મિક ક્ષેત્રે, સદાચાર માર્ગે વાળવામાં શિબિરે મારા ઉપર અનહદ ઉપકાર કર્યો છે. ત્યાં સત્સંગ તો સહેજે સાંપડે છે જ, પણ મનોવિકાર અને વાસનાના ઊંડા મૂળને હચમચાવી

નાખનારી જિનવાણીનું અદ્‌ભુત રસાયણ પણ મળે છે. જે આત્મિક દૃષ્ટિએ અમોને નીરોગી બનાવે છે. સંસ્કારથી સુવાસિત બનાવે છે.

"સુહગુરુ જોગો તવ્વયણ સેવણા"...

આ બંને મહાન વસ્તુની પ્રાપ્તિ શિબિરમાં થાય એ શિબિરની કેવી ઉચ્ચ સફળતા ? ઇતિહાસ સાક્ષી પૂરે છે કે જે જે મહાપુરુષો થઈ ગયા છે તેમના જીવનમાં ઉપરની બે ચીજે કમાલ કરી નાખી છે. ભગવંત મહાવીરપ્રભુને નયસારના પ્રથમ ભવમાં સમ્યગ્ માર્ગ બતાવનારા ગુરુ ભગવંત ન મળ્યા હોત તો ? તે અગાઉની અનંતભવની ભ્રમણા ભાંગી ન હોત. દુઃખરૂપ, દુઃખફલક, દુઃખપરંપક આ અસાર સંસારની રખડપટ્ટીમાં કેવી બેહાલ દશા થઈ હોત ?

ગ્રામપતિ નયસારે ઉચ્ચભાવથી ગુરુ ભગવંતનું સ્વાગત કર્યું. અંતરના ઉમળકાથી તેમનું આતિથ્યાદિ બહુમાન કરી એમને દ્રવ્ય માર્ગ, નગરનો રસ્તો બતાવ્યો. દયાનિધિ મુનિરાજે યોગ્ય પાત્ર જોઈ ભાવમાર્ગ, મોક્ષનો સમ્યગ્ માર્ગ બતાવી તેના જીવન-પ્રવાહને ફેરવી નાખ્યો. આ પળે નયસાર પાસે ભલે ઉચ્ચ તત્ત્વજ્ઞાન કે ધર્મની ઊંડી સમજ નહોતી, પણ દિલમાં ધર્મરુચિ, ધર્મશ્રદ્ધા જે દૃઢ બની ગઈ, તેણે પાછળના અનંત સંસારના મૂળિયાં ઉખેડી નાખ્યા. મહા ઉપકારી મુનિરાજ પાસેથી તેણે જે અત્યુત્તમ સમ્યગ્ દર્શનરૂપ રત્ન મેળવ્યું અને પછીનું જીવન તેણે જે જીવ્યું, તે બતાવી આપે છે કે મનુષ્યભવ, જૈન કુળ, જૈન મુનિ અને વીતરાગ શાસન મળ્યાની સાર્થકતા કેટલી ઉચ્ચ કોટિની છે કે જેનામાં અનંત સંસારની ભવભ્રમણા તોડી નાખવાની અદ્‌ભુત તાકાત છે. શિબિરે આ મહાન રત્નની પ્રાપ્તિમાં, તેની નિર્મળતા ટકાવી રાખવામાં અજબ કોટિનો ફાળો આપ્યો છે, અને માત્ર આ એક જ કારણ એવું છે કે શિબિર કદાચ બીજું કાંઈ વિશેષ ન કરે તો પણ જો સમ્યગ્દર્શન, દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેની અથાગ શ્રદ્ધા શિબિરાર્થીઓમાં પ્રગટાવી શકે તોય તેની પાછળ ખર્ચેલા રૂપિયા ઊગી નીકળ્યા જ ગણાય. જ્યારે વર્તમાન જીવન ભૌતિકવાદના પ્રચંડ પૂરમાં વેડફાઈ રહ્યું છે ત્યારે ઉન્માર્ગે જતા આજના યુવાનોના ગાડરિયા સમૂહને આ શિબિર સન્માર્ગે વાળી રહી છે. વિદ્યાર્થીઓના જીવનમાં ધર્મશ્રદ્ધા, ધર્મપ્રવૃત્તિ, સદાચાર, નીતિમત્તા, સહનશીલતા, વિનયવિવેક, સુશીલતા આદિ ઉમદા ગુણોનું સિંચન કરવામાં શિબિરે અદ્‌ભુત કોટિનો ફાળો આપ્યો છે.

આ શિબિરે અમોને સમજાવ્યું છે કે કંચન-કામિનીના ત્યાગી પંચમહાવ્રતધારી સાધુની કિંમત કેટલી ઉચ્ચ કોટિની છે. નિસ્પૃહતાપૂર્વક કરુણાથી અર્પણ થતો તેઓનો

ઉપદેશ કેટલાય ભવ્ય જીવોને મુક્તિના આરે પહોંચવામાં ખૂબ મદદ કરે છે. અનેક દૃષ્ટાંતોથી અમોને જીવનમાં સત્સંગની સચોટ અસર કેવી થાય છે તે સમજાવ્યું છે. ગરીબીમાં ઉછરેલા ગોપાલકને આકસ્મિક સાધુ મહારાજ મળ્યા અને અંતરના ઉલ્લાસથી ખીર વહોરાવી તો છેક શાલિભદ્ર બની મુક્તિએ સંચર્યા. બાળ અમરકુમારનું કોઈ સગું થયું નહિ ત્યારે ગુરુ ભગવંતનો ભેટો થયો, નવકાર મહામંત્ર સાંપડ્યો અને ભગવંતના અનુગામી બન્યા. ચિલાતીપુત્રને ચારણમુનિ ન મળ્યા હોત તો ? દૃઢ પ્રહારીને મહાત્માનો ભેટો ન થયો હોત તો ? ચંડકૌશિકને વાત્સલ્યમૂર્તિ શ્રમણ ભગવાન મહાવીરની અમીદૃષ્ટિ ન સાંપડી હોત તો ? અઈમુક્તાને ગૌતમ સ્વામીની ઝોળી ઝાલવાનો પ્રસંગ ઊભો થયો ન હોત તો ? જ્યાં જ્યાં નજર કરો ત્યાં ત્યાં જોવા મળે છે, કે મહાન પુરુષોના જીવનને ઉન્નત માર્ગે વાળવામાં આવા સાધુ સંતોનો મોટો હિસ્સો છે. એ પુરવાર કરે છે કે આત્મોદ્ધાર માટે, સન્માર્ગે વળવા માટે, જિનવાણી અને સાધુનિશ્રા એક અદ્‌ભુત પ્રેરક બળ છે. તે શિબિરમાં જે સચોટ અસર ઉપજાવે છે તે વર્તમાન જીવનમાં બીજે ક્યાંય પ્રાપ્ત થવાની શક્યતા દેખાતી નથી.

આટલી વાત પ્રાથમિક છતાં મહત્ત્વની થઈ. આ શિબિરે બીજું શું શું શીખવાડ્યું ?

"જૈન ધર્મનો સરળ પરિચય-ભાગ ૧-૨" આ બંને પુસ્તકના અધ્યયનથી જૈન તત્ત્વજ્ઞાન, જૈન ફિલસૂફી, જૈનોનો ગૌરવપૂર્ણ ઇતિહાસ, જૈનોના આચાર-વિચાર, વ્રત-વિધાન, વિધિ-નિષેધ, જૈન સિદ્ધાંતો અનેક પ્રકારના ધર્માનુષ્ઠાન, મહાપુરુષોના જીવન પ્રસંગો વગેરે સર્વાંગલક્ષી જ્ઞાન પ્રાપ્ત થયું છે. "ગણધર વાદ"માં આવતી આત્મા, કર્મ, પંચભૂત, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક, મોક્ષ વગેરેની ફિલસૂફીએ એવું દિગ્દર્શન કરાવી આપ્યું કે એનાથી જાણવા મળ્યું કે પ્રસ્તુત વિષયોમાં જૈનદર્શન કેટલું ગહન, તત્ત્વપૂર્ણ અને સચોટ છે.

જ્યાં સુધી જીવ-જડનો ભેદ ન સમજાય, પુદ્‌ગલની પૌદ્‌ગલિક સુખની ક્ષણભંગુરતા ન સમજાય ત્યાં સુધી પુદ્‌ગલની માયા અને પૌદ્‌ગલિક સુખોની લાલસા મૂકાવાની નથી અને આત્મ કલ્યાણની ભાવના કેળવી શકાવાની નથી. કર્મથિયરીનું ઊંડું જ્ઞાન મેળવ્યા વિના જીવને સુખ-દુઃખમાં સમતુલા-સ્થિરતા જાળવવી અસંભવિત છે. પરિણામે અજ્ઞાનથી પામર જીવો કર્મ ભોગવતાં ભોગવતાં તો વેદના અનુભવે જ છે; સાથે સાથે અનંતગુણી વેદના ફલક નવા કર્મોની ભૂતાવળ પણ સર્જે છે. પછી ક્યાંથી શિવસુખની પ્રાપ્તિ થાય ? આવી સમજ શિબિરાર્થીઓએ મેળવી છે. હવે જો એનું આત્મ-પરિણમન બને, ને આ બધા સંસ્કારની સુવાસથી ઓતપ્રોત

થઈ જવાય તો મુક્તિ બહુ દૂર નથી.

જૈનદર્શનની મોક્ષમાર્ગ વ્યવસ્થા તો ખરે જ અદ્‌ભુત છે. અરે નાના બાળકથી માંડી યુવાન, વૃદ્ધો-અપંગો તો શું પણ પહેલા સંઘયણથી માંડી છેલ્લા સંઘયણ સુધીના દરેક જીવને પોતપોતાની યોગ્ય કક્ષા પ્રમાણે વિધિ વિધાન, વ્રતનિયમ અનુસરવા યોગ્ય આત્મ કલ્યાણનો માર્ગ મળી શકે છે. નવકારશીથી માંડી છેક માસક્ષમણ સુધીના તપો વિધાનની એવી અદ્‌ભુત મનોવૈજ્ઞાનિક રચના છે કે તદ્દન પ્રાથમિક કક્ષાનો જીવ પણ અનુભવે. પા પા પગલી માંડતાં, નવકારશીથી તપની શરૂઆત કરીને અનેક કર્મ નિર્જરાના કારણરૂપ ઉગ્ર તપસ્યા સહેજે થઈ જાય એવું મનનું ઘડતર અને શરીરનું ચણતર કરી શકે છે.

૧૪ ગુણસ્થાનકની સીડી એ આત્મ-વિકાસની ક્રમિક અદ્‌ભુત ભૂમિકાઓનું સ્વરૂપદર્શન માર્ગદર્શન પૂરું પાડે છે.

આ બધું જ્ઞાન પુસ્તક-વાંચનથી મળે, પણ શિબિરમાં જે મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી, સુંદર દૃષ્ટાંતો, ચિત્રો, નકશાઓ, દલીલ-તર્ક-યુક્ત, શંકા સમાધાન સહિત, સુંદર પવિત્ર વાતાવરણમાં પીરસાય છે તે ધારી અસર ઉપજાવે છે, તથા જિનવાણી-શ્રવણ પ્રત્યેનું બહુમાન અને જિનશ્રદ્ધા-જિનવચનશ્રદ્ધા દૃઢ બનાવે છે.

"દિવ્ય-દર્શન" - "શિબિર વિદ્યાર્થી-લેખ" વર્ષ-૧૪,અંક-૨૦,તા.૫-૨-૧૯૬૬

આધુનિક કાળે જીવનમાં ધર્મ-ઘડતર પ્રત્યે શિબિરનો ફાળો : ૨

(લે. પ્રવિણચંદ્ર સી. શાહ M.Sc. માં)

આ ઉપરાંત શિબિરની મુલાકાતે આવતા વિદ્વાનોના ફિલસૂફી ઉપરના પ્રવચનો, જૈન દર્શનની મહત્તા, ગહનતા, પ્રાચીનતા, સત્યતા પૂરવાર કરી બતાવે છે તે જિનધર્મ પ્રાપ્ત થયાનું ગૌરવ વધારી દે છે. અને અજબ ધર્માભિમાન પ્રગટાવે છે. પરિણામે સમર્પણ ભાવ અને જિનશાસનનો રાગ એવો દૃઢ બનાવે છે કે ભવાંતરમાં પણ વીતરાગ શાસન મળશે એવી પોલીસી પાકી થઈ જાય છે.

જુદા જુદા ગામના વિદ્યાર્થીઓના જીવન પ્રત્યક્ષ જોવા મળતાં અનેક પ્રકારની ઉન્નતિ માટે, સદ્‌ગુણ વૃદ્ધિમાં Competition જામે છે. વકતૃત્વકળા, ધર્મ-આરાધના ઉચ્ચ પ્રકારની સામાયિકાદિની ઊછામણી, સાધર્મિક ભક્તિભાવ, આત્મલક્ષી તપશ્ચર્યા, સંગઠન અને સહકારની ભાવના, સમર્પણ અને સેવાની લગની, આધ્યાત્મિક,

અભ્યાસિક અને માનસિક વિકાસમાં આગળ વધવાની હરિફાઈ, તપ-અનુષ્ઠાનમાં આગેકૂચ, બીજામાં દેખાતા સંસ્કાર, શિક્ષણ અને સદ્‌ગુણથી સ્વજાતને સુધારવાની પ્રેરણા-માર્ગદર્શન વગેરે વગેરે અહીં જ પ્રાપ્ત થાય છે.

વીતરાગની સાચી ઓળખ, જિનભક્તિનું માહાત્મ્ય અને મુક્તિ ન થાય ત્યાં સુધીનું તેનું ઉપકારત્વ શિબિરે સમજાવ્યું. જીવનને ઉન્નત માર્ગે આગળ ધપાવવા સાધુ સમાગમનું વિશિષ્ટ પ્રેરકબળ શિબિરમાં અનુભવ્યું. કર્મોના કારણે કે સંજોગોને-વાતાવરણને કારણે દિલમાં ઊઠતા અશુભ ભાવ મનોવિકારને ડામવા જિનવાણી શ્રવણનું મહત્ત્વ શિબિરે સમજાવ્યું. વહેલે-મોડે સંયમને અપનાવ્યા વિના, સંસારનો ઉચ્છેદ નહિ જ થાય એવી માન્યતા શિબિરે દૃઢ બનાવી. હોટલ-સિનેમા અને કંદમૂળ અભક્ષ્યાદિથી થતી આત્માની હોનારતનો ભય શિબિરે બતાવ્યો. પાપભીરુતા ઉદારતા, સૌમ્યતા, દાન-શીલ-તપ-ભાવનાદિ ગુણોથી આત્માનું ઓજસ શિબિરે વધાર્યું. શિબિરનો ઉપકાર એક ક્ષણ પણ ભૂલાય એમ નથી. તેનું ઋણ તો આ જીવન સમર્પિત કરી દઉં, સંપૂર્ણ તન-મન-ધન ન્યોછાવર કરી દઉં તો પણ કંઈ વળે એમ નથી.

આમ અનેક દૃષ્ટિબિંદુથી જોતાં આજના યુવક-વર્ગને સન્માર્ગે વાળવામાં, ધર્માભિમાન જગાવવામાં, ધાર્મિક વૃત્તિ કેળવવામાં, અને શ્રદ્ધાળુ, ધર્મસંસ્કાર-સંપન્ન સંઘનું નિર્માણ કરવામાં શિબિરનો મહદ્‌અંશે નોંધપાત્ર ફાળો છે. વિદ્યાભ્યાસ સાથે Practical Knowledge નો આ પ્રયોગ સર્વ રીતે સફળ થયો છે, એમાં એવું એકેય તત્ત્વ નથી દેખાતું કે જે ટીકાપાત્ર, ધર્મ-વિરુદ્ધ કે લાંછનરૂપ હોય. આ શિબિરનું વલણ, વાતાવરણ, નજરે નિહાળનાર કોઈ પણ સન્માનનીય વ્યક્તિને આ શિબિરની યોજના-વિરુદ્ધ વિચારવું પડે, બોલવું પડે, એવું તત્ત્વ દેખાશે નહિ.

આધુનિક યુગમાં જૈન સમાજનો યુવકવર્ગ આજે વિલાસમય જડવાદના પ્રવાહમાં ઘસડાઈ રહ્યો છે, ધર્મવિમુખ બની અધમ વૃત્તિઓનો, પાશ્ચાત્ય માનસિક આસુરી વૃત્તિઓનો ભોગ થઈ પડ્યો છે, તેને બચાવવા, તેમાંથી ઉગારવા આ એક મહાન સફળ પ્રયોગ છે. આમાં આપેલો દરેકનો ભોગ એમને ઉગારી એ દ્વારા વીતરાગ-શાસનને મજબૂત બનાવશે. જ્યાં સુધી જૈન ધર્મનો ઝંડો લહેરાતો ફરે છે, જૈનધર્મ વેગવંતો જીવે છે ત્યાં સુધી જૈન-જૈનેતર પ્રજા અને રાષ્ટ્રને માથે આફત આવવાની શક્યતા ઓછી છે. કારણ જૈન ધર્મે બતાવેલ તપ-ત્યાગ માર્ગનાં આરાધનાની એ અદ્‌ભુત તાકાત છે કે તેને પરરાજ્યનો તો શું પણ દ્વેષી દૈવીકોપનો પણ ભય સેવવાની જરૂર રહેતી નથી.

ઉપસંહારમાં કહીશ કે શિબિર એક અદ્‌ભુત રસાયણ આપે છે. જે મનમાં રહેલ મિથ્યાત્વ અને અજ્ઞાનમળ ને સાફ કરી નાખે છે. શિબિર એક એવી સર્ચલાઈટ છે કે જે મુક્તિ-પથિકને મોક્ષમાર્ગનો સુંદર અને સરળ રાહ દેખાડે છે, આત્મ-કલ્યાણની સૂઝ ઉપર પ્રકાશ ફેંકે છે. શિબિર એક એવી સંજીવની છે કે વર્તમાન જીવનની આસપાસ ફેલાયેલા વિલાસી ઝેરી વાતાવરણમાં પણ સુખ-શાંતિ અને સમાધિપૂર્વક ધર્મી આત્માઓને જીવવાની કળા શીખવાડે છે. શિબિર એક એવી દીવાદાંડી છે જે બતાવે છે કે સંસારનો કિનારો ક્યાં આવેલો છે, ને કઈ રીતે કઈ દિશામાં પ્રયાણ કરવાથી કિનારે પહોંચી શકાશે. પૌદ્‌ગલિક-ક્ષણભંગુર સુખાભાસમાં મસ્ત બનેલા અને દુર્ગતિને નોતરનારા ભૂલા પડેલા અજ્ઞાનીઓ માટે શિબિર એક લાલબત્તી સમાન છે, 'બસ થોભો' છે. કુવાસના ને કુસંસ્કારની જડ ઘાલીને પડેલા મિથ્યામતિ અને મિથ્યાચરણનાં કધોણાંને દૂર કરવા શિબિર એક ટીનોપોલ છે, સનલાઈટ છે, જે મલિન અંતઃકરણને નિર્મળ બનાવી સ્ફટિક જેવું ઉજ્જવળ બનાવે છે. ટૂંકમાં શિબિર એ જન્મદાત્રી છે જેના ખોળે આવ્યા પછી જ સંસ્કારી જીવન શરૂ થાય છે, પુનર્જન્મ થાય છે.

અમારું એ સ્વપ્ન છે કે હિંદના ખૂણે ખૂણે આ શિબિરની યોજનાઓ થાય, દેશનો એકેએક ધર્મપ્રેમી જૈન-જૈનેતર યુવાન શિબિરના શિક્ષણ સંસ્કારથી રંગાય. ભગવંત મહાવીર પ્રભુના નિર્વાણને ૨૫૦૦ વર્ષ પૂરા થવા આવે છે અને ધર્મયુગનો ઉદય શરૂ થાય છે તેની પૂર્વભૂમિકા-પૂર્વપીઠીકારૂપે આ શિબિર યજ્ઞમાં ધર્મ-યજ્ઞમાં સૌ પોતાનો યથાશક્તિ હિસ્સો આપે, મોટા પાયા પર આ યોજના આકાર લે અને એમાં સંપૂર્ણ સહકાર-સાથ આપવાની સત્પ્રેરણા, શક્તિ સામર્થ્ય ને સદ્‌બુદ્ધિ સૌને શાસનદેવ સમર્પે, એવી મંગળ ભાવના સાથે

શિવમસ્તુ સર્વ જગતઃ પરહિત-નિરતા ભવંતુ ભૂતગણાઃ
દોષાઃ પ્રયાંતુ નાશં સર્વત્ર સુખી ભવતું લોકઃ
સર્વં મંગલ માંગલ્યં સર્વ કલ્યાણ કારણમ્‌ પ્રધાનં સર્વ ધમાણાં જૈન જયતિ શાસનમ્‌.

આધ્યાત્મિક જીવન-ઘડતરમાં શિબિરનો ફાળો - ૧

(લે. કુમારપાળ વિ. શાહ - મુંબઈ)

પ્રબુદ્ધ માનવના જીવનની પ્રભા હોય તો તે જ્ઞાન અને સંસ્કાર છે. એ જ્ઞાન અને સંસ્કારનો અલભ્ય વારસો મળે છે. આધ્યાત્મિક શિક્ષણ દ્વારા સ્થૂલ જીવનને ટકાવવા માટે જેટલી જરૂર હવા અને પાણીની છે તેના કરતાંય અધિક જરૂરી મહાપ્રજાઓને ટકાવનાર, સંસ્કૃતિના પ્રવાહને સદૈવ શુદ્ધ, ગંભીર અને ગતિશીલ

રાખનાર આધ્યાત્મિક શિક્ષણ અને સંસ્કારની છે. આધ્યાત્મિક શિક્ષણ-જ્ઞાન એ તો ધાવણ સમાન છે. 'Knowledge is power and knowledge is light' એ માનવીના મન વિચાર, બુદ્ધિ અને આત્મપ્રદેશોને બળવાન બનાવે છે.

પ્રાચીન કાળની શિક્ષણ પદ્ધતિમાં અને આધુનિક શિક્ષણ સંસ્થાઓમાં લેવાતી પદ્ધતિમાં અસીમ અંતર અનુભવાય છે. પ્રાચીનકાળમાં શિક્ષણ વાચના દ્વારા અપાતું, આજે શિક્ષણ વાંચન દ્વારા અપાય છે. વિનય, વિવેક અને સદ્‌વર્તનને મુખ્ય ગણનારા આજે એ શબ્દોને વિસરી ગયા છે. ખરેખર ! આજનો વિદ્યાર્થી મૂડી વિનાનો દેવાળીયો બની ગયો છે. આજે વિદ્યાર્થીનું મગજ યુરોપીયન, આદર્શ મોસ્કોના અને રહેણીકરણી આર્ય પાશ્ચાત્ય મિશ્ર થઈ ગઈ છે એની હાલત હાસ્યાસ્પદ બની ગઈ છે. આજની પાશ્ચાત્ય અસરવાળી કેળવણીનાં ફળ કેટલાં ભયંકર ?

આજે ધર્મને ઢોંગ, ધતિંગ અને વહેમ કહી વગોવાય છે. પ્રતિમા-પૂજાને પાષાણ-પૂજાનો પડકાર કરાય છે. સ્થૂલ નજરે દેખાય તેજ સાચું અને સૂક્ષ્મ બુદ્ધિએ જ જણાય તે બધું હંબગ આજના કેળવાયેલાને પ્રત્યક્ષ માન્ય છે, અને પરોક્ષ માન્ય નથી. આઈન્સ્ટાઈનને માનવા તૈયાર છે, અરિહંતને નહિ. સાપેક્ષવાદનો સ્વીકાર કરે છે, સ્યાદ્વાદનો અસ્વીકાર કરે છે. અણુ અને પરમાણુની વાતોમાં અરવડીયાં મારે છે, આત્મા અને પરમાત્માની વાતો સામે અથડામણો પેદા કરે છે. આજના કોલેજીયનને Dog રાખવો ગમે છે, God માટે અણગમો છે. એ સાહજ્ય નહિ, સુખ ઈચ્છે છે; ધર્મ નહિ, ધન ઈચ્છે છે; રામ નહિ, આરામ ઈચ્છે છે. આજે કૉલેજો કૉલેજો ન રહેતાં સંસ્કાર વિનાનાં કલેવરો રહ્યાં છે. વિદ્યાપીઠો વિદ્યા મંદિરો ન રહેતાં પ્રેમમંદિરો બની રહ્યાં છે. જાણે કે, "College is the Institute of hunting for marriage" ખરેખર આજની કેળવણીનું માળખું ગુલામ યુગના કારખાના કરતાં ય વધારે કાતિલ અને ભંગારસમું બની ગયું છે.

(૨)

"દિવ્ય-દર્શન" - "શિબિર વિદ્યાર્થી-લેખ" વર્ષ-૧૪,અંક-૨૧,તા.૧૨-૨-૧૯૬૬

(લે. કુમારપાળ વિ. શાહ - મુંબઈ)

આજના શિક્ષણથી મગજ મોટું થયું છે, પણ હાથ-પગ ટૂંકા થઈ ગયા છે. મગજમાં ય માત્ર વિગતોનું જ્ઞાન ભરાઈ ગયું છે, હૃદય ખાલી રહી ગયા છે. શિક્ષણ-જ્ઞાનથી તો સમતા સુશીલતા અને સદાચારનું આગમન થવું જોઈએ, એને બદલે કેવળ સાક્ષરતા જ વધી છે. જીવનમાં સાક્ષરતાની જરૂર શી ? જરૂર છે

કેળવણી-જ્ઞાન-વિદ્યાનાં સાચા ફળ સદાચાર સંસ્કાર અને સત્‌ધર્મની. અને સાચું જ્ઞાન તો તેને જ કહેવાય, કે જે અંતરને શુદ્ધ કુંદન બનાવે અને વર્તનને વિશુદ્ધ સ્ફટિક બનાવે, માનવીમાં રહેલી કલ્યાણ-શક્તિઓનું પ્રગટીકરણ કરે. વિદ્યા તો તેનું નામ જે વિનય, વિવેકનાં ફૂલ પાથરે અને આત્મ-ઉઘાડની ઉષા રેલાવે. પહેલાં શિક્ષણમાં ધર્મને મુખ્ય ગણવામાં આવે તો, આજે ધનને મુખ્ય ! જાણે ધર્મ તો ગૌણ શું બિનજરૂરી લેખે છે; પ્રાચીન કાળમાં શિક્ષણની શરૂઆત **मातृदेवो भवः** અને **पितृदेवो भवः** થી થતી, જ્યારે આજે 'મા ચા પા' કે Dog ડોગ એટલે કૂતરો અને Cat કેટ એટલે બિલાડીથી થાય છે ! કદાચ જો મળી શકે એમ હોય તો પચ્ચીસ વર્ષ પહેલાંની બાળપોથી જુઓ તેમાં 'ગ' ગણપતિનો હશે જ્યારે આજે 'ગ' ગધેડાનો લખાય છે, કેટલું જબ્બર પતન ?

જૈન સમાજની ઊગતી પેઢીને આ આફતમાંથી શી રીતે ઉગારવી ? તે અતિ ગંભીર અને વિચારણીય પ્રાણપ્રશ્ન છે. કારણ કે ભાવિ સંઘના સુકાનીઓ, સ્થંભો. સેનાનીઓ આ યુવાનો છે, તે ભગવાન મહાવીરના ધર્મ-રથને વહન કરનારા ચક્રો સમાન છે. એ જો શ્રદ્ધાશીલ સુશ્રાવકો, સંસ્કારી સત્તાધારીઓ ધર્મબુદ્ધિ ધનવાનો, અને વિવેકી વક્તાઓ નહિ હોય તો ૨૫ કે ૫૦ વર્ષ બાદ જૈન સંઘનું ચિત્ર શું બની રહે તે કલ્પવું મુશ્કેલ છે. આધુનિક વિદ્યાર્થીઓમાં ઉત્થાનની શક્તિ છૂપાયેલી છે. પણ નવાં સાધન-પદ્ધતિઓમાં ટેવાયેલા એમને રૂઢ પદ્ધતિઓમાં રસ નથી. એ રસ લે છે 'ધાર્મિક શિક્ષણ શિબિરમાં' આ પ્રવૃત્તિ આધુનિક વિદ્યાર્થીઓમાં ધર્મશ્રદ્ધા-આચાર અને સંસ્કારનું બીજારોપણ કરવામાં Successful બની ગઈ છે, એનાં મીઠાં અને અત્યંત અનુમોદનીય ફળ પૂ. મુનિવર્યોના સાંનિધ્યમાં આબૂ-અચલગઢ અને પાટણ ખાતે યોજાયેલ 'ધાર્મિક શિક્ષણ શિબિર'થી ચાખી શકાયાં છે.

શિબિર એટલે ?

સુસંસ્કારીની સરિતા ભૌતિકવાદનો ભડકો નહિ, અધ્યાત્મ બોંબનો અખતરો કે જે શિબિરાર્થીને આનંદ અને પૂર્ણ શાંતિ પ્રાપ્ત કરાવે છે, પ્રત્યેક જૈન વિદ્યાર્થીઓના અંતરમાં ઊછળી રહેલા ઉત્સાહને માર્ગે વાળી, એની જ પાસે પુરુષાર્થનો ભવ્ય સહારો અપાવીને અનંત કલ્યાણ પથના અદમ્ય વેગીલા પથિક બનાવનારી એક માત્ર શુભેચ્છા શિબિર છે. માનવજીવનને સંસ્કારો અને આચારોથી રુષ્ટપુષ્ટ બનાવનાર વીટામીન છે. યુવાનોમાં જૈનત્વનું, આર્યત્વનું, તથા આત્મત્વ અને ઉર્ધ્વગામી સાત્ત્વિક સંસ્કારોનું સિંચન કરનાર શિબિર છે. શિબિર એ યુવકોનાં

જાણે ઉપધાન છે, શિબિર એ એક માસનો જ્ઞાનયજ્ઞ છે. એ યજ્ઞની વેદીમાં હોમાય છે. કુસંસ્કારો, ક્રિયાનું પ્રમાદીપણું અને અજ્ઞાનનું ઘોર અંધારું, એ બધાં બળીને ખાખ થાય છે.

ધા. શિ. શિબિર એ આત્મા અને આનંદની શોધમાં નીકળેલાને આશાએસ છે. આ શિબિર એટલે આત્માનો સાક્ષાત્કાર કરીને નિજાનંદ અને સ્વાનુભવની મસ્તી માણવા માટેની પ્રેરણાની પરબડી. આ શિબિર એટલે આત્મ ઝંકારની ઝણઝણાટીની અજોડ અને ભવ્ય બેનમૂન તક. આ શિબિર એટલે સંસ્કારોનું બીજારોપણ અને આત્માને અમૃતફળ. શિબિર એટલે ધર્મકરણીમાં પ્રવૃત્ત રહેવામાં પ્રેરણા અને પ્રોત્સાહનનાં અમૂલ્ય અમીપાન. ખરેખર શિબિર એક એવી ઉત્તમોત્તમ પ્રવૃત્તિ છે કે જે કરનારને કરાવનારને અને અનુમોદનારને અનંત પુણ્યબંધ કરાવી જાય તેમ છે. આ પ્રવૃતિની આ પહેલાં જેટલી જરૂર ન હતી, એટલી આજના કાળે છે. એ સંપૂર્ણ રીતે શાસન-સુવિહિત સત્‌પ્રવૃત્તિ છે.

"Shibir is scientifically supreme, Politically perfect, economically expert, constitutionally correct."

હું શિબિરને આધ્યાત્મિક હૉસ્પિટલની ઉપમા આપું છું. એમાં ભૌતિકવાદના ભયંકર રોગથી પીડાતા યુવાનને એ રોગથી બચવા માટે Treatment અપાય છે. એ હૉસ્પિટલના મૂળ સ્થંભો શ્રી જિનેશ્વર દેવો જેવા અજોડ મહાન ધનવંતરી વૈદ્યો છે, જેમણે શાસ્ત્રો રૂપી મહાગ્રંથોમાં તમામ રોગોનું નિદાન આલેખેલું છે. કંપાઉન્ડરો છે પૂજ્ય મુનિવર્યો; એ રોગનાં નિદાન પરની ચિકિત્સા પ્રમાણે જિનોક્ત વચનાનુસાર દવા આપે છે. આવા સર્વોત્કૃષ્ટ ડૉક્ટર દ્વારા લખાયેલ દવા જ્યારે કંપાઉન્ડર મિલાવીને આપે પછી ભૌતિકવાદનો રોગ ભાગી ન જાય તો રહે પણ ક્યાં ?

શિબિરની મારા ઉપર થયેલી અસર :

બે વર્ષ પહેલાનો હું મારો ભૂતકાળ યાદ કરું છું ત્યારે મને થાય છે કે આ બધું હાલ મને જણાય છે તે શું વાસ્તવિક છે કે નહિ ? ગઈકાલ મારી કેવી વિચિત્ર હતી અને આજ કેટલી વ્યવસ્થિત છે ! કાલે આગ હતી, આજે એ આગ ખાખ છે. ગઈકાલે કેવળ ભૌતિકવાદ તરફ દોટ હતી, આજે અધ્યાત્મ તરફ મીટ છે. ગઈકાલ અજ્ઞાનનું અંધારું હતું. પ્રભુપૂજામાં પ્રમાદીપણું હતું અને ક્રિયામાં અરુચિ હતી. આજે એનો દેશવટો છે, એથી આગળ વધીને કહું તો શિબિરે મને 'પુનર્જન્મ' આપ્યો છે. એ જન્મના દાતા છે પૂ.પં. શ્રી ભાનુવિજયજી, પૂ. શ્રી ભાણાભાઈ અને કેશુભાઈ છે. આ મહાઉપકારીઓને શી રીતે ભૂલી શકાય ? આ ઉપકારનો

બદલો શી રીતે વાળી શકાય તે કલ્પી શકાતું નથી. શિબિર દ્વારા હું શ્રદ્ધા અને આચારના પાઠ શીખ્યો પણ મને તેમાંથી વિરતિનો મહાન પાઠ જાણવા મળ્યો.

જે દ્વારા હું સંસાર-સાગરમાં તરતાં તરતાં ભયંકર ખડકો સાથે અથડાઈને બચવા પામીશ. મને પણ શ્રદ્ધા છે કે મધ્ય સમુદ્રમાં ડૂબેલો એવો હું શિબિરમાંથી મળેલા વિરતિના પાટીયાને આજીવન બાહુમાં જકડી રાખીશ. શિબિર મારા માટે દિવાદાંડી બની ચૂકી છે, મારે માટે ભાવિમાં પણ એ જ કાર્ય કરશે, શિબિર ખરેખર સંસ્કાર-દાતા જ છે, એ દ્વારા મેં શું શું પ્રાપ્ત કર્યું તે હું કલમ કે વાણી દ્વારા વર્ણવવા શક્તિમાન નથી, કેમકે મોજશોખના રસિયા સ્ત્રી પુરુષને ગંધર્વોના સુમધુર સંગીત સાથે સર્વ ઈન્દ્રિયોના અનુકૂળ વિષયની હાજરીમાં જે અનુભવ થાય. ધન-લોભીને હીરા-મોતી કે માણેકની પ્રાપ્તિ થતાં જે આનંદ પ્રાપ્ત થાય, વૈશાખના ધોમ ધખતા તાપમાં મુસાફરને એકાદ ઘેઘુર વડલાની શીતળ છાંયડી મળી જાય, રણમાં મુસાફરનું ગળું સુકાઈ ગયું હોય ને શીતળ પાણીનો એકાદ ઘડો મળી જાય, જંગલમાં ભૂલા પડેલા ભયભીત બનેલા મુસાફરને એકાદ સાથીદાર મળી જાય, અને એ મળતાં એને જે આનંદ થાય તે તો કદાચ શબ્દોથી વર્ણવી શકાય; ધન, દોલત અને ભોજનના મનગમતા સાધનોનો આનંદ વાણીથી વર્ણવી શકાય એમ છે, પણ ૧૯૬૪ અને ૧૯૬૫ ની ધાર્મિક શિક્ષણ શિબિર દ્વારા મેળવેલ આનંદ વર્ણવી શકવા હું અસમર્થ છું.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૧૪,અંક-૨૨,તા.૧૯-૨-૧૯૬૬

આધ્યાત્મિક જીવન-ઘડતરમાં શિબિરનો ફાળો : ૩

(લે. કુમારપાળ વિ. શાહ - મુંબઈ)

ફરી એકવાર જણાવું છું કે ધા.શિ. શિબિર યુવાનો માટે આશીર્વાદરૂપ યોજના છે. એજ માનવજીવનને ધન્ય બનાવનાર, એનું ઘડતર કરનાર અને અંતિમ લક્ષ્ય સુધી પહોંચાડનાર સુંદર આદરણીય પ્રવૃત્તિ છે. અશ્રદ્ધા, અનાચાર, અધર્મને આગ ચાંપી માનવજીવનનું સાચું ઘડતર કરવું હોય તો શિબિરની પ્રવૃત્તિને અભિનંદવી પડશે, આવકારવી પડશે, આચરવી પડશે. શિબિરથી માનવજીવન ધર્મ-અધ્યાત્મથી મહેંકી ઊઠે છે, મઘમઘી ઊઠે છે, મલકાઈ ઊઠે છે.

શિબિર મારે માટે પ્રાણ બની છે, પ્રેરણા બની છે. પ્રકાશ બની છે. માટે હું હવે એટલું જ ઈચ્છું છું.

"શિબિર તણા આનંદમાં મશગુલ રહેવા ઈચ્છતો,
ભૌતિક તણા ભૂતાવળથી સદા છૂટવાને ઈચ્છતો,
કરો, કરાવો ને વળી અનુમોદો, શિબિર એ જ ઈચ્છતો
સદૈવ જયવંતી રહો એ ધર્મ-ગંગા કુમાર એ જ ઈચ્છતો."

શિબિર શિક્ષણ

પ્ર.- પ્રભુની મૂર્તિનાં દર્શન-પૂજન શા માટે કરવા જોઈએ ?

ઉ.- આનાં અનેક કારણ છે,-

(૧) પહેલું તો આપણને આ મનુષ્યભવ બીજા અસંખ્ય પ્રાણીઓ કરતાં અને કરોડો અનાર્ય માનવ કરતાં વિશિષ્ટ કોટિનો મળ્યો છે, એ તો નજરે દેખાય છે ને ? એ શી રીતે મળ્યો ? શું માબાપની શાબાશીથી ? આ ભવબજારમાં એ આપણને પસંદ કરીને લેવા આવેલા ? ત્યારે શું આપણે આપણી હોશિયારીથી પસંદ કરીને અહીં આવ્યા છીએ ? ના, એ તો ભગવાનનો જ અચિંત્ય ઉપકાર કે એમના આલંબને ઉપાસના-પુણ્ય કમાવા દ્વારા આ ઉચ્ચભવ પામવાનું બન્યું છે. શું એવા પરમ ઉપકારીને ભૂલાય; એમના ઉપકારે આ એકજ પ્રાપ્તિ નથી, પણ ઉપરાંત દીર્ઘ આયુષ્ય, પાંચે ઈન્દ્રિયો, મન બુદ્ધિ શક્તિ, આરોગ્ય, ખાનપાનાદિ સગવડ વગેરે મળ્યું, વિશેષમાં દેવ-ગુરુ, જિનશાસન મળ્યું. એ પણ બધું એમના જ ઉપકારે છે. એમનાં દર્શન-પૂજા કરવાની શી જરૂર એવો પ્રશ્ન હોઈ શકે ? આવા અનન્ય ઉપકારીના અઢળક ઉપકારની કૃતજ્ઞતારૂપે તો એ પ્રતિજ્ઞા હોય કે 'પ્રભાતે એમનાં દર્શન વિના મોંમાં પાણી પણ ન ઘાલું, એમના પૂજા વિના ભોજન ન લઉં એ પણ દર્શન-પૂજા ખાલી હાથે નહિ, પણ મારી પોતાની કોઈ ને કોઈ પૂજાની ચીજ, એક ધૂપસળી વરખનું પાનું, ફળ કે ફૂલ વગેરે લઈ જવા સાથે કરું.' આમ પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞતાપાલન અને ભક્તિના હેતુએ દર્શન-પૂજાદિ કરવાની અતિ જરૂર છે.

(૨) પ્રભુદર્શન-પૂજાની જરૂરિયાત અંગે બીજી વાત એ છે કે આ જગતના સંબંધમાં ઘણા ઘણા જડ-ચેતનના સંપર્કમાં આવીએ છીએ. એમાં રાગ-દ્વેષ વગેરેનાં જ પોષણ થતાં રહે છે; ક્યાંક આકર્ષણ વધે છે, ક્યાંક અરુચિ-ઘૃણા થાય છે, ક્યાંક કામવાસના જાગે છે, ક્યાંક ઈર્ષ્યા જાગે છે, સંતાપ બળતરા થાય છે, તો ક્યાંક ગુસ્સો થાય છે, ગર્વ થાય છે, ત્યારે ક્યાંક દીન બનવું પડે છે... વગેરે કેટલાય મલિન ભાવોથી જીવ ખરડાય છે. જ્યારે જ્યારે વીતરાગ પ્રભુનાં દર્શને

એમાંનું કશું નહિ, ત્યાં તો રાગ-દ્વેષ-કષાયો-વાસના શાંત પડે છે. વળી જાતે દ્રવ્ય-વ્યય કરી પ્રભુની પૂજા ઠાઠથી કરવામાં વીતરાગની વધુ નજીક જવાય છે, આત્મીયતા કેળવાય છે, એમના જેવા બનવાનું જાગતું સંવેદન થાય છે. પ્રાર્થના કરાય છે, સ્વાત્મદોષો પ્રત્યે ઘૃણા-નફરત જાગે છે. વળી એટલો સમય સંસારના પાપારંભો અને પરિગ્રહની ધાંધલથી બચાય છે. આવા અનંત કલ્યાણકર પ્રભુદર્શન-પૂજા માટે પ્રશ્ન જ કેમ થાય કે એની શી જરૂર ?

(ગતાંકથી ચાલુ)

(૩) પ્રભુદર્શન-પૂજન એટલા માટે જરૂરી છે કે માણસને જીવનમાં વિકાસ માટે નજર સામે ઉચ્ચ, પરમ ઉચ્ચ આદર્શની બહુ જરૂર છે ત્યારે જગતમાં વીતરાગ પરમાત્મા જેવા પરમોચ્ચ આદર્શ બીજા કોણ મળે ? પ્રભુદર્શન-પૂજા જો રોજ વિકાસ કરાતી રહે તો એમનો સારો પરિચય વધવાથી અવસરે અવસરે એ દૃષ્ટિ સામે આવે ત્યાં હિંસા-અનીતિ વગેરે ખોટું કામ કરતાં, જૂઠ વગેરે ગલીચ વચન ઉચ્ચારતાં, કે એ હિંસા-અસત્ય-અનીતિ આદિ પાપો મનમાં ઘાલતાં, યા ઇન્દ્રિયવિષયોના ભોગના ભૂંડ બનતાં, આત્મા ચોંકે ! મનને એમ થાય કે 'હું કેવા મહા અભયદાની, સત્ય નિષ્કિંચન-અપરિગ્રહી અને વિષયપરાઙ્મુખ વીતરાગ પરમાત્માનાં દર્શન-પૂજન કરનારો, એમને નાથ તરીકે માથે ધરનારો ? અને ક્યાં આ મારી નીચ અધમ વિચારણા-વાણી વર્તણૂક ? એ ય મનુષ્ય હતા અને **પરમ ઉચ્ચ જીવન** જીવી ગયા, તો હું કેમ મનુષ્ય છતાં અધમ જીવન જીવું ? લાવ હું પણ અટકાવું' એમ ત્રિકાળ પ્રભુદર્શન-પૂજનથી પ્રભુનો પરિચય વધાર્યે ઉચ્ચ આદર્શ મળે છે અને જીવન સુધરતું આવે છે.

(૪) વળી વીતરાગ પ્રભુનાં દર્શન-પૂજનથી સારા સંસ્કાર પડે છે, વધે છે અને તે ભવાંતરે જીવને ઊંચો લાવવામાં બહુ સહાયક થાય છે. શેઠે જુગારી-રંડીબાજી વગેરે બની ગયેલ પુત્રના કલ્યાણ માટે ઘરની ડેલીનું બારણું નીચું કરાવ્યું અને પેસતાં સામે દેખાતી ભીંત પર ઊંચે પ્રભુની મૂર્તિ કોતરાવી. શેઠ મર્યા પછી છોકરો વારંવાર ઘરમાં પેસતાં મૂર્તિને દેખે છે એથી જો કે ત્યાં સુધર્યો નહિ, ને મરીને મોટા સમુદ્રમાં માછલો થયો; પણ ત્યાં પ્રતિમા-આકારનો માછલો જોઈ વિચારમાં ચડતો પૂર્વના મૂર્તિ-દર્શનનાં સંસ્કાર જાગ્રત થયા, પૂર્વભવનું સ્મરણ થતાં

ચોંક્યો ! કે **'પૂર્વે મેં ભગવાનને ભૂલી કેટલું ગુમાવ્યું ?'** બસ તીવ્ર પ્રશ્ચાત્તાપથી વ્રત, અનશન કરી લઈ મરીને સ્વર્ગમાં દેવ થયો. પ્રભુદર્શન-પૂજન ભાવથી કરે તો તો કેટલો ય લાભ થાય ! દર્શન-પૂજન વિના એ લાભ ક્યાંથી ?

(૫) જગતમાં જીવને પોતાનું અભિમાન બતાવવાનાં સ્થાન ઘણાં, પણ નમ્ર બનવાનું ક્યાં ? વડીલ આગળ નમ્રતા ક્યાં કેળવાય છે ? વીતરાગ પ્રભુનાં દર્શન-પૂજન-વંદન કરવામાં આ મહાન લાભ છે કે ગુણરૂપ નમ્રતા કેળવાય છે, અભિમાન ઓસરી જાય છે. એનો પડઘો જીવન પર સુંદર પડે છે. નમ્રતા ઉપર બીજા અનેક ગુણ પ્રાપ્ત થાય છે. પ્રભુદર્શનાદિનાં આ લાભ કોણ ચૂકે ?

(૬) વળી, પ્રભુદર્શન-પૂજા એ કારણે અતિ જરૂરી છે કે મળેલી પુણ્ય કાયા અને લક્ષ્મી અનેક કુપાત્રોમાં યોજાઈ વેડફાઈ જાય છે. ત્યારે એનો સુંદર વિનિયોગ-સદુપયોગ કરવાનું શ્રેષ્ઠ પાત્ર વીતરાગ પરમાત્મા છે; અને એ કાર્ય વીતરાગ પ્રભુનાં દર્શન તથા પૂજનમાં થાય છે. શું કાયાને સિનેમા જોવડાવવામાં બજાર-સ્નેહી-સંબંધીનાં દર્શન કરાવવામાં, ને એની વેઠ આચરાવવામાં કાયાનો સદુપયોગ છે ? ને પ્રભુનાં દર્શન-પૂજનમાં દુરુપયોગ છે ? તેમ લક્ષ્મીથી જાત-કુટુંબ વગેરેની આરતી ઉતારવામાં શું એ પાત્રે પડી ? સદુપયોગ થયો ? ને વીતરાગ પ્રભુનાં પૂજનભક્તિમાં વપરાયે અ-પાત્રે પડી ? દુરુપયોગ થયો ? હરગીજ નહિ, કાયા અને લક્ષ્મીના ઉત્તમ ઉપયોગ માટે પ્રભુદર્શન-પૂજનાદિ અતિ જરૂરી છે.

(૭) એમ વીતરાગનાં દર્શન-પૂજન એ કારણે પણ જરૂરી છે કે ભવિષ્યમાં આપણો ઉદ્ધાર એ પરમાત્માથી જ થવાનો છે. માટે એમનાં રોજ ત્રિકાળ દર્શન-પૂજન કર્યા વિના કેમ ચાલે ? ભવિષ્યમાં લાભ થવાની આશાએ માણસ રાજા-શેઠ-શાહુકારની રોજ મુલાકાત લે છે, સેવા-સરભરા કરે છે; તો આપણે પણ પ્રભુનાં દર્શન-પૂજન આદિ વિના કેમ ચાલે ? જિનેન્દ્ર ભગવાનનાં દર્શન-પૂજનથી મન પવિત્ર બની અથાગ પુણ્ય ઊભું થાય છે, જે ઉચ્ચ ગતિ અને સુખ, ઉન્નતિ અપાવે છે.

(૮) કેટલાક કહે છે, 'પણ પાષાણની મૂર્તિ પૂજવાથી શું ? એને આપણે કહીએ કે પરમાત્મા જીવંત તો થઈ ગયા ત્યારે થઈ ગયા, પછી તો મોક્ષમાં જઈ બેઠા; અત્યારે આપણે એમનાથી દૂર છીએ. તો હવે એમની સાથે સંબંધ અને એમનું હૂબહૂ સ્મરણ શી રીતે રાખવું ? એમના સાક્ષાત્ દર્શનથી જે ભવ્ય પ્રેરણા મળે તે એમના વિરહમાં શી રીતે મેળવવી ? ત્યારે સતી ક્ષત્રિયાણીનો દાખલો વિચારવા જેવો છે કે એ પતિ દેશાટને ગયે પતિની છબી યા કટારી, મોજડી વગેરે

નજર સામે રાખે છે, એનાં પૂજન કરે છે, હાર ચડાવે છે, એમાંથી ભવ્ય પ્રેરણા મેળવે છે. તો પછી વીતરાગ પ્રભુનો ભક્ત પ્રભુની મૂર્તિ વિના કેમ રહી શકે ? કેમ એનાં રોજ દર્શન-પૂજા ન કરે ? એ દ્વારા એ વીતરાગનાં જીવનની, એમની ઉપદેશની અને એમના અનંત ઉપકાર તથા પ્રભાવની ભવ્ય પ્રેરણા મેળવે એમાં નવાઈ નથી.

બીજી એ પણ સ્પષ્ટ હકીકત છે કે જો એક શૃંગાર-સજેલી રૂપવાન નટીનું ચિત્ર કે બાવલું જોઈને રાગ થાય છે, તો નિર્વિકાર પ્રશાંત વીતરાગ દેવની મૂર્તિ જોઈને એ નિર્વિકારતાદિના વિચાર અને પ્રશાંતતા તથા વૈરાગ્ય કેમ ન જાગે ? પેલામાં જેમ ચિત્ર કે બાવલાંના કાગળ રંગરેખા કે માટી-પાષાણ પર દૃષ્ટિ ન જતાં ખરેખર નારીના ભાવ મનમાં આવે છે, તો અહીં પણ મૂર્તિના પાષાણ તરફ દૃષ્ટિ ન જતાં વીતરાગના ભાવ મનમાં આવે એ સમજાય એવું છે. પ્રભુની મૂર્તિ પર દ્વેષ જ હોય એ બિચારો એમાં જ અટકી જાય એ પોતાના દ્વેષના કારણે બને છે. છતાં ખૂબી છે કે એવાને પણ પોતાના ગાઢ સ્નેહી કે અતિ ઉપકારી માતા-પિતા, શેઠ, યાવત્ ગુરુનો ફોટો જોઈ આનંદ થાય છે ! એ તો કાગળ છે માનીને એને પગ નીચે આવતો ટાળે છે, જરૂર પડ્યે ફૂલહાર વગેરેથી સન્માન પણ કરે છે. આ સૂચવે છે કે મનુષ્યસ્વભાવમાં મૂર્તિ માન્ય રહેલી છે; એનાં સન્માન પણ સ્વીકૃત જ છે. પછી અમુક સિદ્ધાંત કલ્પી અમુક જ મૂર્તિનો વિરોધ કરાય એ દુરાગ્રહ છે; છતાં એ જ સિદ્ધાંત ઉપર કહ્યું તેમ બીજી મૂર્તિ-ફોટા-ચિત્ર વગેરેમાં એમના જ હાથે ખંડિત થાય છે. બાકી વીતરાગની મૂર્તિનાં દર્શન-પૂજન વગેરે દ્વારા દાનાદિ ધર્મની સંવેગ-વૈરાગ્યના અને ચિત્તપ્રસાદના અનુભવ આજે પણ શત્રુંજય મહાતીર્થાદિમાં નવા માણસો પણ કરતા દેખાય છે.

(૯) જો પ્રભુનું નામ શબ્દપુદ્ગલરૂપ હોવા છતાં ગ્રાહ્ય છે, આદરણીય તરીકે સ્વીકારાય છે, તો પ્રભુની સ્થાપનામૂર્તિ ધાતુ-પાષાણાદિની હોવા છતાં કેમ માન્ય-આદરણીય ન હોય ? પ્રભુનાં દર્શન-પૂજન આદિ કરવાની સર્વજ્ઞ જિનની આજ્ઞા છે, જિનાજ્ઞા એટલે એના પર અલ્પજ્ઞાનીને અપીલ વિરોધ હોય નહિ, માટે પ્રભુદર્શન-પૂજાદિ ગૃહસ્થનું એક પરમ કર્તવ્ય બની રહે છે.

ઇન્દ્રિયોના વિષયોમાં વિકસ્વરતા, અને આત્માના ગુણધર્મ-સુકૃતની વાતમાં કરમાવાપણું, એ જીવની કુમતિના તાવને લીધે છે, વિષયમૂઢતાને લીધે છે, ભાગ્યવાન ! આ કુમતિને ને વિષયમૂઢતાને આ ઉત્તમ ભવમાં નહિ ડામે, નહિ દબાવે, તો પછી બીજા કયા ભવમાં એ કરી શકવાનો ?

આત્માની સાચી સંપત્તિ માટીના કૂકા, સ્વાર્થનિષ્ઠ કુટુંબ-પરિવાર અને વિનશ્વર કીર્તિ નહિ, પણ ત્યાગ-વૈરાગ્ય, અહિંસા-સંયમ-તપ, અને ક્ષમાદિ ધર્મ તથા દેવ-ગુરુભક્તિ છે, આ સાચી આત્મસંપત્તિ, આત્માને અધમ કક્ષામાંથી ઉચ્ચ કક્ષાએ મૂકે છે.

પ્ર.- શ્રાવકનાં બાર વ્રત સમ્યક્ત્વસહિત જ લેવાનાં કેમ કહ્યા ?

ઉ.- સમ્યક્ત્વ એ મૂળ છે, બાર વ્રત એ વૃક્ષ છે. મૂળ વિના વૃક્ષ હોય નહિ, માટે સમ્યક્ત્વ તો પહેલું સ્વીકારવું જ જોઈએ.

પ્ર.- પણ સમ્યક્ત્વ એટલે તો જિનવચનની પૂર્ણ શ્રદ્ધા. શું એ ન હોય તો ય અહિંસાદિની પ્રતિજ્ઞા નથી લઈ શકાતી ? એને શું શ્રાવકનું અણુવ્રત ન કહેવાય ?

ઉ.- એમ એ પ્રતિજ્ઞા તો લેવાય, પણ એ મૂળ વિનાના સૂકા ઝાડને ગ્રહણ કર્યા જેવું થાય ! એના પર ફળ ન આવે. એ તો મૂળ સલામત હોય તો જ એના આધાર પર લીલુંછમ વૃક્ષ થાય. અને એના પર ફળ આવે. ત્યારે ફળ ન લાવનારી સુકા ઝાડ સમી એ પ્રતિજ્ઞા શ્રાવકનું અણુવ્રત ન કહેવાય; કેમકે શ્રાવકધર્મ તો પરંપરાએ મોક્ષ સુધીનાં ફળને લાવે છે. જો ફળ નહિ તો શ્રાવકધર્મ શાનો ? શ્રાવકનું અણુવ્રત શાનું ? આજના ચાલી પડેલા અણુવ્રત-આંદોલનમાં આ વિચારવા જેવું છે. સમ્યક્ત્વ-જિનોક્તશ્રદ્ધારૂપી મૂળ તો પહેલું જોઈએ.

પ્ર.- સમ્યક્ત્વને મૂળ કેમ કહ્યું ?

ઉ.- મૂળની બે ખાસિયત હોય છે,- (૧) મૂળમાં ગુપ્ત વૃક્ષ, અને (૨) મૂળનાં સિંચનથી જ વૃક્ષ સલામત. દા.ત. વડ-આમ્ર. વૃક્ષના મૂળમાં (બીજમાં) વડ કે આમ્રનું આખું વૃક્ષ છૂપાયેલું છે. માટે જ જમીન એકની એક, પાણી-પવન-ખાતર-તાપ એના એ, છતાં જુદા જુદા મૂળ (બીજ)માંથી તે તે ચોક્કસ પ્રકારના જ વૃક્ષ જન્મે છે. એ સૂચવે છે કે તે તે મૂળમાં તેવા તેવા ડાળ-પાંદડા-ફૂલ-ફળ વગેરેના અંશ પડેલા છે. બીજી ખાસિયત એ કે મૂળને પાણી પાય તો ઝાડ ઊંચું આવે, ફળ આવે; પણ જો એના બદલે ડાળ-પાંખડાને પાણી પાય તો મૂળ સુકાઈ જવાથી ઊલટું વૃક્ષ સુકાઈ જાય. જમીનમાંથી રસ-કસ મૂળ જ ખેંચે છે, ને પછી તે વૃક્ષને પહોંચે છે. મૂળ જો નષ્ટ હોય તો થડની એ ખેંચવાની તાકાત નથી.

બસ, સમ્યક્ત્વમાં આ બે ખાસિયત છે માટે એ મૂળ છે. બાર વ્રતરૂપી વૃક્ષ સમ્યક્ત્વમાં છૂપાયેલ પડ્યું છે. તે એ રીતે કે સમ્યક્ત્વ એટલે જિનવચનશ્રદ્ધા. જિનવચને અહિંસાદિ વ્રતોને સંવરતત્ત્વરૂપે આદરવાનાં કહ્યાં છે. એની શ્રદ્ધા એટલે એ ઉપાદેય લાગે, હિંસાદિ ત્યાજ્ય લાગે. ઉપાદેય લાગવા પર એની તીવ્ર અભિલાષા રહે કે 'હું ક્યારે એ પામું !' આમ રહેતી વ્રતોની તીવ્ર અભિલાષા, એ વ્રતોના અંશરૂપ છે, કેમકે એના પર જ સાચો સ્વીકાર ને પાલન વિકસે છે.

બીજી ખાસિયત એ, કે સમ્યક્ત્વરૂપી મૂળ જો સિંચાતું રહે, જો સમકિતના ૬૭ વ્યવહારના પાલનથી ટકે અને નિર્મળ થતું જાય, તો વ્રત સલામત રહી વિકસ્વર બને છે. સિંચન અટકી ગયું, અર્થાત્ ૬૭ વ્યવહારનાં પાલન ખીંટીએ મૂક્યાં, તો મૂળ સાથે વ્રત વૃક્ષ સુકાઈ જાય છે. નંદમણિયારે એ ભૂલ કરી તો એનો શ્રાવકધર્મ સુકાવાથી મરીને એ દેડકા તરીકે જન્મ્યો.

સમ્યક્ત્વ યાને જિનવચનની શ્રદ્ધા જ વ્રતોનું રહસ્ય અને વ્રતોનો આંતરપરિણામ પમાડે છે. દા.ત. શ્રાવકનું પહેલું અણુવ્રત ત્રસની હિંસાનો ત્યાગ છે. એનું રહસ્ય એ છે કે આમ તો સૂક્ષ્મ સ્થાવર જીવોની પણ હિંસા ત્યાજ્ય છે, કિન્તુ એ ત્યાગ પોતાનાથી હાલ શક્ય નથી, તેથી શક્ય ત્રસ હિંસાત્યાગ આદરે છે; પરંતુ લક્ષ્ય તો એ છે કે 'એ સર્વ ત્યાગ ક્યારે આદરું !' આ રહસ્ય, પહેલાં જિનવચને કહેલ સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવોની શ્રદ્ધા કરે, અને એની અહિંસાની ઝંખના રાખે, તો જ પામ્યો ગણાય. સમ્યક્ત્વ વિનાનો જીવ બીચારો કહેવાતું અણુવ્રત લેવા છતાં આ રહસ્ય આ આશય, ક્યાંથી પામે ? ને જો તે નહિ તો અણુવ્રત શાનું ? અણુવ્રત એટલે મહાવ્રત લેવાની ઝંખનાવાળુ નાનું વ્રત. એ ઝંખના સમ્યક્ત્વ હોય તો જ ઊભી થાય. એવું બીજા વ્રતોમાં પણ. માટે સમ્યક્ત્વ એ મૂળ છે. એ હોય તો જ વ્રતો એ સાચાં અણુવ્રત કે મહાવ્રત અસ્તિત્વમાં આવી શકે.

પ્ર.- ઠીક છે, સમ્યક્ત્વ એટલે જિનવચનની શ્રદ્ધા જરૂરી હો, પણ સુદેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાની શી જરૂર ?

ઉ.- જિનવચનની શ્રદ્ધા જિનની શ્રદ્ધા વિના ન બની શકે. 'પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ,' એ ન્યાય છે. છોકરાને બાપનાં વચન પર શ્રદ્ધા હોય અને બાપ ઉપર શ્રદ્ધા ન હોય એ બનવા જોગ નથી. બાપ ઉપર 'આ મારા સાચા પિતા અને હિતકારી પિતા' એવી શ્રદ્ધા છે માટે તો એમનાં વચન પર શ્રદ્ધા મૂકે છે. ઠીક છે ક્યારેક પહેલાં જિનના કોઈ એક વચનની શ્રદ્ધાથી એમના પર શ્રદ્ધા થાય, પરંતુ પછી તો એ સર્વજ્ઞ છે, સર્વજીવ હિતકર છે, એવી શ્રદ્ધાના પાયા ઉપર જ એમનાં

સર્વ વચન પર શ્રદ્ધા થવાનો સંભવ છે. માટે સુદેવની શ્રદ્ધા-પ્રીતિ-ભક્તિ જોઈએ જ. બાકી તો જિનવચન જ કહે છે કે 'સાધુ અને ધર્મ આદરણીય-ઉપાસનીય છે,' માટે એ વચનશ્રદ્ધાથી સુગુરુ-સાધુ પર અને સદ્ધર્મ ઉપર શ્રદ્ધા થવી જ જોઈએ. જો એ નહિ તો પેલાં વચન પર પણ શ્રદ્ધા નહિ, તેથી સમકિત પણ નહિ. માટે સુદેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા પણ જોઈએ જ.

શ્રી ગ્રીષ્મ આધ્યાત્મિક શિક્ષાયતનની જાહેરાત

"આજના બાળકોને ધાર્મિક શિક્ષણ અને સંસ્કાર આપવામાં તમારા શુભ પ્રયાસમાં સફળ બનો."

— આચાર્યદેવ શ્રી વિજયોદયસૂરીશ્વરજી

"સમગ્ર આર્ય સંસ્કૃતિ ઉપર ભોગવિલાસ પ્રધાન પ્રાશ્ચાત્ય સંસ્કૃતિએ પોતાનો પ્રભાવ ફેલાવ્યો છે. તેમાંય આર્ય સંસ્કૃતિના પ્રાણસમી જૈન સંસ્કૃતિને તો પશ્ચિમની વિકૃતિએ ભારે અસર કરી છે. આજે આપણા સમાજના મોટા ભાગના બાળકો સ્કૂલ-કોલેજનું શિક્ષણ લઈને ધર્મથી લગભગ વિમુખ થતા ગયા જોવાય છે. એમના મા-બાપોને પણ પોતાના બાળકોને ધર્મનું જ્ઞાન આપવાની લેશ પણ તમન્ના દેખાતી નથી. સહશિક્ષણ અને સિનેમાએ ઉગતા બાળકોના મનને વિકૃત બનાવી દીધું છે. ભૌતિકવાદના પ્રચંડ આવેગને ટાળવો હોય તો આપણે ભાવિ પ્રજાના જીવનમાં ધર્મનું આચાર સંસ્કરણ અને તત્ત્વજ્ઞાન રેડવું જ પડશે. જરા પણ નિરાશ થયા વિના બાળકોના નૈતિક અને આધ્યાત્મિક જીવન ધોરણને ઊંચે લાવવા આપણી સઘળી શક્તિઓ શાસ્ત્ર મર્યાદામાં રહીને ખર્ચવી પડશે. આવું કાર્ય તમારા જેવા કાર્યદક્ષ સંચાલકો તરફથી આધ્યાત્મિક ધાર્મિક શિક્ષણ શિબિરના આયોજન દ્વારા ચાલી રહ્યું છે તે અનુમોદનીય છે."

— વિજયપ્રેમસૂરીના ધર્મલાભ (ડીસા)

"આધુનિક વિચારસરણી ધરાવતી વર્તમાન પ્રજામાં શિબિરો દ્વારા સમ્યગજ્ઞાનનું દાન મહાલાભનું કારણ છે.

— વિજયધર્મસૂરીશ્વરજી

"વિદ્યાર્થીઓ ભાવિ સંઘના સ્થંભો છે. જો તમે સંસ્કારમય જૈનત્વમય હશો તો સંઘ પણ દીપી ઊઠશે. તે માટે જે કાંઈ શાસ્ત્ર મુજબ થાય તેને અમે આવકારીએ

છીએ અને આશીર્વાદ પણ આપીએ છીએ. શિબિર પણ એક એવું કાર્ય છે જેના દ્વારા તમે સંસ્કારી બની શકો છો પછી તે આવકારદાયક કેમ ન હોય ?''

— વિજયદક્ષસૂરીશ્વરજી

''આધુનિક વિદ્યાર્થીઓમાં ધર્મ સંસ્કાર સિંચનની તમારી શિબિર પ્રવૃત્તિ શાસનને અતિ લાભદાયી અને પ્રભાવક છે અને તેની સફળતા ઉચ્ચ કોટીએ ઇચ્છું છું. શાસનદેવો આ કાર્યમાં સહાય કરે એજ હાર્દિક અભ્યર્થના.''

— પૂ. પં. શ્રી મંગળવિજયજી (આ. નીતિસૂરીશ્વરજીના શિષ્યરત્ન)

''જીવનમાં રત્નત્રયીની આરાધના વધતાં એક ક્રાંતિ સર્જાય છે. જેના પરિપાક રૂપે મોક્ષ પ્રાપ્તિ થાય છે. શિબિર જીવનમાં આવી મહાન ક્રાંતિ સર્જવા જેવું મહાન કાર્ય કરે છે.''

— પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવર
(આ. વિજયરામચંદ્રસુરીશ્વરજીના શિષ્યરત્ન)

''ભૌતિકવાદી યુગમાં અનંત ઉપકારી તીર્થંકર ભગવંતોએ ફરમાવેલ સંસારની જન્મ-જરા-મૃત્યુરૂપ આધિ-વ્યાધિને ઉપાધિમાંથી મુક્ત કરાવી સંપૂર્ણ અને શાશ્વત મોક્ષ સુખ પ્રદાન કરનાર સમ્યગજ્ઞાનના દાન માટેની યોજાતી શિબિરો માટે તમારી ભૂરી ભૂરી અનુમોદના.''

— શ્રી ઋષભદાસજી જૈન - મદ્રાસ.

''તમે શિબિરની જે પ્રવૃત્તિ આદરી છે તેને માટે તમને તથા તમારા સાથીને મારા અભિનંદન.''

— શ્રી કસ્તુરભાઈ લાલભાઈ

''આવા સમ્યગજ્ઞાનના દાન અને ચારિત્ર ઘડતર માટે શિબિરો આજે ખૂબ જ લાભદાયી છે. તમારા આ પ્રયાસો બદલ અભિનંદન.''

— શ્રી માણેકલાલ ચુનીલાલ

''શિબિર થઈ તે મારા માટે પરમ આનંદનો વિષય છે, કારણ કે આ પ્રવૃત્તિ વર્તમાન યુગમાં આદરનીય અને આવશ્યક છે.''

— શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

શિબિર-શિક્ષણ

''કાર્યકર્તાની અપૂર્વ સેવાઓનું બળ આ શિબિરને મળેલું છે. હું કહી શકુ છું કે આવી શિબિર સારા કાર્યકર્તા સુવિજ્ઞ નાગરિક અને જૈન ધર્મના પ્રચારકો

ઉત્પન્ન કરવામાં આર્થિક સહાયક થઈ શકે છે.''

— શ્રી નિરંજનનાથ આચાર્ય
(ઉપમંત્રી, શિક્ષણ અને ગૃહ-રાજસ્થાન)

''તત્ત્વજ્ઞાન અને નીતિ જીવનમાં આચાર અને વ્યવહારમાં ઉતારવા માટે પણ શિક્ષણ આપવામાં આવે છે તે ઘણી ખુશીની વાત છે. અહીં જીવન સાદુ અને નિયમિત છે. આવી શિબિર યુવક વર્ગને માટે ઘણી ઉપયોગી છે.

— ઇન્દુમતી ચીમનલાલ
(શિક્ષણ પ્રધાન-ગુજરાત)

— મોહનલાલ વ્યાસ
(આરોગ્યપ્રધાન-ગુજરાત)

શિબિરાર્થીઓના અભિપ્રાયો

''शिबिर संसार सींचन का एक दिव्य ज्योतिर्मय प्रकाश स्तंभ के प्रतिरुप है ! जो भौतिकवाद के तिमिर का ज्ञान और आचार की रश्मियो से नाश करता है ! जीवन को सच्चा मार्गदर्शन एवं सही दिग्दर्शन यदि आज किसी प्रवृत्ति से प्राप्त हो सकता है तो वह शिबिर ही है !''

— सुरेन्द्रकुमार लोढ़ा (मंदसौर म. प्रदेश)

''મારા જેવા જૈનેતર વિદ્યાર્થીને જૈન ધર્મનો આટલો ઉંડો અભ્યાસ કરવાની તક આ શિબિરમાં આપવામાં આવી તે વાત મારાથી કેમેય વિસરી શકાશે નહીં.''

— પ્રી. નટવરલાલ જે. ભટ્ટ, એમ. એ.
(પ્રોફેસર ધોળકા આર્ટસ કૉલેજ)

''શિબિરની યાદ ખૂબ આવે છે ખાસ કરીને આબુની બીજી શિબિર. તે શિબિરથી માંડીને ધર્મોનો તુલનાત્મક અભ્યાસ કરવાનું મોટુ વલણ દૃઢીભૂત બન્યુ. સ્વજનો અને સંબંધીઓની શંકા કુશંકાઓનો ભોગ બનીને પણ મેં જૈન ધર્મનો અભ્યાસ કર્યો.''

પ્રો. ઉમાકાન્ત કે. બારોટ, એમ. એ.
(પ્રોફેસર હિંમતનગર આર્ટસ કોમર્સ કોલેજ)

''હું શિબિરમાં આવ્યો તે પહેલા કંઈક જુદો જ હતો આજે કંઈક જુદો જ છું. મારામાં શિબિરથી અદ્‌ભુત ક્રાંતિ સર્જાઈ છે. શિબિરે મને પુર્નજન્મ આપ્યો છે.

— કુમારપાળ વી. શાહ, મુંબઈ.

"માનવી પા પા પગલી કરતાં જીવન પ્રગતિને પંથે આગળ વધે છે તેમ કોલેજીયનોને આધ્યાત્મિક પંથે પહોંચાડનાર શિબિર સંસ્કાર ધન છે. મને આધ્યાત્મિક પંથે રાહ બતાવનાર-આંગળી ચીંધનાર શિબિર છે."

— બિપિનચંદ્ર એન. કપાસી, મુંબઈ
(બીજું વર્ષ ઇલેકટ્રીકલ એન્જિ.)

"આપણે શિબિરમાં આ મારુ શાસન" અને હું તેનો સેવક 'એ ભાવનાથી ભરી દેવાનું છે.' શિબિર જરૂર આ કાર્યમાં સફળ નીવડી છે. પણ ભાવી શિબિર તેથીએ અધિક સફળ નીવડશે એમ સ્પષ્ટ લાગે છે.

— દિનેશચંદ્ર એ. શાહ
(મહાવીર વિદ્યાલય, અમદાવાદ)
બીજું વર્ષ એન્જિ.

"શિબિર એ અદ્‌ભૂત રસાયણ આપે છે. જે મનમાં રહેલ મિથ્યાત્વ અને અજ્ઞાન મળને સાફ કરી નાખે છે, શિબિર એક એવી સર્ચલાઈટ છે કે જે મુક્તિ પથિકને મોક્ષ માર્ગનો સુંદર અને સરળ રાહ દેખાડે છે."

— પ્રવિણચંદ્ર સી. શાહ
એમ. એસસી.માં અમદાવાદ.

"પુણ્ય પ્રકૃતિએ વર્તમાન જીવન વ્યતીત કરવા માનવ દેહના સઘળા અંગો મેળવી આપ્યા પણ એ બધાને પેલે પારથી આવતી કોઈ દિવ્ય દૃષ્ટિ શિબિરે આપી. દૃષ્ટિ પર લાગેલી છારી ઉખાડી પૂર્વગ્રહો અને મિથ્યાત્વના બંધનો તોડી સત્યનું દર્શન કરાવ્યું. જીવનનાં મૂલ્યો બદલાવ્યા. આનાથી વિશેષ ઊંચી ભેટ શું હોઈ શકે ?

— મૂકેશ શાહ એફ. વાય. આર્ટસ, મુંબઈ.

શિક્ષણ એટલે માનવમાં છૂપાઈ રહેલી શક્તિઓનું પ્રગટીકરણ વર્તમાન શિક્ષણ કેવળ જડ પદાર્થોનું શિક્ષણ આપે છે તેથી ઈગ્લેંડના સુપ્રસિદ્ધ અર્થશાસ્ત્રી રસ્કીને પોતાના 'Un to this last' નામના વિખ્યાત પુસ્તકમાં લખ્યા મુજબ "માનવીમાંથી ચેતનને બાદ કરતાં કરેલી બધી ગણતરીઓ અંતે ખોટી ઠરે છે." આથી આધુનિક કેળવણીકારોએ પણ વિદ્યાર્થીઓના ચારિત્ર ઘડતર માટે ધાર્મિક શિક્ષણને પ્રથમ મહત્ત્વ આપ્યું છે. પણ કોઈને કોઈ કારણસર તેનો હજુ અમલ કરી શકયા નથી.

પ્રાચીન આર્યાવર્તની શિક્ષણ પદ્ધતિ ધર્મ પ્રધાન હતી ને તેથી જ ભારતે જગતને સુખના સાચા મૂળ રૂપ સંતો દ્વારા આધ્યાત્મિક સંદેશાઓ આપ્યા છે.

આધુનિક વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ આપવા માટે બીજી કોઈ કાયમી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી તેમને ઉનાળામાં જે લાંબી રજાઓ મળે છે તેમાં ધાર્મિક શિક્ષણ આપી સદ ઉપયોગ કરી લેવા પુ. આચાર્ય દેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવરની પ્રેરણાથી છેલ્લા ચાર વર્ષથી નીચેની વિગતો મુજબ ધાર્મિક શિક્ષણ શિબિરો યોજાઈ હતી.

સને	સ્થળ	સંખ્યા
૧૯૬૨	દેલવાડા (માઉન્ટ આબુ)	૮૦
૧૯૬૩	દેલવાડા (માઉન્ટ આબુ)	૧૧૦
૧૯૬૪	અચલગઢ (માઉન્ટ આબુ)	૧૫૫
૧૯૬૫	પાટણ (ગુજરાત)	૧૮૦

વિષયો	વિદ્યાર્થીઓને અપાયેલ ઈનામોની રકમ
તત્ત્વાર્થ સૂત્ર	રૂ. ૧૦૦૦
જૈન દર્શન સૂત્ર અનુસ્થાન, કથા	રૂ. ૧૫૦૦
ગણધરવાદ, જૈન તત્ત્વજ્ઞાન, સૂત્રાર્થ	રૂ. ૨૨૦૦
ભક્ષા ભક્ષ્ય, જૈન તત્ત્વજ્ઞાન જૈન ઈતિહાસ, સૂત્ર અર્થ મોક્ષ માર્ગ વિચારણા	રૂ. ૪૨૦૦

ગત શિબિરોમાં દૈનિક કાર્યક્રમ આ પ્રમાણે હતો

૦૫.૧૫	કલાકે ઉઠવાનું
૦૫.૧૫ થી ૦૫.૪૫	શૌચઆદી
૦૫.૪૫ થી ૦૭.૩૦	પ્રાર્થના નવકાર મંત્રની ધૂન (વિવિધ રાગરાગણીઓમાં વાજીંત્રો સાથે) સામાયિક અધ્યયન.
૦૭.૩૦ થી ૦૯.૧૫	દેવદર્શન, સ્નાત્રપૂજા, નવકારશી આદી.....
૦૯.૧૫ થી ૧૦.૩૦	શિબિર વર્ગ-૧
૧૦.૩૦ થી ૧૧.૪૫	શિબિર વર્ગ-૨
૧૧.૪૫ થી ૧૨.૩૦	જનરલ વર્ગ
૧૨.૩૦ થી ૦૧.૦૦	ભોજન
૦૧.૦૦ થી ૦૩.૦૦	આરામ તથા અંગત કાર્યો
૦૩.૦૦ થી ૦૩.૪૫	શિબિર વર્ગ-૩
૦૩.૪૫ થી ૦૪.૩૦	શિબિર વર્ગ-૪

૦૪.૩૦ થી ૦૫.૧૫ શિબિર જનરલ વર્ગ
૦૫.૧૫ થી ૦૬.૦૦ ભોજન
૦૬.૦૦ થી ૦૭.૦૦ વિરામ
૦૭.૦૦ થી ૦૮.૦૦ ભાવના-પ્રાર્થના
૦૮.૦૦ થી ૦૯.૩૦ પ્રશ્નોત્તરી પરિચય અન્ય વકતાઓના ભાષણો.

શિબિર તો માત્ર એક જ માસ યોજી શકાઈ. શિબિર દરમ્યાન વિદ્યાર્થીઓમાં રોપાયેલ સંસ્કાર બીજોનું શેષ ૧૧ માસમાં શું થયું ? તે જાણવા શિબિર મંત્રી વિદ્યાર્થીઓના ઘેર ગયા. તેમના માતા પિતાને મળ્યા અને અમને જણાવતા આનંદ થાય છે કે વિદ્યાર્થીઓએ પોતાના જીવનમાં તે સંસ્કારોનું સારી રીતે જતન કરી તેનો વિકાસ સાધ્યો એટલું જ માત્ર નહીં પણ તેમના માતા-પિતા, સગાં-વ્હાલા અને મિત્રોમાં પણ પ્રભાવના કરી છે.

આજ રીતે સને ૧૯૬૫માં કોલ્હાપુર ખાતે કુંભોજતીર્થ ખાતે શ્રી દલીચંદભાઈ તથા નિથાણીવાળા શ્રી આર. ટી. શાહ તથા અન્ય ભાઈઓના પ્રયાસથી પૂ. પં. શ્રી રંજનવિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં શિબિર યોજાઈ હતી. તેના પણ સુંદર પરિણામો આવ્યા હતા.

સને ૧૯૬૬ની ઉનાળાની રજાઓમાં શ્રી જૈન ધાર્મિક ગ્રીષ્મ શિબિર સમિતિ યોજીત શિબિર સ્થંભનતીર્થ (ખંભાત-ગુજરાત) ખાતે તા. ૦૧-૦૫-૧૯૬૬ થી ૨૭-૦૫-૧૯૬૬ સુધી યોજવાનું નક્કી કર્યું છે. જેમાં અમોએ પૂ. પંન્યાસજી મંગળવિજયજી મહારાજ સાહેબને (પૂ. આચાર્યશ્રી નીતિસૂરીશ્વરજી મહારાજના સંગાડાના) તથા પૂ. પંન્યાસજી ચંદ્રોદયવિજયજી મહારાજ માટે પૂ. આચાર્ય ભગવંતવિજય નંદનસૂરીશ્વરજી મહારાજ સાહેબને તથા પૂ. પંન્યાસજી ભાનુવિજયજી ગણિવર્ય માટે પૂ. આચાર્યદેવ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબને વિનંતી કરેલી છે.

આગામી શિબિરના વિષયો :

જૂના વિદ્યાર્થીઓ માટે	**નવા વિદ્યાર્થીઓ માટે**
પંચ સૂત્ર	પંચ સૂત્ર
ધ્યાનશતક	જૈન ધર્મનો સરળ પરિચય ભાગ-૧
ષોડશક	
ત્રણ ભાષ્ય	ત્રણ ભાષ્ય
આવશ્યક સૂત્રો	આવશ્યક સૂત્રો

શિબિરમાં લેવાતી પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થનારને નીચે પ્રમાણે ઈનામો મળશે :

કોલેજ વિભાગ	**કુલ રકમ**
(૧) ૭૫% થી ઉપર માર્ક લાવનારાને	૨૦૦
(૨) ૬૫% થી ઉપર માર્ક લાવનારાને	૨૦૦
(૩) ૫૫% થી ઉપર માર્ક લાવનારાને	૨૦૦
(૪) ૪૫% થી ઉપર માર્ક લાવનારાને	૨૦૦
કુલ રૂ.	૮૦૦
સ્કૂલ વિભાગ	**કુલ રકમ**
(૧) ૭૫% થી ઉપર માર્ક લાવનારાને	૨૦૦
(૨) ૬૫% થી ઉપર માર્ક લાવનારાને	૨૦૦
(૩) ૫૫% થી ઉપર માર્ક લાવનારાને	૨૦૦
(૪) ૪૫% થી ઉપર માર્ક લાવનારાને	૨૦૦
કુલ રૂ.	૮૦૦

તેમજ કોલેજ અને સ્કૂલ વિભાગવાળાને વકતૃત્વ હરિફાઈમાં ૧૫૦-૧૫૦, લેખન હરિફાઈમાં પણ ૧૫૦-૧૫૦ અને શિસ્ત, સદ્‌વર્તન, ધાર્મિકતામાં ૨૦૦-૨૦૦ રૂપિયા.

ભોજન માટેની તિથિ એકના તથા અન્ય માટે.

૧. સવારનો નાસ્તો	૧૦૧	૪. સાંજનું ભોજન	૧૨૫
૨. બપોરનું ભોજન	૧૫૧	૫. પ્રભુજીની અંગ રચના માટે	૨૫
૩. બપોરની છાશ	૨૫	૬. દવાખાના માટે (એક માસના)	૩૫૦

ઉપરની રકમોમાં લાભ લેનાર ભાગ્યશાળીનું નામ તે તે પ્રવૃત્તિ સાથે જોડીને જાહેર કરવામાં આવશે.

વર્તમાન કાળમાં ભૌતિકવાદના પ્રચંડ ઘોડાપુરમાં તણાઈ રહેલ આધુનિક ઊર્ધ્વીકરણ તરફ વાળી તેમને આદર્શ જૈન બનાવવાના પ્રયત્નરૂપ શિબિર મહત્ત્વની છે. આ રીતે તૈયાર થયેલ વિદ્યાર્થીઓ અનંત ઉપકારી તીર્થંકર ભગવંતોના આજ્ઞાપાલક શ્રદ્ધાવાન શાસન સેવકો બની શકશે અને આપણા પૂર્વજોએ અઢળક દ્રવ્ય ખર્ચી ભવ્ય જિનાલયો, ઉપાશ્રયો વગેરે ધર્મસ્થાનો ઊભા કર્યા છે તેનું રક્ષણ કરી શકશે. જૈન સમાજ ઉદાર છે ધર્મપ્રિય છે અને તેથી ઉત્તમ પ્રકારની શ્રાવક

ક્ષેત્રની ભક્તિરૂપ આ પ્રકારના સાધર્મિક વાત્સલ્યમાં ઉદાર દ્રવ્યાર્પણનો લાભ લઈ આર્થિક દૃષ્ટિએ અમને નિશ્ચિત બનાવશે એવી અમને ખાતરી છે.

ધાર્મિક શિક્ષકોને શિક્ષકોની ખાસ તાલીમ આપવા માટે દાખલ કરાશે. જે શિક્ષકોને દાખલ થવું હોય તે તરત પ્રવેશ પત્ર મંગાવી લે.

વિદ્યાર્થીઓએ નીચેના સરનામે પત્ર લખી પ્રવેશપત્ર વહેલી તકે મંગાવી ભરી મોકલવું. ફોર્મની સાથે રૂા. ૫ ડીપોઝીટના વિદ્યાર્થીઓને મોકલવાના રહેશે.

હવેથી આ આયોજનનું નામ અમોએ શ્રી **આધ્યાત્મિક શિક્ષાયતન** રાખવાનું નક્કી કર્યું છે અને તે મુજબ આ સાલ હવે યોજાનાર શિબિરનું નામ **શ્રી ગ્રીષ્મ આધ્યાત્મિક શિક્ષાયતન** રહેશે.

પરમ પૂજ્ય આચાર્યભગવંત વિજયોદયસૂરીશ્વરજી મહારાજ સાથે અમદાવાદ મુકામે નામ બાબત ચર્ચા થતા તેઓશ્રીએ આધ્યાત્મિક શિક્ષાયતન નામ બરોબર છે અને રાખવા ભલામણ કરી છે.

જે સ્થાનમાં શીલસંપન્ન બહુશ્રુત અને ચારિત્રાચારનું પાલન કરનારા ઘણા સાધર્મિકો (સાધુ ભગવંતો) રહેતા હોય તે સ્થાનને આયતન સમજવું.

આયતન શબ્દનો અર્થ તેઓશ્રીએ આ પ્રમાણે જણાવ્યો છે અને તે વાસ્તવિક છે તેમ જણાવેલ છે. હવે સંસ્થા તરીકે આ આયોજનને કાયમી સ્વરૂપ આપવા માગતા નથી છતાં એ વાત સ્પષ્ટ કરવી જરૂરી છે કે આ આયોજન દેવાધિદેવ પરમાત્મા મહાવીર દેવે સ્થાપેલા ચતુર્વિધ સંઘના આશ્રયે જ ચાલે છે અને તે તેનો જ અંતરંગ ભાગ છે અને વર્તમાનમાં ગીતાર્થ ગણાતા સાધુ ભગવંતોની નિશ્રામાં જ ચાલશે. તેમ તે આયોજન અને તેને લગતી બાબતો માટે વર્તમાનમાં ગીતાર્થ ગણાતા પૂજ્ય પાદ આચાર્ય ભગવંત સ્વ. નેમીસૂરીશ્વરજી મહારાજ સાહેબના સંઘાડાના-આચાર્ય ભગવંતો તથા પૂજ્યપાદ આચાર્ય ભગવંત પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ અને પૂજ્યપાદ આચાર્ય ભગવંત માણેકસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પૂજ્ય આચાર્ય ભગવંત પ્રતાપસૂરીશ્વરજી મહારાજ સાહેબનો અભિપ્રાય અને દોરવણી આખરી ગણાશે અને તે મુજબ જૈન ધર્મનું જ્ઞાન પંચાગીની વફાદારીપૂર્વક આપવા માટે અને સમ્યગદર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધના કરવા માટે અને તેને લગતી શુભ પ્રવૃત્તિ કરવા માટે છે.

:: કાર્યાલય :: બંસીલાલ સોમચંદની કું.

૩૫૭, કાલબાદેવી રોડ, મુંબઈ-૨. ટેલીફોન નં. ૨૨૬૫૧ તાર : HARDCASH.

પ્ર.- ક્રિયાઓ પરત્વે સતત પ્રેમ ટકી રહેતો નથી કેમ ? ક્રિયાઓ વખતે મન એકાગ્ર બને માટે શું કરવું ?

ઉ.- ધર્મક્રિયા પર પ્રેમ ટકાવવા દુન્યવી બાબતોનાં આકર્ષણ ઓછા થઈ ગ્લાની રહેવી જોઈએ. એ માટે એમાં શક્ય કાપ મૂકવો. અને મન મારીને પણ ધર્મક્રિયાનો ઉદ્યોગ વધારવો. ઉદ્યોગથી રસ જાગે છે. એમાં એકાગ્રતા માટે પણ બાહ્ય ભાવના વિચાર ઓછા કરવા જરૂરી છે. તે પણ બાહ્ય પ્રવૃત્તિ ઓછી કરી નાખવાથી બને.

પ્ર.- 'જૂઠું બોલવું નહીં, 'પાણીનો ખપ પૂરતો ઉપયોગ કરવો', 'નવકારવાળી ગણવી', 'ખાતી વખતે બોલવું નહિ' એ ટેક પાળવા માટે શું કરવું ?

ઉ.- અસત્ય ત્યાગ પાળવા એ વિચારવું કે 'અસત્ય એ પાયાનો દુર્ગુણ છે. એમાં હૃદય એટલું બધું મલિન અને નિઃસત્ત્વ બને છે કે જેથી બીજી ધર્મ સાધનાઓ પણ માલ વિનાની થઈ જાય છે, આવા ખતરનાક દોષને તો દૂર જ રાખવું.

પાણીનો વધુ ઉપયોગ ન થાય એ માટે વિચારવું કે એના એકેક બિંદુમાં એટલા બધા અસંખ્ય જીવો છે કે જો એ એકેક જીવ એટલા બિંદુ જેટલું શરીર કરે તો કરોડો દ્વીપ-સાગરમાંય માય નહિ. આટલા બધા મૂક નિર્દોષ જીવોનો કચ્ચરઘાણ મારાથી કેમ થાય ?

નવકારવાળી એ બાહ્ય ભાવની આગના અને દુર્ધ્યાનના ભડકાથી દાઝેલા-બળેલા જીવોને શીતળ ઝરમર વૃષ્ટિ સમાન છે. મનને થાય કે 'ક્યારે એમાં પરોવાઉં !'

ખાતી વખતે બોલવામાં (૧) જ્ઞાનાવરણ કર્મ બંધાય; (૨) ચિત્ત એમાં જવાથી ઊડતા જીવ ખોરાક પર ન બેસી જાય એ માટે કાળજી ન રહે; (૩) મન તુચ્છ અને અગંભીર બને... વગેરે દોષોનો વિચાર કરી એ છોડવું.

પ્ર.- બ્રહ્મચર્ય સતત કેમ પાળવું ? જાતીય આકર્ષણથી મનને કેમ મુક્ત રાખવું ? તે માટે કઈ નિર્મળ વિચાર ધારાઓનો આશ્રય લેવો.

ઉ.- બ્રહ્મચર્ય સતત પાળવું એટલા માટે કે અબ્રહ્મ એ પશુક્રિયા છે. ગાઢ સંસારબંધન છે. એ ટાળવા સાધુ-સંગમાં ખૂબ ખૂબ રહેવું જરૂરી છે. જાતીય આકર્ષણ વિજાતીયનાં દર્શન શ્રવણથી દૂર રહેવાથી મટે. બાકી ઉત્તમચરિત્રો વાંચવા-વિચારવા ભવની દુઃખદ સ્થિતિ વિચારવી. આત્માનું શુદ્ધ સ્વરૂપ વિચારવું. પશુ-

જીવન છોડ્યા પછી પશુક્રિયા ચાલુ રાખવી શોભે નહિ' એ સૂત્ર દૃઢ કરવું.

પ્ર.- કંદમૂળના ત્યાગના નિશ્ચય અંગે પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ કેમ અડગ રહેવું ? તેમજ રોજિંદા જીવનમાં આધ્યાત્મિકતાનું દર્શન વધુ ને વધુ કેવી રીતે ખીલે ?

ઉ.- કંદમૂળત્યાગ વગેરેમાં અડગ રહેવા જૈનત્વની ખુમારી જોઈએ. અરિહંત અને એમનાં વચન મળ્યાનું મહત્ત્વ સમજાવું જોઈએ. એની આગળ કંદમૂળસ્વાદ અતિતુચ્છ અને શરમજનક લાગશે. કંદમૂળમાં કણે કણે અનંતા જીવો છે, તો એમ વિચારવું કે 'મહાપુણ્યે મળેલ આ માનવદાઢ અનંતા જીવોને ચાવી ખાવા માટે નથી. નહિતર જીવ તામસી, ધિક્કો અને ક્રૂર બની જાય !' આધ્યાત્મિકતા વધારવા ઠમઠોક શુભક્રિયાઓ, વ્રત, નિયમ ને ધાર્મિક વાંચન-શ્રવણ જરૂરી છે.

• • •

મંત્રી કેશુભાઈનો દિનેશ પર પત્ર

ચિ. દિનેશ,

પત્ર મળ્યો. તારી સૂચનાથી મને આનંદ થયો છે. મંત્રજાપમાં કોઈક વિશેષ અનુભવ પ્રસન્નતા વગેરે હોય તો લખજે. કેટલાક અનુભવો એવા આવ્યા છે કે આ જાપ પછી સ્વપ્નમાં તીર્થયાત્રા પૂજા-દર્શન વગેરે થયા કરે છે.

ધ્યાનમાં ભાવતીર્થંકર સમવસરણમાં બેસી દેશના આપતા તીર્થંકરોનું ધ્યાન શ્રેષ્ઠ છે; કારણ કે ભગવાનની શ્રેષ્ઠ પૂજા છે તેમની આજ્ઞાનું પાલન. ભગવાન શ્રીમુખે દેશના આપતા હોય, આપણે ત્રીજા ગઢમાં બેસી તેમની દેશના સાંભળતા હોઈએ; આવી કલ્પના જ્યારે જ્યારે મન બીજે રોકાયેલું ન હોય ત્યારે કરવી. આથી આજ્ઞાપાલન સહેલું બને છે. ભગવાન કહી રહ્યા છે,-

'હે જીવ ! તું કોણ છે ? તું એટલે પુદ્ગલનો લોચો નહિ, પણ અનંતજ્ઞાન-દર્શન-ચારિત્ર વીર્યનો માલિક ! મારા જેવો વીતરાગ, જ્ઞાનાદિસમૃદ્ધ તારું શું ? આ કુટુંબ-પરિવાર-માલ-મિલકત તારું નહિ. એ તો બધું પૂર્વના પાપ-પુણ્યનાં આધારે જવાનું ને મળવાનું. તારું તો કેવળ આત્માના ગુણો જ્ઞાન દર્શન ને ચારિત્ર.

તને કેવી ઉત્તમ સામગ્રી મળી છે ! દશ દૃષ્ટાંત દુર્લભ માનવભવ, આર્યક્ષેત્ર, જૈન કુળ, પંચેન્દ્રિય-પટુતા, નીરોગીતા, શ્રુતિ-શ્રદ્ધા, આ બધી મહામૂલી સામગ્રી છે ! પણ તેનો સદુપયોગ થાય તો; નહિ તો આ જ અમૂલ્ય સામગ્રી તને તિર્યંચ-નરકગતિમાં ખેંચી જશે ! સદુપયોગ શી રીતે થાય ? મારી આજ્ઞા મુજબના

સંયમપાલનથી. આમ બને તો તારા આત્મા પર ઘેરાઈ રહેલ બધા કર્મવાદળો દૂર અવશ્ય થાય.

'મારું મારું, હું હું' કરી અભિમાનમાં શું રાચી રહ્યો છું ? હાથે કરી બંધાઈ રહ્યો છું ! આ તો મોહનો મંત્ર છે. ચારિત્રરાજનો મંત્ર 'નાઽહં ન મમ' રટ. જીવનમાં અમલ કર.

જરા આવ્યા પછી રોકાતી નથી. જીવનદોરી તૂટ્યા પછી સંધાતી નથી. પાંચ ઇન્દ્રિયોના ત્રેવીસ વિષયો કરણ-કરાવણ અનુમોદન આમ ૨૦૭ રીતે વિષય-વિકારોમાં તું ફસાઈ રહ્યો છે. પરંતુ જો આજ વિષયોનો મારી આજ્ઞા મુજબ શ્રી ચતુર્વિધ સંઘની ભક્તિમાં આનો ઉપયોગ કરવામાં આવે તો મારનારી સામગ્રી તારક બની જશે. હે જીવ ! તું મારી આજ્ઞામાં અશ્રદ્ધા કરે છે, શ્રદ્ધા હોય તો તે મુજબ આચરતો નથી, એક પણ ડગલું મૂક્યા સિવાય આગળ શી રીતે વધીશ ? બ્રહ્મચર્ય પાળે તે બ્રાહ્મણ-મૌન પાળે તે મૌની-તપ કરે તે તપસ્વી, તેમ કર્મક્ષય કરે તે જ ધર્મ. આલોક, પરલોકમાં સુખ યા કીર્તિની-આશંસાથી કરેલો ધર્મ તને શી રીતે છોડાવશે ?

માટે એક જ ધંધો કર, સ્વ-પરના કર્મક્ષય થાય તેવી જ મન-વચન-કાયાની-કરણ-કરાવણ-અનુમોદનાની પ્રવૃત્તિમાં જ મશગુલ રહે, ભલે તું ગમે તે સ્થાને હોય, કાયા ભલે બીજી પ્રવૃત્તિમાં રહે, પણ મન તો કર્મને કાપવાના જ વિચારમાં હોવું જોઈએ.

હે જીવ ! કર્મ કાપવાનો શ્રેષ્ઠ માર્ગ છે, સ્વ મરજીથી બધું જ સહન કરવું. પરવશપણે તો પૂર્વભવોમાં તે ઘણું સહન કર્યું છે. પણ તેથી અકામ નિર્જરા થઈ...'

લી. નમ્ર કેશુ

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૧૪,અંક-૩૦,તા.૧૬-૦૪-૧૯૬૬

શિબિર-શિક્ષણ ચક્ષુદાયિની શ્રુતશિબિર

મુકેશ ન. શાહ (ગતાંકથી ચાલુ)

સત્યનું દર્શન કેમ ?

જીવન એક ઘડભાંગ છે. હર પળે શરીરમાં જીર્ણકોશો નષ્ટ થાય છે. નવીન ઉત્થાન કોશો પામે છે. હરેક પદાર્થમાંથી હર ક્ષણે તેનાં પ્રકાશના કિરણો આલ્ફા-બીટા અને ગામા અર્થાત્ ખરેખર તો છાયા-પુદ્ગલો સતત ધોધ રૂપે બહાર પડ્યા

કરે છે. પાનખર આવે છે, વૃક્ષનાં જીર્ણ-પાન ખરી પડે છે; નવી કૂંપળોને ખીલવાનો અવકાશ મળે છે. વર્ષાનું તાંડવ આવે છે, ધરતીનો મેલ ઘસડી જઈ તેને કાંપ રૂપે કયાંક ઠારી દે છે. સખત આંધી આવે છે, એક સ્થળે રહેલાં રેતીના ઢગો, બીજી જગ્યાએ સુસ્થિત થાય છે. કયાંક ધરા ધ્રુજે છે અને સાકાર ચીજો સમાકાર થઈ જાય છે. જીર્ણતાનો સંહાર થાય છે. નવીન રચના આવિર્ભાવ પામે છે. જગતમાં એક સ્થળે ધોવાણ છે, બીજે નવસર્જન છે. જીર્ણોનો નાશ છે. નવીનનું ઉત્થાન છે. જગતમાં એક ક્ષણ એવી જતી નથી જ્યારે વસ્તુઓની ઘડભાંગ થતી નથી. પુદ્ગલ તત્ત્વ દ્રવ્યરૂપે શાશ્વત રહી પર્યાયોપણે કાયાપલટ પામે છે. જગતમાં દ્રવ્યનો જથ્થો તેટલો ને તેટલો જ રહે છે અને છતાં એ એક પર્યાય રૂપે નષ્ટ થઈ, બીજા પર્યાયરૂપે પ્રાદુર્ભાવ પામે છે. જગતની અનેક શક્તિઓ પરિવર્તન પામે છે જેના આધારે આપણે આપણી જીવન જરૂરિયાતો પ્રાપ્ત કરી શકીએ છીએ. જગત ઘડભાંગમય છે. રુધિર સતત પરિભ્રમણ કરે છે; રૂંવાડે રૂંવાડે પ્રાણ પહોંચી વળે છે. સરિતા સતત વહે છે, ને ગ્રામ્ય પ્રદેશો સમૃદ્ધ રહે છે. સમીરણ સદા વાયા કરે છે, ને માનવ આનંદિત રહે છે. વૃક્ષો સદા ફાલે છે, અન્નની નીતનવી ભેટ મળે છે, સૂર્ય સદા પ્રકાશે છે. શક્તિઓનો પુંજ મળતો રહે છે. ચંદ્ર સદા જ્યોતિમાન થાય છે, શીતળતાનો આનંદ મળે છે. સારોય જીવન વ્યવહાર ગતિમય છે. પ્રત્યેક વ્યક્તિને પોતાનાં Conceptions છે. પ્રત્યેક માનવ પોતાના જીવનને શ્રેષ્ઠ બનાવવા માગે છે. પ્રત્યેક માનવ જીવનનો આનંદ ઝંખે છે. સાથે સાથે જીવનની શ્રેષ્ઠતા અને તેના સુખ વિશેના પ્રત્યેકના ખ્યાલો ભિન્ન હોય છે. તેને પ્રાપ્ત કરવા તે પોતાની બધી જ શક્તિઓ કામે લગાડી દે છે. પ્રત્યેક માનવ કાર્યશીલ અને ગતિવંત છે. પ્રત્યેક કામને ઇચ્છિત પરિણામોમાં પરિવર્તિત કરવા માગે છે. છતાં વિશ્વ વ્યવસ્થાના યથાર્થ જ્ઞાતા (Universal observer) અને પરમ કરુણાનિધાન એવા અરિહંતોએ આ પ્રત્યેકને કલ્યાણ વ્યવસ્થાથી વિરુદ્ધ વર્તતાં નિહાળ્યાં છે. વિશ્વ ખૂબ વ્યવસ્થિતપણે કાર્ય કરે છે. સર્વજ્ઞના વિશ્વમાં કયાંય ગફલત નથી. એક એવી સામાન્યવૃત્તિ ઊઠતી નથી, જેની પાછળ ભૂમિકા ન હોય.

There is Cosmos everywhere, there is not Chaos in the universe.

આવી તાલબદ્ધ વિશ્વવ્યવસ્થાના જાણકાર અરિહંત ભગવંતોએ જોયું કે પ્રત્યેક જીવ જે ઝંખી રહ્યો છે, તે તેના અજ્ઞાનને અસત્પ્રવૃત્તિના કારણે પ્રાપ્ત ન કરતાં ઊલ્ટું વધારે ને વધારે દુઃખને નિમંત્રી રહ્યો છે.

મહાન અર્થશાસ્ત્રી રસ્કીનને પણ આજ કહેવું પડ્યું. ''માનવ જે કાંઈ ક્રીડાઓ

કરી રહ્યો છે, તેમાંની ચૈતન્યના ઉપાસન સિવાયની બધી જ ક્રિયાઓ નિષ્ફળ છે. 'માનવ નિષ્ફળારંભી છે.'

માનવ આજે પણ અદ્ભુત શક્તિઓથી સંપન્ન છે.

એને પ્રાપ્ત થયેલ મનોયોગ, વચનયોગ અને કામયોગમાં તેને સારુંય વિશ્વ મળી ગયું છે. અર્વાચીન વિજ્ઞાન પણ કહે છે : 'જે કાંઈ વિશ્વમાં છે, તે જ બધું શરીરમાં છે. જે શરીરમાં નથી, તે વિશ્વમાં હોઈ શકે નહીં.' માનવ વિશેષતઃ પોતાને પ્રાપ્ત મનોયોગની શક્તિથી પ્રાયઃ અજ્ઞાત છે. આજનું વિજ્ઞાન કહે છે તેમ, માનવ દેહમાંથી સતત એટલી વિદ્યુતશક્તિ બહાર ફેંકાઈ રહી છે, કે જો તેનો યોગ્ય સંચય કરવામાં આવે તો ૨૦ વોલ્ટનો વિદ્યુત ગોળો પ્રકાશમાન થઈ શકે. પ્રકૃતિમાંની કર્મવ્યવસ્થાએ અરિહંતની કૃપાથી જીવને આ માનવ દેહની ભેટ ધરીને સારુંય વિશ્વ તેના ચરણે ધરી દીધું છે. આ અદ્ભુત શક્તિ ધરાવનાર માનવ પોતાના લક્ષાંકને સિદ્ધ કરવામાં કેમ Fail અસફળ થાય છે ?

ઉ. યશો. મ.સા. કહે છે તેમ :-

वत्स ! किं चञ्चलस्वान्तो भ्रान्त्वा भ्रान्त्वा विषीदास
निधिं स्वसन्निधावेव स्थिरता दर्शयिष्यति ॥

'હે વત્સ ! તારું ચિત્ત અત્યંત ચંચળ બની ગયું છે ? તું અસંખ્ય ચિંતાઓનો ઘેરો સંતાપ અનુભવે છે ? તારામાં જ રહેલ સુખના નિધિને, તને, તારી સ્થિરતા બતાવશે.'

આ શ્લોક બે મહાન સત્યો (display) પ્રગટ કરે છે.

૧. ચિત્ત-ચાંચલ્ય સુખને હણી લે છે.

૨. સ્વસ્થતા (માનસિક સ્થિરતા) માનવને સુખનો માર્ગ બતાવે છે. Dale carnagin તેની એક Book 'How to stop worrying and start living' માં પ્રથમ જ Chapter માં આ વાત ઉપર ફરી ફરીને ભાર મૂકે છે.

'Live in a daytight compartment Burry the dead memories of parl and avoid the future.'

માનસિક અસ્વથતા માનવની શક્તિઓ આત્યંતિક પણે હણી લે છે. જે સદાય પ્રસન્ન છે, તે સદાય યુવાન છે. પાક. આક્રમણે ભારતને ભ્રાન્ત કરી દીધું હોત તો ભારત આટલી હિંમતથી તેનો સામનો ન કરી શકત. સ્વસ્થતા માનવને નવીન ચેતના પ્રદાન કરે છે. ઘસાતી શક્તિઓને અટકાવે છે.

માનવ મનને ઈષ્ટનો વિયોગ કે અનિષ્ટનો સંયોગ અકળાવી મૂકે છે. અને

તેથી વિપરીત અવસ્થામાં તે લાચારી અનુભવતો થઈ જાય છે. માનવમન કયારેય સ્થિતપ્રજ્ઞ રહી શકતું નથી. પ્રસંગો કે વિકલ્પોની લહેવામણ માનવને વધુ ઉદ્વિગ્ન બનાવે છે.માનવ સદાય ભૂતકાળની સ્મૃતિઓથી અને ભાવિની ચિંતાઓથી વ્યગ્ર બનેલો રહે છે. વર્તમાનના મોહમાં તે મૂર્છિત થાય છે. માનવ મનમાં સદાય ઘડભાંગ ચાલ્યા જ કરે છે. જ્યાં જ્યાં ઘડભાંગ છે, ત્યાં ત્યાં ઉછળા ઉછળી છે. માનવમનના ભાવો સદાય પલ્ટાતા રહે છે. માનવમન સદાય એક ભાવ પરથી બીજા ભાવ પર, એક પુદ્ગલ પરથી બીજા પુદ્ગલ પર, એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં સંસરણ-મુસાફરી કર્યા જ કરે છે. માટે તો સંસારને સંસાર કહ્યો છે, જેમાં સંસરણ સદાય ચાલ્યા કરે છે.

નિમિત્ત માત્રમાં માનવમન અનેક ભાવો સોંસરવું નીકળી જાય છે આપણે ઔદયિક ભાવોના ઢીંગલા છીએ. આપણી મનોદશા અત્યંત ચંચળ છે. ભાવોનો અત્યંત મોટો સટ્ટાબજાર આપણા મનમાં ચાલી રહ્યો છે.

મુખ્યભાવ બે છે : ૧. રાગ ૨. દ્વેષ.

આ બે ભાવોને કેન્દ્રમાં રાખી સારાય સાંસારિક ભાવોનું વર્તુળ આપણી મનની દોરી દ્વારા દોરાય છે.

આપણે ચંચળ છીએ માટે આપણે ભયભીત છીએ. હરેક પ્રકારનું આર્તધ્યાન અને રૌદ્રધ્યાન, નાનાવિધ ભયોની ધ્રુજારીરૂપ છે. આ ચંચળતા, અસ્વસ્થાએ માનવ-પ્રગતિનો સૌથી મોટો દુશ્મન છે. જેને કારણે પ્રકૃતિદત્ત વરદાન રૂપ માનવમનને આપણી જાતે જ અભિશાપ રૂપ બનાવી દીધું છે. એણે આપણું એટલું બધુ વીર્ય હણી લીધું છે. એટલું સત્ત્વ ચૂસી લીધું છે, કે આપણે પાપ વિકલ્પોથી સદાય પીડાયા કરીએ છીએ.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૧૪,અંક-૩૧,તા.૨૩-૦૪-૧૯૬૬

શિબિર-શિક્ષણ ચક્ષુદાયિની શ્રુતશિબિર

મુકેશ ન. શાહ (ગતાંકથી ચાલુ)

આપણે સુખેથી બેસી શકતા નથી, શાંતિથી સૂઈ શકતા નથી, ચંચળતા જેવા ભયાનક Enrgy Absorber ને લીધે આપણે નીડર બની શકતાં નથી, નિર્ભયતાનો આનંદ માણી શકતા નથી. વનકેસરીની સ્થૈર્ય-મસ્તી અનુભવી શકતા નથી. આપણે કાયર છીએ, પછી આપણને જીવન જીવવાનો હક્ક કયાંથી રહે ?

આશ્ચર્યકારક શક્તિઓવાળા આપણી આ દશા કેમ ?

ના, Man is not borne for misery.

માનવને સુખ માણવાનો સંપૂર્ણ હક્ક છે, પરંતુ આપણે કયાંક ગફલતમાં છીએ, એ ચોક્કસ છે. અભયનો આનંદ આપણે અનુભવ્યો નથી, બુદ્ધિગમ્ય કરી શકતા નથી, તેથી જ અનંત જીવોને અભયદાન આપી શકતા નથી. અભયપ્રાપ્તિ એ અહિંસાનો ધનદ (Positive) તેજસ્વી ભાવ છે. પળે પળે ઊઠતા કાયરતાના ભાવો અભયના દુશ્મન છે. ચંચળતા જન્મે છે. માનસિક અસ્વસ્થતામાંથી

स्थैर्यरत्न प्रदीपश्चैद् दीप्रः संकल्पदीपजैः ।

तद्विकल्परलं धूमैरलं, धूमैस्तथाऽऽश्रवै ॥

સ્થિરતાનો રત્નદીપક ઝબુકતો હોય તો સંકલ્પના દીવામાંથી પ્રગટતા વિકલ્પોના ધૂમાડા અને આશ્રવો બંધ !

માનવમન એ સંકલ્પોનું કોડીયું છે, જેમાંથી સદાય વિકલ્પોનો ધૂમાડો ઊઠે છે. માનવ એકમાત્ર ધનપતિ બનવાનો સંકલ્પ કરે છે, તો એની પાછળ અનેક વિકલ્પોની હારમાળ શરૂ થઈ જાય છે. આ ધૂમાડો માનવમનને કલુષિત કરે છે, તેની દૃષ્ટિને વિકૃત બનાવે છે. રત્નપ્રદીપનો પ્રકાશ મેશરહિત, સ્વચ્છ હોય છે. અભય, સ્વચ્છદર્શનથી ઊભી થતી સ્થિરતા એ રત્નનો પ્રદીપ છે. જે સમ્યગ્દર્શનનો શુદ્ધ પ્રકાશ આપે છે.

ષડાવશ્યકમાં સામાયિક સ્થાન પ્રથમ કેમ ?

માનવના ઉદ્વિગ્ન મનને 'સામાયિક'ની ક્રિયા શાંત પાડે છે, ઠારે છે. સ્વસ્થતા અર્પે છે. શાંત મન જ નિર્મળ વિચાર કે શુદ્ધ મન બાંધી શકે છે. ઉકળાટ વાળું મન સત્યનું દર્શન કરવાને અસમર્થ છે. સામાયિક દ્વારા શાંત થયેલું મન સાચો માર્ગ સમજે છે. તે માર્ગને પ્રાપ્ત કરવા તે 'ગુણાકર્ષણ'ના નિયમ મુજબ ચતુર્વિશતિસ્તવ કરે છે. 'ઉત્તમના ગુણ ગાવતાં ગુણ આવે નિજ અંગ' અરિહંતોની પૂજા અને બહુમાન તેને માર્ગની નિકટ આણે છે. બહુમાન અને ધર્મપ્રશંસા એ ધર્મવૃક્ષનું બીજ છે. અને તે પછી વંદનાદિ વિનયપૂર્વક ગુરુ પાસે આત્મસંશોધનાર્થે આત્મક્ષતિ-નિવેદન કરી પાપનાં પ્રતિક્રમણ, કાર્યોત્સર્ગપૂર્વક શલ્યનાશ અને પચ્ચક્ખાણપૂર્વક ગુણાધાન-આત્મપુષ્ટિ કરે છે.

આ પ્રગતિનું બીજ સામાયિકમાં છે. જ્યાં અહંકાર છે, જ્યાં પૂર્વાગ્રહ છે, જ્યાં રાગ-દ્વેષનો ઉકળાટ છે, ત્યાં સત્યનું દર્શન થતું નથી, સત્યાભાસ થાય છે. રાગદ્વેષનો ઉકળાટ મટે છે, સ્વસ્થતા અને અભય પ્રગટે છે, તેની સાથે જ શુદ્ધ

દર્શન પ્રગટે છે.

માટે તો કહ્યું કે :

'સેવન કારણ પહેલી ભૂમિકા, અભય-અદ્વેષ-અખેદ'

-આનંદઘનજી મ.સા.

માનવમનની ગાંઠો સામાયિકમાં સ્થિરતામાં ઉકેલાઈ જાય છે, અહંકાર ગળી જાય છે, પૂર્વાગ્રહો પીગળી જાય છે, સત્યનું પ્રાગટ્ય થાય છે. કદાગ્રહો ચાલ્યા જાય છે, દૃઢતા આવે છે. કૃપણતા ચાલી જાય છે, કરકસર આવે છે. વાચાળતા ચાલી જાય છે, વકતૃત્વ આવે છે. દુર્ગુણોનું સદ્‌ગુણોમાં સંક્રમણ થઈ જાય છે.

જ્યાં જ્યાં માનવને પ્રાપ્ત પુરુષાર્થકાળ અને પુરુષાર્થશક્તિ (Human brain & Human time) નો અસદ્‌ વ્યય થવાનો સંભવ હોય છે, તે બધી જ માનવની શક્તિઓનો સૌથી વધુ હ્રાસ મનના વિષય-કષાયમુખ કલુષિત ભાવોથી થાય છે. આ કલુષિત ભાવોમાં આર્તધ્યાનાદિ ચંચળતા છે. (ચાલુ)

શિબિર-શિક્ષણ ચક્ષુદાયિની શ્રુતશિબિર

મુકેશ ન. શાહ (ગતાંકથી ચાલુ)

આયુર્વેદ પણ આજ કહે છે કે દુર્ધ્યાત, શોકાદિ દ્વારા માનવદેહનું (Super Element) ઓજસનું તત્ત્વ અત્યંત ક્ષીણ થાય છે. આ સર્વનું રક્ષણ અભય દ્વારા, સમ્યગ્‌દર્શન દ્વારા થાય છે.

જેમ રજનીના અંધકારને પૂનમનો ચાંદ ઊભો ન રાખે, તેમ હૃદયની કલુષિતતાને સમક્તિની જ્યોત્સના ઠહેરવા ન દે. સમક્તિ ત્યાં જ તત્ત્વનું આકાશ સ્વચ્છ થઈ જાય છે, માનસિક ગાંઠો ઉકેલાઈ જાય છે. વિશ્વવ્યવસ્થા સમજાય છે. મિથ્યા ગણિત બદલાઈ જાય છે, મન બહારમાંથી અંદર તરફ વળે છે. આત્માને 'મન' નું 'નમ' થઈ જાય છે. સાચા નમસ્કારની ભૂમિકા સર્જાય છે. સ્થુલ લક્ષ્યોને સ્થાને ઉચ્ચ ધ્યેયો સ્થાન લે છે.

સમ્યગ્‌દર્શન એ વેદના અને આનંદ ઉભય છે. પ્રિયવિરહની વેદનાના આનંદની માફક સમ્યગ્‌દર્શનમાં અભય-ચિત્તસ્વાસ્થ્યનો આનંદ અને સામર્થ્યહીનતાની વંદના છે. ચિંતાના વાદળો ચિંતનરૂપી જળની વૃષ્ટિ કરી ખપી જવાથી આકાશ તદ્દન ચોખ્ખું છે. દૃષ્ટિ અત્યંત વિકસિત થઈ ગઈ છે. આંતર નયન અત્યંત વિસ્ફારિત

થયેલો છે. સમ્યગ્‌દર્શન માનવને ચિંતાને બદલે ચિંતન કરતો કરી દે છે. આપણી દૃષ્ટિને સ્યાદ્વાદના અમીથી સિંચીને નિર્મળ બનાવે છે, જે સર્વ વિરોધો દ્વન્દ્વોને શમાવી ઐક્ય સર્જે છે, જે સત્યને તેના હરેક દૃષ્ટિબિંદુથી આવકારવા સદા તૈયાર હોય છે.

શિબિરે અમને આટલું જ આપ્યું હોત તો પણ અમે અનેક જીવનો સુધી તેનો ઉપકાર ન વીસરીએ. સમ્યગ્‌દર્શનથી અદ્‌ભુત ચીજ અમારા માટે આ જગતમાં શી હોય ? અમારો એવો દાવો નથી કે અમને સમક્તિ પ્રગટ થઈ ગયું છે પણ અમારો એવો નમ્ર વિશ્વાસ જરૂર છે કે શિબિરે અમને માર્ગે ચઢાવ્યા છે. અમારો એટલો મનોરથ તો જરૂર છે કે આ દેહ પડે તે પહેલાં વ્યવહાર સમ્યગ્‌દર્શનને નિશ્ચય નયના સમક્તિમાં વિકસિત કરીએ. જીવનમાં એથી વિશેષ છે પણ શું ? જીવનની સમૃદ્ધિ, જીવનની ઉન્નત અવસ્થા અમારા માટે ૭ મા ગુણસ્થાનકની સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ હશે.

સમ્યગ્‌દર્શન એ એક એવી ભૂમિકા છે. જેમાં મિથ્યાગ્રહો સહેજે છૂટી જાય છે. પથ્થરના ટુકડાઓથી આનંદ મેળવતો બાળક, યુવાન બનતાં જ પથ્થરના ટુકડા આપોઆપ છોડી દે છે. તેમ તુચ્છ ચીજોમાં આનંદ મેળવતો માનવ સમ્યગ્‌દર્શનની બનતાં જ તુચ્છ ચીજોનો અત્યંત ત્યાગ કરી દે છે. એ એવી અદ્‌ભૂત ચીજ છે, જે પ્રાપ્ત થતાં ચક્રવર્તીઓએ કરોડોની સંપત્તિને, કાંચળીને છોડતાં સર્પની માફક વમન કરતાં માનવની પેઠે, ત્યજી દીધી છે.

આંતદૃષ્ટિ કથંચિત્‌ ખુલતાં શું થયું ?

અમે આજ સુધી વિદ્યુતની શક્તિ વિષે જાણતાં હતાં અમને પરમાણું બોંબ અને મેગાટન બોંબની તાકાત પરિચિત હતી. જળવૃષ્ટિ અને ધાન્ય વચ્ચેનો સંબંધ અમે સમજતા હતા. દ્રવ્યની શક્તિથી સંપૂર્ણ પરિચિત એવાં અમે ભાવોની શક્તિથી અજ્ઞાત હતા. શિબિરે દૃષ્ટિ ખોલી, સાચું સમજવાની તાકાત આપી. શુભાશુભભાવોની પ્રચંડ તાકાતથી અપરિચિત અમને તેની તાકાત સમજાઈ કરેલો એકાદ વિચાર પણ મિથ્યા જતો નથી, તે અવશ્યંભાવી ફળ લાવે જ છે. દેહ અને દેખાતી સૃષ્ટિ એ તો માનસિક ભાવોથી દોરાયેલા નકશા બરાબર છે. સનાતન પ્રશસ્ત-અપ્રશસ્ત ભાવોની તાકાત અને પરિણામ અમારી સમક્ષ છતાં થયા, માનસરિતાને તેમાં બળ પ્રેર્યું. તેટલું જ નહીં ભાવોના થતાં ગુણાકારનો નિયમ

Law of multiplication of thoughts એણે તો સર્વજ્ઞે દર્શાવેલી વિશ્વ વ્યવસ્થા પ્રત્યે અત્યંત બહુમાન વધારી દીધું. આ નિયમના મૂળભૂત તત્ત્વરૂપ

અનુમોદનાનું વિજ્ઞાન અને તેની ચાવી મળી.

શુભભાવ અને તેની અજોડ અનુમોદના દ્વારા ઉપાર્જેલ પુણ્યાનુબંધી પુણ્યના સંયમથી ત્યાગ અને ગુરુભક્તિના ગુણાકાર થતા દ્વારા પરંપરાએ મોક્ષ પ્રાપ્ત કરનાર શાલિભદ્રના દૃષ્ટાંતે અમારા આદર્શ તરીકે સ્થાન લીધું. ક્રોધાદિ દુર્ભાવોના ગુણાકાર થવા દ્વારા ઉત્તરોત્તર ખરાબ ફળ પ્રાપ્ત કરનાર ચંડકોશિયા એ તો એક દિશા જ અમારા માટે ખુલ્લી મૂકી. ઉજડી ગયેલો જીવનનો બાગ અને તેના કારણો આ વિજ્ઞાને અમારી સમક્ષ છતાં કર્યા. સર્વજ્ઞના આ વિજ્ઞાન આગળ મોડર્ન સાયકોલોજી પણ વામણી લાગી.

''દિવ્ય-દર્શન'' - **''શિબિર''** વર્ષ-૧૪,અંક-૩૩, તા.૦૭-૦૫-૧૯૬૬

શિબિર-શિક્ષણ : વિદ્યાર્થીપત્ર

સંઘવી મહેન્દ્રકુમાર વિનયચંદ, ભાવનગર.

શિબિરે મારા જીવનમાં અપૂર્વ ચમત્કાર સર્જ્યો છે. શિબિર પહેલાં ધર્મમાં જે શ્રદ્ધા હતી, તે હવે ધર્મ પ્રત્યે શ્રદ્ધા વધુ દૃઢ બની છે. શિબિરમાં મેં જે પ્રતિજ્ઞાઓ લીધેલી જેવી કે થિયેટરમાં પિકચરો જોવા નહિ. નિત્ય મા-બાપને પગે લાગવું, એમની સામે ઉદ્ધત વર્તન ન કરવું, 'ચત્તારિમંગલં'ની ગાથાઓ રોજ કરવી, તે હજુ સુધી એક દિવસ પણ ભૂલ્યા વગર દરેક ચીજો બરાબર કરી રહ્યો છું. નવ લાખ નવકાર ગણવા બાબતમાં રોજ એક બાધા પારાની નવકારવાળી ગણું છું.

આપનાં દર્શાવેલ મંત્ર 'ૐ અર્હમ્ નમઃ' રોજ એક નવકારવાળી ગણું છું. ઘરના બે સભ્યો પણ દરરોજ નવકારવાળી ગણે છે.

મારા એક મિત્ર જે મહોમેડમ (મુસ્લીમ) છે તેણે ઈંડાનો ત્યાગ કર્યો છે.

શિબિર દરમ્યાન મળેલ ચારિત્ર્ય ઘડતરની વાતો હિતવર્ધક ઉપદેશ વગેરેની હું મારા મિત્રોને પ્રસંગોપાત વાત કરું છું. તે ઉપરાંત શિબિર પહેલાં હુ કદી એકાસણાં, બિયાસણાં, ઉપવાસ, પ્રતિક્રમણ, સામાયિક કરતો નહિ. તેમાં સુધારો થયો છે. શિબિર બાદ મેં ૨૫ એકાસણા કર્યાં છે. સામાયિક, પ્રતિક્રમણ રજાના દિવસોમાં કરું છું. ધાર્મિક અભ્યાસ નિયમિત દરરોજ એક કલાક કરું છું.

ધાર્મિક શ્રદ્ધા વિષેનું એક ઉદાહરણ પર્યાપ્ત થશે. એકવાર હું કોલેજ સાઈકલ લઈને જતો હતો. ગમે તે હોય અગમ્ય કારણો અનુસાર નવકારમંત્ર હોઠે આવી

ગયો, ત્રણ નવકાર ગણ્યા હશે ત્યાં સામેથી એક લીલેન્ડ હેવી કેરીયર પૂરઝડપે wrong ખોટી સાઈડમાં આવતો હતો. તે મારી નજીક છ ઈંચથી પણ ઓછા અંતરે એકદમ નજીકથી પસાર થયો. જો હેંડલ મારું કે એનું સહેજ પણ ફરી ગયું હોત તો યમલોકમાં કદાચ પહોંચી ગયો હોત. પણ નવકાર મંત્રે જ મને બચાવ્યો ! એમ કહું તો કાંઈપણ ખોટું નથી.

ટૂંકમાં ધર્મ પ્રત્યે વિશેષ મને ઊંડી શ્રદ્ધા ઉત્પન્ન થઈ છે. મારાથી બની શકે કે ન બની શકે વિશ્વના લોકો કેમ સુખી થાય તે વિષેની હું ભાવના ભાવ્યા કરું છું અને આ માટે 'શિવમસ્તુ સર્વજગતઃ'ની ગાથાનું પણ નિત્ય સ્મરણ કરું છું. આ સાથે ભૌતિકવાદ અને શિબિર પર એક નિબંધ મોકલું છું.

ભૌતિકવાદ અને શિબિર

આજના ભૌતિક વિજ્ઞાને દેશ-વિદેશના સીમાડાઓની મર્યાદા તોડી નાખી છે. મનુષ્ય આજ પોતાના અફાટ શક્તિ-સાધન અને જ્ઞાનથી વિશ્વના અપરિચિત સત્યોને શોધી રહ્યો છે. આજના માનવીને આ વિશ્વ પણ સીમાંત લાગે છે. આથી તે ચંદ્ર અને શુક્રની સપાટીની મુસાફરીએ જવા ઉપડ્યો છે. મનુષ્યની સેવામાં ઈલેકટ્રીક સગવડો, રેડિયો, ટેલીવિઝન, મોટરકાર, એરોપ્લેન વગેરે હોવા છતાં તેને હજુ શાંતિ મળતી નથી. મનુષ્ય શાંતિની ખોજમાં ભૌતિકવાદના ક્ષેત્રે અવર્ણનીય સાધન-સગવડ ઊભી કરતો જ રહ્યો છે. છતાં પોતે તેમાં તો શાંતિ, ધૈર્ય સહનશીલતા, આત્મ, ઉન્નતિ, સદાચાર વગેરે મૂલ્યવાન ગુણોનો હ્રાસ કરી રહ્યો છે ! આજે પશ્ચિમના દેશોમાં પણ મનુષ્ય શરીરની પાસેથી યંત્રવત્ કામ લીધા પછી શહેરોથી દૂર ગામડાઓમાં શાંતિ માટે પ્રાકૃતિક સૌંદર્યનું દર્શન કરવા જાય છે. અને એકાંતમાં ઊંડા વિચારમાં તલ્લીન થઈ જાય છે. આ સૂચવે છે શાંતિ કયાં છે ? C.B.M. Joad તેનો નિબંધ 'Too many machines' માં કહે છે. કે મનુષ્યે કુદરત ઉપર પોતાનું કંઈક વર્ચસ્વ જમાવ્યું છે, મનુષ્યે પોતાના હાથ-પગ ઝડપથી વધાર્યા છે, પણ બાકીનું શરીર જેમનું તેમ રહ્યું છે મનુષ્ય એક રાક્ષસ બની ગયો છે. કારણકે પોતાના નૈતિક ગુણો અને આત્મવિકાસને તદ્દન ભૂલી ગયો છે. ગુજરાતના સુપ્રસિદ્ધ કવિ નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાએ પોતાની રચેલી કવિતા ''સરોવરમાં ઊભેલો બગ''માં જણાવ્યું છે કે મનુષ્ય સરોવરમાં ઊભેલાં બગલાની માફક અસીમ ક્ષિતિજમાં અને તેની પેલે પાર જોઈ રહ્યો છે. પણ બગલો જેમ પોતાનું પ્રતિબિંબ જે પાણીમાં પડ્યું છે તે જોતો નથી. તેમ મનુષ્ય પોતાની જાત અને પોતાના ગુણો જોતા નથી પણ બહાર આખું વિશ્વ અને બીજાનાં અવગુણો જોયા કરે છે. માટે જ

એક અંગ્રેજે કહ્યું છે. 'Know thou your self.' પ્રથમ તારી જાતને ઓળખ.

અમને શિબિરે આ શિખવાડીને અમારાં આંતરચક્ષુ ખોલી નાખ્યા છે. એથી ભૌતિકવાદનો માર્મિક અભ્યાસ કર્યા પછી અમને ખ્યાલ આવે છે કે જીવનમાં શું મહત્વનું હોવું જોઈએ ? જીવનમાં આધ્યાત્મિક વિચાર સરણી જ મહત્વની હોવી જોઈએ. 'હે ! આત્મા તું કયાંથી આવ્યો. કયાં જવાનો છે ? તારું અંતિમ ધ્યેય શું છે ? એના એ જ પુનરપિજનનં પુનરપિમરણં ના ચકકરે ચડવું છે ? કે એ અટકાવી મંગલ ગતિ મોક્ષમાં જવું છે ? આ વિશિષ્ટ શક્તિ સંપન્ન માનવદેહનું સાફલ્ય શેમાં છે ? મનુષ્ય જીવન સાર્થક કરવું હોય તો આ અલ્ય માનવદેહને સન્માન, સંપત્તિ, મોજશોખ, ભોગવિલાસ, કષાય, વિષયો વગેરે દુર્ગણોમાં નિરર્થક વેડફી ન નાખે. આ વિચાર કરતા અમને શિબિરે કર્યા છે. આથી સ્પષ્ટ થાય છે કે મનુષ્યે પોતાનાં જીવનમાં સ્વાત્મ દષ્ટા બની સદ્‌ગુણોનો વિકાસ કરવો જોઈએ વિનય, વિવેક, પરોપકાર, દયા, સહાનુભૂતિ, શુભવિચાર, ઇંદ્રિય સંયમ સહનશીલતા, ધૈર્ય, અહિંસા વગેરે.

વિદ્યા વિનયેન શોભતે વિદ્યા વિનયથી જ શોભે છે તો આ વિનય જેવો મહાનગુણ કયાંથી મળી શકે ? આ ગુણ શિબિરનાં આધ્યાત્મિક જીવનમાંથી જ મળી શકે. દેવ-ગુરુ-ધર્મ અને દર્શન-જ્ઞાન ચારિત્ર એ ત્રિવેણી સંગમ પણ ત્યાં જ જોવા મળે છે. તેમાં મુનિ ભગવંતોનાં આધ્યાત્મિક વિચારને પ્રેરતાં પ્રવચન હોય પછી તેમાં શું ખામી હોય ! જે મુનિમહારાજ ભગવંતો સ્વયંજ્ઞાનાદિ આચારને ધારણ કરનાર હોય, પોતે કહે તે વર્તનમાં અનુસરતો હોય તેમના ઉપદેશની અસર થયા વગર રહી શકે જ નહી. અને તે વાણી પણ પરમકૃપાળુ અરિહંત દેવની ! એટલે જે કહ્યું હોય તેમાં શંકાને સ્થાન જ ન હોય કારણ કે અરિહંત દેવો સર્વકાળના જ્ઞાતા, અને વીતરાગ એટલે અસત્ય કહે જ નહિ. अहिंसा परमो धर्मः જૈન ધર્મમાં જીવોની ઓળખ અને અહિંસાનું જે સૂક્ષ્મ દષ્ટિથી વર્ણન કર્યું છે તે અન્ય ધર્મમાં છે જ નહિ. એમ પશ્ચિમના વિદ્વાનોએ પણ કબુલ કર્યું છે.

વિનયગુણ વગર વિદ્યા સમક્તિ-ચારિત્ર-મુક્તિ કશું જ નથી આપતું. તેથી વિનયને મહામૂલ્યવાન ગુણ કહ્યો છે. આમ અહિંસા વગેરેનું શિક્ષણ તથા વિનય જેવા મૂલ્યવાન ગુણ મેળવવા માટે અમે શિબિરના ઋણી છીએ, ઉપરાંત આધ્યાત્મિક જીવનના ઊંડા ચિંતન રૂપે જે પ્રાથમિક બાબતો જેવી કે સામાયિક, પ્રતિક્રમણ, ભક્તિ, પૂજ્ય મુનિમહારાજોની સુમધુર વાણી, પરોપકારી મહાપુરુષો કેશવલાલભાઈ, ભાણાભાઈ, વગેરેનો પુરુષાર્થ ખરેખર અવર્ણનીય જ છે. તેઓએ મોક્ષમાર્ગની સીડીનું સોપાન બતાવ્યું છે. તેઓના ઉપકારનો હું અત્યંત ઋણી છું. સા વિદ્યા

વિમુક્તયે એ સૂત્ર અનુસાર શિબિરનાં જીવનની જે વિદ્યા એ સુદેવ, સુગુરુ, સુધર્મની આરાધના કરાવી સંસાર સમુદ્રનાં ચોરાશી લાખ ફેરાઓમાંથી મુક્તિ અપાવનારો છે.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૧૪,અંક-૩૪,તા.૧૪-૫-૧૯૬૬

શિબિરમંત્રી શ્રી કેસુભાઈનો શ્રી દિનેશ અમૃતલાલને પત્ર.

ચિ. દિનેશ, પાલીતાણા તને મળવાની આશા રાખી હતી પણ મળી ન શકાયું, પાટણ પણ પૂરી તક ન મળી. તું ગ્રાહક ખરો, પણ જોઈએ તેવી ભૂખ ન દેખાઈ પણ તારો કાર્ડ આવતાં ભૂખ ખુલેલી લાગી.

એટલું યાદ રાખવું જોઈએ છે કે માનવી પાસે મુખ્ય ત્રણ શક્તિ છે. કાયા, વચન અને મન. જેમાં કાયા કરતાં વચન ને વચન કરતાં મન ઉત્તરોત્તર વધુ શક્તિશાળી છે. આ ત્રણ શક્તિઓ માનવીને ઉત્કૃષ્ટ કોટિની મળી છે. જે બીજા કોઈ જીવ પાસે આટલી નથી. શક્તિ જેટલી મહાન તેટલી વધુ સાચવવી પડે. સદુપયોગથી મહાન લાભ. તેમ દુરુપયોગથી મહાન નુકસાન. માનવી દેવલોકમાં જઈ શકે મોક્ષ મેળવી શકે. આજ શક્તિના સદુપયોગથી ને ઉર્ધ્વીકરણથી તેમજ દુરુપયોગથી સાતમી નારકીમાં પણ જઈ શકે આપણે ટૂંકમાં એટલું સમજી લેવું કે મન-વચન અને કાયા એ આપણી મહાન મૂડી છે. જેને ખૂબ જ સાચવીને સારા ઉપયોગમાં વાપરવી જોઈએ.

આ ત્રણે મૂડીમાં મન મુખ્ય છે જેના પર કાબૂ મેળવાય તો વચન-કાયા આપોઆપ કાબૂમાં આવે. મનને પ્રેરણાની જરૂર છે. મન બેટરી જેવું છે ચાર્જીંગની જરૂર છે અને પંચપરમેષ્ઠી એ શ્રેષ્ઠ પ્રેરણાસ્થાન ચાર્જીંગ સ્ટેશન છે.

આટલી ભૂમિકા ખ્યાલમાં રાખી નવકાર જાપ કરવાનો આ એક પ્રયોગ છે.

(૧) અરિહંતને સમવસરણીમાં બેઠેલ કલ્પવા અષ્ટપ્રાતિહાર્ય અતિશયો બધાનું તાદશ્ય ચિત્ર જોયું. આપણે આપણને ત્રીજા ગઢમાં ભગવાનના પગે માથું નમાવી બેઠેલા કલ્પવા. 'હે ભગવાન મારે તારા સિવાય કોઈ શરણ નથી. આ વિષય-કષાયરૂપી દાવાનળમાંથી બચાવ બચાવ' આવો કરુણ પોકાર પાડવો, રડવું. પછી ૧૦૮ વાર **'ॐ ह्रीं नमो अरिहंताणं'** નો ઘોષનાદ માનસિક રીતે કરવો. એવો જાપ થવો જોઈએ કે જેથી આખા શરીરમાં તેની અસર થાય. આ જાપ પૂરો થયા પછી કલ્પવું કે ભગવાન આપણા માથે હાથ મૂકી વાસક્ષેપ નાખે છે; તેમના શરીરમાંથી સફેદ વીરરસ-ઓજસ-શુકલધ્યાન-શાંતિ આપણા શરીરમાં પ્રવેશે છે,

જેથી આપણો સંસાર ફાટી જાય છે; કર્મ કપાઈ જાય છે; અશાંતિ દૂર થાય છે; ને આપણે પોતે વીતરાગ બની સમવસરણમાં બેસી દેશના આપીએ છીએ. આ કલ્પના જેટલી ઊંડી જાય એકાગ્રચિત્તે ધ્યાનપૂર્વક થાય તેટલી કર્મનિર્જરા તેટલા તીર્થંકરની નિકટ આવવાના અનેનાસ જેવો ખાટો રસ.

(૨) બીજના ચંદ્ર જેવી સિદ્ધશિલા પર સિદ્ધ ભગવંત બિરાજેલ છે. **'ॐ ह्रीं नमो सिद्धाणं'** ૧૦૮ વાર જાપ કરવા. પછી 'સિદ્ધ ભગવંતમાંથી લાલ-મધુર-તૃપ્તિકારક રસ આપણા પર ટપકી રહ્યો છે. મુક્તિ રૂપી સ્ત્રીનું વશીકરણ કરી રહ્યા છે. મુક્તિરૂપી સ્ત્રી આપણી નજદીક આવી રહી છે,' તેમ કલ્પના કરવી ને છેવટે આપણે પોતે સિદ્ધશિલામાં બેસીએ છીએ. એમનો કાબુલી દાડમ જેવો મધુર રસ અને લાલ વર્ણ ધારવાનો.

(૩) કોઈ પણ તેજસ્વી પ્રખર આચાર્યની પ્રતિમા કલ્પવી-'તેમના ખોળામાં આપણું માથું છે ને તેમનો હાથ આપણા માથા પર છે **'ॐ ह्रीं नमो आयरियाणं'** ૧૦૮ વાર જાપ કરવો પીળો-તીખો ને કર્મને સ્તંભન કરનાર રસ આપણા પર આચાર્યશ્રીના શરીરમાંથી ટપકી રહ્યો છે. આપણે પોતે આચાર્ય બની જઈએ છીએ. પંચિન્દ્રિય સૂત્રના છત્રીશ ગુણોવાળા. સુંઠ જેવો તીખો રસ એમ કલ્પવું.

(૪) લીલા રંગની ઉપાધ્યાય ભગવંત તેમના ખોળામાં આપણું માથું આપણા માથા પર તેમનો હાથ-**'ॐ ह्रीं नमो उवज्झायाणं'** ૧૦૮ જાપ. અંતે લીલો તુરો કલ્યાણકારી તુષ્ટિ-પુષ્ટિ (પાપક્ષય પુણ્યવૃદ્ધિ) કરનાર રસ આપણા શરીર પર પડે છે. આપણે પોતે ઉપાધ્યાય બની જઈએ છીએ, એમ કલ્પવું. કેરડા જેવો તુરો રસ.

(૫) કબુતર જેવા કપોત રંગના સાધુ ભગવંતના ખોળામાં આપણું માથું-તેમનો આપણા પર હાથ **'ॐ ह्रीं नमो लोए सव्वसाहूणं'** ૧૦૮ વાર જાપ. અંતે કપોતરંગી-કડવો કરિયાતા જેવો) કર્મનું ઉચ્ચારણ મારણ કરનાર રસ આપણા પર ધોધમાર વરસે છે. આપણે પોતે સાધુ બનીએ છીએ. એમ કલ્પવું. આ જાપથી આપણે પોતે પંચપરમેષ્ઠિ બની જઈએ છીએ. એવી દૃઢ શ્રદ્ધાપૂર્વક કલ્પના કરવી. આ શ્રદ્ધા જેટલી દૃઢ, જાપમાં જેટલી વધુ એકાગ્રતા, તેટલી સિદ્ધિ નિકટ.

આ પાંચ નમસ્કારથી સર્વ પાપનો નાશ થાય છે. આની કલ્પના નીચે મુજબ **'एसो पंचनमुक्कारो'** ૧૦૮ જાપ કરવો. પછી કલ્પવું કે 'એક મોટું સરોવર છે. તેમાં સહસ્રદળ કમળ છે. તેના પર મેરુ પર્વત જેવો ત્રિકોણ ઊંચો પહાડ છે તેના પર ટોચે આપણે બેઠા છીએ 'सव्वपाव-पणासणो'નો ૧૦૮ જાપ કરવો. પછી આપણા હૃદયના મધ્યભાગમાંથી સુવર્ણવર્ણી અતિગરમ ધૂમાડા વગરની

સુગંધીથી બળતું હોય તેવી સુગંધ, કસ્તુરી જેવી તીખી દિવ્ય પ્રચંડપાવક જ્વાળાપ્રગટે છે. જે આપણા શરીરને પહાડને બાળી મૂકે છે. આ પ્રયોગથી ભરઠંડીમાં પણ શરીરમાં ગરમી પ્રગટે ત્યારે સમજવું કે સાધના ફલવતી થાય છે. પાપો બાળવા માટે આ શ્રેષ્ઠ પ્રયોગ છે.

પછી **'मंगलाण चं सव्वेसिं पठमं हवइमंगलं'** નો ૧૦૮ વાર જાપ કરવો તે વખતે ખૂબ શીતળતા-શાંતિ અનુભવવી.

અંતે 'સોઽહં' આપણે પોતે સિદ્ધ બની ગયા એવી કલ્પના કરવી.

પ્રયોગ કરી અનુભવ લખજે. શ્રેષ્ઠ પ્રયોગ છે. તારા જેવો શક્તિશાળી-વિદ્યાર્થી સાધના દ્વારા ઝડપી વિકાસ કરી શકે. બીજા યોગ્ય વિદ્યાર્થીઓને પણ પ્રયોગ બતાવજે. ચંપક વગેરેને બતાવજે.

સાધનામાં પ્રશ્નો ઉઠે તો લખજે.

લી. નમ્ર કેશવલાલ.

શ્રી ગ્રીષ્મ જૈન આધ્યાત્મિક શિક્ષાયતનો

• ખંભાત : સિદ્ધાંત મહોદધિ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીની પવિત્ર નિશ્રામાં સંઘરત્ન શેઠ રમણભાઈ દલસુખભાઈ શ્રોફના વરદ્‌ હસ્તે, ખંભાતના ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિ વચ્ચે, શ્રી ગ્રીષ્મ જૈન આધ્યાત્મિક શિક્ષાયતનનો મંગળ પ્રારંભ થયો. મુંબઈ, અમદાવાદ, વડોદરા, ડભોઈ, ગોધરા, બોરડી, પુના, વીરમગામ અને ખંભાત અને સોલાપુર આદિ ભિન્ન ભિન્ન ગામોથી અધ્યાત્મનું શિક્ષણ લેવા ઉત્સુકપૂર્વક પધારેલા વિદ્યાર્થી ભાઈઓનું સંસ્કરણ શરૂ થઈ ગયું. વિદ્યાર્થીઓ દરરોજ ૬ કલાક સમ્યગ્જ્ઞાનની વાચના લે છે. આવશ્યક સૂત્રોની સમજ, ત્રણ ભાષ્ય, પંચસૂત્ર, જૈનદર્શન ધ્યાનશતક, ગણધરવાદ, ષોડશક આદિ અતિ ગંભીર વિષયોપર પૂ. પંન્યાસજી શ્રી ભાનુવિજયજી મ. ના પવિત્ર હસ્તે શિક્ષણ-સંસ્કરણ પામી રહ્યા છે. જ્ઞાનના આદરને લઈને ફળ વિરતિરૂપે વિદ્યાર્થીઓ નિયમિતપણે અને સારી સંખ્યામાં આયંબિલ ઉપવાસ, એકાશન આદિ વિવિધ તપો આચરી રહ્યા છે. દરરોજ દરેકને સાત-આઠ સામયિકો તો સહજ છે. એકવાર ધૂમધામપૂર્વક શહેરયાત્રા કરી, પૂજા ભણાવી. તે પછી આવ્યો પૂ. શ્રી ભાનુવિજયજી મ. સા. ની ૯૬મી ઓળીનાં પારણાંનો મંગળ દિવસ. એ મંગળ દિવસે સમ્યગ્જ્ઞાન દર્શન-ચારિત્રની લહાણી

થઈ. કેટલાક વિદ્યાર્થીઓએ ૧ વર્ષ દરમ્યાન ૫૦૦૦ ગાથાના અભ્યાસ કરવાનો તથા ગોખવાનો નિયમ લીધો. કેટલાકે ભગવાનની પૂજા અને નિત્ય સામાયિકની ઉછામણી લીધી. આ જીવન સિનેમાત્યાગ અને નિશ્ચિત સમય માટે સિનેમાત્યાગના નિયમ પણ સારી સંખ્યામાં લેવાયા. વિદ્યાર્થીઓને નિશ્ચિત સમૂહોએ સેંકડો આયંબિલ, સામાયિકો, નવકારજાપ કરવાના નિયમ લીધા. એક ભવ્ય દૃશ્ય ખડું થયું. દરરોજ નિત્યપણે કાર્યક્રમ ચાલે છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર્યનો યજ્ઞ ચાલે છે.

● **પાલણપુર :** અત્રેના ઉત્સાહી કાર્યકર ભાઈશ્રી કાન્તિલાલ ઉજમશી વગેરેના પ્રયત્નથી મુખ્યતયા સ્થાનિક વિદ્યાર્થીઓ માટે ધાર્મિક શિક્ષા અને સંસ્કરણ આપવાનું એક આયોજન થયું મે માસની ૫ મી તારીખે દબદબાભર્યો પ્રારંભ થયો. ૭ માંથી ૧૧ માં ધોરણ સુધીના લગભગ ૬૦ વિદ્યાર્થીઓને પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ ધાર્મિક અધ્યયન કરાવી રહ્યા છે. અમદાવાદથી શ્રી શાંતિભાઈ આવેલા છે તેમનો વ્યવસ્થામાં મોટો ફાળો છે. શ્રી દલપતભાઈ વગેરે પણ સુંદર સહકાર આપી રહેલ છે વિદ્યાર્થીઓ ૯ કલાક જ્ઞાનધ્યાન કરે છે. સવારે ૫॥ વાગ્યાથી કાર્યક્રમ ચાલે છે. દર્શન-પ્રાર્થના, ચૈત્યવંદનાવિધિનો વર્ગ, માર્ગાનુસારી જીવન તથા શ્રાવક ધર્મની યોગ્યતાના ૨૧ ગુણના વર્ગ, ગીત વાજિંત્ર સાથે સ્નાત્રપૂજા, નવતત્ત્વનો વર્ગ, વિધિપૂર્વક નવકારજાપ, પ્રતિક્રમણસૂત્રોના અર્થ, રાતના પ્રશ્નોત્તરી વગેરે ચાલે છે.

શ્રી જૈન ગ્રીષ્મ આધ્યાત્મિક શિક્ષાયતન ખંભાતનો ભવ્ય અહેવાલ

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સમૂહ આરાધનાનાં વહેલાં પૂર

ઊગતી પ્રજાનાં ધાર્મિક શિક્ષા-સંસ્કાર-ગ્રહણની અદ્‌ભુત કથા

ચરમતીર્થપતિ ત્રિલોકનાથ પ્રભુશ્રી મહાવીર પરમાત્માએ સ્થાપેલ જૈનશાસન-સંઘની સ્થાપનાનો ધન્ય દિવસ વૈશાખ સુદ ૧૧. એની સાથે આ વર્ષે તા. ૧-૫-૧૯૬૬ નું સુભગ મિલન એક આકસ્મિક યોગ બન્યો. છેલ્લા ચાર વર્ષથી ઊગતી પ્રજામાં જૈન ધાર્મિક શિક્ષાપ્રદાન અને સંસ્કરણ કરવા અર્થે વિદ્યાર્થીઓની ઉનાળાની લાંબી રજાઓમાં જૈન ધાર્મિક શિક્ષણ શિબિર સમિતિ તરફથી આયોજન કરવામાં આવતું; તે મુજબ આ વર્ષે પણ આ શાસન સ્થાપનાના મંગળ દિવસે શિક્ષાયતનનો મંગળ પ્રારંભ શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રભુથી અલંકૃત ખંભાત નગરે જૈનશાળાના

નવનિર્મિત વિશાળ વ્યાખ્યાન હોલમાં સિદ્ધાંત મહોદધિ સુવિશાળ ગચ્છાધિપતિ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની પવિત્ર નિશ્રામાં ચતુર્વિધ સંઘની હાજરી વચ્ચે થયો. પાટ પર પૂ. આચાર્યદેવશ્રી તથા પૂ. પં. શ્રી ચિદાનંદવિજયજી મ. આદિ પંન્યાસજી મહારાજ તથા વિશાળ મુનિગણ બિરાજેલ હતો.

આ પ્રારંભ, આજે વર્તમાન અનંતોપકારક જિનશાસન-સ્થાપનાનો દિન હોઈ શાસન-સ્થાપના નિમિત્તે પ્રભુજીના વરઘોડાપૂર્વક થયો. વરઘોડો વિશાળ વિદ્યાર્થીગણ, બેન્ડ, પૂ. આચાર્યદેવાદિ વિશાળ મુનિપરિવાર, ખંભાતના અગ્રગણ્યો સહિત મોટું સાજન પ્રભુજીનો રથ, શાસનમહિમા-સૂચક અનેક બોર્ડો વગેરેથી ખૂબ શોભી ઊઠ્યો. ખંભાતના મુખ્ય રાજમાર્ગો પર ફરી જૈનશાળાએ ઊતર્યો, બાદ શિક્ષાયતનના પ્રારંભે **પૂ. આચાર્યદેવશ્રીનું મંગળાચરણ થયા પછી મંત્રી શ્રી શાન્તિલાલ (ભાણાભાઈ) સોમચંદનું પ્રેરક નિવેદન (જે આ અંકમાં છપાયું છે,) પૂર્વ શિબિરના વિદ્યાર્થીઓનાં વક્તવ્ય વગેરે થયા પછી પૂ. પં. શ્રી ભાનુવિજયજી મહારાજે પહેલી શ્રી પંચસૂત્રની વાચના આપી, ૦॥ કલાક સુધી તત્ત્વજ્ઞાનના રસથી સભાને રસ તરબોળ કરી હતી.** બપોરે ખંભાતના બાળક-બાળિકાઓના ૬૪ ઈન્દ્ર-૫૬ દિક્કુમારીના વેશે ભવ્ય સ્નાત્રમહોત્સવ ઉજવાયો. સાંજે દેવદર્શનાદિ બાદ કેટલાક વિદ્યાર્થીઓ પ્રતિક્રમણમાં જોડાયાં. બીજાઓએ બુલંદ અવાજે નમસ્કારમંત્ર-ચત્તારિમંગળ-'શ્રી અરિહંતો'વાળી નવપદ સ્તુતિ આદિથી પ્રાર્થના ગાઈ. મંત્રીનું પ્રાસંગિક ઉદ્‌બોધન થયું. આ રીતે સત્ર શરૂ થયું. આજે વિદ્યાર્થીઓની ભક્તિ શેઠ **ચંપકલાલ દલસુખભાઈ** તરફથી થઈ હતી.

બીજા દિવસથી શિક્ષાયતનમાં સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનાથી શોભતો નીચે મુજબનો **કાર્યક્રમ** શરૂ થયો -

૫-૪૫ થી ૭ સામાયિકમાં આવશ્યક સૂત્રના ભાવોની વાચના
૭ થી ૮ દેવદર્શન, નવકારશી
૮-૧૫ થી ૯-૩૦ સમૂહસ્તવનપૂર્વક શ્રી ચૈત્યવંદનભાષ્યની વાચના.
૯-૩૦ થી ૧૦-૩૦ શ્રી પંચસૂત્રની વાચના
૧૦-૩૦ થી ૧૨ અષ્ટપ્રકારી જિનપૂજા.
૧૨ થી ૨ ભોજન, વિશ્રામાદિ.
૨ થી ૨-૪૫ સૂત્રપાઠ વગેરે.
પર્વદિવસોએ સાંજે કેટલાક વિદ્યાર્થીઓને પૌષધ.
૨-૪૫ થી ૩ તકપાન.
૩ થી ૪ "જૈનધર્મનો સરળ પરિચય"ની વાચના
જૂના વિદ્યાર્થીઓને ગણધરવાદ-ખોડશકની વાચના
૪ થી ૫-૧૫ 'શ્રી ધ્યાનશતક'ની વાચના.
૫-૩૦ થી ૬-૩૦ ભોજન.
૬-૩૦ થી ૭-૩૦ દેવદર્શનાદિ.
૭-૩૦ થી ૮-૩૦ વીતરાગ સ્તવના.
૮-૩૦ થી ૧૦ અધ્યયન, બાદ શયન
પર્વદિવસોએ સાંજે પ્રતિક્રમણ

શિક્ષાયતનના જ્ઞાનાભ્યાસના વિષયો

વિષય	વાચનાદાતા.
૧. આવશ્યક સૂત્રોનાં ભાવો -	પૂ. પં. ભાનુવિજયજી ગણિવર્ય
૨. પંચસૂત્ર	,,
૩. ધ્યાન શતક	,,
૪. ચૈત્યવંદન ભાષ્ય	,,
૫. જૈન ધર્મનો સરળ પરિચય.	,,
૬. વંદિત્તુસૂત્ર-ટીકાનાં ભાવ (જુના વિદ્યાર્થી માટે)	પૂ. મુનિરાજ રાજેન્દ્ર વિ. મ.
૭. ષોડશક પ્રકરણ-ગણધરવાદ (જુના વિદ્યાર્થી માટે)	પૂ. પં. શ્રી મુક્તિવિજયજી ગણિ.

૮, ૯, ૧૦ માં ધોરણના ૫૬ વિદ્યાર્થીઓ માટેનો અભ્યાસક્રમ :

૧. તત્ત્વજ્ઞાન	પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિ.મ.
૨. મોક્ષમાર્ગ	પૂ. મુનિરાજશ્રી હેમચંદ્ર વિ.મ.
૩. વિધિવિધાન	પૂ. મુનિરાજશ્રી હેમચંદ્ર વિ.મ.
૪. ત્રણ ભાષ્ય	પૂ. તપસ્વી મુનિરાજશ્રી જિતેન્દ્ર વિ.મ.

શિક્ષાયતનમાં વાચનામાં હાજરી :

ગઈ શિબિરો કરતાં આ વખતે વિદ્યાર્થીઓની નોંધપાત્ર સંખ્યા હતી. તેમજ વાંચનામાં ધ્યાન દઈને શ્રવણ સાથે વિષય નોંધ કરવામાં સજાગ રહેતા એકંદરે શિસ્તનું પાલન સારું કર્યું છે. તેનો યશ **ભાણાભાઈની** વ્યવસ્થા કાર્યની દક્ષતા. સહજ પ્રતિભા અને **પ. પૂ. ભાનુવિજયજી ગણિવરની રસતરબોળ વાચનાદાનની** પદ્ધતિને આભારી છે. વિદ્યાર્થીઓ વિશિષ્ટ સંભ્રમપૂર્વક એકાગ્રભાવથી વાચના ગ્રહણ કરતા હતા. તે દૃશ્ય જોનારાઓને આશ્ચર્ય મુગ્ધ કરતું. એમ લાગે કે અહો ! કૉલેજના આ વિદ્યાર્થી શું યોગી જેવા બની ગયા છે !

શિક્ષાયતન દરમ્યાન થયેલા વિશિષ્ટ કાર્યક્રમો

(૧) સર્વ વિદ્યાર્થીઓએ ખંભાતના સમગ્ર જિનમંદિરોની ચૈત્યપરિપાટી કરી હતી.

(૨) શિક્ષાયતનનાં પ્રથમ દિવસે ખંભાતના બાળક બાળિકાઓએ ૬૪ ઈન્દ્ર

ઈન્દ્રાણીઓના સાજ સાથે **ભવ્ય સ્નાત્ર મહોત્સવ** ઉજવાયો.

(૩) તા. ૮-૫-૬૬ 'સાચું સુખ' અને તા. ૧૫-૫-૬૬ નાં 'અરિહંતની ઓળખ' એ વિષયપર **પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખર વિ.મ. નાં જાહેર પ્રવચનો** થયા હતા. એમની જોશીલી શૈલીએ ખૂબ રસ જમાવ્યો હતો.

(૪) તા. ૧૫-૪-૬૬નાં બપોરે ૪ થી ૫ **પૂ. પં. મુક્તિ વિ.મ.** જિનદર્શન-જિનપ્રવચન અને જિન પૂજન પર તલસ્પર્શી અદ્‌ભુત શૈલીથી પ્રવચન આપ્યું હતું. પૂજા વિના મોંમા પાણી ન નાખવું એ પ્રતિજ્ઞા અત્યંત ઉલ્લાસપૂર્વક ઘણા વિદ્યાર્થીઓએ લીધી હતી.

(૫) તા. ૧૬મી એ નાના મોટા દરેક વિદ્યાર્થીઓની દરેક વિષયની પરીક્ષા (પ્રથમ ટેસ્ટ) લેવાઈ હતી.

(૬) તા. ૯-૫-૬૬ નાં શિક્ષાયતનનાં જ્ઞાનદાતા ગુરુદેવ પૂ. પં. શ્રી **ભાનુવિજયજી મહારાજ સાહેબને** શ્રી વર્ધમાન આયંબિલ તપની **૯૬મી ઓળીનું પારણું થવાનું** હતું. વિદ્યાર્થીઓને પૂ. ગુરુદેવશ્રીને વહોરાવવાનો લાભ લેવા માટે અદ્‌ભુત ઉછામણીઓ બોલ્યા હતા અને વિવિધ પ્રતિજ્ઞાઓ ગ્રહણ કરી હતી તેનું લીસ્ટ આજ અંકમાં આપવામાં આવ્યું છે. ગુરુભક્તિનો ઉછરંગ વિદ્યાર્થીઓમાં સહજ દેખાતો હતો. જ્ઞાનપૂજન-ગુરુપૂજન વગેરે વિધિપૂર્વક પૂ. આચાર્યદેવ તથા પૂજ્ય ગુરુદેવના ન્યુ કેમ્બે હાઈસ્કૂલમાં પાવન પગલાં કરાવ્યા હતા. પારણાની ખુશાલીમાં બપોરે શ્રી નવપદની પૂજા રાખવામાં આવી હતી.

(૭) તા. ૧૦મી એ રાત્રે શિક્ષાયતન તરફથી વિરમગામનાં મુમુક્ષુ મનુભાઈનો સન્માન સમારંભ યોજાયો હતો. સભાનાં પ્રમુખશ્રી શાંતિભાઈ શ્રોફ હતા. વિદ્યાર્થીઓએ પણ ચારિત્ર માર્ગના સુંદર ગુણગાન કર્યા હતા.

(૮) તા. ૭મી ની રાત્રે **'જૈનધર્મ શ્રેષ્ઠ શાથી ?' 'મને આ શિક્ષાયતન ન મલ્યું હોત તો ?' 'પંચસૂત્ર અને ધ્યાન શતકનું મહત્વ'** આ ત્રણ વિષયો પર વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રમુખસ્થાને રહેલા જુનાગઢ કૉલેજનાં વાઈસ પ્રિન્સિપાલ પ્રો. શ્રી મજમુદારે ખૂબ સુંદર વક્તવ્ય રજૂ કરી સૌને આનંદ-વિભોર કરી દીધા હતા.

(૯) **પૂ. પં. મહારાજશ્રી ભાનુવિજયજી ગણિવર્યના** અનુપમ શિષ્યરત્ન, ઘોર તપસ્વી, **પૂ. મુનિરાજશ્રી મણિપ્રભ વિ. મ.** ને લાગટ કરેલી શ્રી વર્ધમાન તપની ૯૯-૧૦૦ મી ઓળીનું પારણું હતું. તેઓશ્રીને વહોરાવવાનો લાભ

લેવા શિબિરનાં ૨૦ વિદ્યાર્થીઓએ વૈ. વ. ૧૩-૧૪-૦)) નાં ત્રણ લાગટ આયંબિલ કર્યા હતા અને તપસ્વી મુનિરાજનાં સંસારી બંધુ **ચંદુલાલ મગનલાલ નડિયાદવાળા તરફથી** શિક્ષાયતનનાં વિદ્યાર્થીઓની રસપુરીથી ભક્તિ થયેલી. તપની પૂર્ણાહૂતિ નિમિત્તે શ્રી સંઘ તરફથી સવારે ચૈત્ય પરિપાટી તથા **'તપનું વિશિષ્ટ સ્થાન'** જાહેર વ્યાખ્યાન. બપોરે શ્રી **અષ્ટાપદતીર્થની પૂજાનો** કાર્યક્રમ હતો. તેમાં ખાસ આમંત્રણથી **શ્રી ચતુરદાસ ચીમનભાઈ** તથા **રસીકભાઈની** આગેવાની નીચે રાજનગરનું પ્રસિદ્ધ **શ્રી જૈનધર્મ આરાધક મંડળ** આવેલ એમણે ભક્તિરંગની રેલમછેલ કરી.

(૧૦) તા. ૨૬મી એ મુંબઈના ચિંતક **'શ્રી કિરણ'** પધાર્યા હતા અને પોતાનાં ત્રણ ભાષણથી વિદ્યાર્થીઓને આજનાં જડ વિજ્ઞાનની પોકળતા અને અધ્યાત્મવાદની નક્કરતા સચોટ પૂરવાર કરી બતાવી હતી.

(૧૧) ખંભાત તથા પાલનપુરના શિક્ષાયતનના વિદ્યાર્થીઓનું છેલ્લા ૩ દિવસ સુભગ મિલન થયું હતું. પ્રભુશાસનના સાધર્મિક બંધુઓના મિલનનું આ દૃશ્ય સૌની એકતાનું દર્શન કરાવી ગયું હતું.

(૧૨) તા. ૨૮મી એ **પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિ. મ.** વિદ્યાર્થીઓને પ્રવચન આપી પૂ. ગુરુદેવશ્રીની આજ્ઞાથી **શ્રાવક દિનચર્યા** તથા **સાતક્ષેત્રની** રસમયરીતે સમજુતી આપી હતી.

(૧૩) તા. ૨૭મી એ ખીરનાં એકાસણા સાથે **'અરિહંત'** પદનાં જાપનું ભવ્ય અનુષ્ઠાન યોજાયું હતું. દરેક વિદ્યાર્થીને ૫૦૦૦૦ જાપ કરવાનો હતો. ઉપરાંત ૨૪ કલાકની અખંડ ધૂન માટે ૫-૫ વિદ્યાર્થીને ૦II-૦II કલાક નિયમ થયો હતો. 'ચત્તારિમંગલં' અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં, કેવલિપન્નતો ધમ્મો મંગલં આ અખંડ ધૂન વારાફરતી વિદ્યાર્થીઓએ મધુર સ્વરે પ્રભુના ફોટા સમક્ષ ધૂપ-દીપ સાથે જમાવી હતી.

૨૪ કલાકનો આ જાપયજ્ઞ સૌને અનેરો રસ ચખાવી ગયો. ઘણા વિદ્યાર્થીઓ એમાં ખૂબ તન્મય બની જતા જોયા હતા, આજે ખીરના એકાસણા શેઠ કસ્તુરભાઈ અમરચંદ તરફથી કરાવાયા હતા.

(૧૪) શિક્ષાયતન દરમ્યાન શિબિરનાં મંત્રી કેશવલાલ મોહનલાલ શાહ, રમણલાલ પરીખ ખંભાતવાળા, ચીમનલાલ પાલીતાણાકર, આમોદના શિક્ષક ઉદેચંદભાઈ વગેરેનાં ધર્મપ્રેરણા આપતા વક્તવ્યો યોજાયા હતા.

(૧૫) શિક્ષાયતન તરફથી હંમેશ ખારવાડામાં **શ્રી સીમંધર પ્રભુને** ભવ્ય આંગી

રચવામાં આવતી હતી.

શિક્ષાયતનમાં થયેલી અનેરી આરાધના :

છઠ	૯	બેઆસણા	૭૦૦
ઉપવાસ	૭૫	સામાયિક	૨૫૦૦૦
આયંબિલ	૩૦૦	પૌષધ	૩૫
એકાસણા	૫૦૦	પ્રતિક્રમણમાં ઉછામણી	

વૈ. સુ. ૧૪/૧. ૩૦૦૦ સામાયિક, વૈ. વ. ૧૪/૨. ૨૫૭૭ સામાયિક

પર્વતિથિએ થયેલી આરાધના.

- તા. ૩-૫-૬૬ : **વૈ.સુ. ૧૪**ની તપશ્ચર્યા.
- ૧૧ ઉપવાસ ૨૮ આયંબિલ, ૧૧૦ એકાસણા, ૪૦ બેસણા
- તા. ૧૨-૫-૬૬ : **વૈ.વ. ૮**ની તપશ્ચર્યા ૮ ઉપવાસ, ૨૫ આયંબિલ, ૧૧૦ એકાસણા, ૬૦ બેસણા
- તા. ૧૯-૫-૬૬ : ૨૩ ઉપવાસ, ૬૫ આયંબિલ, ૭૫ એકાસણા, ૪૫ બિયાસણા
- તા. ૨૫-૫-૬૬ : ૧૦ ઉપવાસ, ૨૨ આયંબિલ, ૩૦ એકાસણા, ૩૫ બિયાસણા

ઈનામ વિતરણ :

દરેક શિબિરમાં વિદ્યાર્થીઓને યોગ્ય ઈનામ અપાય છે. ૨૪૯ વિદ્યાર્થીઓને ૨૫૦૦નું ઈનામ અપાયું હતું તેમાં રૂા. ૧૦૦૧નું શેઠ રમણલાલ દલસુખભાઈ તરફથી હતું. ૯૬%-૫, ૮૬%-૧, ૭૦-૮૫%-૧૧, ૬૦-૭૦%-૨૧, ૫૦-૬૦%-૨૮, ૩૫-૫૦%-૭૯ અને કુલ ૨૪૯ વિદ્યાર્થીઓમાં ૧૪૯ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. વિદ્યાર્થીઓની અધ્યયન તથા પરીક્ષા અંગે ઘણી મહેનત હોવા છતાં પ્રશ્નપત્રના ઉત્તરો બહુ ચકાસી તપાસવામાં આવેલા હોવાથી પરિણામ ૬૦% આવ્યું. વિદ્યાર્થીના સદ્વર્તન અંગે તેઓને રૂા. ૨-૨નું ઈનામ અપાયું હતું.

- **પૂ. પંન્યાસજી મહારાજની ૯૬મી ઓળીના પારણા પ્રસંગે અદ્‌ભુત ઉછામણી વહોરાવવા માટેનો ક્રમ નામ તથા વિગત.**

૧. ૧૦ વર્ષમાં ૧૦ **અઠ્ઠાઈ કરવી. દિનેશચંદ્ર અમૃતલાલ શાહ**

૨. ૧૦ વર્ષમાં સોળ ઉપવાસ કરવાના (૧) સુભાષચંદ્ર નટવરલાલ **(ન થાય તો મૂળથી ઘી ત્યાગ) (૨) ઈન્દ્રવદન કાન્તિલાલ**

૩. ૧ વર્ષમાં ૫ હજાર નવી ગાથા કરવી... ૧ મુકેશચંદ્ર ન. શાહ ૧ વર્ષમાં ૩ હજાર **નવી ગાથા કરવી... ૨ જીતેન્દ્ર હીરાલાલ શાહ**

૪. ૧૮૦૦૦ હજાર આયંબિલ ૧૦ વર્ષમાં કરવાના. દરેક ૩૦૦
૬૦ x ૩૦૦ = ૧૮૦૦૦ કુલ ૬૦ વિદ્યાર્થીઓ
આયંબિલ ન થાય તો એકાસણા યા બેસણાથી પણ થઈ શકે.

૫. ૧૦ વર્ષમાં વર્ષીતપ કરવો... (ન થઈ શકે તો મૂળથી ઘી ત્યાગ)
(૧) ચંપકલાલ જેચંદભાઈ (૨) રમેશચંદ્ર સોમાલાલ

૬. ૧૦ વર્ષમાં ઉપધાન કરવા (ન થઈ શકે તો મૂળથી ઘી ત્યાગ)
(૧) બાબુભાઈ સરેમલ શાહ (તખતગઢવાળા)

૭. ૧૦ વર્ષમાં નવ્વાણું યાત્રા કરવી... અશોક અમૃતલાલ વાપીવાળા

૮. ૧૦ વર્ષમાં ૩ હજાર નવી ગાથાઓ કરવી. (દરેક વ્યક્તિદીઠ) ૯ વિદ્યાર્થીઓ

૯. આજીવન સિનેમા, નાટક અને સરકસનો સદંતર ત્યાગ (૧) ઝવેરી જગત કાન્તિલાલ (૨) ચંપકલાલ (૩) અશોકકુમાર (૪) ઈન્દ્રવદન શાન્તિલાલ (૫) શાન્તિલાલ ભુરમલ (૬) પ્રો. મજમુદાર સાહેબ

૧૦. ૫ વર્ષમાં વર્ધમાન તપનો પાયો નાખવો (ન બની શકે તો મૂળથી ઘી ત્યાગ) ૩ વિદ્યાર્થી

૧૧. વીસ સ્થાનક તપ (૧૦ વર્ષમાં) (૧) રમેશચંદ્ર કસ્તુરલાલ
(૨) હસમુખ બાબુલાલ (૩) વિનોદ જયંતીલાલ (૪) મહેશ જયંતીલાલ

૧૨. ૧૨॥ વર્ષમાં નવ લાખ નવકાર (દરરોજ ૨ બાંધી નવકારવાળી) ૬૦ વિદ્યાર્થીઓ.

૧૩. ૧૦ વર્ષમાં ૩ હજાર સામાયિક કરવાના. (વ્યક્તિગત પોતે) (૧) દિલીપ મૂળચંદભાઈ (૨) ઈન્દ્રવદન કાન્તિલાલ (૩) ભરત ચંદુલાલ (૪) પ્રો. મજમુદાર

૧૪. ૧૦ વર્ષમાં ૨૨૫૦ સામાયિક કરવાના. ૬ વિદ્યાર્થીઓ

૧૫. ૧૦ વર્ષમાં ૧૫૦૦ સામાયિક કરવાના. ૩૪ વિદ્યાર્થીઓ

૧૬. આજીવન દરરોજ એક વિગઈનો ત્યાગ (૧) અશોકકુમાર અચરતલાલ ૧૦ વર્ષ માટે ૧ વિગઈ રોજ ત્યાગ. ૪ વિદ્યાર્થીઓ

૧૭. ૧૦ વર્ષ નિયમિત રોજ ૧૪ નિયમ ધારવાના. (૧) જગત કાન્તિલાલ (૨) મુકેશ નવીનચંદ્ર

૧૮. ૧૦ વર્ષમાં ૯ અઠ્ઠમ કરવાના. ૧૮ વિદ્યાર્થીઓ

૧૯. ૧૦ વર્ષમાં ૯ છઠ્ઠ કરવાના. ૧૮ વિદ્યાર્થીઓ

૨૦. ૧૦ વર્ષમાં ૨૦૦ એકાસણા કરવાના. ૭૫ વિદ્યાર્થીઓ

૨૧. ૧૦ વર્ષમાં ૩૦ ઉપવાસ કરવાના. ૩૮ વિદ્યાર્થીઓ

૨૨. ૧૦ વર્ષમાં ૨૦૦ બેસણા કરવાના. ૩૨ વિદ્યાર્થીઓ

૨૩. એક વર્ષ ચોરી નહિ કરવી. ૪ વિદ્યાર્થીઓ

૨૪. ૧૦ વર્ષમાં એક લાખ સ્વાધ્યાય કરવો.
(૧) સંતોષ હજારીલાલ (૨) અશોક હિંમતલાલ

૨૫. ૧૦ વર્ષમાં ૨૦ પૌષધ કરવા. ૬૦ વિદ્યાર્થીઓ

૨૬. ૧૦ વર્ષમાં ૧૦ દેસાવગાસી. ૧૩ વિદ્યાર્થીઓ

૨૭. ૧૦ વર્ષમાં ૨ અતિથિસંવિભાગ. ૬ વિદ્યાર્થીઓ

૨૮. ૧૫ વર્ષ નવકારશીનું પચ્ચક્ખાણ. ૧૭ વિદ્યાર્થીઓ

૨૯. ૫ વર્ષ રાત્રી ભોજન ત્યાગ. ૨૫ વિદ્યાર્થીઓ

૩૦. ૧૦ વર્ષ રોજ સેવાપૂજા કરવી. (એક માસમાં ૨૦ દિવસ) ૫૫ વિદ્યાર્થીઓ

૩૧. એક વર્ષ સિનેમા ત્યાગ (Documentry Film)ની છૂટ ૨૫ વિદ્યાર્થીઓ

૩૨. ૫ માસ સુધી બેસણાં કરવાં. રજનીકાન્ત દલીચંદ દોશી.

માનદ્‌મંત્રી શ્રી શાન્તિલાલ સોમચંદ ચોક્સી (ભાણાભાઈ)નું ઉદ્‌બોધન

શિક્ષાયતનનો મંગળ પ્રારંભ : મારી માતૃભૂમિમાં તમને સૌને આવકારતાં મને અત્યંત આનંદ થાય છે. એક માસના આયોજનમાં તમે સૌએ પધારી મને જે સાધર્મિક ભક્તિ કરવાની તક આપી છે તે માટે હું તમારો આભાર માનું છું.

"આજનો મંગલમય દિવસ એટલે વૈશાખ સુદ ૧૧ આત્માનો કર્મથી સ્વતંત્રતાનો દિવસ. જૈન શાસનથી જિનેશ્વર દેવ અને જિનેશ્વર દેવથી જૈનશાસન એ રીતે અનાદિકાળથી ચાલ્યા આવતા પરમાત્માના શાસનમાં આ અવસર્પિણીમાં અંતિમ તીર્થપતિ અનંત ઉપકારી તીર્થંકર પરમાત્મા મહાવીર સ્વામી ભગવાને આજ દિવસે ધર્મ શાસનની સ્થાપના કરી હતી એ દિવસના દૃશ્યોની કલ્પના કરો."

અપાપાપુરીમાં પરમાત્માનું પધારવું. સમવસરણની રચના થવી. ઈન્દ્રો અને કરોડો દેવોની હાજરી. અગ્યાર ગણધરોનું ૪૪૦૦ વિદ્યાર્થીઓ સહિત આવવું. પ્રતિબોધ પામી બધાએ દીક્ષા લેવી. ભગવાન પાસે તત્ત્વની માંગણી કરી ત્રિપદી મેળવવી. દ્વાદશાંગીની રચના કરવી. પાંચ મહાવ્રત અને પાંચ પ્રતિક્રમણની પ્રસાદી

મેળવવી ચતુર્વિધ સંઘની સ્થાપના થવી, કેવા એ અદ્‌ભુત દશ્યો ! આ બધું એ જ દિવસે ! કેટલો બધો શ્રેષ્ઠ દિવસ. આત્માની સંપૂર્ણ સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનો સ્થાપના દિવસ ! કેવો આ મંગલમય દિવસ !

જગતના રાજ્યશાસન નીચે રહીને પણ જો આ ધર્મશાસનની હકુમત આપણા માથે ન હોય તો 'પછી શું'નો જવાબ '૮૪ લાખના ચક્કરે ચડી જવાનું એ જ આવે. ત્યારે આ શાસનની હકુમત માથે ધર્યાથી ઓછામાં ઓછું વૈમાનિક દેવલોકની પ્રાપ્તિ થાય છે. તેમ અહીંની જુગજુની વાસનાના બંધન તૂટી વૈરાગ્યના ઝગમગાટ સ્ફૂરી વીતરાગતાના પાયા નંખાય છે એવા અનંત કલ્યાણસાધક શાસનની આજે વર્ષગાંઠ-સાલગીરી.

એવા આ મંગલમય દિવસે આજે આપણાં આયોજનની શુભ શરૂઆત થાય છે એ પણ આપણાં મહાન ભાગ્યની નિશાની છે.

જગત આજે સુખ અને શાંતિ માટે વલખાં મારી રહ્યું છે. એ માટે ભૌતિક સાધનો સગવડો પણ પૂર્વના કાલ કરતાં ઘણી ઘણી વધારી રહ્યું છે. એના ઉપયોગથી સુખ શાંતિ કેમ વધુ ને વધુ અનુભવી શકાય એ માટે નવી જાતની સમાજ વ્યવસ્થા અને નવીન જીવન પદ્ધતિ અપનાવવા માંડી છે. તેમજ ભૌતિક કેળવણી પણ ધૂમ પ્રમાણમાં વિકસાવી અને વિસ્તારી દીધી છે. આટલું છતાં હકીકત કહી જાય છે કે સુખ શાંતિ જાણે રહી સહી પણ અદશ્ય થવા માંડી છે.

આજના દુઃખદ સુખ અને અશાંતિનો ઈન્કાર થઈ શકે એમ નથી. પૂર્વે આ સ્થિતિ નહોતી. દૂર વર્ષોની વાત તો પછી, પણ નજીકના વર્ષોની સ્થિતિ જોઈએ તો પણ દેખાય છે કે એ વખતે કહેવાતા નીચા જીવન ધોરણમાં મહિને ૪૦ રૂા. કમાનારો માણસ શાંતિથી રૂા. ૨૫માં જીવન ધોરણ નભાવતો અને રૂા. ૧૫ બચાવી શકતો. તે આજે રૂા. ૫૦૦/૦૦ કમાતા છતાં બૂમ મારે છે કે પૂરું થતું નથી. આજે મોંઘવારી પાંચ-સાત-દશગણી વધી ગઈ છે અને ક્યાંય તો તેથી પણ વધુ મોંઘવારી વર્તાય છે. આને જીવન ધોરણ ઊંચું આવ્યું કહેવામાં આવે છે. જે ખરેખર તો ઊંચું કિંમત ધોરણ જ છે પણ સુખ શાન્તિનું ધોરણ તો નીચું ઊતરી ગયું છે એટલું નહીં પણ સત્ય, દયા, નીતિ, વગેરે સદાચારોનું ધોરણ સાફ થવા લાગ્યું છે. આવક પૂર્વ કરતાં આઠ-દશ ગણી હોવા છતાં બચતનાં ફાંફા ઉપરથી લગન આદિ ટાણા કે બીમારી આદિ પ્રસંગો આવતા દેવું કરવું પડે છે અને કેવી કેવી રીતે પૈસા ઊભા કરે છે અને કેવી કેવી રીતરસમથી ઉપયોગ કરે છે, તેનું ચિત્ર ભયંકર છે. અસત્ય, અનીતિ, કાળા બજાર, લાંચ રૂશ્વત, માલમાં ભેળસેળ,

બનાવટી ચીજ વસ્તુ, દંભ વગેરે આજે ધનાર્જનમાં સુલભ અને આવકાર્ય થઈ ગયો છે. ત્યારે ધનના ઉપયોગમાં દયા, ઈન્દ્રિય-સંયમ, સદાચારો, પરસ્પરની સહિષ્ણુતા, પરોપકાર, વગેરે લોપાતા જઈ નિર્દયતા ઉદ્‌ભટતા દુરાચાર, ઈર્ષ્યા, સ્વાર્થાંધતા વગેરે બેફામ વધી ગયા છે.

પૂર્વે મનુષ્ય તે મનુષ્ય ઉપરાંત પશુપંખી અને કીડા કીડી જેવા પ્રાણીઓની દયા પણ કરતો, આજનાં સાધન સગવડ ઊભી કરવામાં પ્રાણી-દયા. સરાસર વિસારી, એ મૂક અને નિરપરાધી પ્રાણીઓની ક્રૂર કત્લેઆમ ચાલી રહી છે. ચામડાં અને હાડકાની બનાવટો તથા વિટામીન્સ અને દવાઓના ઉત્પાદન વગેરેમાં પશુસુષ્ટિ પર આજનો માનવ કાળો કેર વર્તાવે છે. માંકડ, મચ્છર, માંખી, વાંદા, વાંદરાં વગેરેની નાશક દવાઓ શોધવા, બનાવવાં પ્રસારવા અને વાપરવામાં માણસ માણસાઈ ગુમાવી રાક્ષસી લીલા ખેલી રહ્યો છે. ત્યારે માનવ દયા પણ કેવી અદશ્ય થતી જાય છે. સામ્યવાદના ભયંકર માનવ હત્યાકાંડ, કહેવાતી લોકશાહીમાં સરમુખત્યાર શાહી, જૂથબંધી, પ્રાંતવાદ ચૂંટણી આદિની રીતરસમો ડગલે ને પગલે લાંચ તથા અનીતિભર્યા કોન્ટ્રાકટી સર્જનો કરી અગર તો કાકા-મામાને ધંધામાં પ્રેફરન્સ (તક) આપી વગેરેમાં માનવદયા તો શું પણ દેશબંધુની દયા પણ ક્યાં રહી ? પૂર્વના કાળે માણસ પોતે ભૂખ્યો રહીને પણ બીજાને ખવરાવવાનું કરતો. આજે પોતાનું ભરાઈ ગયા પછી પણ એક પ્રાંત બીજા પ્રાંતને દેવાને તૈયાર નથી. ઉપરથી અમેરિકા પાસે ભીખ માંગવા નીકળાય છે. બંધુ દેશના બંધુને ન આપે અને વિદેશમાં ભીખ માગવા નીકળાય એ કેવી માનવ દયા !

ત્યારે આજના વિલાસવાદે ઉગતી પ્રજામાં જે ભયંકર અનિષ્ટો પ્રસરાવ્યા છે તે પવિત્ર સદાચારી હૃદયને કમકમાટી કરાવે તેવા છે. કુમાર-કુમારિકાઓના સ્વેચ્છા-વિહાર, કન્યાઓના સ્વચ્છંદ વર્તાવ અને ઉદ્‌ભટ વેશવર્તન સંતતિ નિયમનોના સાધનોની સગવડથી ફુલ્યાં ફાલ્યાં વ્યભિચાર, બીજી બાજુ વાતવાતમાં હડતાળ, પોતપોતાનાં પક્ષોનો દુરાગ્રહ અને યથેચ્છ તોફાનો વગેરે સસ્તા થઈ ગયા, આ બધામાં સુખ-શાંતિ કેવી અને કેટલી ?

અશાંતિ-કલેશ, કષ્ટનું ધોરણ, અસત્યનું ધોરણ, અનીતિનું ધોરણ, હિંસાનું ધોરણ; વિલાસ વ્યભિચારનું ધોરણ વગેરે વગેરે ધોરણો જેમાં ઊંચા ગયા હોય એ શું માનવજીવનનું ધોરણ ઊંચું આવ્યું કે પાશવી જીવનનું ?

આ અનિષ્ટનું નિદાન શોધ્યા વિના હજી આગળ ને આગળ નવી રીતરસમોમાં ધપી રહેલો માનવ ક્યાંથી સુખ શાંતિ દેખવાનો ?

નિદાન આ છે કે ભારતની પ્રાચીન, આધ્યાત્મિક સંસ્કૃતિ ભૂલી પશ્ચિમની ભૌતિક વિચારધારા અને જીવનસરણીના અપનાવેલ આંધળાં અનુકરણોએ આ ભયંકર અનિષ્ટોનું ઉત્થાન કર્યું છે અને અજ્ઞાન અને મૂઢ દશામાં સુખ શાંતિને હાથે કરીને લોપી નાંખી છે. 'બે દુ ચાર' જેવો હિસાબ છે કે પૂર્વે આધ્યાત્મિક પ્રધાન જીવન હતું તો આ બદીઓનો વ્યાપક વિસ્તાર નહોતો. સુખશાંતિ સારી રહેતી. આજે કેવળ ભૌતિકતાનો પવન છે. આ પારાવાર બદીઓ વધી છે. અને સુખશાંતિને લગભગ દેશવટો છે.

આથી ફલિત થાય છે કે અનર્થો અટકાવી સુખ શાંતિ પુનર્જીવિત કરવા માટે જીવન આધ્યાત્મિકતા પ્રધાન બનાવવું જોઈએ. આજના કેવળ ભૌતિક કેળવણીના ઢાંચા પર ઢળાતી નવી પ્રજા આધ્યાત્મિક શિક્ષણ સંસ્કરણથી તદ્દન વંચિત રહી યુગના ભૌતિક પ્રવાહમાં તણાયે જાય છે અને કેવા અનેકાનેક અનિષ્ટોના ભોગ બને છે એ સ્પષ્ટ દેખાય છે.

આજનું કહેવાતું વ્યવહારિક શિક્ષણ 'જીવનને બાદ કરી જડના વિકાસ સિવાય કશું આપી શકતું નથી.' જડના વિકાસમાં તો પશુધર્મોનો હરિફાઈ ભર્યો વિકાસ થાય પણ એમાંથી ક્રાંતિકારી ઉચ્ચ માનવગુણો ઉર્ધ્વીકરણ ન થાય એમાં શી નવાઈ ? અનંતશક્તિ અને જ્ઞાનમય સમૃદ્ધિના માલિક એવા આત્માને ભૂલી ભ્રામક ભૌતિક સુખ અને ભૌતિક પ્રગતિ પાછળ દોડી રહ્યાનું આ ફળ છે. આધ્યાત્મિક જીવન જ એમાંથી ઉગારી શકે.

વર્તમાન વિષમ પરિસ્થિતિમાં સમ્યગ્જ્ઞાન અર્થાત્ ધાર્મિક શિક્ષણ અને આધ્યાત્મિક સંસ્કાર સિંચનની વ્યવહારુ અને શક્ય યોજનાઓનો અમલ એ નવી પ્રજાને સન્માર્ગે લાવવાનો એક ઉપાય છે, આજના વિદ્યાર્થીઓમાં તીવ્ર જિજ્ઞાસા અને પ્રચંડ સાધના શક્તિ છે. એ પણ એક હકિક્ત છે. એમના આજના બુદ્ધિવાદી માનસ પર કેવળ બળજબરાઈ યા લાલચ અસર કરી શકતા નથી પણ ઘણીવાર વિપરીત પ્રત્યાઘાતો લાવે છે. વિદ્યાર્થીઓ પોતે સમજતા થાય કે સુખ અને શાંતિ કેવી રીતે અને ક્યાં મળે ? આત્માનું અસ્તિત્વ અને અનંત શક્તિ, સમૃદ્ધિ કેવા તર્કસિદ્ધ છે ? એ કેમ પ્રગટે ? શ્રદ્ધાનાં પાયા પર બુદ્ધિ કેવી રીતે આશીર્વાદભૂત બને છે ઇત્યાદિ સમજતા થાય એ માટે પ્રેરણા, માર્ગદર્શન, સૂચના આપી તેમની શક્તિઓનું ઉર્ધ્વીકરણ કરવાની જરૂર છે. એ માટે તેમનામાં અડગ શ્રદ્ધા ઉગાડીએ તો જ સંગીન પરિણામ આવી શકે. શ્રદ્ધા હશે તો જ આચાર ટકશે. શ્રદ્ધા વિનાનો આચાર પત્તાના મહેલ જેવા છે. આ કાળની સૌથી પ્રથમ અને મહત્ત્વની જરૂરિયાત છે સમ્યગ શ્રદ્ધા અને સમ્યગ આચારો.

આ દૃષ્ટિએ આજના કાળમાં તાત્કાલિક વ્યવસ્થા અને શક્ય યોજના તરીકે ઉનાળાની લાંબી રજાઓ કે જેમાં મોટા ભાગે વિદ્યાર્થી પ્રમાદી થઈ સમયનો દુરુપયોગ કરતો હોય છે, તેનો સદુપયોગ કરવા વિચારવામાં આવ્યું. એ માટે શિબિરોની યોજના કરી ભગવાને કહેલ રત્નત્રયીની આંશિક આચરણો બાદ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણ દૃષ્ટિએ વિદ્યાર્થીઓમાં સુંદર પ્રગતિ થઈ છે. શિબિરોમાં સખત ગરમીની ઋતુમાં દસ-બાર કલાક કડક સમયપત્રકમાં વિદ્યાર્થીઓએ આનંદ અને ઉત્સાહથી અભ્યાસ કર્યો, વિનય કેળવ્યો, તપ કર્યો, ગુરુભક્તિ, જિનભક્તિ, સાધર્મિભક્તિ વગેરેનો લાભ લીધો.

ઘેર ગયા પછી માબાપનાં આજ્ઞાંક્તિ બન્યા, શિબિર દરમ્યાન લીધેલા વ્રત નિયમનું પાલન કર્યું અને તેથી પ્રભાવિત કર્યાં. કેટલાક કિસ્સામાં મા બાપોનાં જીવન પણ બદલાયા હતા. આધ્યાત્મિક શિક્ષાયતનની પત્રિકામાં જણાવેલ પૂજ્ય આચાર્ય ભગવંતોના આગેવાન શ્રાવકોનાં વિદ્યાર્થીઓનાં પોતાના અભિપ્રાયો તથા **દિવ્ય-દર્શન,** જૈન શિક્ષણ પત્રિકામાં વિદ્યાર્થીઓનાં પ્રગટ થયેલાં લેખો તથા અમારી પાસે પડેલ અપ્રગટ પત્રો તથા મા-બાપોનાં અભિપ્રાયો, પૂજ્ય મુનિવર્યોનાં, શિબિરના વિદ્યાર્થીઓનાં અનુભવો વગેરે આ વાતની સાક્ષી પૂરે છે.

એકવાર વિદ્યાર્થીઓનાં દિલમાં પાપનો ડર ઉગે એટલે ચારિત્ર્ય ઘડતર આપોઆપ આગળ વધે છે. આ પ્રયોગોમાં સફળતા મળ્યા બાદ અમોને લાગે છે કે આજનાં વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતર માટે ભારતભરમાં જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં સુવિહિત મુનિવર્યોની નિશ્રામાં ઠેર-ઠેર આધ્યાત્મિક શિક્ષાયતનો યોજવા જોઈએ, જેથી વાતાવરણ આધ્યાત્મિક બની જાય. આજના વિદ્યાર્થીઓ ભાવી સમાજના સ્થંભ છે. તેમના ચારિત્ર ઘડતર પર જ સમાજનું ભાવિ અવલંબેલું છે.

આ કાર્યમાં અમો હંમેશાં સ્વનિરીક્ષણ અને ક્ષતિ પરિમાર્જનનું લક્ષ રાખતા આવ્યા છીએ. વિદ્યાર્થીઓ તથા અન્ય શાસન હિતચિંતકોનાં સૂચનો પણ ખુલ્લા દિલથી આવકાર્યા છે. આ પ્રવૃત્તિ અમે શરૂઆતથી જ પૂજ્ય આચાર્યદેવોની નિશ્રામાં તેમના માર્ગદર્શન મુજબ અને સંમતિથી કરી છે અને ભાવિમાં પણ તેઓશ્રીની સૂચના રાખીને જ કરીશું તેની ખાત્રી આપીએ છીએ કારણ કે અમારે જિનાજ્ઞા પાલન એ જ મુખ્ય ધર્મ છે.

શિબિર શબ્દ બાબતમાં ક્યાંક કોકનું મન દુભાતું એટલે હવેથી આ આયોજનનું નામ **"શ્રી જૈન ગ્રીષ્મ આધ્યાત્મિક શિક્ષાયતન"** રાખેલ છે.

આ શિક્ષાયતનને મુખ્ય સંબંધ મેટ્રીક કૉલેજના વિદ્યાર્થીઓને સમ્યગ્જ્ઞાન

આપવા સાથે છે છતાં અન્ય નાના મોટાં જિજ્ઞાસુ પણ લાભ લે છે. આજના વિદ્યાર્થીઓ ધર્મરહિત હશે પણ ધર્મ વિરુદ્ધ નથી, એ હકીકત પણ પુરવાર થઈ ચૂકી છે. તેમને પ્રેમથી રુચિપૂર્વક યોગ્ય વાતાવરણમાં સમ્યગ્જ્ઞાન આપવામાં આવે તો જરૂર સદાચારો, સદ્અનુષ્ઠાનો પ્રગટી શકે એ અમે અનુભવ્યું છે. સમ્યગ્જ્ઞાન દાનના આવા પ્રયોગો અનંત ઉપકારી તીર્થંકર ભગવંતે ફરમાવેલ માર્ગે ચાલી ભવ્ય જીવો ભવ્યત્વ પકવી મુક્તિની નિકટ થાઓ એ ભાવનાનું બીજ રોપે છે. ઊંધે માર્ગે જતા વિદ્યાર્થીઓને માર્ગે લાવી આગળ પ્રયાણ કરાવે છે.

અમારું ધ્યેય માત્ર જ્ઞાન પ્રાપ્ત કરાવવાનું નથી પણ સમ્યગ શ્રદ્ધાના ઊંડા મૂળ નાખી જ્ઞાનના ફળરૂપ સદાચારને પ્રગટાવવાનું કે જે વિદ્યાર્થીઓએ કરેલ તપ અને લીધેલ વ્રત નિયમો પરથી આપ સૌ જોઈ શકો છો.

વિજ્ઞાન યુગમાં ભયાનક ભૌતિકવાદ ધસમસી રહેલો છે એવી બૂમો મારવાથી પરિણામ આવવાનું નથી. જરૂર છે સામા પૂરે તરી જાય એવા તરવૈયાઓ તૈયાર કરવાની અને તે માટે જ આવા આયોજન અંશે પણ સફળ માલૂમ પડ્યા છે.

આજથી આધ્યાત્મિક શિક્ષાયતન શરૂ થાય છે. વિદ્યાર્થીઓ રજાઓના દિવસોની યથેચ્છ હરવા ફરવાની અને ફિજુલ વાતો અને તુચ્છ લહેર કરવાની તક મૂકીને આમાં આધ્યાત્મિક શિક્ષા લેવા આવવા ભાગ્યશાળી બન્યા છે. એમને અહીંથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની સમગ્ર કાર્યવાહીમાં ઉલ્લાસ અને ધૈર્ય રાખવા ભલામણ છે. ભૂતકાળનો અનુભવ છે કે કોઈકને શરૂઆતમાં બે ત્રણ દિવસ જરાક કઠિનાઈ લાગે છે પણ પછી બીજાઓ સાથે એટલો બધો આનંદ આવ્યો કે મહિનો પૂરો થતાં ઘરે જવાનાં અવસરે સહુનાં દિલ દુભાયા. કેટલાકને આંખમાં આસું આવ્યા અને દરેકને એમ થયું કે ફરી ક્યારે આવા આયોજનમાં આવીયે.

અહીંના કાર્યક્રમમાં સવારે ઉઠતાં સામાયિકમાં બેસવાનું. વળી કેટલાય વિદ્યાર્થીઓ પણ આખા દિવસના વિવિધ વર્ગોમાં સામાયિકોમાં જ રહીને અભ્યાસ કરે છે એ સમ્યગ્ચારિત્રની પ્રવૃત્તિ છે. એમ નવકારશી તપથી માંડી એકાસણા આયંબિલો ઉપવાસો કરે છે અને વર્ગોમાં ભાવોલ્લાસ વધવાથી વિવિધ નિયમો લે છે એ પણ સમ્યગ્ચારિત્રની પ્રવૃત્તિ છે. સવારે પ્રાર્થના, દરેક વર્ગના પ્રારંભમાં પ્રભુનું સ્તવન-ગીત, દેવદર્શન, પૂજા જિનવાણી શ્રવણ પોતાનાં દ્રવ્યનું પ્રભુ આગળ સમર્પણ વગેરે સમ્યગ્દર્શનને લાવવાવાળી પ્રવૃત્તિથી ભરપૂર છે. માટે આ શિક્ષાયતન સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની ભરચક આરાધનાનો સુંદર લાભ આપશે.

પરમ પૂજ્ય સિદ્ધાંત મહોદધિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી

મહારાજ સાહેબના અમો ભવોભવના ઋણી છીએ કે જેમને અમારી આ પ્રવૃત્તિઓમાં હંમેશાં અમને ખૂબજ પ્રોત્સાહિત કર્યા છે. સચોટ માર્ગદર્શન આપ્યું છે, અને અમારી વિનંતીને ધ્યાનમાં લઈને પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબને વિશાળ સમુદાયનો ચિંતાનો બોજ હોવા છતાં ને અનેકવિધ શાસનનાં કાર્યો તેમજ ઘોર તપશ્ચર્યા ચાલુ હોવા છતાં આ કાર્ય માટે આજ્ઞા આપી છે.

આ પ્રયોગોનાં મૂળમાં, સિંચનમાં અને ફળ સ્વરૂપ બનાવવામાં આપણને આ મહાન જ્ઞાની સાથે તેટલા જ તપસ્વી, ચારિત્ર્યશીલ, અજોડ પુરુષાર્થી મનોવિજ્ઞાની પદ્ધતિથી આધુનિક વિદ્યાર્થીઓમાં અજોડ સંસ્કાર કરનાર મહાન વિભૂતિનો સુયોગ પ્રાપ્ત થયો છે. શિબિરોમાં આજે જે કોઈ સિદ્ધિ દેખાય છે તે સંપૂર્ણપણે તેમના જ પરિશ્રમને આભારી છે. તેઓ મહાન ભોગ આપીને આપણા ઉપર ઉપકાર કરી રહ્યા છે તે નજર સમક્ષ રાખી તેમના ઉપકારી એક એક શબ્દને અમૂલ્ય સમજી જીવનમાં ઉતારીએ તો જ આપણે કૃતજ્ઞ કહેવાઈએ. તેમનાં એક એક શબ્દ પાછળ સેંકડો શાસ્ત્રોના પરિશીલનો, વર્ષોનો ગુરુ વિનય અને ભક્તિ અને આયંબિલની સતત તપશ્ચર્યાનું બળ રહેલું છે.

જૈન શાસનના બહુશ્રુત ગીતાર્થ આચાર્ય ભગવંતો તથા મુનિભગવંતોના આશીર્વાદ અને દોરવણીથી અમારા ઉત્સાહમાં અનેરો વધારો થયો છે.

આ સાલના આ આધ્યાત્મિક શિક્ષાયતન માટે અમોએ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય દક્ષસૂરીશ્વરજી મહારાજ સાહેબને તથા પરમપૂજ્ય પંન્યાસજી શ્રી મંગળવિજયજી મહારાજ સાહેબને અને પરમપૂજ્ય પંન્યાસજી શ્રી ચંદ્રોદયવિજયજી મહારાજ સાહેબને મળી આગ્રહ ભરી વિનંતી કરી હતી પરંતુ એઓશ્રીને રોકાણો તેમજ તબીયતની પ્રતિકૂળતા આદિનાં કારણે અમારી વિનંતી સ્વીકારવાનું શક્ય બન્યું નથી.

આ સાલની આધ્યાત્મિક શિક્ષાયતન ખંભાત ખાતે યોજવામાં અમોને સંપૂર્ણ સહકાર તેમજ સાધનાની સામગ્રી ખૂબ જ આનંદ અને ઉત્સાહપૂર્વક પૂરી પાડવા માટે શ્રી જૈન તપગચ્છ અમર જૈન શાળાના, શ્રી એજ્યુકેશન સોસાયટીના, શ્રી જૈન વિશાશ્રીમાળી સમાજના વહીવટી કર્તાઓનો તથા અન્ય કાર્યકરોનો અને દાતાઓનો આ તકે અમો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

શાસન દેવો અમારા આ કાર્યને સફળ બનાવવા કૃપાવંત બને એ જ અભ્યર્થના.

શિક્ષાયતનમાં કયા વિષયોનું અધ્યયન ?

પૂર્વ શિબિરોમાં નહિ આવેલ વિદ્યાર્થીઓને (૧) નવકારસૂત્રાદિ શ્રી આવશ્યક સૂત્રોનાં ભાવ અને પૂર્વે આવી ગયેલાને શ્રી વંદિત્તાસૂત્રની ટીકાના પદાર્થ; તથા નવાજુના વિદ્યાર્થીઓને (૨) જૈનધર્મનો સરળ પરિચય ભા. ૧, (૩) શ્રી પંચસૂત્ર, (૪) ચૈત્યવંદન ભાષ્ય, તથા (૫) ધ્યાનશતકના પદાર્થોની વાચનાઓ આપવામાં આવતી. ઉપરાંત જૂનાને (૬) શ્રી ગણધરવાદ તથા (૭) શ્રી ષોડશક સમજાવતા.

(૧) **શ્રી આવશ્યક સૂત્રમાં :**

અક્ષરોનાં કંઠ્યાદિવર્ગ, એના સંયુક્તાક્ષર તથા અનુસ્વરાદિનું શુદ્ધઉચ્ચારણ ક્યા અક્ષર ઉપર ભાર મૂકવાનો ? ઉચ્ચારણમાં જરાક અશુદ્ધિથી થતા અનર્થ, દા.ત. 'સવ્વ સાહૂણં' ને બદલે 'સવસાહૂણં' બોલતાં 'મડદા સાધુને' એવો અર્થ થાય 'સવ્વન્નૂણં' ને બદલે 'સવ્વનૂણ' બોલવામાં (ભગવાન) સર્વથી ન્યૂન એવો અર્થ થાય આ કેટલો મોટો અનર્થ ? વગેરે બતાવાયું. બાદ "નમો અરિહંતાણ" ને 'નમોત્થુણં અરિહંતાણ'નાં અર્થમાં તફાવત, પહેલામાં 'હું નમસ્કાર કરું છું' નો રોકડો વ્યાપાર, બીજામાં 'નમસ્કાર હો' નો વાયદાનો વેપાર; એ પ્રસંગમાં ઈચ્છાયોગ-શાસ્ત્રયોગ-સામર્થ્ય યોગની સમજ. અનંતા પંચપરમેષ્ઠિનું ચિત્ર, માળા કે વેઢાનો ઉપયોગ વિના સમવસરણનાં ૩ ગઢની ૧૨ રેખા પર ૯-૯ મીંડાની ધારણા એકાગ્ર ૧૦૮ જાપની રીત. 'પંચેન્દ્રિય સૂત્ર'માં નિવૃત્તિમાર્ગ-પ્રવૃત્તિમાર્ગ. પંચાંગ પ્રતિપાતમાં યાપનિકા નૈષેધિકી. 'ઇચ્છકાર'માં ઇચ્છાકાર સામાચારી તથા પાંચપૃચ્છા 'ઈરિયાવહિયં'માં ખૂનીના જેવા ગદ્‌ગદ સપશ્ચાત્તાપ ઈકરાર, જીવસંગ્રહ તથા ૧૦ વિરાધના, 'અનત્થ' નહિ પણ 'અન્નત્થ'માં કાઉસ્સગ્ગનાં આગાર, 'કરેમિભંતે'માં સમભાવ કેમ પ્રાપ્ય ? 'લોગ્ગસ્સ'માં ૨૪ ભગવાનનું ચિત્ર, પ્રાર્થના આશંસા 'સામાઈયવયજુત્તો'માં 'જાવમણે હોઈ નિયમ સંજુત્તો' પદથી વ્રતનિયમનું માહાત્મ્ય, ચંદનબાળાને ત્યાંથી વહોર્યા વિના પાછા ફરતાં પ્રભુના ભાવનું રહસ્ય, 'નમુત્થુણં'માં સંપદાઓના વિભાગ, 'પુરિસુત્તમાણં' આદિ ૪ પદમાં પ્રભુનું સમગ્ર સંસાર જીવન, 'અભયચક્ષુ માર્ગ' વગેરેમાં ક્રમિક આત્મોત્થાન માર્ગ, 'ધર્મચતુરન્ત ચક્રવર્તી'માં સમ્યગ્દર્શનાદિ દાનાદિ સાશ્રવાદિ-યોગાત્મક એ ચાર પ્રકારનો ધર્મ, 'જિણાણં' આદિમાં ૧૦-૧૨-૧૩-૧૪ મા ગુણસ્થાનક અને સમુદ્ર મગરમચ્છ પર જીત..., તથા જિનાદિનાં ૪ ચિત્ર, 'સવ્વલોએ', 'જાવંતિચેઈઆઈ' અલોકમાં રહી લોકના 'સર્વજિનબિંબનું દર્શન', 'જયવીયરાય'માં લૌકિક-લોકોત્તર સૌંદર્ય, દુઃખક્ષયાદિ ક્રમિક ચારની માગણી, 'સર્વમંગલ માંગલ્યં'માં શાસનની અનુમોદનાં 'તસ્સઉત્તરી' 'અરિહંત

ચેઈઆણં'માં કાઉસ્સગ્ગના નિમિત્ત-હેતુ, વંદન-પૂજન-સત્કાર-સન્માન-એ ૪ પ્રકારની અર્હદ્‌ભક્તિ, જૈનશાસનમાં અનુમોદનાનું મહત્ત્વ, ઇત્યાદિ ઇત્યાદિ વિષયોનું અધ્યયન કરાવાયું.

(૨) **'પંચસૂત્ર'**માં જીવનાં અનાદિ ભ્રમણ પાછળ 'અહં-મમ'નાં ખોટા લેબલ, તત્ત્વનો અંધકાર, ઉચ્ચપ્રકાશ, પાંચસૂત્રના અધિકાર, ફળ, હેતુ, પંચસૂત્રનો માર્ગ 'સત્=સત્ય ને સુંદર કેવી રીતે ? ૯૮ પુત્રોને ઋષભદેવ પ્રભુનો ઉપદેશ; ધર્મબીજ, ૩ પ્રકારનાં જ્ઞાન, વિષય પ્રતિભાસ આત્મપરિણતિ તત્ત્વસંવેદનજ્ઞાન; પાપ પ્રતિઘાત-ગુણબીજાધાન, સબીજ-નિર્બીજ ક્રિયા, ભવાભિનંદીનાં ૮ દુર્ગુણ, નારદ-પર્વત, કપિલ, સુભૂમ, કંડરીક-સિંહગુફાવાસી મુનિ, મમ્મણ, શેઠ તિજોરીમાં, વિધવા બેનની બે ભાઈ પ્રત્યે માયા, ચંદ્રકાન્ત-ચંદ્રકાન્તાદિનાં દૃષ્ટાંત, અવ્યવહાર રાશિમાંથી મુક્તિ, અનાદિ સહજમળ હ્રાસનાં ૩ લક્ષણ, ૪ યોગદૃષ્ટિ, **યોગાંગ** અહિંસાદિયમ, નિયમમાં શૌચ-સંતોષ સ્વાધ્યાય તપ-ઈશ્વર પ્રણિધાન, આસન-મુદ્રાદિ, ભાવ પ્રાણાયામ બાહ્યભાવનું આંતરભાવનું પૂરક-કુંભક, ગુણ-અદ્વેષ, જિજ્ઞાસા, શુશ્રૂષા, શ્રવણ, **દોષ** ખેદ ઉદ્વેગ, ક્ષેપ-ઉત્થાન, ૫ યોગબીજ, અપુનર્બંધકનાં ૩ લક્ષણ, ભવિતવ્યતાદિ ૫ કારણ, વીતરાગના અનાદિ જીવ-ભવ-કર્મસંયોગ અંગે ઉપદેશ, ● સંસારની દુઃખરૂપતા, દુઃખફલકતા, દુઃખપરંપરા-સર્જકતા, ● તેના ઉચ્છેદનાં ૩ સાધન, શુદ્ધધર્મ-પાપવિગમ તથા ભવિતવ્યતાદિ પરિપાક, પરિપાકનાં ૩ સાધન,-ચતુઃશરણ-દુષ્કૃતગર્હા-સુકૃતાનુમોદના, એની વાસ્તવિકતાનું કારણ, ભવસ્થિતિ-દૃઢતાનાં ૩ કારણ, અહંત્વયુક્ત મિથ્યામતિ, દુષ્કૃતરસ, સુકૃતદ્વેષ, (૧) શરણ સ્વીકાર યથાર્થ ક્યારે ? અરિહંતાદિ ચારની દરેકની વિશેષતાઓ, 'અરિહંત...પરમત્રિલોકનાથ અચિંત્ય-ચિંતામણિ, સિદ્ધ...કર્મકલંકરહિત સર્વથા કૃતકૃત્ય, સાધુ...પ્રશાંત ગંભીરાશય ધ્યાનાધ્યયન યુક્ત,' કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ...સુરાસુરેન્દ્ર પૂજિત, સર્વ કલ્યાણ હેતુ'નાં રહસ્ય; (૨) અરિહંતાદિ પ્રત્યે સદ્‌ આચરણ પાંચ રીતે તેના મિથ્યા દુષ્કૃત (૩) અરિહંતાદિના વિવિધ સુકૃતનું અનુમોદન, વીતરાગ દેવનો અચિંત્ય પ્રભાવ, હિતાહિત જ્ઞાનાદિની પ્રાર્થના, સંકલેશનિવારણોપાય વગેરે વિષયોનો બોધ આપવામાં આવ્યો.

(૩) **'ચૈત્યવંદનભાષ્ય'**ના વિષયમાં શ્રી જૈન પંચાંગી આગમની સમજ આપવાપૂર્વક આ. શ્રી દેવેન્દ્રસૂરિજીકૃત દેવવંદનભાષ્યના પદાર્થો. એનાં પરના 'શ્રી સંઘાચારભાષ્ય'ના કેટલાક પદાર્થો સાથે સમજાવવામાં આવતા. જેવા કે ચૈત્ય શબ્દાર્થ, ભાષ્યના ૨૪ દ્વાર, એને અલ્પ સમયમાં કડીબદ્ધ યાદ કરવાની રીત, એમજ મંદિર અંગેના ૧૦ ત્રિક (૩૦ બાબતો) ૧૦ મિનિટમાં કંઠસ્થ કેમ કરવું ? પ્રદક્ષિણાનું

રહસ્ય, પ્રદક્ષિણા ફરતાં સ્તોત્રોચ્ચારણ, પૂજામાં દ્રવ્યાર્પણ એ કૃતજ્ઞતા, પૂજાના પ્રકાર ૨-૩-૪-૮, પૂજાફળ, પ્રમાર્જના રહસ્ય 'ઈરિયાવહિય' દરેક ક્રિયામાં શા માટે ? મહા નિશીથ સૂત્ર શું કહે છે ? ૩-૩ આલંબન મુદ્રાઓ, અભિગમનાં મર્મ, વંદના-નમસ્કાર પ્રણિપાતમાં તફાવત, વિધિની અવગણનામાં ઘોર પાપ-જિનની પાંચ સુંદર અવસ્થા પર શું શું ચિંતવવું ? યોગશાસ્ત્રોક્ત પિંડસ્થાદિ ૪ અવસ્થા, દંડક સૂત્ર એટલે ? ઈરિયા૦ નમુત્થુ૦ અરિહંતચેઈ૦ વગેરેમાં વિવિધ સંપદાના ભાવ, કાયોત્સર્ગનાં નિમિત્ત અને હેતુ તથા આગાર અને દોષત્યાગ, જિનના પ્રકાર, જિન-મૂર્તિ-શ્રુત-સિદ્ધ વંદનીય; શાસન દેવ સ્મરણીય કેમ ? ચૈ. સૂત્રોમાં ૧૨ અધિકાર કયા અને કયા ? અવગ્રહ શું શા માટે ? પ્રણિધાન વગેરે સમજાવાયું.

(૪) **ધ્યાનશતકમાં :** શુભ-અશુભ ધ્યાનમાં અચિંત્યફળ, પ્રસન્ન-ચંદ્રરાજર્ષિ, તંદુલીઓ મચ્છ; ભાવના-અનુપ્રેક્ષા-ધ્યાનનો તફાવત-પાર્શ્વનાથ પ્રભુના જીવ મરુભૂતિને આર્તધ્યાનથી ? હાથીનો અવતાર, આર્ત-રૌદ્ર-ધર્મ-શુકલ ધ્યાનનાં ૪-૪ પ્રકાર, ગૃહસ્થ જીવનમાં કેટલા બધા ગમતા-અણગમતા સંયોગ-વિયોગ પર કેટલું આર્તધ્યાન? ઉપરાંત વેદના અંગે અને નિયાણાનું એમ ૪ પ્રકારે આર્તધ્યાન-રોગ અસહ્યનું દુઃખ છે કે ધર્મ સાધના-સમાધિ ન રહેવાનું દુઃખ ? દાનાદિ ધર્મની જેમ રોગ પરીસહ સહન પણ સંવર ધર્મ છે ! (૧) સહર્ષ સહવાનો અભ્યાસ ને (૨) જડનું મહત્વ ન આંકવું, એ દુર્ધ્યાનથી બચાવે, ધ્યાન પર બંધનિર્જરા-માત્ર દેવદર્શનથી શો સંતોષ ? આર્તધ્યાન ઓછું છે ? મનની કરામત શુદ્ધ ધર્મ કયો ? નિયાણામાં ધર્મ વેચી વિષય સુખની ખરીદી-રાગ દ્વેષ મોહ મુખ્ય; ભવાંતરે એમજ રહે, આર્તમાં ગતિતિર્યંચ, લેશ્યા ૩ પાપ લેશ્યા-સ્વામી ૪ થા સુધી 'પાપ ધોવાની તાકાત નહિ તો પાપ કર નહિ.' દૃઢ પ્રહારીને મુનિ 'તું મરીશ, પણ તારા પાપ નહિ મરે' દુર્ધ્યાન કઈ ખામીથી ? રૌદ્રનાં લક્ષણો.

● **ધર્મધ્યાન ૪,** આજ્ઞા-અપાય-વિપાક-સંસ્થાન વિચય. ધર્મ-શુકલ ધ્યાનની વિચારણાંના ૧૨ દ્વાર. ભાવના-દેશ-કાળ, આસન-આલંબન-કર્મ, ધ્યેય-ધ્યાતા અનુપ્રેક્ષા, લેશ્યા-લિંગ-ફળ, એમાં ભાવના ૪ જ્ઞાન-દર્શન-ચારિત્ર-વૈરાગ્ય ભાવના, (૧) જ્ઞાનભાવનામાં ૫ શ્રુતનું આસેવન મનોધારણા-મનોવિશોધન ભવનિર્વેદ, વિશ્વાસારબોધ, (૨) દર્શન ભાવનામાં, શંકાદિરાહિત્ય, પ્રશ્રમાદિ ૫ ભૂષણ, પ્રશમાદિ ૫ લક્ષણ, અસંમૂઢ ચિત્ત (૩) ચારિત્ર ભાવનામાં નવીન કર્મનિરોધ, પૂર્વનિર્જરણ, શુભ સંચય, (૪) વૈરાગ્ય ભાવનામાં જગત્સ્વભાવવેદન, નિસ્સંગતા, નિર્ભયતા, નિરાશંસતા ૨-૩-૪ દ્વારોની સમજ (૫) **ધ્યાનમાં આલંબનમાં** શ્રુત વાચના પૃચ્છનાદિ, સામાયિક પડિલેહણાદિ આવશ્યક ક્રિયાઓ (૯) અનુપ્રેક્ષામાં અનિત્યાદિ

૧૨ ભાવના (૧૧) **લિંગ** જિનોક્તતત્ત્વ શ્રદ્ધાન, જિનસાધુગુણોત્કીર્તન, પ્રશંસા, વિનય, દાન, શ્રુત-શીલ-સંયમરતતા, (૧૨) ફળ સ્વર્ગ મોક્ષ (૧) **આજ્ઞા વિચય માટે** જિનવચનનાં સુનિપણું-અનાદ્યનંત ભૂતાર્થ વગેરે ૧૩ વિશેષણોનું વિસ્તૃત સ્વરૂપ, આત્મા બળવાન કે કર્મ ? આજનું વિજ્ઞાન કેવું ધ્યાન આપે ? ચિલાતી પુત્રનું ધર્મધ્યાન-જિનવચન 'ભૂતાર્થભાવન'ના ૩ અર્થ 'અમૃત' ૪ રીતે...

(૨) અપાયવિચય-રાગદ્વેષ, કષાય-આશ્રવ-ક્રિયાના-રસ-પ્રદેશના પરલોકના અનર્થનો વિચાર.

(૩) વિપાકવિચયઃ-શુભાશુભ કર્મની પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશના ઉદયના પરિણામ.

(૪) સંસ્થાનવિચય-ધર્મસ્તિકાયાદિ દ્રવ્યના લક્ષણ સંસ્થાન આધાર, ભેદ, પ્રમાણ-ઉત્પાદવ્યય-ધ્રૌવ્ય, પદાર્થોનો વિચાર, દા.ત. લક્ષણ ગતિ સહાયાદિ સંસ્થાન, પુદ્ગલ રચનાકાર, લોકક્ષેત્રની અપેક્ષાએ આધાર આકાશાદિ કે સ્વ-સ્વરૂપ, ભેદ દેશ-પ્રદેશ. પ્રમાણ સંખ્યા, ઉત્પાદાદિ લગડી-કંઠી-સુવર્ણ, લોક ૮ પ્રકારે અજીવદ્રવ્ય પર આ વિચાર. **સંસાર, જન્મમરણ, સમુદ્ર, જળ, મોહ, કષાય, દુઃખ, ઈષ્ટાનિષ્ટ, ચારિત્ર, જ્ઞાન, તપ,** આકાશ-પાતાલ, જળચર તરંગ જહાજ સુકાની પવન.

● **જૈનધર્મનો સરળ પરિચય :** જગત શું ? આપણે કોણ ? જગતનું સંચાલન-જડચેતનના યોગથી જગત, ૫ કારણે પલટાતા પર્યાય એ સંચાલન. એકેન્દ્રિય દ્વીન્દ્રિયાદિમાંથી ઊંચે કોણ લાવ્યું ? જીવન બાજીની હારજીત નંદમણિયાર અકામસકામ નિજરા, ૧ પૂર્વ ૭૦૫૬૦ અબજ વર્ષ, બહિરાત્મા-અંતરાત્મા અંગાર મર્દકાચાર્ય સમુદાયકૃતકર્મ સમુદાયફળ સિનેમામાં ઉઘાડો છોગ આંખનો દુરાચાર, અવિરતિમાં પાપની અપેક્ષા-ધર્મવૃક્ષ-ધર્મબીજ-ધર્મપાયામાં ભવનિર્વેદ-ક્રમિકઉત્થાન-જીવનમાં ધર્મની જરૂર,'આપણી પ્રત્યે બીજા પાસેથી ધર્મવર્તાવની ઈચ્છા' મીઠાઈમાં સુખ કેમ નહિ ? હીરાનો હાર કૂવામાં નાખી સુખ, શાંતિમાં સુખ-શાંતિ ધર્મમાં-પ્રામાણિક ઝવેરાત દલાલ-ધર્મની પરીક્ષા, કષ, છેદ, તાપ, જૈન ધર્મ એ વિશ્વધર્મ ૬ રીતે, વિશ્વ એ ૬ દ્રવ્યનો સમૂહ, ષડદ્રવ્યનાં સ્વરૂપ, ગુણ-પર્યાય-સ્વ-પર્યાય; દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી, આકાશમાંય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, આત્માનાં ષટસ્થાન, જે કારણે સંસાર તેથી વિપરીત કારણે મોક્ષ, સ્વભાવ, વિભાવ, સંસ્કાર-વિકાર, ખૂનના ઈચ્છુ બે ભાઈ પ્રત્યે ભાઈ ભોજાઈની ઉદારતા, નવ તત્ત્વ, મોક્ષમાર્ગ, ૧૪ ગુણસ્થાનક પર કર્મ બંધના હેતુ મિટવા પર ૧૪ ગુણ સ્થાનકારોહણ, માર્ગાનુસારી, ૩૫ ગુણ ૪ વિભાગમાં ૧૧ કર્તવ્ય-૮ દોષત્યાગ-૮ ગુણ-૮ સાધના; સમ્યક્દર્શનનાં ૬૭ વ્યવહારની '૪-સદ્,

૩-શુ, ૩-લિ, ૫-દૂ, ૫-ભૂ, ૫-લ, ૬-આ, ૬-જ, ૬-ભા, ૬-ક્ષા, ૯-પ્રભા, ૧૦-વિ' માં સંકલના, શ્રાવકના ૧૨ વ્રત, ૨૨ અભક્ષ્ય, ૩૨ અનંતકાય, ૧૫ કર્માદાનનાં ધંધા, ૪ અનર્થદંડ, ૧૪ નિયમ, વિરતિનું મહત્ત્વ, જીવના ભેદ, પુદ્ગલની ઔદારિકાદિ ૮ વર્ગણા.

● **ષોડશક પ્રકરણ : ષોડશક ૪ થી ૮ તેમાં** - સામાન્યથી ધર્મસિદ્ધિનાં પાંચ લિંગ (૧) ઔદાર્ય, (૨) દાક્ષિણ્ય (૩) પાપજુગુપ્સા (૪) નિર્મળબોધ (૫) જનપ્રિયતા. તેમાં ઔદાર્યમાં કૃપણતાનો ત્યાગ. વિશાળ આશય, પૂજ્યો અને દીનદુઃખી પ્રત્યે ઉચિતવૃત્તિ. એવી જ રીતે દાક્ષિણ્યમાં ગંભીરતા ધીરતા અને સ્થિરતાપૂર્વક બીજાનું શક્ય કરી છૂટવું વગેરે. તેવીજ રીતે ત્રૈકાલિક પાપનો ખેદ, શમપ્રધાન શાસ્ત્ર શ્રવણથી નિર્મળબોધ. તે પણ શ્રુત-ચિન્તા-ભાવના જ્ઞાનયુક્ત. સ્વાર્થરહિત ધર્મપ્રશંસાના કારણભૂત લોકપ્રિયતા, આવા જીવનો પાપવિકારો જેવા કે -(૧) વિષયતૃષ્ણા (૨) દૃષ્ટિસમોહ (૩) ધર્મપથ્યમાં અરુચિ (૪) ક્રોધની ખણજ એ પ્રાયઃ શાન્ત થઈ ગયા હોય છે. મૈત્રી, કરુણા, પ્રમોદ અને ઉપેક્ષા એ ચાર ભાવનાઓથી પુણ્યાનુબંધી પુણ્યના ચાર ઉપાય ૧ દયા, ૨ વૈરાગ્ય, ૩ વિધિદાન, ૪ વિશુદ્ધશીલવૃત્તિને સાધનારો બને છે.

સામાન્ય ધર્મસિદ્ધિમાંથી ૧ દાનાદિ, ૨ દેવપૂજા, ૩ ગુરુસેવાભક્તિ, ૪ સ્વાધ્યાયાદિરૂપ લોકોત્તરતત્ત્વની પ્રાપ્તિ તે પણ ચરમાવર્તકાળમાં જ. ચરમાવર્તમાન-કાળમાં જ આગમપરિણતિ થાય. આગમપરિણતિ, સંજ્ઞાનિગ્રહ, પરોપકારતા, અને ઉદારચિત્તવૃત્તિથી સદ્અનુષ્ઠાનની પૂર્તિ. દેવપૂજા માટે જિનમંદિર અને જિનમૂર્તિનું કરાવવું આવશ્યક જિનમંદિર બનાવવાની વિધિમાં ન્યાયોપાર્જિત ધન વગેરે ચીજો તથા ભૂમિની શુદ્ધિ. કારિગરોની અવંચના અને કાર્ય થતાં થતાં શુભપરિણામ વૃદ્ધિ વગેરે આવશ્યક.

જિનબિંબ ભરાવવાની વિધિમાં ન્યાયદ્રવ્ય. સ્ત્રી-મદિરા-જુગારાદિ વ્યસનમુક્ત ગુણિયલ હોશિયાર કારીગરને વૈભવ અનુસાર અધિક મૂલ્ય ઠરાવી એની પ્રસન્નતાનું સંપાદન જરૂરી. ભગવાનનું નામ ઘડતાં પહેલાં મંત્રન્યાસ કરવો ઇત્યાદિ. તેમાં યે જિનબિંબ ભરાવવા બાબત શાસ્ત્રજ્ઞાનનું સ્મરણ કરતાં કરતાં જિનબિંબ ભરાવવું તે લોકોત્તર કાર્ય, પરંપરાએ લોકોત્તરફળ મોક્ષદાયી.

જિનબિંબ ભરાવી એની પ્રતિષ્ઠા અવશ્ય કરાવવી જોઈએ. તેમાં પ્રતિષ્ઠાના ચાર પ્રકાર, વાસ્તવિક પ્રતિષ્ઠા (ભાવ પ્રતિષ્ઠા) ઔપચારિક પ્રતિષ્ઠા શાસ્ત્રીય હોઈ એની આવશ્યકતા, પ્રતિષ્ઠામાં ક્ષેત્ર સંશોધન વર્ષા આદિ નિમિત્તે મંત્રન્યાસપૂર્વક

દેવોનું આહ્વાહન, આઠ દિવસ અવિચ્છિન્ન દાન પૂજા વગેરે.

વાસ્તવિક પ્રતિષ્ઠા તે પોતાના આત્મામાં વીતરાગત્વાદિ ભાવોની પ્રતિષ્ઠા અને એ સર્વે વીતરાગ સાથે સમત્વ-બીજન્યાસ થાય, મૈત્રી આદિ ભાવો વડે એની વૃદ્ધિ અને તેથી ક્રમે યોગાવંચક ક્રિયાવંચક અને ફલાવંચક એ ત્રણની પ્રાપ્તિ.

અંતિમ ઈનામી મેળાવડો : તા. ૨૯-૫-૬૬ આજે જેઠ સુદ ૧૦ ના રોજ શિક્ષાયતનની પૂર્ણાહુતિનો મંગલ દિવસ હતો. પરમ પૂજ્ય સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની પાવનનિશ્રામાં ઈનામી મેળાવડો યોજવામાં આવ્યો હતો. સવારે ૯-૦૦ વાગે નાણ સમક્ષ પૂ. મુ. ભુવનચંદ્ર વિ. મ., પૂ. મુ. જયચંદ્રવિજયજી મ., પૂ. મુ. ભાનુચંદ્ર વિ. મ., પૂ. મુ. મલયચંદ્ર વિ. મ. તથા પૂ. સાધ્વીજી મ. શ્રી ઉજ્વલધર્માશ્રીજીની વડીદીક્ષાનો વિધિ પૂર્ણ થયા બાદ ૯-૩૦ કલાકે મેળાવડાનો પ્રારંભ થયો હતો.

પ્રારંભમાં પ્રભુસ્તવન, નવકારધુન વગેરે થયા પછી શિક્ષાયતનના મંત્રી ભાણાભાઈએ પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું. જે આ અહેવાલને અંતે આપવામાં આવ્યું છે.

ત્યારબાદ શિક્ષાયતનના તેજસ્વી વિદ્યાર્થીઓ મુકેશભાઈ, જયપ્રકાશભાઈ (અંગ્રેજીમાં), પ્રવિણભાઈના નોંધપાત્ર વક્તવ્યો થયા. પાલનપુરની શિક્ષાયતનના બે બાળવિદ્યાર્થીઓએ મધુર સ્વરે સ્તુતિ ગાઈ હતી. રાજેન્દ્રકુમારે અંતરની વેદના વિનવતો પ્રભુને લખેલો પત્ર ગાઈને સભાને વૈરાગ્યરસ તરબોળ કરી હતી.

દિનેશભાઈએ શિક્ષાયતન દરમ્યાન વિદ્યાર્થીઓએ શું અધ્યયન કર્યું તેના આશ્ચર્યજનક ખ્યાલ આવે તે માટે દરેક વિષયના પ્રશ્નપત્ર વાંચી સંભળાવ્યા હતા. ત્યારબાદ તપસ્વી શ્રાદ્ધરત્ન બાલાભાઈના હાથે ઈનામોની વહેંચણી થઈ હતી.

આ વખતે શિક્ષાયતનના આદર્શ વિદ્યાર્થી તરીકે અશ્વીનકુમાર વાડીલાલ અંગીયા કચ્છવાળા જાહેર કરાયા હતા. બાદ શ્રી ભાણાભાઈએ શ્રી પ્રવીણચંદ્ર, મુકેશ, દીનેશ, કુમારપાળ, જસવંત, જયપ્રકાશ, કિર્તીકુમાર, હસમુખ, અશોક; ઈન્દ્રવદન વગેરેએ આત્મીયભાવે કાર્ય વહન કર્યો તેનો તથા પૂ. મુનિ મહારાજ તથા રામચંદ ડી. શાહ, ઉદેચંદ ચુનીલાલ આમોદવાળાએ પરીક્ષાના પેપરો તપાસવામાં સહયોગ આપ્યો તેનો તેમજ શિક્ષાયતન સંચાલનમાંથી ભદ્રિકલાલ કાંતિલાલ, સુંદરલાલ મકુરભાઈ, ચંપકલાલ કેશવલાલ દંતારા, શ્રી રતિલાલ બેચરદાસ, ખંભાતનો શ્રી સંઘ, ચાણસ્માના ડૉ. અંબાલાલ શાહ પાટણ નિવાસી, મૂળચંદ ડી. દલાલ જૈનશાળાના વહીવટદાર, કેમ્બે. એજ્યુકેશન સોસાયટીના સેક્રેટરી

કાન્તિલાલ શીવલાલ આ સૌ સહાયકોનો આભાર માન્યો હતો.

અંતમાં પરમપૂજ્ય પંન્યાસજી મહારાજશ્રી ભાનુવિજયજી મહારાજે વિદ્યાર્થીઓને શિક્ષાયતનમાં મેળવેલી જીવન જાગૃતિને અખંડધારાએ ટકાવી રાખવાના અદ્‌ભુત ઉપાયો દર્શાવતું પ્રવચન કર્યું હતું. આ પ્રવચન અનેરી શાંતિપૂર્વક સાંભળી સર્વમંગલ થયા બાદ સૌ વિખરાયા હતા.

અંતિમ મેળાવડા વખતે મંત્રીશ્રી ભાણાભાઈનું નિવેદન :

આપણે સાચેજ પુણ્યશાળી છીએ કે આપણા આ શિક્ષાયતનનો શરૂઆતનો દિવસ આ અવસર્પિણી કાળના ચરમતીર્થપતિ ભગવાન મહાવીર સ્વામીના શાસન અને સંઘ સ્થાપનનો દિવસ હતો અને આજે પૂર્ણાહુતિનો દિવસ પણ આપણને મંગળમય મળ્યો છે; કેમકે હમણાંજ આપણને મહાન પુણ્યના ઉદયે ચાર મુનિભગવંતોની તથા એક સાધ્વીજી મહારાજની વડી દીક્ષા જોવાનો પ્રસંગ મળ્યો. શિક્ષાયતનના આ ત્રીસ દિવસ દરમિયાન પૂજ્ય પંન્યાસજી મહારાજ સાહેબ ભાનુવિજયજી ગણિવરની ૯૬મી ઓળીનું પારણું અને તે અંગે થયેલ ભવ્ય પ્રભાવના, પૂજ્ય મુનિરાજશ્રી મલયચંદ્ર વિજય મહારાજની દીક્ષા તથા મહાતપસ્વી પૂજ્ય મુનિ મહારાજશ્રી મણિપ્રભવિજયજી મહારાજ સાહેબનું ૯૯-૧૦૦ મી ઓળીનું પારણું, અને તે અંગેના ઉત્સવમાં ભાગ લેવાનું મહાન સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું.

આજે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓનાં ભક્તિ પણ આપણા મહાન પુણ્યના ઉદયે ઉચ્ચકોટીના સાધર્મિક બંધુ મહાન તપસ્વી નિસ્પૃહી સમતાધારી ભાઈશ્રી 'બાલચંદભાઈ કે જેમને વૈશાખ સુદ ૬ના દિવસે વર્ધમાન તપની ૧૦૦મી ઓળી નિર્વિઘ્ને પૂર્ણ કરી પારણું કર્યું અને તે વખતે જિંદગીભર ક્રોધ ન કરવો' તેવી ઉચ્ચકોટીની પ્રતિજ્ઞા ગ્રહણ કરી છે, તેવા મહાન સુશ્રાવકના હસ્તક થશે; તે પણ આપણા પરમ ભાગ્યની નિશાની છે.

શિક્ષાયતનનો કાર્યક્રમ નિર્વિઘ્ને પૂર્ણ થયો છે. સૌથી પહેલો તો હું વહાલા વિદ્યાર્થી બંધુઓની ક્ષમા યાચું છું કે તેમને મહિના દરમિયાન અગવડો વેઠવી પડી છે. મારાથી શક્ય તેટલા પ્રયત્નો કરવા છતાં હું સંપૂર્ણ સગવડો સાચવી શક્યો નથી. કારણોમાં એક તો હું મારી જન્મભૂમિમાં હોઈ મારે ઘરે રહેવાનું, ગામના વ્યાવહારિક અને ધાર્મિક દરેક કાર્યક્રમોમાં ભાગ લેવાનો, જ્યારે-બહારગામ તો મારે ફક્ત એકજ કામ શિક્ષાયતનનું એથી ચોવીસે કલાકનો મારો સંપર્ક રહે. અંગ પરિચય પણ સારો સાધી શકાય, પણ આ વખતે હું અંગત પરિચય કરી શક્યો નથી અને તે કારણે મને બે રીતે નુક્સાન થયું છે. એક તો દરેકની શક્તિઓ અને

સ્વભાવો, તેમના ભવિષ્યના જીવન માટેના વિચારો જાણવામાં ય હું બાકાત રહ્યો. અંગત પરિચય ન થતાં તેમને મારી એક જ બાજુ જોવા મળી અને તે કડકાઈની. શિસ્ત માટેની મારી તાકીદના કારણે બધાને હું કડક લાગ્યો હોઈશ. જ્યારે મારા હૃદયમાં બધા માટે શું લાગણી અને ભાવો ભરેલા છે, કેટલો આનંદ આ બધા વિદ્યાર્થીઓને જોઈને મને થાય છે. 'તેમની ભક્તિ કઈ કઈ રીતે કરું' તેના કેવા મનોરથો મેં સેવ્યા છે, તેનો આછો પાતળો ખ્યાલ પણ તેમને ન આવ્યો હોય તે સ્વાભાવિક છે એટલે તેમની સાથે હું આત્મીયતા કેળવી શક્યો નથી. જ્યારે આવા આયોજનમાં ખરી આવશ્યકતા આત્મીયતા કેળવવાની છે.

શિક્ષાયતનની સફળતા વિષે હું કાંઈ પણ કહું તે કરતા વિદ્યાર્થીઓ તેમનાં અનુભવો કહેશે અને તમારી પાસે વિગતવાર રીપોર્ટ રજૂ થશે તે પરથી આપને બધાને જરૂર ખ્યાલ આવશે.

આ સંયોજનો હજુ બહુજ શરૂઆતની ભૂમિકાના છે. અત્યાર સુધીમાં ફક્ત અમે એક આબોહવા ઊભા કરી શક્યા છીએ કે આવી કાંઈક પ્રવૃત્તિની અત્યંત આવશ્યકતા છે. ઉપરાંત વિદ્યાર્થીઓના હૃદયમાં 'ધર્મ હમ્બક છે,' તેવા ભાવો કાઢી નાખી 'ધર્મ કોઈક અલૌકિક વસ્તુ છે. સમજવા જેવો છે, જૈન મુનિ ભગવંતો ઉચ્ચ કોટિના છે. તેમનો સંપર્ક કરવો જરૂરી છે. આટલી વાતો અમો જરૂર સિદ્ધ કરી શક્યા છીએ.' આજના ઝેરી વાતાવરણમાં ચારે બાજુ ભોગની લાગેલી ભયંકર આગમાંથી બચવા જેવી તૈયારી કરવાની ભાવના પ્રગટાવી શક્યા છીએ આ બધાનો સંપૂર્ણ પણે પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના તથા પૂજ્ય પંન્યાસજી શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબના ફાળે જાય છે. પૂજ્ય પંન્યાસજી મહારાજ સાહેબમાં મહાન શક્તિઓ રહેલી છે અને તેના આંશિક દર્શન અમો કરી શક્યા છીએ. ખરે જ અદ્‌ભુત શક્તિના તેઓ ધણી છે. અન્ય મુનિભગવંતોએ પણ અનન્ય ફાળો આપ્યો છે. આ સર્વનો ઉપકાર અમો ભવોભવ ભૂલી શકીએ તેમ નથી.

પાંચ પાંચ શિબિરોના અનુભવો અને તે અંગેની ખૂબ વિચારણાએ પણ અંગત રીતે હું એ વિચાર પર આવ્યો છું કે સંસ્કરણનું કામ એ એક મહાન જવાબદારી છે. તેમાં જરાપણ ક્યાશ કે લૌકિકતાઓ તરફ ઢળતી મનોવૃત્તિ કામ લાગે નહિ; કાર્યકર્તાઓએ એ સમજી લેવાની જરૂર છે કે આ આયોજનો એટલા માટે યોજવાના છે કે આપણો આત્મા મોક્ષપદને માટે મોક્ષમાર્ગની આરાધના કરી શકે, અને સંસારના જીવોને મોક્ષમાર્ગ દેખાડવામાં આપણે નિમિત્તભૂત બની શકીએ.

કેવળજ્ઞાન પ્રાપ્ત કરવામાં જરાપણ કચાશ હોય તો પ્રાપ્ત થાય નહીં. ખંધકસૂરિજીએ ૫૦૦/૫૦૦ શિષ્યોને નિર્યામણા કરાવી મોક્ષપદે પહોંચાડ્યા ! પણ પોતે જરાક કષાયમાં આવ્યા કે સંસારમાં પરિભ્રમણ કરવાનું રહ્યું. ત્યાં લાગવગ ચાલતી નથી એટલે આ મહાન જવાબદારી છે. લક્ષ્યથી સહેજપણ ચૂકી જવાય તેવી કોઈપણ પ્રવૃત્તિ જાણ્યે અજાણ્યે ન થઈ જાય તેની સતત કાળજી રાખ્યા વગર આ મહાન કાર્ય શક્ય નથી. આ મહાન કાર્યમાં જેમ પુણ્યાનુબંધી પુણ્ય બાંધી મોક્ષ પ્રાપ્ત કરાવવાની તાકાત છે. તેમ બેકાળજી રાખનારને, ધ્યેયને અનુરૂપ પ્રવૃત્તિ નહીં કરનારને અશુભનો બંધ પણ થવાની પૂરી શક્યતાઓ રહેલી છે. આ કારણથી ગીતાર્થ મુનિભગવંતોની નિશ્રા વગર અને જૈન ધર્મના હાર્દને પામેલા વિદ્વાન મુનિરાજ અગર પંડિત શ્રાવકો સિવાય આ કાર્ય કરવું સહેજ પણ યોગ્ય નથી. નહિ તો અનર્થો સરજાયા વગર રહેશે નહિ. મા પોતાના બાળકોને ઉચ્ચ સંસ્કાર આપે તેની જાહેરાતો કે ડીમડીમ વગાડવાની આવશ્યકતા નથી પણ ખૂબ સ્વસ્થતાથી અને શાંતિથી સમજપૂર્વક કામ કર્યે જવાની છે. તેમાં જરાપણ પ્રશંસા કે પોતાની જાહેરાતનો અગર 'અહં'નો સહેજપણ ભાવ પ્રવેશ થયો કે નુકસાન થવાનું જ. માટે ફક્ત વીતરાગ પરમાત્મા તેમનું શાસન અને તેમની આજ્ઞા જ નજર સમક્ષ રાખી કાર્ય કરશું તો જ આ આયોજનોના ધ્યેય સિદ્ધ થઈ શકશે. ભવિષ્યમાં આ આયોજનમાં ૮૦/૯૦ વિદ્યાર્થીઓથી વધુ સંખ્યા ન રાખતાં આવા અનેક આયોજનો જુદા જુદા વિસ્તારોમાં યોજવા જોઈએ. નહિ તો ધારેલું પરિણામ આવી શકે નહિ. થોડી સંખ્યાથી આવાં અનેક આયોજનો જુદે જુદે ઠેકાણે થઈ શકે, પણ એક સાથે આટલી વધુ સંખ્યા રાખવામાં પહોંચી શકાતું નથી. વિદ્યાર્થીઓને સંભાળે તેવા પ-૬ અનુભવી શિક્ષકો મળી જાય તો વધુ સંખ્યા હોય તો પણ હરકત આવે નહિ.

આયોજનોની પૂર્ણાહુતિ પછી આ વિદ્યાર્થીઓ સાથે બારે મહિના સંપર્ક રહી શકે તે અત્યંત આવશ્યક છે અને તે માટે ગીતાર્થ મુનિ ભગવંતો પાસે, આયોજન દરમિયાન અપાયેલ વિષયો વિસ્તૃત રીતે લખાવી ટપાલ દ્વારા ચોપડી રૂપે યા ટ્રેક્ટ રૂપે પહોંચતી કરાય, અને ત્યારબાદ દર ત્રણ મહિને પરીક્ષા લેવાય તે રીતે તથા સંચાલકોનો પર્સનલ સંપર્ક પણ તેટલો જ જરૂરી છે. આ બંને વસ્તુઓ અમલમાં મુકાય તો આના લાભો જરૂર સારા પ્રમાણમાં મળે તેમાં શક નથી.

આજે સારાયે જગતનો દોર સાધુ સંતો, શિક્ષકો, આગેવાનો, મા-બાપ કે રાજપુરુષોના હાથમાંથી ખસી કેવળ સિનેમા-પિક્ચરો અને છાપા-નોવેલોના હાથમાં જઈ રહ્યો છે ! પણ તેનાં પરિણામો કેટલાં ભયંકર આવ્યા છે તે આપણે બધા જ ઓછે વધતે અંશે અનુભવી રહ્યા છીએ, શેરીએ શેરીએ નાના નાના બાળકોના

મોંઢે પણ ફિલ્મી ગીતો અને દરેક ઘરમાં રેડિયા પર ફિલ્મી ગીતો જ સાંભળવા મળે છે. આજના યુવક યુવતીના પોષાકો કઈ કક્ષાએ જઈ રહ્યા છે ? જ્યાં પગની પાની ન દેખાવી જોઈએ ત્યાં તમારા અને અમારા બધાજ ઘરની છોકરીઓના પહેરવેશ પણ ઢીંચણ ઉપર આવી ગયા ! છોકરીઓના પેન્ટ ટૂંકા અને ચુસ્ત થતા ગયા ! આ બધું ક્યાં જઈને અટકશે તે સર્વજ્ઞ જાણે ! કોઈ વ્યક્તિ યા જુથ પિક્ચરોના બહિષ્કારની ઝુંબેશ ઉપાડશે તો તે ખરેખર ધન્યવાદને પાત્ર બનશે. આ બધા આયોજનો દ્વારા અંશે પણ આ સિદ્ધ કરવાની અમારી અંતર્ગત ભાવના રહેલી છે. દરેક આયોજનમાં સારા પ્રમાણમાં વિદ્યાર્થીઓ સિનેમા નાટક સરકસ ન જોવાના નિયમો લે છે.

આજના યુવાન વર્ગને મા-બાપનો કે ધર્મગુરુનો ઉપકાર દેખાતો નથી, તેમને પગે લાગવામાં સંકોચ અનુભવે છે. જેમણે નાનેથી મોટા કર્યા, ભણાવ્યા-ગણાવ્યા, તે મા-બાપ પ્રત્યેની ફરજમાત્ર લાગે કે આમાં સ્વાર્થ સિવાય કશું દેખાતું નથી. આજના ઝેરી વાતાવરણની અસર છે. મા-બાપને પગે લાગતાં જેને શરમ આવે, મા-બાપનો ઉપકાર જેને ન સમજાય, તેમને ગુરુઓ કે પરમાત્માનો ઉપકાર કેવો અને કેટલો તે ક્યાંથી સમજાય ? આ પાયાની વાતો યથાર્થ રીતે સમજાવવાનો આ આયોજનનો પણ એક મહાન હેતુ છે. આજના વિદ્યાર્થીઓ મોટે ભાગે રાતના મોડા સૂઈ ઉઠવામાં સૂર્યવંશી હોય છે. તે બધાને સૂર્યોદય પૂર્વે બે ઘડી પહેલાં ઉઠાડી સામાયિક કે જે ષટ્કાયના જીવોને અભયદાન આપવાનું અને સમતારસમાં આત્માને રમણ કરવાનું મોટામાં મોટું સાધન છે, તે કરવાની ટેવ પાડવાનો પણ આ આયોજનનો આશય છે. ક્રિયા સાથે જ્ઞાન અને સમજણપૂર્વકની ક્રિયા કરતા થાય તે પણ સિદ્ધ કરવાની નેમ આ આયોજનની છે.

આ આયોજનની પ્રવૃત્તિ નજરે જોયા બાદ અત્રેના સંઘને પણ આવી કાંઈક પ્રવૃત્તિની જરૂરીયાત સમજાઈ હશે, તેની અમને ખાત્રી છે.

વહાલા વિદ્યાર્થી બંધુઓ ! તમારી પાસે હું એક જ અપેક્ષા રાખું છું કે ઘરે પાછા ફર્યા પછી આ શિક્ષાયતનની શાન વધે અને તમારા તથા તમારા સ્નેહી સંબંધીઓના જીવનમાં જૈનત્વ ખીલે તે રીતે જીવતા શીખજો. ગઈકાલે આ વિષે વિસ્તારથી **ચીમનલાલ પાલીતાણાકરે** તમને કહેલ છે. એટલે તે વાતો ફરીથી જણાવતો નથી. તમારા ગામમાં પૂજ્ય સાધુ ભગવંતો પધારે ત્યારે તેમને વંદન કરવાનું તથા તેમનો સમાગમ રાખવાનું તેમની ભક્તિ વૈયાવચ્ચ કરવાનું ચુક્શો નહીં. દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધના કરી જીવનને ઉજજવળ બનાવજો, ટપાલ દ્વારા પૂજ્ય મુનિ ભગવંતોનો તથા અમારો સંપર્ક ચાલુ રાખજો. લીધેલા

વ્રત-નિયમોનું બરોબર પાલન કરજો, અને મહિને મહિને અમને જીવન-જાગૃતિનો રીપોર્ટ જણાવતા રહેશો. અમો પણ વર્ષ દરમ્યાન તમારા બધાના ગામ આવવાનું ગોઠવીશું. શિક્ષાયતન દરમિયાન ઉતારેલી નોટબુકો રોજ કે અવરનવર વાંચવાનું રાખશો અને આગળ અભ્યાસ વધારશો એજ અભિલાષા.

આ શિક્ષાયતન સફળ બનાવવા માટે સઘળાએ દાતાઓ તથા પરોક્ષ અને અપરોક્ષપણે જેમને અમને મદદ કરી છે, તે સર્વનો હું આ તકે આભાર માનું છું અને વિશેષ કરીને પરમપૂજ્ય આચાર્ય ભગવંત તથા તેમની નિશ્રામાં રહેલ સાધુ ભગવંતોનો અત્યંત ઉપકાર અમારા પર થયો છે અને તે માટે અમે તેમના ભવોભવના ઋણી છીએ.

શ્રી બાલચંદભાઈ કે જેમને અમારી વિનંતીનો સ્વીકારી કરી વિદ્યાર્થીઓનું બહુમાન સ્વહસ્તે કરવા સ્વીકાર્યું છે તેમનો પણ આ તકે હું આભાર માનું છું.

• • •

શ્રી જૈન ગ્રીષ્મ આધ્યાત્મિક શિક્ષાયતન (ખંભાત)ના પ્રશ્નપત્રો

જૈન ધર્મનો સરળ પરિચય

સુચના :- પ્રશ્ન ૧, ૨ અને ૩ ફરજિયાત છે. બાકીનામાંથી કોઈપણ **ત્રણ** પ્રશ્નના જવાબ લાખો.

૧. **અ** સમ્યગદર્શનના ૬૭ વ્યવહારો સૂચક પંક્તિ અને ગ્રુપથી લખો.
બ છ દ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયનો કોઠો લખો અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળભાવથી, સ્વપર્યાય અને પરપર્યાય, ઘડાના દષ્ટાન્તથી સમજાવો.
ક નવતત્ત્વ ચિત્ર સાથે ટૂંકમાં સમજાવો.

૨. **અ** માર્ગાનુસારીના ૩૫ ગુણો ચાર વિભાગમાં બતાવો.
બ નીચેમાંથી કોઈપણ **પાંચ**ની ટૂંક સમજૂતિ આપો.
૧. ઉચિત વ્યય ૨. ઉચિત વેશ ૩. ભોજનના બે ગુણ ૪. અતિથિસાધુ દીનની સરભરા ૫. વિશેષજ્ઞતા ૬. અદેશકાલચર્યા ત્યાગ.

૩. બાર વ્રતને વિસ્તારથી સમજાવો.

૪. **અ** ''શ્રાવકની દિનચર્યા'' પર ૪૦ લીટી લખો.
બ શ્રાવકની દયા સવાવસો છે - સમજાવો (ટૂંકમાં કોઠાથી)

૫. **અ** જૈનધર્મ એ વિશ્વધર્મ છે-એ સમજાવો.
બ ધર્મ પરીક્ષા વિષે વિસ્તૃત નોંધ લખો.

૬. **અ** આત્મદ્રવ્ય સાબિત કરનાર ૧૫ પ્રમાણ લખો.
બ આત્માના ષટ્સ્થાન કયા ?

૭. **અ** જીવોના ભેદનો કોઠો બતાવો.
બ મિથ્યાત્વાદિ ચાર આશ્રવો સમજાવો.
ક ૧૪ રાજલોકનું ચિત્ર દોરો. તેમાં આપણું સ્થાન, સિદ્ધશિલા વગેરે દર્શાવો.

૮. **અ** વિરતિ-નિયમનું મહત્ત્વ સમજાવો.
બ ચૌદ નિયમ ટૂંકમાં સમજાવો.
ક સમજાવો :-
૧. સંધાન ૨. બહુબીજ ૩. ચલિતરસ ૪. દ્વિદળ ૫. અધિકરણ

૯. **અ** જીવનમાં ધર્મની જરૂર
બ આત્માની ઉન્નતિમાં પાંચ કારણોનો ફાળો.
ક ધર્મ એક વૃક્ષ-સમજાવો.

ચૈત્યવંદન-ભાષ્ય અને આવશ્યક સૂત્રાર્થ

ત્રણ ભાષ્ય **વિભાગ - ૧**

સુચના :- બંને વિભાગમાંથી કોઈપણ **ત્રણ** પ્રશ્નના જવાબ અલગ અલગ ઉત્તરપત્રોમાં લખો :-

૧. **(અ)** ચૈત્યવંદન સૂત્રમાં બાર અધિકાર કયા અને કયાં ?
(બ) વંદનીય અને સ્મરણીય કેટલાં અને કયા ?
(ક) ૨૪ દ્વારના નામ લખો.

૨. **(અ)** કાઉસ્સગ્ગના આઠ નિમિત્ત અને બાર હેતુ કયા કયા ? નિમિત્ત અને હેતુમાં તફાવત શો ?
(બ) પ્રદક્ષિણાનો અર્થ શો ? પ્રદક્ષિણા શા માટે ?
(ક) ૧. દસ ત્રિકનાં નામ લખો. ૨ પુરુષ-સ્ત્રીના અભિગમ અને મુદ્રાઓ સમજાવો.

૩. **(અ)** પાંચ અવસ્થા-ચિંતન વિષે વિસ્તારથી લખો.
(બ) (૧) વંદન-પ્રણિપાત-નમસ્કારનો તફાવત.
(૨) ૨-૩-૪-૫-૮ પ્રકારે પૂજા કેવી રીતે ?

૪. **(અ)** નમુત્થુણં તથા ઈરિયાવહી અને અરિહંત ચેઈઆણંની ૨૫ સંપદાઓ સમજાવો.
(બ) (૧) આગમના પાંચ અંગો કયા ? અને કયાં ?

(૨) આલંબન એટલે શું ? અને કયા ?

આવશ્યક સૂત્ર **વિભાગ - ૨**

૧. (**અ**) આવશ્યક એટલે શું ? ષડાવશ્યકના નામ અને અર્થ લખો-સમજાવો.
(**બ**) પુરિસુત્તમાણં આદિ ચાર પદોમાં ભગવાનનું સમગ્ર જીવન કેવી રીતે ?

અથવા

(**અ**) જિણાણં આદિચારનો સંબંધ સચિત્ર સમજાવો.
(**બ**) અભયદયાણં આદિ પાંચ પદમાં લૂંટારાનું દૃષ્ટાંત તથા અભય વગેરેનો અર્થ સમજાવો.

૨. (**અ**) ૧૦૮ નવકાર સમવસરણના ચિત્રથી કેવી રીતે ગણાય ? માત્ર ચિત્ર દોરો. અને સંકલના (કડી) દોરો.
(**બ**) લૌકિક અને લોકાત્તર સૌદર્ય કયા કયા ? તે સમજાવો.
(**ક**) દુક્ખખઓ આદિ ચાર એના ક્રમથી સમજાવો.

૩. (**અ**) લોગસ્સમાં ૨૪ ભગવાનનું ચિત્ર દોરો અને ચાર પ્રાર્થના સમજાવો.
(**બ**) અરિહંત કૃપા કેવી રીતે કરે ?
(**ક**) નીચેના અર્થ અને ભાવાર્થ લખો.
૧. ઇચ્છાકારેણ. ૪. અભ્ભત્થ,
૨. કસાય મુક્કો, ૫. સાવજ્જં,
૩. વંદિઉં, ૬. આઇગરાણં,

૪. (**અ**) ચાઉરંત ધમ્મ ચક્કવટ્ટીનું વિસ્તૃત વિવેચન લખો. એમાં ચતુરંતના બે અર્થ ચાર પ્રકારનો ધર્મ સમજાવો.
(**બ**) અઢી દ્વીપમાં ૧૫ ક્ષેત્ર તથા ૨૦ વિહરમાન જિન અને જાવંત કે વિ સાહૂ કેવી રીતે ?
(**ક**) નીચેનાનાં અર્થ-ભાવાર્થ લખો :-
૧. ગમણાગમણે, ૪. આગારેહિં,
૨. ઉત્તિંગ, ૫. છિન્નઈ
૩. નીસસિએણં, ૬. ઉજ્જોઅગરે;

'પંચસૂત્ર'

૧. **ક** અરિહંતાદિ **ચાર** કારણ કેવી રીતે સ્વીકારવા તે દરેકના મુખ્ય ૨-૨ વિશેષણ લઈ વિસ્તારથી બતાવો.

ખ દુષ્કૃતગર્હા અને સુકૃત-અનુમોદનાના મુખ્ય મુદ્દાઓ લઈ એ જાતે કરતા હોઈએ એ રીતે વર્ણવો.

૨. નીચેનામાંથી ગમે તે **બે** પર લખો - (૧૫-૧૫ લીટી)
ક આત્મા, ભવ અને કર્મસંયોગ અંગે વીતરાગનો ઉપદેશ
ખ ૯૮ પુત્રોને ઋષભદેવ પ્રભુનો ઉપદેશ.
ગ ભવસ્થિતિ પકવવાની ૩ સાધનાની વાસ્તવિકતા.
ઘ ચરમાવર્ત પૂર્વની સ્થિતિ, સહજમલહ્રાસ-અપુન-બંધકતાનાં ૩ લક્ષણ.

૩. **ક** ગમે તે **પાંચ** સમજાવો.
સહજમલ, અવ્યવહારરાશિ, ચરમાવર્ત, પરિભાવના, પૂર્વસેવા, બોધિ, જીવનબાજી, માર્ગસાધન-મોક્ષસાધનનો તફાવત.
ખ ભવાભિનંદી જીવ ધર્મ માટે કેમ અયોગ્ય છે તે એના ક્ષુદ્રતા, દીનતા, ભય અને શઠતા દુર્ગુણથી બતાવો. (લીટી ૨૦)

૪. **ક** યોગની પહેલી ૪ દૃષ્ટિ, યમ આદિ યોગના અંગ અદ્વેષ આદિ ગુણ, અને ખેદાદિ દોષત્યાગના આધારે વર્ણવો. (૨૫ લીટી)
ખ સંસાર કેમ અસાર છે તેના ઉપર ૧૦-૧૨ મુદ્દાથી વિવેચન લખો.

પ્રતિક્રમણ આવશ્યક-વંદિત્તુ સૂત્ર

[નોટ :- નીચેના ૪ પ્રશ્નોમાંથી ત્રણ પ્રશ્નોના જવાબ લખો, તેમાં પ્રશ્ન ૩ જો ફરજિયાત છે.]

૧. ગમે તે બે લખો :-
અ પ્રતિક્રમણ એટલે શું ? કોનું પ્રતિક્રમણ અને કેવી રીતે કરવામાં આવે છે ? દેવસિક પ્રતિક્રમણમાં ૬ આવશ્યકો કયા સ્થાને છે.
બ ૪ પ્રકારના કર્મબંધની સમજુતિ તથા ક્ષય કેવી રીતે તે જણાવો.
ક અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર દૃષ્ટાંત સાથે સમજાવો.

૨. ગમે તે બે લખો :-
અ નીચેના અતિચાર કયા વ્રતનાં છે ?
ઇત્તર, વિરુદ્ધગમણે, દુપએ ચઉપ્પયમ્મિ, સઇઅંતરદ્ધા, તુચ્છોસહિ, દારે, સહસા, મોહારિ.
બ સમ્યકત્વ વ્રત અથવા પરિગ્રહપરિણામ વ્રતની આવશ્યકતા તથા અતિચારો સમજૂતિ સાથે લખો.
ક દ્રવ્યશસ્ત્ર, ભાવશસ્ત્ર, ૪ પ્રકારે અનર્થદંડ સમજાવો.

૩. કર્માદાનનો ધંધો કેમ વર્જ્ય છે ? કેટલા પ્રકારે ? તે સમજુતી સાથે લખો તથા નીચેના ધંધા કયા કર્માદાનમાં આવે તે સમજુતી સાથે લખો. મીલ, ફેકટરી, દવાના કારખાના, યાંત્રિક મશીનો, પ્લાસ્ટીકની બનાવટ, વિવિધ વાહન, લડાઈના શસ્ત્રો, પશુ-પક્ષીના અગોપાંગ.

૪. નીચેના ૧૦ શબ્દોના અર્થ લખો :-

અ સાવગ, સુહુમો અપ્પસત્થેહિં, આગમણે, કંખ, રહસ્ય, કુવિઅ, અપોલ જંતગ, દવાવિએ, કુક્કુઈએ, ઉવભોગ, વહ, સમારંભ, મલ્લે.

બ જીવનમાં વ્રતથી થતા લાભ અને અવ્રતથી થતાં નુકસાનો ૨૫ લીટીમાં જણાવો.

જુનાગઢ બાહુદ્દીન કોલેજના વાઈસ પ્રીન્સીપાલ પ્રો.આર.જી. મજમુદારનો ખંભાત શિક્ષાયતન અંગેનો અભિપ્રાય

શ્રી ગ્રીષ્મ આધ્યાત્મિક શિક્ષાયતનમાં ગાળેલા પચીસ દિવસો મને હરઘડી યાદ આવે છે. હું આવેલ માત્ર પાંચ દિવસ માટે, શિબિર જોવા માટે; પરંતુ તેનું આકર્ષણ એવું અદ્‌ભુત નીપજ્યું કે પચીસ દિવસ રોકાઈ ગયો. મારા જેવા અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક માટે પરમ અર્થની સિદ્ધિનો યોગ નીહાળ્યો તેના મહાન લાભ ગણ્યા ગણાય તેમ નથી કે ભૌતિક દૃષ્ટિએ લખી શકાય તેમ નથી છતાં.

(૧) આચાર્ય ભગવાન શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજીનાં દર્શન તથા તેમની વંદનાનો લાભ રોજ સવારમાં મળતો. તેમની પ્રેમાળ દૃષ્ટિ તથા તેમનો વિશાળ શિષ્ય-સમુદાય અમર જૈન શાળામાં અદ્‌ભુત આધ્યાત્મિક વાતાવરણ સર્જી અમોને સવારમાં જ પ્રેરણાનો પિયુષ પાતો. માત્ર તેમના દર્શન અને સમાગમથી જ કર્મની મહાન નિર્જરા થતી.

(૨) સવારના સાડાપાંચથી સાંજ સુધી પૂ. પં. શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબની અમૃતવાણીનો લાભ મળતો રહ્યો. અમને જુનાગઢમાં તેઓશ્રીનાં શિષ્ય ધર્મગુપ્તવિજયજી મહારાજ સાહેબની વાણીનો લાભ દરરોજ મળે છે. પરંતુ શિક્ષાયતનમાં તો પૂ. પં. શ્રી ભાનુવિજયજી મહારાજનો પોતાનો એકધારો લાભ સતત સાતથી આઠ કલાક મળતો. વળી તે બધાં વ્યાખ્યાન ખૂબ જ અભ્યાસપૂર્ણ અને અમો તેનો શબ્દે શબ્દ નોટમાં ટપકાવી લઈ કંઠસ્થ કરતા તેથી ગંભીરપણે

ધર્મનો અભ્યાસ કરવાનો મોકો મળ્યો.

(૩) શિક્ષાયતનમાં ખૂબ જ સામાયિક પ્રતિક્રમણ કરવાની તક મળી. દરરોજ પૂજ્ય પંન્યાસજી મહારાજના વ્યાખ્યાન સાંભળતા જ કેટલાએ સામાયિક થઈ જતાં, જે મહાન ફળદાયી અને કર્મની નિર્જરા કરાવનાર થતા.

(૪) અચૂક રીતે સવારે દેવદર્શન, બપોરે પૂજા, અને સાંજે આરતીનો લાભ મળતો. ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનના ભોંયરામાં રહેલી તેજસ્વી વિશાળ કદ મૂર્તિ હજુ પણ યાદ આવ્યા કરે છે. વળી પ્રવીણભાઈ મધુરસ્વરે દરરોજ સાંજે પ્રાર્થના કરાવતા અને તેમાં પણ પૂ. પં. શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબનું વિરચિત 'શ્રી અરિહંતો સકલ હિતદા...' કાવ્ય કદી ભૂલાય તેમ નથી.

(૫) શિક્ષાયતનમાં જે વ્રત પચ્ચકખાણ તથા અભિગ્રહ-ધારણ કર્યા તે જીવનભરનું ભાતું બની રહેશે. પૂ. પંન્યાસજી મહારાજની પ્રેરણાથી બધા જ શિબિરાર્થીઓએ અનેક વ્રત પચ્ચકખાણ ધારણ કર્યા છે તે ભવિષ્યના સમગ્ર જીવનને પલટાવી નાખનાર તેમજ ઉન્નત બનાવનાર રહેશે તે નિઃસંશય છે. એક વખત શિબિરમાં આવી ગયેલ વ્યક્તિ કદી દુરાચાર કે અનીતિના માર્ગે નહિ જાય તેમ નિઃસંશય કહી શકાય.

(૬) પૂ. પં. શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબની ૯૬મી ઓળીનું પારણું તથા તેઓશ્રીના શિષ્ય મણિપ્રભવિજયજી મહારાજ સાહેબનું ૧૦૦મી ઓળીનું પારણું શિક્ષાયતનના મહાન યાદગાર પ્રસંગો છે. તે દિવસે પૂજ્ય પંન્યાસજી મહારાજને વહોરાવવાનો અમૂલ્ય લાભ મળ્યો હતો. જે જીંદગીભર યાદ રહેશે.

(૭) જે ધાર્મિક-પરીક્ષાઓ લેવામાં આવી તેનાથી મહાન લાભ એ થયો કે તે માટે ગાથાઓ તથા અનેક પ્રકારની જ્ઞાનસામગ્રી અમોએ કંઠસ્થ કરી જે જીવનભરનું ભાતું બનશે. સામાન્ય રીતે દરરોજ ધાર્મિક વાંચન કરીએ અને પરીક્ષા માટે તૈયારી કરીએ, તેમાં બહુ ફેર પડે છે. વળી ચારેબાજુ બધા જ શિબિરાર્થીઓ જ્ઞાનની આપ-લે સતત કરતા હોય, તેનાથી એવું વાતાવરણ સર્જાતું કે જે કદી વીસરાય તેમ નથી.

બધા જ શિબિરાર્થીઓ (૨૮૨) ઉત્કૃષ્ટ કોટિના સાધકો હતા. મુમુક્ષુ અને ધર્મના પ્રેમી હતા. બીજું કાંઈ ન હોય તો પણ તેમનો એકધારો સહવાસ ગમે તેવા નાસ્તિકને પણ આસ્તિક બનાવી દે; સમકિત પ્રાપ્ત કરાવી ધર્મમાં એવી શ્રદ્ધા પ્રાપ્ત થાય કે ધારે તો પણ જીવનપર્યંત તે ન જ ગુમાવી શકે કે ડગી શખે.

(૮) ખંભાતના દીક્ષાર્થીના સન્માન સમારંભમાં થોડુંક બોલવાની મને પણ

તક મળી હતી. સંસારની અસારતા સંયમ માર્ગની શ્રેષ્ઠતા ધર્મનું મહત્વ, સાધના કરવાની આવશ્યકતા વિષે મનન કરવાની તથા બોલવાની જે તક મળી, તેનાથી મને તો લાભ થયો જ છે. તેમના દીક્ષાના વરઘોડામાં સામેલ થઈ અનુમોદના દ્વારા કર્મનિર્જરાની મહાન તક મળી.

(૯) પૂજ્ય પંન્યાસશ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબ રચિત જૈનધર્મનો સરળ પરિચય ભાગ ૧ લો તથા ભાગ ૨ જો વગેરે પુસ્તકો વાંચવાની તક મળી. દિવ્યદર્શનમાં તેમના લેખ વાંચ્યા. શ્રી કિરણભાઈ ખાસ મુંબઈથી પધારેલ નવકારમંત્ર પર પણ ત્રણ વ્યાખ્યાન આપેલ. ચૈત્યપરિપાટીનો લાભ મળ્યો. ખંભાતના ૬૦ થી ૭૦ દેરાસરના દર્શન કરવાનો લાભ મળ્યો.

(૧૦) શિક્ષાયતન દરમ્યાન અનેક સદ્‌ગુણો વિકસાવવાની તક મળી. સ્વાશ્રયી જીવન જીવવાની ટેવ પડી પોતાનું કામ જાતે કરવાની ટેવ પડી જેથી કુટુંબીઓ પણ રાજી થયા.

પૂજ્યશ્રી ભાણાભાઈની સતત દેખરેખ હેઠળ નિયમિતતા શિસ્તપાલન, રાત્રિભોજન ત્યાગ, ચોવિહાર લગભગ રોજ એકાસણાં, બેસણાં, આયંબિલ વગેરેનો લાભ મળ્યો. લગભગ ઊકાળેલું પાણી પીવાનો મહાન લાભ પ્રાપ્ત થયો. અધ્યાત્મપ્રેમી વિદ્વાન અભ્યાસી શ્રી મુકેશભાઈ તથા દિનેશભાઈ દરરોજ રાત્રિવર્ગ ચલાવતા જે કદી વિસરાય તેમ નથી. બીજા તો કેટલાય દૃશ્ય અદૃશ્ય લાભ થયા છે જે વર્ણવી શકાય તેમ નથી.

(૧૧) શિક્ષાયતનમાં બધા જ દિવસ સવારથી સાંજ હારમોનિયમ પર નવકારમંત્ર, પ્રાર્થના, સ્તવન તથા પૂ. પં. શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબના સૂરિલા મધુરકંઠે ભાવભર્યા સ્તવન સજ્ઝમયમાંથી સ્તવનો ગવાતા, તેનાથી સંગીત પ્રત્યેની અભિરુચિ કેળવાઈ અત્રે પાછા ફરીને પરત હારમોનિયમ ખરીદી તેના પર સ્તવનો ગાવાનું તેમજ કંઠ કેળવવાનું શરૂ કર્યું છે તે માટે ટ્યુશન પણ રાખ્યું છે. તેમાં કેટલી સફળતા મળે છે તથા મારી આધ્યાત્મિક પ્રગતિ કેટલી થાય છે, તેનો ખ્યાલ આગામી શિક્ષાયતનમાં આવી શકશે. આપ જરૂરથી આગામી શિક્ષાયતનમાં મને સામેલ કરી આપના માર્ગદર્શન તથા પ્રેરણાનો લાભ આપશો.

આપની અમી નજરનો અભિલાષી.

• **મુંબઈ :** તા. ૩-૭-૬૬ રવિવારે બપોરે "શ્રી ગ્રીષ્મ આધ્યાત્મિક શિક્ષાયતન"નાં મુંબઈ ખાતેના વિદ્યાર્થીઓ વાલકેશ્વર ખાતે બિરાજમાન પૂ. પા. ૧૦૦૮ શ્રી આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. સાહેબની નિશ્રામાં મળ્યા હતા. શરૂઆતમાં પૂ. આચાર્યદેવે માંગલિક સંભળાવ્યા બાદ, મંત્રી શ્રી ભાણાભાઈએ વિદ્યાર્થીઓને સમૂહવંદન કરાવ્યું હતું, જે બાદ પૂ. મુનિ શ્રી યશોવિ. મ. એ મંગલાચરણ સંભળાવ્યું હતું. તે બાદ સંસ્થાના શક્તિશાળી વિદ્યાર્થી શ્રી મુકેશ નવિનચંદ્રે શિબિરમાંથી જડ અને ચેતનનો વિવેક, સદાચાર, નીતિ વિ. માર્ગાનુસારીના ગુણો પંચસૂત્ર વિ. સૂત્રોનાં મનનીય અભ્યાસમાંથી કેવી રીતે મળ્યા તે સમજાવ્યું હતું, જે બાદ પૂ. યશોવિ. મહારાજે કર્મબંધથી બચવા વિરતિને જીવનમાં પ્રથમ સ્થાન આપવા પર તથા પ્રાર્થનાના બળ પર દાખલા દૃષ્ટાંત આપી ઉપદેશ આપ્યો હતો.

અંતમાં વિદ્યાર્થીઓએ 'ચત્તારીમંગલ' તથા નવકારમંત્રની ધૂન ગાઈ હતી.

અલ્પાહાર બાદ સૌ વિખેરાયા હતા. આ વિદ્યાર્થીઓ આ રીતે અવારનવાર મુંબઈમાં બિરાજમાન પૂ. આચાર્યદેવોની નિશ્રામાં મલતા રહેશે.

આમોદ હાઈસ્કૂલના શિક્ષક શ્રી ઉદેચંદ સી. શાહ (હિન્દી સાહિત્ય વિશારદ, પ્રયાગ)નો ખંભાત શિક્ષાયતનનો એક સપ્તાહનો અનુભવ ૧

શ્રી ગ્રીષ્મ આધ્યાત્મિક શિક્ષાયતન છેલ્લા ચાર વર્ષથી ચાલુ હોવા છતાં તેમાં જોડાવાના સંયોગો અનુકૂળ ન હોવાથી મનમાં દુઃખ ઘણું થતું. દર વર્ષની સતત ઈચ્છા આ વર્ષે ખંભાતમાં ફક્ત ૯ દિવસના અનુભવમાં પૂર્ણ થઈ.

પરમપૂજ્ય પંન્યાસ શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબના તપસ્વી શિષ્ય પૂ. મણિપ્રભવિજયજી મહારાજની વર્ધમાન તપની ૧૦૦મી ઓળીના પારણાના પ્રસંગ પર ખંભાત જવાનું થયું. જેઠ સુદ ૧ ના ૧૨ વાગે ખંભાત પહોંચ્યા પછી બપોરે અષ્ટાપદની પૂજા શ્રી આરાધક મંડળ અમદાવાદના ભાઈઓએ ભણાવી.

પૂજા દરમ્યાન પૂ. પંન્યાસજી ભાનુવિજયજીએ તેના ગૂઢાર્થ સમજાવેલા તે સાંભળવાનો એક અનુપમ લાભ જીવનમાં પ્રાપ્ત થયેલ. શિક્ષાયતનના દિવસે તો રાત્રે ભાવના માટે શિબિરવિદ્યાર્થીઓ પોતે જ અમરશાળામાં એકઠા થયેલા. એમને પ્રાર્થના તથા ભાવવાહી સ્તવનો નવા નવા રાગયુક્ત એકતાથી ગાતા સાંભળીને મારા હૃદયમાં ઘણો જ હર્ષ થયો.

બીજે દિવસે સવારના સાડા પાંચ વાગે નવકારમંત્ર, પ્રાર્થના તથા અરિહંત આદિ ચાર શરણાં સાંભળતા ઘણો જ આનંદ થયો. સવારના શાન્ત વાતાવરણમાં પૂ. પંન્યાસજીના મધુર કંઠ સાથે લગભગ ૩૦૦ વિદ્યાર્થીઓ ગાતા ત્યારે આલ્હાદમય વાતાવરણ સર્જાતું. વહેલી સવારથી બધા જ સામાયિકમાં બેસી જતા. એમને શ્રી નમસ્કાર સૂત્રથી માંડીને આવશ્યક સૂત્રો પર માર્મિક અને ક્રિયોપયોગી રહસ્યો બતાવનારું રોચક પ્રવચન પૂ. પંન્યાસજી નવકારશીના સમય થતા સુધી સંભળાવતા. પછી નવકારશીથી માંડી બેસણું, એકાસણું, આયંબિલ તથા ઉપવાસાદિનું પચ્ચક્ખાણ શિબિરાર્થીઓ કરતા જોવામાં આવ્યા આથી તપગુણની પણ વૃદ્ધિ થતી.

નવકારશી પચ્ચક્ખાણ પૂજા આદિથી પરવારી તરત જ ૯-૦૦ કલાકે બીજું પ્રવચન પૂ. પંન્યાસજી ભાનુવિજયજી મહારાજનું થતું. તેમાં ચૈત્યવંદનભાષ્ય પર શ્રાવક જીવનમાં જરૂરી વિગતો સમજાવી. ત્યાં જ યાદ રહી જાય તેવી નવીન પદ્ધતિથી અધ્યયન કરાવવામાં આવતું જેથી ગમ્મત સાથે જ્ઞાન પ્રાપ્ત થતું.

શાળાઓમાં કે કૉલેજોમાં જે પ્રકારની શિક્ષા પદ્ધતિ છે, તેના કરતાં બલ્કે વધારે સારી રીતે સમજાય તેવી રીતે બિલકુલ માનસશાસ્ત્રની દૃષ્ટિએ જૈન ધર્મના કઠિન વિષયોનું બહોળું અધ્યયન આ શિક્ષાયતનમાં કરાવવામાં આવે છે, જે જ્ઞાન ટૂંક સમયમાં એટલે એક માસમાં નવનીત રૂપે મળી જાય છે, એ જોવા મળ્યું. આવા વિષયો આધુનિક શિક્ષણ પામેલા ડિગ્રીધારી વિદ્યાર્થીઓને આ રીતે સમજતાં જરાપણ વાર લાગતી નથી. માટે જ આ શિક્ષાયતન આધુનિક જમાનામાં ખૂબ જ આવશ્યક માલૂમ પડે છે.

મને જૈન ધર્મના સંસ્કારો તો ગળથુથીમાં મળ્યા હતા. પૂ. મુનિરાજોના વ્યાખ્યાન, સેવા આદિનો યોગ પણ ઘણી વખત પ્રાપ્ત થયેલો. છતાં ખંભાતની આ શિક્ષાયતનમાં બે દિવસ જોડાતા જ મારામાં કંઈક નવીન જોમ પ્રકટ થયું. તત્ર બિરાજમાન પૂ. આચાર્યદેવ તથા પૂ. પંન્યાસજીમહારાજાદિનાં દર્શન-વંદન તથા સ્થંભન પાર્શ્વનાથ ભગવાનની પૂજા ભક્તિ આદિના સુંદર સંયોગથી આખો દિવસ શિબિર વિદ્યાર્થીઓ સાથે એવો સુંદર વ્યતીત થતો કે બે દિવસ માટે હું આવેલો

તે આઠ દિવસ સુધી રોકાઈ ગયો ને સપ્તાહના બધા જ દિવસોમાં શિબિરના કાર્યક્રમ પ્રમાણે અપ્રમાદપણે લાભ લીધો.

જે કાંઈ શીખવવામાં આવે છે તેનું વિદ્યાર્થીઓ કેટલું ગ્રહણ કરે છે તેનું માપ લેખિત પરીક્ષાપદ્ધતિથી કઢાતું. એટલે શિક્ષાયતનના છેલ્લા દિવસોમાં એકેક દિવસ પરીક્ષા ને એક દિવસ બાકી રહેલા ગ્રંથોના અગત્યના વિષયો સમજાવવામાં આવતા. પરીક્ષા દરમ્યાન મુકેશભાઈ, દિનેશભાઈ, વડોદરાના જયપ્રકાશ આદિ વિદ્યાર્થીઓ દરરોજ રાત્રે મુખ્ય પ્રશ્નોનું પુનરાવર્તન કરાવતા. તેમનું નિરીક્ષણનું કાર્ય તેમજ પરીક્ષા પ્રશ્નોની ઉત્તર વહીઓ તપાસવાનું કામ પણ તેટલું જ કપરૂં હતું. હાઈસ્કૂલના અને કૉલેજના વિદ્યાર્થીઓના લખાણ પરથી માલૂમ પડે છે કે અમુક વિદ્યાર્થીઓ બહુ સારી રીતે કંઠસ્થ કરીને સમજીને આવા વિષયોને પચાવી શક્યા હોય એમ દેખાઈ આવતું. પૂજ્ય મુનિરાજો તથા પાઠશાળાના શિક્ષકો પૂ. પંન્યાસજી મ. પાસેથી પ્રશ્નપત્રોનું ઉકેલપત્ર મેળવી પરીક્ષાની ઉત્તરવહીઓ ખૂબ કાળજીથી તપાસી યોગ્ય ગુણાંકવાળાને ઈનામ આદિને પાત્ર ગણવામાં સહાયભૂત થતા હતા.

આ રીતે શિક્ષાયતન આજના જડવાદી યુગપ્રવાહમાં આધુનિક શિક્ષા પામેલ વિદ્યાર્થીને જૈન ધર્મના સંસ્કારોનું ઊંડું સિંચન કરે છે. એટલું જ નહિ પણ આજના બહારના વિષમય વાતાવરણમાં ધર્મના આધ્યાત્મિક જ્ઞાનને જ્યાં ઠોકરે મારવામાં આવે તેવા સ્થળેથી શિક્ષા પામેલા જૈન જૈનેતર વિદ્યાર્થીના હૃદયમાં આ શિક્ષાયતનનો કાર્યક્રમ જૈનધર્મની ખૂબ ઊંડી છાપને ગાઢ અસર કરે છે તે એક નિઃશંક વાત છે.

"દિવ્ય-દર્શન" - "શિબિર" **વર્ષ-૧૪,અંક-૪૨,તા.૧૬-૭-૧૯૬૬**

આપણે આપણા બાળકોની વ્યવહારિક શિક્ષણ માટે જે કાળજી ન લઈ શકીયે તે કરતાં પણ હજારો ગણી કાળજી લેનાર પિતા તૂલ્ય પૂ. ભાણાભાઈ રાત દિવસ બાળકોની એક એક ઝીણી પ્રવૃત્તિ પર ધ્યાન આપતા જોવામાં આવ્યા. ધન્ય છે આવા વ્યવસ્થાપકોને કે જે જૈનશાસનની ખૂબ ખૂબ લાગણી રાખે છે ને ભાવી જૈન પેઢીને આ રીતે સંસ્કારિત કરે છે.

આ શિક્ષાયતને મારા જૈન ધર્મના જે સંસ્કારો હતા તેને વધારે દૃઢ કર્યા, એમ શિક્ષકનો વ્યવસાય કરી શાળા કે કોલેજોમાં પગાર લીધા છતાં શિક્ષણ આપવામાં દિલ રેડી શકતા નથી તે અત્રે પૂ. પંન્યાસજી ભાનુવિજયજી મહારાજ સાહેબ,

સમયનો ભોગ આપી વિદ્યાર્થીઓને જિનવાણીનું અમૃત અધ્યયન ખરા દિલથી કરાવે છે તેનો બદલો શિબિરાર્થીઓ ક્યારે પણ વાળી શકવાને સમર્થ નથી.

આ શિક્ષણની પ્રશંસા દરેક વિદ્યાર્થીના સ્વમુખે મને જાણવા મળી કે અમે અત્રેથી કેઈ જ નવું ભાતું લઈ જઈએ છીએ. દરેક પ્રવચનની શરૂઆતમાં ભાવભર્યા સ્તવન સજઝાય. 'વીર વિણ વાણી કોણ સુણાવે' વગેરે સાંભળવાનો અનુપમ લાભ પ્રાપ્ત થતો ત્યારે ભક્તિરંગ અને ભવનિર્વેદની ઝાંખી અનુભવાતી.

શિબિરના પૂર્ણાહુતિના પ્રસંગ પહેલા અરિહંતનો ધારાબદ્ધ અખંડ જાપ અને દરેકને ૫૦ હજાર જાપનો કાર્યક્રમ હતો. અરિહંતા મે શરણં આદિના જાપમાં શરણ વિદ્યાર્થીઓએ સારી રીતે જાણે સ્વીકારી લીધું હોય એમ જોવા મળ્યું. અરિહંતની મમતા કરાવવાનો આ એક કાર્યક્રમ મને ખૂબ જ ગમ્યો.

પૂર્ણાહૂતિના મંગળ મેળાવડામાં પૂ. ભાણાભાઈના મનનીય પ્રવચનમાંથી સારભૂત બોધ એ હતો કે મોક્ષના અભિલાષીઓને મોક્ષ મેળવવામાં કઈ રીતે સહાયભૂત થવાય તેજ ભાવનાને અનુસરીને તેઓએ છેલ્લી પાંચ શિબિરોમાં ખૂબ ખૂબ ભોગ આપ્યો છે છતાં તેઓએ જણાવ્યું કે ખંભાત માતૃભૂમિ હોવાથી પોતે બીજા રોકાણને લીધે શિબિરાર્થીઓની વ્યક્તિગત ઝીણવટભરી કાળજી લઈ શક્યા નથી તે બદલ દુઃખ જાહેર કર્યું. તેઓએ કલ્પેલ ચિત્રને હજુ પણ સાકાર કરી શક્યા નથી. આ તો માત્ર એ રસ્તે હજી એક પ્રયાસ છે એમ તેઓએ કહ્યું.

આમાં મને પણ બે ત્રણ મિનિટ ભાષણ આપવાની તક મળી, એમાં મેં તો એટલી જ વાત કહી કે આખો દિવસ ક્યાં પસાર થાય છે તેની જ ખબર પડતી નથી. ચારે બાજુએ આત્મિક લાભ લાભ ને લાભ જ અત્રે જોવામાં આવે છે. અત્રે રહેનારને પૂ. આચાર્યાદિના વંદન, વ્યાખ્યાન શ્રવણ, પૂજા ભક્તિ, સાધુ ભગવંતોની સેવા, શિબિરાર્થીઓની સાધર્મિક ભક્તિ આદિનો અનુપમ લાભ મળે છે. જ્ઞાન-દર્શન-ચારિત્રની સુંદર સાધના મળે છે.

અંતમાં પૂ. પંન્યાસજી ભાનુવિજયજી મહારાજે પણ અમારા શિક્ષાયતનના વિદ્યાર્થીઓને આ શિબિર પછી શું ? તે વિષય પર પ્રકાશ પાડતાં કહ્યું કે તમે સર્વે ઘેર જઈને તમારું જીવન એવું બનાવજો કે તેની મહેક કુટુંબના એકે એક સભ્યને મળે. હવે પછીથી ઘેર જઈને મળેલા જ્ઞાનને ખૂબ ખૂબ મનન કરી અમલી બનાવવા તેમજ લીધેલ વ્રત પચ્ચક્ખાણ આદિને મક્કમ મનથી પાળજો. ભાવી જીવનને આથી પણ ધર્મ માર્ગે વિશેષ જોડી ભવ ભવ જિનવાણીને પામી આત્મકલ્યાણ સાધો એ શુભાભિલાષા સાથે પૂર્ણાહુતિ થઈ.

વિદાયવેળાએ પણ મંત્રીશ્રી શાંતિભાઈએ (ભાણાભાઈએ) દરેકને ભાવભીની વિદાય આપી હતી. મારા જીવનના ૪૨ વર્ષના ગાળામાં આ પ્રસંગને હું ધન્ય માનું છું. પૂ. ભાનુવિજયજી મહારાજ સાહેબની છત્રછાયામાં જે જ્ઞાન પ્રાપ્ત થયું, ધર્મના સંસ્કારો ફાલ્યા ફૂલ્યા તેથી પૂ. આચાર્યદેવનો તેમજ પંન્યાસજી મહારાજ સાહેબનો તેમજ શિબિરના વ્યવસ્થાપક ભાણાભાઈ આદિનો હું ખૂબ ઋણી છું. હવે પછીની શિબિરમાં લાભ લેવા માટેના નિશ્ચય સાથે વિરમું છું.

આપની ચરણ સેવાનો અભિલાષી, **ઉદેચંદ સી. શાહ**

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૧૪,અંક-૪૮,તા.૨૭-૦૮-૧૯૬૬

રાજનગરના આંગણે જૈન વિદ્યાર્થી આલમ માટે અપૂર્વ કાર્યક્રમ

● **અમદાવાદ :** અત્રે શ્રી રાજનગર જૈન શ્વે. મૂ. પૂ. ધાર્મિક ઈનામી પરીક્ષા સંસ્થા જે લગભગ ૫૦ વર્ષથી દર વર્ષે ધાર્મિક પરીક્ષા લે છે. એના કાર્યવાહકો પ્રમુખ શ્રી ચંદુલાલ પ્રેમચંદ દવાવાળા, તથા સેક્રેટરી શ્રીયુત ચંદ્રકાંત સી. મશરૂવાળા વગેરેએ પૂ.પંન્યાસજી શ્રી ભાનુવિજયજી મહારાજ પાસે વિદ્યાર્થીઓમાં ધાર્મિક શિક્ષણનું આકર્ષણ કેમ થાય એ માટે માર્ગદર્શન માગ્યું હતું. તે પછી વિચારણાના અંતે એમના પ્રયત્નથી નીચે પ્રમાણે કાર્યક્રમ અમદાવાદના અગ્રણીઓ તરફથી નક્કી થઈ પત્રિકા કાઢવામાં આવી હતી.

આજના જગતના ઝંઝાવાતોની વચ્ચે ઊગતી જૈન પેઢી જે વિશ્વની અપ્રતિમ સંપત્તિથી વંચિત રહી જાય છે એનાં દર્શન કરાવવા માટે વિદ્યાર્થીબંધુઓના લાભાર્થે એક ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ સંપત્તિ જૈનધર્મ-જૈન તત્ત્વજ્ઞાનની છે. પૌર્વાત્ય-પાશ્ચાત્ય વિદ્વાનોએ જૈનધર્મ અને જૈનધર્મનાં તત્ત્વજ્ઞાનને ભવ્ય અંજલી આપી છે. વિશ્વના મહાન ચિંતકોએ એના પર વિચાર કર્યો છે. આ મહાન સંપત્તિનો પરિચય વહાલા વિદ્યાર્થીબંધુઓને મળે એ હેતુથી રવિવાર તા. ૨૧-૮-૬૬ થી ચાર રજામાં બપોરે બે વાગે નીચે જણાવ્યા મુજબનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

છેલ્લાં ચાર વરસથી ગ્રીષ્માવકાશમાં આબુ, દેલવાડા, અચલગઢ, પાટણ અને ખંભાતમાં ભિન્ન ભિન્ન દેશમાંથી આવેલ સેંકડો વિદ્યાર્થીઓને મનોવૈજ્ઞાનિક ઢબે મનોરંજન સાથે પ્રભાવક પ્રવચનકાર પૂજ્ય પંન્યાસ શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબે પ્રવચનો આપીને સુંદર તત્ત્વપ્રકાશ અને આધ્યાત્મિક સ્ફૂર્તિ આપી એમના

જીવનને તેજસ્વી વળાંક આપ્યો છે ! એઓશ્રીની અદ્‌ભુત વાનગી આમાં જોવા મળે એ માટે એમના પૂજ્ય ગુરુદેવ સિદ્ધાંત મહોદધિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબને નમ્ર વિનંતિ કરતાં એઓશ્રીએ સંમતિ આપી છે.

ચાર રવિવારના ભવ્ય આયોજનમાં પીરસાયેલ તત્ત્વ-માર્ગ-પ્રકાશ વહાલા વિદ્યાર્થીબંધુઓએ ગ્રહણ કર્યા પછી કરેલા પરિશ્રમની કદરરૂપે પરીક્ષા લેવાશે. પરીક્ષક શ્રી રાજનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ધાર્મિક ઈનામી પરીક્ષાની સંસ્થા મેળાવડો કરીને યોગ્ય ગુણાંકોવાળાને ઈનામો વહેંચશે.

ઈનામો રૂા. ૭૧-૫૧-૩૧-૨૫-૨૧ વગેરે ત્રીસ વિદ્યાર્થી સુધી આપવામાં આવશે. પરીક્ષા આપવા માટે વિદ્યાર્થીઓએ પ્રવચન વખતે જ નોંધ કરી લેવી જેથી એ વાંચીને તૈયાર કરી શકાય. આની સફળતા પર આગળના માટે નવીન કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. જે વિદ્યાર્થીઓએ આ યોજનામાં જોડાવું હોય તેમણે પોતાના નામ શુક્રવાર તા. ૧૯-૮-૬૬ સુધીમાં નીચેના સ્થળે નોંધાવી દેવા.

શ્રી ચંદ્રકાંત સી. મશરૂવાળા C/o. અરજણ ખીમજીની કંપની, ધર્માદાકાંટાના મેડા ઉપર, માણેકચોક.

શ્રી પ્રવિણચંદ્ર સી. શાહ, રીલીફરોડ, ૬૭૨, પાંજરાપોળ ઉપાશ્રય પાસે, અમદાવાદ.

પ્રકાશ ટી ડીપો, કાળુપુર રોડ, પોસ્ટ ઓફીસ સામે, પોલીસ ચોકીની બાજુમાં, અમદાવાદ.

''મુક્તિદ્વાર'' જૈન ઉપાશ્રય દશા પોરવાડ સોસાયટી, પાલડી બસ સ્ટેન્ડ પાછળ, અમદાવાદ.

તા. ૨૧-૮-૬૬ રવિવારનો મંગળ કાર્યક્રમ

બપોરે ૨-૦૦ થી ૨-૨૦ વિવિધ વાજિંત્રોના સુંદર સરોદ સાથે મંગળાચરણ અને સમૂહ સંગીતમય ગીત.

બપોરે ૨-૨૦ થી ૩-૩૦ જૈનધર્મનું તત્ત્વજ્ઞાન એ વિષય પર કથા દૃષ્ટાંતો સાથે રસિક બોધક પ્રવચન.

બપોરે ૩-૩૦ થી ૪-૦૦ વિશ્રાંતી, વિદ્યાર્થીઓનો યોગ્ય સત્કાર.

બપોરે ૪-૦૦ થી ૪-૨૫ ભક્તિસંગીતના કેટલાક રહસ્યો તથા પ્રાર્થનાના પ્રભાવની સમજુતી સાથે ભક્તિગીત.

બપોરે ૪-૨૫ થી ૫-૧૫ જૈનત્વના અલંકાર એ વિષય પર મનોવૈજ્ઞાનિક

પદ્ધતિએ રોચક માર્ગદર્શન. અંતે વિસર્જન ગીત.

સ્થળ : શ્રી જૈન વિદ્યાશાળા, દોશીવાડાની પોળ, અમદાવાદ

રાજનગર અને બહારગામના સ્કૂલ, કોલેજના વિદ્યાર્થીબંધુઓને આમાં ભાગ લેવા અમારું ભાવભર્યું નિમંત્રણ છે. આમાં જોડાનાર વિદ્યાર્થીઓએ પાકા પુંઠાની નોટ સાથે લાવી પ્રવચન-સમજુતી વખતે એના મુદ્દા ટાંકી લેવાના છે. જેથી પરીક્ષા આપી શકે. સ્વચ્છ નોંધવાળી નોટબૂકો તપાસી એના પર પણ ગુણાંક આપવામાં આવશે. આયોજન-હોલમાં પેઠા પછી નકામી વાતચીત-ગરબડ અશિસ્ત બિલકુલ થઈ શકશે નહિ.

દરેક ધર્મપ્રેમી માતાપિતાને પોતાના ૧૨ વર્ષ ઉપરના પુત્રોને આ ભવ્ય કાર્યક્રમમાં જોડાવા અમારી ખાસ ભલામણ છે.

કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી	ચંદ્રકાંત બકુભાઈ	ચંદુલાલ પ્રેમચંદ
નરેશભાઈ મનસુખરામ	ચંદ્રકાંત છોટાલાલ ગાંધી	રમણલાલ વજેચંદ
ચારૂચંદ્ર ભોગીલાલ	નરોત્તમદાસ મયાભાઈ	અનુભાઈ ચીમનલાલ
કચરાભાઈ હઠીસીંગ	કાંતીલાલ ચીમનલાલ	ભોગીલાલ મગનલાલ સુતરીયા
અમૃતલાલ દલસુખભાઈ હાજી	રતીલાલ મણીલાલ કાપડીયા	મોહનલાલ ડાહ્યાભાઈ
મોહનલાલ જમનાદાસ	ફૂલચંદ છગનલાલ	હીરાલાલ મણીલાલ
મનુભાઈ લલ્લુભાઈ	રતીલાલ કેશવલાલ	ડો. દિનકરભાઈ સાંકળચંદ
લાલભાઈ લલ્લુભાઈ પરીખ	ચંદ્રકાંત ચુનીલાલ મશરૂવાલા	મૂલચંદભાઈ રામચંદ

ઉપરોક્ત જાહેરાત મુજબ એકવાગ્યાથી વિદ્યાર્થીઓ આવવા લાગ્યા હતા. બરાબર બે વાગે પં.પૂ.શ્રી ભાનુવિજય મહારાજશ્રી પાટ ઉપર પધારતાં એકત્રિત થયેલ લગભગ ૫૫૦ વિદ્યાર્થીઓને જૈન ધર્મ આરાધક મંડળના પ્રમુખ શ્રી ચતુરદાસ ચીમનલાલે માલકોશ રાગમાં શ્રી નવકારમંત્ર ઝીલાવ્યો હતો. પછી 'ચત્તારિમંગલમ.. વગેરે તથા શ્રી અરિહંતો... ઝીલાવીને 'શાંતિ જિનેશ્વર સાચો સાહિબ...' ગવરાવ્યું હતું. એટલામાં પૂ.બાપજી મહારાજના પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પાટપર પધારી ગયા હતા. પછી 'જૈનધર્મનું તત્ત્વજ્ઞાન' એ વિષય પર શ્રી તત્ત્વાર્થસૂત્ર ભાષ્યના પ્રથમ શ્લોકને લઈને પ્રવચન આપવામાં આવ્યું હતું. એમાં જન્મ એ કેમ દુઃખનું કારણ છે, તથા એવા પણ જન્મને સફલ કરવા માટે શા ઉપાય છે, જૈન ધર્મનુ વિશ્વમાં કેવું મહત્ત્વ છે, બર્નાડશો જેવાએ પણ એનું કેવું મૂલ્યાંકન કર્યું હતું. ઇત્યાદિ બાબતો સમજાવવામાં આવી હતી. ૩॥ વાગે પ્રવચન પૂર્ણ થતાં વિદ્યાર્થીઓને નીચે લઈ જઈ લીંબુના સરબતથી એમની ભક્તિ કરવામાં આવી હતી. પછી ૪ વાગે બીજું પ્રવચન 'જૈનત્વના અલંકાર' પર શરૂ થયું. એમાં દરેક

જૈને પોતાના હૈયે જૈનત્વનું કેવું ગૌરવ વસાવવું જોઈએ એ દૃષ્ટાંત સાથે સમજાવી પ્રથમ અલંકાર તરીકે શ્રી નવકાર મંત્રની ઉપાસના પર પ્રાચીન-અર્વાચિન કથા પ્રસંગો સાથે રોચક પ્રકાશ પાડવામાં આવ્યો. એથી કેટલાંય વિદ્યાર્થીઓએ અમુક વખતમાં ૯ લાખ નવકાર ગણવાની પ્રતિજ્ઞાઓ લીધી, અંતે સર્વમંગળ થઈ પેંડાની પ્રભાવના સાથે વિસર્જન થયું.

આ પ્રસંગે રાજનગરના અગ્રગણ્યો અને બીજા લગભગ ૨૫૦ શ્રાવકો ઉપસ્થિત થયા હતા. આખો પ્રસંગ યોજાવવામાં શેઠશ્રી રમણલાલ વજેચંદ, તથા શ્રી ચંદ્રકાંત મશરૂવાળા તેમજ શિબિર વિદ્યાર્થીભાઈ શ્રી પ્રવિણચંદ્ર સી. શાહે (એમ.એસ.સી.) આગળ પડતો ભાગ ભજવ્યો હતો. વિદ્યાર્થીઓનો આ પ્રથમ સત્કાર શ્રી દશાપોરવાડ સોસાયટી જૈન સંઘ તરફથી કરવામાં આવેલો.

શ્રી રાજનગર જૈન ધાર્મિક શિક્ષણ શિબિર સમિતિ : ઓક્ટોમ્બર શિબિરનો રિપોર્ટ

શ્રી રાજનગર જૈન ધાર્મિક શિક્ષણ શિબિર તરફથી યોજાયેલ ૪ રવિવારના વર્ગો દરમ્યાન પ.પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબે આપેલ જૈન તત્ત્વજ્ઞાનના શિક્ષણથી રાજનગરના વિદ્યાર્થીઓમાં તત્ત્વજ્ઞાનની ઊંડી ભૂખ લાગી હતી. તે લક્ષમાં લેતાં ઉપર્યુક્ત સંસ્થા તરફથી શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં ૧૧ દિવસની એક શિબિર યોજવામાં આવી હતી જ્યાં વિદ્યાર્થીએ ૨૪ કલાક રહેવાનું હતું. ત્યાં બધી સગવડ સંસ્થા તરફથી ફ્રી આપવામાં આવી હતી. જાહેરાત બાદ માત્ર ત્રણ દિવસમાં જ ૧૦૦ જેટલાં ફોર્મ ભરાયા હતાં અને તા. ૨૪-૧૦-૬૬ને સાંજે ૭-૦૦ વાગે બધા જ વિદ્યાર્થી હાજર થઈ ગયાં હતાં. તા. ૨૫-૧૦-૬૬ ને મંગલ પ્રભાતે પૂ.પં.ભાનુવિજયજી મ. સાહેબે આવશ્યક સૂત્ર રહસ્યનું શિક્ષણ આપવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ ખુબ જ ઉત્સાહથી વિદ્યાર્થીઓએ સ્નાત્ર મહોત્સવ ઉજવ્યો હતો. ફરીથી ભોજન વિરામ બાદ પૂ.મ.સા. એ માર્ગાનુસારી જીવન વિષે ટૂંકી સમજણ આપી હતી. ફરીથી ભોજન વિરામ પછી વિદ્યાર્થીઓની સભા અને તેમાં વિદ્યાર્થી પરિચય, વક્તવ્યો તથા પ્રાર્થના કરવામાં આવતી હતી. આમ નિયમિત રીતે વિદ્યાર્થીઓ અપૂર્વ ઉત્સાહથી પૂ.મ.સા.નો જ્ઞાનપ્રવાહ ઝીલતા હતા. ત્યાં દરેકની શ્રવણ સાથે સાથે નોટ બનાવતા હતા. તા. ૨૪-૧૦-૬૬ ને શનિવારે પ્રભાતે સૌ

વિદ્યાર્થીઓને પાનસર મુકામે યાત્રા કરાવવા લઈ જવામાં આવ્યા હતા. જ્યાં વિદ્યાર્થીઓએ ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવ્યો હતો. ત્યાં બપોરે પૂજા ભણાવી હતી. તા. ૩૦-૧૦-૬૬ ને રવિવારે વિદ્યાર્થીઓએ રાજનગરમાં યોજાયેલ ભવ્ય જૈન સાહિત્ય પ્રદર્શન જોવા લઈ જવામાં આવ્યા હતા. આમ દરરોજ ૫-૦૦ કલાકે પૂ. ભાનુવિજયજી મ.સા. આવશ્યક સૂત્ર, તત્ત્વજ્ઞાન, મોક્ષમાર્ગ અને જૈન આચારના વિષયો પર અતુલ એવું શિક્ષણ વિદ્યાર્થીઓને આપતા હતા. દરરોજ એકાસણા-બિયાસણા તથા આયંબિલ તપશ્ચર્યા ૧૦ થી ૧૫ વિદ્યાર્થીઓ કરતા હતાં. વિદ્યાર્થીઓ પણ પૂ.મ.સા. એ આપેલા શિક્ષણનું મનન, ચિંતન તથા ગ્રહણ કરતા હતા. દરરોજ દેવદર્શન, માતાપિતાને પ્રણામ, જિનપૂજા, રાત્રિભોજન-ત્યાગ, અમુક વર્ષ માટે સાત વ્યસન ત્યાગ, કંદમુળ ત્યાગ, સિનેમા નિયમન, વર્ષમાં અમુક સામાયિક, અમુક પ્રતિક્રમણ અમુક ગાથા કરવી વગેરે નિયમો શિબિર દરમ્યાન ઘણાં વિદ્યાર્થીઓએ સ્વેચ્છાપૂર્વક લીધાં હતાં. મ.સા. પણ દરેક વાત કોઈને કોઈ કથાનક આપી એવી રીતે સમજાવતા હતા કે વિદ્યાર્થીઓના મનમાં તરત જ એ વાત ઊતરી જતી હતી અને આ રીતે ૧૧ દિવસના શિક્ષણ બાદ તા. ૯-૧૧-૬૬ ના રોજ શિબિરની પરીક્ષા ન્યુ હાઈસ્કૂલમાં લેવામાં આવી હતી. (કુલ બે પરીક્ષા) (૧) તત્ત્વજ્ઞાન-આચાર અને (૨) મોક્ષમાર્ગ આવશ્યક સૂત્ર, જેમાં અમદાવાદના ૮૩ વિદ્યાર્થીઓમાં ૭૯ વિદ્યાર્થી તથા બહારગામના ૨૦ વિદ્યાર્થીમાંથી ૧૪ વિદ્યાર્થીઓ બેઠા હતા. તેમાં કુલ ૯૩ વિદ્યાર્થીમાંથી ૫૩ વિદ્યાર્થી પાસ થયા હતા.

આ કાર્ય મુખ્યત્વે શ્રી ચંદ્રકાન્તભાઈ મશરૂવાળાએ શ્રી ચંદુલાલ જીવાભાઈ તથા શ્રી સુબોધચંદ્ર લાલભાઈનાં સહકારથી પાર પાડ્યું. શિબિર-મેળાવડામાં આ કાર્યમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી રહેવાની જે સગવડ આપી હતી તેનો તથા બીજા બધાં જ કાર્યમાં વિદ્યાલય ગૃહપતિ શ્રી દામુભાઈ પ્રોફેસરે તથા શ્રી બાબુભાઈએ જે અપૂર્વ સહકાર આપ્યો છે તે બદલ શિબિરસમિતિ તરફથી આભાર માનવામાં આવ્યો હતો. ભાઈ શ્રી ઓચ્છવલાલ, લલિતભાઈ, તથા સુરેશભાઈએ આપેલ સહકાર તથા આ કાર્યમાં જે કોઈ વ્યક્તિએ પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે જે સહકાર આપ્યો છે તે બદલ આભાર મનાયો હતો. પરીક્ષાના આ ઈનામી મેળાવડામાં રૂા. ૮૧) ૭૧) ૬૧) ૪૫) ૩૧) એમ પહેલાં પાંચ ઈનામ અને તે પછી ઠેઠ ૩૫ ટકાએ પાસ થનાર સુધી ઉતરતા ઈનામો વહેંચવામાં આવ્યા હતા.

શેઠ શ્રી કાન્તિલાલ સી. કોલસાવાળા તરફથી પહેલાં ૧૦ વિદ્યાર્થીઓને આ. શ્રી વિજય લક્ષ્મણસૂરિજી મ. નાં પ્રવચન રૂપ 'આત્મતત્વ વિચાર' બે ભાગ

ભેટ કરવામાં આવ્યા હતા. કાર્યકર અને પરીક્ષક શ્રી લલિતભાઈને રૂા. ૫૧) તથા ઓચ્છવભાઈ અને સુરેશભાઈને રૂા. ૩૧-૩૧ પહેરામણી આપવામાં આવી હતી.

ઈનામી મેળાવડો પૂ.આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના પ્રમુખ પદે સારો દીપ્યો. શેઠ શ્રી રમણભાઈ કોલસાવાળાના શુભ હસ્તે ઈનામ વિતરણ થયું. એમણે તથા પંડિત મફતભાઈ ગાંધી અને અમલનેરવાળા રીખવદાસભાઈએ ભાષણો સારાં કર્યાં.

વડોદરામાં ધર્મ-ઉદ્યોત

અત્રે શિબિર વિદ્યાર્થીઓ બહુ-આતુર હૃદયે જેની ૨-૩ માસથી રાહ જોઈ રહ્યા હતા. તે પૂ.પંન્યાસજીનું આગમન નિશ્ચિત થતાં સ્વાગત આદિનો એમનો ઉત્સાહ ઊછળી ઊઠ્યો હતો. વડોદરાની જનતાને અદ્‌ભુત પ્રવચન શ્રવણનો લાભ મળે એ માટે જાણ કરવા એમણે અત્રેના પ્રસિદ્ધ દૈનિકપત્ર 'લોકસત્તા'ના તંત્રીશ્રીનો સંપર્ક સાધ્યો હતો. તે પછી 'લોકસત્તા'ના દૈનિકપત્રે તા. ૨-૩-૬૭ ના અંકમાં નીચે મુજબના સમાચાર પ્રગટ કર્યા હતા.

આજે વડોદરા શહેરમાં વિદ્વાન જૈનાચાર્ય પં.શ્રી ભાનુવિજયજીનું થનારું આગમન

ન્યાયવિશારદ પંન્યાસ પ્રવર શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબ અમદાવાદથી મુંબઈનો ઉગ્ર વિહાર (પગયાત્રા) કરતા આજે સંસ્કારનગરી વડોદરામાં પધારી રહ્યા છે. તેઓશ્રી જૈનશાસનના સચારિત્ર્ય ચૂડામણિ સિદ્ધાન્ત મહોદધિ પરમ ગીતાર્થ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના વિદ્વાન શિષ્યરત્ન છે.

તેઓશ્રીનો વ્યવહારિક અભ્યાસ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (C.A.) સુધીનો હોવા છતાં જીવનની સાર્થકતા તેમાં ન દેખાતા આજે પાંત્રીસ વર્ષથી સંયમયાત્રાના પંથી બની જીવન કૃતકૃત્ય કરી રહ્યા છે.

છેલ્લાં પંદર વર્ષથી પ્રગટ થતું આધ્યાત્મિક સાપ્તાહિક **"દિવ્યદર્શન"**માં તેમની કલમેથી લખાયેલા આધ્યાત્મિક પ્રવચનો વાચક વર્ગને મુગ્ધ કરે છે.

તેઓશ્રી ન્યાયશાસ્ત્રના ઉંડા અભ્યાસી હોવા ઉપરાંત દીર્ઘ તપસ્વી છે. તેમના હાથે લખાયેલા વિવિધ વિષયો ઉપર વીસ પુસ્તકો રોચક શૈલીના છે. તેઓશ્રી પ્રખર વ્યાખ્યાનકાર છે. તેમના મુખેથી વિવિધ શાસ્ત્રીય રાગોમાં શ્લોકો,

અને ઢાળો સાંભળવી એ એક લહાવો છે. સાથે સાથે તેઓશ્રી ચિત્રકળાના માર્ગદર્શનમાં પણ નિપુણ છે. તેમના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલા ભગવંત મહાવીરના જીવનચિત્રો જોનાર સામે ભગવંત મહાવીરનું શબ્દ ચિત્ર આંખ સામે ખડું થઈ જાય છે. તેઓશ્રીનો (Teaching Power) પણ અદ્‌ભુત છે.

છેલ્લા કેટલાક વર્ષોથી આજના ક્ષેત્રે કેળવણી લેતા કૉલેજ તથા સ્કૂલના વિદ્યાર્થીઓના જીવનમાં આધ્યાત્મિક સંસ્કારોની ઉણપ દેખાતાં આ પ્રશ્ન જૈન સંઘના અગ્રણીઓને માટે પણ એક પ્રશ્ન રૂપ બનતાં મુંબઈ શ્રી સંઘના અગ્રણી શાસન સેવકોએ વિદ્યાર્થીઓની મે માસના વેકેશનનો લાભ લઈ શિક્ષાયતનના આયોજનને મૂર્ત સ્વરૂપ આપતાં શ્રી ભાનુવિજયજીને શિક્ષાયતનમાં વિદ્યાર્થીઓને વાચના આપવા આગ્રહભરી વિનંતી કરતા કૉલેજના સેંકડો વિદ્યાર્થીઓને વાચના આપી આધ્યાત્મિક સંસ્કારનું સિંચન કરી શ્રી જિનવાણીનું શ્રવણ કરાવ્યું છે, અને અનેક વિદ્યાર્થીઓને જીવન પરિવર્તનનો પ્રકાશ આપ્યો છે.

ન્યાયવિશારદ પંન્યાસ શ્રી ભાનુવિજયજી મહારાજ અત્રે વિહાર કરતાં પધાર્યા હોઈ આજે તા. ૨ તથા કાલે તા. ૩જી ની સવારે ૯.૩૦ કલાકે આત્માનંદ જૈન ઉપાશ્રય જાનીશેરીમાં વ્યાખ્યાન તથા બપોરના ૨.૩૦ કલાકે જ્ઞાનગોષ્ઠી તેમજ રાતના ૮.૩૦ કલાકે સંઘના ભાઈઓને ઉદ્‌બોધન કરશે. સંસ્કાર નગરીની અધ્યાત્મપ્રેમી જનતા તેમની જુસ્સાભરી શૈલીના આધ્યાત્મિક પ્રવચનોનો લાભ જાનીશેરીમાં આત્માનંદ જૈન ઉપાશ્રયે લે."

શ્રી વડોદરા જૈન સંઘ તરફથી પણ નીચે પ્રમાણે હેન્ડબીલ કાઢી સકળ સંઘને લાભ લેવા વિનંતી કરેલી. તેમાં જણાવવામાં આવેલું કે શ્રી સકળ સંઘને જણાવતાં આનંદ થાય છે કે મહા વદ સાતમના તા. ૨-૩-૬૭ના ગુરુવારના શુભ પ્રભાતે સચારિત્ર્ય ચૂડામણી પ્રાતઃસ્મરણીય સિદ્ધાન્ત મહોદધિ પરમપૂજ્ય આચાર્ય ભગવંત ૧૦૦૮ શ્રીમદ્‌ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના વિદ્વાન શિષ્યરત્ન ન્યાયવિશારદ પંન્યાસ પ્રવર **શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબ** પોતાના શિષ્યવૃંદ સહ અત્રે પધારનાર છે. જેઓશ્રીએ છેલ્લા ચાર વર્ષથી યોજાતી ગ્રીષ્મ આધ્યાત્મિક શિક્ષાયતનોમાં કૉલેજ-સ્કૂલના સેંકડો વિદ્યાર્થીઓને વાચના આપી શ્રી જિનવાણીનું શ્રવણ કરાવ્યું છે. તેઓશ્રી અમદાવાદથી મુંબઈનો ઉગ્ર વિહાર કરતા વડોદરા પધારી રહ્યા હોઈ તે પ્રસંગે નીચે મુજબ કાર્યક્રમ યોજેલ છે.

કાર્યક્રમ

(૧) તા.૨-૩-૧૯૬૭ ગુરુવાર : સવારે ૮.૩૦ કલાકે કોઠીપોળથી આત્માનંદ

જૈન ઉપાશ્રય જાનીશેરીમાં આગમન

(૨) સવારે ૯.૧૫ કલાકે : વ્યાખ્યાન પૂ.પં. ભાનુવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી ચંદ્રોદય વિજયજી મહારાજ

(૩) બપોરે ૨.૩૦ કલાકે : જ્ઞાનગોષ્ઠી તથા વાર્તાલાપ

(૪) રાત્રે ૮.૩૦ કલાકે : સંઘના ભાઈઓને ઉદ્‌બોધન.

મહા વદ આઠમના તારીખ ૨-૩-૬૭ ના ઉપર મુજબના કાર્યક્રમમાં સકળ સંઘના ભાઈ-બહેનોએ પધારી શાસનની શોભામાં અભિવૃદ્ધિ કરવા આગ્રહભરી વિનંતી. **લી. વડોદરા શ્રી જૈનસંઘ**

શ્રી જૈન ગ્રીષ્મ આ. શિક્ષાયતન મલાડનો ચાલી રહેલ અદ્‌ભુત કાર્યક્રમ

આજની કેવળણીમાંથી આર્યસંસ્કૃતિ માનવતા, ધાર્મિકતા તેમજ આધ્યાત્મિકતા અને તત્ત્વજ્ઞાનમાનું કશું જ પ્રાપ્ત થઈ શકવાનું નથી તેમ છતાં ઉગતી પેઢીમાં સંસ્કરણ કર્યા વિના ચાલે તેમ નથી. વિદ્યાર્થીઓની શક્તિને જો યોગ્ય માર્ગે જોડવામાં આવે તો અવશ્ય એનું ઊર્ધ્વીકરણ થાય એમ છે. એનાં ફળ સુખદ અને સંતોષજનક આવે છે એના પ્રત્યક્ષ ફળરૂપે છેલ્લા પાંચ પાંચ વર્ષથી યોજાઈ ગયેલ શિક્ષાયતનો છે. જેમાં ગામ પ્રાંત અને રાજ્ય સુધીના સ્કૂલ-કૉલેજના સેંકડો વિદ્યાર્થીઓ ભાગ લઈ જીવનને ધર્મવાસિત, શ્રદ્ધાશીલ, ક્રિયાશીલ, આચારશીલ અને ઉજ્જવળ જીવન જીવતા બનાવ્યા છે. આ આયોજનના સમાજ સમક્ષ અનેક ઉદાહરણો અને પરિણામ મૂકી શકાય તેમ છે.

ચાલુ સાલે પણ તા. ૩૦-૪-૬૭ થી તા. ૨૮-૫-૬૭ સુધી મલાડ (મુંબઈ) ખાતે એક ભવ્ય શિક્ષાયતન મલાડના એક અગ્રણી કાર્યકર ભાઈશ્રી શાંતિલાલ મણિલાલ અને એમની મંડળીએ ઉપાડી લીધેલ જવાબદારી નીચે શ્રી જૈન ગ્રીષ્મ આધ્યાત્મિક શિક્ષાયતન સમિતિ તરફથી યોજાયેલ છે તેમાં કુલ અનેકાનેક ગામોના કૉલેજ, મેટ્રિક અને સ્કૂલના વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક સિદ્ધાંતમહોદધિ પૂ.આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની આજ્ઞાથી એઓશ્રીના વિદ્વાન શિષ્યરત્ન પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવરનાં તાત્ત્વિક પ્રવચનોથી જૈનધર્મ-જૈનતત્ત્વજ્ઞાનનો સુંદર પ્રકાશ પામી રહ્યા છે.

આ આયોજનનો મંગળમય પ્રારંભ તા. ૩૦-૪-૬૭ ના રવિવારના પુનીત પ્રભાતે ૮-૪૫ કલાકે શ્રી દેવકરણભાઈ મુળજીભાઈ જૈન દેહરાસર વાડીમાં થયો. મલાડ સંઘના સેંકડો ભાઈ-બહેનો, જૈનસંઘ, બૃહદ્ મુંબઈના જૈન આગેવાનો તથા અન્ય જૈનોની ભવ્ય હાજરીમાં થયો.

નવકાર મંત્રની ધૂન પ્રાર્થના, ભક્તિગીત શિક્ષાયતનના માનદ્‌મંત્રી શ્રી શાંતિલાલ સોમચંદ ચોકસી (ભાણાભાઈ)નું નિવેદન શ્રી કેશવલાલ મોહનલાલનું વક્તવ્ય થયું. એ પછી શિક્ષાયતનના જૂના વિદ્યાર્થીઓ અને વર્તમાન શિક્ષાયતનના સંચાલકો પ્રોફેસર શ્રી પ્રવિણભાઈ સી. શાહ, શ્રી મુકેશ એન. શાહ અને શ્રી કુમારપાળ વિમળભાઈ શાહનું વક્તવ્ય થયેલ. જૈનરત્ન શ્રી રમણલાલ દલસુખભાઈ, ચીમનલાલ પાલીતાણાકર, મલાડ શ્રી સંઘના મંત્રી શ્રી બાબુભાઈ, જૈનેતર પ્રોફેસરો બાબુલાલ ડી. પરમાર તથા જૂનાગઢ કૉલેજના વાઈસ પ્રિન્સિપાલ શ્રી આર. મજમુદારનાં વક્તવ્ય થયેલ.

અંતમાં પૂ. પં. શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબનું પ્રારંભિક પ્રવચન થયેલ. પ્રોફેસર મજમુદારે શિક્ષાયતન દરમ્યાન પ્રાપ્ત થયેલ જૈન તત્ત્વજ્ઞાન, આચાર અને સંસ્કૃતિની ભૂરી ભૂરી અનુમોદના કરેલ આ વખતે પણ તેઓશ્રી આ શિક્ષાયતનના વિદ્યાર્થી બનીને આવેલા છે.

આ ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહમાં સ્થાનકવાસી સંઘના એક આગેવાન શ્રી પ્રાણલાલ સુંદરલાલ કાપડીયા (જસ્મીન સીલ્ક મીલવાળા) કે જેઓ આ શિક્ષાયતનમાં વિદ્યાર્થી બની રહ્યા છે, એમણે પણ સુંદર વક્તવ્ય કરેલ.

હાલમાં શિક્ષાયતનનું તમામ કાર્ય ઉત્સાહ અને આનંદપૂર્વક આગળ ચાલી રહ્યું છે. દિવસ દરમ્યાન સવારે ૬ થી ૭, ૮-૩૦ થી ૧૦-૩૦ બપોરે ૩ થી ૫ પૂ. પંન્યાસજી મહારાજનાં પ્રવચનો, રાત્રે ભાવના ભક્તિગીતો વિદ્યાર્થી-પરિચય અને અધ્યયનનું કાર્ય ચાલી રહ્યું છે.

રવિવાર તા. ૭-૪-૬૭ ના રોજ આખાય દિવસ દરમ્યાન મુંબઈ બૃહદ્ મુંબઈના મુલાકાતીઓનો માનવ-મહેરામણ ઊમટ્યો હતો. શેઠ શ્રી ભોગીલાલ લહેરચંદ વગેરે પણ આ શિક્ષાયતનની મુલાકાતે આવ્યા હતા.

ચૌદશની આરાધના શિક્ષાયતનના તમામ વિદ્યાર્થીઓએ સવારનું પ્રતિક્રમણ, સાંજનું પ્રતિક્રમણ, હરરોજ મુજબ અભ્યાસ ને તમામે તમામ વિદ્યાર્થીઓએ વ્રત તથા તપશ્ચર્યા કરેલ. રોજના પણ ઉપવાસ આંબેલ એકાસણાં બેસણાં વિદ્યાર્થીઓ સ્વેચ્છાથી કરી રહેલ છે.

વહેલી સવારે શ્રી આવશ્યક સૂત્રનાં ગંભીર ભાવ, પછી મોક્ષમાર્ગ અને જૈન તત્ત્વજ્ઞાન તથા બપોરે શ્રી જૈન આચાર અને જૈન ઇતિહાસ પર પ્રવચનો અપાય છે. વિદ્યાર્થીઓ સમૂહમાં પ્રભુભક્તિ અને વૈરાગ્યનાં સુંદર પદની સંગીતભરી રમઝટ કરે છે; પછી જૈનદર્શનના સૂક્ષ્મ અજોડ તત્ત્વ-સિદ્ધાંત ઊલટ-ઉમંગથી ઝીલવાનું કરે છે, વૈશાખ સુદ બીજ ના રોજે બપોરે એમની લેખિત પરીક્ષા લેવાઈ હતી, જેનો પ્રશ્નપત્ર નીચે મુજબ હતો, એ પરથી ખ્યાલ આવશે કે દસેક દિવસમાં વિદ્યાર્થીઓ કેટલું પામ્યા હતા.

શ્રી જૈન આધ્યાત્મિક ગ્રીષ્મ શિક્ષાયતન

બપોરે ૨ થી ૫ **મધ્ય પરીક્ષા** તા. ૧૧-૫-૬૭

૧. આવશ્યક સૂત્રોનું મહત્ત્વ દર્શાવો, સૂત્ર બોલવામાં જરૂરી ૫ નિયમ અને તચ્ચિત ૬ સાધન સમજાવો; ઇચ્છાકાર સામાચારી અને ઇચ્છાયોગનો તફાવત સૂત્રના દૃષ્ટાંતથી બતાવો.

અથવા

અરિહંત અને સિદ્ધનો તફાવત દર્શાવો. અરિહંતના ૧૨ ગુણ તથા ૧૮ દોષ ત્યાગ સમજાવો. નવકારના છેલ્લા ૪ પદમાં રહેલ સિદ્ધાંતનો શાલિભદ્રના જીવનમાં શી રીતે ઉપયોગ થયો ? ગુણાંક ૧૫

૨. ગમે તે બે લખો. ગુણાંક ૧૦

(i) શુભ-અશુભ સંસ્કારોના ગુણાકાર ચંડકોશિયા અને શાલિભદ્રના જીવનમાં કેવી રીતે થયો ?

(ii) ખંધકસૂરિને શ્રી મુનિસુવ્રતસ્વામીએ શેની સંમતિ શા માટે ન આપી ? એની પાછળ જૈનશાસનનો મુખ્ય સૂર શો વ્યક્ત થાય છે ? પરિણામ શું આવ્યું ?

(iii) ખંધકસૂરિજી અને મદનરેખાએ નિર્યામણામાં શું શું કહ્યું ?

૩. સમવસરણથી જાપનું ચિત્ર દોરો અને નીચેમાંથી ગમે તે ૪ સમજાવો. ગુણાંક ૭

દંડક, નિગોદ, મંગળ, વૈભાવિક ગુણ, સંવરણ, સવ્વસાહૂણં.

૪. (i) માર્ગાનુસારીના ૩૫ ગુણ ૪ વિભાગમાં લખો;

(ii) સહજ મળ એટલે ? એનાં ૩ લક્ષણ સ્પષ્ટ કરો; તથા જીવનાં ઉત્થાનમાં

ભવિતવ્યતાદિ ૫ કારણ સમજાવો. ગુણાંક ૧૬

૫. ગમે તે ત્રણ લખો. ગુણાંક ૧૫

(i) માતાપિતાની પૂજામાં શું શું કરવાનું ?

(ii) અનાદિકાળથી ભટકતો જીવ શુદ્ધ ધર્મ સુધી કેવા ક્રમે આવે છે ?

(iii) જૈનધર્મમાં મોક્ષમાર્ગ કેમ સાચો તે સંસારનાં કારણો લઈ બતાવો.

(iv) ઇન્દ્રિયો કરોડપતિની કન્યા, અભિનિવેશ, ત્રિવર્ગને અબાધા સમજાવો.

૬. ગમે તે ત્રણ લખો. ગુણાંક ૧૫

(i) આત્માનાં ષટ્ સ્થાન સમજાવો.

(ii) છ દ્રવ્યને એની ખાસિયતો સાથે વર્ણવો.

(iii) સંસાર એટલે ? એ અસાર કયા કયા કારણે ?

(iv) જૈન ધર્મ એ વિશ્વ ધર્મ કયા કયા કારણે ?

(v) ક્ષુલ્લક મુનિના દૃષ્ટાંતથી લજ્જા સમજાવો.

૭. (i) નમસ્કાર મંત્રનું મહત્ત્વ સમજાવો. ગુણાંક ૧૫

(ii) જિનપૂજાની વિધિ અને સાવધાનીઓ સમજાવો.

(iii) વિશ્વના શાશ્વતા મંદિરોનું ચિત્ર દોરો આંકડા સાથે.

૮. નીચેનામાંથી ગમે તે ચાર કથા લખી ઉપદેશ ઘટાવો. ગુણાંક ૨૦

(i) ચંડરૌદ્રાચાર્ય અને સૌમ્યતા,

(ii) ૮૦ લાખના આશામીને ત્યાં પુત્ર,

(iii) બ્રાહ્મણકન્યા અને રાત્રિભોજન ત્યાગ,

(iv) રાવણની ખુવારી અને મદ

(v) પેથડશાહની કામળ, બાળ વિધવા અને મનઃસંયમ

૯. રાત્રિના જાગેલો શ્રાવક શું વિચારે તે ૧૦ મુદ્દાથી સ્પષ્ટ કરો. ગુણાંક ૨૦

૧૦. (i) આત્માની સાબિતીના ૧૫ મુદ્દા સમજાવો.
અથવા ૧૦ ત્રિક વર્ણવો. ગુણાંક ૨૦

(ii) ખમાસમણમાં દર્શન સ્મરણનો પ્રયોગ શો ?
નવકારશીથી અઠ્ઠમ સુધીનાં પચ્ચક્ખાણોના શા લાભ ?
શિબિરમાં આવ્યાથી શા લાભ થયા ? ગુણાંક ૧૦

શુદ્ધિ સફાઈના ૩ (કુલ ગુણ ૧૫૦)

મુંબઈ આધ્યાત્મિક જૈન ગ્રીષ્મ શિક્ષાયતનમાં ૯૯મી વર્ધમાન તપની ઓળીનું પારણું

અજોડ અનુમોદનીય આરાધના પ્રસંગ :

દર વર્ષ મુજબ આ વર્ષે શ્રી જૈન ધાર્મિક શિક્ષણ ગ્રીષ્મ આધ્યાત્મિક શિક્ષાયતન **મુંબઈમાં મલાડ** મુકામે તા. ૨૮-૫-૬૭ના રોજ શરૂ થયું છે. ભારતભરના જુદા જુદા ગામોમાંથી કૉલેજ મેટ્રીક તથા સ્કૂલ કક્ષાના ૨૧૦ વિદ્યાર્થીઓ આધ્યાત્મિક જ્ઞાનનું પાન કરી રહ્યા છે. આવશ્યક સૂત્ર રહસ્ય મોક્ષમાર્ગ જૈન તત્ત્વજ્ઞાન, જૈન આચાર, જૈન ઇતિહાસ વગેરે વિષયોનું મનોવૈજ્ઞાનિક શૈલીથી ઊંડી સમજપૂર્વક સુંદર રીતે અધ્યયન અને સંસ્કરણ ચાલી રહ્યું છે. પરમપૂજ્ય સિદ્ધાંતમહોદધિ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના વિદ્વાન શિષ્યરત્ન પૂજ્ય પંન્યાસ વિદ્વદ્વર્ય શ્રી ભાનુવિજયજી ગણિવર્ય વાચના આપી રહ્યા છે.

પૂજ્ય ગુરુદેવને વૈશાખ વદ ૯ ગુરુવારે ૯૯મી ઓળીના પારણાનો પ્રસંગ આવ્યો ત્યારે વિદ્યાર્થીગણે નિર્ણય કર્યો કે આ પારણા પ્રસંગે વહોરાવવાનો લહાવો અમને મળવો જોઈએ. વિદ્યાર્થીઓમાં હરિફાઈ જામી અને એ માટે ઉછામણી બોલાવવાની શરૂઆત થઈ. ગુરુભક્તિનો લહાવો લેવાનો અને અનેકવિધ અભિગ્રહ, વ્રત-નિયમો ગ્રહણ કરવાનો ઉત્સાહ અનેરો હતો. તા. ૧૭મીના રાત્રે ઉછામણી બોલાવવાના પ્રસંગે ૨૧૦ વિદ્યાર્થીઓ ઉપરાંત બીજા અનેક ભાઈબહેનોએ પણ લાભ લેવાની તૈયારી સાથે હાજરી આપી. રાતના ૮ થી ૧૧ વાગ્યા સુધી ઉછામણી બોલાઈ.

આ પ્રમાણે ઉછામણીનો દિવસ પૂર્ણ થયો. વૈ. સુ. ૯ના શુભ દિને સવારે ઉછામણી બોલનારા ભાગ્યશાળીઓ પૂ. પંન્યાસજી મહારાજાદિ મુનિવરોને લાભ આપવા વિનંતી માટે આવી પહોંચ્યા હતા. 'જૈન શાસનકી જય'ના ગુંજારવથી પૂજ્યશ્રીના પગલાં કરાવી ગુરુપૂજન તથા જ્ઞાનપૂજન કરેલ. વહોરાવનાર ગ્રુપ ગોઠવાઈ ગયા હતા. ગુરુદેવને વહોરાવવાનો ઉમંગ અમાપ હતો. જે નજરે નિહાળનારને અનુભવમાં આવે. અપૂર્વ અનુમોદનીય અવસર પામી વિદ્યાર્થીઓ અને બીજા ભાઈબહેનોને વહોરાવતાં ૮-૩૦ વાગ્યા હતા. આમાં ધ્યાન ખેંચવા લાયક બીના એ હતી કે પૂજ્યશ્રીએ શિબિર કારભારીને પહેલેથી જ સૂચવ્યું હતું કે અમારા નિમિત્તે કોઈપણ આરંભ સમારંભ ન થવો જોઈએ. અને એ મુજબ

કારભારીઓએ ધ્યાન રાખવાથી શિબિરના ૨૨૫ વિદ્યાર્થીઓ તથા આમંત્રિતો માટે જે ભક્તિ રાખી હતી, એમાંથી જ લાભ લેવામાં આવ્યો હતો. ત્યાર પછી સવારે ૧૦ વાગે અષ્ટાપદજીની પૂજા શ્રીયુત પૃથ્વીરાજ ભીકમચંદ તરફથી ભણાવવામાં આવી હતી. ગુરુભક્ત શ્રી પૃથ્વીરાજભાઈએ પૂજ્યશ્રી વાંદરા (મુંબઈ) પધારેલા ત્યારે સંઘપૂજાનો લાભ લીધેલ. પારણાના દિવસે વિદ્યાર્થીઓને તથા આમંત્રિતોને જમણ અને અષ્ટાપદજી ભવ્યપૂજાનો લાભ તેઓએ પોતાને મળે એ માટે દિવસો પૂર્વે માગણી કરી રાખેલ હતી. આ પૂજા ભણાવાતી હતી અને ગુરુદેવશ્રીએ પૂજાના ભવ્યભાવો પોતાની વૈરાગ્યમય શૈલીથી સમજાવતા હતા તે વખતે પણ લોકોના ઉમંગના દર્શન થતા હતા. પૂજા વખતે એક અદ્‌ભુત બનાવ બન્યો. મૂળનાયક શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ પ્રભુના અંગોમાંથી અમી ઝરવા માંડ્યું જે બપોરના ૧-૦૦ વાગ્યા સુધી ચાલુ રહ્યું સેંકડો લોકો દશ્ય જોવા ઉમટી પડ્યા. મંદિરના ગભારા આગળ પડાપડી કરી રહ્યા હતા. છતાંય સર્વેએ આ અવસર ખૂબ શાંતિપૂર્વક જોયો. લોકો આ પ્રસંગે મહાન કર્મક્ષય અને પુણ્ય પ્રાપ્ત કર્યાનો આનંદ માણવા લાગ્યા. બપોરે શ્રી વેલજીભાઈ દાદરવાળાએ ગુરુગુણનું પ્રાસંગિક કાવ્ય બનાવી સર્વેને ગુરુભક્તિમાં ઝીલતા કર્યા હતા.

બીજે દિવસે એટલે કે વૈ. સુ. ૧૦ તા. ૧૯મીના રોજ પૂ પંન્યાસજી મહારાજના સવારના ૬ થી ૮॥ સુધીના વ્યાખ્યાનો પછી ૧૦॥ વાગે નૂતન શિષ્યરત્ન મુનિશ્રી દેવસુંદરવિજયજી તથા પ્રશિષ્ય મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજની વડી દીક્ષાનો પ્રસંગ હોવાથી ઘણા ભાઈ-બહેનો પધાર્યા હતા. વચમાં પૂજ્યશ્રીએ મહાવ્રતોના ભાવ ખૂબ સુંદર રીતે સમજાવ્યા. ત્યારપછી બપોરના શ્રી **સિદ્ધચક્ર મહાપૂજન** દોશી નાનચંદ મુળચંદ દેપલાવાલા તથા દોશી લાલચંદ હેમચંદ આંબાવાળા તરફથી રાખવામાં આવેલ. વિધિ વિધાન માટે શેઠ શ્રી હીરાલાલ મણીલાલ અમદાવાદ ગીરધરનગરવાળા તથા શેઠ શ્રી હિંમતલાલ વનેચંદ પધાર્યા હતા.

તા. ૨૦ વૈ. સુ. ૧૧ના શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણકપૂજા આનંદીલાલ કમળશીભાઈ, હિંમતભાઈ દીપચંદ અને બાપુભાઈ બાલુભાઈ તરફથી રાખવામાં આવેલ. આ ત્રણે દિવસો દરમિયાન રાતના ભાવના રાખેલ. કોલ્હાપુરથી સંગીતકુશળ ભાઈશ્રી કુમાળપાળ દલિચંદભાઈએ પૂજા તથા ભાવનામાં ખૂબ રમઝટ જમાવી. શ્રી અજિતશાંતિ સ્તવન પણ જુદા જુદા રાગોમાં ગાઈ પ્રભુભક્તિમાં તરબોળ કર્યા હતા. ૧૦૮ દીવાની આરતી શ્રી અમૃતલાલ ભોગીલાલે ૧૦૫ મણ ઘીની બોલીથી ઉતારી હતી. તથા મંગળદીવો શિબિર વિદ્યાર્થી પ્રદીપકુમાર ચીનુભાઈએ ૫૧ મણ ઘીની બોલીથી ઉતાર્યો હતો. શ્રી પાર્શ્વદીપક સ્નાત્રમંડળ તથા શિબિર વિદ્યાર્થીઓએ

પણ ભાવનામાં પ્રભુગુણ ગાયા હતા. આમ ત્રણે દિવસો અનુમોદનીય બન્યા હતા.

(ગયા અંકથી ચાલુ)

મુંબઈ આધ્યાત્મિક જૈન ગ્રીષ્મ શિક્ષાયતનમાં ૯૯મી વર્ધમાન તપની ઓળીનું પારણું

(૧-૨)બે વર્ષમાં ચારિત્ર લેવું અને જીવનભર બ્રહ્મચર્ય.

(૩) ૧૩૦૧ અઠ્ઠમ પાંચ વર્ષમાં કરવા અને કરાવવા.
શ્રી પાર્શ્વદીપક સ્નાત્ર મંડળના ભાઈઓ.

(૪) ૧૧૫૧ છઠ્ઠ કરવા અને કરાવવા (૧) પ્રદીપ ચીનુભાઈ, ગિરીશ શાહ વગેરે શિબિર ૬ લીડરો

(૫) સજોડે આજીવન બ્રહ્મચર્ય ગિરધરભાઈ માનચંદ વોરા, પુષ્પાબેન ગિરધરભાઈ.

(૬) ૨૩૧૧ આયંબિલ કરવા-કરાવવા પાંચ વર્ષમાં
જયવંતિબેન જયસુખલાલ વોરા.

(૭) ૧ વર્ષીતપ ૨ વર્ષમાં કરવું. લહેરચંદ ભાઈચંદ
૧ વરસીતપ ૧૧ વર્ષમાં કરવું. પ્રવીણચંદ્ર ફકીરચંદ ઝરીવાલા

(૮) ૧ માસક્ષમણ અથવા (૨) ૧૬ ભથ્થા પાંચ વર્ષમાં
અરવિંદકુમાર અમરચંદ-પાલીતાણા.

(૯) ૧૬ ઉપવાસ એકી સાથે ૧૦ વર્ષમાં લહેરચંદ ઉમેદચંદ-સુરત, રતનચંદ ભીમરાજ સોલંકી, જયવંતીબેન જયસુખલાલ વોરા.

(૧૦) ૧૦ વર્ષમાં ૫ અઠ્ઠાઈ
મહેન્દ્ર મનસુખલાલ દૂધવાલા-મુંબઈ, બિપિનકુમાર ચંદુલાલ શાહ, દીપકકુમાર કેશવલાલ, હસ્તીમલ ધેવરચંદ, પ્રદીપ ચીનુભાઈ ઝવેરી, કલ્પનાબહેન નંદલાલ તારાચંદ દોશી (ઉંમર ૧૦ વર્ષ)
શિબિર : હીણા રસીકલાલ શાહ, કિરિટકુમાર પ્રેમચંદ પારેખ, હર્ષદભાઈ મણિલાલ, અશોક અમૃતલાલ મોરખીયા, અશોકભાઈ અચરતલાલ, રંજનબાળા અમૃતલાલ, લક્ષ્મણભાઈ મોહનભાઈ-બોડેલી.

(૧૧) ૧ નવ્વાણું વિધિ સહિત પાંચ વર્ષમાં
હિંમતલાલ ભાયચંદ મલાડવાળા, ઝવેરચંદ વસરામ.

(૧૨) ૧ ઉપધાન પાંચ વર્ષમાં જશવંત લલ્લુભાઈ. પાત્રીસું ઉપધાન પાંચ વર્ષમાં ઝવેરચંદ વસરામ.

(૧૩) ૫૧ ઉપવાસ (છૂટા) ૭ વર્ષમાં ચંદ્રકાંત જયંતિલાલ કમલ કે. સુતરીયા, (દહાણું) મહેશચંદ વાડીલાલ શાહ, ભુપેન્દ્ર શાહ, પ્રદીપ અનુભાઈ, અરવિંદ મણિલાલ શેઠ, કિરિટ કાંતિલાલ ગાંધી, કિરીટ જીવનલાલ શાહ, **૩૫ ઉપવાસ** ૭ વર્ષમાં મલાડ અશ્વિન મુગટલાલ દોશી, અશોક અમૃતલાલ-વાપી, **૫૧ ઉપવાસ ૫ વર્ષમાં** ધરમચંદ ગુલાબચંદજી

(૧૪) **વૈશાખ સુદ ૮ તા. ૧૭-૫-'૬૭થી વર્ધમાન તપનો પાયો વિજયકુમાર સુમતિલાલ.** નરેન્દ્ર જયંતિલાલ મહેતા,
૧ મહિનામાં વર્ધમાન તપનો પાયો પ્રદિપ ચીનુભાઈ
૬ મહિનામાં વર્ધમાન તપનો પાયો અરવિંદ મણિલાલ
૧ મહિનામાં વર્ધમાન તપનો પાયો વિનોદ જમનાદાસ

(૧૫)

કેટલા નિયમો લીધા ?	ઉંમર વર્ષ	નામ
૧૭ નિયમો લીધા.	૧૩ વર્ષ	કિર્તિકુમાર શાંતિલાલ
૨૩ નિયમો લીધા.	૧૨ વર્ષ	હેમેન્દ્ર ઉમેદચંદ-સુરત
૨૪ નિયમો લીધા.	૧૧ વર્ષ	રમેશ ઉમેદચંદ-સુરત
૧૪ નિયમો લીધા.	૧૫ વર્ષ	મોહન શાંતિલાલ
૨૦ નિયમો લીધા.	૧૭ વર્ષ	અનિલ શાંતિલાલ

૫૫૧ બીયાસણા ૧૦ વર્ષમાં કરવા : દિનેશ નગીનદાસ ઉંમર-૧૭

(૧૬) ૫૦૧૧ એકાસણા પાંચ વર્ષમાં કરવા-કરાવવા ૬ નું ગ્રુપ વિપિન અમૃતલાલ, કુમારપાળ છબીલદાસ-માટુંગા

(૧૭) ૨૦૦૧ બેસણા પાંચ વર્ષમાં કરવા-કરાવવા. રાજેન્દ્ર શાંતિલાલ વડોદરા ગ્રુપ

(૧૮) ૧૭,૧૬૧ સામાયિક પાંચ વર્ષમાં કરવા-કરાવવા. ૧૫નું ગ્રુપ હસમુખ રસીકલાલ પરીખ, અરવિંદ ચંદુલાલ શાહ-દાદર, ૫,૦૦૦ સામાયિક પોતે કરવા. નાનચંદ મુળચંદ દેપલાવાલા-મલાડ.

(૧૯) ૨ વર્ષમાં ૧ ચોમાસું સળંગ બીયાસણા. રજનીકાંત ચંદુલાલ, પ્રકાશ જયંતિલાલ ગાંધી, મફતલાલ ચંદુલાલ શુકલતીર્થ.

(૨૦) ૧ કરોડ **નમો અરિહંતાણં** નો જાપ જિંદગીમાં કરવો. નાનચંદ મુળચંદ દેપલાવાલા, અરવિંદ ચંદુલાલ, વિનોદ જમનાલાલ.

(૨૧) ૩૫,૦૦૦ નવકારવાળી બાંધી પાંચ વર્ષમાં મુંબઈ ૨૫ + અમદાવાદના ૧૫ એમ કુલ ૪૦નું ગ્રુપ, મુંબઈ સુરેશ વસંતલાલ, અમદાવાદના જયંતિલાલ સંઘવી.

(૨૨) ૯ લાખ નવકાર ૧૦ વર્ષમાં પ્રદિપ ચીનુભાઈ આ ચોમાસું ૬ વિગઈ બંધ, ફળફળાદિ લીલોતરીનો ત્યાગ પાંચ વર્ષમાં ૨૫ ઉપવાસ. સંઘવી સેવંતીકુમાર ત્રિભોવનદાસ-સુરેન્દ્રનગર અમૃતલાલ ઉમેદમલ-પુના.

(૨૩) ૫૦૧ બીયાસણા પાંચ વર્ષમાં ભરત મનસુખલાલ-બરોડા.
૨૦૧ બીયાસણા પાંચ વર્ષમાં વિક્રમ કાંતિભાઈ-બરોડા.
૨ વર્ષ સુધી પાંચ તિથિ બીયાસણા, હેમેન્દ્ર રસિકલાલ-મલાડ.
૧ વર્ષમાં ૨૦ એકાસણા અશ્વિન વિ. શાહ-કચ્છ.
વીરચંદ કે શાહ-કચ્છ શાંતિલાલ એલ. શાહ-કચ્છ.
૧૦ વર્ષ પૂજા કરવી. સુરેશ વસંતલાલ મુંબઈ
૧૦ વર્ષ પૂજા કરવી. ધર્મરુચિ વસંતલાલ મુંબઈ
પાંચ વર્ષ થાળી ધોઈને પીવી ચંદ્રકાંત જે. શાહ-મુંબઈ
ત્રણ વર્ષમાં ૫૦ બેસણાં જયંતિલાલ ડુંગરસી હસમુખ અંબાલાલ.

શ્રી જૈન ગ્રીષ્મ આધ્યાત્મિક શિક્ષાયતન (ઈ.સ. ૧૯૬૭)નો રોમાંચક અહેવાલ

● **મુંબઈ : મલાડ ઉપનગરે** મલાડ સંઘના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી દલીચંદભાઈ તથા એમના ચિ. શ્રી રજનીકાન્તનો અસાધારણ દીક્ષા મહોત્સવ ઉજવાઈ ગયા પછી મુંબઈ જૈન આધ્યાત્મિક શિક્ષાયતન સમિતિ તરફથી મે વેકેશનમાં ભવ્ય શિક્ષાયતન આયોજન યોજાયું. શ્રી મલાડ સંઘના પ્રમુખ શ્રી હિંમતભાઈ પરીખ તથા સેક્રેટરી શ્રી બાબુભાઈ વચ્છરાજ વગેરેની કમિટી, શ્રી શાંતિલાલ મણિલાલ વગેરે યુવક મંડળી તથા શ્રી સંઘનાં હાર્દિક પ્રયત્ન અને સહકારે આ આયોજનને ભવ્ય મૂર્ત સ્વરૂપ પકડ્યું. કૉલેજ-મેટ્રિકનાં ઉપરાંત બીજા કેટલાક મળીને ૨૧૦ વિદ્યાર્થીઓ આમાં જોડાયા. જુનાગઢ બાહુદ્દીન કૉલેજના વાઈસ પ્રિન્સિપાલ શ્રી મજમુદાર તથા જસ્મીન સિલ્ક મિલ્સવાળા શ્રી પ્રાણલાલભાઈ પણ વિદ્યાર્થી તરીકે આમાં સામેલ

થયા. દવે હાઈસ્કૂલવાળાએ ઉદારતાથી વિદ્યાર્થીઓને માટે હાઈસ્કૂલનું મકાન વાપરવા આપ્યું. શેઠ દેવકરણ મૂલજી જૈન વાડીમાં રસોડું ચાલતું. સેવાભાવી નિસ્પૃહી કાર્યકરો શ્રી ચંદુભાઈ તથા શ્રી ચીનુભાઈએ એનું સુંદર સંચાલન કર્યું.

વિદ્યાર્થીઓ કેટલાંક તેમની સ્વતઃ ઈચ્છાથી તો કેટલાંક મા-બાપની પ્રેરણાથી, ત્યારે બીજા વળી મિત્રના સદ્‌યોગથી આવેલા પ્રેરણાથી આવેલા કેટલાકને તો ગભરામણ હતી કે શિક્ષાયતનમાં ફાવશે કે કેમ ? પરંતુ સંગીતમય પ્રાર્થના. ભક્તિગીત-ધૂન વગેરે પ્રોત્સાહનકારી કાર્યક્રમ સાથે વિશાલ ગચ્છાધિપતિ સિદ્ધાંત મહોદધિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં શિષ્ય પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવરના વિવિધ ધાર્મિક તાત્વિક-આધ્યાત્મિક વિષયો પરનાં પ્રવચનો સાંભળવા મળતાં ગયાં અને એમાં મનોવૈજ્ઞાનિક શૈલીથી વિષયની સચોટ રજૂઆત, હૃદયંગમ દાખલા-દલીલોને રોચક બોધકથાનકો તથા જૈન દર્શનનાં ટંકશાળી સિદ્ધાંતોથી વિષયનાં સમર્થન-શ્રવણમાં આવતાં ગયાં એટલે તેવા વિદ્યાર્થીઓની ગભરામણ મટી ગઈ, ભારે આકર્ષણ થયું. બધાં જ વિદ્યાર્થીઓ તત્ત્વશ્રવણમાં ડોલતાં ગયાં. નિજનાં હૃદયમળ અને અજ્ઞાન અંધકાર કાપતાં ચાલ્યા.

આવશ્યક સૂત્રોનાં રહસ્યો જ્યાં પ્રગટ થતા ગયાં ત્યારે વિદ્યાર્થીઓ વિસ્મિત બની જતા કે આવા અદ્‌ભૂત ભાવ સૂત્રોમાં ભરેલા છે ! મોક્ષ માર્ગના વિષયમાં શ્રેષ્ઠ માર્ગદર્શન અને જૈન તત્ત્વજ્ઞાનની અદ્‌ભુત વાતોએ વિદ્યાર્થીઓનાં હૃદયનાં ભૌતિકવાદનાં ઝેર ઓકાવી નાખ્યાં અને વિશ્વદર્શન કરાવ્યાં તેમજ આધ્યાત્મિક સ્ફૂર્તિ આણી. જૈન આચાર-સંહિતાના પ્રેરક પ્રવચનોએ જૈન સંસ્કૃતિની અસ્મિતાના ઘેરાં દર્શન કરાવ્યા. જૈન ઈતિહાસ અને ભવ્ય પુરુષોનાં કથાનકોની તેજની ઝલક પ્રગટ થતાં વિદ્યાર્થીઓને જૈન ધર્મની જવલંત ગૌરવદૃષ્ટિ લાધી. જેમ માઈક યા લાઉડ સ્પીકર સારું હોય તો વકતાનો અવાજ સ્પષ્ટ ઉઠે, તેમ પ્રવચનકાર જો કુશળ હોય તો ગણધરવાણીનો રણકાર પણ ઓર ખીલે. પંન્યાસજી મહારાજશ્રીની સરળ અને સચોટ શૈલીએ તાત્ત્વિક પદાર્થોને વિદ્યાર્થીઓના અંતસ્તલ સુધી પહોંચી જતા વાર ન લાગતી. તેમાં પણ સંગીતના ભવ્ય પ્રવેશ-દ્વારમાંથી તત્ત્વજ્ઞાનની મહેલાતમાં પ્રવેશ કરતાં વિદ્યાર્થીઓને જે આનંદની ઊર્મિઓ ઊછળતી તે અવર્ણનીય જ છે. વિદ્યાર્થી લખતો જાય, શ્રવણ કરતો જાય, વિચાર કરતો જાય અને ધારણ કરતો જાય-કેટલું અઘરું છતાં કેટલું સરળ ! તે અહીં સ્પષ્ટ થયું. કારણ કે વિદ્યાર્થીની વિષયવાર, પ્રવચનવાર નોંધપોથી પણ વ્યવસ્થિત જોવા મળી. તેમ વિદ્યાર્થીગણ અનેક પાપો-અપકૃત્યોની અવિરતિ અને પ્રવૃત્તિથી દૂર થવા માટે હૃદયપૂર્વક સત્ય સમજાવતાં પ્રતિજ્ઞા લેવા તૈયાર થતો ત્યારે શ્રવણ સાથે વિચારણાની અને ધારણાની

ખાતરી થતી. વ્યાખ્યાન દરમિયાન સ્વેચ્છાએ આવી કેટલીય પ્રતિજ્ઞાઓ લેવાઈ હશે. અજ્ઞાન દૂર થતાં તેનું તાત્કાલિક સક્રિય પરિણામ કેવું સુંદર આવે છે તેનું અહીં દર્શન થવા પર જ્ઞાનની મહત્તા સમજાઈ, માત્ર વીસ દિવસના ગાળામાં તો આ નવી પ્રજાએ તળેટીની અજ્ઞાન દશામાંથી ઊંચે ચઢી ગિરિશૃંગના વિવિધ વિશાળ બોધનો પ્રકાશ પ્રાપ્ત કર્યો.

શિક્ષાયતનના આ મુખ્ય લાભ ઉપરાંત રાત્રિના કેટલાક અનુભવી પ્રવક્તાઓનાં જૈન શાસ્ત્રાનુસારી વક્તવ્યોએ જૈનધર્મ શ્રદ્ધા અને કર્તવ્ય પ્રેરણા પાઈ. દા.ત., પૂનાના મ્યુનિસિપલ કોર્પોરેટર શ્રી પોપટલાલ રામચંદના જિનશાસનના સવિહડ રાગભર્યા ઉદ્‌બોધનો, કિરણભાઈનાં સમ્યગ્‌દર્શન પ્રેરક તર્કસિદ્ધ વક્તવ્ય અને વસંતલાલ ખોખાણીનું આર્ય સંસ્કૃતિનું દર્શન કરાવતું ભાષણ વગેરે વિદ્યાર્થીઓના દિલમાં સુંદર ધાર્મિક આધ્યાત્મિક ઝળક પેદા કરતા. પ્રાણલાલભાઈએ એક ભાષણમાં પોતાના જાપાન નિવાસના અનુભવો કહેતાં આજના કાળે આવી પડેલ હિંસા અને અભક્ષ્યપ્રચાર જે વર્ણવ્યો એ સાંભળી વિદ્યાર્થીઓ ચોંકી ઊઠ્યા. રાત્રિના ચાલતી પ્રાર્થના ભાવના ભક્તિગીતો પણ વિદ્યાર્થીઓને માટે અત્યંત ભાવોલ્લાસ અને સ્ફૂર્તિના પ્રેરક બનતા. સારાય દિનમાં મળતો અભિનવજ્ઞાનનો આનંદ તેઓને એક હીલ સ્ટેશનના વેકેશન પ્રસારના આનંદને આંબી જતો.

વિદ્યાર્થીઓએ શિક્ષાયતન દરમિયાન તપસ્યાઓ પણ સુંદર કરી કયારેક ઉપવાસ હોય ૪-૫ આંબેલ ૧૦-૧૨ એકાસણાં તથા ૩૦-૪૦ બેસણાં થતાં. એક વિદ્યાર્થીએ તો ઉપવાસો તથા છઠ્ઠ પણ કરેલા. બે જણે વર્ધમાન તપ આંબેલના પાયા શરૂ કર્યા. એક જણે આગળની ઓળી કરી. પાયો નાખનાર એક વિદ્યાર્થીને તો ઘરે એકાસણું કરવાનો પણ અભ્યાસ નહોતો, છતાં અહીંના પ્રવચનો અને વાતાવરણે પાયાના આંબેલો, ઉપવાસમાં સારી શક્તિ અને ઉલ્લાસ રાખ્યા. એક નાનો વિદ્યાર્થી ખૂબ જ આનંદથી એકાસણા કરતો, કેટલાય વિદ્યાર્થીઓ પાણી ઉકાળેલું પીતા, કેટલાય વિદ્યાર્થીઓ રોજના પાંચ પ્રવચનો સામાયિકમાં બેસીને સાંભળતા તેમજ તિથિએ પ્રતિક્રમણમાં સૂત્ર બોલવાની હજારો સામાયિકની ઉછામણી થઈ. શ્રી અરિહંત પ્રભુનો પ્રભાવ અને ઉપકાર વારંવાર સાંભળવા મળતો. તેથી વિદ્યાર્થીઓ પ્રભુભક્તિ સ્નાત્ર વગેરેમાં રસમગ્ન થતા. પ્રવચનો અપૂર્વ તત્ત્વપ્રકાશથી સંવેગ-વૈરાગ્યભર્યા થતાં તેથી રોજ નવા નવા નિયમો વિદ્યાર્થીઓ હોંશે હોંશે સ્વીકારતા. તેમજ શિક્ષાયતનમાંથી જવા ટાણે પણ બીજા નિયમો લીધા.

જુદા જુદા વિદ્યાર્થીઓએ લીધેલ વિવિધ નિયમોની યાદી

(૧) ચારિત્ર ન લેવાય ત્યાં સુધી અમુક વસ્તુનો ત્યાગ. (૨) ચોમાસાના ચાર માસ લીલોતરી, વિગઈ, ફળફળાદિ મેવાનો ત્યાગ. (૩) ૫ વર્ષમાં ૨૦૦ છઠ્ઠ કરવા. (૪) સાત વર્ષમાં ૫૧ ઉપવાસ. (૫) ૧૦ વર્ષમાં ૫ અઠ્ઠાઈ. (૬) ૧ વર્ષમાં વર્ધમાન તપની ઓળીનો પાયો. (૭) ૧ વર્ષમાં ૩૦૦ આયંબિલ કરવા. (૮) ૧ વર્ષમાં ૯૦૦ સામાયિક કરવા. (૯) ૧૦ વર્ષમાં ૯ લાખ નવકાર ગણવા. (૧૦) ૧ ક્રોડ નવકારનો જાપ. (૧૧) તિથિએ લીલોતરી, ફળફળાદિ, મેવો, ૬ વિગઈનો ત્યાગ. (૧૨) બોર શિંગોડા જામફળનો ત્યાગ. (૧૩) અમુક વર્ષ સુધી નવકારશી. (૧૪) પાન-બીડીનો જિંદગીભર ત્યાગ. (૧૫) દરરોજ ૨૫ દ્રવ્યથી અધિક ન વાપરવા. (૧૬) દરરોજ પાણી સિવાય ૬ ટંકથી વધારે ન કરવા. (૧૭) દરરોજ કલાકે 'નમો અરિહંતાણં' પદ બોલવું. (૧૮) અઠવાડિયામાં એક વખત વ્યાખ્યાન સાંભળવું. (૧૯) મા-બાપને દરરોજ પગે લાગવું. (૨૦) મા-બાપ સામે ઉદ્ધત વર્તન ન કરવું. (૨૧) દેવદર્શન વિના પાણી ન લેવું. (૨૨) મેડિકલ લાઈનમાં ન જવું. (૨૩) રાત્રિ ભોજન ત્યાગ. (૨૪) ગુરુવંદન કરવું. (૨૫) પિકચર અમુકથી વધુ ન જોવા, બિલકુલ ન જોવા. (૨૬) હિન્દુસ્તાન બહાર, અમુક વર્ષ સુધી ન જવું. (૨૭) દિવાળીમાં ફટાકડા ન ફોડવા. (૨૮) હોળીના કોઈપણ કામમાં ભાગ ન લેવો. (૨૯) ચૌવિહાર કરવો. (૩૦) કંદમૂળનો ત્યાગ. (૩૧) વર્ષમાં અમુક પ્રતિક્રમણ કરવા. (૩૨) વર્ષમાં અમુક સામાયિક કરવા. (૩૩) અમુક એકાસણા કરવા. (૩૪) ૧૪ નિયમો ધારવા. (૩૫) દરરોજ ચૈત્યવંદન કરવું. (૩૬) દરરોજ થાળી ધોઈને પીવી. (૩૭) સાત વ્યસનનો ત્યાગ. (૩૮) કઠોળ સાથે કાચુ દહીં ભેગું ન કરવું. (૩૯) ભગવાનની ગદ્ય સ્તુતિ કરવી. (૪૦) ધાર્મિક સ્વાધ્યાય કરવો. (૪૧) ઘરની બહાર નીકળતા નવકાર ગણવો. (૪૨) માંસ, મદિરા, માખણ, મધનો ત્યાગ. (૪૩) કલ્યાણકે ઉપવાસ કરવો. (૪૪) જિંદગી સુધી મિથ્યા દેવગુરુ, ધર્મને માનવા નહીં. (૪૫) મહિને ૧ વાર શિક્ષાયતનની નોટ્સ વાંચવી. (૪૬) રોજ ગરીબને દાન આપવું. (૪૭) ભગવાનના ૧૦ સ્તવનો મોઢે કરવા. (૪૮) પાંચ પ્રતિક્રમણ મોઢે કરવા. (૪૯) ચોમાસામાં મહારાજ સાહેબ સાથે રહેવું. (૫૦) કલ્યાણકોની નવકારવાળી ગણવી. (૫૧) જિન-ભક્તિ પૂજામાં પોતાનાં ખીચા ખર્ચી પૈસામાંથી વસ્તુ લઈ જવી. (૫૨) જૈન ધર્મ સિવાય બીજો ધર્મ માનવો નહીં. (૫૩) નિરપરાધી ત્રસ જીવોને મારવા નહીં. (૫૪) ૧ વર્ષમાં ઓછામાં ઓછી ૧ યાત્રા કરવી. (૫૫) શિબિરમાં સામાયિક અને ચૈત્યવંદનના સૂત્રો મોઢે કરવા. (૫૬) ગાળ કે અપશબ્દ બોલવા નહીં. (૫૭) બીડી સિગરેટનો ત્યાગ. (૫૮) જમતાં જમતાં બોલવું નહીં. (૫૯) જૈન ધર્મનો પ્રચાર કરવો.

(૬૦) ચામડાનાં ચંપલ પહેરવાં નહીં. (૬૧) ઉકાળેલું પાણી પીવું. (૬૨) બહારની વસ્તુ ન ખાવી. (૬૩) રસગુલ્લા વગેરે મીઠાઈનો ત્યાગ. (૬૪) મુઠ્ઠિસિ પચખ્ખાણ ધારવું. (૬૫) શોખ ખાતર પ્રાણીને પાળવા નહિ. (૬૬) દરરોજ કરેલી ૧ વસ્તુના ત્યાગનો અભ્યાસ કરવો. (૬૭) દર વર્ષે એક વખત ગુરુમહારાજ પં. શ્રી ભાનુવિજય મ. સા.ને વંદન કરવા. (૬૮) પાવડર વગેરેનો ઉપયોગ કરવો નહિ. (૬૯) નદી-તળાવ-બાથ વગેરેમાં સ્નાન ન કરવું. (૭૦) પાઠશાળાએ જવું. (૭૧) દિવસમાં ૧ વાર લીધેલા નિયમો વાંચવા. (૭૨) પાઉં ન ખાવા. (૭૩) અવસરોચિત્ત વચન બોલવું. (૭૪) બીભત્સ વાર્તાઓ વાંચવી નહીં. (૭૫) શેર સટ્ટા, રેસ આદિ જુગારમાં પડવું નહીં. (૭૬) ચુનાની ભઠ્ઠી રાખવી નહીં. (૭૭) કોબીજ ફુલાવરનો ત્યાગ. (૭૮) અમુક વર્ષમાં વર્ધમાન તપનો પાયો નાખવો.

પૂ. પંન્યાસજી મહારાજની વર્ધમાન આંબેલ તપની ઓળીના પારણા નિમિત્તે વિદ્યાર્થીઓ તથા મલાડ પાર્શ્વદિપક સ્નાત્રમંડળ અને બીજા ભાઈઓએ બોલેલી સમૂહમાં કરવાની તપવગેરેની બોલીઓ અદ્‌ભૂત હતી. જેમાં ચારિત્રગ્રહણ, આજીવન બ્રહ્મચર્ય, ૫ વર્ષમાં ૧૩૦૧ અઠ્ઠમ, ૧૧૫૧ છઠ, ૧૦ વર્ષમાં ત્રણ જણને એક સાથે ૧૬ ઉપવાસ છવીસ અઠ્ઠાઈ, બે જણાને ૧૬ ભથ્થા યા એક માસખમણ, બે વર્ષી તપ, ૧૩૧૧ આયંબિલ, ૫૦૧૧ એકાસણા, બે જણને ૯૯ યાત્રા, ૭ વર્ષમાં ૫૧ ઉપવાસ બે જણને ૫ વર્ષમાં ઉપધાન, ૨૨,૦૦૦ સામાયિક, બે ચોમાસા બીઆસણા, ૧ ક્રોડ અરિહંત જાપ, ૬ જણને વર્ધમાન તપનો પાયો, ૩૫ લાખ નવકાર, ચોમાસું ૬ વિગઈ બંધ... વગેરેના નિયમો હતા.

રોજ મંદિરમાં પ્રભુભક્તિનું પોતાનું દ્રવ્ય લઈ જવું. વર્ષમાં ૧૦૦-૨૦૦ નવી ગાથા, રાત્રિ ભોજન, કંદમૂળ વગેરે વગેરે ત્યાગ. માર્ગાનુસારીના 'ઉચિતવિવાહ'ના ગુણવર્ણન વખતે કેટલાકોએ ખોટી દૃષ્ટિથી પરસ્ત્રી સામે જોવું નહિ એવી પ્રતિજ્ઞા કરેલી. કેટલાકોએ અમુક ઉંમર સુધી લગ્ન નહીં કરવા યા બે, ત્રણ, પાંચ વર્ષ બ્રહ્મચર્ય પાળવાનો સંકલ્પ કર્યો.

આજની કૉલેજ સુધીની ઝેરી કેળવણી પામેલા વિદ્યાર્થીઓમાં જૈન તત્ત્વો અને માર્ગના સમ્યક્‌જ્ઞાન સાથે ક્રિયા-તપ-વ્રત-નિયમ અને ભવ્ય ગુણ સંસ્કરણના આ રચનાત્મક સફળ શિબિર-પ્રયોગની સામે વિરોધ કરવાને કોઈ કારણ નથી, સૌ કોઈને અનેકવાર આવી શિબિર ખાસ નજરોનજર નિહાળવાનું સપ્રેમ આમંત્રણ છે.

જેવી રીતે હજારો રૂપિયાના ખર્ચે ઉપધાન કરાવી ભાગ્યશાળીઓ અથાગ પુણ્ય ઉપાર્જે છે એવી રીતે જ્ઞાન-દર્શન-ચારિત્રની પ્રભાવના કરનારી આવી શિબિર-

યોજના કરનારને પણ મહાન પુણ્યલાભ થાય છે. કેમકે આવી શિક્ષાયતનમાં જૈન શાસ્ત્રોના તાત્ત્વિક-ધાર્મિક-આધ્યાત્મિક સાંસ્કૃતિક નૈતિક વિષયનું વિશાળ જ્ઞાનદાન તથા સંસ્કરણ સાથે જૈન ધર્મની શ્રદ્ધા અને વ્રત-નિયમાદિનું દાન થાય છે. નવી પ્રજા કે જેનો ભાવી જૈન સંઘ બનવાનો છે એને આજના ભૌતિકવાદી ઝેરી સંસ્કરણથી બચાવી લેવાની ખાસ આવશ્યકતા છે.

શિક્ષાયતનના વચગાળે અત્યાર સુધી શિખવાયેલ વિષયો સારી રીતે તૈયાર કરી લે એ હેતુથી એક મધ્ય-પરીક્ષા રાખવામાં આવી. બાદ તા. ૨૨મી મેએ 'આવશ્યક સૂત્ર-રહસ્ય' અને 'જૈન આચાર' એ બે વિષયોની તથા તા. ૨૫મીએ 'જૈન તત્ત્વજ્ઞાન' અને 'મોક્ષ માર્ગ'ની પરીક્ષા લેવામાં આવી.

જૂના શિક્ષાયતનના વિદ્યાર્થીઓને પંન્યાસજી મહારાજના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ. કર્મવિજ્ઞાન અને જ્ઞાનસારનાં પ્રવચન આપતા તથા નાના વિદ્યાર્થીઓને જૈન તત્ત્વજ્ઞાન બાળપોથીના પાઠો પર સમજૂતી દેતા, તેમજ દાદરવાસી માસ્તર વેલજીભાઈ નાનાઓને જૈનઆચાર સંબંધમાં શિક્ષણ આપતા. એટલે આ વિદ્યાર્થીઓની પણ પરીક્ષા લેવામાં આવી. બધા જ વિદ્યાર્થીઓની સૂત્ર, સ્તવન, સજઝાયની મૌખિક પણ પરીક્ષા લેવાઈ.

તા. ૨૭મીએ દરેક વિદ્યાર્થીને ૫૦,૦૦૦ 'અરિહંત'નો જાપ અને વિદ્યાર્થીઓના ૧-૧ કલાકના ગ્રુપ પાડી ૨૪ કલાકનો અખંડ 'અરિહંત' જાપ કરાવવામાં આવ્યો. તપમાં ખીરના એકાસણ થયા.

તા. ૨૮મીએ અહીં મુંબઈ-મહારાષ્ટ્ર, ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ-રાજસ્થાન વગેરે જુદા જુદા ૪૦-૪૫ ગામોમાંથી આવેલ વિદ્યાર્થીઓની લેવાયેલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓની ભક્તિનિમિત્તે ઈનામી સમારંભ મલાડ ઉપાશ્રયમાં માટુંગા નિવાસી શ્રી મણિલાલભાઈ સોભાગચંદભાઈ સુદાનવાળાના શુભહસ્તે રાખવામાં આવેલ.

૫. પૂ. પંન્યાસજી મહારાજશ્રીના મંગલાચરણ બાદ શિક્ષાયતનના પ્રમુખ શ્રી પ્રવીણભાઈએ આ શિક્ષાયતનનો રોમાંચક અહેવાલ રજૂ કરેલ. શ્રી કેશવલાલ મોહનલાલે પૂ. ગુરુદેવની શિક્ષાયતનની પ્રેરણા સતત પરિશ્રમ સાથે વિજ્ઞાનના જમાનામાં જૈન તત્ત્વ સમજાવવાની એમની કુદરતી બક્ષીસ અને તેથી જૈન સંઘ ઉપર થયેલ ઘણો ઉપકારનું રોચક ખ્યાન કર્યું હતું. આવી શિક્ષાયતનોનાં મીઠાં ફળ આગળ પર આપણને જોવા મળશે. ભવિષ્યમાં જૈન આચાર-વિચારનું પાલન અને જૈન મંદિર-ઉપાશ્રય વગેરેનું કામકાજ અને જવાબદારી આજની ઉગતી પ્રજા જ

સંભાળવાની છે. અગર જો એ સંસ્કારી શ્રદ્ધાળુ અને જૈન સિદ્ધાંતાનુસારી તથા આચારશીલ હશે. ત્યારબાદ શિક્ષાયતનના કેટલાક વિદ્યાર્થીઓએ શિક્ષાયતન દ્વારા થયેલ ધર્મસંસ્કાર અને ભવ્ય પરિવર્તન વર્ણવતાં કહ્યું કે પૂ. પંન્યાસજી મહારાજશ્રીએ અમને સ્વતઃ રુચિ જગાડીને ધર્મના માર્ગે દોરી જે ઉપકાર કર્યો છે તે કદી ભૂલી શકાય તેમ નથી.

સેક્રેટરી શ્રી કુમારપાળભાઈએ વિદ્યાર્થીઓએ લીધેલા વિવિધ પ્રકારના નિયમો અભિગ્રહોની રજૂઆત કરી આખી સભાને ખૂબ જ પ્રભાવિત કરી હતી.

મલાડ સંઘના સેક્રેટરી શ્રી બાબુભાઈએ તથા શ્રી શાંતિલાલ મણિલાલે પણ પ્રાસંગિક પ્રવચનો કરી આનંદ વ્યક્ત કર્યો હતો. માસ્તર વેલજીભાઈએ ગુરુભક્તિ અને જ્ઞાન મહિમાનું ગીત રજૂ કરેલ. ત્યારબાદ પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રીએ સમ્યક્‌જ્ઞાનનો મહિમા પર પ્રવચન કરેલ. શ્રી મણિલાલભાઈએ ઈનામ વિતરણ કરતાં આ બધા પ્રસંગની અને એક મહિના સુધી આવી રીતે જૈન તત્ત્વજ્ઞાનની પ્રભાવના કરનાર બધાની ખૂબ જ અનુમોદના કરી. પોતાના તરફથી તેમજ બીજા બે ભાઈઓ તરફથી આ બાળબ્રહ્મચારી સાધર્મિકોની દરેકને રૂા. ૩-૩) તથા શ્રીફળથી સંઘ-પૂજા કરી હતી. બીજી પણ પુસ્તક વગેરેની પ્રભાવના કરવામાં આવેલ. વિદાયભાતા તરીકે શેઠશ્રી ખેતાજી ધનાજી તરફથી વિદ્યાર્થીઓને મહેસુરના બોકસ આપવામાં આવેલ. શિક્ષાયતનના વિદ્યાર્થીઓ તરફથી દેરાસરના કેસર વગેરે વાપરવા બદલ સંઘની પેઢીને સાધારણ ખાતામાં રૂા. ૧૭૫ અર્પણ કરાયા. શિક્ષાયતન તરફથી શ્રી મલાડ સંઘ, કમિટી કાર્યકરો વગેરેના આભાર પ્રદર્શિત કરવામાં આવ્યા અને મહેતાજી, પૂજારી, ગુરખા, રસોઈઆ વગેરેને પુરસ્કાર અપાયા.

શિક્ષાયતનનો રોજનો કાર્યક્રમ ભરપૂર એવો ગોઠવાયેલો હતો કે દિવસ કયાં ઊગતો અને આથમતો તેની ખબર જ ન પડતી. રોજનું કામ એટલું કે દિવસ પણ ટૂંકો પડી જતો હતો. આમ મહિનો માસ જોતવેતામાં કયાંય પસાર થઈ ગયો અને સૌને ભૂખ રહી કે ફરી નવી શિક્ષાયતન કયારે ખૂલે !

આખી શિક્ષાયતનના પ્રાણસમા પૂ. તપસ્વી વિદ્વાન પં. શ્રી ભાનુવિજયજી મહારાજશ્રીનો અમાપ ઉપકાર છે. જેઓશ્રી ૩૨ વર્ષના દીક્ષિત પર્યાયવાળા ઊંડા જ્ઞાની-તપસ્વી, સારા સંયમી અને ચિંતનશીલ વક્તા અને લેખક છે. અનુભવજ્ઞાન, માનસજ્ઞાન સારું ધરાવે છે. ત્યાગ-વૈરાગ્યના પ્રેરક છે. શાસ્ત્રોના તલસ્પર્શી અને આધ્યાત્મિક-શિક્ષાના પ્રભાવશાળી દાતાર અને વ્યાખ્યાતા છે. જેઓશ્રીની અપ્રમત્તશીલતા દિન-રાત કાર્યશીલતા સૌનું વિશેષ ધ્યાન ખેંચતી હતી. આ બધામાં

એ કહેતા કે, માત્ર અર્હત્ પ્રભાવ અને ગુરુકૃપા જ કામ કરી રહ્યા છે. શિક્ષાયતનમાં રોજ પાઠ્ય પુસ્તકનું રસમય વિવેચન આપતા. તે સિવાયના સમયમાં વિદ્યાર્થીઓના શંકા સમાધાન, ચર્ચા તથા પ્રેરણા દાનમાં ઘણો જ ભોગ આપ્યો હતો.

તેઓશ્રીની વિવેચન શૈલી સ્પષ્ટ તથા પદાર્થોની સમજાવવાની રીત ટૂંકી અને સરળ હતી. પદાર્થના વિશ્લેષણમાં ઘણા ઊંડાણ સુધી પહોંચી જતા હતા. જેથી વસ્તુની ઝુંટીમાં શું છે તે જણાઈ આવતું. મનોવૈજ્ઞાનિક પદ્ધતિએ પદાર્થોના પ્રતિબિંબ પાડી દેતા. જેથી અઘરો વિષય પણ સરળ બની જતો. એમણે નવનવા વિષયો-પદાર્થોની પરસ્પરમાં કડી જોડવાની રીત અને ધારણા યાદ કરવાની ચાવીઓ બતાવી હતી. જે મગજ હલકું ફોરું રાખી અધ્યયન કરવાનું સરળ કરી દેતું. વળી વિવિધ રાગમય સ્તવન-પ્રાર્થના ધૂનથી અરિહંતનાથની ભક્તિમાં વિદ્યાર્થીઓ તરબોળ બની જતા. ટૂંકમાં શિક્ષાયતન એક ભવ્ય ધર્મસંસ્કરણની દિવ્ય શાળા બની.

તા. ૨૯મીએ મલાડ જૈન દેરાસરની વર્ષગાંઠ હોવાથી પૂ. પંન્યાસજી મ.ને આગ્રહપૂર્વક રોકવામાં આવેલ. અત્રેના સંઘની ઘણા વખતથી પૂજ્યશ્રીને ચાતુર્માસ રાખવાની આગ્રહભરી વિનંતી હતી તે આજરોજ વિનંતીનો સ્વીકાર કરવાની પૂ. પંન્યાસજી મહારાજે કૃપા કરી હતી. તા. ૩૦મીના સવારે પૂજ્યશ્રી આદિ વિહાર કરી ગોરગામ પધારેલ ત્યાંથી દાદર, નમિનાથજી, મરીન ડ્રાઈવ થઈ ઘાટકોપર પધારશે.

"દિવ્ય-દર્શન" - "શિબિર" **વર્ષ-૧૫,અંક-૪૪,તા.૧૫-૭-૧૯૬૭**

શ્રી હસમુખ વોરા નીચે પ્રમાણે જણાવે છે.

શિબિર વિષેનો સચોટ અભિપ્રાય

માનવીના જીવનમાં એક ક્ષણ એવી આવે છે કે જ્યાંથી માનવીનું આખુંય જીવન વળાંક લેતું હોય છે. મારા જીવનમાં પણ શિબિર રૂપી એક એવી ક્ષણ આવી કે જ્યાંથી મારા જીવનને નવો પ્રકાશ મળ્યો.

શિબિર પૂર્વે કદાપિ હું માતા-પિતાને પગે નહોતો લાગતો. તેમનો મારા ઉપરનો અથાગ ઉપકાર હું સમજી શક્યો ન હતો. પરંતુ પૂ. પંન્યાસ શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબે મોક્ષમાર્ગના વિષયમાં માર્ગાનુસારીના ૩૫ ગુણો ચલાવ્યા અને તેમાં જ્યારે માતા-પિતાની સેવા ઉપર મહારાજ સાહેબે વ્યાખ્યાન આપ્યું, ત્યારે મારા દીલમાં ચોંટ લાગી અને બીજા વિદ્યાર્થીઓની સાથે મેં પણ માતા-પિતાને સવારે પગે લાગ્યા સિવાય મોંમાં પાણી ન નાખવું એવો નિયમ લીધો.

બીજું, અત્યાર સુધી તો મારા મગજમાં એજ ભૂત ભરાયેલું હતું. વિજ્ઞાન અને ધર્મ બંને સરખા છે, પરંતુ શિબિરમાં આવવાથી મને ખરેખર ઊલટું જ લાગ્યું. ધર્મ તો પ્રગતિના પંથે છે, જ્યારે વિજ્ઞાન તો અધોગતિના પંથે છે.

ખરેખર જો મેં શિબિર ન ભરી હોત તો મારા આ જીવનનું શું થાત તેની તો હું કલ્પનાજ કરી શકતો નથી. ક્યાં મારું શિબિરપૂર્વેનું ક્રોધ અને મિજાજ ભરેલું મગજ ? અને ક્યાં આજનું ફેરવાઈ ગયેલું મારું મગજ ! શિબિર પૂર્વેના મારા દિવસો હું યાદ કરું છું ત્યારે ખરેખર મને દિલમાં ખૂબ જ લાગી આવે છે. આ જ્ઞાન રૂપી ચિનગારી આપનાર પૂ. પંન્યાસ શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબનો હું જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. **વોરા હસમુખ સકરચંદ-કાંદીવલી**

"દિવ્ય-દર્શન" - "શિબિર" **વર્ષ-૧૬,અંક-૪,તા.૩૦-૯-૧૯૬૭**

શિબિર વિદ્યાર્થીઓની પર્યુષણ મહાપર્વમાં અઠ્ઠાઈની તપશ્ચર્યા

(૧)	દિનેશચંદ્ર અમૃતલાલ શાહ	મુંબઈ	(બે અઠ્ઠાઈ)
(૨)	ભરતકુમાર મનસુખલાલ	મુલુંડ	(અઠ્ઠાઈ)
(૩)	દીપક કેશવલાલ શાહ	ગોધરા	(અઠ્ઠાઈ)
(૪)	કીર્તિકુમાર જંબુભાઈ શાહ	ખંભાત	(અઠ્ઠાઈ)
(૫)	હસમુખ મોહનલાલ વૈદ્ય	ખંભાત	(અઠ્ઠાઈ)
(૬)	મુળચંદ કેશવલાલ	ખંભાત	(અઠ્ઠાઈ)
(૭)	પુષ્પેન્દ્ર ચીમનલાલ	ગોધરા	(અઠ્ઠાઈ)
(૮)	ચંદ્રકાન્ત દીપચંદ	મુલુંડ	(અઠ્ઠાઈ)
(૯)	કિશોર કાન્તિલાલ	મુંબઈ	(અઠ્ઠાઈ)
(૧૦)	નરેન્દ્ર અમૃતલાલ	મલાડ	(અઠ્ઠાઈ)

આ સિવાય અમોને શિબિરાર્થીઓની નાની મોટી તપશ્ચર્યા તથા આરાધનાના પત્રો મળ્યા છે. અનેક વિદ્યાર્થીઓએ ચોસઠ પહોરી પૌષધ આદિ કરેલ, આ તમામ ધર્મ પ્રવૃત્તિમાં શિબિરે સિંચેલ તત્ત્વજ્ઞાન-કારણભૂત છે.

"દિવ્ય-દર્શન" - "શિબિર" **વર્ષ-૧૬,અંક-૧૦,તા.૧૮-૧૧-૧૯૬૭**

● **મલાડ :**તા. ૨૩-૧૦-૧૯૬૭થી શરૂ થયેલી ૧૦ દિવસની શિબિરની

પૂર્ણાહુતિ તા. ૨-૧૧-૧૯૬૭ થઈ હતી. તેમાં ૧૦૮ વિદ્યાર્થીઓ-સ્કૂલ તથા કૉલેજના જોડાયા હતા. તેમાં યોગશાસ્ત્ર, ધ્યાનશતક અને જાપ તથા ધ્યાનના વિષય ઉપર પૂ. પં. શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબ સચોટ શૈલીમાં વ્યાખ્યાન આપતા હતા. વ્યાખ્યાન પૂર્વે સંગીતમાં સમૂહ જિનગીતગાનની રમઝટ ચાલતી હતી. દરેક વિદ્યાર્થીને વચમાં ૨૦ મિનિટની રીસેશમાં વારા ફરતી કેળાવડા ફુટડીશ, દહીંવડા, ખમણ, ચાહ ગાંઠિયા, સેવ ભજિયા વગેરે નાસ્તાની ભક્તિ કરવામાં આવી હતી. તા. ૫-૧૧-૧૯૬૭ના રોજ લેખિત પરીક્ષા લેવામાં આવી હતી અને ૨-૨ કેળાની પ્રભાવના થઈ હતી.

શિક્ષણ વિષયોમાં બાર ભાવના, સમ્યકત્વના ૬૭ વ્યવહાર, માર્ગાનુસારીના ૩૫ ગુણો, નવકારમંત્રનો પ્રભાવ, ૧૪ રાજલોકનું સ્વરૂપ, નવતત્ત્વ, ધ્યાન યોગ્ય ભૂમિકા માટે ૫ જ્ઞાનભાવના ૫ દર્શનભાવના ચારિત્રભાવના વૈરાગ્યભાવના, આર્તધ્યાન રૌદ્રધ્યાન ધર્મધ્યાનના પ્રકારોની વિસ્તૃત સમજ, રાજયોગ-હઠયોગ, સંસ્થાન વિષય ધર્મધ્યાનના અનેક પ્રકાર, જીવનમાં ધર્મની શી જરૂર ? સંસાર અસાર કેમ ? સંસાર સુખ સાચું કેમ નહિ ? જીવનું મૂળ સ્વરૂપ, આવરણ કર્મ, એની વિવિધ અસરરૂપે વિભાવ દશા... વગેરે વગેરે ઉપર ખૂબ સરળ બોધભર્યા અને ધર્મપ્રેરક વ્યાખ્યાનો પૂ. પંન્યાસજી મહારાજ આપતા ત્યારે વિદ્યાર્થીઓ ગદ્‌ગદ થઈ જતા, વિદ્યાર્થીઓએ યથાશક્તિ ૯ લાખ નવકાર, મહિને ૨ એકાસણાં, કંદમૂળ ત્યાગ, ચામડાનાં ચંપલ ન પહેરવા, સિનેમા બંધ યા નિયમન, મા-બાપને સવારે પગે પડવું એમને ઉદ્ધત જવાબ ન દેવો, ભગવાનના કલ્યાણકોની માળા ગણવી, દેરાસરે પોતાની પૂજા-વસ્તુ લઈ જવી... વગેરેમાંથી નિયમો કરેલા. હવે પરીક્ષાનો ઈનામી મેળાવડો રવિવાર તા. ૧૨ મીએ છે.

"દિવ્ય-દર્શન" - "શિબિર" **વર્ષ-૧૬,અંક-૧૧,તા.૨૫-૧૧-૧૯૬૭**

શ્રી મલાડ જૈન આધ્યાત્મિક સત્ર (ઓક્ટોબર ૧૯૬૭)

રવિવાર તા. ૫-૧૧-૬૭ : પ્રશ્નપત્ર : સમય : બપોરે ૧ થી ૪

વિષય : યોગશાસ્ત્ર અને ધ્યાનશતક

નોંધ : પ્રશ્ન ૧,૨,૩,૪ અને ૫ ફરજિયાત લખવા, બાકી ૮ પ્રશ્નમાંથી કોઈપણ ૪ લખો. (કુલ ગુણાંક ૨૦૦)

૧. માર્ગાનુસારીના ૩૫ ગુણ ૪ વિભાગમાં બતાવો અને એ કેમ જરૂરી છે

એના પર ૧૦ લીટી લખો. સમ્યક્ત્વના ૬૭ ભેદના ૧૨ મુખ્ય ભાગ અને એ દરેકનાં પ્રકારોની સંખ્યા લખો તથા ૩ લિંગ, ૫ લક્ષણ, ૫ ભૂષણ, ૬ સ્થાન સમજાવો.

૨. ગમે તે ૧૫ ના ભાવ લખો.
(૧) બાહ્યભાવ (૨) એંઠવાડમાં દૂધપાક (૩) જિનસ્તુતિનું ફળ (૪) રાજલોક કેટલો ઊંચો (૫) જૈન શાસ્ત્રો ને ચૂડી (૬) ભવન અને ભુવન (૭) ચંડાળ ચોકડી (૮) દેશ-પ્રદેશ-ચરમાવર્તનું માપ (૯) ભવાભિનંદીનાં લક્ષણો (૧૦) ભાવ પ્રાણાયામ (૧૧) રેચક, પૂરક કુંભક (૧૨) ભોજન પર રેશન ટેલીફોન (૧૩) અતિથિ-સાધુ-દીન (૧૪) ઇંદ્રિયો ક્રોડપતિની કન્યા (૧૫) ત્રિવર્ગ (૧૬) અભક્ષ્યો વિદળ આદિ (૧૭) કસ્તુરી વેચી લસણ ખરીદ્યું (૧૮) વિશેષજ્ઞતાં (૧૯) રાજાને લાતની સજા (૨૦) સૌમ્યતા (૨૧) ૬ આંતરશત્રુ (૨૨) પરોપકાર છતાં સત્સંગની કેમ જરૂર ? (૨૩) પલ્યોપમ માપ (૨૪) તત્ત્વરુચિ એટલે ચાહના નહિ.

૩. વિગતવાર સમજુતી આપો.
બાર ભાવના કઈ ? આ દરેકમાં શું ચિંતવવું ? મરુદેવા, ભરત, નમિરાજા, કઈ કઈ ભાવના પર એકદમ ઊંચે ચઢ્યા ? ધ્યાનની પૂર્વે જરૂરી જ્ઞાન-ભાવનાદિ ચારની પ્રક્રિયા સમજાવો.

૪. સમજુતી આપો.
આર્તધ્યાન રૌદ્રધ્યાનના ચાર ચાર પ્રકાર સમજાવી એ ધ્યાન હોવાનાં લક્ષણો લખો. જ્ઞાનભાવના અને દર્શનભાવનાની પ્રક્રિયા સમજાવો. ધર્મધ્યાનના ૪ પ્રકાર વિસ્તારથી સમજાવો. જિનાજ્ઞા પર શું શું વિચારવું ? સંસ્થાનમાં લક્ષણ આકૃતિ ભેદ વગેરેનો ખુલાસો લખો.

૫. નીચેનામાંથી ગમે તે ૪ કથા લખો.
(૧) ધોતલીના ધોળ આગળ ગવાશે (૨) અજયપાળે મંદિર તોડવા શી રીતે બંધ કર્યાં ? (૩) શય્યંભવ (૪) મરુભૂતિ હાથી (૫) નાગદત્ત (૬) શેઠ સામાયિકની બાધાથી બચ્યા (૭) હીરાનો હાર ચોરાયો (૮) પ્રદેશી (૯) તૃષા પરિષહ ઉપર બાલમુનિ અને નંદમણિયાર (૧૦) શિવકુમાર અને સુવર્ણપુરુષ (૧૧) પાકિસ્તાનીમાં નવકાર પ્રભાવ (૧૨) નમિરાજા ઋષિ (૧૩) ભીલડી રાણી (૧૪) પેથડશાએ મંદિર બંધાવ્યું (૧૫) રાત્રિભોજન ત્યાગી બ્રાહ્મણ કન્યા.

૬. જીવનમાં ધર્મની શી જરૂર ? સુખતૃપ્તિમાં કેમ ? સંસાર-સુખ સાચું કેમ નહિ ? જીવનું અનાદિકાળથી ભ્રમણ કેમ ? ધર્મ ક્યારે પામે ? શુદ્ધ ધર્મ કયો અને શાથી ? સમજાવો.

૭. ચૌદ રાજલોકનું ચિત્ર દોરી પરિચય બતાવો, ઇન્દ્રિયોના હિસાબે ૫ પ્રકારના જીવો સમજાવો.

૮. કર્મ શું છે ? જીવ પર કેમ ચોંટે છે ? કર્મબંધના ચાર કારણો કયા કયા ? જીવ- સૂર્ય, કર્મ- વાદળ, વિભાવદશા એ અંધકાર, એનું ચિત્ર દોરો, જીવનબાજીની હારજીત સમજાવો.

૯. સંસાર કેમ અસાર, એનાં છ કારણ લખો. એમાંથી કેમ છૂટાય ? રાજયોગ, હઠયોગ શું ?

૧૦. ધ્યાનશતક ભણવાનું મહત્ત્વ શું ? મમ્મણ, ગુણસાગર, તંદુલિયો, 'શેઠ મોચીવાડે'ના દૃષ્ટાન્તથી સમજાવો. માનવભવ ચારિત્ર માટે જ કેમ ? 'હું કોણ ?' થી આત્મધ્યાન કેમ કરવું ? મન એકાગ્ર કરવાના ત્રણ ઉપાય ? વસ્ત્ર, પેટ અને મન એ ત્રણ મેલાં, એમાં કોણ વધુ ખરાબ ?

૧૧. અધ્યાત્મ-ભાવના, અનુપ્રેક્ષા, ધ્યાન, પ્રતિજ્ઞાનું મહત્ત્વ, ૩ ગુપ્તિ, દ્રવ્યસંક્ષેપ, મુક્ટિસહિયં, ૩ ઉંદર પર અનશનનું મહત્ત્વ, વાક્સંલીનતાનું મહત્ત્વ સમજાવો.

૧૨. નવતત્ત્વ ચિત્રથી સમજાવો. જાપ માટે સમવસરણ ચિત્ર દોરો.

૧૩. લોભથી સુભૂમ, જીભથી આર્ય મંગૂ, માનથી રાવણ, માયાથી લક્ષ્મણા ક્યાં ગયા ? કઈ કઈ ઇંદ્રિયથી કયું કયું પ્રાણી દુઃખમાં પડે છે ?

નોંધ : ઉપરના ૮ પ્રશ્નમાંથી કોઈપણ ૪ ના જવાબ લખો. દરેકના ગુણાંક ૧૫

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૧૬,અંક-૨૯,તા.૩૦-૩-૧૯૬૮

જૈન ધાર્મિક ગ્રીષ્મ શિક્ષાયતન, અમદાવાદ

આ વખતે શેઠશ્રી રમણલાલ વજેચંદ વગેરેની રાહબરી નીચે અમદાવાદ લલ્લુ રાયજીની બોર્ડિંગમાં લગભગ તા. ૨૬ એપ્રિલથી ભરાવાનું નક્કી થયું છે. શિક્ષાયતનના વિદ્યાર્થીઓને જૈન તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મિક શિક્ષાની વાચના પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ આપશે. એઓશ્રી ચૈ.સુ.૧ તા. ૨૯-૩-૬૮ ખંભાતથી વિહાર કરી અમદાવાદ પધારવાનું ઠર્યું છે. માત્ર મેટ્રીક અને કૉલેજના લગભગ સો વિદ્યાર્થી લેવાની ગણતરી છે. પ્રવેશ ફોર્મ મંગાવવાનું સ્થળ : પ્રકાશ ટી. ડીપો, કાળુપુર પોસ્ટ ઓફિસ સામે, અમદાવાદ.

એસ.એસ.સી. તથા કોલેજના વિદ્યાર્થીઓ માટે ગ્રીષ્મ વેકેશનમાં આધ્યાત્મિક કમાણીનો અપૂર્વ અવસર

પાટનગર **અમદાવાદ**ના આંગણે શ્રી જૈન ગ્રીષ્મ આધ્યાત્મિક શિક્ષાયતનનું ભવ્ય આયોજન

સમય : તા.૧-૫-૧૯૬૮ થી ૩૦-૫-૧૯૬૮ સુધી

સ્થળ : શ્રી જૈન શ્વે.મૂ.બોર્ડિંગ, એચ.કે.આર્ટસ કૉલેજ પાસે, નવરંગપુરા, અમદાવાદ.

શિક્ષાયતન શા માટે ?

આજના જગતના ઝંઝાવાતોની વચ્ચે ઊગતી જૈન પેઢી વિશ્વની જે અપ્રતિમ સંપત્તિથી વંચિત રહી જાય છે, એના એને દર્શન કરાવવા માટે આ વર્ષે એક ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ સંપત્તિ જૈન ધર્મ અને જૈન તત્ત્વજ્ઞાનની છે. પૂર્વોદય તથા પાશ્ચાત્ય વિદ્વાનોએ જૈન ધર્મ અને જૈન તત્ત્વજ્ઞાનને ભવ્ય અંજલી આપી છે. વિશ્વનાં મહાન ચિંતકોએ એના પર વિચાર કર્યો છે.

માનવ જીવનનું સુંદર ઘડતર અને ચણતર આધ્યાત્મિક શિક્ષણ અને સંસ્કરણ વડે થાય છે. માનવીને સંસ્કારી, સંયમી, આચારવાન, વિચારવાન અને શ્રદ્ધાવાન બનાવે તેનું નામ શિક્ષણ.

માનવીમાં રહેલી દૈવી શક્તિઓનું પ્રગટીકરણ કરે તેનું નામ શિક્ષણ. આ ધ્યેય આજનું શિક્ષણ સિદ્ધ કરી શક્યું નથી. એટલું જ નહિ પણ એનાથી વિપરીત પરિણામો જોવા મળ્યા છે. એથી જ સમાજના શિક્ષણશાસ્ત્રીઓ તથા આગેવાનો ભારપૂર્વક ધાર્મિક શિક્ષણ માટે હિમાયત કરી રહ્યા છે.

સફળતા... છેલ્લા છ વર્ષથી આબુ દેલવાડા, અચલગઢ, પાટણ, ખંભાત અને મુંબઈ (મલાડ)માં યોજાતા આધ્યાત્મિક શિક્ષાયતનમાં ભારતભરના અલગ અલગ પ્રાંતોમાંથી આવતા સેંકડો વિદ્યાર્થીઓને મનોવૈજ્ઞાનિક ઢબે આત્મરંજન સાથે પ્રભાવક પ્રવચનકાર વિદ્વદ્વર્ય પૂજ્ય પંન્યાસશ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબે પ્રવચનો આપીને સુંદર તત્ત્વપ્રકાશ અને આધ્યાત્મિક સ્ફુર્તિ આપી એમના જીવનને તેજસ્વી વળાંક આપ્યો છે ! એઓશ્રીની અદ્‌ભુત ધર્મવાનગીનો લાભ આ વર્ષે પણ મળે તે માટે એમના પૂજ્ય ગુરુદેવ સિદ્ધાંતમહોદધિ સુવિશાળ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબને નમ્ર વિનંતી કરતાં તેઓશ્રીએ સંમતિ આપી છે.

ભૂતકાળના ૬ શિક્ષાયતનના ભવ્ય પ્રયોગોના જ્વલંત પરિણામોથી પ્રભાવિત થઈ આ વર્ષે અમદાવાદને આંગણે આ આધ્યાત્મિક શિક્ષાયતનનો પ્રયોગ યોજ્યો છે. જેમાં ભારતભરના સૌ વિદ્યાર્થીઓને ભાગ લેવાનું અમારું સપ્રેમ આમંત્રણ છે.

શિક્ષાયતનમાં રહેવા જમવાનો પ્રબંધ સાધર્મિક વાત્સલ્યરૂપે હોવાથી તે માટેનો કોઈપણ ખર્ચ વિદ્યાર્થીને આપવાનો હોતો નથી. માત્ર જવા આવવાનો પ્રવાસ ખર્ચ દરેક વિદ્યાર્થીને શીરે રહેશે. રેલ્વે તરફથી વિદ્યાર્થીઓને કન્સેસનનો લાભ મળે છે. વળી શિક્ષાયતન દરમ્યાન થયેલ અભ્યાસક્રમની લેખિત પરીક્ષા લેવાય છે, અને પૂર્ણાહુતિ પ્રસંગે મોટા ઈનામો પણ વહેંચાય છે. આ વર્ષે વિદ્યાર્થીઓને નીચે મુજબનો અભ્યાસક્રમ શિખવાનું વિચાર્યું છે.

(૧) જૈન તત્ત્વજ્ઞાન (૨) જૈન રામાયણ (૩) મોક્ષમાર્ગ અને જૈન આચાર (૪) આવશ્યક સૂત્રોના ભાવ અને ધ્યાન

શિક્ષાયતનનો કાર્યક્રમ :

સવારે ૬ થી ૭-૧૫ સામાયિક - સંગીતમય પ્રાર્થના, સૂત્ર, અર્થ, રહસ્ય અને ધ્યાન ૯ થી ૧૧-૧૫ બે પ્રવચન બપોરે ૩ થી ૫.૩૦ બે પ્રવચન.

દરેક પ્રવચનની પહેલાં ભક્તિસંગીત રહેશે.

આ શિક્ષાયતનમાં ભાગ લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ નીચેના સરનામેથી પ્રવેશ માટેના અરજી ફોર્મ મંગાવી તા. ૨૦મી એપ્રીલ સુધીમાં માંગેલી માહિતી સાથે મોકલી આપવા.

વિદ્યાર્થીની અરજી મંજૂર થયેથી આવશ્યક સૂચનાઓ સાથે મંજૂરી પત્ર લખવામાં આવશે.

જૈન સમાજ ધાર્મિક ક્ષેત્રોમાં ધન ખર્ચવામાં સૌથી આગળ છે. યુવાન વિદ્યાર્થીઓમાં ધર્મ-અધ્યાત્મના સંસ્કાર પ્રદાન કરવા માટેની આ ઉત્તમ પ્રકારની યોજનામાં લીધેલો આર્થિક લાભ સમ્યગ્જ્ઞાન-દર્શન બ્રહ્મચર્ય વ્રતનિયમો વગેરેની સક્રિય અનુમોદના અને સાધર્મિકભક્તિરૂપ છે. આ ધ્યાનમાં રાખીને આ પવિત્ર કાર્યમાં શક્ય એટલો બધી જ રીતે અમૂલ્ય લાભ લઈ અમારા આ શિક્ષાયતનના કાર્યને સફળ બનાવવા નમ્ર વિનંતી છે.

આ શિક્ષાયતન ફક્ત નવા વિદ્યાર્થીઓ માટે છે.

સાધર્મિક ભક્તિનો લાભ લેનાર માટે સવારના નાસ્તાના રૂા. ૧૫૧) બપોરના રૂા. ૨૫૧) તથા સાંજના રૂા. ૧૦૧) બપોરે છાશના રૂા. ૫૧) રાખવામાં આવ્યા છે.

લી. શ્રી રાજનગર જૈન આધ્યાત્મિક શિક્ષાયતન સમિતિ

C/o. રમણલાલ વજેચંદ શાહ. મસ્કતી માર્કેટ, અમદાવાદ.

શિબિર

● **અમદાવાદ :** અત્રે તા. ૧ લી મેથી શ્રી જૈન.શ્વે. પૂ. બોર્ડિંગમાં શ્રી જૈન આધ્યાત્મિક શિક્ષાયતન શરૂ થનાર છે. શેઠ શ્રી રમણલાલ વજેચંદની રાહબરી નીચે પ્રો.પ્રવીણચંદ્ર સી. શાહ વગેરેએ સમિતિની પત્રિકાનો પ્રચાર, ફોર્મો મોકલવાનું ઇત્યાદિ કામકાજ શરૂ કરી દીધેલ છે. શિક્ષાયતનમાં મુંબઈના શેઠ શ્રી દિનેશભાઈ કીર્તિલાલે અનુમોદનીય સહકાર આપ્યો છે.

અમદાવાદને આંગણે શ્રી રાજનગર જૈન આધ્યાત્મિક શિક્ષાયતનનો થયેલો મંગલ પ્રારંભ

છેલ્લાં છ વર્ષથી ગ્રીષ્મ ઋતુમાં મેટ્રિક-કૉલેજના વિદ્યાર્થીઓને આચાર-ઘડતર, સંસ્કરણ અને જૈનતત્ત્વજ્ઞાનનો રસમય રીતે અભ્યાસ કરાવવા એક માસ માટે અલગ અલગ સ્થળે એ શિક્ષાયતન યોજાયા છે. તે પ્રકારે આ વર્ષે અમદાવાદ ખાતે પરમપૂજ્ય સિદ્ધાન્ત મહોદધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની કૃપા પામીને તેઓશ્રીના વિદ્વાનશિષ્યરત્ન પ.પૂ.ઉપકારી, શ્રુતજ્ઞાનના અવિરત વાચનાદાતા ગુરુદેવ પં.શ્રી ભાનુવિજયજી ગણિવરાદિની પાવન નિશ્રા પામી શિક્ષાયતનની શુભ શરૂઆત વૈશાખ સુદ પ્ર.૪ ના સવારે નવ કલાકે શ્રી શ્વે.મૂ.પૂ.જૈન બોર્ડિંગ, નેહરૂપુલ પાસે, નવરંગપુરા, અમદાવાદ ખાતે શ્રી ચતુર્વિધ સંઘની હાજરીમાં થયેલ છે. આ મંગળ પ્રસંગે મુખ્ય આયોજક શેઠ શ્રી રમણલાલ વજેચંદ, શેઠ શ્રી ચંદ્રકાન્ત બકુભાઈ વગેરેએ ઉદ્બોધન કરતાં જણાવેલું કે જીવન-સંસ્કરણ અને તત્ત્વજ્ઞાનની ઉણપ આવા સુંદર આયોજનથી દૂર થાય છે. એમાં કોઈ શંકાને સ્થાન નથી, આવા સારા કાર્યમાં સૌ કોઈનો સાથ અને સહકાર છે, વિદ્યાર્થીઓએ આવી સુંદર તકનો પૂરો લાભ લેવો. ત્યારબાદ શિક્ષાયતનના મુખ્ય કાર્યકર્તા શ્રી પ્રવીણચંદ્ર સી. શાહ અને શ્રી કુમારપાળ વિમળભાઈ શાહે ભૂતપૂર્વ શિક્ષાયતનમાં વિદ્યાર્થી-જીવનમાં થયેલા લાભો જણાવી જીવન પરિવર્તનનો આ એક ઉચ્ચકોટીનો પ્રયોગ છે તેમ જણાવેલ. જુના વિદ્યાર્થીઓએ શિબિરપૂર્વ અને પછીમાં કેટલો મોટો તફાવત પડ્યો તેનો અનુભવ જણાવ્યો હતો. જૈનેતર પ્રોફેસર શ્રી આર. મઝમુદારે ટૂંકમાં ૧ માસ દરમ્યાન બ્રહ્મચર્ય ગુરુમુખે અભિનવ શ્રુતની પ્રાપ્તિ, વીતરાગદેવની ભક્તિ, અનેક સામાયિક, વિવિધ વ્રત-નિયમાદિના અનેક રોકડા લાભનો નિર્દેશ કરેલ.

પરમ પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગણિવરશ્રીએ 'સમ્યગ્જ્ઞાન એજ જીવનમાં પ્રકાશ અને ઉત્થાન લાવનાર છે. રાગદ્વેષને ભગાડે એજ જ્ઞાન કહેવાય...' વગેરે ઉપર સચોટ દલીલો પૂર્વક મનનીય પ્રેરક પ્રવચન કરેલ. ત્યારબાદ શેઠ શ્રી કાંતિલાલ કોલસાવાળાએ વિદ્યાર્થીબંધુઓને જણાવેલ કે 'શિબિરની જવાબદારી અને ભાવિ આબરૂ તમારે જાળવવાની છે. એમાં જરાય કચાશ ન આવે તેનું પૂરું ધ્યાન રાખશો.' ત્યારબાદ સર્વમંગલ થયેલ. વિદ્યાર્થીઓને ૦।। કલાક રિસેસ બાદ મોક્ષમાર્ગ ઉપર વાચના થયેલ બાદ આજે લાપસી (બાટ)નું જમણ અપાયેલ. કુલ ભારતભરના જુદાજુદા ગામોના ૧૩૫ નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે. ઘણાં ઉત્સાહ સાથે કાર્યનો આરંભ થઈ ગયો છે.

એક માસ સુધી ચાલનારા આ શિક્ષાયતનમાં પૂ.પંન્યાસજી મ.શ્રીનાં દિવસ દરમ્યાન સવારે ૫।।। થી ૭, ૮ થી ૯, ૯। થી ૧૦।।, બપોરે ૨।।। થી ૩।, ૩।।। થી ૫ ના સમયમાં તલસ્પર્શી તત્ત્વજ્ઞાનથી ભરપુર પ્રવચનો થાય છે, તો સૌ કોઈ જિજ્ઞાસુઓ લાભ લઈ શકે છે. વિદ્યાર્થીઓમાં સ્વઇચ્છાથી રોજ ઉપવાસ, આંબેલો એકાસણા, બેસણાંનો તપ ચાલુ છે.

● અમદાવાદ : અત્રે શ્વે.જૈ.મૂ. બોર્ડિંગમાં શ્રી આધ્યાત્મિક શિક્ષાયતનનું કાર્ય સુંદર ચાલી રહેલ છે. વિદ્યાર્થીઓ ૧૫૦ લગભગ છે. સૂત્ર રહસ્યો, ધ્યાન અને જીવન, તત્ત્વજ્ઞાન, મોક્ષમાર્ગ અને જૈન રામાયણના વિષયોનાં પ્રવચન ચાલે છે. પં. શ્રી ભાનુવિજયજી મહારાજને કમળાની વ્યાધિ થતાં બે વિષયો પર પૂ.મુ.શ્રી રાજેન્દ્રવિજયજી પ્રવચન આપે છે. વિદ્યાર્થીઓમાં સામાયિકો ઉપવાસ, આંબેલ, એકાસણા, બેસણાં, વર્ધમાન તપ વગેરે પણ સરસ થઈ રહ્યું છે. તા. ૨૪ સુધી પ્રવચનો છે, પછી પરીક્ષાઓ તથા તા. ૨૮ મૌખિક પરીક્ષા, તા. ૨૯ અરિહંત જાપ અને તા. ૩૦ શિક્ષાયતન સમિતિની વિનંતીથી શેઠ શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈના શુભ હસ્તે ઈનામો વહેંચાવા વગેરેનો અંતિમ મેળાવડો છે.

● **અમદાવાદ :** પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવરની નિશ્રામાં અત્રે જૈન

શ્વે. મૂ. બોર્ડિંગમાં લગભગ ૧૫૦ મેટ્રીક કૉલેજના વિદ્યાર્થીઓના યોજાયેલ જૈન આધ્યાત્મિક શિક્ષાયતનનો તા. ૩૦-૫-૧૯૬૮ સવારે અંતિમ ભવ્ય ઈનામી મેળાવડો યોજાઈ ગયો. શેઠશ્રી શ્રેણીકભાઈ કસ્તૂરભાઈ લાલભાઈ, શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઈ, શેઠશ્રી ચંદ્રકાન્ત બકુભાઈ, શેઠશ્રી રમેશભાઈ બકુભાઈ, શેઠશ્રી રમણલાલ વજેચંદ, શેઠશ્રી નરેશભાઈ મનસુખરામ, શેઠશ્રી ચંદુલાલ મોહનલાલ, શ્રીકાન્તભાઈ, શેઠ કાન્તિલાલ અમૃતલાલ, શેઠશ્રી ખુબચંદજી (મનરૂપજી અચલદાસવાળા) વગેરે સંભાવિત અગ્રગણ્યોની હાજરી તરી આવતી હતી. પૂજયશ્રીનું મંગળાચરણ, વિદ્યાર્થીઓનાં ચત્તારિ મંગલ... વગેરે ગીત, પછી શેઠશ્રી શ્રેણિકભાઈએ આવાં શિક્ષાયતનની અતિ આવશ્યકતા બતાવી વિદ્યાર્થીઓને ઘરે ગયા પછી રાખવા યોગ્ય સાવધાની સૂચવી. એઓશ્રીના વરદહસ્તે થોડાં ઈનામ વહેંચાયા. ત્યારબાદ શિક્ષાયતનના પ્રમુખ શ્રી પ્રવીણચંદ્ર સી. શાહ અને મંત્રી શ્રી કુમારપાળ વિ. શાહના નિવેદનો પછી આ શિક્ષાયતનના પ્રણેતા શેઠશ્રી રમણલાલ વજેચંદે જણાવ્યું કે આ શિક્ષાયતન યોજાવાનો મુખ્ય યશ મુંબઈના એક ગૃહસ્થને ફાળે જાય છે. કેમ કે એમણે શિક્ષાયતન માટે રૂા. ૧૦ હજાર આપવાની પહેલેથી ઓફર કરી હતી. કુલ ખર્ચ રૂા. ૨૧ હજારમાં એ અને સ્થાનિક બીજાઓએ જે લાભ ઉઠાવ્યો એમનો આભાર માન્યો હતો. બાદ વિદ્યાર્થીઓને શેઠશ્રી ચંદ્રકાન્ત બકુભાઈએ આવાં શિક્ષાયતનની આવશ્યકતા બતાવવાપૂર્વક શિસ્તપાલન માનવ જીવનમાં કેટલું બધું જરૂરી છે ? તેનો ખ્યાલ આપ્યો હતો. વકીલશ્રી છોટાભાઈએ પણ સારું વક્તવ્ય કર્યું. પછી જુના શિબિર વિદ્યાર્થી શ્રી જયપ્રકાશે ઈંગ્લીશમાં છટાદાર અસ્ખલિત વાગ્ધારા વહેવડાવી હતી. શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઈએ બાકીના ઈનામો વહેંચતાં સુંદર ઉદ્બોધન કર્યું હતું. છેવટે પૂ. પંન્યાસજી મહારાજે જીવનને મોક્ષમાર્ગનું આરાધક બનાવવા જ્ઞાન-સંયમ-તપ જરૂરી બતાવી સમ્યગ્જ્ઞાનની મહાન આવશ્યકતા પર પ્રેરક પ્રવચન કર્યું.

શિક્ષાયતનનો વિસ્તૃત અહેવાલ હવે પછી પ્રગટ થશે. પૂ. પંન્યાસજી મહારાજને કમળો અને લીવરના સોજાની વ્યાધિ છતાં એઓશ્રીએ શિક્ષાયતનમાં રોજ પ્રવચનો આપેલા એ શ્રમથી વ્યાધિ લંબાયો. હજી પણ રોગની અસર છે એટલે હાલ ઉસ્માનપુરા જૈન ઉપાશ્રયે (આશ્રમ રોડ, અમદાવાદ-૧૩) આરામ તથા ઉપચાર લઈ રહ્યા છે. શારીરિક ભારે અશક્તિ અને લીવરના સોજાના લીધે ડૉક્ટરો લાંબો સમય આરામ લેવાનું કહે છે. તેમજ સોજો લાંબો સમય ચાલ્યો તેથી એની પાછળનું કારણ તપાસવા હૉસ્પિટલમાં બે દિવસ રાખી બધી તપાસ કરવા ઇચ્છે છે. તેથી પંન્યાસજી મહારાજની ખંભાત જવાની ઇચ્છા છતાં ખંભાતથી પૂ.

આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજનો આદેશ અમદાવાદ જ રોકાઈ જવાનો આવવાથી ચોમાસું અત્રે થવા સંભવ છે.

• • •

શ્રી રાજનગર જૈન ગ્રીષ્મ આધ્યાત્મિક શિક્ષાયતન (ઈ.સ. ૧૯૬૮)નો રોમાંચક અહેવાલ

અનેક ગામ-નગરોના વિદ્યાર્થીઓના સંમિલને સમ્યગ્જ્ઞાન-તપ-નિયમો. વગેરેની ભરચક આરાધના. તત્ત્વજ્ઞાન-ધ્યાન-મોક્ષમાર્ગ વગેરેનાં ભવ્ય પ્રવચનોની પ્રભાવના

ધાર્મિક શિક્ષણ અને સંસ્કરણ વગરની નવી ઊગતી જૈન પ્રજા શ્રદ્ધા અને આચારમાં શિથિલ દેખાય છે. એનો ભાવી જૈન સંઘ બનશે. એ દેવ-ગુરુની ભક્તિ અને આદર તથા ધર્મસાધના બાબતમાં કેવો હશે ? મંદિરો-ઉપાશ્રયો તીર્થો અને ધાર્મિક ખાતાઓની સેવા કેવી કરશે ? એ એક અતિ મુંઝવનારો પ્રશ્ન છે. તેથી આધુનિક નવી પ્રજામાં ધાર્મિક સંસ્કાર-સિંચન કરાય એ વ્યક્તિગત અને સંઘ-દૃષ્ટિએ પણ સૌથી મહત્ત્વનો પ્રાણપ્રશ્ન છે.

આ પ્રશ્નને હલ કરવા છેલ્લા ૬ વર્ષની જેમ આ વર્ષે પણ મેટ્રિક અને કૉલેજના વિદ્યાર્થીઓને ભારતભરમાંથી આમંત્રી મે માસની રજાઓમાં ધાર્મિક શિક્ષણ-સંસ્કરણ આપવું એવો વિચાર ઊભો હતો. એમાં મુંબઈના એક ગુપ્તદાની અપરિચિત ગૃહસ્થે પૂ. મહારાજ સાહેબને સામે આવીને પૂછ્યું કે મને સારું સુકૃતનું કાર્ય બતાવો ત્યારે પૂજ્યશ્રીએ એમને ભારત વ્યાપી જૈન ધાર્મિક પોસ્ટલ ટ્યુશન, ધાર્મિક શિક્ષણ શિબિર, આવશ્યક સૂત્રોના ગાથાવાર ચિત્રોનું આલ્બમ વગેરે આધ્યાત્મિક સત્કાર્ય બતાવ્યા. એમાં એમણે છેલ્લા બે કાર્ય અંગે રૂા. ૧૦-૧૦ હજાર ખર્ચવાનો નિર્ણય બતાવ્યો. એમની શુભ ભાવનાને સફળ કરવા તથા નવી જૈન પ્રજાને ધાર્મિક શિક્ષા અપાવવાના શુભ હેતુથી અમદાવાદના શેઠશ્રી રમણલાલ વજેચંદ ખંભાતવાળાએ શેઠશ્રી ચંદ્રકાંત બકુભાઈ, શેઠશ્રી કાંતિભાઈ ચીમનલાલ કોલસાવાળા, શેઠશ્રી નરેશભાઈ મનસુખલાલ તથા શેઠશ્રી ચંદુલાલ મોહનલાલની સાથે રહીને "શ્રી રાજનગર જૈન આધ્યાત્મિક શિક્ષાયતન સમિતિ" નીમી; રૂા. ૧૧ હજારનું બીજું ફંડ કરી લીધું. શિક્ષાયતન માટે શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન બોર્ડિંગ (નવરંગપુરા)નું મકાન પસંદ કર્યું જે વાપરવા માટે શેઠશ્રી રમણભાઈએ માગણી કરતાં શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈએ તરત સંમતિ આપી દીધી.

સમિતિના મેનેજિંગ કાર્યકર ભાઈશ્રી રમણલાલ વજેચંદે શિક્ષાયતનના આયોજન-સંચાલન માટે સમર્થ કાર્યકર ભૂતપૂર્વ શિબિર વિદ્યાર્થીઓ શ્રી પ્રવિણચંદ્ર સી. શાહ અને શ્રી કુમારપાળ વિ. શાહને સહકારમાં બોલાવી લીધા. શિક્ષાયતનમાં જોડાવાની પત્રિકાઓ બહાર પડી, તેમજ દૈનિક પત્રોમાં જાહેરાત થઈ, તેથી શિક્ષાયતનમાં જોડાવા માટેના ફોર્મની લગભગ ૩૦૦ અરજીઓ આવી પરંતુ અહીં વધુમાં વધુ ૧૨૫ વિદ્યાર્થીઓ લેવાની સગવડ હતી. તેથી જૈનેતર ગ્રેજ્યુએટ વગેરે વિદ્યાર્થીઓ લગભગ ૬૦-૭૦ જેમણે જૈન તત્ત્વજ્ઞાન સમજવાની સારી દિલચશ્પી દેખાડી શિક્ષાયતનમાં જોડાવાની પૂરી ઈંતેજારી બતાવીને ફોર્મ મંગાવેલ. એમને આ વખતે ન છૂટકે બાકાત રાખવા પડ્યા. તેમજ બીજા કેટલાયના ભરાઈ આવેલા ફોર્મ નામંજૂર કરવા પડ્યા. તોય મેટ્રિક-કૉલેજનો મોટો ભાગ અને બીજા મળી ૧૫૦ વિદ્યાર્થીઓ લેવામાં આવ્યા. આમાં ગુજરાત કૉલેજના પ્રો. મઝમુંદાર તથા બીજા શિક્ષક વગેરે પણ સામેલ થયા હતા. બોર્ડિંગના ઓનરરી સેક્રેટરી ડૉ. દિનકરભાઈના નિર્દેશથી ગૃહપતિએ સારી સગવડ આપી, બોર્ડિંગનું મકાન સાબરમતી નદીના કિનારા પર અને હવા અજવાસવાળું તથા રસોડું, વિશાળ ભોજન હૉલ, પ્રવચનનો મોટો સેન્ટ્રલ હૉલ તથા બીજા ઓરડાઓ વગેરેની સુંદર સગવડતાભર્યું હતું. શ્રી ભીખાભાઈ પટેલે રસોડામાં તથા શ્રી પરસોત્તમદાસે બીજા કામોમાં અને શ્રી ઓચ્છવલાલ ખાવડવાળાએ સારી સેવા આપી.

વિદ્યાર્થીઓ કેટલાક સ્વતઃ રુચિથી આવેલા પરંતુ કેટલાક કોક મા-બાપની તો કેટલાક મિત્રોની પ્રેરણાથી. ત્યારે કેટલાંક વળી કુતૂહલથી આવેલા. એટલે એવા કેટલાકને થતું કે 'અહીં ગમશે કે નહીં ?'; કેટલાકને વસવસો હતો કે 'અહીં કાંક નવું મળશે કે નહિ ?' પરંતુ દિવસના પાંચે ય પ્રવચને દરેકની પહેલાં સંગીતમય પ્રાર્થના, ભક્તિ, ગીત, ધૂન વગેરે પ્રોત્સાહન અને તન-મન-આનંદકારી કાર્યક્રમ સાથે પૂ. સિદ્ધાંતમહોદધિ આચાર્ય ભગવંત વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની આજ્ઞાથી અને સમિતિની વિનંતીથી પધારેલા પૂ. પં. શ્રી ભાનુવિજયજીગણી મહારાજના શ્રીમુખે ધાર્મિક-આધ્યાત્મિક-તાત્ત્વિક, તર્કદૃષ્ટાંત ભરપૂર અને મનોવૈજ્ઞાનિક શૈલીએ અપાતા બાળભોગ્ય પ્રવચનો સાંભળવા મળતા ગયા. એમાં મનોવૈજ્ઞાનિક શૈલીએ વિષયની સચોટ રજૂઆત, હૃદયંગમ દલીલો-દૃષ્ટાંતો, રોચક બોધક અને પ્રેરક કથાનકો, જૈન શાસનના ટંકશાળી સિદ્ધાંતો વગેરેથી વિષયનાં સમર્થન શ્રવણમાં આવતાં ગયા. એટલે વિદ્યાર્થીઓની શંકાઓનું સમાધાન આપોઆપ થવા લાગ્યું અને પછી તો એકદમ જોરદાર આકર્ષણ થયું. બધા જ વિદ્યાર્થીઓ તત્ત્વશ્રવણમાં ડોલતા ગયા. નિજનાં હૃદયમળ અને અજ્ઞાન અંધકાર કાપતા ચાલ્યા.

ચાલુ વર્ષે ખાસ તો નવા વિદ્યાર્થીઓ જ લેવાયેલા. એમને (૧) આવશ્યક સૂત્રોનાં રહસ્યો (૨) જૈન તત્ત્વજ્ઞાન (૩) જૈન રામાયણ (૪) મોક્ષમાર્ગ (૫) ધ્યાન અને જીવન (૬) જૈનઆચાર તથા (૭) ભક્ષ્યાભક્ષ્યના વિષયો રાખવામાં આવેલા. તથા વ્યવસ્થાપક જૂના વિદ્યાર્થીઓ માટે (૧) કર્મ સિદ્ધાંતનું વિજ્ઞાન તથા (૨) યોગશાસ્ત્રના વિષયો રાખવામાં આવેલાં. આવશ્યક સૂત્રોનાં રહસ્યો જ્યાં પ્રગટ થતા ગયા, ત્યારે વિદ્યાર્થીઓ વિસ્મિત બની જતા કે આવા અદ્‌ભુત ભાવ આપણા રોજંદા સૂત્રોમાં ભરેલાં છે ! મોક્ષમાર્ગના વિષયમાં શ્રેષ્ઠ માર્ગદર્શન અને જૈન તત્ત્વજ્ઞાનની અદ્‌ભુત વાતોએ વિદ્યાર્થીઓનાં હૃદયનાં ભૌતિકવાદનાં ઝેર ઓકાવી નાખ્યાં અને વિશ્વદર્શન કરાવ્યાં. તેમજ અપૂર્વ આધ્યાત્મિક સ્ફૂર્તિ આણી. જૈન આચાર-સંહિતાનાં પ્રેરક પ્રવચનોએ જૈન સંસ્કૃતિની અસ્મિતાના ઘેરાં દર્શન કરાવ્યાં. જૈન રામાયણમાં આવતા ભવ્ય પુરુષોનાં કથાનકોની તેજની ઝલક પ્રગટ થતાં વિદ્યાર્થીઓએ જૈન ધર્મની જ્વલંત ગૌરવ દૃષ્ટિ લાધી. રામાયણની સાચી વાતો જાણવા મળી. ધ્યાન અને જીવનની હૃદયના તાર ઝણઝણાવતી વાતોની મહેલાતમાં પ્રવેશ કરતાં વિદ્યાર્થીઓને જે આનંદ સંવેદનની ઊર્મિઓ ઊછળતી તે અવર્ણનીય જ છે.

જેમ માઈક યા લાઉડ સ્પીકર સારું હોય તો વક્તાનો અવાજ સ્પષ્ટ ઉઠે, તેમ પ્રવચનકાર જો કુશળ હોય તો ગણધર વાણીનો રણકાર પણ ઓર ખીલે. પૂ. પંન્યાસજી મહારાજશ્રીની સરળ અને સચોટ શૈલીએ તાત્ત્વિક પદાર્થોને વિદ્યાર્થીઓનાં અંતસ્તલ સુધી પહોંચી જતાં વાર ન લાગતી. દરેક વિદ્યાર્થી શ્રવણ કરતો જાય, લખતો જાય, વિચાર કરતો જાય અને ધારણા કરતો જાય. કેટલું અઘરૂં છતાં અહીં એ કેટલું સરળ ! તે અહીં સ્પષ્ટ થયું. કારણ કે વિદ્યાર્થીઓની વિષયવાર પ્રવચનકાર- નોંધપોથી પણ વ્યવસ્થિત જોવા મળી. ઉપરાંત દરેક વિદ્યાર્થીના દૈનિક રીપોર્ટ પણ જોવા મળ્યા. જેમાં સવારથી સાંજ સુધીના પ્રોગ્રામ પ્રવચનોમાં હાજરી લેવાતી હતી. પૂ. પંન્યાસજી મહારાજની તબિયત નરમ પડતાં 'તત્ત્વજ્ઞાન' મોક્ષમાર્ગ, જૈનાચાર, ભક્ષ્યાભક્ષ્ય પર એઓશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજે સુંદર પ્રવચનો આપેલાં. એણે પણ વિદ્યાર્થીઓને ભવ્ય પ્રકાશ આપ્યો.

વિદ્યાર્થી ગણને પ્રવચને પ્રવચને સત્ય સમજાવતાં અનેક પાપો અપકૃત્યોની અવિરતિ અને પ્રવૃત્તિથી દૂર થવા માટે હૃદયપૂર્વક પ્રતિજ્ઞાઓ લેવા તૈયાર થતો, ત્યારે શ્રવણ સાથેની વિચારણાની અને ધારણાની ખાતરી થતી, વ્યાખ્યાન દરમિયાન પોતાની રાજીખુશીથી આવી કેટલીય પ્રતિજ્ઞાઓ લેવાઈ હશે. એટલે અહીં તો જ્ઞાન સાથે આચરણનો યજ્ઞ મંડાયો. અજ્ઞાન દૂર થતાં તેનું તાત્કાલિક સક્રિય પરિણામ

કેવું સુંદર આવે છે તેનું અહીં દર્શન થવા પર જ્ઞાનની મહત્તા સમજાઈ. માત્ર વીસ દિવસના ગાળામાં તો આ નવી પ્રજાએ તળેટીની અજ્ઞાન દશામાંથી ઊંચે ચઢી ગિરિશૃંગના વિવિધ વિશાળ બોધનો પ્રકાશ પ્રાપ્ત કર્યો.

શિક્ષાયતનના આ મુખ્ય લાભ ઉપરાંત રાત્રિના કેટલાક અનુભવી પ્રવક્તાઓનાં જૈન શાસ્ત્રાનુસારી વક્તવ્યોએ જૈન ધર્મશ્રદ્ધા અને કર્તવ્ય પ્રેરણા સારી પાઈ.

દા.ત., શાંતિભાઈ શાહનું જિનપૂજા અને તેના મહત્ત્વ વિશેનું પ્રવચન. જેનાથી વિદ્યાર્થીઓને આશાતનાનો ભોગ બનતા બચવાનું માર્ગદર્શન મળ્યું. જૈન દૃષ્ટિએ ભૂગોળ ઉપર અને આજની સમસ્યાઓ સમજાવતું પ્રવચન, ભૂગોળવાળા રમણભાઈએ આપેલું. જેમાં વિદ્યાર્થીઓએ જિજ્ઞાસાપૂર્વક પ્રશ્નો પૂછેલા અને રમણભાઈએ સારી રીતે પ્રશ્નોની છણાવટ કરી સમજાવેલાં. કાંતિલાલ ઉજમશીભાઈએ વિદ્યાર્થીઓને સંબોધીને ધર્મ તરફ વાળવા માટે ખાસ પ્રેરણા આપી. શાસનના કામમાં તત્પર રહેવા ઉદ્‌બોધન કરેલું. પ્રો. શ્રી બાબુભાઈ ઉજમશીભાઈએ મનોવિજ્ઞાન અને ધર્મનો સંબંધ એ વિશે સુંદર રજૂઆત કરેલી. શ્રી છોટાલાલભાઈએ વિદ્યાર્થીઓને વિનયની કિંમત ભારપૂર્વક સમજાવી. જીવનમાં વિનયી બનવા માટે ખૂબ સરસ સમજાવેલું. શ્રી શાંતિલાલ સાઠબાકરે "त्वं नाथ ! दुखिजनवत्सल..." ગાથાનું મહત્ત્વ સમજાવેલું. એક સાંજે યોગાસનના નિષ્ણાત દ્વારા ચાલુ તંદુરસ્તી માટેનાં યોગાસનો બતાવવામાં આવેલાં.

સામાજિક કાર્યકર શ્રી રવિશંકર મહારાજ શિક્ષાયતનમાં "ધ્યાન અને જીવન"નો વિષય સાંભળવા પધારેલા. એમણે વિદ્યાર્થીઓને સંકલ્પ (પ્રતિજ્ઞા) અલ્પ જરૂરિયાત સેવા, સહિષ્ણુતા વગેરે પર સુંદર ઉદ્‌બોધન કરેલું. ત્યારબાદ આ વિનયવંત વિદ્યાર્થીઓને જોઈને આકર્ષાઈને બીજા દિવસે પણ વિદ્યાર્થીઓને જીવનમાં ઘડતર કેવું કરવું તેની સમજ આપવા વહેલાસર પધારેલા કેમ કે પ્રવચન પણ સાંભળવા મળે. પ્રવચન બાદ એમણે જીવનના પોતાના થોડા અનુભવો રજૂ કરેલા. એક રાતે ધર્મનાં સિદ્ધાંતોને જોરદાર રીતે પંડિત મફતલાલભાઈએ રજૂ કરેલો, બ્યાવરના હેડમાસ્ટર શ્રી શૌરીલાલજીએ "નમો અરિહંતાણ"નો ૧ ક્રોડનો જાપ કરવા અંગે માહિતી આપી વિદ્યાર્થીઓને તેમની સુંદર પદ્ધતિની સમજ આપેલી. એક દિવસે શિક્ષાયતનના સ્તંભસમા અને વિદ્યાર્થીઓના લાડિલા ભાણાભાઈ આવી પહોંચતાં વિદ્યાર્થીઓએ શંકાઓના સમાધાન મેળવવા પ્રશ્નો પૂછેલા અને ભાણાભાઈએ સુંદર સચોટ શૈલીથી તેનાં સમાધાન આપેલાં. તેમાં એક વિદ્યાર્થીભાઈએ પૂછ્યું, 'તીર્થરક્ષા કરવા માટે મારે શું કરવું જોઈએ ? હું શાસનના કામ માટે તૈયાર છું.' આવો સવાલ જોતાં જ જણાઈ આવે છે કે એક માસ દરમ્યાનનો સત્સંગ પામ્યા પછી

શાસનને સાચા અર્થમાં જાણ્યા પછી, સમજ્યા પછી વિદ્યાર્થીની ભાવનાઓ કેવી શુદ્ધ અને જોરદાર બને છે અને પોતે શાસનના કામ માટે ભોગ આપવાની ઉત્સુકતા પ્રગટ કરે છે. રાત્રિના દરેક પ્રોગ્રામની શરૂઆતમાં પ્રાર્થના થતી તેમાં ઘણી આત્મીયતાથી વિદ્યાર્થીઓ તલ્લીન બની જતા. રાત્રિના ચાલતી પ્રાર્થના ભાવના ભક્તિગીતો પણ વિદ્યાર્થીઓને માટે અત્યંત ભાવોલ્લાસ અને સ્ફૂર્તિના પ્રેરક બનતા સારાય દિનમાં મળતો અભિનવ જ્ઞાનનો આનંદ તેઓને એક હીલ સ્ટેશનના વેકેશન-પસારના આનંદને આંબી જતો.

વિદ્યાર્થીઓએ શિક્ષાયતન દરમિયાન તપસ્યાઓ પણ સુંદર કરી. રોજ ઉપવાસ આંબેલો એકાસણાં તથા બેસણાં થતાં. સિરોહીના એક વિદ્યાર્થીએ છઠ્ઠ તથા અઠ્ઠમની તપસ્યા પણ ખૂબ આરાધનાપૂર્વક કરેલી. ચાર વિદ્યાર્થી વર્ધમાન તપની ઓળી કરનારા હતા જેમાંના એક ભાઈએ તો શિક્ષાયતનમાં જ વર્ધમાન તપની ઓળીનો પાયો નાખ્યો હતો. બીજા એક નાના કુમારે વર્ધમાન તપનો પાયો નાખેલો. યોગેશ તથા સૌરભ જેવા નાના બાળકો સહિત ૧૧ વિદ્યાર્થીઓને રોજ બેસણાં તથા બેભાઈ શિક્ષાયતન દરમિયાન દરરોજ એકાસણાં કરતા હતા. ત્યાં બીજા કેટલાંય વિદ્યાર્થીઓને શિક્ષાયતન દરમ્યાન યથાશક્તિ પચ્ચક્ખાણ રહેતું. રોજનાં પાંચે પ્રવચનો દરમ્યાન મોટા ભાગના વિદ્યાર્થીઓ સામાયિકમાં બેસતા, તેથી રોજ કુલ ૬૦૦ આશરે સામાયિક થતા હશે. શિક્ષાયતનમાં કરાવાતા તિથિનાં પ્રતિક્રમણમાં સૂત્ર બોલવાની હજારો સામાયિકની ઉછરામણી થઈ. શ્રી અરિહંત પ્રભુનો પ્રભાવ અને ઉપકાર વારંવાર સાંભળવા મળતો તેથી વિદ્યાર્થીઓ પ્રભુભક્તિ-સ્નાત્ર વગેરેમાં રસમગ્ન થતા. પ્રવચનો અપૂર્વ તત્ત્વપ્રકાશ તથા સંવેગ વૈરાગ્યભર્યા થતાં, તેથી રોજ નવા નવા નિયમો વિદ્યાર્થીઓ હોંશે હોંશે સ્વીકારતા.

પ્રભુ મહાવીર દીક્ષા કલ્યાણક વૈ. સુ. ૧૦ના દિવસે શિક્ષાયતન તરફથી વિદ્યાર્થીઓને પાનસરની જાત્રાએ લઈ જવામાં આવેલા. ત્યાં આગળ સ્નાત્ર મહોત્સવ રાખવામાં આવેલો. ઘણો આનંદ અને ઉલ્લાસપૂર્વક બધા વિદ્યાર્થીઓએ પ્રભુભક્તિ કરેલી. તત્રસ્થ બિરાજમાન પૂ. પં. શ્રી કનકવિજયજી મહારાજનું સુંદર પ્રવચન સાંભળેલું. જીવનભર યાદ રહી જાય તેવી આ સમૂહયાત્રા થઈ.

તા. ૨૩મીના રાત્રે વિશાળ ગચ્છાધિપતિ સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ કાળધર્મ પામ્યાના સમાચાર જાણી શિક્ષાયતનના સો ઉપર વિદ્યાર્થીઓ આ મહાત્માનાં અંતિમ દર્શને ઉપડી ગયા. વિદ્યાર્થીઓએ **"જય જય નંદા જય જય ભદ્રા" "નહિ મળે નહિ મળે, નહિ મળે રે ગુરુ આવા જગતમાં નહિ મળે રે."** કરી વાતાવરણને ગજવી નાખ્યું. મોટા ભાગના

વિદ્યાર્થીઓએ જીવનમાં આ પ્રથમવાર જ અનુભવેલું દશ્ય હતું.

આજની કૉલેજ સુધીની ભૌતિક ઝેરભરી કેળવણી પામેલા વિદ્યાર્થીઓમાં જૈનતત્ત્વો અને માર્ગના અમૃતમય સમ્યક્‌જ્ઞાન સાથે ક્રિયા-તપ-વ્રત-નિયમ અને ભવ્ય ગુણ સંસ્કરણના આ રચનાત્મક સફળ શિબિર-પ્રયોગની સંઘમાં વિશેષ કિંમત સમજાતી જાય છે. સૌ કોઈને અનેકવાર આવા શિબિર ખાસ નજરોનજર નિહાળવાનું સપ્રેમ આમંત્રણ છે.

જેવી રીતે હજારો રૂપિયાના ખર્ચે ઉપધાન કરાવી ભાગ્યશાળીઓ અથાગ પુણ્ય ઉપાર્જે છે. એવી રીતે જ્ઞાનદર્શન ચારિત્રની પ્રભાવના કરનારી આવી શિબિર યોજના કરનાર પણ અનેરો પુણ્ય લાભ પામવા સાથે શાસનટકાવમાં એક નિમિત્ત બને છે. કેમકે આવી શિક્ષાયતનમાં નવી જૈન પ્રજાને શાસ્ત્રોનાં તાત્ત્વિક-ધાર્મિક-આધ્યાત્મિક-સાંસ્કૃતિક-નૈતિક વિષયનું વિશાળ જ્ઞાનદાન તથા સંસ્કરણ સાથે જૈન ધર્મની શ્રદ્ધા અને વ્રત-નિયમાદિનું દાન થાય છે. નવી પ્રજા કે જેનો ભાવી જૈન સંઘ બનવાનો છે એને ભૌતિક અને નાસ્તિકવાદી આજની ઝેરી કેળવણીના કુસંસ્કારથી બચાવવાની ખાસ જરૂર છે.

રોજ સવારે પાા વાગ્યાથી કાર્યક્રમ શરૂ થતો. સવારે સામાયિક લઈ માલકોશ રાગમાં શ્રી નવકારમંત્ર, વૈદિક રાગમાં ચત્તારિમંગલં, તથા 'શ્રી અરિહંતો' વાળી પ્રાર્થના પછી આવશ્યક સૂત્રોનાં રહસ્ય સમજાવાતા. પછી દેવદર્શન-નવકારશી-પૂજા કર્યા બાદ 'ધ્યાન અને જીવન' તથા 'મોક્ષમાર્ગ' ઉપર પ્રવચનો થતાં, પછી ભોજન-આરામ-તકપાન બપોરે ૩ વાગે 'તત્ત્વજ્ઞાન' અને 'જૈન રામાયણ' પર પ્રવચનો થતાં. રાતના પ્રાર્થના ભાષણ, નોટ્સ-લેખન વાંચન વગેરે ચાલતું. ૧૩મી તારીખે અત્યાર સુધી અપાયેલ વિષયોની વચલી પરીક્ષા લેવાઈ. તા. ૨૫ અને ૨૭મીએ અંતિમ પરીક્ષા લેવામાં આવી. પરીક્ષા અર્થે તો વિદ્યાર્થીઓ તૈયારીમાં ખૂબ મચી પડ્યા અને પરીક્ષામાં એકધારા ૩।।-૪ કલાક સુધી પેપરો લખ્યા. તા. ૨૮મીએ તો દરેકને 'અરિહંત'નો ૫૦ હજાર જાપ, તથા ૫-૫ના વારા બદ્ધ ૨૪ કલાક અખંડ 'અરિહંત' ઘોષ સાથે ખીરનાં એકાસણાંનો ભવ્ય કાર્યક્રમ ઉજવાયો. વારા તો ૫-૫ ના પણ રાત્રિના ય બીજા અનેક વિદ્યાર્થીઓ ધૂનમાં લાગી જતા. તા. ૨૯મીએ સૂત્રો વગેરેની પરીક્ષા તથા વક્તૃત્વ-પરીક્ષા થઈ. એમાં પરીક્ષકો પ્રિન્સિપાલ અને પ્રોફેસરો હતા. એમાં ય એક ૭મી કલાસના નાના વિદ્યાર્થી અંજન મોહનલાલે પ્રથમ નંબર લીધો ત્યારે અહીં અપાતાં પ્રવચનોની વિશિષ્ટ શૈલીનો ચમત્કાર દેખાયો અને 'જૈન સંઘ એ રત્નોની ખાણ'નાં દર્શન થયાં. તા. ૩૦ મીએ અંતિમ ઈનામી મેળાવડો થયો.

શિક્ષાયતન દરમિયાન શેઠશ્રી રમણલાલ વજેચંદ વારંવાર હાજર રહી સારી ખબર અંતર રાખેલી. એથી એમને તેમજ મુંબઈના ઉદાર સદ્‌ગૃહસ્થ અને શ્રી પ્રવીણભાઈ શ્રી કુમારપાળ ઉપરાંત વડોદરાદિના જુના વ્યવસ્થાપક શિબિર વિદ્યાર્થીઓને સારો યશ મળ્યો.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૧૬,અંક-૪૦/૪૧,તા.૨૨-૬-૧૯૬૮

શ્રી રાજનગર જૈન આધ્યાત્મિક શિક્ષાયતન

પ્રશ્નપત્ર

વાચનાદાતા : **પૂ. રાજેન્દ્રવિજયજી મહારાજ મોક્ષમાર્ગ અને જૈન આચાર**

સમય : બપોરે ૧ થી ૪-૩૦, તા. ૨૭-૫-૧૯૬૮

પ્રશ્ન નં. ૧ થી ૫માંથી ગમે તે ત્રણ અને ૬ અને ૭માંથી ગમે તે એક લખો.

૧. માર્ગાનુસારી-જીવન આત્મોત્થાનની પ્રાથમિક ભૂમિકા કઈ રીતે ? માર્ગાનુસારી ગુણો મેળવવા આપણે શું ઘટતું કરવું જોઈએ ? ગુણો મેળવીને જીવનમાં થતા લાભો તથા ગુણોના અભાવમાં થતા ગેરલાભો એક એક દૃષ્ટાંતથી સમજાવો.

૨. પરસ્ત્રી ઉપર નજર નાખવાથી આપણા આત્મિક ભાવો તથા શરીરમાં શું ફેરફાર થાય છે ? આંતરશત્રુઓ કયા અને એનો વિજય કેવી રીતે, તે રૂપસેન-સુનંદાની કથાથી બોધક રીતે વર્ણવો.

૩. સત્સંગ છતાં ધર્મશ્રવણ શા માટે ? ધર્મશ્રવણ સાથે બુદ્ધિના ૮ ગુણની યોજનાનું સાર્થક્ય કડીબદ્ધ સમજાવો. આ ત્રણે ગુણોનો સંબંધ તથા તેના લાભો નીચેના કોઈપણ બે દૃષ્ટાંતથી લખો.

(૧) વકંચૂલ, (૨) જંબુસ્વામી અને પ્રભવ ચોર, (૩) રોહિણીઓ ચોર, (૪) બ્રાહ્મણની સાત શિખામણ.

૪. પાપનો ભય શા માટે જરૂરી ? ન હોય તો શું પરિણામ આવે ? પાપના સ્થાન કયા કયા ? પાપની સજામાં જીવને શું શું વેઠવું પડે તે હૉસ્પિટલ-અકસ્માતનું દશ્ય આંખ સમક્ષ રાખી શબ્દચિત્ર ખડું કરો. પાપ કરતાં પાપની પ્રશંસા વધારે ભયંકર કેમ ?

૫. નીચેનામાંથી ગમે તે પાંચ મુદ્દાસર ટૂંકમાં સમજાવો.

(૧) ત્રિવર્ગ અબાધા, (૨) ઉચિતવિવાહ, (૩) માતા-પિતાની પૂજા,

(૪) નિન્દ્યપ્રવૃત્તિત્યાગ, (૫) ધર્મશ્રવણના વિવિધ લાભો, (૬) શિષ્ટ પુરુષોના આચારો કયા ? (૭) સમ્યગ્દર્શન ગુણની પ્રાપ્તિ અને શ્રેણિક રાજા, (૮) મોક્ષમાર્ગ જાણવાથી સ્વનો આંતરિક લાભ જણાવો.

૬. શ્રાવકની દિનચર્યા તથા દેવ-દર્શન, પૂજનવિધિમાં દસ ત્રિકો સમજૂતી સાથે ક્રમસર કઈ રીતે ઉપયોગ થાય છે તે સમજાવો.

૭. વિરતિધર્મનું મહત્ત્વ સમજાવી પળમાં પાપને પેલે પાર જવા ૧૪ નિયમો સ્પષ્ટ સમજાવો. પાપ ન કરવા છતાં દંડ કેમ અને શાથી ?

જૈન તત્ત્વજ્ઞાન અને ભક્ષ્યાભક્ષ્ય

પ્રશ્ન નં. ૮ થી ૧૧માંથી ગમે તે ત્રણ અને ૧૨ અને ૧૩માંથી ગમે તે એક લખો.

૮. નવ તત્ત્વોને સરોવરની સાથે સરખાવી આકૃતિ વડે દરેકની સમજૂતી આપો. જ્ઞેય-હેય-ઉપાદેય સમજાવી ૯ તત્ત્વોમાં વર્ગીકરણ કરો. તત્ત્વજ્ઞાનના અભ્યાસી ગોવિંદાચાર્યને શું લાભ થયો ?

૯. કોઈપણ બેના ઉત્તર લખો.

(૧) જીવનું મૌલિક-વિકૃત સ્વરૂપ કર્મના વાદળ સાથે આકૃતિ દોરી સમજાવો અને કર્મથી મુક્ત થવા ઉપાય શું ? તે બુદ્ધિથી લખો. (૨) જીવના વિવિધ-ભેદો કોઠો પાડી સમજાવો. (૩) જગત કર્તા ઈશ્વર માનવામાં કયા કયા દોષો ? (૪) આત્માના ૬ સ્થાન સમજાવો.

૧૦. ગમે તે ૪ના જવાબ લખો.

(૧) જીવનની અવનતિ-ઉન્નતિ કેવી રીતે ? (૨) શુદ્ધ ધર્મ અશુદ્ધ ધર્મનો ભેદ સમજાવો. (૩) ધર્મની ત્રિવિધ પરીક્ષા કઈ કઈ ? (૪) જૈન ધર્મની શ્રેષ્ઠતા શાથી ? (૫) તત્ત્વજ્ઞાનના અભ્યાસથી તમારા જીવનમાં શી અસર થઈ ? (૬) જડ-ચેતનની સ્વતંત્રતા પુરવાર કરો.

૧૧. ગમે તે ૫ ટૂંકમાં વર્ણવો.

(૧) કાનપુરમાં કોન્ફરન્સ... જયંતિ માટે. (૨) મરીચિનો સંસાર કેવી રીતે વધ્યો ? (૩) અષ્ટાવક્ર પંડિતે રાજસભામાં આત્મભાન કઈ રીતે કરાવ્યું ? (૪) નાસ્તિક પ્રદેશી રાજા આસ્તિક કઈ રીતે બન્યો ? (૫) રીટર્ન ટુ રીલીજીઅન, (૬) આર્યરક્ષિત પંડિતે માતાને ખુશ કરવા શું કર્યું ? (૭) સુસંસ્કારના ગુણાકાર, (૮) નાગદત્ત શેઠ અને બોકડો.

૧૨. ભક્ષ્યાભક્ષ્યની વ્યાખ્યા, ગાથા સાથે તેના ૨૨ ભેદો અને દરેકની અભક્ષ્યતા પુરવાર કરો.

૧૩. ગમે તે ૪ના ઉત્તર લખો.

(૧) માંસાહાર મનુષ્ય માટે અયોગ્ય કેમ તે જંગલી પશુના ભેદથી સમજાવો.

(૨) કંદમૂળ કયા કયા ? શીખંડ સાથે કઈ વસ્તુઓ ત્યાજ્ય અને શા માટે ?

(૩) ઈંડા, અભક્ષ્ય દવાઓ, ચોકલેટ, આઈસ્ક્રીમ, પાઉં અભક્ષ્ય કેમ ?

(૪) રાત્રિ ભોજનના અનર્થો તથા ત્યાગના લાભ લખો.

(૫) અભક્ષ્ય પદાર્થો સમજ્યા પછી તમને શું અસર થઈ અને કયા કયા અભક્ષ્ય છોડવા વિચાર થયો ?

(૬) માંસાહારના નુકસાનો, ધર્મ-શાસ્ત્રોના નિષેધો અને ડૉક્ટરોના અનુભવો લખો.

• • •

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૧૬,અંક-૪૨,તા.૨૯-૬-૧૯૬૮

મહાકોશલ જૈન સંઘ તરફથી જૈન ધાર્મિક શિબિર

રાજિમ - નયાપારા (મધ્યપ્રદેશ)

અત્રે મહાકોશલ પ્રાંતીય જૈન શ્વે.મૂ.સંઘ દ્વારા તા. ૧૬ મે થી તા. ૯મી જૂન સુધી ધાર્મિક શિક્ષણ શિબિર યોજવામાં આવેલી. કૉલેજ અને હાઈસ્કૂલના ૧૬૫ વિદ્યાર્થીઓ લેવામાં આવેલા. જૈન તત્ત્વજ્ઞાન, જૈન આચાર મૂર્તિપૂજા, જૈન ઈતિહાસ વગેરે વિષયોનું શિક્ષણ અપાયેલ. શિક્ષણ આબૂ વગેરે પરની શિબિરોમાં પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ પાસે શિક્ષિત થયેલ મંદસોરવાસી શ્રી સુરેન્દ્રકુમાર લોઢા, તથા વડોદરાવાસી શ્રી જયપ્રકાશ એસ. શાહ અને શ્રી હસમુખ શાહે આપેલું. ગયા વર્ષની રાયપુર શિબિરમાં પણ આમને જ શિક્ષણ આપેલું.

શિબિરમાં રોજ સવારે સામાયિક મંગળપ્રાર્થના, જાપ, દર્શન-પૂજા વગેરે જૈન આચાર-પાલન સાથે ભાષણોમાં જૈન તત્ત્વજ્ઞાન વગેરેનું શિક્ષણ અપાતું. આજના વિદ્યાર્થીઓના પ્રશ્નોના સુંદર સમાધાન અપાતાં. રાતના રોજ જાહેરમાં જૈન ધર્મ અંગેના ભાષણ સંગીત વગેરેનો સાંસ્કૃતિક કાર્યક્રમ જોવા નગરવાસીઓ પણ ઊમટતા અને જૈન-ધર્મથી પ્રભાવિત થતા. શિબિરમાં વિદ્યાર્થીઓની રોજ ત્રણે ટંક સુંદર સાધર્મિક ભક્તિ કરવામાં આવતી.

શિબિરનાં આયોજનમાં મુખ્ય કાર્યકર બાલાઘાટ નિવાસી શ્રી કાલુરામજી

બાફનાએ બીજાઓના સહકાર સાથે યશસ્વી કારકીર્દી નોંધાવેલી. જીપમાં ગામ-નગરોમાં ફરી ફરીને એલાન કરેલા અને વિદ્યાર્થીઓની મોટી સંખ્યા એકત્રિત કરેલી; તથા શિબિર સંચાલન સફળ રીતે કરેલું.

શિક્ષણ પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવેલી. ઉચ્ચ શ્રેણીની પરીક્ષામાં ઘણાં વિદ્યાર્થી પાસ થયેલ. આનો ભવ્ય ઈનામી મેળાવડો થયો. સુંદર પ્રમાણ પત્રો વયોવૃદ્ધ ધર્મનિષ્ઠ શ્રી હણુંતમલજી પીંચાના વરદ હસ્તે અપાયાં, તથા શ્રી નેમિચંદજી વૈદ્ય, શ્રી વખ્તારમલજી શ્રીમાલ અને શ્રી જેઠમલજી પારેખ તરફથી ૩ ધાર્મિક પુસ્તક તેમજ શ્રી જમનાલાલજી દુગડ તરફથી ધાર્મિક ઉપકરણ અને બીજાઓ તરફથી રોકડ રકમ તથા કેટલીય બીજી વસ્તુ ઈનામમાં અપાઈ.

મેળાવડામાં ભાષણ કરતાં શ્રી હણુંતમલજી પોંચાએ કહ્યું, 'જૈન સંઘના વિદ્યાર્થીઓમાં પ્રતિભા હોય છે જેનો ઉપયોગ ધર્મ, સંઘ તથા દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે કરી શકાય છે, શિબિર એક એવી પ્રવૃત્તિ છે. જ્યાં વિદ્યાર્થીઓ જીવન ઉત્થાનનો માર્ગ પ્રાપ્ત કરે છે...' શ્રી સુરેન્દ્રકુમાર લોઢાજીએ કહ્યું, 'જનમાંથી જૈન અને જૈનમાંથી જિન બનવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ શિબિરના માધ્યમ દ્વારા સુંદર રીતે કરાવી શકાય છે, જ્યાં સંઘની નવી પેઢીને એક મંચ પર લાવી અનુશાસન, ધર્મનિષ્ઠતા અને પ્રતિભાવિકાસ પણ કરાવી શકાય છે. પછી ત્યાં જ ભરાયેલ જૈન યુવક પરિષદના સંમેલનમાં શ્રી દુલીચંદજી બરડિયાએ જણાવ્યું કે 'ભારતમાં નૈતિક અને ધાર્મિક શિક્ષણનું ક્ષેત્ર ઉપેક્ષિત બન્યું છે, માટે પ્રત્યેક સમાજ માટે એ શિક્ષણ જીવન વિકાસ અર્થે આવશ્યક છે. તેથી આવી ધાર્મિક શિક્ષણ શિબિર દર વર્ષે આયોજિત કરાવવી જોઈએ, જેથી જૈન સંઘની ભાવિ પેઢીમાં ધર્મ અને નીતિની રુચિ પેદા થાય, તથા આજની જટિલ સમસ્યાઓને ઉકેલી શકે.' શ્રી રાણુદાન ઓસવાલે કહ્યું 'શ્રી સંઘમાં જાગૃતિ ઊભી થઈ છે. તો શિબિરો ભરવા સાથે બાળમંદિરો દ્વારા બચ્ચાઓમાં ધાર્મિક શિક્ષણનો પ્રચાર આવશ્યક છે.

કાર્યક્રમમાં બહારથી ૧૦૦૦ ઉપર જૈન બંધુઓ આવેલા. ખાસ નિમંત્રણથી મુંબઈ-અમદાવાદવાસી શિબિર કાર્યકરો ભાઈ શ્રી કુમારપાળ વિ. શાહ તથા શ્રી પ્રવીણચંદ્ર સી. શાહે આ આયોજનને સમૃદ્ધ બનાવવામાં સારો ફાળો આપેલ.

મધ્યપ્રદેશ શિબિર-વિદ્યાર્થીઓની શિબિર બાદ અપૂર્વ જાગૃતિ

નોંધ કરનાર : કુમારપાળ વિ. શાહ - મુંબઈ.

મહાકૌશલ પ્રદેશ (મધ્યપ્રદેશ)માં મે વેકેશન દરમ્યાન ૧૮૦ વિદ્યાર્થીઓની એક શિબિર રાયપુર શહેરથી ૫૦ માઈલ દૂર નયાપારા-રાજીમ ખાતે યોજવામાં આવેલ. આ સમગ્ર આયોજનનું સંચાલન-અભ્યાસ-સંસ્કરણનું કાર્ય પરમ પૂ.પંન્યાસશ્રી ભાનુવિજયજી ગણિવરના સાંનિધ્યમાં યોજાયેલ શિક્ષાયતનમાં તૈયાર થયેલ વિદ્યાર્થીઓએ કરેલ, અને આ આયોજનનું સુંદર રીતે સમાપન કરેલ.

આ વિદ્યાર્થીઓના ઘરે ગયા પછી એમનામાં અજબ ગજબનાં પરિવર્તન આવેલ છે. એમનામાં જૈનદર્શન, તત્ત્વજ્ઞાન અને ક્રિયા માટેની સુંદર અભિરુચિ જાગ્રત્ થયેલ છે. આ વિષેની માહિતી અમોને મળી રહી છે.

બાલાઘાટ ગામે તો ૪૦ યુવાન વિદ્યાર્થીઓ ભેગા મળી પાઠશાળા ચાલુ કરાવી છે. પોતે અભ્યાસ આરંભ કર્યો છે, અને સ્વાધ્યાય વર્તુળ ચાલુ કર્યું છે. એજ પ્રમાણે મહાસમુંદ ૮૦, દુર્ગ ૬૦ અને ધમતરી ૪૦ વિદ્યાર્થીઓ શિબિરના અને નવા જોડાયેલ યુવાન અભ્યાસ કરી રહ્યા છે. એ સિવાય રાયપુર શહેર, નયાપારા, રાજનંદગાંવ, અને અન્યક્ષેત્રોમાં જૈનતત્ત્વજ્ઞાનની અભિરુચિ જાગ્રત કરવામાં શિબિરે અપૂર્વ ફાળો આપ્યો છે. ત્યાંનો સંઘ આ વિદ્યાર્થીઓનો ધર્મસન્મુખ કરવા અત્યંત ઉત્સાહિત છે અને એ પાછળ કરવો પડતો ધનખર્ચ કરવામાં જરાપણ ખામી રાખતો નથી.

જેમ યુવાનો જૈનતત્ત્વજ્ઞાનથી અજ્ઞાત છે, તેવું જ આ પ્રદેશની યુવાન બહેનો માટે છે. એમનામાં પણ આ જિજ્ઞાસા જાગ્રત થઈ છે. સંઘનો વિચાર છે કે બહેનો માટે દિવાળી વેકેશનમાં સાધ્વીજી મહારાજના સાંન્નિધ્યમાં શિબિર જેવું આયોજન કરવું.

ગત શિબિરમાં ભાગ લઈ ચૂકેલા આશાસ્પદ ઉત્સાહી અને તેજસ્વી ૧૫ યુવાન વિદ્યાર્થીઓને સમ્યગ્જ્ઞાનનું પ્રશિક્ષણ આપવા માટેનું એક આયોજન દિવાળીની રજાઓમાં કરવાનું વિચારી રહ્યા છે જે પ્રશિક્ષણ વડે તૈયાર થયેલ વિદ્યાર્થી પોતાના સ્થાનિક ગામમાં બીજા નાના મોટા બાળકોમાં એ જ્ઞાનનો દીપક પ્રજ્વલિત કરી શકે.

શિબિર વિદ્યાર્થીની પરદેશમાં ઉલસતી ધર્મભાવના...

(અત્રેથી M.Sc. ફર્સ્ટક્લાસમાં પાસ કરી પ્રોફેસર બની હાલ અમેરિકા M.Sc. થવા ગયેલા શિબિર વિદ્યાર્થી ભાઈશ્રી પ્રવીણ સી. શાહનો અમેરિકાથી આવેલ પત્ર શિબિરસંસ્કાર શું કામ કરે છે તે જાણવા અહીં રજૂ કરવામાં આવે છે.) – તંત્રી

૮૫૧ કેમીનો પોસ્કોદર કેલીફોર્નિયા

પરમ ઉપકારી વાત્સલ્ય નિધિ પૂજ્ય પં. શ્રી ભાનુવિજયજી ગુરુદેવના ચરણકમળમાં મારી ભાવપૂર્વકની કોટિ કોટિ વંદના.

આજે પત્ર લખું, કાલે લખું, એમ કરતાં કરતાં આજે ત્રણ મહિના વીતી ગયા. અમેરિકાથી સૌથી પ્રથમ પત્ર મેં આપશ્રીને લખેલો અને ઈન્ડિયાથી સૌથી પ્રથમ પત્ર આપશ્રી તરફથી મને મળ્યો. એ વાંચીને એટલો ભાવાવેશ બની ગયેલો કે એક લાંબો પ્રત્યુત્તર મેં લખી રાખેલો, તુરત જ આજે પણ મારી પાસે પડ્યો છે. પણ ફરીથી જ્યારે વાંચીને પોસ્ટ કરવાનો વિચાર આવ્યો, ત્યારે એ બરાબર ન લાગ્યો. તેથી ફરી લખીને આપને મોકલવાનો વિચાર કરી રાખ્યો. બસ, એ આજની ઘડી ને કાલનો દિવસ, તે આજે ત્રણ મહિના સુધી વારંવાર વિચારો આવવા છતાં આપને પત્ર ન લખી શક્યો. આના ઉપરથી સ્વાભાવિક છે કે ત્યાં અમારા માટે એવી જ ઈમ્પ્રેશન (અસર) ઊભી થાય કે અમેરિકા ગયેલા બધાય, ધર્મી કે વિધર્મી,-પલટાઈ જાય છે. આપના ઉપર મારા માટે એવી છાપ પડી હોય તો તેનો બચાવ હું કરી શકું નહિ.

હકીકતમાં એ છાપ ખોટી હોવા છતાં એક જ વાક્યમાં લખું છું, આપશ્રી માનો યા ન માનો, પણ હું પલટાયો નથી, પણ વધુ સુધર્યો છું. જિંદગીમાં ત્યાં રહીને જે ધર્મની આરાધના કરી શક્યો, તેનાથી વિશેષ અહીં રોજ કરું છું. **રોજ બે ટાઈમ પ્રતિક્રમણ, ઋષિમંડળ સ્તોત્રનું સ્મરણ, નવસ્મરણ, જાપ, રોજ સાઢપોરિસી, વાસક્ષેપથી પૂજા અને ત્યાંના (ભારતના) દેરાસરોની ૧૦ થી ૧૨ મિનિટ ભાવપૂર્વકની વંદના...**વગેરે ચાલુ છે. જ્ઞાનપંચમી, ચૌમાસી, મૌન અગીયારસ વગેરે મોટા પર્વોની આરાધના પણ ઉપવાસ સહિત વિશેષ પ્રકારે થયેલી.

આ બધું કદાચ સામાન્ય ગણીએ પણ જિનશાસન અને જિનપ્રતિમા તથા અનુષ્ઠાન-આરાધના જ તારણહાર છે,'-એ મારા દિલમાં જે વસી ગયું છે અને મારો ધર્મ પ્રત્યે જે અનુરાગ દૃઢ બન્યો છે, તેનું વર્ણન કરું તો પણ આપ માની શકશો નહિ. બાળપણથી કુટુંબમાંથી, પાઠશાળામાંથી, અનુષ્ઠાન-આરાધનાના સંસ્કાર

પામેલો, શિબિર અને પાઠશાળાના શિક્ષક તરીકેના ૬ વર્ષના જીવનમાંથી પસાર થઈને જેણે કર્મફિલોસોફિનો 'કમ્મપયડી' શાસ્ત્ર સુધીનો અભ્યાસ કર્યો અને માથે ચન્દ્ર અને ભાનુને ગુરુ તરીકે રાખ્યા, એ ધર્મી જીવડાને દેવગતિના સુખ જેવી અમેરિકાની દુનિયા માણવા મળે છતાં દેવ-ગુરુ-ધર્મની સામગ્રી વિનાનું જીવન કેટલું નીરસ લાગે છે, અને ભયભીત લાગે છે, તેનું વર્ણન હું શું કરું ?

અમેરિકા આવ્યા પછી વધુ અભ્યાસ અને વધુ કમાણીના મનોરથો ભલે હોય, શક્યતાઓ પણ કદાચ હોય, પુણ્ય કામ કરે તો સફળતા પણ મળે, છતાં એ બધાને યોગે જો મારી અહીં આરાધના લૂંટાઈ ગઈ હોત તો ગુરુદેવ ! આ પ્રવીણ ખરેખરે શાંતિથી અહીં રહી શક્યો ન હોત ! રોજે રોજે આંસુ પાડીને ખૂબ પસ્તાયો હોત ! પણ એક માત્ર આપ સૌના પ્રત્યક્ષ સાંનિધ્ય સિવાય બધી જ મારી આરાધના અકબંધ રહી છે. એટલું જ નહિ ત્યાંના ૨૫ વર્ષમાં જે ભાવ-દ્રવ્ય-આરાધના નહોતી થતી, તે તે રોજ રોજ અહીં થાય છે. તેથી પૂરો સંતોષ છે. કેટલીક વાર તો એવો દ્રવિત થઈ જાઉં છું કે પ્રભુના ફોટાને છાતી-સરસો ચાંપી આંખોમાંથી આંસુ પાડી દિલ બોલી ઊઠે છે કે, 'હે પ્રભુ ! તું ના મળ્યો હોત, મારા માટે અહીં જીવવું અશક્ય બન્યું હોત ! બધાયને છોડીને આવેલો હું તારો જ મારે એક આધાર છે.

ગુરુદેવ ! મને કલ્પના થાય છે કે આ વેરાન ઉજ્જડ સંસારમાં એકલા આત્માને આશ્વાસનરૂપ શરણરૂપ જો કોઈ હોય તો દેવ-ગુરુ ધર્મનું પ્રકૃષ્ટ આલંબન જ. હું એ પણ હવે વિચારી શકું છું કે આ ભવ પછી કદાચ દેવગતિનાં ઉચ્ચસુખ મળે તો પણ ડગલે ને પગલે સંસારના જે સુખો આત્માને હોનારત કરે છે, આત્માને પાયમાલીના માર્ગે દોરી જાય છે, તેનાં જબરા આકર્ષણથી બચાવનાર, આત્માને સલામત રાખનાર, અને સાચો સંયમમાર્ગ, સુખનો માર્ગ બતાવનાર એકમાત્ર જિનશાસન છે. તેના વિના સમકિતી જીવ પેલા સુખોને પણ લૂખા માને અને એમાંય મૂંઝવણ-કંટાળો-ભય અનુભવે.

નિરાધાર-અનાથ-ત્રિવિધ તાપથી દાઝેલા અને સુખ-દુઃખના ચક્રોમાં રખડનારા આત્માને શાંતિ અને નિરાંતનું સ્થાન આ પ્રભુના ખોળામાં લાગે છે, જો સાચા દિલથી એને વહાલા ગણ્યા હોય તો ! વારેવારે એમ થાય છે કે જલદી જલદી અહીંનું કામ આટોપી, કુટંબની ફરજ પૂરી કરી આપનાં શરણે આવી જવું. ઘણીવાર એમ થાય છે કે ત્યાંનું શાંતિભર્યું સરળ જીવન ગુમાવી આ હાડમારીમાં હું ક્યાં ફસાયો ? અહીંના અભ્યાસ પાછળ કાળી મજૂરી કરવી પડે છે, સળંગ રાતના ત્રણ-ચાર વાગ્યા સુધી વાંચવું પડે છે. જેનું પરિણામ પ્રાયે અનિશ્ચિત અને અચોક્કસ હોય છે.

એટલું સારું છે કે ખાવા-પીવાનું દુઃખ નથી. બધું ધર્મનું સચવાય છે, અને તંદુરસ્તીને હાનિ નથી પહોંચતી છતાં M.Sc. ત્યાં થયા પછી મને કૉલેજની જે સર્વિસ મળેલી (બપોરના ૧૨ થી ૪ અને રૂા. ૪૫૦ પગાર) એ જીવનમાં છેલ્લા ૧૨ મહિના મેં ખૂબ શાંતિ અનુભવેલી. ૧૨ થી ૪ સિવાયનો સવારનો સમય લગભગ જિનપૂજા, સામાયિક અને વ્યાખ્યાનશ્રવણ. સાંજે પણ વાંચન, અને કમ્મપયડીનો પંડિતજી પાસે અભ્યાસ; કોઈ ચિંતા કે દુઃખ ન હતું. એ સુંદર શાંતિભર્યું જીવન છોડી, ફરી M.Sc. થવા અને અચોક્કસ, અનિશ્ચિત ભવિષ્ય માટે જીવન સંગ્રામ ખેલવા હું અહીં આવ્યો છું. બધી શક્તિઓ એકત્રિત કરીને !

કો'ક એમ સલાહ આપશે કે 'ગભરાયા વિના નિરાશ થયા વિના, સાહસ કરીને પણ લીધેલી માયા પૂરી કરી લેવી. પરદેશમાં રહેનારાને અભ્યાસ વગેરેની બાબતમાં ખૂબ જ જવાબદારી, ગંભીરતા, અને મહેનત ધીરજ દાખવવી જરૂરી છે. પાછલાં શાંત જીવનને યાદ કરીને વર્તમાન જીવનની જવાબદારીઓથી ગભરાવાથી કોઈ હિત સરવાનું નથી. 'માથે લીધું છે તેને પાર પાડવાનું.' આવું આશ્વાસન મળવા છતાં મનને નિરાંત નથી ગુરુદેવ ! કારણ કે જે કુટુંબીજનો, વિશાળ મિત્ર સમુદાય, આપ સૌના સાંનિધ્યમાં મને લાગણી ભર્યું પ્રેમાળ જીવન બક્ષ્યું હતું, તે આપ સૌના વિરહમાં આ વિશાળ પૃથ્વી પર એકલો હું જીવતો હોઉં એવું વેરાન જીવન મને લાગે છે. માનવીને બધા સુખ આપી દેવામાં આવે, પણ એના સુખમાં ભાગ પડાવનાર એક લાગણીશીલ પાત્ર ન હોય તો એને જરાય ચેન ન પડે પાઠશાળા, શિબિર વગેરે સામૂહિક જીવનમાં સ્નેહ, મિત્રતા ને સદ્‌ભાવના વાતાવરણમાં જ સતત રહેલા ને સહરાના રણમાં આવેલા મહેલમાં પૂરી દેવામાં આવે, તેનો એક દિવસ પણ કેમે કરીને જાય ? આ ઉપરથી મારી સાયકોલોજી આપ સમજી શકશો કે અહીં એકમાત્ર જિનપ્રતિમા સાથે દિલ પ્રેમ કરવા બેસી જાય, મુક્ત મને ભક્તિ કરે એને જ સાચો સ્નેહી બનાવે, તો જ જીવનમાં થોડું ચૈતન્ય જાગે.

એક વાત જરૂર નોંધી શકું અમેરિકન લોકોનું ઔચિત્ય, ઔદાર્ય અને આપણને બધી બાબતમાં પ્રેમ-લાગણીભર્યું માર્ગદર્શન આપવાની તત્પરતા પ્રશંસવા જેવી છે. મારા પ્રોફેસરો પાસે હું જ્યારે પણ ગયો છું ત્યારે તેમના તરફથી મને બધી મદદ મળી છે, જેથી આપણો ઉત્સાહ વધે છે. પરીક્ષામાં વિદ્યાર્થીઓની પ્રામાણિકતા અથવા તેમના દરેકના જીવનમાં વણાયેલી નિયમિતતા પ્રામાણિકતા, સહકાર અને ઔદાર્યની ભાવના, ખરેખર આપણી જાતને સુધારવા પ્રેરે છે. પરીક્ષા હોલમાં પેપર વહેંચ્યા પછી કોઈ સુપરવાઈઝર ન મળે એટલું જ નહિ, વિદ્યાર્થી પાસે

પુસ્તકો કે નોટબુકો હોય, તો તેની સામે વાંધો પણ ન લેવાય. છતાં કોઈના વિચારમાં-સ્વભાવમાં ચોરી કરવાનો વિચાર સુદ્ધાં જોવા ન મળે. માર્ગાનુસારીના ઘણા ગુણો અહીં નજરે પ્રત્યક્ષ દેખાય છે. ચીજ-વસ્તુ જોઈએ તો પૈસા મૂકીને જાતે લઈ લેવાની. છતાં ક્યાંયે છેતરામણ જોવા ન મળે. ભેળસેળ જોવા ન મળે. આમ, આ લોકોના માયાળુ સ્વભાવ કદીક કદીક સાંત્વના આપે છે. પત્ર બહુ લંબાય છે. ન કહેવા-લખવા જેવી વાતો પણ લખાઈ ગઈ હશે. ગમે તેમ પણ આપશ્રી પ્રત્યે મને અખૂટ લાગણી છે, પૂજ્યભાવ છે. આપના દરેક પત્રો ત્યાં અને અહીં મને ખૂબ જ પ્રેરણા આપે છે. છેલ્લું વાક્ય લખી નાખું છું કે વહેલો મોડો આ પ્રવીણ તમારે શરણે છે, અને આપે જ એને બચાવવાનો છે એજ, આપનો.

- બાળક પ્રવીણ શાહ

"દિવ્ય-દર્શન" - "શિબિર" **વર્ષ-૧૭,અંક-૨૮,તા.૨૨-૩-૧૯૬૯**

જૈન યુવાનોને વેકેશનમાં તત્ત્વજ્ઞાનની કમાણીનો અવસર...
તા. ૨૫-૪-૬૯ થી ૧૫-૪-૬૯ સુધી.

શ્રી પિંડવાડા જૈન ધાર્મિક શિક્ષાયતન સમિતિ

પત્રવ્યવહાર : કુમારપાળ વિ. શાહ, ૬૮, ગુલાલવાડી, ત્રીજે માળે, મુંબઈ-૪

માનવ જીવનમાં ધાર્મિક શિક્ષણનું ઘણું મહત્ત્વ છે. આપણી ઉન્નતિની આધાર શિલા સમ્યક્ શિક્ષણ છે. આજે ચોતરફ શિક્ષણ માટે સંસ્થાઓ અને સાધન સામગ્રી તથા ખર્ચમાત્રા વધી રહ્યા છે, પરંતુ વ્યક્તિ સમાજ્યા રાષ્ટ્રનું વ્યક્તિગત અને સમષ્ટિગત નૈતિક અને આધ્યાત્મિક પતન થઈ રહ્યું છે. એનું કોઈ મુખ્ય કારણ હોય તો સમ્યગ્ જ્ઞાનનો અભાવ છે. ભૌતિકવાદની ઇંદ્રજાળમાં ફસાતા યુવાન વર્ગને ઉગારી લેવા માટે અને એમનામાં આત્મા-પરમાત્મા અને ધર્મની શ્રદ્ધા, આચાર ઘડતર, ચારિત્ર ઘડતર તથા બૌદ્ધિક, નૈતિક અને આધ્યાત્મિક ઉત્થાન જરૂરી છે. એ માટે છેલ્લાં સાત વર્ષથી સિદ્ધાંત મહોદધિ સ્વ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પ્રભાવક પ્રવચનકાર પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવરના સાંનિધ્યમાં મે વેકેશનમાં ધાર્મિક શિક્ષાયતનો યોજાતા રહ્યા છે. જેથી ગામો ગામના મેટ્રિક કોલેજના વિદ્યાર્થીઓમાં સુંદર પરિણામો જણાયાં છે. વિદ્યાર્થીઓ માતાપિતાના ભક્ત દેવગુરુના સેવક તથા ધર્મના આરાધક બન્યા છે.

આ વર્ષે પણ તા. ૨૫-૪-૬૯ થી તા. ૧૫-૫-૬૯ સુધી એવા પ્રકારનું ધાર્મિક શિક્ષાયતન રાજસ્થાનના પિંડવાડા નગરે (સ્ટે. સિરોહીરોડ) યોજવાનું નક્કી કર્યું છે. આ શિક્ષાયતનમાં જૈન મેટ્રિક કોલેજના યુવાનોને શ્રદ્ધા યુક્ત ચારિત્ર્ય ઘડતર, આચાર ઘડતર સાથે જૈન તત્ત્વજ્ઞાનના વિષયોનું શિક્ષણ સંગીતમય સમૂહ પ્રાચીન ગીતગાન પૂર્વક રોચક કથા-દૃષ્ટાન્ત-તર્ક દ્વારા મનોવૈજ્ઞાનિક પદ્ધતિએ આપવામાં આવશે. આ શિક્ષાયતન યુવાનોના હૃદય અને મસ્તિષ્કમાં વિશ્વહિતકર અને અનંત કલ્યાણ પ્રદ, જૈન સંસ્કૃતિનું ભાન કરાવનાર સફળ પ્રયોગરૂપ છે. જૈનકુળમાં જનમવું, જાણવું અને એ રીતે જીવવું એ કેટલું મોટું સદ્‌ભાગ્ય છે તેનું ભાન આજના યુવાનોને કરાવવાનો હેતુ આ શિક્ષાયતનનો છે.

જૈન સંઘ ધર્મક્ષેત્રોની ભક્તિ કરવામાં હંમેશાં આગળ છે. બાળકો અને યુવાનોને સુસંસ્કારી અને ધર્મશ્રદ્ધા સંપન્ન બનાવવાનું આ કાર્ય ઉત્તમ પ્રકારની શ્રાવક સંઘની ભક્તિ કરવા રૂપે એક મહાન સાધર્મિક વાત્સલ્ય છે. સંઘનો ભાવિક વર્ગ આ પવિત્ર કાર્યની સફળતામાં સંપૂર્ણ સહયોગ આપવા તત્પર રહે છે.

શિક્ષાયતનમાં ભાગ લેવા ઇચ્છતા યુવાનોએ ઉપરોક્ત સ્થાનેથી પ્રવેશ ફોર્મ મંગાવી ભરીને સત્વરે ડીપોઝીટના રૂા. ૫/- સાથે મોકલી આપવું. રહેવા-જમવા આદિની સંપૂર્ણ વ્યવસ્થા સમિતિ તરફથી સાધર્મિક ભક્તિરૂપે કરાશે. વિદ્યાર્થીઓને માથે પ્રવાસ ખર્ચ રહેશે. સવિશેષ માહિતી માટે પત્ર વ્યવહાર કરવો.

લિ.શ્રી પિંડવાડા જૈન ધાર્મિક શિક્ષાયતન સમિતિ.

ગ્રીષ્મ કાલીન જૈન ધા. શિ. પિંડવાડાનો અનુમોદનીય અહેવાલ

સેંકડો મેટ્રિક કૉલેજના વિદ્યાર્થીઓએ અજોડ ધર્મ આરાધના સાથે કરેલી તત્ત્વજ્ઞાનની કમાણી.

"સમગ્ર આર્યસંસ્કૃતિ ઉપર ભોગવિલાસ પ્રધાન પાશ્ચાત્ય સંસ્કૃતિએ પોતાનો પ્રભાવ ફેલાવ્યો છે. તેમાંય આર્યસંસ્કૃતિના પ્રાણ સમી જૈન સંસ્કૃતિને તો પશ્ચિમની વિકૃતિએ ભારે અસર કરી છે. આજે આપણા સંઘના મોટા ભાગના બાળકો સ્કૂલ-કૉલેજનું શિક્ષણ લઈને ધર્મથી વિમુખ થતા ગયા જોવાય છે. કેટલાય મા-બાપોને પણ પોતાના બાળકોને ધર્મનું જ્ઞાન આપવાની લેશ પણ તમન્ના દેખાતી નથી. ભૌતિકવાદના પ્રચંડ આવેગનું આ પરિણામ ટાળવું હોય તો આપણે નવી પ્રજાના જીવનમાં ધર્મનું આચાર-સંસ્કરણ અને તત્ત્વજ્ઞાન રેડવું જ પડશે. આવું કાર્ય કાર્યદક્ષ સંચાલકો તરફથી આધ્યાત્મિક ધાર્મિક શિક્ષણ શિબિરના આયોજન દ્વારા ચાલી રહ્યું

છે તે અનુમોદનીય છે.

સ્વ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ,

ઉપરોક્ત હેતુઓને લક્ષ્યમાં રાખી પ્રતિવર્ષ ઉનાળાની રજાઓમાં આચાર ઘડતર અને શિક્ષણ સંસ્કરણ અર્થે શિક્ષાયતન યોજવામાં આવે છે. ચાલુ વર્ષે પરમ ઉપકારી અને સેંકડો કૉલેજિયન યુવાનોનાં આધ્યાત્મિક ઘડતર કરનાર પ્રભાવક પ્રવચનકાર પૂ. પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવરને પિંડવાડા નગરે નવ મુમુક્ષુઓના ભાગવતી દીક્ષા-અંગીકાર પ્રસંગે પધારવાનું થતાં પિંડવાડાના સંઘે શિક્ષાયતનનું આયોજન પણ ત્યાં જ થાય તેવી વિનંતી કરી. આ શિક્ષાયતન પોતે જ કુલ ખર્ચ કરી પોતાના વતન દાદાઈ-વરકાણા ગામે કરાવવાની હાર્દિક ભાવના મુંબઈની ખેતાજી ધનાજીની કું. વાળાં શ્રી ચુનીલાલજી અને શ્રી કેશરીમલજીની હતી. પણ પિંડવાડાસંઘના વધતા પુણ્યે શિક્ષાયતન પિંડવાડામાં જ યોજવાનું નક્કી થયું. શિક્ષાયતનના ગોઠવણ આદિ કાર્ય માટે શ્રી પિંડવાડા જૈન સંઘ શિક્ષાયતન સમિતિની સ્થાપના કરી સ્થાનિક સંઘના ભાઈઓ શ્રી લાલચંદજી છગનલાલ, શ્રી સમરથમલ રાયચંદજી, શ્રી ભાઈચંદજી નથ્થુજી આદિએ પ્રારંભથી અંત સુધી તનતોડ પ્રયત્નો કર્યા.

તારીખ ૨૫-૪-૬૯ ના રોજ ભગવાન અરિહંત દેવના અચિંત્ય મંગલમય પ્રભાવે પિંડવાડા મુકામે ૨૧ દિવસના શિક્ષાયતનનો આરંભ સંઘની વિશાળ હાજરી વચ્ચે પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય જંબુસૂરીશ્વરજીની નિશ્રામાં એઓશ્રીના મંગલાચરણથી થયો. મુંબઈથી પધારેલા ભૂતપૂર્વ શિક્ષાયતનોના સંચાલક શ્રી કેશવલાલ મોહનલાલ શાહે આજના બાળકોને આ રીતે ઘડવા અંગે સુંદર નિવેદન કરેલ. એ પછી ગત બે શિક્ષાયતનોથી સંચાલન કરનાર વિદ્યાર્થીઓના મુખ્ય કાર્યકર શ્રી કુમારપાળ વિ. શાહે શિક્ષાયતનની કાર્યવાહી અને સમગ્ર દેશમાંથી આવેલા પત્ર સંદેશાઓનું વાંચન કરેલું. મુખ્ય સંદેશાઓમાં આ. શ્રી વિજય સમુદ્રસૂરિજી મ. રાષ્ટ્રપતિ વી.વી. ગીરી, રાજસ્થાનના ગર્વનર, રાજસ્થાન-ધારાસભાના સ્પીકર શ્રી નિરંજનનાથ આચાર્ય, જયપુરના મહારાણી શ્રી ગાયત્રીદેવી, સર્વોદય-સંસ્થાના નેતા શ્રી જયપ્રકાશ નારાયણ, જનસંઘના નેતા શ્રી અટલબિહારી બાજપેઈ, મુંબઈના મેયર શ્રી જયરામ જોષી અને જૈન સંઘના અનેક આગેવાનોના આશીર્વાદ સાથે શુભેચ્છા પ્રાપ્ત થયેલ.

એ પછી સ્થાનિક સંઘમાંથી શ્રીસમરથમલજી રાયચંદજી, શ્રી લાલચંદજી, છગનલાલ, શ્રી સાગરમલજી રાયચંદજી, શ્રી પુખરાજજી રીખવદાસજી મહેતા વગેરેએ વિદ્યાર્થીઓને આવકારતાં મનનીય વક્તવ્યો કર્યાં. આચાર્યદેવશ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજે સમ્યગ્ જ્ઞાન અને ક્રિયાનું મહત્ત્વ સમજાવ્યું. અંતે પૂ. પંન્યાસજી મહારાજે

પ્રારંભિક પ્રવચન આપેલ.

આમ, ૨૧ દિવસના શિક્ષાયતનનો પ્રારંભ થયો. ૨૦૦ વિદ્યાર્થીઓ રાજસ્થાન, ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મહારાષ્ટ્ર, આંધ્ર વગેરે પ્રાંતોએથી આવેલ. ચાલુ વર્ષે તત્ત્વજ્ઞાનની વાચનાના વિષયો હતા.

(૧) સૂત્ર-અર્થ-રહસ્ય. (૨) જૈન તત્ત્વજ્ઞાન. (૩) જૈન આચાર.

(૪) ધ્યાન અને જીવન. (૫) મોક્ષમાર્ગ (માર્ગાનુસારીનાં ૩૫ ગુણો સાથે)

પ્રવચનોમાં દિવસના કલાકોના કલાકોનો સખત પરિશ્રમ વેઠીને મનોવૈજ્ઞાનિક શૈલીમાં પૂ. પંન્યાસ શ્રી ભાનુવિજયજી મહારાજ વિદ્યાર્થીઓને તલસ્પર્શી તત્ત્વજ્ઞાનથી રસ-તરબોળ કરી મૂકતા. મોટાભાગના વિદ્યાર્થીઓ સામાયિકમાં જ પ્રવચન સાંભળતા અને એની નોંધ લેતા, સેંકડો પદાર્થોની સુંદર સમીક્ષા, પ્રશ્નોત્તરી સમાધાન થતાં, વિદ્યાર્થી મુદ્દા લખતો જાય, વિચારતો જાય, સાંભળતો જાય, એનાથી ભાવિત થતો જાય, વચ્ચે વચ્ચે અનેક પાપો, અપકૃત્યોની અવિરતિ અને પ્રવૃત્તિથી દૂર થવા માટે હૃદયપૂર્વક સત્યતા સમજાતાં પ્રતિજ્ઞા લેવા તૈયાર થતા. ત્યારે શ્રવણ સાથે ધારણા અને વિચારણાની ખાતરી થતા વ્યાખ્યાન દરમિયાન અનેક પ્રતિજ્ઞાઓ લેવાતી.

(૧) માતાપિતાને સવારે ઊઠી પ્રણામ કરવા.
(૨) માતાપિતાની રોજ કાંઈ પણ સેવા કરવી.
(૩) આજીવન નાટક સિનેમાનો ત્યાગ.
(૪) પાંચ વર્ષ નાટક સિનેમાનો ત્યાગ. વર્ષમાં અમુકથી વધારે ન જોવાં.
(૫) ૯ લાખ નવકાર મંત્ર અમુક વર્ષમાં પૂરા કરવા.
(૬) મહિનામાં અમુક દિવસ સામાયિક પ્રતિક્રમણ કરવા.
(૭) તિથિએ લીલોતરી, ફળફળાદિ, વિગઈ ત્યાગ.
(૮) રાત્રિભોજન આજીવન ત્યાગ. (૯) મહિનામાં અમુક દિવસ જિનવાણીનું શ્રવણ કરવું.
(૧૦) સાત વ્યસનોનો ત્યાગ. (૧૧) ૧૪ નિયમ ધારવા.
(૧૨) હિંસાજન્ય બુટ-ચંપલ વિદ્યાર્થીએ ન પહેરવા.
(૧૩) ભગવાનની ગદ્ય સ્તુતિ બોલીને કરવી.
(૧૪) તિથિએ એકાસણા, બેસણાં, આયંબીલ કરવા.
(૧૫) દેરાસર પૂજા કરવા જતાં પોતાની કંઈક વસ્તુ લઈ જવી.
(૧૬) ઘરે ગયા પછી શિક્ષાયતનની નોટ અમુક દિવસે વાંચવી. વગેરે.

વિદ્યાર્થીઓ શિક્ષાયતન દરમ્યાન તપશ્ચર્યા પણ સુંદર કરતા રહ્યા. ઉપવાસ, આયંબીલ, એકાસણા, બેસણાં વગેરે ચાલુ જ હતા. અભિગ્રહ પારણાં પણ થયા. વર્ધમાન તપ આયંબીલની ઓળી પણ થઈ. અનેક વિદ્યાર્થીઓને એકાસણા કરવાનો અભ્યાસ કે ટેવ ન હતી. પણ પૂજ્યશ્રીનાં પ્રવચનો અને વાતાવરણે ગજબ અસર કરેલી. શ્રી અરિહંત પ્રભુનો પ્રભુત્વ અને ઉપકાર વારંવાર સાંભળવા મળતો, તેથી વિદ્યાર્થીઓ પ્રભુભક્તિ સ્નાત્ર વગેરેમાં રસમગ્ન થતા.

આજની કૉલેજ સુધીની ઝેરી કેળવણી પામેલા વિદ્યાર્થીઓમાં જૈનતત્ત્વો અને સમ્યક્‌જ્ઞાન સાથે ક્રિયા, તપ, વ્રત, નિયમ અને ભવ્ય ગુણ સંસ્કરણના આ રચનાત્મક કાર્યની કાર્યવાહી આગળ વધતી જ રહી.

પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવરને ચાતુર્માસ માટે કઠીણ લાંબો વિહાર કરીને જયપુર જવાનું હોવાથી શિક્ષાયતન તા. ૧૫મી મે સુધી ફક્ત ૨૧ દિવસનું રખાયું. એમાંય ગહન તત્ત્વના વિષયના વાચના અપાતી. એ વિષયોની લેખિત પરીક્ષા તા. ૨-૫-૬૯ અને ૧૦-૫-૬૯ નાં રોજ લેવાઈ, સમાજને લાગશે કે ૨૧ દિવસના અલ્પકાળમાં વિદ્યાર્થીઓ શું શીખી જતા હશે ? આવી શંકા કરનારને આ બે ટેસ્ટના પરીક્ષા-પત્રો જોતાં સંશય શમી જશે. પરીક્ષાના પ્રશ્નપત્રો હવે પછી આપવામાં આવશે.

૩-૪ દિવસ વહેલી સવારે જૈન ધર્મની મમતા પોકારતી વિદ્યાર્થીઓની સમૂહ પ્રભુતા ફેરી યોજવામાં આવેલી. પિંડવાડાના મુખ્ય રાજમાર્ગો યુવાનોના સૂત્રોચ્ચાર અને ધર્મગીતોથી ગૂંજી ઊઠતા... (૧) 'सब धर्मो में यह काला है आला (અધલ) है જૈન ધર્મ નિરાલા હૈં... (૨) ઝંડા ઊંચા રહે હમારા જૈનધર્મ કા બુલંદ સિતારા હૈ' (૩) 'જાન જાયે તો જાયે મેરા જૈન ધર્મ ન જાયે...'

પૂ. સ્વ. આચાર્ય દેવ શ્રીમદ્‌ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે પિંડવાડા ખાતે અષ્ટાહ્નિક મહોત્સવ ઊજવાઈ રહ્યો હતો. પૂજા, ભાવના સાથે વરઘોડો ઠાઠમાઠથી નીકળેલ. વરઘોડામાં શિક્ષાયતનના યુવાન વિદ્યાર્થીઓએ અદ્‌ભુત રંગત જમાવી, રમણીય દૃશ્યો ખડાં કર્યાં હતાં. સર્વત્ર "વિજય પ્રેમ અમર રહો"નો નાદ ગુંજાવી દીધો હતો. 'નહિ મળે નહિ મળે ગુરુ આવો જગતમાં નહિ મળે રે...'થી વાતાવરણ ગજવી નાખ્યું હતું. ગુરુ-તિથિ વૈ.વ. ૧૧ વિદ્યાર્થીઓએ તપસ્યા સારા પ્રમાણમાં કરેલી.

આ સિવાય રાત્રિના કાર્યક્રમોમાં ભક્તિગીતો બહારથી આવેલ ભાઈઓ શ્રી કેશવલાલ મોહનલાલ, અમદાવાદના શ્રી ચીનુભાઈ સાંકળચંદ, શ્રી કાંતીલાલ ઉજમલાલ (મુંબઈ)ના મનનીય વક્તવ્યો થતા, એ સિવાય શ્રી કુમારપાળ વિ.

શાહ દિવસ દરમ્યાન ચાલી ગયેલ વિષયોનું પુનરાવર્તન કરાવતા અને અન્ય રસપ્રદ સૈદ્ધાંતિક હકીકતો રજૂ કરતાં, પ્રો. મઝમુદાર પણ વિદ્યાર્થીઓને પુનરાવર્તન કરાવતા. પાલનપુર પાઠશાળાનાં શિક્ષક શ્રી દલપતભાઈ સી. શાહ અને ડભોઈના શ્રી અમૃતલાલ ચંદુલાલ અને શ્રી કેસરીચંદ સુંદરલાલ શાહે સંગીત સેવાઓ આપેલી.

શ્રી કુમારપાળ વિ. શાહે સંચાલનમાં પોતાની સાથે સહકાર માટે શિક્ષાયતનમાં ભાગ લઈ રહેલાં,

(૧) શ્રી મયંક શાંતીલાલ વડોદરા (૨) શ્રી મહેશ નંદલાલ વડોદરા,

(૩) શ્રી કીર્તિકુમાર જંબુભાઈ ખંભાત, (૪) શ્રી હસમુખ મોહનલાલ વૈદ્ય ખંભાત. (૫) શ્રી કિરીટભાઈ જે. ધ્રુવ વડોદરા.

ને સાથે રાખી સુંદર સફળ સંચાલન કરેલ. શિક્ષાયતનમાંથી જ તૈયાર થતા વિદ્યાર્થીઓ આટલી મોટી જવાબદારી ભર્યું કાર્ય કુનેહપૂર્વક સફળ કરી શક્યા, એ શિક્ષાયતન દ્વારા થયેલાં વ્યવસ્થિત ઘડતરનું પ્રમાણ હતું.

શિક્ષાયતનનો જ્ઞાન-દર્શન ચારિત્રની આરાધનાનો દૈનિક ભરપૂર કાર્યક્રમ એવો ગોઠવાયેલો હતો કે દિવસ ક્યાં ઊગતો અને આથમતો તેની કંઈ ખબર જ ન પડતી. રોજનું કામ એટલું કે દિવસ પણ ટૂંકો પડી જતો. પણ આ કાર્યક્રમોમાં મર્યાદા હોય છે. 'પૂર્ણાહુતિ'ના દિવસો નજીક આવતાં હવે આવતા વર્ષે શિક્ષાયતન ક્યાં ?...ના પ્રશ્નો ચાલુ થયા. આ શિક્ષાયતનની સફળતાને દર્શાવનાર છે.

શિક્ષાયતન સમાપન દિવસ તા. ૧૫-૫-૬૯ નાં રોજ હતો. એ દિવસ ચૌદશ હતી. અરિહંતની અનંત તાકાત અનંત કરુણાની વાત નીકળતાં એ દિવસે અરિહંતનો અખંડ જાપ...ખીરના એકાસણા સાથે કરાયો. તા. ૧૫મી મે ની પ્રભાત ફેરી, પૂર્ણાહુતિ કાર્યક્રમ, ખીરના એકાસણા અને અરિહંતની એકધારા ધૂન...પિંડવાડાનું વાતાવરણ શબ્દોથી અને સુવાસથી ઊભરાઈ રહ્યું. ઉપાશ્રયનો વિશાળ હોલ પણ ગામ-બહારગામના ભાઈઓથી ભરાઈ ગયો. પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થનાર, વ્રત, નિયમ, સદ્વર્તન, સંસ્કરણ, નિયમિતતાના ઉત્તરોતર ગુણવત્તા મુજબ કુલ ૨૫૦૦ રૂપિયાની રકમના ઈનામોની વહેંચણી ખેતાજી ધનાજીની કંપની (મુંબઈ)ના શ્રી ચુનીલાલજી અને કેશરીમલજી ભીમાજી દાદાઈવાલાના વરદ હસ્તે થઈ, કેમકે શિક્ષાયતનના એમને તો પોતાના ખર્ચે પોતાના વતન દાદાઈ યોજવાની ભાવના હતી, પણ પિંડવાડા યોજાતાં એ વંચિત રહી ગયા, તેથી એમણે પિંડવાડા આવી, પિંડવાડા સંઘને વિનંતી કરી કે અમને વિદ્યાર્થીઓને પ્રેરણા, પ્રોત્સાહન અને પ્રભાવના રૂપે આપવામાં આવતાં રૂા. ૨૫૦૦ નાં ઈનામો વહેંચવાનો લાભ આપો. શ્રી સંઘે વિનંતી માન્ય રાખતાં એ લાભ એમને મળ્યો, વિષયોની પરીક્ષાઓમાં ઉત્તીર્ણ

થનાર વિદ્યાર્થીઓને કક્ષા મુજબ ઈનામો, તથા પ્રમાણપત્ર આપવામાં આવેલ.

સમાપન કાર્યક્રમમાં પંન્યાસશ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબનું મંગલાચરણ, સંગીતકાર અમૃતલાલની ધૂન પછી શ્રી સમરથમલ રાયચંદજીનું વક્તવ્ય થયું. કુમારપાળ વિ. શાહે જિનભક્તિ, પ્રાર્થના, સ્તવનોનું સમૂહગાન મહાન તત્ત્વજ્ઞાનનું ઉપાર્જન, સામાયિક વ્રત નિયમોની પ્રાપ્તિ અને સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રનાં સુકૃત્યોની આરાધના વગેરે શિક્ષાયતનના લાભો જણાવતાં કહ્યું કે આજના સમયે એની અત્યંત જરૂર છે અને એ આવકારપાત્ર છે. શિક્ષાયતનમાં ભાગ લઈ રહેલા જૈનેતર પ્રો. સાહેબ શ્રી રમણલાલ મઝમુદાર, પાલનપુર પાઠશાળાના ધાર્મિક શિક્ષક શ્રી દલપતભાઈ સી. શાહ અને જયપુર બેંકના આસી. સ્ટાફ સુપરિટેન્ડન્ટ શ્રી ઉદયચંદ મહેતા (જયપુર) તથા શ્રી લાલચંદ છગનલાલ આદિએ પણ પોતાના વિચારો મનનીય વક્તવ્યો દ્વારા કરેલાં. સંઘના પ્રમુખ શ્રીદેવીચંદજી શ્રી લાલચંદજી અને શ્રી સમરથમલજી તરફથી શિક્ષાયતનના વિદ્યાર્થીઓનું સંઘ પૂજન થયેલ. છેલ્લે પૂ. પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવરે શિક્ષાયતનમાં પ્રાપ્ત કરેલ ધર્મબોધ અને ધર્મપ્રવૃત્તિને ઘરે ગયા પછી પણ ચાલુ રાખવા પર પ્રેરક પ્રવચન આપેલ.

શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંસ્કરણ સત્ર શિક્ષણ અને તેનો પૂર્ણાહૂતિ મહોત્સવ

● **કલકત્તા :** ભાવિ પેઢી માટે તૈયાર થનાર યુવાનોનું ધાર્મિક ઘડતર કરવા અહીં કલકત્તામાં મે વેકેશનમાં શ્રી ભવાનીપુર જૈન સંઘ દ્વારા ધાર્મિક શિક્ષણ-શિક્ષાયતન પૂ. પંન્યાસ શ્રી ભાનુવિજયજી મહારાજની નિશ્રામાં યોજાયેલ. પણ ત્યારે શિક્ષણ-શિક્ષાયતનનો મર્મ ખ્યાલ ન હોવાના કારણે કલકત્તાના થોડા વિદ્યાર્થીઓએ જ ભાગ લીધેલો. છતાં પછી એની અસાધારણ સફળતા જોઈ શિક્ષણ શિક્ષાયતનનો સાચો મર્મ સમજાયો. આથી કરીને ૯૬, કેનીંગ સ્ટ્રીટ સંઘના આગેવાનોએ કલકત્તાના વિદ્યાર્થીઓના લાભાર્થે ૨૧ દિવસનું એક શિક્ષણ-સંસ્કરણ સત્ર પ.પૂ. પંન્યાસજી મહારાજની નિશ્રામાં યોજ્યું. પહેલાં શાળા-કૉલેજના વિદ્યાર્થીઓનું એક સંમેલન તા. ૧૩-૬-૭૦ ના દિવસે યોજાયું. **'આજના યુગની સમસ્યાઓ'** પર પ્રવચન થયું. એ સાંભળીને વિદ્યાર્થીઓ ઉત્સાહિત થયા. તા ૧૪-૬-૭૦ થી શિક્ષણસંસ્કરણ સત્ર શરૂ થયું. કલકત્તાના જ કુલ ૧૦૦ વિદ્યાર્થીઓ મોટા અને ૬૦ વિદ્યાર્થીઓ નાના એ સત્રમાં ભાગ લીધો. જુદા જુદા ભાવિકો

તરફથી એમને શનિ-રવિના દિવસે અલ્પાહાર અપાતો. પ્રવચનમાં 'માર્ગાનુસારી જીવન,' 'સમ્યક્ત્વના ૬૭ વ્યવહાર,' 'બાર વ્રત,' અરિહંત દેવની પૂજાનું મહા-વિજ્ઞાન,' 'જૈન-તત્ત્વજ્ઞાન' આદિ વિષયો પર દૃષ્ટાન્ત દલીલો સાથે સમજ આપવામાં આવતી. પૂજયશ્રીની પ્રભાવક શૈલી અને મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી યુવકોના પ્રશ્નોનું અને શંકા-કુશંકાનું સમાધાન થતું તથા તેમને સત્ય માર્ગદર્શન મલતું. વ્યાખ્યાનના વિષયોની સંપૂર્ણ નોંધ કરવામાં આવતી અને તેનાં કેશવજી નેમચંદ તરકથી સાઈક્લોસ્ટાઈલ કરેલ કાગળો વિદ્યાર્થીઓને આપવામાં આવતા.

ધાર્મિક શિક્ષણ ઉપરાંત સંસ્કરણના પ્રયોગરૂપે વિદ્યાર્થીઓએ સ્વેચ્છાએ દારૂ-માંસ-પરસ્ત્રીગમન આદિ ૭ વ્યસનોનો ત્યાગ, કંદમૂળ-બીડી-સિગારેટ રાત્રિભોજન-સિનેમા આદિનો ત્યાગ, જિનદર્શન-પૂજા, સામાયિક, માત-પિતાને વંદન, ૫-૧૦ તિથિ લીલોતરી ત્યાગ, રોજ ત્રિકાળ ચાર શરણ સ્વીકાર આદિ, પ્રભુને ગદ્ય પ્રાર્થના, દર કલાકે એક 'નમો અરિહંતાણં' મહિને એક ઉપવાસ કે આયંબિલ કે એકાસણું, આદિ નિયમો લીધા.

તા. ૨૭-૬-૭૦ ના દિવસે બપોરના 'માનવજીવનમાં સદાચારનું મહત્ત્વ અને હું શિક્ષણ-સંસ્કરણ સત્રમાં ન આવ્યો હોત તો ?' એ વિષય પર નિબંધ લેખન હરિફાઈ થઈ, તા. ૩-૭-૭૦ ના દિવસે લેખિત પરીક્ષા લેવાઈ.

રવિવાર તા. ૫-૭-૭૦ ના દિવસે બપોરના ૨-૩૦ વાગે પં.પૂ પંન્યાસજી મહારાજ સાહેબનાં **'ગુપ્ત-નિધાન'** વિષય પર જાહેર પ્રવચન સહિત ઈનામી વિતરણ સમારોહ યોજાયો. ઈનામી વિતરણ કલકત્તાના પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટ અને હવે હાઈકોર્ટ જજ બનનાર શ્રી કુમાર જ્યોતિ શેન-ગુપ્તા સાહેબના હસ્તે થયું. એમણે અંગ્રેજી ઉદ્‌બોધનમાં કહ્યું કે, 'જીવનમાં અંતે શરણ ભગવાનનું જ છે.' એમાં પ્રથમ ઈનામ રૂા. ૧૫૧/- શ્રી જયાનંદકુમાર મહેતાને, બીજું ઈનામ રૂા. ૧૨૫/- શ્રી વૃદ્ધિચંદ રામપૂરીયાને, તથા ત્રીજું ઈનામ રૂા. ૧૦૧/- શ્રી સુભાષચંદ્રને પ્રાપ્ત થયું. નાના વિદ્યાર્થીઓમાં પ્રથમ ઈનામ શૈલેશ દેવજીભાઈ દોલતને રૂા. ૩૮/-નું પ્રાપ્ત થયું. જૈન વિદ્યાપીઠની પરીક્ષામાં ભારતભરમાં પ્રથમ આવેલા કલકત્તાના વિદ્યાર્થીને વિદ્યાપીઠ તરફથી સુવર્ણચંદ્રક એનાયત થયો, સત્રના બીજા પણ વિદ્યાર્થીઓને ઈનામો અપાયાં. કુલ ઈનામ રૂા. ૧૬૦૦/- શ્રેષ્ઠિવર્ય શ્રી સવાઈલાલ કે. શાહ સંઘ-પ્રમુખ તરફથી અપાયા.

• • •